# નાદબ્રહ્મ

(રામકબીર ભકત ભજન સંગ્રહ)

સંપાદક

શ્રી રામકબીર ભકત સમાજ, અમેરિકા



Shree Ramkabir Bhakta Samaj

1816 W, Main Street

Alhambra, CA. 91801

213 - 241 - 2242

Shree Ramkabir Bhakta Samaj of USA

Bhakta.com




RamkabirBhajans.org

Ramkabir Bhajans channel on YouTube

# નાદબ્રહ્મ

[ રામકબીર ભકત ભજન સંગ્રહ ]

• સંપાદક •

શ્રી રામકબીર ભકત સમાજ, અમેરિકા

卐

કબીર કહે કમાલકો, દો બાતાં શીખ લે,
કર સાહેબકી બંદગી, ભૂખે કો કુછ દે.

卐

***bago na ja re na ja***

Do not go to the garden of flowers !
O Friend ! go not there;
In your body is the garden of flowers.
Take your seat on the thousand petals
of the lotus, and there gaze on the
Infinite Beauty.

***Shree Ramkabir Bhakta Samaj***

1816 W. Main Street
Alhambra, CA 91801
213-241-2242

Library of Congress
Catalog Card No. : 82-80102
St. Kabir et al
Nadbramh-Shree Ramkabir Bhakta Bhajan Sangrah
Alhambra, CA : Shree Ramkabir Bhakta Samaj
600 p.
8204 820108

પ્રથમ આવૃત્તિ :
ભક્ત સમાજ
શ્રી રામકબીર મંદિર, બેગમપુરા
ખાંગડશેરી, સુરત

પ્રત : ૧૨૩૦
શ્રી કૃષ્ણ અષ્ટમી, વિ.સં. ૨૦૧૪
ઈ. સ. ૧૯૫૮

First Edition :
Shree Ramkabir
Bhakta Samaj
Begampura
Khangadsheri, Surat
(INDIA)

બીજી આવૃત્તિ :
પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :
શ્રી રામકબીર ભક્ત સમાજ
૧૯૧૬, વેસ્ટ મેઈન સ્ટ્રીટ
અલ્હામ્રા, કેલીફોર્નિયા-૯૧૮૦૧

પ્રત : ૨,૦૦૦
શ્રી કૃષ્ણ અષ્ટમી, વિ.સં. ૨૦૪૦
ઈ. સ. ૧૯૮૪

Second Edition : (Revised)
Shree Ramkabir Bhakta Samaj
1816, W. Main Street
Alhambra, CA 91801
(U.S.A.)

ત્રીજી આવૃત્તિ :
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, બેગમપુરા
ખાંગડશેરી, સુરત

પ્રત : ૧,૦૦૦
શ્રી કૃષ્ણ અષ્ટમી, વિ.સં. ૨૦૫૭
ઈ. સ. ૨૦૦૧

Third Edition :
Shree Ramkabir Mandir Trust, Begampura
Khangadsheri, Surat
INDIA

મુદ્રક :
નટુભાઈ ગો. પટેલ
રોનક પ્રિન્ટર્સ
સકીના ચેમ્બર્સ, સુરતી જકાતનાકા પાસે
બારડોલી-૩૯૪૬૦૧
ભારત

Printed By :
Natubhai G. Patel
Ronak Printers
Sakina Chambers, Near Surti Jakat Naka
BARDOLI-394601
INDIA



સદ્‌ગુરૂ કબીર સાહેબ

© સદ્‌ગુરૂ કબીર પ્રિન્ટીંગ પ્રેસના સૌજન્યથી

# નાદબ્રહ્મ

( શ્રી રામકબીર ભકત ભજન સંગ્રહ)

## અર્પણ

## શ્રી રામકબીર ભકત સમાજને

❀ મહેન્દ્રકુમાર ભીખાભાઈ ભકત

❀ દિલીપભાઈ ભીખાભાઈ ભકત

❀ રાજુભાઈ ભીખાભાઈ ભકત

❀ મનુભાઈ લલ્લુભાઈ ભકત

❀ સતીશભાઈ લલ્લુભાઈ ભકત

❀ યોગેશકુમાર લલ્લુભાઈ ભકત

# આભાર.....

- શ્રી રામકબીર ભકત સમાજના
  ટ્રસ્ટીઓનો
  જેમણે અમને આ પુસ્તકના પ્રકાશનમાં
  સહાય આપવાની
  તક આપી તે બદલ......

- અમારાં માતપિતાને જેઓના અમૂલ્ય માર્ગદર્શન વગર
  આ કામ શકય ન હતું.....

- સૌ ભકતજનોને.....

મનુ લ. ભકત
મહેન્દ્ર ભી. ભકત
ના
રામકબીર.



શ્રી ભીખાભાઈ રણછોડભાઈ ભકત
બાજીપુરા



સ્વ. સીતાબહેન ભીખાભાઈ ભકત
બાજીપુરા

# શ્રી ભીખાભાઈ રણછોડજી ભકત

બાજીપુરા ગામની અને ભકત સમાજની આગેવાન ગણાતી વ્યકિત તે શ્રી ભીખાભાઈ રણછોડજી ભકત, તેમનો જન્મ સુખી ને લબ્ધપ્રતિષ્ઠિત કુટુંબમાં વાલોડ તાલુકાના બાજીપુરા ગામમાં થયેલો. તે જમાનામાં બાજીપુરા ગામ રાષ્ટ્રીય ચળવળનું કેન્દ્ર ગણાતું. મુ. મકનજી સોલાના નેતૃત્વથી યુવકોમાં રાષ્ટ્રીય ભાવનાનું સિંચન થયેલું. આ લાભ શ્રી ભીખાભાઈને પણ મળેલો.

રાષ્ટ્રીય ભાવનાથી રંગાયલા તેઓ મૂક સેવક તરીકે મકનજીકાકાને મદદરૂપ થવા હંમેશ પ્રયત્નશીલ રહેતા. આઝાદી પ્રાપ્ત થયા પછી તેમણે ગામની અને ભકત સમાજની સમુચિત સેવા કરવાની તક જવા દીધી નથી. ભકતાશ્રમ કેળવણી મંડળ, નવસારીના અનેક વર્ષો સુધી ટ્રસ્ટી તરીકે નોંધપાત્ર સેવા બજાવી હતી. શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે આજે પણ તેઓ પોતાની કુનેહ ને કાર્યદક્ષતા પુરવાર કરી રહ્યા છે. તેમનાં ધર્મપત્ની સીતાબહેન સ્વભાવે સરળ, સાદા ને વ્યવહાર પ્રિય હતા. ઘરની જરા પણ ચિંતા ન કરવી પડે તેવી તેમની સુવ્યવસ્થા હોવાથી ભીખાભાઈને મન મૂકીને સેવા કરવાની તક તેમણે પૂરી પાડી હતી. તેમનાં ત્રણ બાળકોમાં બે હાલ અમેરિકામાં સ્થિર થયાં છે અને અહીં રહેનાર ચિ. દિલીપ રાજકીય ક્ષેત્રે આગળ પડતી સેવાની સુંગધ પ્રસરાવી માતપિતાને તૃપ્ત કરી રહ્યા છે. સમયાનુકૂળ પરિવર્તનમાં તેમને શ્રદ્ધા છે. તેથી જ તેઓ કબીરવડના પરિવર્તનના પ્રવાહને વેગવાન બનાવવા અગ્રેસર બન્યા છે. મુંબઈ મંદિરની  શાખા ઊભી કરવા તેમણે ખૂબ પરિશ્રમ લીધો હતો. જમીન ખરીદી હિંમતપૂર્વક કરીને મંદિરના નિર્માણ કાર્યને ઝડપી બનાવવાનું શ્રેય તેમને ફાળે જાય છે. પરદેશમાં સ્થિર થયેલા ભકત પરિવારોને મંદિરની અગત્યતા સમજાવી તેમને પણ મંદિરના નિર્માણકાર્યમાં સહભાગી બનાવવાનો તેમનો પુરુષાર્થ હંમેશ યાદ રહેશે. શકિતનો સમુચિત ઉપયોગ કરવાની ટેવ સર્વ કોઈને પ્રેરણાદાયી બનો એવી અભિલાષા.



શ્રી લલ્લુભાઈ પ્રભુભાઈ ભકત
સુરત



શ્રીમતી લક્ષ્મીબહેન લલ્લુભાઈ ભકત
સુરત

# શ્રી લલ્લુભાઈ પ્રભુભાઈ ભકત

શ્રી રામકબીર ભકતસમાજનું અનેક વર્ષો સુધી અવેતન મંત્રીપદ શોભાવનાર લલ્લુભાઈ પ્રભુભાઈ ભકતનો જન્મ ૧૦-૧૨-૧૯૧૯માં પલસાણા તાલુકાના ઘલુડા ગામમાં થયેલો. તે જમાનામાં આર્થિક ભીંસથી ભીંસાતા ભકત કુટુંબોમાં રૂઢિચુસ્તતા પણ વિશેષ પ્રમાણમાં હતી તેથી ભણતરમાં રસ નહિવત્ જણાતો. છતાં તેમણે મેટ્રિક સુધી અભ્યાસ પૂર્ણ કરવાની નિષ્ઠા દાખવી હતી. ઈ.સ. ૧૯૩૭માં મેટ્રિક પાસ કરી તેમણે એક કુશળ શિક્ષક તરીકે સેવા બજાવી હતી. ત્યાર પછી જ

તેમણે લગ્નજીવનમાં પ્રવેશ કર્યો હતો. તેમનાં ધર્મપત્ની શ્રી લક્ષ્મીબહેન સ્વભાવે શાંત ને ધૈર્યશીલ હોઈ તેમના સહકારથી સુરતને કાર્યભૂમિ બનાવી તેમણે નાના પાયા પર ધંધાનો પ્રારંભ કર્યો હતો. સમય જતાં કાપડના ધંધામાં ઝંપલાવી તેમણે પોતાના ગાર્હસ્થ્ય જીવનના આર્થિક માળખાને સ્થિર બનાવી દીધું હતું તેથી જ તેઓ પોતાનાં બાળકને ઉચ્ચ કેળવણી અપાવી શકયા. તેમના ત્રણ પુત્રો ને બે પુત્રીઓ આજે અમેરિકામાં પોતાના પગ પર ઊભાં રહી સ્વતંત્રપણે નિજી વિકાસ કરી રહ્યાં છે. પાછલી વયમાં પણ શિક્ષણ પ્રત્યેનો તેમનો અદમ્ય રસ આ ક્ષેત્રમાં તેમને કાર્યાન્વિત રાખે છે. ભકત જ્ઞાતિના શિક્ષણ સહાયક ટ્રસ્ટના ઉદ્‌ભવથી જ ટ્રસ્ટી તરીકે તેમ જ એક દસકા સુધી સાધના વિદ્યાભવન, સુરતના ટ્રસ્ટી ટ્રેઝરરને કમિટી સભ્ય તરીકે તેમણે અમૂલ્ય સેવા આપી છે. સમાજના એક જાગ્રત સભ્ય તરીકે ધંધાના વિકાસની સાથે સાથે સમાજસેવા પણ કરતા રહ્યા છે. ઈ.સ. ૧૯૬૮થી ૧૯૮૨ સુધી સમાજના ઉત્થાનના અને નવઘડતરનાં વિકાસ કાર્યોમાં આગળ પડતો ભાગ લઈ તેમણે પોતાની આગવી સૂઝબૂઝનો ને અનેરી કાર્યદક્ષતાનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો હતો. સુરત તથા મુંબઈમાં ટ્રસ્ટ સંચાલિત મંદિરની નવી શાખાના આયોજન, નિર્માણ ને વ્યવસ્થાના કાર્યમાં તેમણે નોંધપાત્ર સેવા બજાવી હતી. કબીરવડના પવિત્ર ધામનો સમયાનુકૂલ વિકાસ થવો જોઈએ એવી તેમની મહત્ત્વાકાંક્ષા સાકાર થઈ રહી હોવાના અણસાર પ્રાપ્ત થઈ રહ્યા છે તે તેમની આપ બુદ્ધિની પ્રતીતિ કરવે છે. આ રીતે અવેતન સેવા કરી સમાજનું ઋણ અદા કરવાનો તેમનો પવિત્ર સંકલ્પ સહુ કોઈનો જીવનમંત્ર બની રહો એવી અભિલાષા.

# આમુખ

નાદરૂપી પરમેશ્વર તે નાદબ્રહ્મ. ધ્વનિ-અવાજ-ધૂન એ બધું નાદ સાથે સંકળાયેલું છે. અંતરનો અવાજ ધ્વનિરૂપે પ્રવાહિત થાય ત્યારે સચરાચરમાં વ્યાપેલા પરમાત્માને તે સ્પર્શે અને ચોક્કસ પ્રકારનું પરિણામ પણ સર્જે. જડ ચેતનમાં બધે વ્યાપક રૂપે ગર્ભિત રહેલા પરમાત્માના સ્વરૂપને બ્રહ્મ પણ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં Divine Being કહી શકાય. નાદ દ્વારા બ્રહ્મ સુધી પહોંચવા માટે આપણે સજાગ બન્યા તે પરમાત્માની કૃપા જ ગણાય. આ રીતે ભારતનો સમૃદ્ધ વારસો આપણે અમેરિકામાં પણ જાળવ્યો તે નાનીસૂની વાત ન ગણાય. આવો ગ્રંથ દરેક ઘરે સ્થાપવામાં આવે તો ભાવિ બાળકોને તે પ્રયત્ન કરવામાં આવે ત્યારે જરૂર સંસ્કાર સિંચન માટે ઉપયોગી ઠરે. સારા સંસ્કારથી ઉત્ક્રાંતિને વેગ મળે છે તે આપણે ખ્યાલ રાખવો જોઈએ.વળી ભવિષ્યમાં આપણાં બાળકો ધાર્મિક અભ્યાસમાં સંશોધન કરવા વિચારે ત્યારે પણ આપણું આ પ્રકાશન અત્યંત ઉપયોગી નીવડશે. આ દૃષ્ટિએ રામકબીર-ભકત પ્રણાલિકા અમેરિકામાં પણ નદીના પ્રવાહની જેમ સતત જીવંત રહેશે.

આ સ્થળે ભકત પરિવારોને ખાસ વિનંતિ કરવા ચાહું છું. આપણું ધાર્મિક સાહિત્ય ગુજરાતી ભાષામાં જળવાયેલું છે. તે ધાર્મિક સાહિત્ય સાથે આપણા વંશપરંપરાગત સંસ્કારો સંકળાયેલા છે. તે સંસ્કારોને ભાવિ બાળકોમાં જીવંત રાખવા માટે આપણે સંગઠિત થયા છીએ. ગુજરાતી ભાષા બાળકો શીખશે તો જ આ સંસ્કારો તેમના હૃદયમાં ઊતરશે. માટે અમેરિકામાં આપણે સાવધાન રહીશું તો જ તે વ્યવસ્થા કરી શકીશું. આપણે બાળકોના ભાવિનું ઘડતર કરવા માટે જ તન, મન અને ધનનો ભોગ આપવો પડશે. માત્ર અંગ્રેજી શિખવાડશો તો તે બાળક અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલી ધાર્મિક ભાવનાનો જ પરિચય કેળવશે. ભવિષ્યમાં તે બાળક આપણું રહેશે નહિ. માટે દરેક માત-પિતાએ ખાસ યાદ રાખવું કે બાળકના જન્મ પછી બાળકને ઘડનારું સૌથી મોટું પરિબળ હોય તો તે તેની માતૃભાષા છે. માતૃભાષા માટે વધારનારો સમય ફાળવી બાળકને કેળવવા પ્રયત્ન કરીશું તો જ આપણું સત્ત્વ જળવાશે.

બે ત્રણ વર્ષ પહેલાં મારી પાસેથી શ્રી હરેકૃષ્ણના એક ભકતે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' નામનું નરસિંહ મહેતાનું ગુજરાતી ભજન, જે પૂજય મહાત્મા ગાંધજીને ખૂબ પ્રિય હતું અને ભારતમાં ખૂબ જાણીતું છે તે મેળવ્યું. આ ભકતે બે હજારની મેદનીમાં જયારે ગાયું ને મેં સાંભળ્યું ત્યારે મને થયું કે ધન્ય છે આ અમેરિકનને ! જે આપણે નથી સમજી શકયા તે આ અમેરિકન સમજી શકયો! મને પ્રેરણા મળી અને 'નાદબ્રહ્મ' નાદ પ્રકાશન માટે તૈયાર થયો.

હોળી, ધૂળેટી, રામનવમી, જન્માષ્ટમી, રથયાત્રા, કબીર જયંતી, બેસતું વર્ષ, અખાત્રીજ, વસંતપંચમી, મહાશિવરાત્રિ તેમજ જન્મ ને મરણના પ્રસંગોમાં ઉપયોગી થાય તેવાં ભજનોનો આ સંગ્રહ વારતહેવારે, ડગલે ને પગલે, આપણને ઉપયોગમાં આવશે એવી ખાતરી થઈ છે. આપણે હવે ભકત સમાજની ઢબે ભજનો ગાતાં શીખ્યા છીએ અને એ ફૂલેફાલે, ભકિતયોગની જયોત લોકો સમજીને અખંડ જલતી રાખે એવી પ્રભુ પ્રાર્થના.

શ્રી રામકબીર ભકત ભજન સંગ્રહની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૫૮માં ભારતમાં પ્રગટ થયેલી. આ બીજી આવૃત્તિ આપણે 'નાદબ્રહ્મ'ના પવિત્ર નામથી પ્રકાશિત કરીએ છીએ. પ્રથમ આવૃત્તિમાં સિંહફાળો આપનાર મૂળ તરસાડીના પી. પી. ભગત, કપુરાના વલ્લભભાઈ ગોવિંદજી ભકત, રામભાઈ ગોપાળજી ભકત, ભૂલાભાઈ ગોકળભાઈ ભકત, શ્રી ગોકળભાઈ ભગવાનજી ભકત અને શ્રી નટુભાઈ વલ્લભભાઈ ભકતને યાદ કરી સપ્રેમ રામકબીર પાઠવીએ છીએ. તેઓ સહુ સંગ્રાહક તરીકે વંદનના અધિકારી છે. બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાની સંમતિ મેળવી આપનાર ભકત સમાજના મંત્રી શ્રી લલ્લુભાઈ પ્રભુભાઈ ભકતની સાભાર નોંધ લઈએ છીએ. શ્રી ગોકળભાઈ કરસનજી દેસાઈ, ચીખલી, 'નાદબ્રહ્મ' ને વ્યવસ્થિત સ્વરૂપ આપનાર તરીકે મહત્ત્વની સેવા આપી છે. ભારતમાં આ પુસ્તકના મુદ્રણ કાર્યમાં મદદરૂપ થવા માટે શ્રી ચંપકભાઈ ધીરજભાઈ ભકત, સ્યાદલા તથા શ્રી સન્મુખભાઈ ડાહ્યાભાઈ ભકતની અમે હૃદયપૂર્વક કદર કરીએ છીએ.

ખાસ કરીને શ્રી ઈશ્વરભાઈ પ્રભુભાઈ પટેલ, કપુરા જેમણે પદોનાં અમને અઘરા લાગતા શબ્દોના સરળ અર્થ કરી આપ્યા છે અને અમેરિકાના એમના પ્રવાસ દરમિયાન કેટલીય સમજૂતી અને માર્ગદર્શન આપવામાં મદદરૂપ થયા છે તેની સાભાર નોંધ લઈએ છીએ.

અમેરિકામાં જાણીતા થયેલાં ભજનોને મેળવી આપવામાં મદદરૂપ થનાર શ્રી ગોવિંદભાઈ લલ્લુભાઈ ભકત, દેગામા તેમજ શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ ભકત, ઓરણાનો આપણે આભાર માનીએ છીએ. આ મહાન ગ્રંથ સુઘડ અને વ્યવસ્થિત રીતે ખૂબ કાળજીથી અને સમયસર છાપી આપનાર સુરુચિ છાપશાળા બારડોલીના કાર્યકરો શ્રી મોહનભાઈ પરીખ અને શ્રી નટુભાઈ પટેલ વગેરેનો પણ અમે હાર્દિક આભાર માનીએ છીએ.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કબીર સાહેબનાં સો પદોને અંગ્રેજીમાં ઉતાર્યાં હતાં. તેમાંથી કેટલાંક આપણને મેળવી આપનાર શ્રી નર્મદાશંકર એમ. દવેના આપણે આભારી છીએ.

અને છેલ્લે આ ગ્રંથને પ્રગટ કરવામાં દાન આપનાર આપણા અમેરિકાવાસી શ્રી મનુભાઈ લલ્લુભાઈ ભકત (સૂરત) અને આપણા ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ભીખાભાઈ (બાજીપુરા)ના આપણે ઋણી છીએ. નામી-અનામી સીધી કે આડકતરી મદદ કરનાર સહુ કોઈનો આ તબક્કે આપણે આભાર માનીએ છીએ.

કેલિફોર્નિયા સ્ટેટના સેનેટરશ્રી Mr. Alan Cranston (શ્રી એલન ક્રન્સ્ટન) જેમણે લાયબ્રેરી ઓફ કોંગ્રેસના કેટલોગ કાર્ડ નંબર મેળવી આપવામાં બહુમૂલ્ય મદદ કરી છે. તેમને આપણે હાર્દિક આભાર માનીએ છીએ.

અલ્હામ્બ્રા — શ્રી છગનભાઈ ભૂલાભાઈ ભકતના<br>
કેલિફોર્નિયા — રામકબીર<br>
જાન્યુ. ૧, ૧૯૮૨ — પ્રમુખશ્રી, શ્રી રામકબીર ભકત સમાજ વતી

# પ્રસ્તાવના
## (જૂની આવૃત્તિમાંથી)

વિશ્વના દેશોની સરખામણીમાં આપણા ભારતમાં એક વિશિષ્ટતા જણાઈ આવે છે. એ વિશિષ્ટતા એ આપણી સમગ્ર આમ જનતામાં ઓછેવત્તે સ્વરૂપે રહેલી ધર્મપરાયણતા અને ઈશ્વરાભિમુખતા.

આમ જનતામાં આ ધાર્મિક સંસ્કારિતાનું બીજારોપણ અને પોષણ ભારતના સંતોએ તેમની ભજનરૂપ સંતવાણી મારફત કર્યું છે, જેમાં શાસ્ત્રીય ઊંડી ધર્મવિચારણા વિશદ રીતે થઈ હોય એવા ગીતા, ભાગવત, ઉપનિષદ વગેરે અમૂલ્ય ગ્રંથો વિદ્વદ્ભોગ્ય અને ઊંડા તત્ત્વજ્ઞાનથી ભરેલો હોઈ તેનો સંદેશો આપણા દેશમાં વસતી નિરક્ષર કે અર્ધનિરક્ષર વિશાળ આમ જનતા સુધી સમ્યકપણે પહોંચી ન શકે એ સ્વાભાવિક છે.

જેમ માતા અપાચ્ય, સુપાચ્ય, ભારે-હલકું ગમે તેવું ભોજન પચાવીને તેનું સુપાચ્ય દૂધમાં રૂપાંતર કરે છે અને પોતાનાં બાળકોને એ અમૃત જેવા પયનું પાન કરાવે છે, તેમ આ સંતસમાજે ઉપલા ધર્મ ગ્રંથોનું વિદ્વદ્ભોગ્ય જ્ઞાન-વિજ્ઞાન જીવનમાં પચાવીને લોકભાષામાં સાદાં, સરળ ગેય ભજનો રૂપે તેનું ભારતની આમ જનતાને પાન કરાવી તેની માનવતાને પોષીને અને ઈશ્વરાભિમુખ કરીને સમૃદ્ધ કરી છે.

ઐહિક સુખ અને દુઃખ બંને લાંબે સરવાળે માણસજાતને આંતરિક શાંતિ આપી શકતાં નથી. માનવમાત્રને આંતરિક શાંતિની ઝંખના રહે છે. સંતોનાં ભજનોમાં તો એવી વિવિધતા છે કે તેમાંથી પોતાની કક્ષા અને રુચિ પ્રમાણે માનવી પોતપોતાને જોઈતી આંતરિક શાંતિ મેળવી શકે છે.

ઉનાળાના પ્રખર તાપમાં ઝાડપાન વગરના ધોરી દાનવીર નાત, જાત, ઉંમર અને મતસંપ્રદાયના ભેદભાવ વિના સાર્વજનિક પરબ માંડે અને એ પરબના ઠંડા જળથી કોઈ પણ પ્રવાસી પોતાની તરસ છિપાવી શકે છે, તેમ સંતોની આ ભજનરૂપ પરબ સંસારના બળ્યા ઝળ્યા કોઈ પણ માનવીને ભેદભાવ વિના આંતરિક શાંતિ અર્પે છે. આમ ભકતો અને સંતો આપણા ભારતીય સમાજનું અમૂલું ધન છે. ઓછું ભણેલા કે નહિ ભણેલા કરોડો લોકો આપણા દેશમાં વસે છે. તેઓ મોટેભાગે લાખો ગામડાંઓમાં પથરાયેલા છે. એ સહુને ઈશ્વરમાં શ્રદ્ધાવાળા બનાવનાર, સંસારના બળતા બપોરે 'સંતોષ-સુર-તરુ'નો છાંયડો ચીંધનાર, અધ્યાતમના આનંદની ઝાંખી કરાવનાર, ભકિતરસની છોળોથી ભીંજવી પાવન કરનાર અને પરસેવાના લૂખાસૂકા સાત્ત્વિક રોટલામાં રહેલી મીઠાશનાં મૂલ્ય સમજાવી તેમના જીવનને સંસ્કારધનથી અલંકૃત કરનાર અગર કોઈ મોટામાં મોટું બળ હોય તો તે ભકિતરસમાં જ બનેલું, ભકતો તથા સાધુસંતોનું પ્રેરક બળ છે.

તુલસીદાસ, કબીર, ભકત નરસૈંયો, મીરાં, સુરદાસ, રોહીદાસ, નિષ્કુળાનંદ, પ્રીતમ, દયારામ, ધીરો ભગત, ભોજો ભગત, ઋષિરાજ, જીવણદાસ, વલ્લભ, બ્રહ્માનંદ, રાધામોહનદાસ, અને એવા એવા જાણીતા અને ઓછા જાણીતા ભકતોની પ્રાસાદિક વાણીનો મોટો અને છલોછલ રામકબીર ભરેલો આ રામકબીર ગ્રંથનો થાળ કૃષ્ણજન્માષ્ટમીના પવિત્ર દિવસે ગુજરાતનાં ભકિત પ્રેમી-ભાઈ-બહેનો આગળ સાદર થાય છે, એ કેટલા બધા આનંદની વાત છે.

બાપુજીએ સત્યાગ્રહ આશ્રમના ભજનિક પંડિત નારાયણ મોરેશ્વર ખરે પાસે તૈયાર કરાવેલી 'આશ્રમ ભજનાવલિ' ખૂબ ખૂબ જાણીતી છે, અને તે ઉપરાંત સુરતનાં પાટીદાર વિદ્યાર્થી આશ્રમની 'બાળ પ્રાર્થના' સસ્તા સાહિત્યનો 'ભજન સાગર' અને સો (૧૦૦) ભજનોનો સંગ્રહ, જુગતરામભાઈની 'ગ્રામ ભજન મંડળી' ગુજરાત સમાજ શિક્ષણ સમિતિનો 'ગ્રામ ભજન સંગ્રહ' અને એવા એવા બીજા પણ અનેક ભજન સંગ્રહ લોકોની ભકિતરસ માટેની તરસને છિપાવી રહ્યા છે; પરંતુ સુરત જિલ્લામાં વસતા કબીર સાહેબના અનુયાયી ભકત પાટીદારોના પંચ કે સમાજ તરફથી 'બૃહત કાવ્ય દોહન'ની યાદ આપે એવા આઠસો સત્તાવન ભજનોના, મજબૂત કાગળ ઉપર સુંદર રીતે મોટા ટાઈપથી છાપેલા ૫૫૦ જેટલાં મોટાં પાનાંનો આ સંગ્રહ. આ સંગ્રહ તો સૌ સંગ્રહમાં જુદી જ ભાત પાડે છે. અને તેથી જ મને આવકાર આપતા આનંદ થાય છે. આપણા ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વિવેચક અને જાણીતા વિદ્વાન શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી આ સંગ્રહની હસ્તપ્રસ્ત જોઈ ગયા, તેમને સંગ્રહ ગમ્યો અને આમાંનાં કેટલાંક દુર્લભ અને કંઠ પરંપરાથી જળવાયેલાં ભજનો ભુલાઈ જાય તે પહેલાં, જેવા સ્વરૂપમાં છે તેવા જ સ્વરૂપમાં પ્રગટ કરવાની શાણી સલાહ આપી. તેથી જ સંગ્રાહકો અને પ્રકાશકોને આ કામ ત્વરાથી કરવાનું જોમ મળ્યું છે. આ માટે આપણે શ્રી વિષ્ણુભાઈ, તે જ રીતે 'પ્રતાપ'ના સહતંત્રી શ્રી ઈશ્વરલાલ દેસાઈ, વ્યારાના શ્રી ચંપકભાઈ અને શ્રી દયારામ શૂરા અને શ્રી. મકનજી પુ. પટેલના પણ ઋણી છીએ.

કબીર સાહેબના અનુયાયી 'રામકબીર' મંત્રના ઉપાસકો 'ઉદાપંથી' ભકત પાટીદારોના આ જિલ્લામાં આશરે ૮૦૦ અને કાનમમાં આશરે ૪૦૦ કુટુંબો વસે છે. ભરૂચથી દશેક માઈલ દૂર નર્મદા તીરે આવેલા શુકલતીર્થ ગામમાં વસતા તત્ત્વાજી અને જીવાજી નામના બે મુમુક્ષુ ભાઈઓ કબીર સાહેબના શિષ્ય બન્યા, ત્યારથી આ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો ગણાય. સાધુ સંતોને તુલસીદાસે 'જંગમ તીરથ રાજુ' ઉપમા આપી તે યર્થાથ છે. તીર્થયાત્રા માણસના મનમાં પવિત્રતાની ભાવના વિકસાવવામાં સહાયભૂત થાય છે. પણ તે માટે માણસે તીર્થક્ષેત્રમાં જવું પડે છે. જયારે સાધુસંતો તો 'ચલતા ભલા' હોવાથી પોતાની પદયાત્રાથી ગામેગામ અને શહેરે-શહેરના માનવસમુદાયને સત્સંગથી પાવન કરતા અને ભકતોમાં નવી દૃષ્ટિ અને નવા પ્રાણો પૂરતા જાય છે. સુરત અને કાનમ પ્રદેશનો આજનો ભકત પાટીદાર સમાજ આ વાતની શાખ પૂરે છે. શુકલતીર્થનાં તત્ત્વા અને જીવાની પેઠે જ્ઞાનીજી મહારાજ અને તેમના શિષ્ય જીવણજી (જેમનાં ઘણાં ભજનો આ સંગ્રહમાં લેવાયાં છે.) વગેરે પણ કબીર સાહેબના જંગમ તીરથના પવિત્ર જળથી વિશેષ પુનિત બન્યા અને ગુજરાતનો એક ધાર્મિક અને નિર્મળ કબીરપંથી ભકતસમાજ અસ્તિત્વમાં આવ્યો. નર્મદ જેનું એક યોદ્ધા તરીકે ભવ્ય વર્ણન કર્યું છે એવો એ કબીર સાહેબના પવિત્ર હાથે પલ્લવિત બનેલો 'કબીરવડ' આજે પણ 'ગણાયે સત્સંગે પવિતર કબીરા ભગતમાં' તીર્થક્ષેત્ર તરીકે ઊભો છે.

રામકબીર સંપ્રદાયના ભકત પાટીદારોમાં આજે પણ અનેક અનુકરણીય લક્ષણો કબીર સાહેબના સત્સંગના પ્રતાપે વિદ્યમાન છે. એમની શારીરિક સ્વચ્છતા અને માનસિક સ્વચ્છતા અને શુદ્ધિ નિર્વ્યસનીપણું, શ્રમજીવન, બિનજરૂરી ઝઘડા કે કલહો ઊભા ન કરવાની વૃત્તિ. સંપીલાપણું, સારા-માઠા પ્રસંગે એકબીજાને હાર્દિક સહકાર આપવાની સ્વાભાવિક મનોવૃત્તિ, સાદું જીવન અને કોર્ટ-કચેરીએ ન ચડતાં શકય હોય ત્યાં સુધી ઘરમેળે કજિયા પતાવવાનું વલણ, ગમે એવા ઝઘડા કે મતભેદો માત્ર 'રામકબીર' કહેવાથી જ મટી જાય છે એવી આ, સમાજમાં પરાપૂર્વથી ચાલી આવેલી પ્રણાલિકા, સંતસમાગમ અને ભજનકીર્તન પ્રત્યેનો અનુરાગ, આ બધાં પ્રશસ્ય લક્ષણો છે. અને તેથી જ ગાંધીજી જેવા સંતની વાણી, આબાલવૃદ્ધ ભકતકંપથી સ્ત્રી-પુરુષો ઝટ સમજી શકયાં અને મોટા પ્રમાણમાં તેમના પણ ભકત બની શકયાં. ગાંધીજીના પરમ ભકત અને સરદારના બારડોલીના સ્વાતંત્ર્ય જંગના અણનમ યોદ્ધા મોરાર પટેલ અને તેમનું ત્યાગવીર અને અતિથિપ્રેમી પ્રસિદ્ધ કુટુંબ એ આ ભકત સમાજનું પાણીદાર મોતી છે અને એવાં કેટલાંયે મોતીની માળાઓ એ સમાજે આપણને આપી છે.

બારડોલીનાં મલેકપોર, અંભેટી અને પથરાડીઆ, વ્યારાનાં કપુરા અને ધાટા, વાલોડનાં સ્યાદલા અને બાજીપુરા; નવસારીના ધામણ, સરઈ, અને સિસોદ્રા, પલસાણાનું ઘલુડા, વાસદાનાં સીતાપુર અને નવતાડ, કામરેજનાં ઓરણાં, નનસાડ, વાવ, સામપુરારૂઢી અને દેરોદ, વાલીઆના ચાસવડ, કબીરગામ, કેલ્વીકુવા, ચીખલી, રાજપરા, દોલતપુર, બેડોલી અને પાંચસીમ વગેરે તેમજ કાનમનાં કાવિઠા, દેશાણ, ગણપતપરા અને જિથરડી ગામો ભકત પાટીદારોનાં પુરુષાર્થ, સુવાસ અને વહેતાં પાણીનાં સાક્ષી છે. ભકત પાટીદારોનાં ગામોમાં એક સ્થાનિક ભકતના ઘરમાં જ એક 'થાનક' રાખવામાં આવે છે. તે ઘરના વડાને 'મા'નત' (મહંત) કહેવામાં આવે છે. અને એક મોટા ગોખલામાં કબીરવાણીનું પુસ્તક હોય છે. ત્યાં ધૂપદીપ થાય, અને ખાસ કરીને વારપર્વે ભકતો ભેગા થાય છે. પખાજ, કાંસાં અને મંજીરા સાથે ભજનની ધૂન મચે છે અને દિવસભરનો ખેતીવાડીનો શ્રમ ભૂલી તેઓ રામ અને કબીરમાં તલ્લીન થઈ જાય છે. એ દૃશ્ય આપણી આંખ અને આત્માને ઠારે એવું હોય છે.

ભોજન વગેરેમાં વપરાતા શબ્દોમાં પણ એ કોમનું ભાવિકપણું વરતાઈ આવે છે. 'ભાત'ને તેઓ 'પરસાદ', 'વાલ' ને સકરિયા', જમવા ઊઠવાને બદલે 'પરસાદ લેવા ઊઠો,' 'સાંજના ભોજન'ને 'બાળ ભોગ' અને હાથપગ ધોવાને 'હાથપગ નવડાવવાનું' કહે છે. બજારુ ખાવાનું તો એમનામાં 'સુધારાનો પવન' આવ્યો ત્યાં સુધી નિષિદ્ધ મનાતું. ઘરનાં બનાવેલાં ઢેબરાં, ભાખરો, પૂરી, ગોળપાપડી, લાડુ, મૂઠિયાં વગેરે સાત્ત્વિક, શુદ્ધ અને પૌષ્ટિક ભાથાંની પોટલી અને પાણી માટે દોરીલોટો દરેક ગામ-ગામતરે જતાં ભકત પુરુષ કે સ્ત્રી સાથે લેતાં જ. આથી અસ્વચ્છ, ભેળસેળવાળો અને અનારોગ્ય બજારુ ખોરાક ખાવાથી થતા રોગથી ભકતો મોકળા રહેતા. દારૂ તો શું પણ બીડી સુધ્ધાં ભકતને સ્પર્શતી નહિ !

ભકત કોમમાં હર્ષ અને શોકના પ્રસંગોમાં પણ ભજન કીર્તન કરવાનો રૂડો રિવાજ છે. લગ્નપ્રસંગે ફટાણાને બદલે ભજનો અને મરણ પ્રસંગે પણ રૂદન અને રાજીઆને બદલે ભજનો ગવાય છે. લગ્નની ક્રિયા પણ સાદી અને ઓછામાં ઓછી ખર્ચવાળી હોય છે. સુરતની ગાદીના 'મહારાજ'ની સાક્ષીએ અને આશીર્વાદથી લગ્નો થાય છે અને માત્ર સવા રૂપિયો કે સવા પાંચ રૂપિયાની ભેટ મહારાજને ધરવી પડે.

ધરતીનું ધાવણ ધાવેલી આ કોમમાં સાચા સાહસિક ખેડૂતોનું ખમીર છે. વ્યારા, રાજપીપળા, વાંસદા અને ઈડરનાં જંગલોમાં વાઘ, દીપડા અને ઝેરનાં પાણી સામે ઝઝૂમી અનેક લીલીસૂકીમાં પણ અડીખમ ઊભા રહીને જંગલો કાપી, ત્યાં નવાં ગામો બાંધી, નવી વસાહતો સ્થાપીને આ સાહસિક ખેડૂતોએ જંગલમાં મંગલ ઊભું કર્યું છે.

આ સંપુટમાંના પહેલી જ વાર છપાતાં કેટલાંક ભજનો સંગ્રહિત કરવાનું કામ કઠિન હતું. જૂના જમાનાની ન વંચાય તેવી હસ્તલિપિમાં લખાયેલી અને પાઠફેરવાળી અને જૂની ચોપડીઓમાંથી ભજનો ઉકેલી તેનું શુદ્ધ રીતે સંકલન કરવાનું અત્યંત કઠણ કામ, સંગ્રહકર્તાઓએ ભારે ખંત અને પરિશ્રમથી કર્યું છે. વળી આ કામ અંગે નિમાયેલી સમિતિના પ્રમુખ કપુરા નિવાસી શ્રી વલ્લભભાઈ ભકત અને શ્રી રામભાઈ ભકત, જેમને વંશપરંપરાગત ગવાતાં અનેક ભજનો તેમની અદ્‌ભુત સ્મરણ-શકિતને લીધે કંઠસ્થ હતાં જે પૈકી કેટલાંક છપાયાં તો ન હતાં જ પણ લિપિબદ્ધ ન હતાં એ એમણે પ્રેમથી આ સંગ્રહમાં ઉતરાવ્યાં છે. જો આ મહાનુભાવોએ આ ભજનો સ્મરણ શકિતથી પેઢી-દર-પેઢી જાળવ્યાં નહિ હોત તો આપણને તેનો લાભ કદી પણ મળી શકત નહિ એટલા માટે આપણે એ બંને ભકતોના ઋણી છીએ.

શ્રી નટુભાઈ અને શ્રી ગોકુળભાઈએ આ સંગ્રહમાંનાં પદો સંશોધિત કરી સંગૃહીત કરવાનો જે ભારે શ્રમ લીધો છે. તે માટે એ યુવાનોને ધન્યવાદ ઘટે છે.

આ સંગ્રહમાં ભકિતભાવથી સભર એવું વૈવિધ્ય રજૂ કર્યું છે. ભકિતનાં પદો, શ્રી રામકૃષ્ણની લીલાનાં પદો, એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી અખંડ ચોવીસ કલાક ગાવાનાં બારમાસી પદો અને લગ્ન-મરણ પ્રસંગે ગાવાનાં-પરંપરાથી બહેનોમાં ગવાતાં-રાસગરબા બહેનો પાસેથી મેળવી આ સંગ્રહમાં આપવામાં આવ્યાં છે તેથી ઉપયોગિતા અને વૈવિધ્યમાં પણ ઉમેરો થયો છે.

આવો દળદાર ગ્રંથ પ્રગટ કરવા માટે થતો સારો એવો ભારે ખર્ચ શ્રી **પી. પી. ભગતે** સ્વેચ્છાએ ઉપાડી લીધો છે. તેમની આ ભજન-ભકિતપ્રેરી દાનવૃત્તિ પણ અભિનંદનને પાત્ર છે.

મને વિશ્વાસ છે કે આ ભજન-સંગ્રહ એકલી ભકત કોમની જ નહિ પણ સમસ્ત સમાજને માટે કીમતી ભાથું થઈ પડશે અને આપણી તમામ જનતામાં ધાર્મિક પરાયણતાનું પોષણ સંવર્ધન કરી આપણી આ વિશિષ્ટ ધાર્મિક સંસ્કૃતિને સમૃદ્ધ કરશે.

કસ્તૂરબા સેવાશ્રમ
મરોલી સ્ટેશન
જિ. સુરત
卐

કબીરપંથી ભકત ભાઈ-બહેનોના ગુણપૂજક
**કલ્યાણજી વિ. મહેતાના**
રામકબીર

**(પ્રથમ આવૃત્તિ)**

# અ નુ ક્ર મ ણિ કા


| અનુક્રમ નં. | વિભાગનું નામ | ભજનનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન ગુડદી | ધર્મદાસ વિનવે કર જોરી | ૧ |
| ૨ | શબ્દ પારખુ | અનહદ શિંગી નિશદિન બાજે | ૩ |
| ૩ | ગોડીની સાખી | સાંજ પડે દિન આથમે | ૬ |
| ૪ | પૂર્વી ગોડી | નર નામ ન જાણ્યો રામકો | ૬ |
| ૫ | " " | ઐસે દલ રાખો રામસેરે | ૭ |
| ૬ | " " | રાજા રામ સ્નેહ ન છાંડિયે | ૭ |
| ૭ | ગોડી | શ્રી ગુરુને પાયે લાગું | ૮ |
| ૮ | " | બહુત ભલો હૈ ભાઈ | ૮ |
| ૯ | " | કાહે ન મંગલ ગાયે | ૯ |
| ૧૦ | " | ભકિત સતગુરુએ આની | ૯ |
| ૧૧ | " | ઐસે હી બની આઈ | ૧૦ |
| ૧૨ | " | રમી રહ્યો ભરપૂર રંગીલો | ૧૦ |
| ૧૩ | " | સહજસમાધિ ભલી હો | ૧૦ |
| ૧૪ | " | નામ સુમર મેરે ભાઈ | ૧૧ |
| ૧૫ | " | લગન કઠિન હૈ ભાઈ | ૧૧ |
| ૧૬ | " | નામ ધજા ફહરાઈ દાસ પર | ૧૨ |
| ૧૭ | " | વાદ વદે સો જૂઠા પંડિતો | ૧૩ |
| ૧૮ | " | આંયે જ્ઞાનકી આંધી | ૧૩ |
| ૧૯ | " | આયે જ્ઞાનકી વર્ષા સંતો | ૧૩ |
| ૨૦ | " | રામનામ જબ જાની સંતો | ૧૪ |
| ૨૧ | " | હરિજન ભકિત ન છાંડે | ૧૪ |
| ૨૨ | " | એક પલક જો રહીએ | ૧૫ |
| ૨૩ | " | ગૌચારી ઘેર આવે | ૧૫ |
| ૨૪ | " | જોવા વ્રજનો વ્હાલો ચાલો | ૧૫ |
| ૨૫ | " | ખેલત ચારો ભાઈ શ્રી આંગનામેં | ૧૬ |
| ૨૬ | " | સીતારામ ઉપાસી | ૧૬ |
| ૨૭ | " | નયણે નારાયણ નિરખું | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | ગોડી | કલિયુગમેં હરિ કીર્તન સાર | ૧૭ |
| ૨૯ | આરતી | આરતી હો દેવ શિરોમણિ તેરી | ૧૮ |
| ૩૦ | " | આરતી કીજે નરસિંહ પ્રભુકી | ૧૮ |
| ૩૧ | " | આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે | ૧૯ |
| ૩૨ | " | ઐસી આરતી કરો મનજ્ઞાની | ૧૯ |
| ૩૩ | " | ઐસી આરતી ત્રિભુવન તારી | ૧૯ |
| ૩૪ | " | જૈ જૈ આરતી રામજી તુમ્હારી | ૨૦ |
| ૩૫ | " | આનંદ આરતી હરખ અપારે | ૨૦ |
| ૩૬ | " | આરતી કીજે ગુરુ રામાનંદકી | ૨૦ |
| ૩૭ | " | આરતી બંદી છોડ સમર્થકી | ૨૦ |
| ૩૮ | " | સંધ્યા આરતી રામજી તુમ્હારી | ૨૧ |
| ૩૯ | " | શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ | ૨૧ |
| ૪૦ | બેઠકનાં પદો | લાડકડા મનવા તું હરિ ભજ | ૨૨ |
| ૪૧ | " | મેરે પિયુ તો બસે રે અગમપુરી | ૨૩ |
| ૪૨ | " | રામરસ પીજો રે નરનાર | ૨૪ |
| ૪૩ | " | અબ કર્યો ન ચેતો રે નરનાર | ૨૫ |
| ૪૪ | " | જોને વિચારી તું જીવડા | ૨૫ |
| ૪૫ | " | મરું મન માન્યું રમતા રામશું | ૨૬ |
| ૪૬ | " | જનુની જીવો રે ગોપીચંદની | ૨૭ |
| ૪૭ | " | ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના | ૨૮ |
| ૪૮ | " | જંગલ વસાવ્યું રે જોગીએ | ૨૯ |
| ૪૯ | " | હું બલિહારી જાઉં વૈરાગ્યને | ૨૯ |
| ૫૦ | " | ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો | ૩૦ |
| ૫૧ | " | જે કુલમેં કોઈ ભકત ન કહાવે | ૩૧ |
| ૫૨ | " | જે ઘર કથા નહિ હરિ કીર્તન | ૩૨ |
| ૫૩ | " | તુચ્છ જીવનકે કારણે તું | ૩૩ |
| ૫૪ | " | રામનામ તત્ત્વ સાર જગતમેં | ૩૩ |
| ૫૫ | " | આનંદ મંગલ કરું આરતી | ૩૩ |
| ૫૬ | " | આયે હુકમદાર છોડો નગરી | ૩૪ |
| ૫૭ | " | હરિના ભજન વિના ધિક્ નરનારી | ૩૪ |
| ૫૮ | " | હરિનો મારગ છે શૂરાનો | ૩૫ |
| ૫૯ | " | સંત કૃપાથી છૂટે માયા | ૩૫ |
| ૬૦ | " | હરિ મહિમા મોટા જન જાણે | ૩૬ |
| ૬૧ | " | મારી નાડ તમારે હાથે | ૩૬ |
| ૬૨ | " | અમને અંત સમયે લેવા આવજો રે | ૩૭ |
| ૬૩ | " | હરિ ભજ હરિ ભજ હીરા પરખ લે | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૬૪ | બેઠકનાં પદો | ભજો મન રે પંખીડા મત પડ પાંજરે | ૩૮ |
| ૬૫ | " | મન તોહે કેહિ વિધ કર સમજાઉં | ૩૯ |
| ૬૬ | " | શૂર સંગ્રામકો દેખ ભાગે નહિ | ૪૦ |
| ૬૭ | " | મન લાગો મેરો યાર ફકીરીમેં | ૪૦ |
| ૬૮ | " | મો સમ કૌન કુટિલ ખલ કામી | ૪૧ |
| ૬૯ | " | સબસે ઊંચી પ્રેમ સગાઈ | ૪૧ |
| ૭૦ | " | અંતર મમ વિકસિત કરો | ૪૨ |
| ૭૧ | " | મેરી જાત બરન કુલ હીણ | ૪૨ |
| ૭૨ | " | બંગલા અજબ બનાયા રે | ૪૩ |
| ૭૩ | " | ગાફેલ મત રહેના બેટા | ૪૩ |
| ૭૪ | " | ઘૂંઘટકા પટ ખોલ રે | ૪૪ |
| ૭૫ | " | ગુરુ બિના કૌન બતાવે બાટ | ૪૪ |
| ૭૬ | " | ઝીની ઝીની બિની ચદરિયાં | ૪૪ |
| ૭૭ | " | ભજો રે ભૈયા રામ ગોવિંદ હરિ | ૪૫ |
| ૭૮ | " | અખિલ બ્રહ્માંડમાં | ૪૬ |
| ૭૯ | " | અબકી ટેક હમારી | ૪૭ |
| ૮૦ | " | ઉઠ જાગ મુસાફિર ભોર ભયી | ૪૭ |
| ૮૧ | " | એક જ દે ચિનગારી | ૪૮ |
| ૮૨ | " | પાયો જી મૈંને રામ રતન ધન પાયો | ૪૯ |
| ૮૩ | " | મેરે તો ગિરધર ગોપાલ | ૪૯ |
| ૮૪ | " | માયી મૈંને ગોવિંદ લીનો મોલ | ૫૦ |
| ૮૫ | " | મેરે રાણાજી મૈં ગોવિંદ ગુણ ગાના | ૫૦ |
| ૮૬ | " | હરિ ! તુમ હરો જનકી ભીર | ૫૦ |
| ૮૭ | " | મ્હને ચાકર રાખો જી | ૫૧ |
| ૮૮ | " | જૂનું થયું રે દેવળ | ૫૧ |
| ૮૯ | " | બોલ મા બોલ મા રે | ૫૨ |
| ૯૦ | " | સુંદરી શ્યામ શરીર | ૫૨ |
| ૯૧ | " | નહિ રે વિસારું હરિ | ૫૨ |
| ૯૨ | " | મુખડાની માયા લાગી રે | ૫૩ |
| ૯૩ | " | પગ ઘુંઘરુ બાંધી મીરાં નાચી રે | ૫૩ |
| ૯૪ | " | દિલમાં દીવો કરો રે દીવો કરો | ૫૪ |
| ૯૫ | " | મંગલ મંદિર ખોલો દયામય | ૫૪ |
| ૯૬ | " | હે જગત્રાતા વિશ્વ વિધાતા | ૫૫ |
| ૯૭ | " | રઘુવર ! તુમકો મેરી લાજ | ૫૫ |
| ૯૮ | " | હે પ્રભુ ! આનંદદાતા | ૫૬ |
| ૯૯ | " | નામ જપન કર્યોં છોડ દિયા | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૦ | બેઠકનાં પદો | પ્રેમળ જયોતિ તારો દાખવી | ૫૭ |
| ૧૦૧ | ” | ભજ મન દુઃખ ભંજક ભગવાન | ૫૮ |
| ૧૦૨ | ” | ભૂલી પંથ ભમું દિન રાત | ૫૮ |
| ૧૦૩ | ” | તારાં સ્વજન તને જાય મુકી તો | ૫૯ |
| ૧૦૪ | ” | ધન્ય જેણે હરિ ગુણ ગાયાં | ૬૦ |
| ૧૦૫ | ” | ચિત્ત તું શીદને ચિંતા ધરે | ૬૦ |
| ૧૦૬ | ” | જે કોઈ પ્રેમ અંશ અવતરે | ૬૧ |
| ૧૦૭ | ” | ફૂલ્યો શું ફરે છે રે | ૬૨ |
| ૧૦૮ | ” | હરિ જેવો તેવો હું દાસ તમારો | ૬૨ |
| ૧૦૯ | ” | ભકિત મહા બળવંતી રે | ૬૩ |
| ૧૧૦ | ” | જેને રામ રાખે રે | ૬૩ |
| ૧૧૧ | ” | તરણા ઓથે ડુંગર રે | ૬૪ |
| ૧૧૨ | ” | તેરે ઘટમેં સરજનહાર | ૬૫ |
| ૧૧૩ | ” | સમજ ભોજ મન ખોજ | ૬૫ |
| ૧૧૪ | ” | સદા રહો અલમસ્ત ભજનમેં | ૬૬ |
| ૧૧૫ | ” | હાં રે રથ ફેરો ગોકુલ | ૬૭ |
| ૧૧૬ | ” | હરિ ગુણ ગાવામાં હૂંશીલા | ૬૭ |
| ૧૧૭ | ” | ઠરશે કંચનના થાળમાં | ૬૮ |
| ૧૧૮ | ” | માયા માયા કરતો મૂરખ | ૬૯ |
| ૧૧૯ | ” | માયામાં મનડું મોહ્યું રે | ૬૯ |
| ૧૨૦ | ” | માને છે મારું મારું રે | ૭૦ |
| ૧૨૧ | ” | વીરા વસ્તુ વિચારીને વ્હોરિયે | ૭૧ |
| ૧૨૨ | ” | સદા સુખિયાં જગતમાં સંત | ૭૨ |
| ૧૨૩ | ” | ધીરજ ધરને અરે અધીરા | ૭૨ |
| ૧૨૪ | ” | વ્હાલો મારો સાચાનો સંગાથી | ૭૩ |
| ૧૨૫ | ” | રામ સમર મન રામ સમર લે | ૭૪ |
| ૧૨૬ | ” | મારો બાલપણાનો બેલી રે | ૭૪ |
| ૧૨૭ | ” | મારા બાલપણાની પ્રીતું રે | ૭૫ |
| ૧૨૮ | ” | જયાં લગી આત્મા અંગમાં છે | ૭૫ |
| ૧૨૯ | ” | મૂરખો રળી રળી કમાણો રે | ૭૬ |
| ૧૩૦ | ” | ભકિત શીશ તણું સાટું રે | ૭૬ |
| ૧૩૧ | ” | દુનિયા દિવાની કહેવાશે રે | ૭૭ |
| ૧૩૨ | ” | મૂરખો કાલની વાતું કરે રે | ૭૭ |
| ૧૩૩ | ” | ભકિત શૂરવીરની સાચી રે | ૭૮ |
| ૧૩૪ | ” | જીવ તેં હરિ ન સમર્યા | ૭૯ |
| ૧૩૫ | ” | પ્રેમની વાત છે ન્યારી | ૭૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૬ | બેઠકનાં પદો | રામ અમલ રંગ રાતે | ૮૦ |
| ૧૩૭ | " | ઝુલત કુંજ વિલાસી શ્યામરો | ૮૧ |
| ૧૩૮ | " | એ ઘડીકી મોહે કોન બતાવે | ૮૧ |
| ૧૩૯ | " | એક ઘડીકે સુખ કારન | ૮૧ |
| ૧૪૦ | " | ધણી અમારા પ્રેમ પ્યારા | ૮૨ |
| ૧૪૧ | " | મારો સાથીડો રીસાણો | ૮૨ |
| ૧૪૨ | રાગ કાનડો-સાખી | રાગનકો પતિ કાનડો | ૮૩ |
| ૧૪૩ | " | હરિ નામ હીરા | ૮૩ |
| ૧૪૪ | " | રામ નામ જબ લીયો મન તૅં | ૮૪ |
| ૧૪૫ | " | કોઈ તોલો રે હરિનામ | ૮૪ |
| ૧૪૬ | " | જે કુલ ભકત ભાગ્યવાન હોઈ | ૮૫ |
| ૧૪૭ | " | કહાઁ કમી જા કો રામજી ધણી | ૮૫ |
| ૧૪૮ | " | અકલ કલ ખેલે નર જ્ઞાની | ૮૫ |
| ૧૪૯ | રાગ કાનડો | હરિ ન ભજે સો બડો હત્યારો | ૮૬ |
| ૧૫૦ | " | શ્રી રામચંદ્ર પદ ભજને લાયક | ૮૬ |
| ૧૫૧ | " | હમ ચાકર રઘુવરનાથ કુંવરકો | ૮૭ |
| ૧૫૨ | " | ગ્રહી ટેક ગોપાલકી ગાયે | ૮૭ |
| ૧૫૩ | " | તેરો જન કાહે કો ઘર ઘર જાચે | ૮૭ |
| ૧૫૪ | " | હરિ જનુની મૈં બાલક તેરો | ૮૮ |
| ૧૫૫ | કલ્યાણની સાખી | ગુરુ જ્ઞાન ગ્રહ્યો જબ | ૮૮ |
| ૧૫૬ | " | સંત સમાગમ કીજે રે ભાઈ | ૮૯ |
| ૧૫૭ | " | ધન ગુરુદેવ અમારા હો | ૮૯ |
| ૧૫૮ | " | અજ રાયલ રામજી અમારા હો | ૮૯ |
| ૧૫૯ | " | હરિકો ભજન કર હો મન પ્યારે | ૯૦ |
| ૧૬૦ | " | તુમ કીર નાવ લઈ આવ રે | ૯૦ |
| ૧૬૧ | " | પગ ધોઉં નાવ પધારો રામજી | ૯૧ |
| ૧૬૨ | " | પાવન પદ રજ રઘુવીરકી | ૯૧ |
| ૧૬૩ | " | રામજીકો નામ નવનિધ મેરે | ૯૧ |
| ૧૬૪ | " | ઐસે મન લઈ લો રામ રસના | ૯૨ |
| ૧૬૫ | " | ભૂલ્યો મન સમજાવે | ૯૨ |
| ૧૬૬ | " | નિર્ગુણ જરા લક્ષ આવે | ૯૨ |
| ૧૬૭ | " | નીરખ પરખ ગુરુ કરના અવધુ | ૯૩ |
| ૧૬૮ | " | શી ગતિ થાશે અમારી | ૯૪ |
| ૧૬૯ | " | ના ચઢીએ રઘુનંદન નાવ પર | ૯૪ |
| ૧૭૦ | " | જ્ઞાની કા ઘર ન્યારા સંતો | ૯૪ |
| ૧૭૧ | " | નેક શ્યામકો બાનુ | ૯૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૨ | અમીર કલ્યાણ | અહો મહારાજ ગરીબ નિવાજ | ૯૫ |
| ૧૭૩ | " | ગોપાલ લાલ પ્યારે | ૯૫ |
| ૧૭૪ | " | લાગત રામ પ્યારો | ૯૬ |
| ૧૭૫ | સોયાણી | મને ન બોલાવે વ્હાલો | ૯૬ |
| ૧૭૬ | " | પાણી લેવાને ગઈ'તી સાગર | ૯૭ |
| ૧૭૭ | કાફીની સાખી | કાફી કંઠ કર | ૯૭ |
| ૧૭૮ | પદ | સાધુ કી સંગત પાઈ રે | ૯૭ |
| ૧૭૯ | " | જે હરિ નામ સુનાવે રે | ૯૮ |
| ૧૮૦ | કાફીનાં પદો | આનંદ મંગલ ગાઉં રે | ૯૮ |
| ૧૮૧ | " | કર્યો હરિ નામ વિસારા | ૯૮ |
| ૧૮૨ | " | કોઈ દિલ હી વિચારો | ૯૯ |
| ૧૮૩ | " | સાધુજનનો સંગરે | ૯૯ |
| ૧૮૪ | " | પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ | ૧૦૦ |
| ૧૮૫ | " | કાનુડો કામણગારો રે | ૧૦૦ |
| ૧૮૬ | " | સાધુજનનો સંગ | ૧૦૦ |
| ૧૮૭ | " | પુરા નર કયાંથી પાઈએ | ૧૦૧ |
| ૧૮૮ | " | દર્દ ન જાણે કોઈ રે | ૧૦૧ |
| ૧૮૯ | " | કઠણ લગન કી પ્રીત લગી | ૧૦૧ |
| ૧૯૦ | " | હું તારો સંગ ન મેલું રે | ૧૦૨ |
| ૧૯૧ | " | રંગી તેં તો જૂઠા રંગ બનાયા | ૧૦૨ |
| ૧૯૨ | " | કોણ કરે જંજાલ જુગમેં | ૧૦૩ |
| ૧૯૩ | " | ઊઠી ચાલ્યો અવદૂત મઢીમેં | ૧૦૩ |
| ૧૯૪ | " | હરિ બિન જીએ નર કૈસે | ૧૦૩ |
| ૧૯૫ | કાલેરાની સાખી | કીટ મુગટ ધર્યો શિશ | ૧૦૪ |
| ૧૯૬ | " | વૈષ્ણવ જન તો તેને કહીએ | ૧૦૪ |
| ૧૯૭ | " | ભૂતળ ભકિત પદારથ મોટું | ૧૦૫ |
| ૧૯૮ | " | નારાયણનું નામ જ લેતાં | ૧૦૫ |
| ૧૯૯ | " | હરિની ભકિત વિના જે જન | ૧૦૬ |
| ૨૦૦ | " | આવો રે અલબેલા વ્હાલા | ૧૦૬ |
| ૨૦૧ | " | કહો સજનની એને કેમ મૂકું | ૧૦૭ |
| ૨૦૨ | " | કોઈ જુઓને જુગતે વિચારી | ૧૦૭ |
| ૨૦૩ | " | મેહુલો રે ગાજે માધવ નાચે | ૧૦૮ |
| ૨૦૪ | " | આજ વૃન્દાવન આનંદ સાગર | ૧૦૮ |
| ૨૦૫ | " | સાંભળ રે શ્યામળિયા વ્હાલા | ૧૦૯ |
| ૨૦૬ | " | શા માટે શ્યામળિયા વ્હાલા | ૧૦૯ |
| ૨૦૭ | " | નુગરા જનનો સંગ ન કરીએ | ૧૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૮ | " | મને ગમે ગોપીનો વ્હાલો | ૧૧૦ |
| ૨૦૯ | " | પોતે પોતાનું ઘર જાણવું જોઈએ | ૧૧૧ |
| ૨૧૦ | " | હું તને પૂછું મારી વેરણ નિદ્રા | ૧૧૧ |
| ૨૧૧ | રાગ કાલેરો | પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા | ૧૧૨ |
| ૨૧૨ | " | વટલ્યો નાગર નરસૈંયો | ૧૧૨ |
| ૨૧૩ | " | અમર્દોકા ગામ સંતો | ૧૧૩ |
| ૨૧૪ | " | રામ ભજન અહર્નીશ કર હો | ૧૧૩ |
| ૨૧૫ | " | આજ સોનાનો સૂર્ય ઊગ્યો | ૧૧૪ |
| ૨૧૬ | રાગ મારૂ-સાખી | મારું મસ્તક બેડલું | ૧૧૪ |
| ૨૧૭ | " | રામજી પ્યારા હો | ૧૧૫ |
| ૨૧૮ | " | આરતી તેરી હો પિયુ મોહે | ૧૧૬ |
| ૨૧૯ | " | ભજી લે ગોવિંદ પ્યારા હો | ૧૧૬ |
| ૨૨૦ | " | શ્યામને કહેજો સંદેશો હો | ૧૧૭ |
| ૨૨૧ | " | ભૂલવણી ભારી વ્હાલા તારી | ૧૧૭ |
| ૨૨૨ | " | સ્નેહ ન કરીએ રે | ૧૧૮ |
| ૨૨૩ | " | શાપ ન મુને લાગે રે | ૧૧૮ |
| ૨૨૪ | " | વૈકુંઠ ઢુંકડું મહારાજ | ૧૧૯ |
| ૨૨૫ | " | આવ્યા રે આશ ભર્યા | ૧૧૯ |
| ૨૨૬ | " | રૂડું રે રમતાં વૃન્દાવન | ૧૧૯ |
| ૨૨૭ | " | નહિ મળે ભગવાન વૈરાગ્ય વિના | ૧૨૦ |
| ૨૨૮ | " | કામ ક્રોધ અહંકાર કાહે ન છાંડિયે | ૧૨૦ |
| ૨૨૯ | " | અદકુ સો લોભ નિવાર | ૧૨૦ |
| ૨૩૦ | " | વ્હાલે મને માર્યા રે મોહના બાણ | ૧૨૧ |
| ૨૩૧ | " | ઘેલા મન કાલનો શું ઉધારો રે | ૧૨૧ |
| ૨૩૨ | " | પ્રેમ બિના ફોગટ નખરાં | ૧૨૧ |
| ૨૩૩ | " | વિઠ્ઠલ રહ્યો રે વસી | ૧૨૨ |
| ૨૩૪ | " | હરિનામ કદિ ન મૂકું રે | ૧૨૨ |
| ૨૩૫ | રાગ બિહાગ | ચલના રે મેરે ભાઈ | ૧૨૨ |
| ૨૩૬ | " | ઘર કર દરિયા માંહે | ૧૨૩ |
| ૨૩૭ | " | કૈસે કરું તોહે રાજી | ૧૨૩ |
| ૨૩૮ | " | આજ રહો મેરે પ્યારે રઘુવર | ૧૨૪ |
| ૨૩૯ | " | કહાં જો પઢાઈ મેરી માતા | ૧૨૪ |
| ૨૪૦ | " | તુમ ઘર જાઓ મેરે વીર | ૧૨૫ |
| ૨૪૧ | " | બાજત યમુના તીર મોરલી | ૧૨૫ |
| ૨૪૨ | " | હરિને મનાવી ઘર લાવે રે | ૧૨૬ |
| ૨૪૩ | " | શ્યામળિયા સાથે રમીએ રે | ૧૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૪૪ | સોરઠની સાખી | સોરઠ રાગ સોહામણો | ૧૨૬ |
| ૨૪૫ | " | એક વર્યો ગિરિધારી રે | ૧૨૭ |
| ૨૪૬ | " | વ્યવહારના છો વારૂ નાથજી | ૧૨૮ |
| ૨૪૭ | " | ગિરિધર પ્રિતમ પ્યારો | ૧૨૮ |
| ૨૪૮ | " | ખેલે રાત અંધારી રે | ૧૨૯ |
| ૨૪૯ | " | પત્તિઆમેં કૈસે લિખું | ૧૨૯ |
| ૨૫૦ | " | પતિત ઉદ્ધારણ ગાયો રે | ૧૩૦ |
| ૨૫૧ | " | જૂઠા જૂઠો વેષધારી | ૧૩૦ |
| ૨૫૨ | " | કાળાના કઠણ હૈયાં રે | ૧૩૦ |
| ૨૫૩ | " | નહિ આવ્યા રે | ૧૩૧ |
| ૨૫૪ | " | દેખી દેખી શ્રી રામજીકો રૂપ | ૧૩૧ |
| ૨૫૫ | " | લઈ ચલો ગોવિંદને દેશ | ૧૩૨ |
| ૨૫૬ | " | રાધે તારા ડુંગરિયામાં બોલે ઝીણા મોર | ૧૩૨ |
| ૨૫૭ | " | ઘડીના શોહાયે ઉદ્ધવ મુને | ૧૩૨ |
| ૨૫૮ | " | બેની મેં નહિ જાણ્યુ | ૧૩૩ |
| ૨૫૯ | " | મને કાનજી જોયાના કોડ | ૧૩૩ |
| ૨૬૦ | " | મારો પિયુ પરઘેર જાય | ૧૩૪ |
| ૨૬૧ | " | ઐસે તુમ કહીયે હરિ પે | ૧૩૪ |
| ૨૬૨ | " | ઓધવજી અમ સાથે છળ કીધાં | ૧૩૫ |
| ૨૬૩ | " | તુલસીને પત્રે તોલાયાં | ૧૩૫ |
| ૨૬૪ | કેદારની સાખી | કેદારો જબ કીજીયે | ૧૩૬ |
| ૨૬૫ | " | ધન ધન રે ગોકુલિયું ગામ | ૧૩૬ |
| ૨૬૬ | " | એવા ગર્વી ત્રિભોવનનાથ | ૧૩૭ |
| ૨૬૭ | " | તમે કેમ આવ્યા વ્રજનાર | ૧૩૭ |
| ૨૬૮ | " | તમો આવો વૃન્દાવન રે | ૧૩૮ |
| ૨૬૯ | " | તારી મોરલીયે મોહ્યા રે | ૧૩૮ |
| ૨૭૦ | " | હરિએ માર્યા મોહના બાણ | ૧૩૯ |
| ૨૭૧ | " | આવે આવે રે નંદજીનો લાલ | ૧૩૯ |
| ૨૭૨ | કેદારો | હરિ તારા લટકા ઉપર વારી | ૧૪૦ |
| ૨૭૩ | " | હું તો વારીને બલિહારી સુંદર | ૧૪૦ |
| ૨૭૪ | " | આરોગો નૃસિંહ મહાપ્રભુ | ૧૪૧ |
| ૨૭૫ | " | આરોગો રઘુવીર મહાપ્રભુ | ૧૪૧ |
| ૨૭૬ | " | વ્હાલો મારો લાકડે લાડવા કરે | ૧૪૨ |
| ૨૭૭ | " | ભોજન કીજે ભાવતાં | ૧૪૨ |
| ૨૭૮ | " | જો રે બેની ગોવાલામેં ગોવિંદજી | ૧૪૨ |
| ૨૭૯ | ધન્યાશ્રી | કોઈ મેરે કામ ન આયો | ૧૪૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૮૦ | ધન્યાશ્રી | કોન અપનો સંસારા હરિ વિના | ૧૪૩ |
| ૨૮૧ | " | ભકિત કબ કર હો જન્મ શિરાનો | ૧૪૪ |
| ૨૮૨ | " | રાખો તૈસે રહું રે | ૧૪૪ |
| ૨૮૩ | " | હરિ તારા બાનાની પત રાખ | ૧૪૫ |
| ૨૮૪ | " | વૃન્દાવનમાં રમત માંડી | ૧૪૫ |
| ૨૮૫ | " | બહુત અપરાધ કિયો મેં માધવ | ૧૪૬ |
| ૨૮૬ | સામેરીની સાખી | સામેરી સાહેર ઉલટયો, રત્ન તણાયા જાય | ૧૪૬ |
| ૨૮૭ | " | મેલી નવ જાશો રે મીઠડા માવજી | ૧૪૭ |
| ૨૮૮ | " | સુખના સિંધુ વહી ગયા રે | ૧૪૭ |
| ૨૮૯ | " | કુબ્જાને કહેજો ઓધવ એટલું રે | ૧૪૮ |
| ૨૯૦ | " | જુવાનીને દહાડે હરિને ભજયા નહિ | ૧૪૮ |
| ૨૯૧ | " | ગોકુળિયું ગામ રે અતિ રળિયામણું | ૧૪૯ |
| ૨૯૨ | " | તટ યમુનાનો રે અતિ રળિયામણો | ૧૪૯ |
| ૨૯૩ | " | હરિ નામ લેતાં રે વિલંબ ના કીજીયે | ૧૫૦ |
| ૨૯૪ | " | શ્યામળિયા સ્નેહી રે અમ ઘેર આવો | ૧૫૦ |
| ૨૯૫ | " | અવગુણ કહોની કંથ અમે શા કર્યા | ૧૫૧ |
| ૨૯૬ | " | રૂડી ને રસાળી રે વ્હાલા તારી વાંસલડી | ૧૫૧ |
| ૨૯૭ | " | સાધને સુખી રે રાજા ભરથરી | ૧૫૨ |
| ૨૯૮ | " | દ્વારિકાના વાસી રે અવસરે આવજો | ૧૫૩ |
| ૨૯૯ | " | વાતલડી કરતાં રે વ્હાણું વાઈ ગયું રે | ૧૫૪ |
| ૩૦૦ | પંચમનાં પદો | રાતલડી રમીને કયાં થકી આવ્યા રે | ૧૫૫ |
| ૩૦૧ | " | ફરી ફરી પડશે રે શીદ આ ફંદમાં રે | ૧૫૬ |
| ૩૦૨ | " | ભજન ભરોસો હરિ તારા નામનો રે | ૧૫૬ |
| ૩૦૩ | " | અમૃત પીતાં રે આળસ નવ કીજીયે | ૧૫૭ |
| ૩૦૪ | " | વાતલડી કરતાં રે વ્હાણું વહી ગયું રે | ૧૫૮ |
| ૩૦૫ | " | મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે રે | ૧૫૯ |
| ૩૦૬ | " | ઓધવ કહેજો રે અમારી વિનંતિ | ૧૬૦ |
| ૩૦૭ | " | ઓળખીને લેજો રે અનુભવી આત્મા રે | ૧૬૧ |
| ૩૦૮ | મેવાડનાં પદો | આધાર હતો રે પ્રભુ મને તમ તણો રે | ૧૬૧ |
| ૩૦૯ | " | દામોદર દીનને રે દર્શન દીજીયે રે | ૧૬૨ |
| ૩૧૦ | " | દિવેલ ખુટયું રે કુસકા ખાંડતા | ૧૬૩ |
| ૩૧૧ | " | સમાને સાંભળો રે સંગી સહુ ચાલ્યા રે | ૧૬૫ |
| ૩૧૨ | " | ભાગતી ભવાઈ રે શું તું મોહી રહ્યો રે | ૧૬૫ |
| ૩૧૩ | " | હરખ હવો રે હરિ મનમેં મળ્યા રે | ૧૬૬ |
| ૩૧૪ | " | વિરહ કેરી રે ઐસી વિનતી રે | ૧૬૭ |
| ૩૧૫ | " | વિદાય કરીને રે વેગળા મુકયા વિઠલે રે | ૧૬૮ |

| | | | |
|---|---|---|---|
| ૩૧૬ | રમૈણીનાં પદો | ધન સતગુરુને રે જેણે દિયો ઉપદેશ | ૧૬૯ |
| ૩૧૭ | ચરચરીનાં પદો | ઘડી રે ઉપર ઘડીઆરાં વાગે | ૧૭૦ |
| ૩૧૮ | " | જોબનિઆને જોરે તું તો ગોવિંદ ગુણ ન ગાયા | ૧૭૧ |
| ૩૧૯ | વિભાસ | પ્રભાત સમે સ્મરે પરમેશ્વર | ૧૭૨ |
| ૩૨૦ | " | આયો મોરે અંગના રે | ૧૭૨ |
| ૩૨૧ | " | મારે ઘરેણું સાચું નંદાજીના લાલ રે | ૧૭૩ |
| ૩૨૨ | હાલેરું | સંસાર રૂપી પારણું રે | ૧૭૩ |
| ૩૨૩ | " | જ્ઞાન સ્વરૂપ તું આત્મા રે | ૧૭૫ |
| ૩૨૪ | પ્રભાત | જાગિયે રઘુનાથ કુંવર પંછી વન બોલે | ૧૭૮ |
| ૩૨૫ | " | એક ઘડી દિન ઉગ્યાં પહેલાં | ૧૭૮ |
| ૩૨૬ | " | સરજુકો જલ ભરન જાત | ૧૭૯ |
| ૩૨૭ | " | પ્રાત સમે કૌશલ્યા રાની અપનો પુત્ર જગાવે | ૧૮૦ |
| ૩૨૮ | " | પ્રાત સમે ઊઠ જનક નંદનિ | ૧૮૦ |
| ૩૨૯ | " | બિગરી કોન સુધારે નાથ બિના | ૧૮૧ |
| ૩૩૦ | " | જશોદા તારા કાનુડાને | ૧૮૧ |
| ૩૩૧ | " | જેને ઘેર હરિજન હરિજશ ગાય | ૧૮૨ |
| ૩૩૨ | " | મારા વ્હાલાજી તું તારા બિરુદ સામે જોજે | ૧૮૨ |
| ૩૩૩ | " | સારમાં સાર અવતાર અબળાતણો | ૧૮૩ |
| ૩૩૪ | " | ભૂતળ ભકિત પદારથ મોટું | ૧૮૩ |
| ૩૩૫ | " | બળિતણે દ્વારે હરિ વિપ્ર વામન હુવા | ૧૮૪ |
| ૩૩૬ | " | તું તારા બિરુદ સામે જો જે શ્યામળાં | ૧૮૫ |
| ૩૩૭ | " | પ્રાત સમે સુર ઊગ્યા પહેલાં | ૧૮૫ |
| ૩૩૮ | " | પ્રાણ થકી મને વૈષ્ણવ વહેલાં | ૧૮૬ |
| ૩૩૯ | " | નંદના નંદ શું નેહ જેને નહિ | ૧૮૭ |
| ૩૪૦ | " | ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી | ૧૮૭ |
| ૩૪૧ | " | સંતો અમે રે વે'વારિયાં શ્રી રામના | ૧૮૮ |
| ૩૪૨ | " | જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા | ૧૮૮ |
| ૩૪૩ | " | રાત રહે જાહ રે પાછલી ખટ ઘડી | ૧૮૯ |
| ૩૪૪ | " | ઊઠ ઉતાવળો ચાલને વિઠલા | ૧૮૯ |
| ૩૪૫ | " | હરિ હરિ રટણ કર કઠણ કળી કાળમાં | ૧૯૦ |
| ૩૪૬ | " | બાપજી પાપ મેં કવણ કીધાં હશે | ૧૯૦ |
| ૩૪૭ | " | તારા દાસના દાસની નિત્ય સંગત વિના | ૧૯૧ |
| ૩૪૮ | " | ધ્યાન ધર ધ્યાન ધર નંદના કુંવરનું | ૧૯૧ |
| ૩૪૯ | " | હરિ તણું હેત તને કેમ ગયું વિસરી | ૧૯૧ |
| ૩૫૦ | " | જે ગમે જગતગુરુ દેવ જગદીશને | ૧૯૨ |
| ૩૫૧ | " | જયાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ | ૧૯૩ |

| | | | |
|---|---|---|---|
| ૩૫૨ | પ્રભાત | ભકિત વિના જે જન જીવે | ૧૯૩ |
| ૩૫૩ | ” | વાસ નહિ જયાં વૈષ્ણવ કેરો | ૧૯૪ |
| ૩૫૪ | ” | રામ સભામાં અમે રમવાને ગ્યાં'તાં | ૧૯૪ |
| ૩૫૫ | ” | નીરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો | ૧૯૫ |
| ૩૫૬ | ” | અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ | ૧૯૫ |
| ૩૫૭ | ” | જાગીને જોઉં તો જગત દીશે નહિ | ૧૯૬ |
| ૩૫૮ | ” | ધન્ય ધન્ય રે જીવતર વૈષ્ણવનું | ૧૯૬ |
| ૩૫૯ | ” | તમારો ભરોસો મને ભારી રે | ૧૯૭ |
| ૩૬૦ | ” | વ્હાલો પ્રેમને વશ થયા રાજી રે | ૧૯૭ |
| ૩૬૧ | ” | ધ્યાન ધર હરિતણું અલ્પમતિ આળસુ | ૧૯૮ |
| ૩૬૨ | ” | તારા દાસની ચરણની રેણુ મસ્તક ધરું | ૧૯૯ |
| ૩૬૩ | ” | સમરને શ્રીહરિ મે'લ મમતા પરી | ૧૯૯ |
| ૩૬૪ | ” | પ્રેમ રસ પાને તું મોરના પીચ્છધર | ૧૯૯ |
| ૩૬૫ | ” | ઓ ભાઈ રે શાંતિ પમાડે | ૨૦૦ |
| ૩૬૬ | ” | સંસારનો ભય નિકટ ન આવે | ૨૦૧ |
| ૩૬૭ | ” | પઢો રે પોપટ રાજા રામના | ૨૦૧ |
| ૩૬૮ | ” | કૃષ્ણ કહો કૃષ્ણ કહો આ અવસર છે | ૨૦૨ |
| ૩૬૯ | ” | દેવા ટેવ પડી તૂજને દીન પ્રતિ પાળવા | ૨૦૨ |
| ૩૭૦ | ” | વૈષ્ણવ જનને વીરોધ ન કોઈશું | ૨૦૩ |
| ૩૭૧ | ” | કૃષ્ણ કીર્તન વિના નર સદા સૂતકી | ૨૦૩ |
| ૩૭૨ | દેવગંધાર પ્રભાત | કયાં રમ્યા રજની રસીઆ | ૨૦૪ |
| ૩૭૩ | ” | મોગરીએ છાયો મંડપડો | ૨૦૪ |
| ૩૭૪ | ” | શાને હીંડો ભમતા રે ભૂધરજી | ૨૦૫ |
| ૩૭૫ | ” | ઘેલી કીધી રઘુનાથે બાઈ મને | ૨૦૫ |
| ૩૭૬ | ” | સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ | ૨૦૫ |
| ૩૭૭ | ” | ભૂલી મોતીનો હાર જમુનાને તીર | ૨૦૬ |
| ૩૭૮ | ” | જમુનામેં જઈ પડયો કનૈયો મારો | ૨૦૬ |
| ૩૭૯ | પ્રભાત આરતી | આરતી હો નાથ નિરંજન રાયકી | ૨૦૬ |
| ૩૮૦ | ” | આરતી શ્રી જગન્નાથ મંગલા કરી | ૨૦૭ |
| ૩૮૧ | ” | આરતી ગોપાલ રાયકી કરો હો | ૨૦૭ |
| ૩૮૨ | ” | શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે | ૨૦૮ |
| ૩૮૩ | બિલાવલ | તુમ જો દયાલ મોંસે બહુત કરી રે | ૨૦૮ |
| ૩૮૪ | ” | રામ કહો પિંજર કે સુવા | ૨૦૯ |
| ૩૮૫ | ” | તુમ મેરી પ્રભુતા બહુત કરી રે | ૨૦૯ |
| ૩૮૬ | ” | રામ ભજનસે કુશલ પડી રે | ૨૦૯ |
| ૩૮૭ | ” | મત જાનો ગૃહે રૂડો રે | ૨૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૩૮૮ | બિલાવલ | જાનકી પરમ સુહાગ ભરી રે | ૨૧૦ |
| ૩૮૯ | " | રામનામ વિના ના છૂટે મલ | ૨૧૦ |
| ૩૯૦ | " | ચરણ કમલ તજી અવર કયાં જાઉ | ૨૧૧ |
| ૩૯૧ | " | અમર દેવ મોરારિ રે | ૨૧૧ |
| ૩૯૨ | " | જન્મ પદારથ બાદ જાત રે | ૨૧૨ |
| ૩૯૩ | " | કહાઁ જો ભયો મૂખે રામ કહ્યો | ૨૧૨ |
| ૩૯૪ | " | રામનામ મ્હોંસે કર્યો વિસરો | ૨૧૨ |
| ૩૯૫ | " | જબ તેં મન પ્રતીત ભયી | ૨૧૩ |
| ૩૯૬ | ટોડી | હરિ ચરણે ચિત્ત લાવો રે | ૨૧૩ |
| ૩૯૭ | " | પતિતન કે તુમ પાવન માધુ | ૨૧૪ |
| ૩૯૮ | " | બહુત અપરાધ કિયો મેં માધવ | ૨૧૪ |
| ૩૯૯ | " | દેખો રે આ લોકની ચાલ | ૨૧૪ |
| ૪૦૦ | આશાવરી | જેને બાનુ શામળિઆનું | ૨૧૫ |
| ૪૦૧ | " | પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા | ૨૧૫ |
| ૪૦૨ | " | કા'ન મારે ઘેર આવો તો | ૨૧૬ |
| ૪૦૩ | " | આજ સોનાનો સુરજ ઊગ્યો | ૨૧૬ |
| ૪૦૪ | " | કા'ન મારે ઘેર આવો તે એણીપેરે આવો | ૨૧૭ |
| ૪૦૫ | " | વાસ નહિ જયાં વૈષ્ણવજનનો | ૨૧૭ |
| ૪૦૬ | " | કબીર હરિ રંગ લાગા હો | ૨૧૭ |
| ૪૦૭ | " | રામરાય જાનકી આશા પાઉ | ૨૧૮ |
| ૪૦૮ | " | રામરાય આદિ ચાકર તેરા | ૨૧૮ |
| ૪૦૯ | " | રાજા રામ જપો મેરે | ૨૧૯ |
| ૪૧૦ | " | બન્દે નામ ધણીકા લે | ૨૧૯ |
| ૪૧૧ | " | જંત્રી જંત્ર અનુપમ બાજે | ૨૨૦ |
| ૪૧૨ | " | કર્યો ચમકાવે નયનાં સુંદરી | ૨૨૦ |
| ૪૧૩ | " | હરિકા જ્ઞાન નિચાર ન પાયા | ૨૨૦ |
| ૪૧૪ | " | વૈષ્ણવજનને વાદ ન કરવો | ૨૨૧ |
| ૪૧૫ | " | વૈષ્ણવજનને વિરોધ ન કોઈશું | ૨૨૧ |
| ૪૧૬ | " | પંડિત પૂછ પીઓ જલપાની | ૨૨૨ |
| ૪૧૭ | " | પરમગુરુ સોહી કૃપા કર દીનો | ૨૨૨ |
| ૪૧૮ | " | હરિજન હંસ દશા લઈ ડોલે | ૨૨૩ |
| ૪૧૯ | " | દેહડી થશે મિટ્ટી | ૨૨૩ |
| ૪૨૦ | સારંગ | રામકો નિત્ય કીજે સુમરણ | ૨૨૩ |
| ૪૨૧ | " | રામજન વિસરી હો ગયા | ૨૨૪ |
| ૪૨૨ | " | કાહેકો દેહ ધરી રે ભજન બિના | ૨૨૪ |
| ૪૨૩ | " | કાહેકો રહેત અચેત રે | ૨૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૪૨૪ | સારંગ | કાહે ન ભજે રે ગોપાલ મન તું | ૨૨૫ |
| ૪૨૫ | ” | કાહેકો માયા જોડી નર તેં | ૨૨૫ |
| ૪૨૬ | ” | મંદિર દેખ ડરે સુદામાજી | ૨૨૫ |
| ૪૨૭ | ” | રામ સ્નેહી આવહી | ૨૨૬ |
| ૪૨૮ | ” | ગોવિંદ નામ ધર્યો કીન તેરો | ૨૨૬ |
| ૪૨૯ | ” | રામચરણ ચિત્ત લઈએ | ૨૨૭ |
| ૪૩૦ | ” | કિત્તે ગયે જખમાર | ૨૨૭ |
| ૪૩૧ | ” | ઐસી હી જો જીવે જીવન | ૨૨૭ |
| ૪૩૨ | ” | ના કછુ રામ બિના રે | ૨૨૮ |
| ૪૩૩ | ” | નામકા વેપારી અમો હરિ નામકા રે | ૨૨૮ |
| ૪૩૪ | ” | દેખત શ્યામ હસે સુદામાજી કો | ૨૨૮ |
| ૪૩૫ | ” | ચલત વિદુર ઘેર જઈએ રે | ૨૨૯ |
| ૪૩૬ | ” | ચલત પ્રાણ કર્યો રોઈ રે | ૨૨૯ |
| ૪૩૭ | ” | સંત શું અંતર નાહિ નારદ મેરે | ૨૩૦ |
| ૪૩૮ | ” | ઘેલા કે'વું તે વારો વહાણું | ૨૩૦ |
| ૪૩૯ | ” | શરણ રામજીસે આયો કુટુંબ | ૨૩૧ |
| ૪૪૦ | ” | રામ ભજન કર આળસુ મન | ૨૩૧ |
| ૪૪૧ | ” | નિર્ધન કે ધન રામ હમારે | ૨૩૨ |
| ૪૪૨ | ” | ગોવિંદ કર્યો ન સંભાર્યો | ૨૩૨ |
| ૪૪૩ | ઋતુનાં પદો વસંત | મેરે સદ્‌ગુરુએ બક્ષ્યા રામનામ | ૨૩૨ |
| ૪૪૪ | ” | નહિ છાંડુ બાવા શ્રી રામનામ | ૨૩૩ |
| ૪૪૫ | ” | હરિ તત્ત્વ ત્રિલોક સાર | ૨૩૩ |
| ૪૪૬ | ” | હરિ બોલ સુવા વારંવાર | ૨૩૪ |
| ૪૪૭ | ” | ચલ ચલ રે ભ્રમર કમલ પાસ | ૨૩૪ |
| ૪૪૮ | ” | માધુ મોહ મૃગ માર્યો ન જાય | ૨૩૫ |
| ૪૪૯ | ” | માધુ દારુણ દુઃખ સહ્યો ન જાય | ૨૩૫ |
| ૪૫૦ | ” | વંદુ રઘુપતિ કરુણા નિધાન | ૨૩૫ |
| ૪૫૧ | વસંત | મનુષ્ય તન પાયો બડો હૈ ભાગ | ૨૩૬ |
| ૪૫૨ | ” | જહાઁ બારે માસ વસંત હોય | ૨૩૬ |
| ૪૫૩ | ” | ઐસે સેજ શુન્યમેં નિત્ય વસંત | ૨૩૭ |
| ૪૫૪ | ” | બનવારી જાણે બનકી આદ | ૨૩૭ |
| ૪૫૫ | ” | સુખસાગર જીવ કરો સ્નાન | ૨૩૮ |
| ૪૫૬ | ” | કહાં જઈએ રે ગૃહે લાગો રંગ | ૨૩૮ |
| ૪૫૭ | ” | જહાઁ સદ્‌ગુરુ ખેલે ઋતુ વસંત | ૨૩૯ |
| ૪૫૮ | ” | સત સુકૃત ખેલે ઋતુ વસંત | ૨૩૯ |
| ૪૫૯ | ” | બુઢ્ઢિઆ હસી બોલે વારંવાર | ૨૩૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૬૦ | વસંત | ભજ ભજ રે જીવડા સુકૃત હોય | ૨૪૦ |
| ૪૬૧ | " | બાવા ગૃહમેં બઢી હે રાઢ | ૨૪૦ |
| ૪૬૨ | " | હરિ ભકિત વત્સલ ખેલે વસંત | ૨૪૧ |
| ૪૬૩ | " | હરિ પતિત ઓદ્ધારે સોહી સંભાળ | ૨૪૧ |
| ૪૬૪ | " | હરિ ભકિત કરત ઉદ્ધરે અનેક | ૨૪૧ |
| ૪૬૫ | " | મેરે સુરતિ સુહાગન ખેલે ફાગ | ૨૪૨ |
| ૪૬૬ | " | સખી આજ અનુપમ બન્યો વસંત | ૨૪૨ |
| ૪૬૭ | " | રસ હોરી ખોલે શ્રી જનરાય | ૨૪૩ |
| ૪૬૮ | " | રસ હોરી ખેલે શ્રી રામચંદ્ર | ૨૪૪ |
| ૪૬૯ | " | ભણો ભણો રે વિદ્યા શ્રી રામની | ૨૪૪ |
| ૪૭૦ | " | એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી | ૨૪૫ |
| ૪૭૧ | " | કોઈ હે રે હમારા ગાઁવકા | ૨૪૫ |
| ૪૭૨ | " | મેરે હૃદયે લાગ્યો ગુરુશબ્દબાણ | ૨૪૬ |
| ૪૭૩ | " | ભૈયા ઐસો નગર મેં છોડું નાહિં | ૨૪૬ |
| ૪૭૪ | " | કોઈ સંત વિવેકી મન હી જાણ | ૨૪૭ |
| ૪૭૫ | " | ભમ્રિત નર ખોજે ડાર ડાર | ૨૪૭ |
| ૪૭૬ | " | મન ભ્રમર રે રત વસંત જાય | ૨૪૮ |
| ૪૭૭ | " | મધુકર માધવ શું કહ્યો જાય | ૨૪૮ |
| ૪૭૮ | " | આવ્યો માસ વસંત વધામણા | ૨૪૮ |
| ૪૭૯ | વસંતની વધાઈ | અઘટ વસંત ઘટત નહિ કબહું | ૨૪૯ |
| ૪૮૦ | " | મુદ ભર્યો કરુણાનંદ મિલ્યા | ૨૫૦ |
| ૪૮૧ | " | પ્રેમ જાગ્યો પરમાત્મા પર્ચે | ૨૫૦ |
| ૪૮૨ | " | રામનામ પ્રહ્લાદ ઉચ્ચારે | ૨૫૧ |
| ૪૮૩ | " | રામનામ પ્રહ્લાદ પુકારે | ૨૫૧ |
| ૪૮૪ | " | આરત રૂડી રૂડી મારા વ્હાલા | ૨૫૨ |
| ૪૮૫ | " | આવો મારા વ્હાલા અતિ રઢિયાળા | ૨૫૨ |
| ૪૮૬ | " | રાતી મોડ ધરો મારા વ્હાલા | ૨૫૩ |
| ૪૮૭ | " | ગુલાલે ભર્યા ગોવિંદજી રે | ૨૫૩ |
| ૪૮૮ | " | ગુલાલે વધાવે રે હો ગોપી | ૨૫૩ |
| ૪૮૯ | " | ચાલો મારી સૈયર રે સૈયર | ૨૫૪ |
| ૪૯૦ | " | કહો કેમ વસિયે રે મારા વ્હાલા | ૨૫૪ |
| ૪૯૧ | " | વસંત વધાવવા ચાલો અવધધામ | ૨૫૪ |
| ૪૯૨ | " | પ્રથમ સમાજ આજ વૃન્દાવન | ૨૫૫ |
| ૪૯૩ | " | પ્રથમ વસંત પંચમી શુભ દિન | ૨૫૫ |
| ૪૯૪ | " | પ્રથમ દિવસ વ્રજ વસંત પંચમી | ૨૫૬ |
| ૪૯૫ | " | નવલ વસંત નવલ અયોધ્યા | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૯૬ | ” | બ્રહ્મરસ અજર નજરે મારા વ્હાલા | ૨૫૭ |
| ૪૯૭ | વસંત ધનાશ્રી | મન ખેલો વિમલ વસંત પ્યારે | ૨૫૮ |
| ૪૯૮ | ” | હમ ઘર સંત સુજાણ | ૨૫૯ |
| ૪૯૯ | ” | મન કરી સુમરણ કો રંગ | ૨૫૯ |
| ૫૦૦ | ” | હરિ આયેગી તેરે આજ ખેલન ફાગ | ૨૬૦ |
| ૫૦૧ | ” | ઐસે નિત હી ખેલત ફાગ | ૨૬૦ |
| ૫૦૨ | ” | હરિ ભજ સાગર ચાલ સ્નેહી રામકા | ૨૬૧ |
| ૫૦૩ | ધુમારનાં પદો | અવિનાશી દુલ્હો કબ મિલે હો | ૨૬૧ |
| ૫૦૪ | ” | રામૈયો મેરે સાહેબ કો હો | ૨૬૨ |
| ૫૦૫ | ” | તુમ ખેલો દિન દશ સાજન હો | ૨૬૩ |
| ૫૦૬ | ” | નિત મંગલ હોરી ખેલીએ હો | ૨૬૩ |
| ૫૦૭ | ” | ઐસે મનસંગ હોરી ખેલીએ હો | ૨૬૪ |
| ૫૦૮ | ” | હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો | ૨૬૪ |
| ૫૦૯ | ” | ઐસે મનસંગ હોરી ખેલીએ હો | ૨૬૫ |
| ૫૧૦ | ” | રઘુનાથ પધારે જાનીયે હો | ૨૬૫ |
| ૫૧૧ | ધુમાર | વસંત આયો સાજન હો | ૨૬૭ |
| ૫૧૨ | ” | હરિ સંગ હોરી ખેલીયે હો | ૨૬૭ |
| ૫૧૩ | ” | દશરથ નંદન વર વરું હો | ૨૬૮ |
| ૫૧૪ | ” | બ્રહ્માનંદ સરોવર ઝીલીયે હો | ૨૬૮ |
| ૫૧૫ | ” | નવરંગી દુલ્હો ગાઈએ હો | ૨૬૯ |
| ૫૧૬ | ” | રઘુવર જાનકી ઝુલત હો | ૨૭૦ |
| ૫૧૭ | ” | ખેલત માય મોહની હો | ૨૭૦ |
| ૫૧૮ | ” | કોઈ રામ રંગીલો રંગે હો | ૨૭૧ |
| ૫૧૯ | ” | માયા તું કાલી નાગણી હો | ૨૭૨ |
| ૫૨૦ | ” | વસંત વિવાહ આદર્યો હો | ૨૭૨ |
| ૫૨૧ | સારંગની ધુમાર | પ્રભુજી ખેલત હોરી દશરથ સુત | ૨૭૩ |
| ૫૨૨ | રંગ રસિયો | રંગ રસિયો હોરી ખેલવા રે | ૨૭૫ |
| ૫૨૩ | રાયસોના પદો | રઘુવર રાજકુમાર લાલ રંગ ભીની હો | ૨૮૦ |
| ૫૨૪ | ” | મનરાજા ખેલન ચલે રંગ હો | ૨૮૧ |
| ૫૨૫ | ગરબી | દિન દશ હોરી ખેલી લો નહિ આવે | ૨૮૨ |
| ૫૨૬ | ” | ગોરસ વેચે ગોવાલણી ચિત્ત ચતુરા | ૨૮૨ |
| ૫૨૭ | ” | નંદકુંવર કેડે પડયો કેમ ભરીએ | ૨૮૨ |
| ૫૨૮ | ” | રંગ જડયો રે રંગ જડયો રે | ૨૮૩ |
| ૫૨૯ | ” | ગોકુલ ગામને ગોંદરે | ૨૮૩ |
| ૫૩૦ | ” | લોક રસિયા રે લોક રસિયા | ૨૮૪ |
| ૫૩૧ | ” | મત મારો રે મત મારો | ૨૮૪ |

| | | | |
|---|---|---|---|
| ૫૩૨ | " | કેમ વસિયે રે કેમ વસિયે | ૨૮૪ |
| ૫૩૩ | " | બરસાને ઘેર ખેલે હોરી | ૨૮૫ |
| ૫૩૪ | રામનવમીનાં પદો | નોમી કે દિન નોબત બાજે | ૨૮૫ |
| ૫૩૫ | " | ચૈત્ર માસ નોમી અજવાળી | ૨૮૬ |
| ૫૩૬ | " | ચલો દેખો સૌ બાજત બધાઈ | ૨૮૭ |
| ૫૩૭ | " | બડો ભાગ્ય કૌશલ્યારાની | ૨૮૭ |
| ૫૩૮ | " | આજ ચલો દશરથ ઘર જઈએ | ૨૮૮ |
| ૫૩૯ | " | પ્રગટ ભયે શ્રી રામ અયોધ્યા | ૨૮૮ |
| ૫૪૦ | " | દશરથ ઘેર ભયો કુલદીપક | ૨૮૮ |
| ૫૪૧ | " | પ્રગટે રઘુરાય આજ પ્રગટે | ૨૮૯ |
| ૫૪૨ | " | અયોધ્યા રામ લિયો અવતાર | ૨૮૯ |
| ૫૪૩ | " | સાહેલી આજ મંગલ હો | ૨૯૦ |
| ૫૪૪ | " | રઘુનંદન ઝુલે પારણે હો | ૨૯૧ |
| ૫૪૫ | જાનકી નોમી | આજ જનકપુર મંગલ માય | ૨૯૧ |
| ૫૪૬ | " | જે દિન સીતા જન્મ ભયો રે | ૨૯૧ |
| ૫૪૭ | અક્ષય તૃતીયા પદા | અક્ષય તૃતીયા અક્ષય લીલા | ૨૯૨ |
| ૫૪૮ | (રાગ-કાલેરો) | અક્ષય તૃતીયા સો ગોવર્ધન બૈઠે | ૨૯૨ |
| ૫૪૯ | " | બન્યો હૈ વાગો ચૂવા ચંદનકો | ૨૯૩ |
| ૫૫૦ | નૃસિંહ ચતુર્દશીનાં પદો | પ્રગટે શ્રી નૃસિંહ રૂપે મોરારિ | ૨૯૪ |
| ૫૫૧ | (રાગ-ગોડી) | પ્રગટે નૃસિંહ દેવ મોરારી | ૨૯૪ |
| ૫૫૨ | (રાગ-કલ્યાણ) | શ્રી નૃસિંહ પ્રગટે હૈ આજ | ૨૯૪ |
| ૫૫૩ | (રાગ-કાનડો) | જબ લગી વૈકુંઠ ન જઈએ | ૨૯૫ |
| ૫૫૪ | " | પઢયો મૈં રામ ગોવિંદ મોરારિ | ૨૯૫ |
| ૫૫૫ | " | જૈ જૈ શ્રી નૃસિંહ સ્વરૂપ | ૨૯૬ |
| ૫૫૬ | રથયાત્રાનાં પદો | વિશ્વકર્મા રથ લાયો વ્રજમેં | ૨૯૬ |
| ૫૫૭ | (મલાર) | રથકી બાનક બરની ન જાઈ | ૨૯૭ |
| ૫૫૮ | " | આજ માય રથ બેઠે ગિરિધારી | ૨૯૭ |
| ૫૫૯ | " | જય શ્રી ઘનશ્યામ દેવા | ૨૯૭ |
| ૫૬૦ | " | તુમ દેખો માય રથ બૈઠે નંદલાલ | ૨૯૮ |
| ૫૬૧ | " | વ્રજમેં રથ ચઢી ચલે રે ગોપાલ | ૨૯૮ |
| ૫૬૨ | જલયાત્રાનાં પદો | મંગલ જયેષ્ઠ જયેષ્ઠી પુનમ હી | ૨૯૮ |
| ૫૬૩ | (રાગ-બિલાવલ) | કરત ગોપાલ યમુના જલ ક્રીડા | ૨૯૯ |
| ૫૬૪ | જન્માષ્ટમીનાં પદો | વ્રજકે આંગન રચ્યો હિંડોળે | ૩૦૦ |
| ૫૬૫ | (ગોડી) | ઝુલત હૈ ગિરધારી હિંડોળે | ૩૦૦ |
| ૫૬૬ | " | ઝુલત હૈ વનમાલી હિંડોળે | ૩૦૦ |
| ૫૬૭ | " | ઝુલત ભામની હિંડોળે | ૩૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૫૬૮ | " | બેઉ સરખે સરખી જોડ રે | ૩૦૧ |
| ૫૬૯ | રાગ-મલાર | ભકિત હિંડોળેના રે | ૩૦૧ |
| ૫૭૦ | " | ભર્મ હિંડોળેના રે | ૩૦૩ |
| ૫૭૧ | " | ચર્મ હિંડોળેના રે | ૩૦૩ |
| ૫૭૨ | " | સંત હિંડોળેના રે | ૩૦૪ |
| ૫૭૩ | (સામેરી) | હનિહાંરે સુભગ સાવન આયો | ૩૦૫ |
| ૫૭૪ | " | હનિહાંરે સાવન સુદ તીજ અજવાળી | ૩૦૬ |
| ૫૭૫ | " | હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાહી | ૩૦૬ |
| ૫૭૬ | " | હનિહાંરે કુંજ ભુવનમેં રચો હિંડોળો | ૩૦૭ |
| ૫૭૭ | " | હનિહાંરે ગોપી ઝુલાવન આયી | ૩૦૭ |
| ૫૭૮ | " | હનિહાંરે રઘુવર જનક કુમારી ઝુલત | ૩૦૮ |
| ૫૭૯ | " | હેમ હિંડોળેના રે | ૩૦૮ |
| ૫૮૦ | " | સજલ ઘનઘોર હી | ૩૦૯ |
| ૫૮૧ | " | કવૅલ નયન કી રસ કેલ | ૩૦૯ |
| ૫૮૨ | " | ઝુલત જોરી ઝુલત જોરી | ૩૦૯ |
| ૫૮૩ | " | રઘુકુલવંશી વનિતા વૃન્દ | ૩૧૦ |
| ૫૮૪ | " | રંગ હિંડોળેના રે | ૩૧૦ |
| ૫૮૫ | " | ઝુલત શ્યામ ઝુલત શ્યામ | ૩૧૧ |
| ૫૮૬ | (રાગ-મલાર છપ્પે) | સોરંગ હિંડોળેના રે | ૩૧૧ |
| ૫૮૭ | " | સરસ હિંડોળેના રે | ૩૧૨ |
| ૫૮૮ | " | જગત હિંડોળેના રે | ૩૧૩ |
| ૫૮૯ | " | સોરંગ હિંડોળેના રે | ૩૧૩ |
| ૫૯૦ | " | સરસ હિંડોળેના રે | ૩૧૪ |
| ૫૯૧ | " | બિમલ હિંડોળેંના રે | ૩૧૫ |
| ૫૯૨ | " | ઝુલન કે દિન આયે હિંડોળે | ૩૧૬ |
| ૫૯૩ | (રાગ-કાનડો) | ભકિત હિંડોળે સંત ઝુલે | ૩૧૬ |
| ૫૯૪ | " | ભકિત હિંડોળો પરમ સુખકારી | ૩૧૭ |
| ૫૯૫ | " | ઝુલન હિંડોળે ઝુલત રઘુરાય | ૩૧૭ |
| ૫૯૬ | જન્માષ્ટમીનાં પદો | સોરંગ હિંડોળો સરસ બનાયો | ૩૧૮ |
| ૫૯૭ | (રાગ-કાનડો) | હિંડોળો ફુલનકો ફુલનડી દોરી | ૩૧૮ |
| ૫૯૮ | (રાગ-કાફી) | ઝૂલે નવલ બિહારી | ૩૧૮ |
| ૫૯૯ | " | ઝૂલત હૈ પિયુ પ્યારી હિંડોળે | ૩૧૯ |
| ૬૦૦ | " | ઝૂલત હૈ નંદલાલ પિયુ પ્યારી | ૩૧૯ |
| ૬૦૧ | " | પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું | ૩૨૦ |
| ૬૦૨ | (રાગ-કાલેરો) | હિંડોળો નવરંગ્યો રે સજની | ૩૨૦ |
| ૬૦૩ | " | પરમ ચતુર ઝુલે નાથ અમારો | ૩૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૬૦૪ | " | હિંડોળે હીંચે રે સજની | ૩૨૧ |
| ૬૦૫ | " | જુગજીવન જશોદાની કુંવર | ૩૨૨ |
| ૬૦૬ | " | લડસડતી ને લાડકડી ગોપી | ૩૨૨ |
| ૬૦૭ | " | આજ હરિ હિંડોળે બેઠા | ૩૨૨ |
| ૬૦૮ | " | હિંડોળે ઝુલે નંદ નંદન | ૩૨૩ |
| ૬૦૯ | | આજે રે સખી અદ્‌ભુત શોભા | ૩૨૩ |
| ૬૧૦ | (રાગ-મારુ) | ઝૂલત નવલ બિહારી હિંડોળે | ૩૨૩ |
| ૬૧૧ | " | ઝૂલત નવલ ગિરધારી હિંડોળે | ૩૨૪ |
| ૬૧૨ | " | ઝુલાવન આયી ગોપી | ૩૨૪ |
| ૬૧૩ | (રાગ-સામેરી) | સજની જઈએ રે જમુના | ૩૨૪ |
| ૬૧૪ | " | સજની જુઓ નાથ નિહાળી | ૩૨૫ |
| ૬૧૫ | " | સજની આ શોભા રૂડી રે | ૩૨૬ |
| ૬૧૬ | " | સજની ઝરમર ઝરમર વરસે | ૩૨૬ |
| ૬૧૭ | " | સજની વાંસલડી વાયે વ્હાલો | ૩૨૭ |
| ૬૧૮ | (રાગ-મેવાડો) | આજનો હિંડોળો રે અતિ રળિયામણો | ૩૨૮ |
| ૬૧૯ | બિહાગ | બેઉ રસિયે રસિયા ઝુલે છે | ૩૨૮ |
| ૬૨૦ | વધાઈ, જન્મ સમાની | દેખ હો વાસુદેવ હરિમુખ દેખ હો | ૩૨૯ |
| ૬૨૧ | (રાગ-બિહાગ-ફેર) | મધ્ય રાત્રિ રાત્રે પ્રગટે મોરાર | ૩૨૯ |
| ૬૨૨ | " | નીરખી નયન અઘાયે હરિમુખ | ૩૩૦ |
| ૬૨૩ | વધાઈ(રાગ-મેવાડોપાલણું | સોનલા કેરૂં રે સુંદર પારણું | ૩૩૧ |
| ૬૨૪ | (રાગ-માલવ ગોડો) | આનંદ વાધ્યો અતિઘણો રે | ૩૩૨ |
| ૬૨૫ | " | જશોદાજીને આંગણિયે સુંદર શોભા | ૩૩૨ |
| ૬૨૬ | " | આજ આનંદ નંદતણે ઘેર | ૩૩૨ |
| ૬૨૭ | " | આજનો દિવસ અતિ શોભાગી | ૩૩૩ |
| ૬૨૮ | (રાગ-સામેરી) | શિવ વિરંચિ સબ સુખ ભયો | ૩૩૩ |
| ૬૨૯ | " | જાકી ગંત બ્રહ્મા ના લિખે | ૩૩૪ |
| ૬૩૦ | " | કૃષ્ણ જનમ જશ જે સુને | ૩૩૫ |
| ૬૩૧ | દેશી ફેર | કૃષ્ણ જનમ જબ આયો | ૩૩૭ |
| ૬૩૨ | " | દેવકી જાયો કુમાર | ૩૩૭ |
| ૬૩૩ | " | દેવકી કહે હરિમુખ દેખો | ૩૩૮ |
| ૬૩૪ | દેવગંધારનાં પદો | ગોકુલ આયે જાદુરાય | ૩૩૮ |
| ૬૩૫ | " | જશુમતિ કે સુત જાયો | ૩૩૯ |
| ૬૩૬ | " | સાવન માસ સુહાયો | ૩૩૯ |
| ૬૩૭ | (રાગ-પ્રભાતી) | તું પઢી નંદ રીઝાયો ઢાઢી | ૩૪૦ |
| ૬૩૮ | " | આજ શ્રી ગોકુલમેં આનંદ | ૩૪૧ |
| ૬૩૯ | " | નિરખો નંદકુમાર નયનભરી | ૩૪૧ |

| | | | |
|---|---|---|---|
| ૬૪૦ | " | ગ્વાલ દેત હૈ હેરી ઘર ઘર | ૩૪૨ |
| ૬૪૧ | " | ભલી બાત સુની આયી હું તો | ૩૪૨ |
| ૬૪૨ | " | વધાઈ કો દિન નીકો | ૩૪૨ |
| ૬૪૩ | " | આજ ગૃહે નંદ મહરકે વધાઈ | ૩૪૩ |
| ૬૪૪ | " | જશોદા સુવર્ણે ફૂલ ફૂલી | ૩૪૩ |
| ૬૪૫ | " | આજ વધાવો નંદ કે દ્વાર | ૩૪૩ |
| ૬૪૬ | " | આંગન નંદ કે દધી કાદવ | ૩૪૪ |
| ૬૪૭ | ઢાઢીઓ (રાગ-મારૂ) | ઢાઢીઓ રઘુનંદજી કો | ૩૪૪ |
| ૬૪૮ | દધી ઓચ્છવનાં પદો | આજ મહામંગળ ગોકુલમાં | ૩૪૬ |
| ૬૪૯ | (રાગ-આશાવરી) | દેખો અદ્‌ભુત અવિગત કી ગત | ૩૪૬ |
| ૬૫૦ | " | નંદજી મેરે મન આનંદ ભયો | ૩૪૭ |
| ૬૫૧ | " | નંદજી મેરે મન આનંદ ભયો હૈ | ૩૪૮ |
| ૬૫૨ | " | હું ઢાઢી વૃષભાન રાયકો | ૩૪૮ |
| ૬૫૩ | " | આજ નંદજી કે દ્વારે ભીર | ૩૪૯ |
| ૬૫૪ | " | આજ નંદજી કે મન આનંદ ભયો | ૩૫૦ |
| ૬૫૫ | છઠ્ઠીનાં પદો | હરિજી છઠ્ઠી વિદોગત રાત | ૩૫૦ |
| ૬૫૬ | (રાગ-સારંગ) | મંગલ દિવસ છઠ્ઠી કો આયો | ૩૫૦ |
| ૬૫૭ | " | હરિજીકી છઠ્ઠી શુભ દિન આયી | ૩૫૧ |
| ૬૫૮ | " | હરિજીકી છઠ્ઠી કો દિન આયો | ૩૫૧ |
| ૬૫૯ | દશાવતારનો ઢાઢીઓ | એક અયોધ્યા પુરકો ઢાઢી | ૩૫૧ |
| ૬૬૦ | રાધા-અષ્ટમીની વધાઈ | જન્મ લિયો વૃષભાન ગોપકે | ૩૫૭ |
| ૬૬૧ | આશાવરી | ભાદોકી આઠમ ઉજિયાલી | ૩૫૮ |
| ૬૬૨ | " | મૈં ઢાઢી વૃષભાન ગોપકો | ૩૫૯ |
| ૬૬૩ | ધનાશ્રી | શ્રી વૃષભાન રાયકે આંગન | ૩૫૯ |
| ૬૬૪ | " | બરસા ને વૃષભાન ગોપકે | ૩૬૦ |
| ૬૬૫ | " | શ્રી વૃષભાન કે આજ વધાઈ | ૩૬૦ |
| ૬૬૬ | " | આંગન આજ વધાઈ બાજે | ૩૬૦ |
| ૬૬૭ | (રાગ-મારૂ) | શોભા પ્રગટ ભયી ત્રિભુવનકી | ૩૬૧ |
| ૬૬૮ | " | આજ બરસાને આનંદ ભયો | ૩૬૧ |
| ૬૬૯ | બિલાવલ | પ્રગટ નાગરી રૂપનિધાન | ૩૬૧ |
| ૬૭૦ | " | આજ વધાઈ હૈ બરસાને | ૩૬૨ |
| ૬૭૧ | " | આજ બરસાને બાજત વધાઈ | ૩૬૨ |
| ૬૭૨ | " | વધાઈ બાજત રાવલ આજ | ૩૬૨ |
| ૬૭૩ | જલઝુલની એકાદશીનાં પદો | મોહ મિલની ભાવત બલવીરકી | ૩૬૩ |
| ૬૭૪ | (રાગ-સારંગ) | બૈઠે ઘનશ્યામ ખેલત હૈ નાથ | ૩૬૩ |
| ૬૭૫ | (માલવ ગોડો) | વિચિત્ર વાહન રચ્યો વિશ્વકર્મા | ૩૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૬૭૬ | " | ઝુલે રે જમુના જલ માંહે | ૩૬૪ |
| ૬૭૭ | (રાગ-ગોડી સાંજી) | સબ મિલી આયી લાડલી | ૩૬૫ |
| ૬૭૮ | વામન દ્વાદશીનાં પદો | પ્રગટે શ્રી વામન અવતાર | ૩૬૭ |
| ૬૭૯ | (રાગ-સારંગ) | બલિકે દ્વારે ઠાડે વામન | ૩૬૭ |
| ૬૮૦ | " | રાજા એક પંડિત પડોર તુંહારે | ૩૬૭ |
| ૬૮૧ | " | ભાજત આજ બધાઈ કશ્યપ જહાં કે | ૩૬૮ |
| ૬૮૨ | " | પ્રગટ ભયે હરિ વામન જગમેં | ૩૬૯ |
| ૬૮૩ | " | શ્રી પ્રભુકો મહા પરમ જશ પાવન | ૩૬૯ |
| ૬૮૪ | " | પ્રગટે શ્રી વામન જૈ જૈ કારી | ૩૭૦ |
| ૬૮૫ | ધનાજી | પ્રગટે શ્રી વામન પુરુષ પુરણ | ૩૭૦ |
| ૬૮૬ | વિજીયા દશમીનાં પદો | કોપી ચઢે રઘુવીર લંકા પર | ૩૭૧ |
| ૬૮૭ | (રાગ-સારંગ) | શરણે આયો બડભાગી વિભિષણ | ૩૭૧ |
| ૬૮૮ | " | રામ ધજા ફરકાઈ અબ દેખો | ૩૭૨ |
| ૬૮૯ | " | સમજયો નહિ અભિમાની દશાનન | ૩૭૩ |
| ૬૯૦ | " | કોન દિશાસે આયો પવન સુત | ૩૭૩ |
| ૬૯૧ | " | આજ દશરા કો દિન નીકો | ૩૭૪ |
| ૬૯૨ | " | કહો કપિરાજ કહાં કર્યો કીજે | ૩૭૪ |
| ૬૯૩ | ચોકનું પદ | હનિ હાં રે વ્હાલા મારા વૃન્દાવનને ચોકે | ૩૭૫ |
| ૬૯૪ | કૃષ્ણદાસનો રાસ (રાગ સામેરી) | મોર મુગટ શિર ધર્યો | ૩૭૫ |
| ૬૯૫ | તુલસીદાસનો રાસ (રાગ-સામેરી) | કહે તુલસી રંગ ઉપન્યો | ૩૭૮ |
| ૬૯૬ | પધ્ધ અધ્યાયનો રાસ | શ્રી ગુરુને ચરણે નમું | ૩૮૫ |
| ૬૯૭ | પંથીડો | પંથ નિહાળતી રે હો, | ૩૯૪ |
| ૬૯૮ | " | વન વન શોધતી રે | ૩૯૫ |
| ૬૯૯ | " | હરિ નહિ આવ્યા રે | ૩૯૫ |
| ૭૦૦ | રાગ-બિહાગ | રાસ રચ્યો વનમાલી વનમાં | ૩૯૬ |
| ૭૦૧ | પંથીડાનું પદ | નૃત્યત હોઉ કુંજ ભુવન કે | ૩૯૭ |
| ૭૦૨ | (રાગ-બિહાગ) | આયે ગોપી પાયે પરન | ૩૯૭ |
| ૭૦૩ | (રાગ-માલવ ગોડો) | શ્રી વૃન્દાવનમેં વેણ બજાઈ | ૩૯૭ |
| ૭૦૪ | કાલેરો | વૃન્દાવનમેં રચ્યો અખાડો | ૩૯૮ |
| ૭૦૫ | " | શાને કાજે તમે સહુ મળી આવ્યા | ૩૯૮ |
| ૭૦૬ | " | વૃન્દાવનમેં વેણુ વગાડી | ૩૯૯ |
| ૭૦૭ | દિવાળીનાં પદો | આજ દિવાળીના દહાડા | ૩૯૯ |
| ૭૦૮ | (રાગ-કેદારો) | રંગભરી રઢિયાળી દુર્લભ દિવાળી | ૪૦૦ |
| ૭૦૯ | " | ધન ધનતેરસની રાત ધનતેરસનો દહાડો | ૪૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૭૧૦ | ગોવર્ધન રાસ | શ્રી ગુરુને ચરણે નમું | ૪૦૧ |
| ૭૧૧ | (રાગ-કેદારો) | રાત મધ્ય કે સમય | ૪૦૬ |
| ૭૧૨ | " | કુંવર કહે માતા વાત | ૪૦૬ |
| ૭૧૩ | " | જશોદા કહે કુંવર કો વાત | ૪૦૭ |
| ૭૧૪ | " | પુજી હો હમ આયી ગોવર્ધન | ૪૦૭ |
| ૭૧૫ | (રાગ-સારંગ) | પૂજન ચલે ગોપાલ ગોવર્ધન | ૪૦૮ |
| ૭૧૬ | " | પૂજી સબ રંગ ભીને | ૪૦૮ |
| ૭૧૭ | ગરબીનાં પદો | સુખદાયી સુલુભા સંત છે જો | ૪૦૮ |
| ૭૧૮ | " | મારે આજ રે આનંદનો દિન છે જો | ૪૦૯ |
| ૭૧૯ | " | મારી શેરીએ આવો શ્યામળિયા | ૪૦૯ |
| ૭૨૦ | " | ફરી નહિ મળે રે ફરી નહી મળે | ૪૧૦ |
| ૭૨૧ | " | આજનો લ્હાવો લીજી યે રે | ૪૧૦ |
| ૭૨૨ | " | નંદના છોરું રે ખેલત કાંકરી | ૪૧૧ |
| ૭૨૩ | અધ્યરૂજીનાં પદો | | |
| | વિનંતી | સ્વામી મારા આદિ અનાદિ એક તું | ૪૧૧ |
| ૭૨૪ | બિડલું | પરિબ્રહ્મ રાય વખાણીએ | ૪૧૪ |
| ૭૨૫ | કડવું ૧ લું | હરિ હરિ પરિબ્રહ્મ ભકિત સોહામણી એ | ૪૧૪ |
| ૭૨૬ | કડવું ૨ જું | હરિ હરિ કોટિ બ્રહ્માંડપતિ એક કાનુડો એ | ૪૧૮ |
| ૭૨૭ | કડવું ૩ જું | હરિ હરિ જદુકુલ તિલક પ્રશંસ્યો | ૪૨૧ |
| ૭૨૮ | કડવું ૪થું | હરિ હરિ શ્યામલ વર્ણન ગાઈએ એ | ૪૨૪ |
| ૭૨૯ | સાહેલડી | ગાઈએ તે પરમાત્મા સાહેલડી | ૪૨૭ |
| ૭૩૦ | હેલી | હેલી રે પરિબ્રહ્મ અવિગન જેહ | ૪૨૮ |
| ૭૩૧ | ઘોડલી | ઘોડલી પરિબ્રહ્મ લાગ્યું ધ્યાન | ૪૨૯ |
| ૭૩૨ | બ્રહ્માઋષિ | રાજા તે પરિબ્રહ્મ ગાઈએ | ૪૩૧ |
| ૭૩૩ | પૃથ્વી ધોળ | વિઘ્ન હરણ ગુણ નાયક | ૪૩૨ |
| ૭૩૪ | વડું ધોળ | દેવ અનુપમ એક પરમાત્મા | ૪૪૦ |
| ૭૩૫ | ટીકા | રાત દિવસ ઐસો જાણીને અનુસરો | ૪૪૬ |
| ૭૩૬ | વડી કારજ | જ્યાં એ સત્ય અસત્ય નહીં | ૪૪૭ |
| ૭૩૭ | લોઢી કારજ | પામ્યા શરણ હરિ પરિબ્રહ્મ | ૪૪૯ |
| ૭૩૮ | હરખ ભુવન | શ્રી પદ્મનાભ જુગ અવતર્યા રે | ૪૫૦ |
| ૭૩૯ | શોક ભુવન | પરિબ્રહ્મ તમો તો સીયલ ધણી રે | ૪૫૪ |
| ૭૪૦ | વેદ પુરાણ | વેદ પુરાણ સ્મૃતિ ષડ દર્શન | ૪૫૭ |
| ૭૪૧ | સોરંગી | જી રે સરસ્વત શ્યામ ને વિનવું | ૪૫૯ |
| ૭૪૨ | સોહાગો | ગોવિંદના ગુણ અતિ રે અનુપમ | ૪૬૨ |
| ૭૪૩ | ગુરવા ગણપતિનો રાસ | ગુરવા ગણપતિ દેવ હો | ૪૬૩ |
| ૭૪૪ | ચતુર્વદનનો રાસ | ચતુર્વદન સુમરો જુગ આદે | ૪૬૭ |

| | | | |
|---|---|---|---|
| ૭૪૫ | અહર્નિશનો રાસ | પ્રાણ મન એક અભેદ | ૪૭૦ |
| ૭૪૬ | વાડીનો રાસ | પ્રથમ દ્વારકા પાટણ માંહીએ | ૪૭૩ |
| ૭૪૭ | લઘુરાસ | શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ એમ મળ્યા | ૪૭૬ |
| ૭૪૮ | પસાવલો | અમો મન વારોજી રે આપ સ્વાર્થ | ૪૭૭ |
| ૭૪૯ | ખાંડણા | ગાઈને વાહીને કાંઈ નવ જાણું | ૪૭૮ |
| ૭૫૦ | હિંડોલા | હરિ અમૃત ધાઈએ આરાધીએ | ૪૭૯ |
| ૭૫૧ | ઉમાવલો | રૂંવડલો રૂંવડલો રે લહીઓ | ૪૮૦ |
| ૭૫૨ | વાણી | પરિબ્રહ્મ વાણી રે પરણીએ | ૪૮૧ |
| ૭૫૩ | પદમ ધોળ | શ્રી ગુરુ સ્વામીજી તમો પાયે લાગું એ | ૪૮૨ |
| ૭૫૪ | આરતી | શ્રી પદ્મનાભ પુરુષોત્તમ | ૪૮૬ |
| ૭૫૫ | કીર્તનનો સાર | સઘળે એક સ્વામી એક તું | ૪૮૭ |
| ૭૫૬ | વિવાહનાં પદો | જી રે પગરણ વ્હેલા પધાર જો | ૪૯૦ |
| ૭૫૭ | (રાગ-ધોળ) | માતા જશોદાજી સાંભળો વાત | ૪૯૦ |
| ૭૫૮ | " | રાવલમાં એક શ્રી વૃષભાન કન્યા | ૪૯૧ |
| ૭૫૯ | " | ગોર શ્રી ગર્ગાચાર્ય બોલાવો | ૪૯૧ |
| ૭૬૦ | " | નંદ જશોદા હરખે અપાર | ૪૯૨ |
| ૭૬૧ | " | ગંગા જમુનાના નીર મંગાવો | ૪૯૨ |
| ૭૬૨ | " | ગોવિંદજી પરણે ને નંદજી પરણાવે | ૪૯૨ |
| ૭૬૩ | " | રાધાજી ઘણું હરખ્યાં છે મન | ૪૯૩ |
| ૭૬૪ | " | ચાલો સખી નંદ ભુવન જઈએ | ૪૯૩ |
| ૭૬૫ | " | રાધા ને કૃષ્ણ બન્ને ચઢયા વરઘોડે | ૪૯૪ |
| ૭૬૬ | " | ઉઠો વૃષભાન વરાવો ની જાન | ૪૯૫ |
| ૭૬૭ | " | ગોકુલમાં એક નંદજીનું ધામ | ૪૯૫ |
| ૭૬૮ | " | ગોકુલમાં એક નંદજીનું ધામ | ૪૯૬ |
| ૭૬૯ | " | સતગુરુજી રે લગન લઈ આવ્યા | ૪૯૭ |
| ૭૭૦ | " | ગુરુ ચરણે કર જોડી લાગું પાય | ૪૯૮ |
| ૭૭૧ | " | પ્રભુજી વિના મારે પલક ના ચાલે | ૪૯૯ |
| ૭૭૨ | " | હેતે હરિ ભજી લોની પ્રાણી | ૫૦૦ |
| ૭૭૩ | " | સતગુરુ સંતે દયા કરી મને | ૫૦૦ |
| ૭૭૪ | " | મન તું આધું કયાં અથડાઈ | ૫૦૧ |
| ૭૭૫ | " | સંત પારસ ચંદન બાવલા | ૫૦૧ |
| ૭૭૬ | " | મળ્યા પરમ સ્નેહી પરિબ્રહ્મ | ૫૦૨ |
| ૭૭૭ | " | હું તો હરિજી જોવાને નીસરી | ૫૦૨ |
| ૭૭૮ | " | જી રે આ રે લીલા દીનાનાથની | ૫૦૨ |
| ૭૭૯ | ધોળ | તું તો રામ રટણ કર રંગમાં | ૫૦૩ |
| ૭૮૦ | " | તું તો રામ રટણ કર રંગમાં | ૫૦૩ |

| | | | |
|---|---|---|---|
| ૭૮૧ | " | તું તો રામ રટણ કર રંગમાં | ૫૦૪ |
| ૭૮૨ | " | ભજન કરી લ્યોની ભાવે રે | ૫૦૪ |
| ૭૮૩ | " | જા સતગુરુને શરણે રે | ૫૦૫ |
| ૭૮૪ | " | જે પરમારથ પ્રીછે રે | ૫૦૫ |
| ૭૮૫ | " | કર હરિ સુમરણ સાચું રે, | ૫૦૬ |
| ૭૮૬ | સજની | સજની તે સ્વપ્નાન્તર મને લાગ્યું રે | ૫૦૬ |
| ૭૮૭ | " | સજની તું શું બેઠી છે જમવા | ૫૦૭ |
| ૭૮૮ | " | સજની તું સાંભળને કહું વાત રે | ૫૦૭ |
| ૭૮૯ | " | સજની તને હૈયે હરખ અપાર રે | ૫૦૭ |
| ૭૯૦ | " | સતગુરુ સહાય કરો એક વાર રે | ૫૦૮ |
| ૭૯૧ | " | સતગુરુ જગાડે તમો જાગો રે | ૫૦૮ |
| ૭૯૨ | " | ચાલો ભાઈ આપણે ભણવા જઈએ | ૫૦૮ |
| ૭૯૩ | " | આજ ગયાં તો સખી રામ સભામાં | ૫૦૯ |
| ૭૯૪ | " | ગુરુના વેણનો રાખો વિશ્વાસ | ૫૦૯ |
| ૭૯૫ | મંગલનાં પદો | સતગુરુ શણે જાય કે | ૫૧૦ |
| ૭૯૬ | " | ચલો સતગુરુજી કે હાટ | ૫૧૦ |
| ૭૯૭ | " | અખંડ સાહેબજી કો નામ | ૫૧૧ |
| ૭૯૮ | " | મનષા દેહી પાઈ | ૫૧૧ |
| ૭૯૯ | " | છાપા તિલક બનાઈ | ૫૧૨ |
| ૮૦૦ | " | જીવ તું કહાંસે આયે | ૫૧૩ |
| ૮૦૧ | " | પિયર રહી લોભાયા કો | ૫૧૩ |
| ૮૦૨ | " | દેખો માયાકો રૂપ | ૫૧૪ |
| ૮૦૩ | " | હરિને ભજતા હજુ કોઈની લાજ | ૫૧૪ |
| ૮૦૪ | " | સતગુરુ દીન દયાળા | ૫૧૫ |
| ૮૦૫ | બહેનોના ધોળ | જી રે એકાદશી મધુસૂદની | ૫૧૫ |
| ૮૦૬ | " | સખી રે આજ આનંદ મારે ઉલટયો | ૫૧૬ |
| ૮૦૭ | " | કંકુ છાંટી કંકોત્રી મોકલે | ૫૧૭ |
| ૮૦૮ | " | રૂકિમણી કાગળ મોકલે રે | ૫૧૮ |
| ૮૦૯ | " | શુકન થઈ આવ્યા રે | ૫૧૮ |
| ૮૧૦ | " | વ્રજની શોભા શું કહીએ રે | ૫૧૯ |
| ૮૧૧ | " | સંતો જ્ઞાન ગલીમેં ગુરુ મળ્યા | ૫૨૦ |
| ૮૧૨ | " | અનહદ ગડગડિયાં નિશાન રે | ૫૨૦ |
| ૮૧૩ | " | સંત સાથમેં તુલસી સાથમેં | ૫૨૧ |
| ૮૧૪ | " | રાજા જનકને માંડવે | ૫૨૧ |
| ૮૧૫ | " | ત્ર્યંબક તોરણ બાંધ્યા રે | ૫૨૨ |
| ૮૧૬ | " | નવલંકી રે નવલ શાને કાજે | ૫૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૮૧૭ | " | જી રે સખીઓ તે સૌ ટોળે મળી | ૫૨૫ |
| ૮૧૮ | " | એના વિરલા કોઈ વાંચનહાર | ૫૨૬ |
| ૮૧૯ | " | રામ લક્ષ્મણ વનમેં સીધાવ્યા | ૫૨૬ |
| ૮૨૦ | " | એવું સાંભળી સીતાજી કહે | ૫૨૮ |
| ૮૨૧ | " | સરસ્વતી શ્રીપુર લંકા સોહામણું | ૫૩૦ |
| ૮૨૨ | " | લખે લંકા થકી રે સીતા સુંદરી | ૫૩૧ |
| ૮૨૩ | " | સતી સીતાજી સાસરે પધારતાં | ૫૩૨ |
| ૮૨૪ | " | મંડપ સ્તંભ સોનાતણાં રે (આરતી) | ૫૩૩ |
| ૮૨૫ | " | પરણ્યા પરણ્યા સીતાને શ્રીરામ | ૫૩૪ |
| ૮૨૬ | " | રાતી પીળી ગોરમટી મંગાવો રે | ૫૩૫ |
| ૮૨૭ | " | હરિ તમે દાસતણા દુઃખ મોડયાં રે | ૫૩૫ |
| ૮૨૮ | અંતિમ સમયનાં પદો | કહે ભાઈ રૂડું તે શું કર્યું | ૫૩૮ |
| ૮૨૯ | " | પ્રાણી કયાં ફરે રે ઉદાસ | ૫૩૯ |
| ૮૩૦ | " | પામ્યા શરણ હરિ પરિબ્રહ્મા રાય | ૫૩૯ |
| ૮૩૧ | પધરામણી | આવું રૂડું ને રસાળું રે | ૫૪૦ |
| ૮૩૨ | (રાગ પ્રભાત) | દશરથ રાય વાણી બોલ્યા (પ્રભાત) | ૫૪૧ |
| ૮૩૩ | " | પ્રભાતે દાસી ઉઠયાં ફૂલ વીણવાને કાજે | ૫૪૨ |
| ૮૩૪ | " | વનકુળ અંગે ધર્યાં | ૫૪૩ |
| ૮૩૫ | " | પંચવટીમાં જઈ રહ્યાં | ૫૪૩ |
| ૮૩૬ | " | નોતરું મારે નારાયણનું | ૫૪૪ |
| ૮૩૭ | " | સ્વર્ગ ભુવનથી ઉતર્યા રે હંસા | ૫૪૪ |
| ૮૩૮ | " | અંતર્યામીને નથી રે અજાણ્યું | ૫૪૫ |
| ૮૩૯ | " | કયાં થયો પ્રાણી આંધળો | ૫૪૫ |
| ૮૪૦ | " | પ્રાણી એક દિન એવો આવશે | ૫૪૬ |
| ૮૪૧ | " | કયાં ગયો રે પંખીડો બોલંતો | ૫૪૭ |
| ૮૪૨ | " | વ્હાલાંને અકરૂર આવ્યાં તેડવા રે | ૫૪૭ |
| ૮૪૩ | " | મથુરાની વાટે રે હરિ રસ વહી ગયો | ૫૪૯ |
| ૮૪૪ | ગરબા | હમચી ચઢી રઢિયાળી રે હરિ તારી | ૫૫૦ |
| ૮૪૫ | " | રૂડી રામકથા શુકદેવને | ૫૫૧ |
| ૮૪૬ | " | પ્રપંચ કરી સીતાને હરવા ને | ૫૫૨ |
| ૮૪૭ | " | ચેતી લો ચેતાનો અવસર | ૫૫૩ |
| ૮૪૮ | " | પ્રથમ પહેલો શામળિયોને | ૫૫૪ |
| ૮૪૯ | " | સરસ્વતિ શ્યામને લાગુ પાય | ૫૫૬ |
| ૮૫૦ | " | નળરાજાનું આખ્યાન | ૫૫૭ |
| ૮૫૧ | " | ધન ધન ગોકુળ આઠમની રાત | ૫૫૯ |
| ૮૫૨ | દાણલીલા | પાલવડો મેલો મોહનજી | ૫૬૧ |

| | | | |
|---|---|---|---|
| ૮૫૩ | કલ્યાણદાસ | ભકિત એવી રે ભાઈ એવી | ૫૬૩ |
| ૮૫૪ | વાત્સલ્ય | શરદ સુધાભરી રે | ૫૬૪ |
| ૮૫૫ | " | મીઠા મધુને મીઠા મેંહુલા રે | ૫૬૫ |
| ૮૫૬ | મોસાળ | મહિયરથી મોંઘા રે મહિયર માતાના | ૫૬૬ |
| ૮૫૭ | " | મનષા દેહ પામીને સાધન શું કર્યું | ૫૬૭ |
| ૮૫૮ | શ્રી હરિ શરણ | ભગવાન આપ દયાલુ હો | ૫૬૯ |
| ૮૫૯ | " | ભગવાનને નિજ ભકતકો | ૫૬૯ |
| ૮૬૦ | પ્રાર્થના | સર્વથા સૌ સુખી થાઓ (મંત્ર) | ૫૭૦ |
| ૮૬૧ | " | ઓમ તત્ સત્ શ્રી નારાયણ | ૫૭૦ |
| ૮૬૨ | " | ઈશનું રાજય છે આખું (સવારની પ્રાર્થના) | ૫૭૧ |
| ૮૬૩ | " | જેને દિવ્ય સ્તવો વડે (સાંજની પ્રાર્થના) | ૫૭૨ |
| ૮૬૪ | " | પૂર્ણ એ છે પૂર્ણ આ છે (ઈશઉપનિષદ મંત્ર) | ૫૭૪ |
| ૮૬૫ | ગીતા અધ્યાય-૧૨ તથા ભજનો | નિત્ય યુકત થઈ આમ જે ભકત તમને ભજે | ૫૮૦ |
| ૮૬૬ | " | છોડીને સઘળા ધર્મો (ધ્યાન) | ૫૮૩ |
| ૮૬૭ | " | પહેલા સમરીએ રે ગણપતિ દેવને | ૫૯૦ |
| ૮૬૮ | " | શ્રી રામકબીર ભગવાન પ્રભુ રામકબીર ભગવાન | ૫૯૦ |
| ૮૬૯ | " | સત્યનામ કબીર સત્યનામ કબીર | ૫૯૧ |
| ૮૭૦ | " | નંદ ઘેર આનંદ થાય ગોકુળમાં | ૫૯૧ |
| ૮૭૧ | " | પગ મને ધોવા દ્યો રઘુરાય | ૫૯૨ |
| ૮૭૨ | " | પંઢરપુરને પાદર રહેતો | ૫૯૩ |
| ૮૭૩ | " | કોઈ આજ જશે કોઈ કાલ | ૫૯૪ |
| ૮૭૪ | " | કોઈ કોઈનું નથી રે | ૫૯૪ |
| ૮૭૫ | " | કોણ તને શામળો કીધો રે | ૫૯૫ |
| ૮૭૬ | " | પારણે ઝુલાવું ઝુલો નંદલાલા | ૫૯૬ |
| ૮૭૭ | " | અમે મહિયારાં રે ગોકુળ ગામના | ૫૯૭ |
| ૮૭૮ | " | મારાં આજે સૌને રામકબીર | ૫૯૭ |
| ૮૭૯ | " | રામ તમે આવો ઘનશ્યામ તમે આવો | ૫૯૮ |
| ૮૮૦ | " | હેરી મેં તો પ્રેમ દિવાની | ૫૯૯ |
| ૮૮૧ | " | ભકિત કરતાં છૂટે મારા પ્રાણ | ૫૯૯ |
| ૮૮૨ | " | સુખ દુઃખ મનમાં ન આણીએ | ૬૦૦ |
| ૮૮૩ | " | સુણાવો ગીતા સાર | ૬૦૦ |
| ૮૮૪ | " | તૂ દયાલુ દીન હો | ૬૦૧ |
| ૮૮૫ | " | યે મારગડા જુદા કબીરકા | ૬૦૧ |
| ૮૮૬ | " | આઠ કૂવા ને નવ વાવડી રે | ૬૦૨ |
| ૮૮૭ | " | રામૈયાનું ભજન તમે ભૂલશો રે નહિ | ૬૦૩ |
| ૮૮૮ | " | તારી એક એક પળ જાય લાખની | ૬૦૩ |

| | | | |
|---|---|---|---|
| ૮૮૯ | ” | રોજ રોજ આનંદ થાય ભકતોની ન્યાતમાં | ૬૦૪ |
| ૮૯૦ | ” | હે પ્રભુ પ્રભુ શું કહું દીનાનાથ દયાળ | ૬૦૪ |
| ૮૯૧ | ” | અહો અહો શ્રી સદ્‌ગુરુ | ૬૦૬ |
| ૮૯૨ | ” | પ્રથમ નમું ગુરુરાજને જેણે આપ્યું જ્ઞાન | ૬૦૭ |
| ૮૯૩ | ” | શુભ શીતળતામય છાંય રહી | ૬૦૭ |
| ૮૯૪ | ” | બિના નયન પાવે નહીં | ૬૦૮ |
| ૮૯૫ | ” | બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ | ૬૦૯ |
| ૮૯૬ | ” | નીરખીને નવયૌવના | ૬૧૦ |
| ૮૯૭ | ” | યમનિયમ સંયમ આપ કિયો | ૬૧૦ |
| ૮૯૮ | ” | વાંક નથી કંઈ મારો કે લક્ષ્મણ | ૬૧૨ |
| ૮૯૯ | ” | મને વહાલા ઘણા રણછોડ | ૬૧૨ |
| ૯૦૦ | ” | જય કાના કાળા - આરતી | ૬૧૩ |
| ૯૦૧ | ” | હું તારી બોલાવું જે - પ્રાર્થના | ૬૧૩ |
| ૯૦૨ | ” | સરસત શ્યામને લાગું પાય | ૬૧૪ |
| ૯૦૩ | | Songs of Kabir | ૬૧૫ |
| ૯૦૪ | | Our History and Background | ૬૧૯ |

# મંગલાચરણ



યોગેશ્વર શ્રીકૃષ્ણ

© સદ્વિચાર દર્શનનાં સૌજન્યથી

# મંગલાચરણ

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાયે અમારા કામ.

હેત લાવી હાસાવ તું, સદા રાખ દિલ સાફ.
ભૂલ કદી કરીએ અમે, તો, પ્રભુ કરજે માફ.

પ્રભુજી, એટલું આપજો, કુટુંબ-પોષણ થાય,
ભૂખ્યા કોઈ સૂએ નહીં, સાધુ-સંત બધાય.

અતિથિ નવ ઝાંખો પડે, આશિષ ના દુભાય,
જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય.

સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છીએ અમ દીન.
શત્રુ ઈચ્છે મિત્રતા ને, પડોશી ઈચ્છે પ્રીત.

વિચાર - વાણી - વર્તને, સૌનો સાચો પ્રેમ;
સગા - સ્નેહી - મિત્રનું, ઈચ્છું કુશળ - ક્ષેમ.

જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.

ઓ ઈશ્વર ! તું એક છે, સર્જ્યો તેં સંસાર;
પૃથ્વી - પાણી - પર્વતો, કીધાં તેં તૈયાર.

તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ;
તે તો સઘળાં તેં રચ્યાં, જબરું તારું જોમ.

અમને આપ્યાં જ્ઞાનગુણ, તેનો તું દાતાર;
બોલે પાપી પ્રાણીઓ એ તારો ઉપકાર.

કાપ કલેશ-કંકાસને, કાપ પાપ - પરિતાપ;
કાપ કુમતિ, કરુણા કીજે, કાપ કષ્ટ, સુખ આપ.

ઓ ઈશ્વર, તમને નમું, માગું જોડી બે હાથ;
આપો સાંરા ગુણ ને સુખમાં રાખો નામ.

મન-વાણી ને હાથથી, કરીએ સારાં કામ;
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.

卐

## ભજન-ધૂન

એક ઘડી દિન ઊગ્યા પે'લાં જો જિહ્‌વા મુખ રામ કહે,
કોટિ કલ્યાણ અભયપદ પાવે, પાપ બાપુરો કયાંહ રહે.....એક.

રામ નામનો મોટો મહિમા, શિવ સનકાદિ ધ્યાન ધરે,
અજામીલ ગુનિકા ઘરવાસી, નારાયનને નામ તરે.....એક.

કેસરી ગંધે મૃગલા નાસે, રવિ ઊગે જેમ તિમિર ટળે,
મેરુથી મોટેરાં પ્રાયશ્ચિત્ત, તે લઈ લક્ષ્મીવર દૂર કરે.....એક.

રામનામે પ્રહ્‌લાદ ઉગાર્યો, જે કોઈ ભકિત ભાવે કરે,
પૂરણબ્રહ્મ અખંડ અવિનાશી, ત્રિવિધ તાપ તેના ટળે.....એક.

સંત સદાયને ભકિત અવિચળ, જેને હૃદયે રામ રહે,
તુલસીદાસ આશ રઘુવરકી, ચરણ-કલમ-ચિત્ત ધ્યાન રહે.....એક.

卐

## ધૂન

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત-પાવન સીતારામ ॥

* * *

શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારિ, હે નાથ નારાયણ વાસુદેવ ॥

* * *

રાધાકૃષ્ણ જય કુંજવિહારી, મુરલીધર ગોવર્ધનધારી ॥

* * *

રાધે કૃષ્ણ ગોવિંદ, ગોપાલ રાધે માધવા,
ગોપાલ રાધે માધવા, ગોપાલ રાધે માધવા.

* * *

રાધે રાધે ગોવિંદ બોલો રે,
રાધે રાધે ગોવિંદ ભજો રે.
કામ તેરે કોઈ ન આવે ગોવિંદ ભજો રે ॥

પતિત-પાવન અધમ ઉધારણ, કષ્ટ-નિવારણ,
સબ દુઃખહારી રાધે રાધે ગોવિંદ બોલે રે ॥

卐

નાદબ્રહ્મ

## કબીરસાહેબની સાખી

૧

જા કે મુંહ માથા નહી નાહી રૂપ કરૂપ,
પુહુપ બાંસ તેં પાતરા ઐસા તત્ત્વ અનૂપ.

૨

દેહી માહિં વિદેહ હૈ સાહેબ સુરતિ સરૂપ,
અનંત લોકમેં રમિ રહા જાકે રંગ ન રૂપ.

૩

ચાર ભુજા કે ભજન મેં ભૂલિ પરે સબ સંત,
કબિરા સુમરે તાસુકો જાકે ભુજા અનંત.

૪

સર્ગુણ કી સેવા કરો નિર્ગણકા કુરુ જ્ઞાન,
નિર્ગુણ સર્ગુણ પરે નહૈ હમારા ધ્યાન.

૫

સાંઈ મેરા બાનિયા સહજ કરે બ્યોપાર,
બિન ડાંડી બિનપાલ રૈ તૈલે સબ સંસાર.

૬

જા કારન જગ ઢુંઢિયા સો તો ઘટ હિ માંહિ,
પરદા દીયા ભરમકા તાર્તો સુઝે નાહિ.

૭

જયોતિલ માહિ તૈલ હૈ જયોં ચકમકમેં આગી,
તેરા સાંઈ તુજઝમેં જાગિ શકે તો જાગિ.

૮

પાવક રૂપિ સાંઈયાં સબ ઘટ રહા સમાય,
ચિત્ત ચકમક લાગૈ નહીં નાતે બુઝિ બુઝિ જાય.

૯

કબિરા શબ્દ શરીર મૈં બિન ગુન બાજે તાંત,
બાહર ભીતર રમિ રહા તાર્તે છૂટિ ભ્રાંત.

૧૦

મતા હમારા મંત્ર હૈ હમ સા હોય સો લેય,
શબ્દ હમારા કલ્પતરુ જો ચાહૈ સો દેય.

૧૧
જંત્ર મંત્ર સબ ઝુઠ હૈ મત ભરમો જગ કોય,
સાર શબ્દ જાને બિના કાગા હંસ ન હોય.

૧૨
આદિ નામ નિજ મુલ હૈ ઔર મંત્ર સબ ડાર,
કર કબીર નિજ નામ બિનુ બુડી મુઆ સંસાર.

૧૩
લાલી મેરે લાલકી જિત દેખોં તિત લાલ,
લાલી દેખન મૈ ગઈ મૈ ભી હો ગઈ લાલ.

૧૪
ઉલટિ સમાના આપ મેં પ્રગટિ જોતિ અનંત,
સાહેબ સેવક એક સંગ ખેલે સદા બસંત.

૧૫
સુન્ન મંડલ મેં ઘર કિયા બાજૈ શબ્દ રસાલ.
રોમ રોમ દીપક ભયા પ્રગટે દીન દયાલ.

૧૬
પાની હી તે હિમ ભયા હિમ હી ગયા બિલાય,
કબિરા જો થા સોઈ ભયા અબ કુછ કહા ન જાય.

૧૭
આતમ અનુભવ સાનકી જો કોઈ પૂછૈ બાત,
સૌ ગૂંગા ગુટ ખાઈ કૈ કહૈં કૌન મુખ સ્વાદ.

૧૮
કાગદ લિખે સો કાગદી કી ત્યોહારી જીવ,
આતમ દૃષ્ટિ કહાં લિખૈ જિત દેખૈ તિત પીવ.

૧૯
લિખા લીખી કી હૈ નહીં દેખા દેખી બાત,
દુલ્હા દુલહિન મિલ ગએ ફીકી પડી બારાત.

૨૦
ભકિત ભેવ બહુ અંતરા જૈસે ધરિન અકાસ,
ભકત લીન ગુરુ ચરન મેં ભેવ જગત કી આસ.

૨૧

ખેત બિગાર્યો બરતુઆ સભા બિગારી કુર,
ભકિત બિગારી લાલચી જ્યો કેસર મેં ધૂર.

૨૨

કામી, ક્રોધી, લાલચી ઈનતેં ભકિત ન હોય,
ભકિત કરે કોઈ સુરમા જાતિ બરન કુલ ખોય.

૨૩

જબ લગિ ભકિત સકામ હૈ તબ લગ નિસ્ફલ સેવ,
કહ કબીર વહ કયો મિલૈં નિઃકામી નિજ દેવ.

૨૪

જબ મૈં થા તબ ગુરુ નહી અબ ગુરુ હૈં હમ નાહિ.
પ્રેમ ગલિ અતિ સાંકરી તામેં દોન સમાહિ

૨૫

જા ઘટ પ્રેમ ન સચરે સો ઘટ જાન મસાન,
જૈસે ખાલ લોહારકી સાંસ લેત બિનુ પ્રાન.

૨૬

જો ભગત સો સ્વપ્નમેં જ્યો ઘટ ભીતર સ્વાંસ,
જો જન જાકો ભાવતા સો જન તાકે પાસ.

૨૭

નૈનોંકી કરી કોઠારી પુતલી પલંગ બિછાય,
પલકોંકી ચિક ડારિ કે પિય કો લિયા રિઝાય.

૨૮

પ્રિતમ કો પાતિયાં લિખૂં જો કહું હોય બિદેશ,
તન મેં મન મેં નૈન મેં તાકો કહા સંદેશ.

૨૯

સુમિરન સુરત બનાઈ કે મુખ સે કુછ ન બોલ,
બહાર કે પટ દેઈ કે અંતર કે પટ ખોલ.

૩૦

કબિરા માલા કાઠકી બહુત જતનકા ફેર,
માલા સ્વાંસ ઉસાસકી જામેં ગાંઠ ન મેર.

૩૧

માલા તો કર મેં ફિરૈ જીભ ફિરૈ મુખ માહિ,
મનુવાં તો દહું દિસિ ફિરૈ યહ તો સુમિરન નાહિ.

૩૨

હિરદૈ ભીતર દવ બલૈ ધુંઆ ન પરગટ હોય,
જાકે લાગી સો લખૈ કી જિન લાઈ સોય.

૩૩

મૈં અપરાધી જનમનકા નખસિખ ભરા બિકાર,
તુમ દાતા દુખભંજના મેરી કરો સમ્હાર.

૩૪

મેરા મુઝમેં કુછ નહીં જો કછુ હૈ સો તોર,
તેરા તુઝકો સોંપતે કયા લાગત હૈ મોર.

૩૫

નાંવ ન જાને ગાંવકા બિન જાને કિત જાંવ
ચલતા ચલતા જુગ ભયા પાવકોસ પર ગાંવ.

૩૬

બાંટ બિચારી કયા કરૈ પથી ન ચલૈ સુધાર,
રાહ આપની છાંડિ કૈ ચલૈ ઉજાર ઉજાર.

૩૭

હીરા તહાં ન ખોલીએ જહાં ખોટી હૈ હાટ,
કસ કરી બાંધો ગાંઠરી ઉઠ કર ચાલો બાટ.

૩૮

એક અચંભો દેખિયા હીરા હાટ બિકાય,
પરબનહાર બાહિરી કૌડી બદલે જાય.

૩૯

સત્ત નામ કડુઆ લગે મીઠા લાગૈ દામ,
દુબિધામેં દોઉ ગયે માયા મિલી ન રામ.

૪૦

સાખી કહૈ ગહૈ નહીં ચાલ ચલી નહિ જાય,
સલિલ મોહ નદિયા બહૈ પાંવ નહી ઠહરાય.

૪૧

સહજ મિલૈ સૌ દૂધ સમ માંગ મિલૈ સો પાનિ,
કહ કબિરા વહ રકત સમ જામેં ખૈંચાતાનિ.

૪૨

બાદ બિબાદે વિષે ઘના બોલે બહુત ઉપાધિ,
મૌન ગહે સબકો સુનૈ સુમિરૈ નામ અગાધ.

૪૩

ડુબકી મારી સુમંદ મેં નિકાસા જાય અકાસ,
ગગન મંડલ મેં ઘર કિયા હીરા પાયા દાસ.

૪૪

મરતે મરતે જગ મુઆ ઔરસ મુઆ ન કોય,
દાસ કબીરા યો મુઆ બહુરિ ન મરના હોય.

૪૫

અતિકા ભલા ન બોલના અતિકી ભલી ન ચૂપ,
અતિકા ભલા ન બરસના અતિકી ભલી ન ધૂપ.

૪૬

સિર રાખે જાત હૈ સિર કાટે સિર સોય
જૈસે બાતી દીપકી કરી ઉજિયારા હોય

૪૭

સુરા કે તો સિર નહીં દાતા કે ધન નાહિં,
પતિ બરતા કે તન નહીં સુરુતિ બસૈ પિઉ માહિ.

૪૮

જો યહ એક ન જાનિયા બહુ જાનેકા હોય,
એકૈ તેં સબ હોત હૈં સબ તેં એક ન હોય.

૪૯

સબ ધરતી કાગદ કરું લેખિન કરુ સબ વનરાય,
સાત સમુંદ કી મસિ કરું ગુરુ ગુન લિખા ન જાય

૫૦

ગુરુ ધોબી સિષ કુંભ હૈ ગઢ ગઢ કાઢૈ ખોટ,
અન્તર હાથ સહાર હૈ બાહર બાહૈ ચોટ.

૫૧

યહ તન બિષ કી બેલરી ગુરુ અમૃત કી ખાન,
સીસ દીયે જો ગુરુ મિલેં તો ભી સસ્તા જાન.

૫૨

કોટિન ચંદા ઉગવેં સુરજ કોટિ હજાર,
સતગુરુ મિલિયા બાહરે દીસત ઘોર અંધાર.

卐

નાદબ્રહ્મ

## તુલસીદાસની સાખી

૧ બની બનાઈ બન રહી, અબ બનને કી નાહિ;
તુલસી ઈતના સમજ કે, મગન રહો મન માંહિ.

૨ એક ભરોસો, એકબલ, એક આશ વિશ્વાસ,
સ્વાતિબુંદ રઘુનાથ હે ચાતક તુલસીદાસ.

૩ એક ઘડી આધી ઘડી, આધીસે પુન આધ,
તુલસી સંગત સાધુકી, કટે કોટી અપરાધ.

૪ કામ ક્રોધ, મદ,લોભકી, જબ લગ મનમેં ખાન,
કહા પંડિત મૂરખ કહાં, સબહી એક સમાન.

૫ જ્ઞાન, ગરીબી, હરિભજન,કોમલ બચન આદોષ,
તુલસી કભી ન છાંડીએ, ક્ષમા, શીલ,સંતોષ.

૬ અલિ, પતંગમૃગ,મીન ગજ એક એક રસ આંચ,
તુલસી તિનકી કોન ગતિ નીક, વ્યાપત પાંચ.

૭ તુલસી પંછિનકે પીએ, ઘટે ન સરિતા નીર,
ઘરમ કરે ઘન ના ઘટે, સહાય કરે રઘુવીર.

૮ સુખી સુખી હમ સબ કહેં, સુખમય જાનત નાહિ,
સુખ સ્વરુપ આતમ અમર, જો જાને સુખ પાહિ.

૯ ઘર કીન્હે ઘર હોતહે, ઘર છાંડે ઘર જાય.
તુલસી ઘર બન બીચહી, રહો પ્રેમ પુર છાંય.

૧૦ મુખ દિયો પ્રભુ ભજનકુ, સુનન દિયો હે કાન,
તીરનકુ દી દીનતા, બડનકુ અભિમાન.

૧૧ સ્વામીસે સેવક બડો, જો નિજ ઘર્મ સમાન,
રામ બાંધ ઉતર જલધિ, કુદ ગયે હનુમાન.

૧૨ તુલસી મીઠે બચન સે,સુખ ઉપજ ચહું ઔર,
યે હિ બશીકરન મંત્ર હે, તજીએ બચન કઠોર.

૧૩ તુલસી યે સંસાર મેં, પંચરત્ન હય સાર.
સાધુમિલન અરૂ હરિભજન,દયા દીન ઉપકાર.

૧૪ પ્રારબ્ધ પહેલે બના, પીછે બના શરીર,
તુલસી યહ જાનકે, ધારણ કરલો ધીર.

૧૫ તુલસી યહ સંસાર મેં ભાતિ ભાતિ કે લોગ,
હિલયે મિલિયે પ્રેમ સે નદી નાવ સંયોગ.

૧૬ અનીતિસે ધન હોત હૈ, વર્ષ પાંચ કે સાત,
તુલસી દ્વાદ્શ વર્ષમેં, જડા મૂલસે જાત.

૧૭ આવતહી હરખત નહિ; નયનન નહિં સ્નેહ,
તુલસી તહાં ન જાઈએ, કંચન વરસે મેહ.

૧૮ આસન દ્રઢ, આહાર દ્રઢ, સુમિત સાન દ્રઢ હોય,
તુલસી બિના ઉપાસના, બિન દુલહકી જોય.

૧૯ જીવ જીવકે આશરે, જીવ કરત હૈ રાજ,
તુલસી રઘુવીર આશરે, કયું બિગડેકો કાજ.

૨૦ રામનામ મેં આલસી, ભોજનમેં હુશિયાર,
તુલસી એસા નરનકો, બાર બાર ધિક્કાર.

૨૧ સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ હોય.
દારા, સુત અરુ લક્ષ્મી તો, પાપી કે ભી હોય.

૨૨ તુલસી સબ જગ જુઠ હૈ, સચ સાહેબકો નામ.
ભ્રષ્ટ ભુવન તનધન સકલ, કુચ્છ ન આવે કામ.

૨૩ મુખ મીઠી બાતો કરે, અંત કટારી પેટ.
તુલસી તહાં ન જાઈએ, જહાં કપટ કો હેત.

૨૪ રામ રામ સબ કોઈ કહે, ઠગ ઠાકુર અરુ ચોર,
વિના પ્રેમ રીઝે નહિ, તુલસી નંદ કિશોર.

૨૫ અનીતિસે જાન હૈ, ધર્મ, રાજ અરુ વંશ,
તુલસી યે દષ્ટાંત હૈ કૌરવ, રાવણ, કંસ.

૨૬ સ્વામીકો સેવક ઘને સેવક કો પ્રભુ એક,
તુલસી દોમેં સો બડો જાકે મનમેં ટેક.

૨૭ પ્રભુતાકું સબ કોઈ ચહે, પ્રભુ કો ચહે ન કોઈ,
જો તુલસી પ્રભુકું ચહે, આય હિ પ્રભુતા હોઈ.

૨૮ પવન પાણી સસ્તા કિયા, સસ્તા કિયા અનાજ,
તુલસી તબ મેં જાનીઓ, હરિ હૈ ગરીબ નવાઝ.

૨૯ તુલસી જગમેં આયકે, કર લીજે દો કામ.
દેનકું ટૂકડા ભલા, લેનકું હરિ નામ.

૩૦ જહાં કામ વહાં રામ નહિ, જહાં રામ વહાં કામ નહિ,
તુલસી દોનુ ના રહે, રવિ-રજની એક ઠામ.

૩૧ એક મૃગકે કારને, ભરત ધરી તીન દેહ,
તુલસી ઉનકી કયા ગતિ, ઘટ ઘટ કરત સ્નેહ.

૩૨ કંચન તજવો સુલભ હૈ સુલભ ત્રિયકો નેહ,
નિંદાસ્તુતિ ત્યાગવો, તુલસી દુર્લભ એહ.

૩૩ તુલસી ઉનકી કોન ગત, બોલત બિના બિચાર,
કટત પલાઈ આતમા, કટ જિહ્વા તલવાર.

૩૪ તુલસી નીચે જાનનસે, બને ન ઉચો કામ,
મઢત નગારા ના બને, ચૂહા કેરો ચામ.

૩૫ તુલસી પર ઘર જાયકે, દુઃખ ન કહીએ રોય,
માન ગુમાવે આપનો, બટિ ન લેવે કોય.

૩૬ તુલસી ધીરજ મન ધરો, હાથી મન ભર ખાય,
ટૂકડ અન્નકે કારણે, શ્વાન ઘરોઘરો જાય.

૩૭ ચતુરાઈ ચુલે પરી, જ્ઞાની જમકે ધાય,
તુલસી રામ સે પ્રેમ નહિ, સો જન મૂલ ન સાય.

૩૮ સુખ કે માથે સિલ પડો, હરિ હિરદેસેં જાય,
બલિહારિ ઉસ દુઃખ કી, પલપલ રામ સ્મરાય.

૩૯ પ્રીતિ રામ પ્રદ નીતિ પ્રથ, ચલૈ રાગરસ જીતિ,
તુલસી સંતનકે મતે, વહિ ભકિતકી રીતિ.

૪૦ તુલસી સીતા રામકું, રીઝ ભજો કે ખીજ.
ઊલટાસુલટા બોઈએ, જ્યું ખેતરમેં બીજ.

૪૧ તુલસી યહ સંસાર હૈ, પૂર્વ જન્મકો રૂપ.
તુલસી યહ ચતુરતા, રામ ચરણ બૌલિન.

૪૨ તુલસી રેખા કર્મકી, લલાટ પે લિખ દીન,
પૂર્વ જન્મ પૂન્મયકે, અખીલ જગત આધીન.

૪૩ ઊંચે ઊંચે સબ ચલે, નીચા ચલે ન કોઈ,
તુલસી નીચા જો ચલે, ધ્રુવ સે ઊંચા હોય.

૪૪ લઘુતામે પ્રભુ બસે, પ્રભુતાસેં પ્રભુ દુર,
કીડી મિસરી ચુન લૈ, હાથી ફાકતે દૂર.
૪૫ સુમિરન એસા કીજિયે, ખરે નિશાને ચોટ,
મન ઈશ્વર મેં લીન હો, હલે ન જિહ્‌વા હોઠ.
૪૬ સંગત કીજે સંતકી, હરે મનકી વ્યાધિ,
સંગ ન કીજે નીચકા, આઠો પહર ઉપાધી.
૪૭ એક શ્વાસ મેં જાત હૈ, તીન લોક કો મોલ,
કહના થા સો કહ દિયા, કહા બજાના ઢોલ.
૪૮ મન જાણે મૈં કરત હું, કરને વાલા કોય,
આદર્યાં અધવચ રહે, હરિ કરે સો હોય.
૪૯ કાજલ તજે ન શ્યામતા, મોતી તાજે ના શ્વત,
દુરજન તજે ન કુટિલતા, સજજન તજે ના હેત.
૫૦ મુખ મેં રટે સો માનવી, મનમે રટે સો દેવ,
સુરતેં રહે સો સંત હૈ, તાબિથ જાનો ભેવ.
૫૧ માલા શ્વાસોચ્છવાસકી, ભગત જગત કે બીચ.
જો ફેરે સો ગુરુમુખી, ના ફેરે સો નીચ.

卐

# તીસાજંત્ર મૂલ

સોઈ રહ્યો નિત મોહનિશા મહઁ, જાનિ પરો નહિં રામ પિયારો
ઝન્મ અનેક ગયે સ્વપનાન્તર, એક હું બાર ન જાગ્રત ધારો
આદિ ગુરુ તબ દેખિ દયા કરિ, તીસા જન્તર શબ્દ ઉચારો
ચારહું વેદ પુરાણ અઠારહ, સોધિ કહ્યો યહ તત્ત્વ વિચારો ૧

જીવ કૃતારથ કારણે, ભાષા કીન્હ વિચાર
તીસા જન્તર બૂઝિ કે, ઉતરો ભવ જલ પાર ૧
કલિ મેં જીવન અલ્પ હૈ, કરિયે વેગિ સમ્હાર
તપ સાધન નહિં હો સકે, કેવલ નામ આધાર ૨

પ્રશ્ન-જગાઈએ કયા ?

ઉત્તર-પ્રેમ-પ્રેમ જગાવે વિરહ કો, વિરહ જગાવે પીવ
પીવ જગાવે વિરહ કો, વિરહ જગાવૈ પીવ ૧

કીજિયે કયા ?

પૂજા-પૂજા ગુરુકી કીજિયે, સબ પૂજા જિહિ માહિં
જબ જલ સીંચે મૂલતરુ, સાખા પત્ર અઘાહિં ૨

પરખિયે કયા ?
'શબ્દ-પરખો દ્વારા શબ્દ કો, જો ગુરુ કહા વિચાર
વિના શબ્દ કછુ ના મિલે, દેખો નૈન ઉઘાર ૩
લીજિયે કયા ?
'નામ-નામ મિલાવૈ રૂપ કો, જો જન ખોજી હોય
જબ વહ રૂપ હૃદય વસૈ, ક્ષુધા રહે નહી કોય ૪
કરીયે કયા ?
'સત્સંગ-કરિયે નિત સતસંગ કો, બાધા સકલ મિટાય
ઐસા અવસર ના મિલૈ, દુર્લભ નરતન પાય ૫
હોઈએ કયા ?
'દાસ-હોય રહે જબ દાસ યહ, તબ સુખ પાવૈ અન્ત
દેખરીતિ પ્રહ્લાદ કી, નિરખો સબ મેં કન્ત ૬
બોલિયે કયા ?
'મીઠા-મીઠા સબસો બોલિયે, સુખ ઉપજે ચહુ ઓર
વસીકરન યહ મન્ત્ર હૈ, તજિયે બચન કઠોર ૭
માનિયે કયા ?
'સત્ય-માનો સબ કુછ સત્ય હૈ, જો જાકો વ્યવહાર
જન્મ મરણ દોઊ બના, થિર હોય દેખુ વિચાર ૮
બરાઈયે કયા ?
'ઝગડા-ઝગડા નિત હિ બરાઈયે, ઝગડા બૂરી વલાય
દુઃખ ઉપજૈ ચિન્તા દહે, ઝગડા મેં ઘર જાય ૯
ખાઈયે કયા ?
'ગમ-ગમ સમાન ભોજન નહિ, જો કોઈ ગમ કો ખાય
અમ્બરીષ ગમ ખાઈયા, દુર્વાસા વિલલાય ૧૦
'તામસ-તામસ પી શીતલ ભયા, ફિર કછુ રહી ન પ્યાસ
ભૃગુ મુનિ મારે લાત સો, પ્રભુ પદ ગહિ જિમિ દાસ ૧૧
રાખિયે કયા ?
'ધર્મ-અપને અપને ધર્મ મેં, સબ દઢ હે સબ કાલ
ધર્મ જુ નિજ આપન ગહાં, સહજે ભયો નિહાલ ૧૨
ત્યાગિયે કયા ?
'સબકુછ-ત્યાગ જુ એસા કીજિયે, સબ કછુ એક બાર
સબ પ્રભુ કા મેરા નહિ, નિશ્ચય કિયા વિચાર ૧૩

છોડિયે કયા ?

'અભિમાન-છોડા જબ અભિમાન કો સુખી ભયા તબ જીવ
ભાવૈ કોઈ કછુ કહૈ, મેરે હિય નિજ પીવ ૧૪

પાઈયે કયા ?

'સુખ-સુખ પાવૈ ગુરુ ધ્યાન સે, થીર ભયા મન મોર
નિરખો આપા સવન મેં, કેવલ નન્દ કિશોર ૧૫

દેખિયે કયા ?

'આત્મારામ-દેખો સબ મેં રામ હૈં, એકહિ રસ ભરપૂર
જસે ઉખ તે સબ ભયા, ચીની સક્કર ગૂર ૧૬

મિટાઈએ કયા ?

'ભ્રમ-ભરમ મિટા તબ જાનિયે, અચરજ લગૈ ન કોય
યહ લીલા હૈ રામ કી, નિરખો આપા ખોય ૧૭

લખિયે કયા ?

'નિજરૂપ-લખિયે અપને રૂપ કો, થીર ભયા સબ અંગ
કહન સુનન કછુ ના રહી, જયોં કા ત્યોં હૈ સંગ ૧૮

સુનિયે કયા ?

'ગુણ કી વારતા-સુનિયે ગુણ કી વારતા, અવગુણ લીજૈ નાહિં
હંસ ક્ષીર કો ગહત હૈ, નીર ત્યાગિ સો જાહિં ૧૯

સાધિયે કયા ?

'ઈન્દ્રિય-સાધે ઈન્દ્રિય પ્રબલ કો, જિહિ તે ઉઠે ઉપાધિ
મન રાજા બહકાવતે, પાંચોં બડે અસાધિ ૨૦

મારિયે કયા ?

'આશા-મારો આશા સાંપિની, જિન ડસિયા સંસાર
તાકી ઔષધિ તોષ હૈ, યહ ગુરુ મંત્ર વિચાર ૨૧

દીજિયે કયા ?

'દાન-ભૂખે કો કછુ દીજિયે, યથા શકિત જો હોય
તો ઊપર શીતલ વચન, લખૌ આતમા સોય ૨૨

બડા પુણ્ય કયા ?

'ઉપકાર-પુણ્ય બડા ઉપકાર હૈ, સબ કે ઊપર ભાખ
જીવ દયા ચિત્ત રાખિયે, વેદ પુરાણહું સાખ ૨૩

બડા પાપ કયા ?

'હિંસા-હિંસા હી બડા પાપ હૈ, તિહિ સમાન નહિં કોય
લેખા માંગૈ ધર્મ જબ, તબ સબ નૌવત હોય ૨૪

ખુસબોઈ કયા ?

'યશ-ખુશબોઈ યશ કી ભલી, ફૈલિ રહી ચહુઁ ઓર
મલયાગિરી સુગંધ હૈ, પ્રગટ સબૈ જગ શોર ૨૫

દુર્ગન્ધ કયા ?

'અપયશ-અપયશ કર્મ દુર્ગન્ધ હૈ, નીકો લગૈ ન કોય
જૈસે મલ કે નિકટ મેં, બૈઠિ સકૈ નહિં કોય ૨૬

ધરિયે કયા ?

'ધીરજ-ધીર બુદ્ધિ તબ જાનિયે, સમુઝૈ સબ કી રીત
ઉન કે અવગુણ આપ મેં, કબહુઁ ન લાવૈ મીત ૨૭

ઠહરાઈયે કયા ?

'મન-મન ઠહરા તબ જાનિયે, અનસુઝ સવૈ સુઝાય
જ્યોં અઁધિયારે ભવન મેં, દીપક બારિ દિખાય ૨૮

હોવૈ કયા ?

'હોની-હોવૈ હોની હોય સો, હોનહાર સો હોય
રામચંદ્ર બન કો ગયે, સુખ આછત દુઃખ હોય ૨૯

વિચારિયે કયા ?

'તત્ત્વ-જો યહ તત્ત્વ વિચારકે, રાખે હિય મેં સોય
સો પ્રાણી સુખ કો લહૈ, દુઃખ ન દરશૈ કોય ૩૦

ભાગ જગ્યો જબ પૂરબ કે તબ, શ્રી ગુરુદેવ દયા કરિ હેરી ।
જ્ઞાન કપાટ ઉઘારિ દિયો તબ, મોહનિશા દગ તે ગઈ ફેરી ॥

થોરેહિ મેં સમુઝાય દિયો તબ, થીર કિયો ચિત ચંચલ મેરી ।
સૂઝિ પડો સબ હી ઘટ સાહબ, છૂટ ગયો સબ તર્ક ઘનેરી ॥

॥ ઈતિ તીસાઝંત્ર મૂલ સંપૂર્ણ ॥

卐

# નાદબ્રહ્મ

# જ્ઞાનગુદડી

## પદ-૧

ધર્મદાસ વિનવે કર જોરી, સાહેબ સુનિએ બિનતી મોરી,
કાયા ગુદડી કહો અંદેશા,[૧] જાસે મિટે જીવકા અંદેશા.
અલખ[૨] પુરુષ જબ કિયા વિચારા, લખ ચૌરાસી ધાગા ડારા,
પાંચ તત્વકી ગુદડી બીના,[૩] તીન ગુનનસે કાઢી કીના.
તામે જીવ બ્રહ્મ ઔ માયા, સમરથ ઐસા ખેલ બનાયા,
જીવન પાંચ પચીસોં લાગે, કામ ક્રોધ મોહ મદ પાગે
કાયા ગુદડીકા વિસ્તારા, દેખો સંતો અગમ[૪] સિંગારા,[૫]
ચાંદ સૂરજ દો પેવંદ[૬] લાગે, ગુરુ પ્રતાપ સોં સોવત જાગે.
શબ્દકી સૂઈ સુરતિકા ડોરા, જ્ઞાનકી ટોમન[૭] સિરજન જોરા,
અબ ગુદડીકી કરો હુશિયારી, દાગ ન લાગે દેખ વિચારી.
સુમતિ કે સાબુ ન સિરજન ધોઈ, કુમતિ કુમતિ મૈલકો ડારો[૮] ખોઈ.
જિન ગુદરીકા કિયા બિચારા, સો જન ભેટે સિરજનહારા,
ધીરજ ધુનિ ધ્યાન કર આસન, સતકી કોપીન સહજ સિંધાસન
યુકિત કમડંલ કર ગહિ લીન્હા, પ્રેમ પાવડી મુર્શીદ[૯] ચીન્હા,
સેલી શીલ વિવેકકી માલા, દયાકી ટોપી તન ધર્મશાળા
મિહર[૧૦] મતંગા[૧૧] મત વૈશાખી, મૃગછાલા મનહી કો રાખી
નિશ્ચય ધોતી પવન જનેઊ, અજપા જપે સો જાને ભેઊ.
રહે નિરંતર સતગુરુ દાયા, સાધુ સંગતિ કારે સબકુછ પાયા
લૌ કી લકુટી હૃદયા ઝોરી, ક્ષમા ખરાંઊ પહિર બહોરી
મુકિત મેખલા સુકૃત સુમરણી, પ્રેમ પિયાલા પીવે મૌની
ઉદાસ કુબરી[૧૨] કલહ નિવારી; મમતા કુત્તીકો લલકારી.
યુકિત જંજીર બાંધી જબ લિન્હા, અગમ અગોચર ખિરકી ચીન્હા[૧૩]
બૈરાગ ત્યાગ વિજ્ઞાન નિધાના, તત્ત્વ તિલક દીન્હા નિરબાના
ગુરુ ગમ ચકમક મનસા તૂલા, બ્રહ્મ અગ્નિ પરગટ કર પૂલા
સંશય શોક સકલ ભ્રમ જારા, પાંચ પચીસો પરગટ મારા
દિલકા દર્પણ દુવિધા[૧૪] ખોઈ, સો વૈરાગી પક્કા હોઈ

શૂન્ય મહલમેં ફેરી દેઈ, અમૃત રસકી ભિક્ષા લેઈ
દુઃખ સુખ મેલા જગકા ભાઉ,[15] ત્રિવેણી કે ઘાટ નહાઊ
તનમન શોધ ભયા જબ જ્ઞાના, તબ લખ પાવે પદ નિરબાના
અષ્ટ કમલ દલ ચક્કર સૂઝે, જોગી આપ આપમેં બૂઝે.
ઈંગલા પિંગલા કે ઘર જાઈ, સુષમન નાહિ રહે ઠહરાઈ
ઓહં સોહં તત્ત્વા બિચારા, બંકનાલમેં[16] કિયા સંભારા[17]
મનકો મારી ગગન ચડી જાઈ, માન સરોવર પૈઠિ નહાઈ
અનહદ નાદ નાગકી પૂજા, બ્રહ્મ વૈરાગ દેવ નહીં દૂજા.
છુટિ ગયે કરમલ કર્મ જ લેખા, યહ નૈનન સાહિબકો દેખા
અહંકાર અભિમાન બિડારા, ઘટકા ચૌકા કર ઉજિયારા.
ચિતકર ચંદન તુલસી ફૂલા, હિતકર સંપુટ કરલે મૂલા.
શ્રદ્ધા ચવંર[18] પ્રીતિ કર ઘૂપા, નૌત્તમ નામ સાહેબકો રૂપા.
ગુદડી પાહિરે આપ અલેખા, જિન યહ પ્રગટ ચલાયે ભેખા.
સાહિબ કબીર બકસ જબ દીન્હા, સુરનર મુનિસબ ગુદડી લીન્હા.
જ્ઞાન ગુદડી પઢે પ્રભાના, જન્મ જન્મ કે પાતક જાતાં
જ્ઞાન ગુદડી પઢે મધ્યાના, સો લખિ પાવે પદ નિરબાના.
સંઝા સુમિરણ જો નર કરઈ, જરા મરણ ભવસાગર તરઈ
કહૈં કબીર સુનો ધર્મદાસા જ્ઞાન ગુદડી કરો પ્રકાશા.

卐

૧ સંદેશો અથવા ઉપદેશ    ૨ લક્ષમાં ન આવે એટલો અગોચર
૩ વણી અથવા બનાવી    ૪. જાણી ન શકાય એવો
૫ શૃંગાર અથવા દેખાવ    ૬    ૭ ટોચ
૮ નાશ કરવો    ૯ ગુરુ અથવા પયગંબર    ૧૦
૧૧ હાથી    ૧૨ નબળી    ૧૩ બતાવ્યો
૧૪ દ્વિધા    ૧૫ ભાવતો અથવા સંબોધન તરીકે હે ભાઈ !
૧૬ નિત્ય સ્મરણ    ૧૭ સુષુમ્ણા નાડીમાં
૧૮ ચાવડી અથવા કુબડી જેવું વાસણ

### સાખી

માલા ટોપી સુમરની,[1] સતગુરુ દિયા બક્ષીસ
પલ પલ ગુરુકે બંદગી ચરણ નમાઊં શીશ....૧
ભયભજન દુ:ખ પરિહરન, અમર કાન શરીર;
આદિ યુગાદિ આપ હો, ચારોં યુગ કબીર....૨
બંદી છોડ[2] કહાઈયા, બલપ શહર મંઝાર,[3]
છુંટી બંદી સબ ભેષકી, ધન ધન કહે સંસાર....૩
મૈં કબીર બિચલૂં નહીં, શબ્દ મોર સમર્થ
વાકો લોક પઠાઈ હૂં, જો ચઢે શબ્દકે રથ્થ....૪

卐

૧ સ્મરણ કરવા માટેની  ૨ બંધનમાંથી મુકત કરનાર
૩ વચ્ચે

# શબ્દ પારખુ

## પદ-૨

અનહદ શિંગી[1] નિશદિન[2] બાજે, સદા રહે ઉનમૂન[3] કે સાજે;
સુરત[4] શબ્દમેં રહે સમાય, કહે કબીર ગુલતાન કહાય.....૧
બહુત દિનકા સુતા જાગા, ખોલ કમાડ નામ સે લાગા;
ધન સતગુરુ જેણે યુકિત બતાયી, કહે કબીર સબ વિપત્ત મિટાઈ.....૨
ઘટમેં ભયા નામકા હેલા,[5] ભૂલ ગયા શબ ખેલમ ખેલા;
આ માયા કી કાટિ ફાઁસી,[6] ખેત ગઈ, મિટી ચોર્યાશી.....૩
સ્વામી સબ સંસારસે ન્યારા, શું કહીએ સાહેબ કા પ્યારા;
આશા તજ કે રહે નિરાશા, કહે કબીર જબ દેખ તમાશા.....૪
હાથ ઠીકરા ગલેમે કંથા, નિર્ગુણ[7] હો કર પકડે પંથા;
જ્ઞાન ચિરાગે ઘટમે જુપી,[8] કહે કબીર સો મુકત સ્વરૂપી.....૫
ફાટા તૂટા કંથા પહેરે, મનષા મમતા ઘટમેં ઘેરે;
જમકી ચોકી માન બડાઈ, કહે કબીર સબ દિયા ઉઠાઈ.....૬

મનરાજા સિર્ગુણમેં ભીંજે,[૯] જૈસે બકરી ખટકી કો દીજે;
નિર્ગુણ છે તે લાજે મરહી, કહે કબીરા ભ્રમ કૈસે તરહી.....૭
ફાંસી લિયે હાથમેં માયા, જેમ વાઘણ બકરી કો ખાયા;
પડા પડામેં આપે રોય, કહે કબીર ઐસા દુઃખ હોય.....૮
માયા કા જોરાવર ફંદા, વામે ઉગરા કોઈ એક બંદા;
શ્વાસો શ્વાસ સુમરણમેં લાગા, કહે કબીર સંશય[૧૦] સબ ભાગા.....૯
જૈસે સર્પનદિયે કુંડાલા,[૧૧] કોઈ બચે કોઈ દેગે ટાલા;
કહે કબીર કુંડાલા પેલે, નિર્ભય હોય જગતમેં ખેલે.....૧૦
સબ સંસાર કુંડાલા માંહી, જૈસે સર્પણ, ઘર ઘર ખાઈ;
કહે કબીર કોઈ બાહર આયે, તાકો માયા નહીં સંતાપે.....૧૧
વણજ[૧૨] કહે ઔર ઊંચા બોલે, મનમેં ફૂલ્યા ફૂલ્યા ડોલે;
માગ જાચ કે કરે રસોઈ, કહે કબીર નફા ન હોઈ.....૧૨
બહુત તુજસે જગત પ્રમોદે, અપના ઘટકો નાંહી શોધે;
અંધા સે મન કરહી પર્ચે,[૧૩] કહે કબીર ભ્રમ કૈસે ટળશે.....૧૩
દુનિયા છે તે બકબક મુઆ, જો લલનીમેં પકડા સુવા;[૧૪]
ઉપર પાવ તળે મુંડી, કહે કબીર સંસારી ભૂંડી.....૧૪
રાત દિવસ મિલી, જ્ઞાન પુકારે, મન ઈન્દ્રિ કો નાંહી મારે;
કહે કબીર સુનો નર લોઈ,[૧૫] કાગા હંસા જૈસા હોઈ.....૧૫
કઠણ ધારણા હંસ[૧૬] કી ભાઈ, જયાં નટણી[૧૭] કો વરત ચઢાઈ;
વરત ચઢે ઔર તન મન સાધે, કહે કબીર વાગીશઆરાધે[૧૮].....૧૬
સુરત નુરત સે નકણી ખેલે, તન સંભાળી આગે પગ મૂકે;
ઐસી ધારણા નામ જો આયે, કહે કબીર સો હંસ કહાવે.....૧૭
અંતર લગી કો બુદ્ધિ તારી, દશે દિશા સુરત ગઈ ફાટી;
ચોકખું ચિત્ત માયા દિન વીત્યા,[૧૯] કહે કબીર એમ રહ ગયા રિકતા[૨૦].....૧૮
જણ સુરતા અબ કહાં સુએ,[૨૧] ટાલાટુલીમેં દિન ખુએ;
અનેક છોડ એક કો ધાવે, કહે કબીર નિર્ભય હો જાયે.....૧૯

વાંકા ગઢ જો વેગે લીજે, પીછે નાંહી પ્યાલા[22] ઝીલે;
સન્મુખ ઝુઝે એહી શૂરા, કહે કબીર સાહેબ કા પુરા.....૨૦
સાર શબ્દ પ્યાલા ઝીલે, નિર્ભય હોઈ જગતમેં ખેલે;
કહે કબીર સંશય કયા કીજે, નામ પ્યાલા ભર ભર પીજે.....૨૧
આઠે પહોર જો નામ પુકારે, ઘટ કા વૈરી ચુન ચુન મારે;
અગમ પંથકી રાહ બુહારે[23] કહે કબીર નહીં જમકે સારે.....૨૨
મુખસે વચન કહે નહીં ખારા, હિંદુ તુર્ક દોનોં સે ન્યારા;
ઉજજડ કેડા લીજે ભાઈ, કહે કબીર ખત્તા ન ખાઈ.....૨૩
દુંદ[24] વાદસે ન્યારા રહેના, નિશદિન સાહેબ કહેના;
કહે કબીર સમજ કર દેખો, અન્ય વિશેષ નાંહી લેખો.....૨૪
શૂન્ય શિખરમેં તાડી[25] લાગી, સુરતી સુરત ધબડકે જાગી;
કહે કબીર પ્યાસે લાગી, દિલકી દુર્મતિ સબ ભાગી.....૨૫

卐

૧. વાજિંત્ર ૨. રાતદિવસ ૩. મનની ઊંચી અવસ્થા ૪. ચિત્તવૃત્તિ
૫. આધાર અથવા ટેકો ૬. બંધન ૭. ભગવાનની ગુણરહિત અવસ્થા
૮. જોડી ૯. ભગવાનના ગણચિંતનમાં મગ્ન ૧૦. ભ્રમ અથવા અજ્ઞાન
૧૧. પાણીમાં ગોળગોળ ફરતા ભમર ૧૨. ૧૩. પરિચય અથવા ઓળખાણ
૧૪. પોપટ ૧૫. સ્ત્રી ૧૬. આત્માના અર્થમાં ૧૭. નાચનારી
૧૮. વાણીની દેવી શારદા ૧૯. પસાર થયા ૨૦. અલિપ્ત અથવા વેગળું
૨૧. આરામ કરે ૨૨. પ્યાલા અથવા પાત્રમાં ૨૩. પ્રકાશિત કરે અથવા સાફ કરે
૨૪. દ્વંદ્વવાદ એટલે દ્વૈતવાદ ૨૫. લગન

## સાખી

દોરી લાગી[1] ભય મિથ્યા, સુરત સોહાગન હો રહી,
પ્રગટ પર તન જાઈ કે, ગુરુકી દયા, સાધુ કી સંગતઃ
ભાવ ભકિત ચિત્ત લાઈ, કહે કબીર સુનો ભાઈ સાધુ,
બહાર ન ભવ જલ આઈ.

卐

૧. મેળ બેસતાં અથવા મિલન થતાં

# ગોડીની સાખી

## પદ-૩

સાંજ પડે દિન આથમે, ચકવા ચકવી રોય
ચલો ચકવા તહું જાઈએ, જહઁ સાંજ પડતી ન હોય.....૧
ગોડી[1] પૂછે ગોડીઆ, કોણ ભલો એ દેશ,
સંપત્ત હોય તો ઘર ભલા, નહીં તો ભલો પરદેશ.....૨
સંપત્ત દેખ મત રાચીયે, વિપત્ત[2] પડે મત રોય,
સંપત્ત સોહી વિપત્ત હૈ, રામ કરે સો હોય.....૩
તિમિર ગયું રવિ દેખતાં, કુબુદ્ધિ ગઈ ગુરુ જ્ઞાન,
સંપત્ત ગઈ અતિ લોભસે, ભકિત ગઈ અભિમાન.....૪
અભિમાની કુંજર[3] ભયો, લ્યો અપને શિર ભાર,
તાકો યમરાજ ડારતે, જયોં લોહા જલે લુહાર.....૫

卐

૧. રાગિણીદેવી ૨. દુઃખ ૩. હાથી

# પૂર્વી ગોડી

## પદ-૪

નર નામ ન જાણ્યો રામકો, મિથ્યા જન્મ ગુમાયા હો.....ટેક૦
રેણ[1] ગુમાયી સોઈકે રે, દિવસ ગુમાયો જાય;
હીરા જૈસો જન્મ ગુમાયો, હીરા કોડી બદલે જાય.....૧
આપે દલ ખોજે નહિ રે, ઔર ખોજનકો જાય;
ઔર ખોજે હરિ ના મિલે, મૂરખ મન પસ્તાય.....૨
કુંભકો બાંધ્યો જલ રહે રે, જલ બિન કુંભ ન હોય;
જ્ઞાનકો બાંધ્યો મન રહે, ગુરુ બિન જ્ઞાન ન હોય.....૩
નર જાણે દિન નિર્ગમે[2] રે, દિન જાણે નર જાય;
માયાનો બાંધ્યો પ્રાણીઓ, ફોગટ ફેરા ખાય.....૪

ઊગ્યા સોઈ[3] આગમેરે, ફૂલ્યા સોઈ કરમાય;
ચણ્યા દેવલ ગિર પડે, જનમ્યા સો મર જાય.....૫
પૈસો પૈસો જોડ કે રે, લાખો ઉપર કરોડ;
અંતકાલ કંઈ કામ ન આવે, લેશે ધાગો છોડ.....૬
સાધુ જનકી ઝુંપડી રે, સાંકુટ[૪] સારા ગામ;
ચંદનકે ટુકડી ભલી, બાબુલ સારાં રાન.....૭
જૈસો રંગ પતંગકો રે, ઐસો આ સંસાર;
હરિ રંગે ચોર મજીઠકો,[૫] સત ભાંખે રોહીદાસ.....૮

卐

૧. રાત ૨. પસાર થાય ૩. આથમે ૪. સ્થાન
૫. પલાયન થઈ જાય

## પદ-૫

ઐસે દલ રાખો રામસે રે, જૈસે રાખે ચંદ્ર ચકોર હો.....ટેક૦
માતા રાખે બાલકો રે, મીન રહે જલ માંય;
ક્ષેણુ એક જલસે બિછુડે, તલપ તલપ જીવ જાય.....૧
ભમરીકો ભેદ જ દાખીયે રે, કીટ બેરંગી હોય;
ભમર કમલસે જઈ મિલે, પ્રીત રહે લપટાય.....૨
કુંજીકો હેત વખાણીયે રે, મન મિલાવવાને જાય;
સેવાઈને[૧] સામા મિલે, આપો[૨] આપને ઓળખાય.....૩
પ્રીત કરંતા પ્રભુજી મિલે રે, જન્મ મરણ ભય જાય;
હેતે હરિસે ઢૂંકડો રે, જન રોહીદાસ ગુણ ગાય.....૪

卐

૧. પોષણ પામીને ૨. આત્મા આત્માથી ઓળખાય.

## પદ-૬

રાજા રામ સ્નેહ ન છાંડિયે, ભાવે તન ધન જોબન જાય હો.....ટેક૦
ગઢ મંદિર અરૂ[૧] પહોર પોકારે, ઊંચે ઊંચે ધામ;
બાંય પકડ જમ લઈ ચલેગા, કાંઈ ન આવે સાથ.....૧

માત પિતા સુત બંધવા, ઔર દુલ્હાકી નાર;
એ સબ હિલમિલ બિછુડે, જાતાં ન લાગે વાર.....૨
જૈસો મોતી ઉસકો, ઐસો આ સંસાર;
ક્ષેણુ એક દિસે ઝગમગે, શોભા હૈ દિનચાર.....૩
કબીરે રામ ન છાંડિયા, હાર હોયે, ભાવે જીત;
જૈસે લગી પીડસું, દિન દિન અદકી પ્રીત.....૪

卐

૧. ઔરનું અપભ્રંશ રૂપ. અહીં અંદરના અર્થમાં

# રાગ ગોડી

## પદ-૭

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વ્હેલા શ્રી ગુરુને પાયે લાગું,
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઈ ન માગું.....ટેક૦
દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય,
ત્રિવિધ તાપ મત્સર[1] મોહ મમતા, વિકાર સઘળો જાય.....૧
ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,[2]
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ[3].....૨
વેદ, પુરાણ, ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દૃઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ.....૩

卐

૧. અદેખાઈ   ૨. જ્ઞાની   ૩. મોક્ષ

## પદ-૮

બહુત ભલો હૈ ભાઈ, અવસર બહુત ભલો હૈ,
મનષા દેહ દેવતાકો દુર્લભ, સો દેહી તેં પાઈ.....ટેક૦
તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વાર્થ કે લોભી, માયા જાળ બંધાઈ.....૧

જબ લગ જરા[1] નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ,[2]
સંત સંગત મિલી ભજો ભગવંત, સો હી સકલ[3] સુખદાઈ.....૨
કહું પોકાર ચેત નર અંધે આ તન એળે ગુમાઈ,
કહે કબીર દેહી કાચકો કુંપો,[4] બિનસત[5] બેર[6] ન લાઈ.....૩

卐

૧. ઘડપણ ૨. અભિમાન ૩. બધી રીતે ૪. ઘડો
૫. વિનાશ થતાં ૬. વાર ૭. લાગે

## પદ-૯

કાહે ન મંગલ ગાયે જશોદા મૈયા, કાહે ન મંગલ ગાયે,
પુરાણ બ્રહ્મ[1] અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે.....ટેક૦
કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કોન પુન્યસે, તાકો ગોદ ખિલાવે.....૧
બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર, નિગમ[2] નેતિ કરી ગાવે,
શેસ સહસ્ર[3] મુખે જપે નિરંતર સો તાકો પાર ન પાવે.....૨
સુંદર વદન કમલ દલ લોચન, ગૌધેનુ કે સંગે આવે,
આરતી કરત જશોદા મૈંયા, કબીરજી દર્શન પાવે.....૩

卐

૧. અણુ અણુમાં વ્યાપેલા પરમાત્મા ૨. શાસ્ત્રો ૩. હજાર

## પદ-૧૦

ભકિત સતગુરુ એ આની, સંતો ભાઈ ભકિત સત્ગુરુ એ આની
પાષાણ ફોડ ગંગા જલ પ્રગટે, હો ગઈ નવખંડ પાની.....ટેક૦
એ પાનીમેં દોઉ પર્વત ડુબે, સાહેર[1] સુરતી સમાની,
મચ્છી જાય સરોવર બૈઠે, બોલે અમૃત વાણી.....૧
જહાઁ મચ્છી તહાઁ મચ્છા નાંહી, ગર્ભ રહ્યો વિના પાની,
નારી એક પુરુષ દોઉ જાયે, બુઝે વિરલા જ્ઞાની.....૨
નાર પુરુષ મિલી સબ યુગ ખાયો, તહાઁ મેં રહું અકેલા,
કહે કબીર એ પદ હી વિચારો, સોહી ગુરુ હમ ચેલા.....૩

卐

૧. દરિયો

## પદ-૧૧

ઐસે હી બની આઈ, અબ મેરે ઐસે હી બની આઈ.
કોઈ એક નિંદે, કોઈ એક વંદે, છાઁડી લોક બડાઈ...અબમેરે.....ટેક૦
કુલસે નિકસ, ભયે જબ ગુનકા, બ્હોળું કુલ ન સમાઈ,
કેસરી કોટ પડે જો લંઘન, ભૂખે ઘાસ ન ખાઈ.....૧
ભવસાગર તરને કે કારણ, નામ કી નાવ બનાઈ
રામ કહ્યા સો પાર ઉતર ગયે, ડૂબી લોક બડાઈ.....૨
પડ ગઈ છાપ ભકત ભયે નિર્ભય; ઉર અંતર લપટાઈ,
દાસ કબીર ડગે નહીં કબ હું, સાચી અચલ સગાઈ.....૩

卐

## પદ-૧૨

રમી રહ્યો ભરપૂર, રંગીલો રમી રહ્યો ભરપૂર.
શુદ્ધ વિચાર કરો મેરે સંતો, હૈ નિયરે નહીં દૂર.....ટેક
વેદ પુરાણ ભાગવત ગીતા, વામે[1] લખ્યો હૈ હજૂર,
તાહીં છોડ નર ચૌંદિશ ધાવે, સમજત નહીં નરમૂઢ.....૧
આતમ એક અખંડ અનુપમ, વાજત અનહદ તૂર
નિત્ય પ્રકાશ નિરંતર નિર્મલ, જયો સરિતા કો પૂર.....૨
તેરા સાહેબ હૈ તુજ માંહી, ઊઠત શબ્દકી ઘોર
સતગુરુ મિલ સત્ શબ્દ બતાયો, નિત નિત બરસત નૂર.....૩
આપ જગત કો રૂપ બન્યો હૈ, આપ જગત કો મૂલ
કહે કબીર સો હી જન જાને, જ્ઞાન ઉદય ભયે સુર.....૪

卐

૧. તેમાં

## પદ-૧૩

સહજ સમાધિ ભલી હો, સંતો સહજ સમાધિ ભલી હો,
જબસે દયા ભયી સદ્ગુરુકી, સુરતી[1] ન અનંત ચલી હો.....ટેક૦
જહાઁ જહાઁ સોઈ પરિકમ્મા,[2] જો કછું કરૂં સોઈ પૂજા,
ગૃહ ઉદ્યાન હોઉ સમ કરી લેખું, ભાવ મિટાઉ દૂજા.....૧

શબ્દ નિરંતર માનવ રાચે, મલિન વાસના ત્યાગી,
જાગત સોવત ઊઠત બૈઠત, ઐસી તાડી લાગી.....૨
આંખ ન મુંદું કાન ન રૂંધું, કાયા કષ્ટ ન ધારું,
ઉઘડે નયન સે સાહેબ દેખું, સુંદર વદન નિહાળું.....૩
કહે કબીર જો ઉનમુન[3] રહેની, જો પ્રગટે કર ગાવું,
દુખ સુખસે વહ પરે પરમપદ, સોઈ સદા સુખદાઈ.....૪

卐

૧. ચિત્તવૃત્તિ    ૨. પ્રદક્ષિણા    ૩. મનની ઊંચી અવસ્થા

## પદ-૧૪

નામ સુમર મેરે ભાઈ, સકલ તજી, નામ સુમર મેરે ભાઈ,
મિટ્ટિ કે તન મિટ્ટિમેં મિલી હૈં, પવનમેં પવન સમાઈ.....ટેક૦
બહુત જતન કર સુત કો પાલે, કાચા દૂધ પિલાઈ,
સોઈ પુત્ર તેરે કાલ હોઈ બૈઠે, બાવા કહત લજાઈ સકલ.....૧
જો તિરિઆ[1] મુખ બિડા ખવાતી, સોવતી અંગ લગાઈ,
સો તિરઆ મુખ મૌડ કે બૈઠી, તૂટ ગઈ સકલ સગાઈ સકલ.....૨
જો દેહીઆ પર નીર પખાળે, ચૂવા ચંદન લગાઈ,
સો દેહીઆ પર કાગ ઉડત હૈ, જુઠી લોગ ઘિન્નાઈ[2] સકલ.....૩
જુઠી કાયા જુઠી માયા, જુઠી લોગ લગાઈ,
કહે કબીર સુન ભાઈ સાધુ, જુઠે જગપતિ આઈ સકલ.....૪

卐

૧. સ્ત્રી-પત્ની    ૨. ધમાલ

## પદ-૧૫

લગન કઠિન હૈ ભાઈ, હરિસે, લગન કઠિન હૈ ભાઈ;
લગન લગે બિન કાજ ન સરિ હૈ, જીવ પ્રલય હો જાઈ હરિસે.....ટેક૦
મૃગ નાદ શબ્દકા ભેદી, શબ્દ સુનન કો જાઈ;
સો હી શબ્દ સુની પ્રાણ દાન દે, તનકો નાંહી ડરાઈ.....૧

તજી ધન ધામ સતી એક નિકસે, સત્ય કરન કો જાઈ;
પાવક દેખ ડરે નહીં મનમાં, કુદ પડે ક્ષણ માંહી.....૨
પપિહા સ્વાત બુંદ કે કારણ, પિયા પિયા રટ લાઈ;
પ્યાસે પ્રાણ જાઈ ઔર કર્યો ન, ઔર નીર નહીં પાઈ.....૩
દો દલ આન જૂજે જર્યો સન્મુખ, શુરા લેત લડાઈ;
ટૂક ટૂક ગિરે ધરણી પે, ક્ષેત્ર છોડ નહીં જાઈ.....૪
છોડ આશા અપને તનકી, નિર્ભય હરિ ગુણ ગાઈ;
કહે કબીર ઐસી લય લાગી, સ્હેજે મિલે હરિ આઈ.....૫

卐

## પદ-૧૬

નામ ધજા ફહરાઈ દાસ પર નામ ધજા ફહરાઈ.....ટેક૦
કાલ જંજાલ[1] નિકટ નહીં આવે, માયા દેખ ડરાઈ
જો ભકતસે દ્રોહ કરે તો, પ્રભુકો નાંહિ સોહાઈ[2] ...દાસ.....૧
હિરણકશીપુ કી વહ ગતિ હો ગઈ, રાવણ ધુળ ઉડાઈ,
દુર્યોધન પરિક્ષીત રાજા, ફીર પીછે પછતાઈ ...દાસ.....૨
નર પંડિત ઔર નૃપતિ બાદશાહ, ઊંચી પદવી પાઈ
નામ બિના સબ તુચ્છ બરાબર, બાંધે જમપુર જાઈ ...દાસ.....૩
કયા ભયે વેદ પુરાણ પઢેસે, જો દિલ દયા ન આઈ
અહંકારમેં સબ હી ભૂલાઈ, અજગર તન સો પાઈ ...દાસ.....૪
હમતો કાન શખિ નહીં કબહુઁ, જર્યો કા ત્યોં કહરાઈ
ભાવે કોઈ દુખ સુખ કર માને, ભકિત કે પંથ ચલાઈ ...દાસ.....૫
યોગ યજ્ઞ તીર્થ વ્રત સંયમ, કરણી કોટિ કરાઈ
નામ વિના સબ હી કે ખાલી, કહે કબીર સમજાઈ ...દાસ.....૬

卐

૧. દૂતો-યમદૂતો એ કાળની જંજાલ ગણાય ૨. શોભે

## પદ-૧૭

વાદ વદે સો જુઠા પંડિતા, વાદ વદે સો જુઠા;
રામ કહે દુનિયા ગત પાવે ખાંડ કહે મુખ મીઠા.....ટેક૦

પાવક કહીએ જો પાવ દાઝે, જલ કહે તૃષા બુઝાઈ;
ભોજન કહેતાં જો ભૂખે ભાગે, તો દુનિયા ગત પાવે.....૧

નર કે સંગ સુવા[1] હરિ બોલે, નામ પ્રતાપ ન જાને;
એક બેર ઊડ જાઈ જંગલમેં, રામ હૃદયે ન આને.....૨

સાચી પ્રીત વિષે માયાશું, હરિ ભકત ન શું હાઁસી,
કહે કબીર એક પ્રેમ ભકિતબિના, બાંધ્યો જમપુર જાવે.....૩

૧. પોપટ

## પદ-૧૮

આયે જ્ઞાનકી આંધી સંતો, આયે જ્ઞાન કી આંધી,
ભ્રમ[1] કી દાંડી સબે ઊઠાની, માયા રહેત ન બાંધી .....ટેક૦

હેત ચિત્તકી દોઉં પુનિ ગરહી, મોહ લુંટા ટુટા
તૃષ્ણા છાંડી, ઘટ ભીતર, ભ્રમકા ભાંડા ફૂટા સંતો.....૧

આંધી પીછે, હરિ જલ વર્ષા, તહાઁ હરિજન ભીંજા
કહે કબીર ભાણ જબ ઉગ્યો, ઉદય ભયો તબ સૂઝા સંતો.....૨

૧. અજ્ઞાન

## પદ-૧૯

આયે જ્ઞાનકી વર્ષા, સંતો આયે જ્ઞાનકી વર્ષા;
ઊંચ નીચ સબ સમ કર લીના, ભકા બરાબર સરખા. સંતો.....ટેક૦

સ્થાવર જંગમ દોનો બૂડે, બુડયા સકલ સંસારા;
નાવ સ્વરૂપી ક્રિયા બૂડી, બુડયા બોલનહારા. સંતો.....૧

પાંચ તત્ત્વ[1] તીન ગુણો[2] બુડયા અંતે ફરના;
બુડી અવસ્થા, ચારો વાણી, બુડયા પાર ઉતરના. સંતો.....૨
જ્ઞાન અજ્ઞાન વિચાર લે બુડયા, બુડયા હૈં કછુ માંહી;
કબીર જયો બુડત, કછુએ ન બંચ્યા, બુડ ગયા હે માંહી સંતો.....૩

卐

૧. પૃથ્વી, તેજ, વાયુ, જલ, આકાશ એ પાંચ તત્ત્વો
૨. સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણો

## પદ-૨૦

રામ નામ જબ જાની સંતો, રામ નામ જબ જાની;
પૃથ્વી તેજ પવન નભ પાની; પાંચો ગગન સમાની. .....ટેક૦
કોણ મરે કોણ જનમે ભાઈ, કોણ જીતે કોણ હારે;
જલકી લહેર જલહીંસે ઊપજે, કોણ તરે કોણ તારે. સંતો.....૧
જયોં જલ કુંભ જલહીમેં ધરીયા, બાહર ભીતર પાની;
ફૂટા કુંભ જલ હી જલ મિલીયા, શો ગતિ વીરલે જાની. સંતો.....૨
હે જલ થાહ[1] થાહે નહીં પૈઈએ, સાહેર સુરતી સમાની;
ઢીમર જાલ ડાલ કયોં કર ગયે, મીન હો ગયે પાની સંતો.....૩
ગુરુ ઉપદેશ ભકિત બિના હરિકી, અજ્ઞાન લોચન નહીં સૂઝે;
કહે કબીર ગુંગેકી સમશ્યા, ગુંગા હોયે સો જાણે સંતો.....૪

卐

૧. પ્રવાહ

## પદ-૨૧

હરિજન ભકિત ન છાંડે, સંતો ભાઈ હરિજન ભકિત ન છાંડે;
તન સુખ સંપત્તિ જાવે સો જાવે, નામકા સનેહ જગાવે સંતો.....૧
શુર હથિઆર ઢળે નહીં ધરતી, જેમ વૈરી કો દલ કાંપે,
ગ્રહી તરવાર સામા જોઈ ધાવે, સ્તંભ દેહી પાવ રોપે સંતો.....૨
કેસરી ઘાસ ખાય નહીં કબહુઁ, પ્રાણ નિકલ કયોં નવ જાયે,
કહે કબીર જન નામ ઉચ્ચારો, ઔર ન સમરો કાંઈ સંતો.....૩

卐

## પદ-૨૨

એક પલક જો રહીએ શ્રી મથુરામેં એક પલક જો રહીએ,
જન્મો જનમના પાપ કરત હૈ કૃષ્ણ કૃષ્ણ મુખે કહીએ.....ટેક૦
શીતલ જલ જમુનાજી કોની, રૂચિત રૂચિત જલ પીએ,
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, ભાગ્ય વિના કશું લઈએ.....૧

卐

## પદ-૨૩

ગૌચારી[1] ઘેર આવે શ્યામળિયો વ્હાલો ગૌચારી ઘેર આવે
પીંઢોરો પરવર્યો મોહન, મધુરી શી મુરલી બજાવે શ્યામળિયો..ટેક૦
ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે,
શ્યામ તણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે શ્યામળિયો.....૧
અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું,
નરસૈંઈના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું શ્યામળિયો.....૨

卐

૧. ગાયને ચારી

## પદ-૨૪

જોવા વ્રજનો વ્હાલો ચાલો, સખી જોવા વ્રજનો વ્હાલો,
વેળા થઈ વનથી આવ્યા નહીં, વ્હેલા વ્હેલા ચાલો.....ચાલો સખી ટેક૦
વ્રેહની[1] વનિતા ઘેર ઘેર ડોલે, સખીઓ સખીઓને તેડે
કોઈ આવી કોઈ દ્વારે ઊભાં, કોઈ ચૌટે ને કોઈ મેળે.....૧
કોઈ કોઈના કરમેં મુકતાફલ,[2] કોઈ કર કંચનથાળી;
અબળાં સૌ આવીને ઊભાં, જોવાને વનમાળી.....૨
વ્રજનો વ્હાલો ગૌધેનૂ સંગે, નાચતો ઘેર આવે;
વલ્લભના સ્વામીને નીરખી, અબલાં મોતીડે વધાવે.....૩

卐

૧. વિરહમાં મશગૂલ ૨. મોતી

## પદ-૨૫

ખેલત ચારો ભાઈ, શ્રી આંગનામેં ખેલત ચારો ભાઈ,
રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, શોભા વરણી ન જાઈ શ્રી આંગનામેં..ટેક૦
ચાર રત્નો ખેલ રચ્યો હૈ, ફૂલન કી ગેંદ બનાઈ,
તીન લોક જાકે સકલ સંપ્રદા, અવધપુરી ચલી આઈ શ્રી આંગનામેં..૧
ઠેર ઠેર મુનિજન કે આશ્રમ, બેઠે ધ્યાન લગાઈ,
રાજા દશરથ ઘેર નૌબત બાજે, ઘેર ઘેર બાજત વધાઈ શ્રી આંગનામેં..૨
શિવ સનકાદિક[1] ઔર બ્રહ્માદિક, શેષ સહસ્ર મુખે ગાવે,
કીટ મુગટ કર ધનુષ બિરાજે, દશરથ સુત રઘુરાઈ, શ્રી આંગનામેં..૩
કનક ભુવનમેં રત્ન સિંહાસન, ત્યાં બૈઠે રઘુરાઈ,
માત કૌશલ્યા કરત આરતી, આનંદ ઉર સમાઈ શ્રી આંગનામેં..૪
સરયુ કે તીર અયોધ્યા નગરી, અપને હાથ બનાઈ,
તુલસીદાસ કહે ધન કૌશલ્યા, ભાગ્ય બેડો જીન પાઈ શ્રી આંગનામેં..૫

卐

૧. ઋષિઓમાં સનક, સનંદન વગેરે

## પદ-૨૬

સીતારામ ઉપાસી, આયે મેરે, સીતારામ ઉપાસી,
ભાલ તિલક, તુલસી કી માલા, અવધપુરી કે વાસી આયે મેરે.....ટેક૦
તીર્થ વ્રત સબ કરી આંયે, કોટિ ગંગા ઔર કાશી,
ચરણ ધોઈ ચરણોદક[1] લીજે, ચતુર ટળી ચતુરાશી આયે મેરે.....૧
રામ હી છોડ અન્ય ઉપાસે, સો નર જમપુર જાશી,
તુલસી દાસ રઘુવરકે ચરણે, પ્રેમ સહિત પ્રકાશી આયે મેરે.....૨

卐

૧. પગ ધોયેલું પાણી જેને ચરણામૃત પણ કહેવામાં આવે છે.

## પદ-૨૭

નયણે નારાયણ નીરખું, સંતો નયણે નારાયણ નીરખું,
જો દિન ભકત સંતકી સેવા, સોઈ દિન તે લેખું સંતો.....ટેક૦
ચરણ સોઈ નર સમ કીનો, કરશું હરિને પૂજયા,
શિષ સોઈ નમે સંતનકો, રસના ઔર ન દૂજા સંતો.....૧
આ સંસાર હાટ કા મેલા, સબકો-વણજે[1] આયા,
એકે લાભ ચો ગણા પાયા, એકે મૂલ ગમાયા સંતો.....૨
આતમરામ દેહ ધરી આયા, તાહિં મેં હરિ પેખુ,
નામદેવ કે સ્વામી અંતર્યામી, હરિ બિન અવર ન લેખું સંતો.....૩

卐

૧. ઋણાનુબંધે

## પદ-૨૮
(રાગ-ગોડી)

કલિયુગમેં હરિ કીર્તન સાર, વેદ પુરાણ શાસ્ત્ર શોધ કે;
સબ સંતન મિલી કિયો હૈ વિચાર, કલિયુગમેં હરિ કીર્તન સાર.....ટેક
સતયુગમેં સૌ વિષ્ણુ ઉપાસી, ત્રેતા તપ, પરે આચાર;
કલિયુગમેં એક રામ ભજન કરી, અનેક પતિત ભવ ઉતરે પાર.....૧
વિધિ નક્ષત્ર[1] કલિયુગમેં કાચો, સાચો હરિ કો નામ આધાર;
જન જ્ઞાની સતગુરુ સમજાવે, રામ સુમ મન વારંવાર.....૨

卐

૧. વિધિ વિધાન

## આરતી

### પદ-૨૯

આરતી હો, દેવ શિરોમણિ તેરી, અવિગત[1] વિગત જુગત નહીં જાણું,
કર્યો પહોંચ બુધ[2] મેરી, આરતી હો દેવ શિરોમણિ તેરી....ટેક
નિરાકાર નિર્લેપ[3] નિરંજન, ગુણ અતીત તુમ દેવા,
જ્ઞાન ધ્યાન સે રહે ન્યારા,[4] કિસબિધ કીજે સેવા આરતી....૧
નિગમ[5] નેતિ[6] બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન વરે નીશીબાસર,[7] સો ભી અગમ[8] બતાવે આરતી....૨
સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લખીએ ન જાયે,
કહે કબીર કૃપા કરી જન[9] પર, જર્યો હૈ ત્યોં સમજાયે આરતી....૩

卐

૧. પ્રભુ જાણી શકાતા નથી માટે અવિગત-જેની માહિતી નથી તેવા
૨. યુકિત-જાણવાની યુકિત પણ નથી ૩. અલિપ્ત-વેગળા
૪. જ્ઞાન ને ધ્યાનતી જાણી શકાતા નથી માટે અનોખા
૫. શાસ્ત્રો ૬. 'આ નહિ','આ નહિ', આવી નકારાત્મક પદ્ધતિથી
૭. રાતદિવસ ૮. જાણી શકાય નહિ એવા ૯. જેના પર

### પદ-૩૦

આરતી કીજે નરસિંહ પ્રભુકી, વેદ વિમલ જશ ગાવે...ટેક
પહલી આરતી પ્રલ્હાદ ઉગારે, હિરણ કશીપુ નખ ઉદર બિડારે.....૧
દુસરી આરતી વામન સેવા, બલિ કે દ્વારે પધારે હો દેવા.....૨
તીસરી આરતી બ્રહ્મા સધારે, સહસ્રા બાહુ કે કારજ સારે....૩
ચોથી આરતી અસુર સંહારે, ભકત વિભીષણ લંકા સધારે....૪
પાંચમી આરતી કંસ પછાડે, ગોપી ગ્વાલ સખાવતિ પાલે.....૫
તુલસી કે પત્ર કંઠ મણિ હીરા, હરખી નીરખે ગાવે દાસ કબીરા.....૬

卐

## પદ-૩૧

આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે, ભકિત કરો તો જમકો જવાબ દીજે....ટેક
પહલી આરતી પુષ્પ કી માલા, કાલિ નાગ નાથી લાયે કૃષ્ણ ગોવાળા....૧
દુસરી આરતી દેવકીનંદન, ભકત ઉધ્ધારણ[1] કંસ નિકંદન....૨
તીસરી આરતી ત્રિભુવન મોહે, રત્નસિંહાસન રઘુવર રામજીકો શોહે....૩
ચોથી આરતી ચૌંદિશ[2] પૂજા, દેવ દેવ નિરંજન સ્વામી ઔર ન દૂજા....૪
પાંચમી આરતી રામજીકો ભાવે, રામજીકો હરિ જશ નામદેવજી ગાવે....૫

卐

૧. ઉધ્ધારને માટે   ૨ ચારે તરફ

## પદ-૩૨

ઐસી આરતી કરો મન જ્ઞાની, હર પલક ન વિસરૂં સારંગપાણિ[1]
પાંચ[2] પચ્ચીસ કા કરો હો વિચારા, જયોત મેં આત્મા રામજી પ્યારા
ઐસી આરતી...૧
પ્રેમકા ધૂપ સુરત કી બાતી, બ્રહ્મ કી જયોત અખંડ દિનરાતિ
ગુરુ ગોવિંદની આરતી કરલે, કહે કબીર ભવસાગર તરલે
ઐસી આરતી...૨

卐

૧ રામ   ૨ પચીસ પ્રકૃતિનાં તત્ત્વો-પાંચ કર્મન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ વિષયો, પાંચ પ્રાણો, પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ

## પદ-૩૩

ઐસી આરતી ત્રિભુવન તારી, તેજપુંજ જહાં પ્રાણ આધારે....ટેક
બાતી[1] પાંચ પુષ્પ[2] કર પુજા, દેવ નિરંજન સ્વામી ઔર ન દુજા આરતી.....૧
દીપક ધ્યાન શબ્દ ધુની ઘંટા, પરમ પુરુષ જહાં દેવ અનંતા આરતી.....૨
ગગનથાળ જહાં ઉડુગણ મોતી, ચંદ સૂરજ જહાં નિર્મલ જયોતિ આરતી....૩
તનમન શિષ સમર્પણ કીજે, પ્રગટ જયોત જહાં આતમસીઝે આરતી....૪
પ્રેમ પ્રકાશ સકલ ઉજિયાળાં, ગાયે કબીર જન દાસ તુમ્હારા આરતી....૫

卐

૧. દિવેટ   ૨ પાંચ ફૂલો વડે-અહીં પ્રાણ રૂપી ફૂલો વડે- પાંચ પ્રાણો આ પ્રમાણે છેઃ
પ્રાણ, અપી, વ્યાન, ઉદાન, ને સમાન

## પદ-૩૪

જૈ જૈ આરતી રામજી તુમ્હારી, દીન દયાલ ભકત હેતકારી....ટેક૦
જનહિત પ્રગટે હરિ પધારે, જન પ્રલ્હાદ પ્રતિજ્ઞા પાલે....૧
દ્રુપદ સુતા કે ચીર બઢાવે, ગજ કે કારણ પાદે ધાયે....૨
દશ શીશ છેદ વીસ ભુજ તોડે; સુર[1] તેત્રીશ કે બંધન છોડે....૩
રાવણ જીત રામ ઘર આયે, રામાનંદ સ્વામી હરિગુણ ગાયે....૪

卐

૧ તેત્રીસ કરોડ દેવતા

## પદ-૩૫

આનંદ આરતી હરખ અપારે હરિજન આયે મેરે પ્રાણ આધારે...ટેક
સંતો દર્શન મેં ત્રણ તાપ નિવારે, જન્મ મરણ ભવસાગર તારે...૧
શાક પાક મિલી ભોજન પાવે, સંત સંગત મિલી હરિગુણ ગાવે...૨
ઘેર ઘેર મંગલ હોત વધાઈ, જન જીવણ તહાં બલ બલ જાયે...૩

卐

## પદ-૩૬

આરતી કીજે ગુરુ રામાનંદકી, કોટિ કોટિ ઉદય ભયે રવી ચંદા...ટેક
જે ઘેર સેવક અનંત અપારા, આરતી ગાવે સબ ન્યારા ન્યારા...૧
બાજા અનંત અનહદ બાજે, રૂપ સહિત હરિ અટલ બીરાજે...૨
ભકત મુકત ગુરુ ગોવિંદા, કર્મ ભ્રમકા કાટે ફંદા...૩
આરતી કરી ઉતરે ભવપારા, જન જ્ઞાની ઉપદેશ કબીરા...૪

## પદ-૩૭

આરતી બંદી છોડ સમર્થકી,[1] પાવન નામ મુકિત હોયે જીવકી...ટેક
પાવન આરતી પૃથ્વી ઉધ્ધારે, સતયુગમેં સત શબ્દ પ્રસારે...૧
આરતી કલિયુગ પ્રગટી આયે, ત્રેતા રઘુપતિ નામ ધરાયે...૨

આરતી કર મુખે મંગલ ગાયે, દ્વાપુરમેં[2] કૃષ્ણ નામ ધરાયે...૩
આરતી કર કર બંદી[3] આશા, કલિયુગ માંહે કબીર પ્રકાશા...૪
ચારો યુગ ધર્યો એક શરીરા, આરતી ગાવે દાસ કબીરા...૫

卐

૧. શકિતશાળી, કબીર સાહેબને બંદીછોડ કહેવામાં આવે છે કારણ કે તેઓ સર્વ મનુષ્યોને અજ્ઞાનમાંથી, આધિ-વ્યાધિ-ઉપાધિઓના બંધનમાંથી મુકિત અપાવી શકે એવા શકિતશાળી હતા.
૨. ચાર યુગો ગણાય છે- સતયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ, કલિયુગ, ૩. બંધનવાળા

## પદ-૩૮

સંધ્યા આરતિ રામજી તુમ્હારી, અનહદ ધુની ગુરુ જ્ઞાન બડાઈ....ટેક
તનકો તેલ, દયા કરો દીપક, બ્રહ્મ અગમ મન પાવન સમીપ સંધ્યા...૧
પાંચો બાતી નિર્મલ જયોતિ, સુરત ચમર લે આઈ સંધ્યા...૨
પ્રેમકા પુષ્પ, ધર્મકા ધ્યાન, ચિત્ ચંદન ખસે આગે આના સંધ્યા...૩
અવિગત[1] રૂપ ધર્મ પ્રકાશ, આરતી ગાયે દાસ કબીરા સંધ્યા...૪

卐

૧. જેની માહિતી કોઈને નથી એવા

## પદ-૩૯

શ્રી[1] પદ્મનાભ[2] પરિબ્રહ્મ[3] પુરુષોત્તમ[4] પેઢે નહિ રે,
હરિ[5] અવિગત[6] ગોવિંદ[7] સંતજી[8] રે સહાય કરો શ્રીપતિ[9] ધણી[10] રે,
હરિ ચત્રુભુજ[11] શ્યામલ વર્ણ[12], સારંગધર[13] સોહામણો રે,
હરિ રૂંવડેલો[14] વૈકુંઠ નાથજી[15] રે, દુકીત હરણ[16] દામોદર[17] રે,
હરિ નિરંજન[18] નિરાકાર,[19] નિષ્કલંક[20] પુરુષે[21] અરાધીયે રે,
ધન ગાયે દ્વારીકા નાથજી[22] રે, શ્યામલ[23] સોહામણો રે,
હરિ સેવ્યો સમર્થ[24] સાર,[25] પાર એનો કોઈ નવ લહે રે,[26]
હરિ સોહે છે અવિનાશ[27] વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી[28] રે,

હરિ માધવ[૨૯] મુકુંદ[૩૦] મોરાર,[૩૧] મહાદેવ[૩૨] સોહામણો[૩૩] રે,
હરિ ભકિત મુકિત દાતાર[૩૪] લ્યો રે, નારાયણ[૩૫] છે નિર્મલો[૩૬] રે,
સદા સારંગધર[૩૭] શું વિચાર, પાર લૈ કાનૈયો[૩૮] આત્મા[૩૯] રે,
આવી વેગે મળ્યો વિશ્વાસ, તારોની, ત્રિભુવન ટળવળે રે,
જીવ તો મોહ્યા છે કુલમાં, કલિકાલે જીવ જંપીઓ રે,
હરિ વિના ન લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટયો રે,
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય, વ્હાલો વૈષ્ણવવજન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ધણીનો રે,
હરિનો આવ્યો જયારે મન વિશ્વાસ, ત્યારે પાસ[૪૦] છૂટયા ચાર ખાણના[૪૧] રે,
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે.

卐

દોહરો

આદિ અનાદિ એક તું, સ્થાવર જંગમ તારૂં નામ.
તુ અમર ને તારૂં નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

卐

૧ થી ૩૯ સુધીના શબ્દો પ્રભુનાં નામો છે. વિષ્ણુસહસ્રનામનો જપ કરવાની વૈષ્ણવોની પ્રથા છે. તેમાંથી આ નામો લેવામાં આવ્યા છે. પ્રભુના નામનું સંકીર્તન કરવાથી પ્રભુની કૃપા પ્રાપ્ત કરી શકાય છે એવી ભકતજનોની દૃઢ માન્યતા છે. ૪૦. બંધન ૪૧. ચારે ખંડના

## બેઠકનાં પદો

### પદ-૪૦

લાડકડા મનવા તું, હરિ ભજ, વિલંબ ન કર રે,
લાડકડા મનવા તું, સમજી, સુમારગ ચલ રે...ટેક
કામ ક્રોધ મદ લોભ નિવારો, તૃષ્ણા[૧] દુર્મતિ[૨] કપટ વિસારો;
લે ગુરુ જ્ઞાન દીપક અજવાળાં, તો તેરો મિટ હૈ તિમિર રે લાડકડા...૧

લક્ષ ચોરાસી તું ભમી ભમી આવ્યો, મનષા જન્મ પદારથ પાયો,
હીરો હાથ બહોર[૩] નહીં આવે, તું મોક્ષ, મુકત અવસર રે લાડકડા...૨
પડદા ખોલ મગ્ન હોઈ રાચ્યો,[૪] પુરણમત્ત પ્રભુ સોહી રંગે રાચ્યો
પરધન પરદારા પરત્યાગી, તું પરનિંદા પરહર રે લાડકડા...૩
ગજપતિ છત્રપતિ ભૂપ કહાવે બૈઠે તખ્ત પર ચમર ઢોળાવે,
એ સુખ સ્વપ્ને કશું તેરે નાંહિ કાલચંદ્રસે[૫] ડર રે લાડકડા...૪
આ તનકો સુખ શુદ્ધ લગાવે, ષટ્રસ[૬] અમૃત ભોજન પાવે,
આ તન કોડી કામ ન આવે, જબ ઉડ ચલે ભ્રમર રે લાડકડા...૫
લાખે કોડે પદ્મ[૭] નહીં પાવે, જે પલ તો હે સતગુરુ વિના જાયેં,
જીતી જન્મ પદારથ પાવે, જો તું સમરે સતગુરુ રે લાડકડા...૬
માત પિતા સુત બંધુ દારા સબ તજી ચલ્યો હૈ અંતકી બેરા,
ચેત ચેતનકર ચેત સવેળા, તું ચેત અલખ[૮] અમર રે લાડકડા...૭
આ તેરા અવસર, આ તેરી બારી, કાં જીત્યો, કાં બાજી હારી,
કહે કબીર મેં પ્રગટ પોકારૂં, તું જીવિત હૈ અમર રે લાડકડા...૮

卐

૧. ઈચ્છા વાસના ૨. ખરાબ બુધ્ધિ ૩. વારંવાર ૪. આનંદ માનવો ૫. મૃત્યુથી
૬. ખાટો, મીઠો, કડવો, તૂરો, ખારો એવા છ રસવાળું ૭. કમળ ૮. લક્ષમાં ન આવે એવા

## પદ-૪૧

મેરે પિયુ તો બસે રે અગમપુરી, મિલના કૈસે હોય મેરે...ટેક
હાંજી ઢુંઢત ઢુંઢત મેં જરજર્યાં,[૧] ખેવટ[૨] મત બાલ,
વ્રેહ[૩] રૂપી નદીઓ વહે, કિસબિધ ઉતરું પાર. મેરે...૧
હાંજી[૪] પત્તિયાં લખી લખી ભેજતી, કોઈ ન કહે રે સંદેશ,
ઉસે નગરીમેં બાલમ બસે, કોન કહા એ દેશ. મેરે...૨

પાપ પુન્ય દોઉ વાણી, વિષયા લગી રે બજાર,
કેતે ક સોદા કર ગયે, કેતે ક આવનહાર. મેરે...૩
કહે કબીર સુનો સાધુઓ, સબ મિલિ કરો વિચાર,
પહલે પર્ચે ગુરુ મળ્યા, દૂજે સરજન હાર. મેરે...૪

卐

૧. પ્રત્યેક સ્થળે અથવા જરેજર જગ્યામાં ૨. શોધ ૩. વિરહ
૪. ગાવા માટે તાલયુકત શબ્દ

## પદ-૪૨

રામ રસ પીજો રે નરનાર, હરિ રસ પીજો રે નરનાર....ટેક
રત્ન પદારથ સાર દેહી તેં સુંદર પાઈ
કર કર ઓછા કર્મ, ભૂલ મત્ત કહાં ગુમાયા,
સ્વર્ગ લોક ઈચ્છે સદા રે, મનષા દેહી અવતાર,
કાચ મણિ કરમેં લિયો, હીરો ખોજ ગમાર રામ રસ...૧
અન્ય દેવકો ધાઈ કુશળતા, કહાં સે પાવે,
કરે ન સંતકી સેવ, હેત સે કુટુંબ જમાઈ,
માઠા ખર્ચે રામકી રે, આપ લેત લડાઈ,
પરમાર્થ કી ગમ નહીં, ફિર ચોર્યાશી પાઈ રામ રસ...૨
તીર્થ વ્રત, સ્નાન કસ કરી, બહુત ભુલાઈ,
યોગ યજ્ઞ, તપ દાન કિયે, કશું રામ ન પાઈ,
આતમ દેવ ચીન્યા[1] વિના, તબ લગી જુઠી સેવ,
જે કરે સૌ ભ્રમણા, કહૅાં તીર્થ કહા દેવ રામ રસ...૩
રામ રસ પીયા, ચાહે તો ભેદ સદગુરૂ પે લીજે,
હેત કર હો પહિચાન, પ્રેમશું એ હી રસ પીજે,
કહે કબીર પરિબ્રહ્મ કી, જલતે જયોત અખંડ,
અરધ ઉરધ[2] ઘાટમેં, તુમ નિશદિન ખેજો પિંડ રામ રસ...૪

卐

૧. બતાવ્યા ૨. ઉરધ અટલે ઊંચે ને અરધ એટલે નીચે- મતલબ કે બે ભમરની વચ્ચે આજ્ઞાચક્રમાં દષ્ટિ જોડીને શોધો

## પદ-૪૩

અબ કર્યોં ન ચેતો રે નરનાર, અબ કર્યોં ન ચેતો રે નરનાર...ટેક

નરનારી દોઉ મિલકે, તુમ કહૉ કમાયે,
વિષયા[1] લાગી સ્વાદ, સાંઈ શુરંગ[2] ન લાગે,
ભક્તિ વિસારી રામકી રે, ઈન્દ્રિય કેરે સ્વાદ,
બેર બેર તોયે કહું કહું રે, જન્મ ગુમાયો બાદ    અબ કર્યોં...૧

માતપિતા સુત નાર, બહુત તોહીં મીઠી લાગે,
સ્વપ્ના સરખો સ્વાદ, દેખ ગુરુગમ સે ન જાગે,
સ્વાર્થે કે સર્વે મળ્યા રે, આન[3] મળ્યો પરિવાર,
બહુત જનત કરી બાંધ્યો રે, દિયો ભવસાગર પાર    અબ કર્યોં...૨

કર સાચો વેપાર, જાહિ મેં ખોટ ન આયે,
કર્મ ભ્રમકી[4] બાદ ચોરાશી,[5] તેરી મિટહી જાયે,
સેવા કીજે સંતકી રે, જા મેં જ્યોતિ પ્રકાશ,
નરનારી દોઉ મિલકે રે, કરો બ્રહ્મ મેં વાસ    અબ કર્યોં....૩

સતગુરુ કે પ્રતાપ રૂપ અપનો, કર જાનો,
હેત કર હોયે પહિચાન[6] ભાવ મન આનો,
કહે કબીર હિલ મિલ રહો રે, અપને પિયુકે સંગ,
બ્રહ્મજ્ઞાનમેં[7] ઝીલ રહો નરનારી એક રંગ    અબ કર્યોં...૪

卐

૧. વિષયોમાં રાચવાથી  ૨. પ્રભુ સાથે રંગ-પ્રીતિ થાય નહિ  ૩. આવી મળ્યો  ૪. અજ્ઞાન
૫. જન્મમરણના ફેરા  ૬. ઓળખાણ  ૭. પ્રભુના જ્ઞાનમાં

## પદ-૪૪

જો ને વિચારી તું જીવડા, શા સુખમેં, મોહી રહ્યોજી...ટેક

આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવુંજી,
વચમેં સંબંધ શા કામના, માયા જાળમેં[1] બંધાયોજી,   જોને...૧

મારૂં મારૂં શું કરી રહ્યો, નહિ મળે તારું તનજી,
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી   જોને...૨

ધન રે મળ્યાનો ધર્મ એજ છે, જે કાંઈ હાથે વપરાયજી,
અંત સમે સહુ મે'લી[2] જશે, પલમેં થશે પરાયોજી જોને...૩
જમ રે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાશીમેં[3] ઠેલીજી,
દારુણ[4] દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી જોને...૪
સાચું સગપણ હરિગુરુ સંતનું, જીવને જાલમેંથી[5] કાઢેજી,
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને[6] ભેટાવેજી જોને...૫
માની શકે તો માનજે, લેવો મનષાનો[7] લ્હાવોજી,
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવજી[8] જોને...૬

卐

૧. માયા મનમાં રહેલી છે. તેમાંથી મમતાના તાંતણા વડે જાળ બંધાય છે. ક્ષણિક સુખમાં જીવ રાચે છે. ઈશ્વરને ભૂલી જાય છે. ૨. મૂકીને ૩. જન્મ મરણના ફેરા ચોર્યાસી લાખ ગણાય છે. ૪. ભયંકર ૫. માયાની જાળમાંથી ૬. ઈશ્વરને ૭. મનુષ્યજન્મનો ૮. તક. મનુષ્ય જન્મમાં જ ઉત્ક્રાંતિ થઈ શકે. પ્રભુના દર્શનની તક માનવ દેહ દ્વારા જ સાધી શકાય.

## પદ-૪૫

મારું મન માન્યું રમતા રામ શું, ભજીલોની સરજનહારજી...ટેક
અર્ધ ઉર્ધ્વને[1] ચોતરે, ત્યાં છે સંતનો મુકામજી,
ચતુર ચતુર નર સોદા કરે, ત્યાં નહીં મૂરખનું કામજી મારૂં...૧
ચંદા સુરજ દોઉ સમવર્યા,[2] તખ્ત ત્રિવેણીને[3] ઘાટજી
અંતર અજવાળાં હોઈ રહ્યાં, વિઘ્ન[4] વ્યપે[5] ના અંગજી મારૂં...૨
ક્ષર અક્ષરની[6] ઉપરે, હંસ[7] પહોંચ્યા ત્યાં જાયજી,
કર્મ ભરમ વ્યાપે નહીં, સુખમેં રહ્યો સમાયજી મારૂં...૩
અરસપરસ એમ હોઈ રહ્યાં, બાજે અનહદ તૂરજી,[8]
દાસ કબીર નિર્ભય[9] ભયા, લાગી અલખ[10] શું લયજી મારૂં...૪

卐

૧. બે ભ્રમરની વચ્ચે આજ્ઞાચક્ર આવેલું છે તે જગ્યા
૨. સરખા થયા અથવા તો શાંત થયા ૩. ઈડા, પિંગલા ને સુષુમ્ણા નાડી જયાં ભેગી થાય છે તે જગ્યા
૪. વિક્ષેપો- સંકટ ૫. ફરી વળે ૬. ક્ષર એટલે નાશવંત અક્ષર એટલે જે નાશવંત નથી તે
૭. આત્મા અથવા જીવ ૮. શરીરમાં જે ચેતન તત્ત્વ છે તે શરીરની બહાર ચરાચરમાં વ્યાપેલા ચેતન તત્ત્વ સાથે એકરૂપ બને ત્યારે અપાર આનંદનો અનુભવ થાય. તૂર વાગે ત્યારે સાંભળનારને જેવી મસ્તી ચઢે તેવી મસ્તીનો અનુભવ થાય. ૯. જન્મમરણના ભયથી રહિત બની જવું તે
૧૦. લક્ષમાં ન આવે તેવા પ્રભુમાં મનનો લય થઈ જવો.

## પદ-૪૬

જનુની જીવો રે ગોપીચંદની, પેરનો પુત્રને પ્રેર્યો વૈરાગજી,
ઉપદેશ આપ્યો એણી પેરનો,[1] લાગ્યો સંસારીકો આગજી....ટેક
ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યા કઠણ વચનજી;
રાજસાજ સુખ પરહણી, વેગે ચાલ્યા વનજી...૧
ઊઠી ન શકે રે ઊંટિયો,[2] બહુ બોલાવ્યો બાજંદજી;[3]
તેને દેખી ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડયો ફંડજી...૨
ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસેં નારજી;
મંદિર ઝરુખા મેલી કરી, આસન કીધેલાં બહારજી...૩
એ વૈરાગ્યવન્તને[4] જાઉં વારણે,[5] બીજા ગયાં રે અનેકજી;
ભલા રે ભૂંડા અવની ઉપરે, ગણતાં ના આવે છેકજી...૪
કયાં ગયું કુલ રાવણ તણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન[6] વેવારજી;...૫
છત્રપતિ ચાલી ગયા, રાજ મુકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપનજી;...૬
સમજી મૂકો તો સારૂં ઘણું, જરૂર મુકાવે જમજી;
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઈ સમજી...૭

卐

૧. તરફનો ૨. ઊંટ ૩. સવાર અથવા હાંકનાર
૪. સંસારની માયાથી જેઓ વેગળા બની ગયા છે તેવા ગુરૂ ૫. ભેટયા
૬. સંસાર અને તેનો વ્યવહાર સ્વપ્ના જેવો મિથ્યા છે.

## પદ-૪૭

ત્યાગ[1] ન ટકે રે વૈરાગ્ય[2] વિના, કરીએ કોટિ ઉપાયજી;
અંતર ઊંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાયજી...ટેક

વેષ લીધો વૈરાગ્યનો, દેશ[3] રહી ગયો દૂરજી;
ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી...૧

કામ ક્રોધ લોભ મોહનું, જયાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગવો થાયજી...૨

ઉષ્ણ રતે[4] અવની વિષે, બીજ નવ દીસે બહારજી;
ઘન[5] વર્ષે વન પાંગરે, ઈન્દ્રિય વિષય અપારજી...૩

ચમક દેખીને લોહ ચળે, ઈન્દ્રિય વિષય સંજોગજી;
અણ ભેટયે રે અભાવ છે, ભેટયે ભોગવશે ભોગજી...૪

ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથજી;
વણસ્યો[6] રે વર્ણાશ્રમ[7] થકી, અંતે કરશે અનરથજી...૫

ભ્રષ્ટ[8] થયો જોગ ભોગથી, જેમ બગડયું દૂધજી;
ગયું ઘૃત[9] મહીં માખણ થકી, આપે થયું અશુદ્ધજી[10]...૬

પલમાં જોગી ને ભોગી પળમાં, પળમાં ગૃહીને ત્યાગીજી;
નિષ્કુળાનંદ એ નરનો, વણ સજયો વૈરાગજી...૭

卐

૧. સંસારને છોડી વનમાં ચાલ્યા જવું તે
૨. મનમાં વિરાગની માત્રા વધે ત્યારે વીતરાગ અવસ્થા થાય
૩. ઉદ્દેશ-પ્રભુ મિલનનો હેતુ બાજુએ રહી જાય
૪. ઋતુએ ૫. ઘન એટલે વાદળ ૬. બગડયો
૭. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હોય પણ નહિ સાચો ગૃહસ્થ રહી શકે કે નહિ સંન્યાસી થઈ શકે. આમ જીવન વેડફાઈ જાય.
૮. પતન થયું ૯. ઘી ૧૦. પોતાની રીતે સમજયા વગર જીવનને બરબાદ કર્યું.

## પદ-૪૮

જંગલમાં વસાવ્યું રે જોગીએ, તજી જેણે તનડાની આશજી;
વાત ના ગમે રે વિશ્વની, આઠે પહોર ઉદાસ જી...ટેક
સેજ તળાઈ પર પોઢતાં, મંદિર ઝરૂખાની માંહી જી;
તેને નહિ તરણાં[૧] સાથરો, રહેતાં તરૂવર[૨] છાંયજી...૧
શાલ દોશાલાં[૩] ઓઢતાં, છીણી જરકશી[૩] જામાજી;
તેણે રાખી કંથા ગોદડી, રહેતાં સંતની સાથજી...૨
હાજી કહેતાં હજારો ઊઠતાં, ચાલતાં લશ્કર લાવજી;[૪]
તે નર ચાલ્યાં એકલાં, પગમાં ન મળે પેજારજી[૫]...૩
ભાવતાં ભોજન જમતાં, અનેક વિધિના અન્નજી;
તે રે માગવા લાગ્યાં ટુકડાં, ભિક્ષા[૬] ભુવન ભુવનજી...૪
રહો તો રાજા રસોઈ કરૂં, જમતાં જાઓ જોગીરાજજી;
ક્ષીણ[૭] નીપજાવું ક્ષેણ[૮] એકમાં, તે તો ભિક્ષાને કાજજી...૫
અન્ન ને કારણે ઊભો જે રહે, એક એકની આશજી;
તે નહિ જોગી, ભોગી જાણવો, અંતે થાયે વિનાશજી...૬
ધન્ય એ ત્યાગ, વૈરાગ્યને, તજી જેણે સોળસે નારજી;
નિષ્કુળાનંદ કહે એ નરને, સદાકુલ નિસ્તારજી...૭

卐

૧. ઘાસ ૨. વૃક્ષ-ઝાડ ૩. ગરમ કે રેશમી ઓઢવા માટેનું વસ્ત્ર
૪. જરીથી સુશોભિત ૫. લાભ ૬. ભીખ ૭. પાતળું અથવા હલકું
૮. થોડી જ વારમાં

## પદ-૪૯

હું બલિહારી[૧] જાઉ વૈરાગ્યને ઉપજયો જેને અંગજી;
ચૌદ લોકની[૨] સાહયબી, ન ગમે સુખનો સંગજી...ટેક
દુખી દેખે જયારે દેહને, રાખે રાજીમાં મનજી;
અનર્થતો[૩] આધાર છે, ન કરે જાણીને જતનજી...૧

રાત દિવસ હૃદય વિષે, એવો વર્તે વિચારજી;
અરે હું કોણને કયાં જઈશ, તે હું કરૂં નિરધારજી...૨
સુખ ન ઈચ્છે સંસારનું, જાણે સુપન સમાનજી;
વાત ગમે રે વૈરાગ્યની, તન સુખ ત્યાગવા મનજી...૩
કરૂં રે ઉપાય હવે એહનો, ટાળી દેવું આ દેશજી;[૪]
કોઈ રે મને કહે આ કલ્પનું,[૫] તેને સોંપી દેવું શિશજી...૪
જયારે આતુરતા ઉપની, દેખી દેહ અનંતજી;
વાત ગમે નહિ વિશ્વની ન કરે કોઈ શું પ્રીતજી...૫
એવી દશા આવ્યા વિના, તન સુખનો રે ત્યાગજી;
ઉપરનો તો લજામણો, વગોવ્યા[૬] સરખા વૈરાગજી...૬
હરિ ગુરુ સંતે દયા કરી, આપ્યો એવો વિચારજી;
નિષ્કુળાનંદ કહે એ નરનું, સહેજે તરશે સંસારજી...૭

卐

૧. ફના થઈ જાઉં અથવા ધન્ય થઈ જાઉં
૨. પૃથ્વી ઉપરના સાત લોક ને પાતાળ નીચેના સાત લોક મળીને ચૌદ લોક
૩. ખોટો અર્થ  ૪. સ્થળ અથવા અવસ્થા  ૫. સમયે અથવા વખતે
૬. બાહ્ય ત્યાગ સાચો ત્યાગ નથી તેથી તે દ્વારા દેખાતો વૈરાગ્ય ટીકા ને પાત્ર ઠરે છે.

## પદ-૫૦

ભુલ્યો મન ભમરા[૧] તું કયાં ભમ્યો,[૨] દિવસને રાતજી
માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજયો નહિ શુદ્ધ વાતજી...ટેક
કુંભ કાચો ને કાયા જાવરું,[૩] જોઈને કરો રે જતનજી,
વણસંતા[૪] વાર લાગે નહિ, રાખે રૂડું ...૧
કોના છોરું, કોના વાછરું,[૫] કોના મા ને કોના બાપજી;
અંત કાલે જાવું એકલો, સાથે પુન્ય પાપજી[૬]...૨
જે ઘેર નોબત વાજતી, રુડા છત્રીશ રાગજી;[૭]
ખંડેર થઈ ખાલી પડયાં, કાળા ઉડે રે કાગજી...૩

જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી;
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠજી;...૪
ઉલટી નદી[૮] પૂર ઉતરી, જાવું પેલે પારજી;
આગળ નીર મળે નહીં, જે જોઈએ તે લેજો સાથજી...૫
સત્કર્મ સત્ વસ્તુ ઓ'રજો, ઈશ્વર સ્મરણ સાથજી;
કબીર જુહારીને નીસર્યા, લેખું[૯] સાહેબને હાથજી...૬

卐

૧. મનરૂપી ભમરો, ભમરા શબ્દથી મનની ચંચલતા ને લંપટતા વ્યકત થાય છે.
૨. કલ્પનાના ઘોડાઓ દોડાવી મન ઘણા મનસૂબા ઘડયા કરે છે. તેમાં જ રચ્યું પચ્યું રહે છે. પ્રભુને યાદ કરતું નથી ૩. બરડ અથવા પરિવર્તનશીલ ૪. વિનાશ થતાં
૫. ગાયના બચ્ચાને વાછરડું કહેવાય. છોરું વાછરું શબ્દો સાથે વપરાય ત્યારે તેનો અર્થ પુત્ર પૌત્રો થાય ૬. સારાં નરસાં કર્મો ૭. ભોજન છપ્પન પ્રકારનાં ગણાય તેમ રાગ છત્રીસ પ્રકારના ગણાય. ૮. મનથી વિરુધ્ધ જઈ પ્રયત્ન કરવાની પદ્ધતિ 'ઉલટી નદી' શબ્દ દ્વારા સમજવી ૯. સમસ્યા

## પદ-૫૧
## (રાગ-જંજીઠો)

જે કુલમેં[૧] કોઈ ભકત ન કહાવે, કુલકો કહૉ લજાવે;
ગર્ભ સહિત અને માતા કર્યોં ન મર ગઈ, ઐસા બેટા ન આવે...ટેક
જોરુ લડકા સબે મિલિને, માયામેં લપટાયે;
પાણી વલોવતાં માખણ નહિ આવે, તત્વ[૨] કહાઁસે પાયે...૧
બાહર ઉજળા ભીતર મેલા, ઘણા સ્વાદે ગાવે;
પ્રીત વિના પાનો[૩] નહિ આવે, વળી વળી વાંછરૂં ધાવે...૨
ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે, કોટી ધજ્જ કહાવે;
જો દીપકમેં જલે પતંગા, ઐસે આપ જલાવે...૩
સંત સંગતમે પલ નહિ આવે, જમકા હોર્યા જાવે;
કહે કબીર સુનો ભાઈ સાધુ, ફીર ચોર્યાશી[૪] પાવે...૪

卐

૧. કુળમાં કુટુંબમાં   ૨. સત્ય અથવા જ્ઞાનના અર્થમાં   ૩. વાછરડું માતૃભાવે ઉછરે છે. અરસપરસના સંબંધે પ્રીત જન્મે છે. માત્ર આંચળ ચૂસવાથી દૂધ પ્રાપ્ત કરી શકાય નહિ. પ્રભુ પરાયણતા દ્વારા જ ભકિત જન્મે છે અને સુખ શાંતિનો અનુભવ થાય છે.
૪. જન્મ મરણના ફેરા

## પદ-૫૨

જે ઘર કથા નહિ, હરિ કીર્તન, સંત નહિ મીજમાના;[1]
તે ઘેર જમરા ડેરા દિને, સાંજ પડે સ્મશાના...ટેક

મારું મારું[2] કરતાં મૂરખ મર જાઈગો, મિટે ન માન ગુમાના;
હરિ ગુરૂ સંતની સેવા ન કીધી, કિસબિધ હોયે કલ્યાણ[3]...૧

ફાલ્યો ફૂલ્યો ફિરત હૈ, કહૉ દેખડાવે અંગ;
એક પલકમેં ફંદ[4] હો જાયેગા, જૈસા રંગ પતંગા[5]...૨

નાભી કમલ બીચ દાવ ચલત હૈ; દ્વાદશ[6] નેન ઠરાનાં;
અર્ધ તખ્ત[7] પર નૂરત[8] નિસાના; સો સતગુરૂકા સ્થાના...૩

જ્ઞાન ગરીબી પ્રેમ બંદગી, સત્ નામ નિસાના;
વ્રેહ વૈરાગ્યે ગુરૂગમ જાગે, તે ઘેર કોટિ કલ્યાણ...૪

કાલ દાવમેં લઈ રહ્યો રે, કહૉ બુઢ્ઢો કહૉ જવાન;
કહે કબીર સુનો ભાઈ સાધુ, છોડી દો અભિમાન...૫

卐

૧. મહેમાનગીરી અથવા સત્કારની ભાવના  ૨. મમતા સ્વાર્થના કેન્દ્રમાં ખેંચે છે તેથી તે સિવાય અન્યમાં રસ પણ જન્મતો નથી. પરમાર્થનો વિચાર તો આવે જ કયાંથી ? ને 'હું' ને 'મારું' નાં કુંડાળાંમાંથી જીવ બહાર નીકળતો નથી   ૩. આત્મકલ્યાણ   ૪. નાશ
૫. જેમ અગ્નિમાં પતંગિયા નાશ પામે તેમ   ૬. બાર   ૭. પ્રાણની સામ્ય અવસ્થા
૮. જે દુન્યવી પદાર્થોમાં રત નથી તેવી ચિત્તની વૃત્તિ

## પદ-૫૩

તુચ્છ[૧] જીવનકે કારણે તું, કહૉં લગાવે મદ મસ્તી;[૨]
છૈયાં અપને દેખ દેખકે, મોહ તન માને હસ્તી[૩]...ટેક
મહેલ ખજાના બહુત સમેટી, દ્વારે બાંધ્યા હસ્તી;[૪]
કાલ અચાનક આઈ ચપેટે,[૫] છોડ ચલ્યો ઘર બસ્તી[૬]...૧
નિર્મલ[૭] સોદા કરલે પ્રાણી, જબ લગી સૌની જ[૮] ભસ્તી;
ભીડ પડે ભીરુ[૯] ના થઈએ, પલ પલ આવે કસ્તી[૧૦]...૨
સતગુરુ શબ્દ વિચારો પ્રાણી, છાંડો કુકર્મ કરતી;
સંત સંગત મિલી હરિગુણ ગાયે, કહે કબીરા ગોસ્ટી[૧૧]...૩

卐

૧. સામાન્ય ૨. અભિમાનની મસ્તી ૩. અસ્તિત્વ ૪. હાથ ૫. પકડે
૬. સંબંધને ૭. પવિત્ર ૮. બધાંની ૯. બીકણ ૧૦. હોડી ૧૧. છૂપી વાતો

## પદ-૫૪

રામનામ તત્ત્વ[૧] સાર જગતમેં, ભજી લો વારંવાર;
બેર બેર તો શીખં દેત હું, સમજયો કર્યો ન ગમાર...ટેક
લોભ લહેરકી નદી ચલત હૈ, લક્ષ ચોર્યાશી ધારા;
હલકે હલકે પાર ઉતર ગયે, પાપી સહે શિરભારા[૨]...૧
સુખ સંપત્તિ અરુ[૩] દોલત જયાદા,[૪] ઈનમેં કહૉં તુમ્હારા;
કહે કબીર સુનો ભાઈ સાધુ, હરિ ભજી ઉતરો પાર...૨

卐

૧. સત્યજ્ઞાન ૨. માથા પરનું વજન ૩. અને ૪. વધારે

## પદ-૫૫

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા;
પ્રેમ ધરી મંદિર પધરાવું, સુંદર સુખડા લેવા...ટેક
કોટિ તીર્થ સંતન કે ચરણે, ગંગા જમના રેવા;
ત્રિભોવન તારણ જગત ઉદ્ધારણ,[૧] મૂર્તિ અકલ[૨] અભેવા[૩]...૧

રત્નકો ભવન[૪] બાહર ભીતર, આનંદ રુપી એવા;
કહે પ્રીતમ ઓળખ અનુસારા, હરિજન તે હરિ જેવા...૨

卐

૧. ઉદ્ધાર માટે ૨. જાણી ન શકાય તેવી ૩. અખંડ અથવા અભેદ
૪. આત્મા કે ચૈતન્યનું ઘર

## પદ-૫૬
### (રાગ-ધૂન)

આયે હુકમદાર[૧] છોડો નગરી, ધરમરાય કે દૂત ફિરત હૈ;
ઢૂંઢત હૈ કોટડી, કોટડી, આયે હુકમદાર છોડો નગરી...ટેક
ઘડી એક વિલંબ કરો ધર્મરાજા, માયા સમેટી લે સઘળી...૧
મેં જાણું જે માયા સંગ ચલેગી, ધરી રહી દમડી ચમડી[૨]...૨
કહે કબીર સુનો ભાઈ સાધુ, માયા દેખી દુનિયા બગડી...૩

卐

૧. હુકમ ચલાવનાર યમદૂત ૨. ભૌતિક સંપત્તિ સાથે આવતી નથી તે તો અહીં જ રહી જાય છે. મરણ સમયે જ મનને ભાન થાય છે કે માયા તો અહીં જ રહી જાય છે. ચામડી સાથેનો દેહ પણ અહીં જ રહી જાય છે.

## પદ-૫૭

હરિના ભજન વિના ધિક્[૧] નરનારી, પ્રભુના ભજન વિના ધિક્ નરનારી
વૃથા[૨] જન્મ ધર્યો સંસારી, બિન સુમરણ બાજી હારી...૧
ગુરુ બિન ચેલા મુકિત ન પાવે, શબ્દ ન ચીને[૩] અહંકારી...૨
વિધવા નાર ધરે શણગાર, શોભિત નહીં બિન ભરથારી...૩
સુંદર નાર આભુષણ પહેરે, તીન લોક ફાસી[૪] ડારી...૪
કહે કબીર સુનો ભાઈ સાધુ, સબયુગ દેખોં અઁધિયારી[૫]...૫

卐

૧. ધિક્કાર છે ૨. નકામો ૩. બતલાવે ૪. ફાંસો ૫. અજ્ઞાન

## પદ-૫૮

હરિનો મારગ છે શૂરાનો[૧] નહીં કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત[૨] દારા. શીશ સમર્પે, તે પામે રસ[૩] પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા[૪] જોને.
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે[૫] જોને;
તીરે ઊભો જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની[૬] જવાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહીં પડયા તે મહાસુખ મા'ણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે[૭] જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનિદન નરખે જોને.

卐

૧. માયાના મોહમાં મન નિર્બળ બની ગયેલું હોય છે તેથી હરિના માર્ગે તે પ્રયાણ કરી શકતું નથી. શૂરવીર એટલે બળવાન મન જ આ પંથે આગળ વધે. ૨. સંપત્તિ ૩. સર્વ સમર્પણ કર્યા પછી હરિની કૃપાનો રસ પીવા મળે છે ૪. દરિયામાં ડૂબકી લગાવી મોતી શોધનારા ૫. ઈચ્છા તૃષ્ણા ફળતી નથી ૬. અગ્નિની ૭. ઓળખે અથવા જાણે

## પદ-૫૯

સંતે કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસોશ્વાસે સ્મરણ કરતાં, પાંચે પાતક[૧] જાય જોને.
કેસરી કેરે નાદે નાસે, કોટિ કુંજર[૨] જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સુખ જોને.
અગ્નિને ઉધેઈ ન લાગે, મહામણિને મેલ જોને;
અપા સિંધુ મહાજળ ઉડા, મરમીને[૩] મન સહેલ જોને.

બાજીગરની[૪] બાજી તે તો, જંબુરો[૫] સૌ જાણે જોને;
હરિની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે[૬] જોને;
સંત સેવતાં સુકૃત[૭] વાધે, સહેજે સીધા કાજ જોને;
પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડરાજ જોને.

卐

૧. પાંચ પ્રકારનાં પાપો ૨. હાથી ૩. જ્ઞાનીને
૪. ને ૫. જાદુગર જ પોતાની બાજીને જાણે છે બીજા તો ભ્રમમાં જ રહે છે.
૬. બંધાવું અથવા નથાઈ જવું. ૭. પુણ્યો

## પદ-૬૦

હરિ મહિમા મોટા જન જાણે, સનકાદિક શુકદેવ જોને;
અજતનયા ઉમિયાપતિ વંદે, કરે કમળાપતિ સેવે જોને.
વ્યાસવિરંચી વેદ વખાણે, અપારલીલા એની જોને;
નાથ વિના બીજો નહિ બળિયો, જોયું ચિત્તમાં ચીને[૧] જોને.
સદા સર્વદા સુખમાં ઝીલું, સુંદરવરને સંગે જોને;
માટે મારું મન મોહ્યું છે, રસિકવરને રંગે જોને.
અગર ચંદનના વનમાં જઈને, ભોગી ભમરો બેઠો જોને;
ઉડીને અળગો નવ જાયે, સ્વાદ સુખડનો દીઠો જોને.
કમલ નયનની સુંદર શોભા, નિરખું નૌતમ[૨] નિત્ય જોને;
પ્રીતમના સ્વામીને ચરણે, બાંધીપૂરણ પ્રીત્ય જોને.

卐

૧. બતાવે ૨. નિત્ય સુંદર

## પદ-૬૧

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે;
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ[૧] પાળજો રે.....મારી૦
પથ્યા પથ્ય[૨] નથી સમજાતું, દુઃખ સદૈવ[૩] રહે ઉભરાતું;
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે.....મારી૦

અનાદિ[૪] વૈદ્ય આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે ટાંચા[૫] વેળા વાળજો રે.....મારી૦
વિશ્વેશ્વર[૬] શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો;
મહા મુઝારો[૭] મારો, નટવર ટાળજો રે.....મારી૦
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો શું ઘઢ ઘેરાશે;
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે.....મારી૦

卐

૧. પ્રભુતાનો મોભો ૨. ચરી-યમનિયમ વગેરે ૩. હંમેશાં
૪. જેનો કોઈ પ્રારંભ જ નથી એવા ૫. ઓછા
૬. વિશ્વનું સંચાલન કરનાર પ્રભુ ૭. મૂંઝવણ

## પદ-૬૨

અમને અંત સમયે લેવા આવજો રે
શ્રીમદ્[૧] સતગુરુ નામ પ્યારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું[૨]
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે.....અમને.
વિકટ સમય સાચવજો વહાલા કહું કોટિ કરી કાલાવાલા
આવી દીનદયાળ દયા દર્શાવજો રે.....અમને.
વસમી અંતસમયની વેળા વહારે ધાજો વિઠ્ઠલ વહેલા,
પ્રણત[૩] પાસનું પહેલાં પણ પરખાવજો રે.....અમને.
મરકટ જેવું મન અમારું તત્ત્વ તોડે તાન તમારું
અંતરનું અંધારું સદ્ય[૪], સમાવજો રે.....અમને
દેજો દર્શન જનમનહારી, પરમકૃપાળુ વિરુદ તિહારી;
રત્નમય બલિહારી બાપ બચાવજો રે.....અમને

卐

૧. પ્રભુની શકિતઓથી સદૈવ વિભૂષિતને શ્રીમદ્ કહેવામાં આવે છે.
૨. શ્રેય ૩. ભકત-અહીં ભકિત ૪. તરત જ

## પદ-૬૩

હરિ ભજ હરિ ભજ હીરા પરખ લે, ખોજ પકડ તેરી મજબુતી;
તેરા સાહેબ તુજમેં જોઈ લે, જબ જાણું તેરી બુધ[1] મોટી.....ટેક
અંતર ઘટમે સતગુરુ પ્રકટયા, અનહદ જયોત[2] જલહલ રહેતી;
અકલ કલા[3] અવિનાશી પુરુષ, સતગુરુ દ્દષ્ટિમે જોતી.....૧
રણઝણ રણઝણ વેણ વાગે, જલ મલ જલ મલ હું જોતી;
ત્રિવેણીના મોલ પર, હંસલા ચૂગે[4] નીજ મોતી.....૨
પાંચ ચોર[5] બસે ઘટ ભીતર, ઉનકો કાટો શિરજોરી;
પાંચકો માર પચ્ચીસકો[6] જીતો, જબ જાણું તેરી બુધ મોટી.....૩
પાકી ઘડીકા તોલ બના, કભી ન રાખુ એક રતી;
કહત કબીર સુનો ગોરખજી, અલેખ લગી સો ખરા જીતી.....૪

卐

૧. બુદ્ધિ   ૨. આત્મા શરીરમાં પ્રકાશ સ્વરૂપે રહેલો છે. તેની જયોતિ હરહંમેશ ઝગતી રહે છે.   ૩. જાણી ન શકાય એવી તેની ગૂઢ કળા છે.
૪. વણે છે.   ૫. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ આ પાંચ ચોર શરીરમાં રહે છે.
૬. તેને મારવાથી પચીસ તત્ત્વની પ્રકૃતિ વશમાં આવે છે.

## પદ-૬૪

ભજો મન રે પંખીડા, મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે;
એક દિવસમાં ત્રણ જ ફેરા, સદાય જંપે કાળ રે;
અણચેત્યો[1] તને લઈ જશે, પછી કોણ છોડાવન હાર રે.....ભજો.....ટેક
અન્ય દેવકી પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે;
ભુતની પેરે ભમતો ફરે છે, એનો એળે ગયો અવતાર રે.....૧
જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે;
નીર સઘળું જયારે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય રે.....૨
માતા તારી સદા રૂવે, બેની રૂવે દસ માસ રે;
સ્ત્રી રૂવે તેર દહાડા, ઔર ઢુંઢે ઘરવાસ રે.....૩

શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા[2] લગી મા બાપ રે;
તીર્થ લગી સગાં બંધુઓ, હંસ[3] તું એકલો જાય રે.....૪
હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે;
કંચન[4] સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે.....૫
મારું મારું પ્રાણી મિથ્યા થશે, જૂઠો આ જગત વહેવાર રે;
દાસ રણછોડ પ્રભુ હરિને ભજી લો, પલમેં ઉતારે ભવપાર રે.....૬

卐

૧. ઓચિંતો અથવા ચેતવણી આપ્યા વિના ૨. શેરીનો અથવા ફળિયાનો પ્રવેશ દ્વાર
૩. જીવ ૪. સોના જેવી

## પદ-૬૫

મન ! તોહે કેહિ વિધ કર સમઝાઉં.....ટેક

સોના હોય તો સુહાગ[1] મઁગાઉં, બંકનાલ[2] રસ લાઉં;
ગ્યાન શબ્દકી ફૂંક ચલાઉં, પાની કર પિઘલાઉં.....૧

ઘોડા હોય તો લગામ લગાઉં, ઉપર જીન કસાઉં;
હોય સવાર તેરે પર બૈઠું, ચાબૂક દેકે ચલાઉં.....૨

હાથી હોય તો ઝંઝીર ચઢાઉં, ચારો પૈર બઁધાઉં;
હોય મહાવત તેરે પર બૈઠું, અંકુશ લેકે ચલાઉં.....૩

લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુવન[3] ધુવાઉં;
ધુવનકી ઘનઘોર મચાઉં જંતર[4] તાર ખિચાઉં....૪

ગ્યાની હોય તો જ્ઞાન સિખાઉં, સત્યકી રાહ ચલાઉં;
કહી કબીર સુનો ભાઈ સાધુ, અમરાપુર પહુંચાઉં.....૫

卐

૧. સોનીનું સુવર્ણને શુદ્ધ કરવાનું સાધન ૨. ભૂંગળી
૩. ધમણ ૪. જંત્ર-યંત્ર-મતલબ કે યાંત્રિક રીતે મરજી મુજબ આકાર આપવો.

## પદ-૬૬

શૂર[1] સંગ્રામકો દેખ ભાગૈ નહીં,
દેખ ભાગૈ સોઈ શૂર નાહીં.....૧
કામ ઔ' ક્રોધ મદ લોભસે જૂઝના;
મઁડા[2] ઘમસાન તહઁ ખેત માંહી.....૨
શીલ ઔ' સૌચ સંતોષ સાથી ભયે,
નામ સમસેર તહઁ ખુબ' બાજૈ.....૩
કહૈ કબીર કોઈ જુઝી હૈ શૂરમા,
કાયરા ભીડ તહઁ તુરત ભાજૈ.....૪

卐

૧. શૂરવીર　　૨. ભીષણ

## પદ-૬૭

મન લાગો મેરો યાર ફકીરીમેં
જો સુખ પાવે રામ ભજનમેં;
સો સુખ નાહિ અમીરીમેં.....૧
ભલા બુરા સબકા સુનિ લીજૈ;
કર ગુજરાન ગરીબીમેં.....૨
પ્રેમ નગરમેં રહનિ હમારી
ભલિ બનિ આયી[1] સબૂરીમેં.....૩
હાથમેં હૂંડી બગલમેં સોટા
ચારો દિસિ જાગીરીમેં.....૪
આખિર યહ તન ખાક[2] મિલૈગા,
કહા ફિરત મગરુરીમેં[3] ?.....૫
કહત કબીર સુનો ભાઈ સાધો,
સાહિબ મિલૈ સબૂરીમેં.....૬

卐

૧. આવી　　૨. રાખ થઈ જશે.　　૩. અભિમાનમાં

## પદ-૬૮

મો સમ કૌન કુટિલ[1] ખલ[2] કામી,
જિન તનુ દીયો તાહિ બિસરાયો,
ઐસો નિમકહરામી.....ટેક
ભરી ભરી ઉદર વિષયકોં ધાવૌ,
જૈસે સૂકર[3] ગ્રામી[4]
હરિજન છાઁડ હરિ બિખુનકી,[5]
નિસિદિન કરત ગુલામી.....૧
પાપી કૌન બડો હૈ મોતેં,[6]
સબ પતિતનમેં નામી
સૂર પતિતકો ઠૌર કહાઁ હૈ,
સુનિયે શ્રીપતિ[7] સ્વામી.....૨

卐

૧. કપટી ૨. ખરાબ ૩. ડુક્કર
૪. જંગલી ૫. વગોવણી ૬. મારાથી
૭. લક્ષ્મીપતિ

## પદ-૬૯

સબસે ઊંચી પ્રેમ સગાઈ,
દુર્યોધનકો મેવા ત્યાગો, સાગ વિદુર ઘર પાઈ.....ટેક
જઠે[1] ફલ સબરીકે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઈ;
પ્રેમકે બસ નૃપ-મેવા કીન્હીં, આપ બને હરિ નાયી[2].....૧
રાજસુયજ્ઞ[3] યુધિષ્ઠિર કીનોં, તામેં જુઠ[4] ઉઠાઈ;
પ્રેમકે બસ અર્જુન-રથ હાઁકયો, ભૂલ ગયે' ઠકુરાયી.....૨
ઐસી પ્રીતિ બઢી વૃન્દાવન ગોપિન નાચ નચાઈ;
સૂર ક્રૂર[5] ઈસ લાયક નાહીં, કહા લગિ કરૌં બડાઈ.....૩

卐

૧. શબરીનાં એઠાં બોર ખાધાં ૨. હજામ ૩. પાંડવોએ
પ્રભાવ જમાવવા કરેલો યજ્ઞ ૪. એંઠી પત્રાળી ૫. સૂરદાસ
તો ક્રૂર છે એને પ્રેમ સગાઈનો લ્હાવો કેવી રીતે મળે ?

## પદ-૭૦

અન્તર મમ વિકસિત કરો અન્તરતર[1] હે,
નિર્મલ કરો, ઉજજવલ કરો, સુંદર કરો હે.....અન્તર૦
જાગ્રત કરો, ઉદ્યત[2] કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ[3] નિઃસંશય કરો હે.....અન્તર૦
યુકત[4] કરો હે સબાર[5] સંગે, સુકત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે, શાન્ત તોમાર છંદ.....અન્તર૦
ચરણપદ્મે મમ ચિત, નિષ્પંદિત[6] કરો હે,
નંદિત[7] કરો, નંદિત કરો, નંદિત કરો હે.....અન્તર૦

卐

૧. અંતરમાં રહેલા   ૨. ઊભા કરો અથવા ક્રિયાન્વિત કરો
૩. પવિત્ર   ૪. યોગ્ય   ૫. બધાની   ૬. સ્થિર
૭. આનંદિત કરો

## પદ-૭૧

મેરી જાત બરન કુલ હીણ, કહોજી કૈસે તારોગે.....ટેક
રંકા તારે વંકા તારે, તારે સજન કસાઈ;
સુવા[1] પઢાવત ગુનકા તારી, તારી તેં મીરાંબાઈ.....૧
ધના ભગતકો ખેત નીપાયો, નામદેવ ગાય જીવાઈ;
સેના ભગતકો સંશય મીટયો, આપ ભયે હરિ નાયી.....૨
ભવસાગર તો બહ્યો જાત હૈ, કિસ બિધ ઊતરૂં પાર;
અપની કરણી પાર ઉતરની, તર ગયે ધ્રુવ પ્રલ્હાદ.....૩
મણિ કરણી કા ઘાટ પર, ભયી સંતનકી ભીર;
આજ ગુરુજી તાલ બન્યો હૈ, પકડી કબીરજીએ ફેંટ....૪

卐

૧. પોપટ

## પદ-૭૨

બંગલા અજબ બનાયા રે, જિસમેં નારાયણ બોલે.....ટેક
પાંચ તત્ત્વકા[1] બંગલા બનાયા, તીન ગુનકાર[2] કિયા ગારા;[3]
રોમ રોમ કી છાઁયા છાઁચી,[4] બોલનહારા ન્યારા.....૧
બીસ બંગલે કા દસ દરવજા,[5] બીચ પવન કા થંભ;[6]
આવત જાવત કોઈ નવ દેખે, એહી બડા અચંબા.....૨
પાંચ પચ્ચીશ[7] શું પાતર[8] નીચે, મનવા તાલ બજાવે;
સુરત નૂરત[9] કા મૃદંગ બાજે, છત્રીશ રાગણી ગાવે.....૩
કહેત કબીર સુનો ભાઈ સાધુ, બંગલા ખૂબ સઁવારા;[10]
અસી બંગલેમેં સાહેબ બોલે, આપે સર્જન હારા.....૪

卐

૧. પંચમહાભૂત-પાણી, પૃથ્વી, તેજ, વાયુ ને આકાશ ૨. સત્ય, રજ ને તપ એ ત્રણ ગુણો ૩. માટીનો કોલ ૪. લપેટી
૫. નાકનાં બે નસ્કોરાં, બે કાન, બે આંખ, મોઢું, દૂટી, મૂત્રપિંડ, ગુદા અને માથા પર બ્રહ્મરંધ્ર-આ દસ દરવાજા. ૬. વચ્ચે શ્વાસોશ્વાસની ક્રિયા કરતી નાડી અથવા મેરુદંડ ૭. પચીસ તત્ત્વની પ્રકૃતિ ૮. પાત્ર
૯. ચિત્તવૃત્તિઓ જે સંસારમાં રત એટલે મગ્ન તે સુરતને સંસારથી વિમુખ રહે તે નૂરત ૧૦. સજાવ્યો.

## પદ-૭૩

ગાફેલ[1] મત રહેના બેટા, શિર પર જમ મારે સોટા.....ટેક
લક્ષ ચોર્યાશી[2] ગીર કે માને, અબ ચેત પર તન પાયા;
દો દિન ગયે સટર પટરમેં, ફિર ચોર્યાશી આયા.....૧
ચાર પહેરકા લેના દેના, ચાર પહેર[3] નીંદ કાટા;
અષ્ટ પહોર તો ગયે ઘૂઁસડ[4] કર, આયા મુદ્દલમેં તોટા.....૨
કોડી કોડી માયા જોડી, લાખ કરોડો મોટા;
જાન ગયી પર દેખત, સાથ નહીં લંગોટા.....૩
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જન્મ ફિર નહીં આવે;
હક્ક કા સોદા કર લે ભાઈ, જન્મ મરણ મિટ જાવે.....૪

卐

૧. બેદરકાર ૨. જન્મમરણના ફેરા ૩. પહોર ૪. વ્યર્થ-નિર્થક

## પદ-૭૪

ઘૂંઘટકા[1] પટ ખોલ રે, તોકો પીવ મિલેંગે,
ઘટ ઘટમેં[2] વહ સાઁઈ[3] રમતા, કટુક વચન મત બોલ રે.....ટેક
ધન જોબનકો ગર્વ ન કીજૈ, જુઠા પચરઁગ ચોલ રે,
સુન્ન મહલમેં દિયના બારિ લે, આસન સોં મત ડોલ રે.....૧
જાગ જુગુતસોં રંગ-મહલમેં, પિય પાયોં અનમોલ રે,
કહૈ કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ[4] રે.....૨

卐

૧. વાસનાજન્ય આવરણ   ૨. પ્રત્યેક પદાર્થમાં અથલા કણકણમાં
૩. સ્વામી-પરાત્મા   ૪. અનાહત નાદ

## પદ-૭૫

ગુરુ બિના કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ.....ટેક
ભ્રાંતિ કી પહાડી નદિયાં બિચમોં, અહંકારકી લાટ.....૧
કામ ક્રોધ દો પર્વત ગઢે, લોભ ચોર સંઘાત.....૨
મદ[1] મત્સરકા[2] મેહ બરસત, માય, પવન બહે દાટ[3].....૩
કહત કબીર સુનો ભાઈ સાધો, કયોં તરના યહ ઘાટ.....૪

卐

૧. અભિમાન   ૨. ઈર્ષ્યા   ૩. નુકસાનકારક અથવા ભયાનક

## પદ-૭૬

ઝીની ઝીની બિની ચદરિયાં.....ટેક
કાહે કૈ તાના,[1] કાહે કૈ ભરની
કૌન તારસ બિની ચદરિયાં.....૧
ઈંગલા[2] પીંગલા[3] તાના ભરની
સુષમન[4] તારસે બિની ચદરિયાં....૨

આઠ કઁવલ[૫] દલ ચરખા ડોલૈ
પાંચ તત્ત્વ ગુન તિની[૬] ચદરિયાં.....૩
સાઁઈકો સિયત, માસ દસ લાગૈ,
ઠોક ઠોક કે બિની ચદરિયાં.....૪
સો ચાદર સુર[૭] નર મુનિ ઓઢી,
ઓઢી કે મૈલી કીની ચદરિયાં.....૫
દાસ કબીર જતનસે ઓઢી,
જ્યોંકી[૮] ત્યોં ધરિ દીની ચદરિયાં.....૬

卐

૧. તાણા ને વાણા   ૨. ઈંગલા ને ઈડા નાડી
૩. પીંગલા નાડી- મતલબ કે નાડીઓ રૂપી તાણો
૪. સુષુમ્ણા નાડીનો વાણો-એ પદમાં સૂક્ષ્મ શરીર રૂપી ચાદર કેવી રીતે તૈયાર થઈ તેનું માર્મિક આલેખન છે.
૫. કમળ-શરીરની પાછળ મેરુદંડ સાથે આઠ કમળ છે- મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, સહસ્રાર ને બ્રહ્મ   ૬. પંચમહાભૂત-પૃથ્વી, પાણી, તેજ, વાયુને આકાશ એ પાંચ તત્ત્વો અને ત્રણ-ગુણો સત્ત્વ, રજ ને તમ   ૭. દેવો
૮. જેવી હતી તેવી

## પદ-૭૭

ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી.....ટેક
જપ તપ સાધન કછુ નહિં લાગત
ખરચત નહિં ગઠરી[૧].....૧
સંતત સંપત સુખ કે કારણ
જાસે[૨] ભૂલ પરી.....૨
કહત કબીર જા મુખ રામ નહિં,
વો મુખ ધલ ભરી.....૩

卐

૧. પોટલી-દરેક જીવ કર્મની પોટલી બાંધીને આ જગતમાં આવે છે. ૨. જેના વડે-સંપત્તિ જ હંમેશાં સુખની કારણ છે એવી માન્યતાથી જગત ગલત રસ્તે ચાલવા લાગ્યું.

## પદ-૭૮

અખિલ[૧] બ્રહ્માંડમાં[૨] એક તું શ્રીહરિ,
જૂજવે[૩] રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ[૪] થઈ વેદ વાસે.....૧
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યા આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ[૫] થકી જીવ થયો એ જ આશે.....૨
વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ[૬] સાખ દે;
કનક કુન્ડલ[૭] વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડયા પછી નામરૂપ જૂજવાં;
અંતે તો હેમનું, હેમ હોયે.....૩
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.....૪

卐

૧. આખા ૨. વિશ્વમાં ૩. જુદા જુદા
૪. શબ્દ પણ પરમેશ્વર સ્વરૂપ જ છે. ૫. પરમેશ્વર જ પોતાની ઈચ્છાથી જીવરૂપે પ્રગટ થાય
૬. આકાશવાણી સાંભળીને વેદ લખાયલાં તેથી તેને શ્રુતિ કહેવામાં આવે અને યાદદાસ્ત પ્રમાણે મનનથી ઉપનિષદો વગેરે લખાયલાં તેથી તેને સ્મૃતિ કહેવામાં આવે
૭. સોનામાં અને તેમાંથી બનાવેલ ઘરેણામાં તાત્ત્વિક તફાવત નથી હોતા.

## પદ-૭૯

અબકી ટેક હમારી, લાજ રાખો ગિરિધારી...ટેક
જૈસી લાજ રાખી અર્જુનકી ભરત યુદ્ધ મંઝારી;
સારથિ હોકે રથકો હૉંકો ચક્ર સુદર્શનધારી;
ભકતનકી ટેક ન ટારી....૧
જૈસી રાખી દ્રોપદીકી હોન ન દીની ઉઘારી,
ખૈંચત ખૈંચત દોઉ ભુજ થાકે, દુઃશાસન પથિહારી;
ચીર બઢાયો મુરારિ...૨
સૂરદાસ કી લાજ રાખો, અબ કો હૈ અખધારી?
રાધે રાધે શ્રીવર પ્યારો, શ્રીવૃષભાન દુલારી,
શરણ તક આયો તુમ્હારી...૩

卐

## પદ-૮૦

ઉઠ જાગ મુસાફિર ભોર[1] ભયી
અબ રૈન કહૉં જો સોવત હૈ...ટેક
જો સોવત હૈ સો ખોવત હૈ
જો ખોવત હૈ સો પાવત હૈ...૧
ટુક નીંદસે ઍખિયૉં ખોલ જરા,
ઓ ગાફિલ, રબસે[2] ધ્યાન લગા.
યહ પ્રીત કરનકી રીત નહિ,
રબ જાગત હૈ તૂ સોવત હૈ...૨
એ જાન[3] ભુગત કરની અપની,
ઓ પાપી, પાપમેં ચૈન કહૉં?
જબ પાપકી ગઠરી સીસ ધરી,
ફિર સીસ પકડ કર્યો રોવત હૈ?...૩

જો કાલ કરે સો આજ કરલે,
જો આજ કરે સો અબ કરલે,
જબ ચિડિયન ખેતી ચુગ[૪] ડાલી,
ફિર પછતાયે કયા હોવત હૈ?....૪

卐

૧. સવાર ૨ ધ્યેય સાથે મતલબ કે ચેતનતત્ત્વ સાથે ૩ જાણીબૂઝીને ૪ ખાઈ ગઈ

## પદ-૮૧

એક જ દે ચિનગારી[૧] મહાનલ[૨]
એક જ દે ચિનગારી....ટેક
ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિંદગી સારી,
જામગરીમાં[૩] તણખો ના પડયો,
ન ફળી મહેનત મારી...૧
ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની મારી...૨
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી,
વિશ્વાનળ[૪] હું અધિક ન માગું,
માગું એક ચિનગારી....૩

卐

૧. તણખો ૨ અગ્નિદેવ અથવા પ્રકાશનો પુંજ ૩ ચકમક, લોઢું ને જામગરી એ અગ્નિ પેદા કરનાર ત્રણ સાધનો છે. અહીં અંતઃકરણમાં અર્થ સમજવો. ૪ સમગ્ર વિશ્વને પ્રકાશિત કરનાર અગ્નિદેવ

## પદ-૮૨

પાયો જી મૈંને રામ-રતન ધન પાયો...ટેક
વસ્તુ અમોલિક[1] દી મેરે સતગુરુ,
કિરપા કર અપનાયો...૧
જનમ જનમકી પૂઁજી પાયી,
જગમેં સભી ખોવાયો...૨
ખરચૈ ન ખૂટૈ, વાકો ચોર ન લૂટૈ,
દિન દિન બઢત સવાયો...૩
સતકી નાવ, ખેવટિયા[2] સતગુરુ,
ભવસાગર તર આયો...૪
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
હરખ હરખ જશ ગાયો...૫

卐

૧. કીમતી ૨ નાવિક

## પદ-૮૩

મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ,
દૂસરા ન કોઈ, સાધો, સકલ લોક જોઈ...ટેક
ભાઈ છોડયા બંધુ છોડયા સગા સોઈ[1]
સાધુ સંગ બૈઠ બૈઠ, લોક-લાજ ખોઈ...૧
ભગત દેખ રાજી હુઈ, જગત દેખ રોઈ;
અઁસુવન[2] જલ સીંચ સીંચ, પ્રેમ વેલી બોઈ...૨
દધિ મથ ઘૃત[3] કાઢિ લીયો, ડાર[4] દઈ છોઈ;
રાણા વિષકો પ્યાલો ભેજયો, પીય મગન[5] હોઈ...૩
અબ' તો બાત ફૈલ પડી, જાણે સબ કોઈ;
મીરાં એમ લગણ લાગી, હોની હોઈ સો હોઈ...૪

卐

૧. તે જ સગાસંબંધીઓ કે જેની સાથે મમતાનો નાતો હતો ૨ આંસુરૂપી પાણી ૩ ઘી
૪. નકામું માની છોડવું ૫ આનંદ

## પદ-૮૪

માયી મૈને ગોવિંદ લીનો મોલ,[1] ગોવિંદ લીનો મોલ...ટેક
કોઈ કહે સસ્તા, કોઈ કહે મહઁગા, લીનો તરાજૂ[2] તોલ...૧
કોઈ કહે ઘરમેં, કોઈ કહે બનમેં, રાધા સંગ ખિલોલ...૨
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, આવત પ્રેમકે ડોલ...૩

卐

૧. પાક ૨. ત્રાજવે

## પદ-૮૫

મેરે રાણાજી, મૈં ગોવિંદ-ગુણ ગાના...ટેક
રાજા રુઠે નગરી રકખે અપને, મૈં હર[1] રૂઠયા કહાઁ જાના...૧
રાણે ભેજયા જહર પિયાલા, મૈં અમૃત કહ પી જાના...૨
ડબિયામેં કાલા નાગ ભેજા, શાલગ્રામ[2] કર જાના...૩
મીરાંબાઈ પ્રેમ-દીવાની, મૈં સૉવલિયા વર પાના...૪

卐

૧. દરેક ૨. વિષ્ણુ ભગવાન

## પદ-૮૬

હરિ! તુમ હરો જનકી ભીર...ટેક
દ્રૌપદીકી લાજ રાખી,
તુમ બઢાયો ચીર...૧
ભકત કારન રૂપ નરહરિ,
ધર્યો આપ શરીર...૨
હરિન કશ્યપ[1] માર લીન્હો,
ધર્યો નાહિન ધીર...૩
બૂડતે ગજરાજ રાખ્યો,
કિયો બાહર નીર...૪
દાસ મીરા લાલ ગિરધર,
દુઃખ જહાઁ તહાઁ પીર[2]...૫

卐

૧. કશ્યપ મુનિ ૨ પરમેશ્વર, મતલબ કે જ્યાં દુઃખ હોય ત્યાં મદદ કરવા પ્રભુ આવે જ

## પદ-૮૭

મ્હૉને ચાકર રાખો જી,
ગિરિધારી લાલ ચાકર રાખો જી...ટેક
ચાકર રહસૂં, બાગ લગાસૂઁ, નિત ઉઠ દરસન પાસૂં;
વૃન્દાવનકી કુંજ ગાલિનમેં, ગોવિન્દ-લીલા ગાસૂં...૧
ચાકરીમેં દરસન પાઉ, સુમિરન પાઉ ખરચી[1]
ભાવ-ભગતિ જાગીરી પાઉ, તીનો બાતાઁ સરસી...૨
મોર મુકુટ પીતામ્બર સોહે, ગલે બજૈંતી[2] માલા
વૃન્દાવનમે ધેનૂ ચરાવે, મોહન મુરલીવાલા...૩
ઉંચે ઉંચે મહલ બનાવૂં, બિચ બિચ રાખી બારી;
સૉંવરિયા કે દરસન પાઉ, પહર કુસુમ્બી[3] સારી...૪
જોગી આયા જોગ કરનકૂ, તપ કરને સંન્યાસી;
હરી-ભજનકૂ સાધુ આયે, વૃન્દાવનકે વાસી...૫
મીરાં કે પ્રભુ ગહિર ગભીરા, હૃદે રહોજી ધીરા;
આધી રાત પ્રભુ દરશન દીન્હોં, જમુનાજીકે તીરા...૬

卐

૧. પગાર  ૨. વિજય આપનારી  ૩ .કસુંબલ રંગની

## પદ-૮૮

જૂનું થયું રે દેવળ[1] જૂનું થયું,
    મારો હંસલો[2] નાનો ને દેવળ જુનું થયું...ટેક
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
    પડી ગયા દાંત, માંયલી રેખું[3] તો રહ્યું...મારો
તારે ને મારી હંસ, પ્રીત્યું બંધાણી રે,
    ઉડી ગયો હંસ, પાંજર પડી રે રહ્યું...મારો
બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધરના ગુણ,
    પ્રેમનો પ્યાલો તમને પાઉ ને પીવું...મારો

卐

૧.શરીરરૂપી મંદિર  ૨. જીવ  ૩. જડવું

## પદ-૮૯

બોલ મા બોલ મા બોલ મા રે
રાધા-કૃષ્ણ વિના બીજું બોલ મા...ટેક
સાકર શેલડીનો સ્વાદ તજીને
કડવો લીમડો ઘોળ[1] મા રે...૧
ચાંદા સૂરજનું તેજ તજીને,
આગિયા[2] સંગાતે પ્રીત જોડ મા રે...૨
હીરા માણેક ઝવેર તજીને,
કથીર[3] સંગાતે મણિ તોલ મા રે...૩
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
શરીર આપ્યું સમતોલમાં રે...૪

卐

૧. ઘૂંટવો, છૂંદવો ૨. વર્ષાઋતુમાં રાત્રે તારા માફક ચમકતા જંતુઓ
૩. લોઢું

## પદ-૯૦

સુંદરી શ્યામ શરીર, મોરે મન,
સુંદરી શ્યામ શરીર...ટેક
કોઈને ભાવ ભવાની ઉપર, કોઈને વ્હાલા પીર[1]...મોરે
કોઈને હસ્તી કોઈને ઘોડા, કોઈને મહેલ મંદિર...મોરે
કોઈને ગંગા કોઈને યમુના, કોઈને અડસઠ તીર...મોરે
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિ હલધર કેરા વીર...મોરે

卐

૧. દેવ

## પદ-૯૧

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરિ...ટેક
જલ જમુનાના પ્રાણી રે જાતાં, શિર પર મટુકી ધરી...અંતર
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ[1] વસ્તુ ચડી...અંતર

આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં, ચરણ તમારે પડી...અંતર
પીળાં પીતાંબર જરકશી જામા, કેસર આડ[2] કરી...અંતર
મોર મુકુટ ને કાને રે કુંડલ,[3] મુખ પર મોરલી ધરી...અંતર
બાઈમીરાં કહે પ્રભુ ગિરિધર નાગરના ગુણ, વિઠ્ઠલ વરને વરી...અંતર

卐

૧. મોંઘી ૨. આડબંધ ૩ કુંડળ-કાનમાં પહેરવાનું ઘરેણું

## પદ-૯૨

મુખડાની માયા લાગી રે, મોહન, પ્યારા;
મુખડાની માયા લાગી રે...ટેક
મુખડું મેં જોયું તારું સર્વ જગ થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું[1] રે...મોહન
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના[2] નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે...મોહન
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએ રે...મોહન
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભે ટાળ્યો રે...મોહન
મીરાંબાઈ બલિહારી,[3] આશા મને એક તારી;
હવે હું તો બડભાગી[4] રે...મોહન

卐

૧. અનોખું મતલબ કે સંસારથી અલિપ્ત ૨. મૃગજળ-પાણી ન હોવા છતાં પાણીનો ભાસ થાય ૩. વાહવાહ ૪. ભાગ્યશાળી

## પદ-૯૩

પગ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે...ટેક
મૈં તો મેરે નારાયણ કી,
આપહી હો ગઈ દાસી રે...પગ

લોગ કહૈ મીરાં ભયી બાવરી,
ન્યાત કહે કુલનાસી[1] રે...પગ
વિષકા પ્યાલા રાણે ભેજ્યા,
પીવત મીરાં હૉસી રે...પગ
મીરાં કે પ્રભુ ગિરધર નાગર,
સહજ મિલે અવિનાશી રે...પગ

卐

૧. કુળનો નાશ કરનારી અથવા કુળની પ્રતિષ્ઠા બગાડનારી

## પદ-૯૪

દિલમાં દીવો કરો રે, દીવો કરો,
કુડા કામ ક્રોધને પરહરો, રે દિલમાં દીવો કરો...ટેક
દયા દિવેલ પ્રેમ પરણાયુ[1] લાવો, માંહી સુરતાની[2] દિવેટ બનાવો;
માંહી બ્રહ્મઅગ્નિને[3] ચેતાવો રે..દિલમાં
સાચા દિલનો દીવો જ્યારે થાશે, ત્યારે અંધારું મટી જાશે;
પછી બ્રહ્મલોક[4] તો ઓળખાશે રે...દિલમાં
દીવો અણભે[5] પ્રગટે એવો, ટાળે તિમિરના જેવો;
એને નેણે તો નીરખીને લેવો રે...દિલમાં
દાસ રણછોડે ઘર સંભાળ્યું, જડી કુંચીને ઉઘડયું તાળું;
થયું ભોમંડળમાં અજવાળું રે...દિલમાં

卐

૧. માટીનું વાસણ ૨ ચિત્તવૃત્તિની અથવા મનની ૩ જ્ઞાનરૂપી અગ્નિ ૪ પરમાત્માનું ધામ
૫. ભય વિના

## પદ-૯૫

મંગલ મંદિર ખોલો,
દયામય! મંગલ મંદિર ખોલો...ટેક
જીવન વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર[1] ગયું ને જયોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો...૧

નામ મધુર તમ રટયો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર[2] આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો...૨

卐

૧. અંધારું ૨. તરસથી આતુર

## પદ-૯૬

હે જગ-ત્રાતા,[1] વિશ્વ-વિધાતા,
હે સુખ-શાન્તિનિકેતન[2] હે!
પ્રેમકે સિન્ધુ, દિનકે બન્ધુ,
દુ:ખ-દરિદ્ર-વિનાશન[3] હે!...ટેક
નિત્ય, અખંડ, અનંત, અનાદિ,
પૂરણ બ્રહ્મ, સનાતન હે!
જગ-આશ્રય, જગપતિ, જગવંદન,
અનુપમ,[4] અલખ,[5] નિરંજન હે!
પ્રાણ સખા, ત્રિભુવન-પ્રતિપાલક,
જીવન અવલંબન[6] હે!

卐

૧. જગતનું રક્ષણ કરનારા ૨. જેનામાં સુખ શાંતિ નિત્ય રહે છે તેવા ૩. દુ:ખ ને દરિદ્રતાનો નાશ કરનારા ૪. અજોડ ૫. લક્ષમાં ન આવે એવા ૬. આધાર

## પદ-૯૭

રઘુવર! તુમકો મેરી લાજ,
સદા સદા મૈં સરન તિહારી, તુમ બડે ગરીબનિવાજ[1]...૧
પતિત ઉધારન બિરુદ[2] તિહારો, સ્ત્રવનન સુની અવાજ...૨
હૌં, તો પતિત પુરાતન કહિયે, પાર ઉતારો જહાજ...૩
અઘ-ખંડન,[3] દુ:ખ-ભંજન જનકે, યહી તિહારો કાજ...૪
તુલસીદાસ પર કિરપા કરીયે, ભકિતદાન દેહુ આજ...૫

卐

૧. ગરીબના બેલી ૨. પદવી-મોભો ૩ પાપનો નાશ કરનારા

## પદ-૯૮

હે! પ્રભુ આનંદદાતા, જ્ઞાન હમકો દિજીયે
શીઘ્ર[1] સારે દુર્ગુણોકો, દૂર હમસે કિજીયે...૧

લીજીયે હમકો શરનમેં હમ સદાચારી બને
બ્રહ્મચારી[2] ધર્મરક્ષક, વીર્યવ્રતધારી[3] બને...૨

卐

૧. જલદી  ૨. મનને પ્રભુમાં નિત્ય રાખનારા  ૩. વીર્યનું રક્ષણ કરનારા

## પદ-૯૯

નામ જપન ક્યોં છોડ દિયા?
ક્રોધ ન છોડા, ઝૂઠ ન છોડા,
સત્યવચન ક્યોં છોડ દિયા?...ટેક

ઝૂઠે જગમેં દિલ લલચાકર
અસલ વતન ક્યોં છોડ દિયા?
કૌડીકો[1] તો ખૂબ સમ્હાલા
લાલ રતન ક્યોં છોડ દિયા?...૧

જિહિ સુમિરન તે અતિ સુખ પાવે
સો સુમિરન ક્યોં છોડ દિયા?
ખાલસ ઇક ભગવાન ભરોસે
તન મન ધન ક્યોં ન છોડ દિયા?...૨

卐

૧. કોડીની કાંઈ કિંમત નથી છતાં તેને સંઘરવું
એ જીવની મૂઢતા છે.

## પદ-૧૦૦

પ્રેમળ જ્યોતિ તારો દાખવી[1]

મુજ જીવનપન્થ ઉજાળ...ટેક

દૂર પડયો નિજ ધામથી હું ને, ઘેરે ઘન[2] અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ...૧

ડગમગતો પગ રાખતું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય....૨

આજ લગી રહ્યો ગર્વમાં હું ને, માગી મદદ ન લગાર,
આપ બળે માર્ગ જોઈને ચાલવા, હામ ધરી મૂઢ[3] બાળ,
હવે માંગું તુજ આધાર...૩

ભભકભર્યા[4] તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી, સ્ખલન[5] થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ...૪

તારા પ્રભાવે[6] નિભાવ્યો મને પ્રભુ, આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તું સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર...૫

કર્દમભૂમિ[7] કળણભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જલકેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશો નિજ દ્વાર...૬

રજની જશે ને પ્રભાત ઉજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ;
દિવ્યગણોના[8] વદન મનોહર, મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણ વાર...૭

卐

૧. બતાવી ૨. ગાઢ ૩. મૂરખ ૪. બાહ્ય ચળકાટથી ૫. ભૂલો-દોષો
૬. કૃપા વડે ૭. કાદવની ભૂમિ ૮. દેવતાઓ

## પદ-૧૦૧

ભજ મન! દુઃખ ભંજક ભગવાન
એક અખંડ, અમર અવિનાશી
પ્રભુ એ પ્રેમનિધાન...ભજમન
તૃષ્ણાકેરા[1] તરલ[2] તરંગે,
નાચી રહ્યું તું વિધવિધ રંગે,
પલકે તુજ પરપોટો ફૂટે,
નવ રહે નામનિશાન...ભજમન
આપ સુગંધ વિના ગુલ[3] કેવું,
છે પ્રભુ નામ વિના મન તેવું,
ગુલસમ પ્રભુ પ્રભુ પમર સમર તું,
રજ રજ બન ગુલતાન...ભજમન

卐

૧. ઈચ્છાના ૨. ચંચલ ૩. ફૂલ

## પદ-૧૦૨

ભૂલી પંથ ભમુ દિનરાત રે,
કોઈ સંત! બતાવોજી વાટ.
ઊગે સૂરજ વળી આથમે એવી, ન્હોતી મારી મૂળ ભોમ,
જયોતિ અખંડ[1] ઝગે અહીં જેના, તેજ ઢળે વીંધી વ્યોમ,[2]
કોઈ સંત બતાવો એ વાટ...કોઈ
સંસારને ઊને વાયરે, થાય ઘર ઘરના દીપ ગૂલ,[3]
જીવન એવા અહીંનાં વ્હેંતીયાં, મારે મુલક અમરોના કુલ[4]
કોઈ સંત બતાવો એ વાટ...કોઈ

ઉષાને અધરે ખિલતોને, સંધ્યાને કાંઠે વિલાય,[5]
એવા રે સ્નેહને સોણલે મારું, જીવનતર ઝોલાં ખાય,
કોઈ સંત બતાવો એ વાટ...કોઈ
પગલે પગલે પાવક પ્રજળે[6] ને, આંખે ઠર્યો અંધકાર,
પામર[7] દેહની પીઠ પડી વહીં, ભવરણ[8] કેરો ભાર,
હવે સંત દોરો સુરવાટ...કોઈ

卐

૧. બુઝાયા વિના નિત્ય સળગતી જ્યોતિ ૨. આકાશ ૩. ફૂલ ૪. કુળ-કુટુંબ
૫. ઓલવાય ૬. અગ્નિ સળગે ૭. નીચ ૮. સંસારરૂપી રણ

## પદ-૧૦૩

તારાં સ્વજન તને જાય મૂકી તો,
તેથી કાંઈ ચિંતા કરે ચાલશે ના.
તારી આશા લતા પડશે તૂટી
ફૂલ ફળે એ ફાલશે[1] ના...તેથી
સુણી તારા મુખની વાણી,
વિંટળાશે વનવનમાં પ્રાણી,
તોયે પોતાના ઘરમાં તારે,
પ્રાણનાં હૈયાં હાલશે ના...તેથી
મારગે તિમિર[2] ઘોર ઘેરાશે,
એટલે શું તું અટકી જાશે,
વારંવારે ચેતવે દીવો,
ખેરજો દીવો ચેતશે ના...તેથી
બારણા સમે બંધ મળે,
એટલે પાછો આમ શું વળે,
વારંવારે ઠેલવો પડે,
બારણું તો યે હાલશે ના...તેથી

卐

૧. વિકસશે અથવા ખીલશે ૨. અંધકાર

## દયારામનાં પદો

### પદ-૧૦૪

### (રાગ-ધોળ)

ધન્ય જેણે હરિગુણ ગાયા સંસારમાં, ધન્ય જેણે હરિગુણ ગાયા.
બધા સંસારમાં તે નર જીત્યો, બાકી સહુ જાણજો વ્હાયા[1]...સંસારમાં
હું ને મારું તેમાં પંડિત ભૂલ્યા, ધૂળ મળ્યું ડહાપણ ડાહ્યા...સંસારમાં
હાથી ઘોડે સુખપાલ[2] બેઠે શું થયું? શું થયું મેળવી માયા...સંસારમાં
જમના ઝપાટાથી નવ ચેત્યા, કામદામમાં લલચાયા...સંસારમાં
કંઠ સાહીને તું ને કાઢશે પલકમાં, દૂર રે'શે સગાં વિત્ત જાયાં...સંસારમાં
દયા જપો નામ નિત્ય નંદકુંવરનું, થાશે સફળ તારી કાયા...સંસારમાં

卐

૧. જન્મ મરણના ફેરામાં પડયા  ૨. ભૌતિક સમૃદ્ધિના સુખી

### પદ-૧૦૫

ચિત્ત તું શીદને ચિંતા ધરે? કૃષ્ણને કરવું હોય તે કરે...ટેક
સ્થાવર જંગમ જડ ચેતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મમરણ ભય હરે...કૃષ્ણને
નવ માસ પ્રાણી શ્રીકૃષ્ણનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લખ ચોરાશી ફરે...કૃષ્ણને
તું અંતર ઉદ્વેગ[1] ધરે, તેથી કારજ શું સરે?
ધણીનો ધાર્યો મનસૂબો,[2] હર બ્રહ્માથી નવ ફરે...કૃષ્ણને
દોરી[3] સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવાં જંત્ર[4] વજાડે જંત્રી, તેવો સ્વર નીસરે...કૃષ્ણને
થનાર વસ્તુ થયા કરે, જયમ શ્રીફળ પાણી ભરે;

જનાર વસ્તુ એણી પેરે જાશે, જયમ ગજ કોળું ગળે...કૃષ્ણને
જેનું જેટલું જે જયમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુંટાઈ તું મરે...કૃષ્ણને
તારું ધાર્યું થાતું હોય તો, સુખ સંચે[5] દુઃખ હરે;
આપતણું અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખરે...કૃષ્ણને
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ[6] ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે...કૃષ્ણને

卐

૧. અકળામણ   ૨. નિર્ણય   ૩. જીવનની દોરી   ૪. સંગીતનું સાધન
૫. ભેગા કરી   ૬. ઉપનિષદની સંખ્યા ૧૧૦ જેટલી ગણાય છે.
તેમાં જ્ઞાનની વાણી છે. આપણા શાસ્ત્રગ્રંથોમાં ઉપનિષદનું સ્થાન અતિ મહત્ત્વનું છે.
તેને સ્મૃતિ પણ કહેવામાં આવે છે.

## પદ-૧૦૬
## (રાગ-જંજીઠો)

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે...ટેક
સિંહણ કેરું દૂધ હોય તે, સિંહણ સુતને જરે;[1]
કનકપાત્ર પાખે[2] સહુ ધાતુ, ફોડીને નીસરે...પ્રેમરસ
સોમવલ્લી[3] રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગર વંશીને વમન[4] કરાવે, વેદવાણી ઉચ્ચરે...પ્રેમરસ
સક્કરખોરનું સાકર જીવન, ખરના[5] પ્રાણ જ હરે;
ક્ષારના સિંધુનું માછલડું જેમ, મીઠા જળમાં મરે...પ્રેમરસ
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે;
મત્સ્ય ભોગી બગલો મુકતાફળ,[6] દેખી ચંચુ નવ ભરે...પ્રેમરસ
કોટિ પ્રકારે પ્રેમ વિના, પુરુષોત્તમ પૂંઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધન ધર, પ્રેમભકિતએ વરે...પ્રેમરસ

卐

૧. પચે   ૨. સિવાય   ૩. સોમવેલી નામની વનસ્પતિ   ૪. ઊલટી
૫. ગધેડો   ૬. મોતી

## પદ-૧૦૭

ફૂલ્યો શું ફરે છે રે, ભૂલ્યો ભવકૂપમાં પડયો...ટેક
મનુષ્ય દેહરૂપી રે, ખોયો મણિ હાથે ચઢયો...ફૂલ્યો
ડાહ્યા થઈને દુનિયામાં ફર્યો તું, તેણે સર્યું શું તારું કાજ?
શે નવ જાણે જાવું પલકમાં, ત્યાંહાં કેમ કરી રહેશે લાજ?
વરણાગીમાં[1] વાટ જ ઉઠી, જયારે નર્કનિવાસ ઠર્યો;
મિથ્યા જનુની ભારે રે મારી, એવો જન્મ ધર્યો ન ધર્યો;
માટે જોને જાગી રે, અવસર આવી ચડયો...ફૂલ્યો
શું રે થયું સંપત્ત ઘણી મળે? શું થયું મોટે ઘર દ્વાર;
નિશ્ચિત થઈને હરિને ન ભજયાં, તારો ધિક્ક પડયો અવતાર;
ધિક્ક તારું જીવ્યું રે, દૈવે તને શાને ઘડયો...ફૂલ્યો
સમજ મન માન મારી શિખામણ, મમતા મૂકી પરી;[2]
કર સમરણ પુરુષોત્તમ[3] પરબ્રહ્મ,[4] રટ રાધે કૃષ્ણ હરિ;
ત્યારે દયો જાણે રે સર્વથી સરસ તું નીવડયો....ફૂલ્યો

卐

૧. નિરર્થક ઉપાધિમાં ૨. બાજુમાં ૩. નારાયણ પ્રભુ ૪. ચરાચરમાં વ્યાપીને રહેલ પરમ તત્ત્વ

## પદ-૧૦૮

હરિ જેવો તેવો હું દાસ તમારો,
કરુણાસિંધુ ગ્રહો[1] કર મારો...ટેક
સાંકડાના સાથી શામળિયા, છો બગડયના બેલી;
શરણ પડયો ખલ અમિત[2] કુકરમી, તદપિ ન મૂકો ઠેલી...૧
નિજ જન જૂઠાની જાતી લજા રાખો છો શ્રી રણછોડ;
શૂન્યભાગ્યને સફળ કરો છો, પૂરો વરદ[3] બળ કોડ.[4]...૨
અવળનું સવળ કરો સુંદરવર, જયારે જન જાય હારી;
અયોગ્ય યોગ્ય, પતિત[5] કરો પાવન, પ્રભુ દુઃખ-દુકૃતહારી.[6]...૩

વિનતિ રક્ષક નિજ જનના, દોષતણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો...૪
વિકળ[7] પરાધીન પીડા પ્રજાળો,[8] અંતરનું દુઃખ જાણો;
આરતબન્ધુ સહિષ્ણુ[9] અભયકર,[10] અવગુણ ઉર[11] નવ આણો...૫
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયા પ્રીતમ ગિરિધારી;
શરણાગત વત્સલ[13] શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી...૬

卐

૧. પકડો ૨. અપાર ૩. શ્રેષ્ઠ ૪. મનોકામના ૫. પતન પામેલા
૬. પાપનો નાશ કરનારા ૭. ચંચળ ૮. બાળી નાખો ૯. સહનશીલ
૧૦. અભય પદ દેનાર ૧૧. હૈયું, હૃદય
૧૨. પ્રભુની સત્તા સર્વ જગત પર ચાલે છે તેથી સર્વેશ્વર ૧૩. શરણે આવેલા પર દયા ને પ્રેમ વરસાવવા સદાયે તૈયાર એવા પ્રભુ

## પદ-૧૦૯

ભકિત માહા બળવંતી રે, વ્હાલો વશ થઈ આવે ઘેર...ટેક
ભકિતને વશ થઈને વ્હાલો, વસિયા ગોકુળ ગામ;
આહીરડાને લાડ લડાવ્યાં, એવા સુંદર શ્યામ...૧
વેદ પુરાણ પુકારે હરિનું, પતિત[1] પાવન[2] નામ;
એ પાંડવની સાથે રહીને, સઘળાં કીધાં કામ...૨
અંબરીષને હેતે અવતરીયાં, ભકતન કેરે ઘેર;
રઘુનાથ કહે પામ્યા કેરી, એ પૂરવની પેરે...૩

卐

૧. પતન પામેલા ૨. પવિત્ર

## પદ-૧૧૦

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે;
અવર[1] નહીં દેખું રે, બીજો કોઈ પ્રભુ પેખે...ટેક
ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રાય;
સ્થલને સ્થાનકે જલ ચલાવે જલ સ્થાનક સ્થલ થાય
તરણાના[2] તો મેરુ[3] રે, મેરુનું તરણું કરી દાખવે...૧

નિભાંડાથી[૪] બળતા રાખ્યા, મંજારીના બાળ;
ટિટોડીના ઈંડા ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ;
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે...૨
બાણ તાણીને ઊભો પારધિ, સીંચાણો[૫] કરે ટકાવ;[૬]
પારધિને[૭] પગે સર્પ ડંસીઓ સીંચાણો શિર નહીં ઘાવ;
બાજ પડયો હેઠે રે, પંખી ઊડી ગયાં સુખે...૩
ગજકાતરણી[૮] લઈને બેઠાં, હરજી તો દીનદયાળ;
વધેઘટે તેનું કરે બરોબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ મારે હીંડે હકે[૯]...૪

卐

૧. બીજો ૨. ઘાસનો ૩. પર્વતનું નામ ૪. ભઠ્ઠીમાં ૫. બાજપક્ષી ૬. ટકી રહે માટેનો યત્ન ૭. શિકારીને ૮. દરજીનાં બે મુખ્ય સાધનો- ગજ તથા કાતર. જેનું જેટલું માપ તેટલું તે વેતરે તે પ્રમાણે પ્રભુ જેવું જેનું કર્મ તેવું તેને ફળ આપે ૯. નિયમ પ્રમાણે ચાલે.

## પદ-૧૧૧

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ;
અજાજૂથ[૧] માંહે રે, સમરથ જાણે સહી...ટેક
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગરાજન;
તલની સોથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન;
દધિ ઓથે[૨] ધૃત જ રે, વસ્તુ એમ છૂપી રહી...૧
કોને કહું ને કોણ સાંભળશે અગમ[૩] ખેલ અપાર;
અગમ કેરી ગમ નહિ રે, વાણી ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ[૪] થાકી રહે તહા...૨
મન પવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર[૫] ભર્યો બ્રહ્મ પુરાણ, તેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ[૬] નહિ કો ઠાલો રે, એક અણુમાત્ર કહાં...૩

સદ્‌ગુરુજીએ કૃપા કરી ત્યારે, આપ થયા પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહે છે રે, જયાં જોઉં ત્યાં તું હી તું હી...૪

卐

૧.બકરીનું ટોળું   ૨. ઘી  ૩. ગૂઢ   ૪. બુદ્ધિની આ મર્યાદા છે.   ૫. બુદ્ધિ થાકે ત્યારે શ્રદ્ધા પોતાનું કામ કરે છે, એમ મહાત્મા ગાંધીજી કહેતા   ૫. તમામ જડ અને ચેતન પદાર્થોમાં   ૬. સ્થળ

## પદ-૧૧૨

તેરે ઘટમેં સરજનહાર, તું ખોજ મન કાયા નગરી...ટેક
જયું પત્થરમેં હૈ દેવતા, યું ઘટમેં હૈ કિરતાર;
જો ચાહો દિદારકો,[1] તો ચકમક હો કે જાર...તેરે.
મૃગકે નાભમેં[2] કસ્તુરી,[3] ઔર ઢુંઢત ઘાસ ફિરે;
કાળ પારધિ શિર પે ખડા, પળમેં પાન હરે...તેરે.
ગગનમંડલમેં બાજા બજે, ગુરુગમ સમજ પરે;
અષ્ટકમલ દ્વાદશ[4] કે ઉપર, ભવર ગુંજાર કરે...તેરે.
હદ હદ[5] ઉપર સબહી ગયા બેહદ ગયા ન કોઈ;
પર બેહદ[6] કે મયદાનમેં, રમે કબીરા સોઈ...તેરે.

卐

૧. સ્વરૂપને   ૨. નાભિમેં જોઈએ. નાભિ એટલે દૂંટી.   ૩. એક પ્રકારની સુગંધી ઔષધિ જે મૃગની નાભિમાં રહે છે.   ૪. બાર આંગળ   ૫. સીમા   ૬. અસીમ

## પદ-૧૧૩

સમજ ભોજ[1] મન ખોજ દિવાને
આશક હોકર સોના કયા રે. ટેક
આયા હો સો કરલે સોદા, પાયા હય સો ખોના કયા રે.
જબ તું આયો પ્રેમ ગલીનમેં, શિશ દેનાં ફીર ડરના કયા રે.
લુકા સુકા જમકા[2] ટુકા,[3] સોના હય સો લાના કયા રે.
જબ અંખીયનમેં નીંદ ભૂલ આવે, તકીઆ ઔર બીછોના કયા રે.

સતગુરુ પાન[૪] ગલીચા લાગા, ઘાયલ હોકર રોના કયા રે.
કહત કબીરા સુન ભાઈ સાધુ, જાદુ ઉપર તોના[૫] કયા રે.

卐

૧. હે ભોળા મન! ૨. ટુકડા ૩. સૂવું હોય તો ૪. નાગરવેલનું પાન ૫. આશ્ચર્ય પામવું

## પદ-૧૧૪

સદા રહો અલમસ્ત ભજનમેં,
પીલેના બુટી[૧] બુટી,
કાહેકી કૂંડી[૨] કાહેકા સોટા,[૩]
કાહેકી રગકો તુમ બુટી.
કાહેકા રૂમાલ બનાકર
કાહેકી છાનો તુમ બુટી.
આંખોકો રૂમાલ બનાકર
નામકે રગકો[૪] તુમ બુટી.
ધ્રુવને પી, પ્રહ્લાદને પી,
મીરાં પી ગયે વહ બુટી.
હનુમાનને ઐસી પી લઈ,
સોનેકી લંકા લૂંટી.
ધનાને પી સજનાને પી લઈ,
પીપાં પી ગયે વહ બુટી;
ભકત સુદામાને ઐસી પી લઈ,
કંચન બન ગઈ કૂટી;[૫]
બ્રહ્માને પી નારદને પી લઈ,
શંકર પી લઈ વહ બુટી;
દાસ કબીરાને ઐસી પી લઈ,
રામ નામમેં લોહ[૬] ફૂટી.

卐

૧.જડીબુટ્ટી-ઔષધિ ૨. સાધુના હાથમાં રહેતું કમંડલુ ૩. લાકડી ૪. આદત-ઘેલછા
૫. ઝૂંપડી ૬. લોઢું

## પદ-૧૧૫

હાં રે રથ ફેરો ગોકુલ રથવાલા (૨)
તમે નંદ જશોદાના લાલા રે...રથ ફેરો
ગંગા રે તલપે,[1] જમુના રે તલપે; (૨)
તલપે છે નદીઓ નાળાં રે...રથ ફેરો
ગાયો તલપે, વાછરું તલપે; (૨)
તલપે છે ગોપ બિચારા રે...રથ ફેરો
ચંદ્રમા તલપે, સૂરજ તલપે; (૨)
તલપે છે નવલખ તારા રે...રથ ફેરો
વલ્લભ વિના, ગોપીઓ તલપે; (૨)
તલપે છે પ્રાણ અમારા રે...રથ ફેરો

卐

૧.વિરહમાં ઝૂરવું- તડપવું

## ઋષિરાજનાં પદો

## પદ-૧૧૬

## (જનરખરાયના રે માંડવે, એ રાગ)

પામર હરિરસ તે શું પીએ?
હરિગુણ ગાવામાં હૂં શીલા, જગમાં હરિના રે જન;
ખર શું ખાઈ જાણે ખીરને? મલકે ઉકરડે મન,
પામર પ્રભુરસ તે શું પીએ? પામર હરિરસ તે શું પીયે?...ટેક
કાગ મોતીને શું કરે? મોતી ભરખે[1] મરાળ;[2]
પાનનાં બીડાં શા પાડાને? પાડો શોધે પરાળ[3]....પામર
અંધા આંગળ શી આરસી? સમજે છાણાં સમાન;
બહેરા આગળ શું બોલવું? કયમ કરી ઉઘડશે કાન?...પામર
ભમર ગેંગાને[4] ભોળવ્યો, બધો દેખાડયો બાગ;
જોનાં વાડીનાં ઝાડવાં, ભાળ્યો વિષ્ટાનો ભાગ...પામર

શ્વાન ન સમજે રે સંપમાં, અગણિત દેતાં ઉપદેજ;
નજરે નાતીલો નિહાળીને, દિલમાં દાખવશે દ્વેષ...પામર
અન્નનાં ભોજન શા ઉટને? રીઝે ઝાંખરાને જોઈ;
ઈતડી વળગી અડાણમાં,[૫] પીશે પય છાંડી લોહી...પામર
પુરુષાતન ઈચ્છે પાવૈયો,[૬] એકે ન મળે ઈલાજ;
કાળી કાંબળ ને કર્મજનો, રંગ ન લાગે 'ઋષિરાજ'...પામર

卐

૧. ખાય ૨. હંસ ૩. ડાંગરની પતરાળી ૪. ભૂંડ અથવા ડુક્કર
૫. ઢોરને વળગતું એક જંતુ ૬. નપુંસક-હીજડો

## પદ-૧૧૭

હરિરસ હરિના જન પી શકે.

ઠરશે કંચનના થાળમાં, ડૂંગરી વાઘણ દૂધ;
ત્રાંબા-પિત્તળમાં નહીં ટકે, સો વાર કરીએ જો શુદ્ધ,
પ્રભુરસ પ્રેમીજન પી શકે, હરિરસ હરિના જન પી શકે...ટેક
સોમવલ્લી[૧] સંસારમાં, પચવે બ્રાહ્મણનો પુત્ર;
વમશે બીજી સહુ વર્ણને, શું થાય ધારેથી સુત્ર?...પ્રભુ
ખારા જળની રે માછલી, મીઠા જળમાં મરી જાય;
ખાશે કૂતરું ખીર તો, ઉલક[૨] ઓચિંતી થાય...પ્રભુ
અફીણ કેરી રે ઈયળનું, મળશે ગોળેથી મોત;
જળઋતુ પામીને જવાસા,[૩] સુકાય શાખા-થડ સોત...પ્રભુ
આખા જગની રે આંખોને, સૂરજ ઉગે સુખ થાય;
ઉલ્લુક[૪] જગમાં અભાગિયાં, દિવસે કાંઈ ન દેખાય...પ્રભુ
સેવે સાકરને શ્રીમંતો, કરવા સુંદર કાય;
ખર જો કાંકરો ખાય તો, જીવનું જોખમ થાય...પ્રભુ
મોંઘા મખમલના મૂઢિયાં, મઢતાં બગડે પખાજ;
દેઈને આટલા દાખલા, રચના કીધી 'ઋષિરાજ'...પ્રભુ

卐

૧. સોમવેલની ઔષધિ ૨. ઊલટી ૩. એક જાતની વનસ્પતિ ૪. ઘૂવડ

## પદ-૧૧૮

### (હરિનો મારગ છે શૂરાનો, એને મળતી દેશી)

### માયા-માયા કરતો મૂરખ

માયા-માયા કરતો મૂરખ, ઠામ ઠરી નવ બેઠો રે;
સંત-સભામાં સ્નેહ ન રાખ્યો પાપ-સભામાં પેઠો રે...૧
અલ્પ જીવનની આશા લાંબી, કૌતુક[1] આ તે કેવું રે?
ફાંસી દેતાં ચઢયું ફૂલેકું,[2] આ જગનું સુખ એવું રે...૨
તલવાર ઉપર મધનું ટીપું, જીભડી જૂદી થાશે રે;
વરણાગીમાં વાંકો ચાલે, જમડા ઝાલી જાશે રે...૩
કીડાવાળું કુતરું દોડે, જંપે નહીં તે જરીયે રે;
વિષય વળુદો[3] વળખાં[4] વીણે, ડૂબ્યો દુઃખનના દરીયે રે...૪
કલાલ કેરા ઘરનો ઉંદર, દારૂ પીને ડોલે રે
ઝડપ કરીને મનીએ ઝાલ્યો, ફાડી ફાળજ ફોલે રે...૫
ભાદરવાનો ભીંડો તે તો, વિલાઈ જશે વહેલો રે;
ધનજોબનના ધમધમાટમાં, ગર્વ કરે તે ઘેલો રે...૬
ખારા રણમાં ખૂટલ[5] પ્રાણી, મૃગજળ દેખી મોહ્યો રે;
'ઋષિરાજ' કહે રામ રટયા નહીં, અજગર આંચળ દોહ્યો રે...૭

卐

૧. આશ્ચર્ય ૨. વરઘોડો ૩. પેઘેલો ૪. વલખાં

## પદ-૧૧૯

### (કુંવરી તેં કુળ વગોવ્યું રે, એ દેશી)

માયામાં મનડું મોહ્યું રે.
માયામાં મનડું મોહ્યું રે, પામર પ્રાણી;
પ્રભુમાં ચિત ન પ્રોયું રે, પામર પ્રાણી...ટેક
જીવડલા ઉંધે માથે, તું દશ મહિના ઝુલ્યો;
તે દા'ડા હવે ભૂલ્યો રે...પામર

જો અલ્યા તું તો બળતો'તો જઠરાની[1] ઝાળે;
ઉગાર્યો દીનદયાળે રે...પામર
કરડતા તારી કાયાને કરમિયા[2] કીડા;
પસ્તાતો પામી પીડા રે...પામર
ખાટું ને ખારું તીખું જનેતા તારી ખાતી;
તે થકી બળતરા થાતી રે...પામર
મૂંઝાતો મૂરખ આળા તે ચામડાની માંહી;
ત્રીકમજી બેલી ત્યાંહી રે...પામર
ગોઝારા તેં તો મળ ને મૂતરમાં ખાધાં ગોથાં;
પૂછાવી જોને પોથાં[3] રે...પામર
સંભાળે સાતે મહિને 'ઋષિરાજ' કેરો સ્વામી;
અલબેલો અંતરજામી રે...પામર

卐

૧. જઠરનો અગ્નિ ૨. કૃમિ ૩. ગ્રંથો-શાસ્ત્રગ્રંથો

## પદ-૧૨૦
## માને છે મારું-મારું રે

માને મારું-મારું રે, જાગીને જોને;
તલભાર નથી કાંઈ તારું રે, જાગીને જોને...ટેક
માણેક ને મોતી કેરી દુકાનો જેણે માંડી;
હીંડયા લેઈ ફૂટી હાંડી રે...જાગીને
ભંડાર ધનના ભરિયા ભૂપાળે બજવી[1] ભાલા;
પણ ચાલ્યા ઠાલામાલા રે...જાગીને
કીરતિઓ જેનાં નાણાંની સંભળાતી કાને;
તે સૂતા જૈ સમશાને રે...જાગીને
સંચરતા[2] હાથી-ઘોડા હજારો જેની સાથે;
તે હીંડયા ખાલી હાથે રે...જાગીને
સંસાર સર્વે દેખીને ડરતો જેની શેહમાં;[3]
તે ચોંટયા જઈને ચેહમાં[4] રે...જાગીને

કીધાં હોય હાથે કરીને દાનપુણ્ય કોડે;
તે જાય જીવની જોડે રે...જાગીને
'ઋષિરાજ'ના રૂદિયામાં રહેનારો જેથી રીઝે;
કામું તો એવું કીજે રે...જાગીને

卐

૧. યુદ્ધ કરી ૨. ફરતા ૩. શરમમાં ૪. ચિતામાં

## પદ-૧૨૧

(ધોળ: વીરા વહેલા આવજો, એ રાગ)
વીરા! વસ્તુ વિચારીને વહોરિયે

વીરા! વસ્તુ વિચારીને વહોરિયે, પરિણામે પરમ સુખ થાય;
રૂપે નવ રીઝિયે...ટેક
સાવધાન થઈ ગુણ શોધિયે, જેથી પોતાના અવગુણ જાય...રૂપે
ઈંદ્રવરણાં[1] કેસર જેવાં ઓપતાં, ચાખી જોયાં તો વિષ જેવી ચીજ;
ધોળી ધરતી જોઈ ધોરી[2] જોતર્યા,[3] વાવ્યા કેડે ખોવાણું છે બીજ...રૂપે
દેખ્યું દૂધ આકડિયાનું ઊજળું, પીતાંવાંત છૂટી ગયા પ્રાણ;
શીળી છાયા જોઈને કર્યો સાથરો[4] મીણો[5] ચઢયો ને મળિયું મસાણ...રૂપે
ઘણી મહેનતે ઉછેરી ઘોડલી, જાણ્યું પંચકલ્યાણીની જોડ;
પરદેશી મળ્યો કોઈ પારખૂ, ખોળી દેખાડી ચોરાશી ખોડ[6]...રૂપે
જાણ્યું સોનાની લીધી છે સાંકળી, આથી સરસે કાઠેમાઠે[7] અર્થ;
જીવ જેવી જતન કરી જાળવી, તાવી જોતાં પિત્તળ થયું ગર્થ...રૂપે
અજાણ્યા પંખી જૈ બેઠા આંકડે કેરીઓ જોઈ વસિયાં વાસ;
ચાર પખવાડિયે ભરી ચાંચડી, તૂર[8] દેખીને પામ્યા ત્રાસ...રૂપે
'ખપ હોય તો વિવેકથી ખોળિયે, પછી ગુરુવચનામૃત પીજે;
વીરા! લઉ રે વિવેકનાં વારણાં,[9] 'ઋષિરાજ' રામજી રીઝે...રૂપે

卐

૧. ઈન્દ્રના જેવા પીળા રંગવાળા ૨. મોટા બળદ ૩. જોડયા ૪. વિશ્રામ ૫. માણ
૬. સ્વરૂપની ખામી ૭. યોગ્ય પ્રસંગે ૮. આકડાનું ફળ ૯. ઓવારણાં

## પદ-૧૨૨

(લાવ લાવ સખી! એક કાગળ લખીએ હરિને રે, એ દેશી)

### સદા સુખિયાં જગતમાં સંત

સદા સુખિયાં જગતમાં સંત, દુરિજન દુખિયાં રે;
ના'વે અકળામણનો અંત, મૂરખનાં મુખિયાં રે...૧
રુવે રાતદિવસ સહુ રાંક, ભૂખે મન ભટકે રે;
વડો પૂર્વજનમનો વાંક ખરેખરો ખટકે રે...૨
તાલેવંતે અંતરે ત્રાસ, ધાંખના[૧] ધનની રે;
રખે થૈ જાય નાણાનો નાશ, મહાવ્યાધિ મનની રે...૩
સુવાસણને[૨] ધણીનો સંતાપ હુકમ કરે હાળી રે;
વિધવાના તો પૂરણ પાપ ઉમર ઓશિયાળી રે...૪
વણપરણેલાં મનમાં મૂંઝાય, ફોગટ જેવા ફળિયે રે;
પરણેલાં પૂરણ પસ્તાય, હવે શું કરીયે રે?...૫
ભોગ લાગ્યા તે લીધો ભેખ, બોલે એવું બાવા રે;
પડી હાથમાં રોબડ[૩] રેખ, એથી થયા આવા રે...૬
જેને પરપંચ ઉપર પ્રીત, ઝૂરે એ તો ઝાઝૂં રે;
'ઋષિરાજ'ની સમજે રીત, તેને સુખ તાજું રે...૭

卐

૧. ઝંખના   ૨. સૌભાગ્યવંતી સ્ત્રીને   ૩. જડતાની રેખા

## પદ-૧૨૩

(હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને, એ દેશી)

### ધીરજ ધરને અરે અધીરા!

ધીરજ ધરને અરે અધીરા! ઈશ્વર દેશે અન્ન જોને;
ખલક[૧] તણો છે પ્રભુને ખટકો,[૨] માને સાચું મન જોને...૧
જન્મ્યા પહેલો જગના નાથે, ઉપાય શોધ્યો શુદ્ધ જોને;
હાડમાંસના હૈયા મધ્યે, દેવે સજર્યું દૂધ જોને...૨
કોશેટામાં[૩] કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને.
હાથીને મણ કીડીને કણ, ચારપગાંને ચાર જોને...૩

મસીસ[૪] કેરા કેલમનારા, ઉપર ઉગ્યાં ઝાડ જોને;
ધરા ઉપર પાણી પામે, પરમેશ્વરનો પાડ જોને...૪
અજગર સૂતો અરણ્ય મધ્યે, ડગલું નવ દે દોટ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને...૫
અનળ[૫] જનાવર રહે આકાશે, મદઝર ભરખે મોટા જોને;
જગના માટે હરિએ જમાવ્યા, ગગને જળના ગોટા જોને;
મરાળ[૬] કેરો ચારો મોતી, વખતે આપે વહાલો જોને;
'ઋષિરાજ' કે' રામભરૂંષો, રાખી મગને મહાલો જોને...૭

卐

૧. જગત ૨. ચિંતા ૩. કીડાનું ગર્ભઘર ૪. મસ્જિદનું અપભ્રંશ હશે. ૫. એક પંખી ૬. હંસ

## જીવણનાં પદો

### પદ-૧૨૪

### (ભજન)

વહાલો મારો સાચાનો સંગાથી રામ, જેણે પ્રીત કીધી...ટેક
વહાલાજી મારા, પ્રમથ ધ્રવ શું પ્રીત કીધી
તેને અવિચળ[૧] પદવી દીધી રામ, જેણે પ્રીત કીધી...વહાલો
વહાલાજી મારા, ઊંડા તે જળમાં ગર્જના[૨] કીધી;
તેની તરત ખબરૂં લીધી રામ, જેણે પ્રીત કીધી...વહાલો
વહાલાજી મારા, બળિને બોલાવી વાચા લીધી;
ત્રણ ડગલાં પૃથ્વી લીધી રામ, જેણે પ્રીત કીધી...વહાલો
વહાલાજી મારા, હેતે વિદુરની ભાજી ખાધી,
અને વચને ગુણકા સાધી રામ, જેણે પ્રીત કીધી...વહાલો
વહાલાજી મારા, વૃંદા તે વનના વાસી;
એમ બોલ્યા જીવણદાસી રામ, જેણે પ્રીત કીધી...વહાલો

卐

૧. સ્થિર ૨. બૂમ પાડી અથવા પોકાર કર્યો

## પદ-૧૨૫

રામ સમર[1] મન રામ સમર લે, અરે મૂર્ખ કયાં મન સુતા...ટેક
જાગ્રત[2] નગરી ચોર ન લૂંટે, જખ[3] મારેગા જમદૂતા...રામ
જપ કર તપ કર કોટિ યજ્ઞ કર, કાશી જઈ કરવત લેતા;
મૂઆ પછી મુકિત નહિ હોવે, રણમેં સરજે જમદૂતા[4]...રામ
જોગી હોકર જટા[5] બઢાવે, અંગ લગાવે ભવભૂતા;[6]
દમડી કારણ દેહિ જલાવે; સો જોગી નહિ જમદૂતા...રામ
જોગી હોય સો જંગમ રહેવે, કામ ક્રોધકું દે દંડા,
અધર[7] તખ્ત પર આપ બિરાજે, સો જોગી હય અવધુતા..રામ
સૂતા સો નર ગયા ચોરાશી, જાગ્યા સો નિરભે હોતા,
દાસ જીવણ ગુરુ ભીમને ચરણે, અનુભવ લેતા..રામ

卐

૧. યાદ કર અથવા સ્મરણ કર ૨. જાગતી ૩. પસ્તાવું ૪. મોત આવે ૫. વાળ
૬. રાખ૭. નીચે-અહીં અલિપ્તના અર્થમાં

## પદ-૧૨૬

મારો બાલપણાનો બેલી[1] રે
મારી કાયાનો સંઘાતી[2] રે, જેણે પ્રીત કીધી...ટેક
વા'લા મારા પે'લી[3] પ્રીત ધ્રુવે કીધી;
જેણે અવિચળ પદવી લીધી રે, જેણે પ્રીત કીધી...
વા'લે મારા ભાવે વિદુરની ભાજી ખાધી;
જેને સંગતે ગુણકા સીધી રે, જેણે પ્રીત કીધી...
વા'લે[4] મારા જલમાં ગજે બૂમ કીધી;
તેની તરત ખબરૂં લીધી રે, જેણે પ્રીત કીધી...
વા'લો મારો વનરા વનનો વાસી;
એમ બોલ્યા જીવણદાસી રે, જેણે પ્રીત કીધી...

卐

૧. રક્ષણ કરનાર ૨. સાથ આપનાર ૩. પ્રથમ અથવા તો શરૂઆતમાં-બાળપણમાં
૪. પ્રભુએ

## પદ-૧૨૭

મારા બાળપણાની પ્રીતું રે, પૂરવ જનમની પ્રીતું રે;
ઓધા[1] મહોલે આવો...(ટેક)
જોઈ જોઈને વોરીએ જોતું, બીબાં વિના ન પડે ભાતું રે;
ભાર ઝીલે ભીંતું રે, ઓધા મહોલે આવો.
દાસી માથે શું છે દાવો? મારે મહોલે ના આવો માવો;
આવે તો અભાવો[2] રે, ઓધા મહોલે આવો.
તમ વિનાનું નથી રે'વાતું, વાલમ આવો કરીએ વાતું;
આવી છે એકાંતું રે, ઓધા મહોલે આવો.
દાસ જીવણ સંતો ભીમને ચરણે, વારણાં[3] લઉ વારી વારી;
ગરીબી ગવાણી[4] રે, ઓધા મહોલે આવો.

卐

૧. ઉધ્ધવ અથવા ઓધવજી ૨. ખાલીપણું ૩. ઓવારણાં ૪. મહિમા સમજાયો

## પદ-૧૨૮

જયાં લગી આતમા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે...(ટેક)
હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તું કહે; (૨)
સુતા પહેલાં જે સમરણ કરે ભઈ, તેની બોલ જય જય...જયાં
લીધા સરીખું નામ હરિનું, લઈ શકે તો લે, (૨)
દીધા સરીખું દાન છે અન્નનું, દઈ હાકે તો દે...જયાં
આ રે સંસારી રે સર્વે[1] ખોટો, ને સાચી વસ્તુ બે; (૨)
એક પુણ્ય બીજું હરિભજન ભઈ, જીવડા સમજી લે...જયાં
દુષ્ટ પદારથ સર્વે ખોટો, ને આત્મા અખંડ છે; (૨)
કીડી થકી તે કુંજર[2] લગણ ભઈ, કાળચક્કરનો[3] ભે...જયાં
એક દિન આંગણે દીવા, વિવાહ, વળી ઢોલશરણાઈ બજશે; (૨)
કહે જીવણ એવો એક દિન આવશે, સમશાનો ધગશે...જયાં

卐

૧. આખો-બધો ૨. હાથી ૩. મૃત્યુનો

## ભોજા ભગતના ચાબખા

### પદ-૧૨૯

મૂરખો રળીરળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો...ટેક
ધાઈ[1] ધૂતીને[2] ધન ભેળું કીધું, કોટિધ્વજ[3] કહેવાણો;
પુણ્યને[4] નામે પાઈ ન વાપરી, અધવચમાં લૂંટાણો રે....મૂરખો૦
ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે દાણો;
મસાણની રાખમાં રોળાઈ ગયા કૈંક;
કોણ રંક ને કોણ રાણો રે ?.....મૂરખો૦
મંદિર માળિયાં[5] મેલી કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મૂઆ પછી, જીવ ઘણો ઘણો પસ્તાણો[6] રે....મૂરખો૦

卐

૧.દોડી દોડી ૨. લૂંટી લૂંટીને ૩. કરોડપતિ ૪. સત્કર્મ કરવા માટે
૫. ચોરખાના ૬. પસ્તાયો

### પદ-૧૩૦

ભકિત શીશ તણું સાટું[1] રે, આગળ વસમી છે વાટું!...ટેક
એક દિવસ તો આવી બની રાજા મોરધ્વજને માથે;
કાશીએ જઈને કરવત મૂકાવ્યું, હરિજનને હાથે રે...ભકિત
સત્યને કારણે ત્રણે વેચાયાં, રોહિદાસ ને રાણી;
ઋષિને વાસ્તે[2] રાજા વેચાણો, ભરવાને પાણી રે...ભકિત
શેઠ શગાળશા ને ચંગાવતી, જેણે એવું વ્રત લીધું;
ચેલૈયાનું શીશ કાપીને, સાધુને દીધું રે...ભકિત
પહેરો પટોળાં પ્રેમનાં રે, તમે શૂરવીર થઈને ચાલો;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, અમરાપુર મહાલો રે...ભકિત

卐

૧. બદલો ૨. માટે

## પદ-૧૩૧

દુનિયા દિવાની કહેવાશે રે,
ભૂંડી ભીંતોમાં ભટકાશે રે...ટેક
પાપ જયારે એનું પ્રકટ થાશે,
ત્યારે ભૂવા-જતિ[1] ઘેર જાશે;
ધૂણીધૂણીને એની ડોક જ દુઃખશે,
ને લેનારો લઈ ખાશે રે,...દુનિયા
સ્વર્ગમાં નથી સૂપડું[2] ને,
નથી ખાંડણિયો ને ઘંટી;[3]
દૂધ ચોખાના જમનારા તમે,
કેમ કરી જમશો બંટી[4] રે,...દુનિયા
ઢોંગ કરી ધૂતવાને[5] આવે,
ત્યારે હાથ બતાવવા સૌ જાશે;
'કયારે આના કર્મનું પાનું રે ફરશે,
અને કયારે પુત્ર જ થાશે રે'...દુનિયા
કીમિયાગર[6] કોઈ આવી મળે,
ત્યારે ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત ભણે ભ્રમણામાં ભમતાં
ગાંઠની મૂડી ગમાશે રે...દુનિયા

卐

૧. ભૂત પલીતન ભગાડનાર ઢોંગી સાધુ  ૨. સફાઈ માટેનું સાધન  ૩. ખાંડવા કે દળવા સ્વર્ગમાં કોઈ સાધન નથી. મતલબ કે સ્વર્ગ તો ભોગ ભોગવવા માટેનું સ્થળ છે. ત્યાં શુદ્ધ કે પવિત્ર થવા માટેનાં કોઈ સાધનો નથી હોતાં. મનુષ્ય અવતારમાં જ શુદ્ધ થઈ શકાય.  ૪. પશુને લાયક અનાજ  ૫. લૂંટવાને  ૬. જાદુગર

## પદ-૧૩૨

મૂરખો કાલની વાતું કરે રે, માથે કાળનું ચક્કર[1] ફરે...ટેક
કહે કંઈકને નહિ કરવું એવું, નિજ કરતો નવ ડરે;
વિષયવિકારમાં[2] ફરે વલખતો પારકા ઘરમાં ગરે[3]...મૂરખો

સ્વારથમાં[૪] જીવ ચાલે ચોધારો, અસત્ય ઘણું આચરે;
છળ,[૫] છેતરને દગાબાજી[૬] કરી, પારકા ધનને હરે...મૂરખો
ધર્મને માર્ગે ઢૂંકડો[૭] ન આવે, પાપમાં પગલાં ભરે;
સૂમની માયા સંઘરી રહેશે, કયાં વેશ્યા નારીમાં વાવરે...મૂરખો
તેથી ચોરાશી સહી કરી જીવ, અલ્પ[૯] થઈ અવતરે;
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, ભૂંડે હાલે મરે...મૂરખો

卐

૧. ચક્ર  ૨. દુન્યવી પદાર્થોની લાલસાથી મન વિકારી બને  ૩. ગરકી જવાય-ફસાઈ જાય
૪. મમતાના ઘરમાં માત્ર સ્વાર્થનો જ વિચાર કરે  ૫. ને  ૬. કપટ  ૭. સીધો
૮. મીઠી અથવા સારી લાગતી  ૯. થોડું

## પદ-૧૩૩

ભકિત શૂરવીરની[૧] સાચી રે, લીધા પછી કેમ મેલે પાછી
મન તણો નિશ્ચય[૨] મોરચો કરીને, વધિયા વિશ્વાસી;
કામ ક્રોધ મદ લોભ[૩] તજીને પછી, ગળે દીધી ફાંસી...ભકિત
શબ્દના ગોળા જયારે છૂટવા લાગ્યા, ને મામલે રહ્યા સૌ મચી;[૪]
કાયર હતા તે કંપવા લાગ્યા, નિશ્ચે[૫] ગયા નાસી...ભકિત
સાચા હતા તે સન્મુખ[૬] ચડિયા, ને હરિ સંગાથે રહ્યા રાચી;
પાંચ પચીસને[૭] અળગા મેલ્યા, પછી બ્રહ્મ[૮] રહ્યા ભાસી...ભકિત
કરમના પાશલા[૯] કાપી નાખ્યા, ભાઈ ઓળખ્યા અવિનાશી;[૧૦]
અષ્ટસિદ્ધિની[૧૧] ઈચ્છા ન કરે, જેની મુકિત થઈ દાસી...ભકિત
તનમનધન જેને તુચ્છ કરી જાણ્યા, અહર્નિશ[૧૨] રહ્યા ઉદાસી;
ભોજો ભગત કહે ભકત થયા, એ તો વૈકુંઠના વાસી...ભકિત

卐

૧. સર્વ સમર્પણ કરનાર ભકત શૂરવીર કહેવાય  ૨. નિર્ણય  ૩. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ શત્રુઓ ગણાય. ભકિતમાં હંમેશા અડચણો ઊભી કરે  ૪. મક્કમ  ૫. નક્કી
૬. સામે-ભકત શૂરવીર હોવાથી સામી છાતીએ જ રહે  ૭. પ્રકૃતિનાં પચીસ તત્ત્વો  ૮. પરમાત્મા અથવા આત્મા અથવા સ્વ સ્વરૂપનું દર્શન  ૯. બંધન  ૧૦. અવિનાશી આત્મા  ૧૧. આઠ સિદ્ધિઓ-અણિમા, લઘિમા, ગરિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વાશત્વ, ઈશિત્વ  ૧૨. રાતદિવસ

## પદ-૧૩૪

જીવ તેં હરિના સમ્યાં ઘડી[1] કાયા કાલે જાશે પડી;
મન તેં પ્રભુ ના સમર્યા ઘડી, કાયા કાલે જાશે પડી...ટેક
રાત દિવસ ધંધામાં રઝળ્યો,[2] નિંદા કથા મુખ ઘડી;
જોબનમાં[3] જન્મારો ખોયો, તારી મહેનત સાથે પડી...જીવ
સોનાની ચાંખડીએ[4] ચઢતો, ને હીરે રત્ને જડી;
વાંકી ફોજું[5] કલગીવાળો ભાઈ, જમડા જાશે જડી...જીવ
પેરણ પીતાંબર[6] પલંગે પોઢતો, ઓઢણ છે પામરી;[7]
આ લોક સુખમાં ઊંઘી રહ્યો, પછી જમડા જશે જડી...જીવ
નાડી ખેંચાશે ને જીવ ઝલાશે, ને નીર નહિ ઉતરે નળી,
હજાર વીંછીની વેદના થાશે, પછે સોઈ દિન આવશે ચઢી...જીવ
ખાટયું ઘણું પ્રાણી ખરચી ન શકયો, ને દાટી બેઠો છે દળી,
ભોજો ભગત કહે અંતે એની, પછી બાંધી ચાલ્યા ઠાઠડી...જીવ

卐

૧. એક પણ પળ ૨. રખડયો ૩. યુવાનીમાં ૪. સિંહાસને ૫. લશ્કર
૬. પીળા રંગનું વસ્ત્ર ૭. પામર-નબળી

## પદ-૧૩૫

પ્રેમની વાત છે ન્યારી,[1]
ઓધવજી પ્રેમની વાત છે ન્યારી,
પ્રેમની વાતોમાં ઓધવ, તમે શું જાણો.
બીજા શું જાણે સંસારી...ઓધવજી
પ્રેમની વાતોમાં ઓધવ, બ્રહ્માજી ભૂલ્યા;
વેદ મેલ્યા છે વિસારી...ઓધવજી
તમારો રંગ ઓધવ, રંગ છે પતંગનો;
અમારો રંગ છે કરારી[2]...ઓધવજી
વેદ શાસ્ત્રમાં ઓધવ, સ્ત્રી નવ તારી;

વ્રજવનિતાને કેમ તારી...ઓધવજી
વલ્લભના સ્વામી પ્રભુ, રસિક[3] શિરોમણી;
નીસરવાની[4] નથી બારી...ઓધવજી

卐

૧. જુદી ૨. પાકો ૩. ભકતોને માટે લીલા કરે તેથી રસિક શિરોમણિ એટલે ઉત્તમ
૪. પ્રેમની ઉત્કૃષ્ટતાની નિશાની-પ્રભુ માટે પ્રેમનું સ્થાન હૃદય-હૃદયમાં પ્રભુને પ્રેમથી કેદ કર્યા પછી પ્રભુ નીકળી શકતા નથી.

## પદ-૧૩૯

રામ અમલ[1] રંગ રાતે સાધુ, રામ અમલ રાતે[2] રે;
અનંત કલ્પ બીતે એહી પીતે, અજહુ નહિ ધરાતે રે...રામ

પ્રથમ બીજ બદ્રિપતિ[3] બોયો, નારદકે ઉર માંહી રે;
નારદ લે દશ દિશ હી વેર્યો, ચૌદ લોક કે માંહી રે...રામ

નારદ પાસ વ્યાસ મુનિ લેકે, શુક જોગીકું પાયો રે;
સો શુક અનંત[4] કોટિ વૈષ્ણવકું, સબકું રંગ ચઢાયો રે...રામ

સો શુક તે લે, સુત પુરાણી, પીના ખૂબ અધ્યાસી[5] રે;
નિશદિન એહી અમલકે છાકે, ઘૂમત સહસ્ત્ર અઠયાસી રે...રામ

શેષ સહસ્ત્રમુખ[6] શિવ સનકાદિક, પીવત પાન ન થાકે રે;
બ્રહ્માનંદ કહે વ્રજવાસી, એહી અમલમેં છાકે રે...રામ

卐

૧. મળ વિનાનો શુદ્ધ હરિરસ-રામરસ ૨. અલમસ્ત ૩. બદ્રિનારાયણ ૪. જેનો અંત જ નથી એટલા ૫. રામરસ પીધા પછી જગતનું ભાન રહેતું નથી. ભ્રમ ભાંગી જાય છે.
૬. શેષનાગને હજાર મુખ હોય છે એવી પુરાણોની કલ્પના છે.

## પદ-૧૩૭

ઝૂલત કુંજવિલાસી, શ્યામરો ઝૂલત કુંજવિલાસી;
રાધા સંગ ઉમંગ ભરી નિત્ય, નીરખી પ્રિયા મુખ હાંસી...શ્યામરો
શ્યામા[1] શ્યામ હિંડો રે ઝૂલત, આયે ખડે વ્રજવાસી;
નિજ જનકે મન મોહ બઢાવત, રસિક રાય સુખરાશી...શ્યામરો
ઈંદ્રાદિક બ્રહ્માદિક આયે, આયે સિદ્ધ[2] ચોરાશી;
કહાન કુંવરકો વદન વિલોકન,[3] શિવ આયે તજ કાશી...શ્યામરો
સુરવર મુનિવર નીરખ હિંડોરો, હો ગયે સર્વા હુલાસી,[4]
બ્રહ્માનંદકો નાથ રસીલો, નવલ છબી અવિનાશી...શ્યામરો

卐

૧. ગોપી ૨. જે પ્રભુ દર્શનની સિદ્ધિ મેળવે તે સિદ્ધ ૩. દર્શન કરવા ૪. આનંદિત

## કબીરના કયારા

## પદ-૧૩૮

એ ઘરકી મોહે કોન બતાવે, જે ઘેરથી જીવ આયા હો;
કાયા હંસ[1] છાંડે હી જબહી, તબહી કહાઁ સમાયા હો...૧
મેં મેરી મમતા કે કારણ, વારંવાર ઠગાયા[2] હો;
સમજ પડી મોહે સતશબ્દકી,[3] ઘેરઘેર ભટકાન[4] ખાયા હો...૨
અબ મેરી સુરતા[5] લગી સતગુરુસે, ઉલટ નિકર[6] કરી ધાયા હો;
કહે કબીર નામકા કયારા, સહેજ હી સહેજ[7] સમાયા હો...૩

卐

૧. જીવ ૨. છેતરાયો ૩. ગુરુએ આપેલો ઉપદેશ સત્ય એટલે પરમેશ્વર તરફ લઈ જતો હોવાથી સતશબ્દ. ૪. આવન જાવનના અથવા તો જન્મ મરણના ફેરા ૫. મન
૬. જગતને પસંદ નથી એવી ઊલટી પદ્ધતિથી ૭. સ્વભાવિકપણે

## પદ-૧૩૯

એક ઘડી કે સુખ કારણ, વિવાહ[1] કરો ભલા ગુણા હો;
મનષા જન્મ સધાયો સંતો, ધોખા કો વિડાર્યો[2] હો...૧
ઘોડા ઘોડી કો સંગ છોડ કે, સંત સંગત બોલાવો હો;
પિતા કહે એ પુત્ર અમારો, માતા કહે છૈયો મેરો હો...૨

બેની કહે એ બંધુ અમારો, જોરુ કહે વર મેરો હો;
કાલ કહે તમે દૂર ખડે રહો, એનો ચારો[3] અમારા હો...૩
કાલ આયે ગોપાલ લાલ કે, છોડોની ખ્યાલ સલુણા[4] હો;
કહે કબીર સુનો ભાઈ સાધુ, છોડયા ઘરકા ખુણા હો...૪

卐

૧. લગ્નસંબંધ ૨. દૂર કર્યો ૩. ખાવા માટેનો ખોરાક ૪. સારા-સ્વાદિષ્ટ

## પદ-૧૪૦

ધણી અમારા પ્રેમ પ્યારા, સબમેં સબસે ન્યારા,[1] હો;
નાની બોલી[2] ભાષામેં ન આવે, નહીં લેખન લખધારા[3] હો;...૧

સકલ મંડલ જેણે પ્રકટ કીધા, રાઈ કે અધિકારા હો;
રાઈ સે પર્વત કર ડાર્યા, પર્વત રાઈ મેં ગાળ્યા હો...૨

એક સાહેબ સૃષ્ટિ કા કર્તા, એકે કિના[4] પ્રસારા હો;
કહે કબીર સુનો ભાઈ સાધુ, જિનકા એહી વિસ્તારા[5] હો...૩

卐

૧. જુદા જ ૨. સૂક્ષ્મ વાતો ૩. શબ્દની ધારા ૪. કર્યો ૫. એક જ ચૈતન્ય તત્ત્વનો આ વિસ્તાર છે.

## પદ-૧૪૧

મારો સાથીડો[1] રીસાણો, એને કોણ મનાવવા જાય;
મને અરધ વચ્ચે લૂંટી, એ તો રિસાઈ ને જાય...ટેક

કાયા અમારી કાચની, માંહી ઝોલા[2] ખાય;
પિંજરામાંથી પોપટ[3] ઉડયો, પિંજર[4] ઝોલા ખાય...૧

કાચી માટીના મહેલ બનાયા, જલદી તૂટી જાય;
પરદેશીની પ્રીતડી તો, પલમેં તૂટી જાય...૨

પંચ વરસકા[5] પિયુ અમારા, એમ કેમ રેન[6] ગુમાય,
સરખી સરખી સાહેલી[7] તો, અવળાં ગીતો ગાય...૩
કહે કબીરા સુનો ભાઈ સાધુ, હેતે હરિગુણ ગાય,
ચેતન હતા તે ચેતી ગયા ને મૂરખ ગોથાં ખાય...૪

卐

૧. સાથ આપનારો આત્મા ૨. અંતિમ શ્વાસોશ્વાસ વખતની સ્થિતિ ૩. આત્મા-જીવ
૪. દેહરૂપી પિંજર ૫. જીવ શરીરમાં કેટલો વખત રહે? ચાર દિવસની ચાંદની જેટલો વાસ
૬. રાત્રિ ૭. બહેનપણીઓ

## કાનડાની સાખી

### પદ-૧૪૨

રાગન કો પતિ કાનડો, ધરતી કો પતિ ઈન્દ્ર;
તારા કો પતિ ચંદ્રમા, ગોપી કો પતિ ગોવિંદ...૧
સતીઓમેં સીતા બડી, તારામેં બડા ચંદ્ર;
ગોકુલમેં બડા કૃષ્ણજી, ભકતનમેં બડા કબીર...૨
જૂઠી પ્રીત જલહંસકી, જલ સુકે ઊડ જાય;
સાચી પ્રીત જલકમલકી, દોનો સંગ સુકાય...૩
કાનડા કેરે કારણે, કનડી કરે પુકાર;
કાનડે કુબ્જા કર ગ્રહી, કાનડો હૈ કિરતાર...૪
તિમિર[1] ગયું રવિ દેખતાં; કુબુદ્ધિ[2] ગઈ ગુરુ જ્ઞાન;
સંપત્તિ ગઈ અતિ લોભસે, ભકિત ગઈ અભિમાન...૫

卐

૧. અંધકાર ૨. દુષ્ટ બુદ્ધિ અથવા મૂઢતા

### પદ-૧૪૩
### (રાગ-કાનડો)

હરિનામ હીરા, કંચન, પ્રેમ જડયો હૈ, હરિનામ હીરા કંચન પ્રેમ જડયો હૈ;
સતગુરુ શ્બ્દ શ્રવણે[1] સુનકર, દઢ કર હૃદયે બનાઈ ધર્યો હૈ...હરિનામ...૧

ચશ્મા જ્ઞાન વિવેક[2] જ રહેણી, ચિત્ત ચંદન ચોંટયો, ન ટળ્યો હૈ;
આસપાસ પ્રતીત પીરોજા,[3] બુદ્ધિ ચુની લે પાટ[4] પડયો હૈ;...૨
જંગમ ઘાટ હરિનામ જરાનો,[5] દેખી ચોર અજ્ઞાન ટળ્યો;
કહે કબીર એ નિગમ અગોચર,[6] ભકત હેત રસનાએ[7] ઉચર્યો હૈ...૩

卐

૧. કાને ૨. યર્થાથ-યોગ્ય ૩. દેવ ૪. તક ૫. પરિવર્તનશીલ
૬. જાણી શકાય નહિ તેથી અગમ અને દેખી શકાય નહિ તેથી અગોચર ૭. જીભે

## પદ-૧૪૪

રામનામ જબ લીઓ મન તેં, રામનામ જબ લીઓ મન તેં;
યોગ યજ્ઞ[1] જપ તપ વ્રત તીર્થ, સકલ સમર્પણ કિયો, મન તેં. રામનામ...૧
જીવન જન્મ સફળતાકો, જેણે એ દઢ વ્રત લીયો. મન તેં.
નિર્ભય ભયો પરમપદ પાયો, અમી[2] મહારસ પીયો. મન તેં...૨
પીવત અમર ભયે સનકાદિક, શંકર પીવત લીયો;
કહે કબીર કૃપા કરી મોં પે, દિનાનાથ દિયો. મન તેં...૩

卐

૧. પ્રભુ પ્રાપ્તિનાં સાધનો ૨. અમૃત

## પદ-૧૪૫

કોઈ તોલો રે હરિનામ ભયો હૈ, કોઈ તોલો રે હરિનામ ભયો હૈ;
યોગ યજ્ઞ જપ ધર્મ નીમ વ્રત, એ સબ કોન કામ ભયો હૈ...૧
એક પલ સબ વેદ પુરાણ, એક પલ અર્ધ નામ હરિ કો;
તીર્થ સકલ ભ્રમણ કીના, તો યે ન નામ સમાન ભયો હૈ...૨
નાદ ન બુંદ રૂપ નહિ દેખા,[1] તા કો ધ્યાન ધર્યો હૈ ભૈયા;
તીન લોક જા કે ઓથ[2] રહત હૈ, શંભુ પદ નિર્વાણ રચ્યો હૈ...૩
ભણે નામદેવ અંતર્યામી, સત્ય લહો વિચાર ભયો હૈ
રામનામ સે દેવ ન દૂજા, તારન તરન મોરાર ભયો હૈ...૪

卐

૧. બધે વ્યાપેલું ચેતન તત્ત્વ અથવા તો જેને ઈશ્વર કહેવામાં આવે છે તે નિરાકાર છે ૨. પાતાળલોક, પૃથ્વીલોક ને ઊર્ધ્વલોક બધા જ પરિવર્તનશીલ છે. તેનાથી પણ ઉપર જેનો વાસ છે.

## પદ-૧૪૬
### (રાગ-કાનડો)

જો કુલ ભકત ભાગ્યવાન હોય ગણીએ ન વણ અવર્ણ[1] રંકધન;
વિમલ[2] વંશ માનીએ અતિ સોઈ જો, કુલ ભકત ભાગ્યવાન હોઈ...ટેક
બ્રાહ્મણ, ક્ષત્રિક, વૈશ્ય અરૂ શુદ્ર, નારિ ચંડાલ શ્લેચ્છ[3] હોઈ;
હોઈ પુનિત ભજે ભગવંતા, આપ તરે, તારે કુલ દોઉ...૧
ગામ સો ઠામ દેશ સો હી પાવન, સંઘ પુનિત માનીએ અતિ સોઈ;
શુર પંડિત નૃપતિ પાદશાહ, હરિદાસ બરાબર ઔર ન કોઈ...૨
કરત ભકિત લેત પ્રેમરસ, તજી સંસાર જાન કે સોઈ;
પોયણીપાત્ર[4] સમાન રહેત હૈ, કહે કબીર જગમેં જન કોઈ...૩

卐

૧. રંગ કે જાત  ૨. શુદ્ધ  ૩. શ્લિષ્ટનું અપંભ્રશ-ઊંચી જાત માટે અહીં આ શબ્દ વપરાયો છે
૪. કમળ જેમ પાણી ને કાદવથી અલિપ્ત રહે છે તેમ

## પદ-૧૪૭

કહૉ કમી, જા કો રામજી ધણી હો મનષા નાથ મનોરથ પૂરે;
સુખ નિધાન[1] કી બાત ધની હૈ, કહૉ કમી જા કો રામજી ધણી હૈ...ટેક
કોન કામ કલ્પિત કી માયા, કરત ફિરત અપની અપની હૈ;
ખાઈ ન શકયો, ખર્ચીએ ન જાણ્યું, જયાં ભોરીંગ[2] શિર મણિ રહેત હૈ...૧
શિવ વિરંચી જા કો પાર ન પાવે, મોહે બપરે[3] કી કહૉ ગણવા હૈ;
જા કી પ્રીત નિરંતર હરિ શું, કહે રોહીદાસ વાકી[4] સદા બની હૈ...૨

卐

૧. ભંડાર  ૨. સાપ  ૩. સામાન્ય અથવા નીચ  ૪. તેની

## પદ-૧૪૮

અકલ કલા ખેલે નર જ્ઞાની, જૈસે જહાજ ફિરત દરિયામાં;
ધ્રુવ તારા પર રહે નિશાની, અકલ કલા ખેલે નર જ્ઞાની...ટેક
હલન ચલન અવની પર વાંકો, મન કી સુરતા[1] આકાશ ખિલાની,
તત્ત્વ સમાસ[2] ભયો દેહ સ્વતંત્ર, જૈસે હીમ[3] હોતા હી પાની...૧

છુટી આદિ અંત નહિ પાયો, જઈ ન શકે જહાં મન, વાણી;
તે ઘેર સ્થિતિ ભયે ઉજિયાલી, કહી ન શકે સો અકથ[૪] કહાની...૨
અજબ ખેલ અદ્‌ભુત અનુપમ,[૫] જે કો હૈ પહિચાન પુરાની;
ગગન હી ગેબ[૬] ભયે નર બોલે, એ હી અખા જાણત કોઈ જ્ઞાની...૩

卐

૧. ચિત્તની વૃત્તિઓ ૨. ચેતન તત્ત્વનો પાસ લાગ્યો ૩. બરફ ૪. કહી ન શકાય એવી
૫. અજોડ ૬. ગૂઢ

## પદ-૧૪૯

હરિ ન ભજે બડો હત્યારો,[૧] વિષયન કો રસ પીવે પ્રેમશું,
રામ સુધા[૨] રસ લાગત ખારો હરિ ન ભજે સો બડો હત્યારો..ટેક
પરમાર્થ[૩] કી બાત ન જાને, ઉપ-માર્ગ કો ખરો ઉધારો;
ચારે ચક્ષુ ફૂટી પશુ બન્યો, નિશિબાસર[૪] ચિત્ત હી અંધિઆરો...૧
રામનામ કી બાત ન જાને, સંત સમાગમથી રહે ન્યારો;
સુરદાસ વાકો દર્શન સ્પર્શ નહિ, રામનામ જા કો લાગે નહિ પ્યારો...૨

卐

૧. ખૂની ૨. અમૃત ૩. પરમ એટલે પરમાત્મા, તેને માટે જે કાંઈ કરવામાં આવે તે પરમાર્થ
૪. ધોરી અથવા મુખ્ય માર્ગને જોડતા રસ્તા

## પદ-૧૫૦

શ્રી રામચંદ્ર પદ ભજને લાયક, અભય કરન ભવ[૧] તરન હોત હી;
યુગ યુગ શાખ વેદ કે વાયક, શ્રી રામચંદ્ર પદ ભજને લાયક...ટેક
ચિત્ત વ્રત ચરણ સકલ ફલ કરતલ, વ્યાપ્ત નાંહિ શુલ[૨] કે જાયેક;
સંતન કે રક્ષા કે કરાન, નિશદિન લીનો ડર, હેતે કર સાયક...૧
ગૌતમ, ધ્રુવ, ગ્રાહ, ગજ, તારે, ચરણ વિભિષણ કપિ જો સહાયક;
સેવા અલ્પ, મેરુ[૩] સમ માની, કરુણા સિંધુ અયોધ્યા નાયક...૨
શિવ વિરંચી સનકાદિક વેણુધર, સારંગ સુત વિમલ જશ ગાયક;
જાનકી હૃદય અંગીકાર શ્રી હરિ, અગ્રદાસ ઉર આનંદ દાયક...૩

卐

૧. સંસાર ૨. દુઃખ ૩. પર્વતનું નામ

## પદ-૧૫૧

હમ ચાકર[1] રઘુવર નાથ કુંવર કો, યમકા દૂત નહિ આયે;
દ્વાદશ[2] તિલક દેખ ઘરકે, હમ ચાકર રઘુવર નાય કુંવર કો...ટેક
હમ અજાચક[3] જાચત નહિ કબહુ, આશ કરત નહિ નારી નરકે
સુરનર મુનિજન સકલ દેવતા, નાહિ ન હોત રાવ કે વરકે...૧
બાંધ હી સાર સુમેર[4] જ્ઞાન કે, લોક ભેદ સબ ઈન કે તરતે;
તુમ્હારી આશ નિરાશ અન્યથી, યાચક ભયે હૈ તુમ્હારે ઘરકે...૨
અધમ ઉદ્ધારણ કિયે જન અપને, સુની શબ્દ વચન સતગુરુ કે
અગ્રદાસ પટો નિર્ભય લિખાયો, દર્શન દશરથ સુત કે કરકે...૩

卐

૧. નોકર- સેવક ૨. બાર ૩. માંગવું નહિ તે વ્રત લેનાર ૪. ટોચ

## પદ-૧૫૨

ગ્રહી ટેક ગોપાલ કી ગાયે, સો હી નિત્ય હરિ દાસ તેરો;
દેખી દુન્યવી[1] સુખ મન નહિ ડોલાવે,[2] ગ્રહી ટેક ગોપાલકી ગાયે...ટેક
યદ્યપિ સરોવર ભર હૈ સભર[3] ભર, જયાં ત્યાં જલ સ્થલ[4] જેમ દર્શાવે;
યદ્યપિ[5] ચાતક પીવત બુંદ ઘન, શ્વાસ સમે સો હી સુર કહાવે...૧
ઔર હી એક દેખો પતિવ્રતા, સદા સિંધુ કે મધ્ય રહે;
રતિ એક જલક્ષાર[6] નહિ અચવે,[7] સ્વાતિ બિંદુ કે આશ ધરાવે...૨
એ હી નૃપ કર ભજો પિયુ અપનો, અન્ય દેવકી નિકટ નહિ જાયે;
તબ તુલસી કહીએ હરિ મેરો, બહુરિ ન ભવનેરો[8] આયે...૩

卐

૧. દુનિયાનું અથવા પાર્થિવ ૨. પસંદ પડે નહિ ૩. છલોછલ ૪. જગ્યા
૫. જો ૬. પાણીનો ખાર ૭. ગ્રહણ કહે નહિ ૮. સંસારનો ફેરો

## પદ-૧૫૩

(રાગ-કનડો)

તેરો જન કાહે કો ઘર ઘર જાચે, જો મન લાગે શ્રીપત શું સાચે;
પૂરણહાર[1] સબકો પૂરે, તા કો દાસ કયોં રહે અધૂરો.....ટેક
જે જન જપ તપકકતાકો જાને, તો ભૂખે મુઆ કો ભય કયા આને;
જા કે ચરણ સકલનિધ ચેરી, તા કો દાસ ફરે નિત ફેરી.....૧

હરિ જનમેં બાલક તેરા, કાહે ન અવગુણ બક્ષો મેરા,
કહે કબીર તેરો દાસ ન માગે, ઊંચ કુલ કો લાંછન લાગે.....૨

卐

૧. પૂર્ણ કરનાર

### પદ-૧૫૪

હરિ જનુની મૈં બાલક તેરો, કાહે ન અમગુણ બક્ષો મેરો;
સુત અપરાધ કરે દીન કે, જનુની[૧] કે ચિત્ત રહે ન તે તે.....ટેક
વિનંતિ એક સુનો હો સ્વામી, હૃદયે રહ્યો એક અંતર્યામી[૨];
પ્રાણ[૩] પંખેરૂ કરે જો પ્યારે, તે દિન મોહે અપનો કર જાનો.....૧
શ્વાસ વાસ છોડે કાયા ગઢ સીજે, તે દિન અપનેકો ઉપર કીજે;
મૂરખ કી વિનંતિ યાચિત[૪] લીજે, લેખો માગે તો લેણ ન દુજે.....૨
ગ્રહી કેશ કરે જો ઘાત, તો યે ન હેત ઉતારે માતા;
કહે કબીર એક બુદ્ધિ બિચારી, બાલક દુઃખે દુઃખી માતા તારી.....૩

卐

૧. માતા ૨. પરમેશ્વર ૩. પ્રાણરૂપી પંખી ૪. સ્વીકારી

## કલ્યાણની સાખી

### પદ-૧૫૫

ગુરુ જ્ઞાન ગ્રહ્યો[૧] જબ, ઝવેરી ભયો ભરપૂર;
ગિરિરાય રૂપે દયા, હરિ ગુરુ સંત શું હજૂર.....૧
ગોડી તો અબ મિટ ગઈ, જબ અસ્ત ભયો હૈ ભાણ;
રાત ઘટિકા કો ગઈ, જબ પ્રગટયો રાગ કલ્યાણ.....૨
કલ્યાણ કલ્યાણ સબકો કહે, મેરે પ્રભુજીકો નામ કલ્યાણ;
સંત સંગત કલ્યાણ હૈ, સો કરત હૈ કલ્યાણ કલ્યાણ.....૩
સુખ ઊપજે દુઃખ મિટ ગયે, ચૌદિશિ ભયા ઉજિયાલા;
અંગોઅંગથી ઉલટયો, જબ પ્રગટયો રાગ કલ્યાણ.....૪
કલ્યાણ રાગ સો મહાબલી, સબકો રાખત માન;
સિંહલદ્વિપ[૨] કી પદ્મણી, સો ગયે રાગ કલ્યાણ.....૫

卐

૧. ગ્રહણ કર્યું ૨. સિંહલ નામનો ટાપુ-સિલોન ટાપુ

## પદ-૧૫૬

(રાગ-કલ્યાણ)

સંત સમાગમ[1] કીજે રે ભાઈ, સંત સમાગમ કીજે રે ભાઈ;
જાણ અજાણ ચુવે[2] પારસકો,[3] પલટ લોહા કંચન હો જાઈ.....ટેક
ભાત ભાત બનરાઈ જો કહીએ, ભિન્ન ભિન વા કો નામ ધરાઈ;
ચંદન કે જા કો બાસ લગત હૈ, ચંદન હાંત બેર ન લાઈ.....૧
નૌકા રૂપ કહીએ સત સંગત, વામે[4] જે કોઈ બૈઠે આઈ;
ઔર ઉપાય નહિ તરવે કો, સુંદર કાઢી રામ દુહાઈ સંત.....૨

卐

૧. સત્સંગ કરવો ૨. સ્પર્શ કર ૩. પારસ નામના મણિને ૪. તેમાં

## પદ-૧૫૭

ધન ગુરુદેવ અમારા હો, ધન ધન, ગુરુદેવ અમારા હો,
કૃપા કરી જેણે કાઢ લિયો[1] હૈ, ડૂબત ભવ સંસાર હો.....ટેક
જન્મો જન્મ કી ઉરજ[2] નિવારી, શબ્દ દિયો તત્વસારા[3] હો;
નામ હી જહાજ ચઢાયો જુગતસે, ખેવત[4] ઉતારે ભવપારા હો.....૧
અમર પરુષકી બાંય ગ્રહાવે, દીની બહુવિધ સારા હો;
ગુપ્ત[5] વસ્તુ સો પ્રગટ બતાઈ, દૂર કિયો પડ ન્યારા હે.....૨
અબ મન ઉલટ ભયો પુની પાવન, અરસ પરસ પિયુ પ્યાર હો;
દાસ કબીર પુરણ સુખ પાયો, સતગુરુકે ઉપકાર હો.....૩

卐

૧. બચાવ્યો ૨. અરજ-વિનંતિ ૩. જ્ઞાન ૪. પકડાવે ૫. ગૂઢ

## પદ-૧૫૮

અજ રાયલ રામજી અમારા હો, અજ રાયલ રામજી અમારા હો;
નેતિ નેતિ[1] કરી નિગમ પુકારે, અનહદ[2] શબ્દ નગારા હો.....ટેક
ભૈરવ ભુત શીતલાં સેવે, જીવકા કરત સંહારા હો;
બાંહે પકડ જમ લઈ ચલેગા, કોણ છોડાવન ઠારા હો.....૧

રાવણ કે દશ મસ્તક છેદે, લંકા વિભિષણ ઠાડા[૩] હો;
હિરણાકંસ કો ઉદર બિડાર્યો,[૪] જન પ્રલ્હાદ ઉગાર્યો હો.....૨
મથુરા કો મેં મલ્લજ માર્યો, જીત્યા મલ અખાડા હો;
કહે કબીર સંતન સુખ કારણ, ચક્ર ફરે રખેવાળા હો.....૩

卐

૧. 'આ નહિ,' 'આ નહિ,' એવી પૃથક્કરણની પદ્ધતિ, જે દ્વારા પ્રભુનો પરિચય થાય.
૨. નિરંતર નાદ દ્વારા જ્ઞાનનો પરિચય. ૩. બેસાડયો ૪. ચીરી નાખ્યો.

## પદ-૧૫૯

(રાગ-કલ્યાણ)

હરિ કો ભજન કર હો મન પ્યારે, હરિ કો ભજન કર હો મન પ્યારે;
એક રસના[૧] તુમ કર્યો અલસાનો,[૨] શેષ સહસ્ર સુમર[૩] નિહાળે.....ટેક
જા કે શરણ પતિત ગત પામે, ગુનકા કુબ્જા વ્યાઘ ઉદ્ધારે;
અધમ તરે અધિકાર ભજનસે, હરિ સુમરણ સઘળા અઘ[૪] જાયે.....૧
અજામિલ સુત નામ ઉદ્ધારે, જલ ડુબત ગજગ્રાહ ઉગારે;
પરશુરામ ઐસો સમર્થ ઠાકોર, બનચર ભીલ પુતના તારે.....૨

卐

૧. જીભ ૨. કેમ આળસ કરે. ૩. સ્મરણ કરતા ૪. પાપ

## પદ-૧૬૦

તુમ કિર નાવ લઈ આવ રે, તુમ કિર નાવ લઈ આવ રે;
તુમકો બોલાવે રઘુનાથ ગોસાંઈ, તુમ પર કીનો ભાવા રે.....ટેક
તેરી નૌકા[૧] બહુત ચલત હૈ, સરિતા પાર લગાવ રે;
દીન જાણી મોહે દયા જો કરત હૈ, મત હી ભૂલો ઐસો દાવ રે.....૧
કીની રે કીરપા બહુત અતિ કરુણા, હૃદયે ધર્યો વિશ્વાસ રે;
લઘુતામાં પ્રભુ પાર કિયો હૈ, કુટુંબ સહિત ભરી નાવ રે.....૨

卐

૧. હોડી

## પદ-૧૬૧

પગ ધોઉ નાવ પધારો રામજી, પગ ધોઉ નાવ પધારો;
ઊડ ગઈ શલ્યા કાષ્ઠ[1] કી ખેતી એક, તુમ હી મનમેં વિચારો.....ટેક
કટી લો નીર, તીર હૈ નેડો,[2] કોંસાઈ કહે ઉપાય;
વિશ્વ જીવનકે જીવિકા મોહે, મોહે રંક કાં મારો.....૧
હૈ કશું તત્ત્વ એ હી પદરજમેં, નાહિ ન દોષ તુમ્હારો;
અગ્રદાસ ઉતરાય જ દીનો, નૌકા સહિત કુલ તાર્યો.....૨

卐

૧. લાકડાની   ૨. મૂકો-વાસ કરાવો

## પદ-૧૬૨

પાવન પદરજ રઘુવીરકી, જે પર સત શૈલ્યા કો તો પલટયો;
ગતિ ભયી દેવ શરીરકી, પાવન પદ રજ રઘુવીર કી.....ટેક
નાવ લાવ ખેવટ[1] સે બોલે, પ્રભુ ઠાડે[2] તટ નીર કી;
ચાલ્યો હૈ પરાયે, ફિર નહીં ચીતવે, શંકા રામ શરીર કી.....૧
કરત પરમ ગત; પરમ કૃપાનિધિ,[3] તારે પતિત ભવ ભીરકી;
જાત પ્રગટ વૈકુંઠ સ્વર્ગની, નાવ કુટુંબ સબ કીર કી.....૨
શેષ મહેશ નિગમ[4] નારદમુનિ, સેવત બ્રહ્મા ઉરજ[5] કી;
પરશા શુક સનકાદિક ભજત રજ, ઉર[6] ઘર ગુણ ગંભીર કી.....૩

卐

૧. હોડી હાંકવાવાળો   ૨. ઊભા   ૩. દયાનો સાગર   ૪. શાસ્ત્રો
૫. વિનંતિ   ૬. હૈયે

## પદ-૧૬૩

રામજી કો નામ નવનિત મેરે, રામજી કો નામ નવનિત મેરે.....ટેક
કહાઁ જો ભયો સુખ સંપત્ત તેરે, રામજી કો નામ નવનિત મેરે.....૧
આવતા ન સંગી,[2] જાતા ન સંગી, કહાઁ જો ભયો ઘર બાંધ્યો હાથી.....૨
નગ્ન આવતા, નગ્ન જાતા, કહાઁ જો ભયો તુ રાજા રાવણ.....૩
કહે કબીર અંતકી બારી, હાથ ઝટક[3] જૈસે ચાલ્યો હૈ જુગારી.....૪

卐

૧. હંમેશાં નવીન-નવુંના અર્થમાં   ૨. સાથી   ૩. ઝૂંટવીને

## પદ-૧૬૪

ઐસે મન લઈ લો રામ રસના, ઐસે મન લઈ લો રામ રસના
કપટ ભકિત કીજે, કવન[1] ગુના, ઐસે મન લઈ લો રામ રસના.....ટેક
જેમ મૃગનાદે વીંધ્યો આયે, પિંડ પડે વા કો ધ્યાન ન જાયે.....૧
જૈસે કીટ ભૃંગ લોલાઈ,[2] હૈ લોલીન ભૃંગ જાય.....ઐસે.....૨
જૈસે મીન જલહીત જાન, પ્રાણ તજે વિસરે નહિ પાની.....૩
રામનામ સુખ અમૃતસાર,[3] સુમર સુમર જન ઉતરે પાર.....૪
કહે કબીર દાસન કો દાસ, અબ ન છાંડું રામચરણ નિવાસ.....૫

卐

૧. કેટલા  ૨. લંપટતા-લીનતા  ૩. જન્મ મરણના ફેરામાંથી છોડાવનારો મંત્ર

## પદ-૧૬૫

ભૂલ્યો મન સમજાવે, હો કોઈ ભૂલ્યો મન સમજાવે;
એ મન ચંચલ ચોર લાલચુ, છૂટયો હાથ ન આવે.....ટેક
જોડ જોડ ધન ઊંડા ઘાલે, જહાઁ કોઈ લેણા ન પાવે;
કાલ આયે જબ કંઠ ગ્રહેગો,[1] સેનો[2] સેનમેં બતાવે હો.....૧
ખોટા દામ ગાંઠે લઈ ડોલે, હસી હસી વસ્તુ મૂલાવે;
બોયે બાબુ, આમ્રફલ[3] ચાહે, સો ફલ હાથ ન આવે.....૨
ગુરુ પ્રતાપ સંત કી સંગત, મન વાંછિત[4] ફલ પાવે;
જાત જુલાહા[5] નામ કબીરા, હરખી નીરખી ગુણ ગાવે.....૩

卐

૧. પકડશે  ૨. તે ક્ષણે  ૩. કેરી  ૪. ઈચ્છા પ્રમાણેનું
૫. વટલાયલી મુસ્લિમ વણકરની એક જાતિ

## પદ-૧૬૬

નિર્ગુણ[1] જરા લક્ષ[2] આવે, કોઈ નિર્ગુણ જરા લક્ષ આવે
વસ્તુ સમીપ જન જે કોઈ પાવે, કપટ અમલ[3] વિસરાયે.....ટેક
કાજી હો કર કિતાબ વાંચે, મુલ્લાં બાંગ પુકારે;
વેદ પુરાણ છોડ ચલે વિપ્રકો,[4] રાજા કો રાજ નિભાવે.....૧

કમલ કી પૌધ[5] બસે એક દાદુર, તા કો ભેદ ન પાવે;
ફુલ વાસ કે ભોગી ભમરા, લક્ષ[6] કોસથી આવે.....૨
જોગી યતિ[7] ને તપશી સંન્યાસી, બહુવિધ વેષ બનાવે;
રિદ્ધિ સિદ્ધ[8] કારણ કરન ફકીરી, સ્વપ્ને ભોજન પાવે.....૩
પવન આસન સાધન યોગ, પ્રેમ જયોતિ કો પૂજાવે;
ષટ્ દર્શન[9] અખંડ શેનું, ત્યાં મેં એકલો આયે.....૪
બિન કરહી પખાવજ બજાવે, બિન રસના ગુણ ગાવે;
કહે કબીર શબ્દ અનહદકા,[10] કોઈ સમર્થ ગુરુ સમજાવે.....૫

卐

૧. પ્રભુનું જે પ્રગટ સ્વરૂપ નથી તે નિરાકાર છે અને તેથી ગુણ વિનાનું છે. ૨. ધ્યાનમાં ૩. વિશુદ્ધ ૪. બ્રાહ્મણ ૫. દાંડી ૬. લાખ ૭. સન્યાસી ૮. આઠ સિદ્ધિઓ અને નવ નિધિ ૯. છ દર્શન શાસ્ત્રોઃ પૂર્વ મીમાંસા, ઉત્તરમીમાંસા, ન્યાય, વૈશેષિક, સાંખ્યયોગ ૧૦. અસીમ જ્ઞાન

## પદ-૧૬૭

નીરખ પરખ ગુરુ કરના અવધુ, અવધુ નીરખ પરખ ગુરુ કરના;
તન મનસે કછુ પર્ચા[1] નાહીં, કાહે કો પર્ચી પર્ચી મરના...ટેક
કાલ ન મિટે, જંગલ ન છૂટે, તપસ્વી ભયા નહિ શૂરા;
કુલકો નાશ કરો મત કોઈ, ગુરુ મળ્યા નહિ પુરા...અવધુ...૧
સપ્ત ધાતુકા[2] પિંજર બનાયા, ઉપર ગિરદ[3] કી શોભા,
સતગુરુ મિલે તો કાલથી બચે, નહિ તો પ્રલય હોયે...અવધુ...૨
કદ્રુપ દેહી કાચકે કુપો,[4] મિથ્યા કર્હો ઉલેચે;
કહે કબીર સુનો ભાઈ સાધુ, અમૃત કે રસ સીંચો...અવધુ...૩

卐

૧. પરિચય ૨. સાત ધાતુનું ૩. મળ કચરો ૪. ઘડો

## પદ-૧૬૮

શી ગતિ થાશે અમારી, દીનાનાથ શી ગતિ થાશે અમારી;
જઠર અગ્નિમેં રાખ લીયો હૈ, રક્ષા કરો અમારી--દીનાનાથ--ટેક
બે વાતે મારું મન લલચાયું, એક કંચન,[1] બીજી નારી;
જમ ના કિંકર[2] માર દેશે, નશી ઉગરવાની બારી--દીનાનાથ ૧
ભાવ કરીને હરિને ભજશે, જે કોઈ નર ને નારી;
ભવ પ્રાસીત[3] પ્રલય થાશે, કૃષ્ણદાસ લિયો તારી--દીનાનાથ ૨

卐

૧. સોનું ૨. દૂત ૩. પાપ

## પદ-૧૬૯

ના ચઢીએ રઘુનંદન[1] નાવ પર ના ચઢીએ રઘુનંદન
રંક જાત ઉદર ભરીએ, ના ચઢીએ રઘુનંદન...ટેક
આ નાવ નારી હો જાય, રાજકુંવર સે કોલ દિયે;
તુલસીદાસ પ્રભુ નામ નાવ છે, ભવસાગર સહેજે તરીએ...૧

卐

૧. રામ

## પદ-૧૭૦

જ્ઞાની[1] કા ઘર ન્યારા સંતો, જ્ઞાની કા ઘર ન્યારા...ટેક
જ્ઞાની કા ઘર ઐસા ચહીએ, જસે જમીકા ધુરા;
ઈતની ક્ષમા રાખે ઘટ ભીતર, સો જ્ઞાન કા પુરા--સંતો...૧
દીપક જયોત મંદિરમાં રાખે, મિટ ગયે અંધિયારા
જ્ઞાની કા ઘર ઐસા ચહીએ, બિન દિપક ઉજિયારા--સંતો...૨
તુલસી કા દલ એક સરખા કહૅં છોટા કહૅં મોટા,
કહે કબીર સુનો ભાઈ સાધુ, રહેણી કા ઘર મોટા--સંતો...૩

卐

૧. જેને પરમાત્માનો પરિચય થયો છે તેવા સંત

### પદ-૧૭૧

(રાગઃ કલ્યાણ)

નેક શ્યામ કો બાનુ,[1] જા કો નેક શ્યામ કો બાનુ;
તા કો નિકટ જાયે જન કોઈ, કહાઁ રંક કહાઁ રાણા...ટેક
માલા તિલક છાપા બિરાજે, અગર ચંદન લપટાનો;
શંખ ચક્ર ગદા પદ્મ[2] બિરાજે, તે કર્યો સબ રહે છાનો...૧
રવિ સુત કહો પોકાર શું, સુનત દુત્ત અકલાયો;
પ્રેમાનંદ પ્રભુ હેત સુતકી ગત, મન કી ગત કહાઁ જાણું...૨

卐

૧. વચન ૨. કમળ

## અમીર કલ્યાણનાં પદો

### પદ-૧૭૨

અહો મહારાજ ગરીબ નિવાજ[1] અહો,
ધ્રુવ અંબરીષ કી રક્ષા કીની દ્રૌપદી કી રાખી લાજ--અહો...૧
હિરણા કંસકો ઉદર બિડાર્યો[2] પ્રલ્હાદ કે દુઃખ ભાંજે;
રાવણ કે દશ મસ્તક છેદે, દિયો વિભિષણકો રાજ--અહો...૨
વિદુર કે ઘર ભોજન કીનો, દુર્યોધન કીધો તારાજ;[3]
જહાઁ જહાઁ ભીડ પડે ભકતનકો, ઉગાર્યો ગજરાજ--અહો...૩
બાલપણા કો મિત્ર સુદામો, વા કો સાર્યો[4] કાજ;
એ સબ કારણ પ્રભુ મોહન નાગર, બાંય ગ્રેહેકી[5] લાજ--અહો...૪

卐

૧. રક્ષણ કરનાર ૨. મારી નાંખ્યો ૩. વિનાશ ૪. સફળ થયા ૫. પકડે તેની

### પદ-૧૭૩

ગોપાલ લાલ પ્યારે, નાગરી ન્યાત કે તારે,
શેષ સહસ્ત્ર જા કો ઘર નહી પાવે, જશોમતિ કે દ્વારે...૧
વ્રજબંધુમેં બહેરન[1] ગ્વાલસંગ, બ્રહ્મ મહેશ પરવારે હો;
પ્રેમ લક્ષણ કી ભકિત ન જાણી, નરિ વેદ વિચારે...૨

ભકિત હેત સંતનકે કારણ, વારંવાર પ્રભુ પધારે,
લઘુ મોહન પ્રભુ એૈસો પ્રીતમ, ચિત્તસેં તરન ટાળે રે...૩

卐

૧. વિરહણ એટલે વિરહથી વ્યાકુલ

## પદ-૧૭૪

લાગત રામ પ્યારો, નૃપ, દશરથ રામ પ્યારો;
સંગ સખા બંધુ સંગલીને અવધપુરી ઉધારે--લાગત...૧
રઘુવર લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, રઘુજી બહુત ઉજારે;
રઘુકુલ કે ચારે વીર બિરાજે, શોભીત ન્યારે ન્યારે--લાગત...૨
ચઢી ચઢી અટારી ત્રિયારાણી,[1] એક મન દષ્ટિ નિહાળે રે;
માનદાસ જનુની મુખ નિરખે, જીવન પ્રાણ અરે મારે--લાગત...૩

卐

૧. સ્ત્રી-પત્ની

## સોયણી

## પદ-૧૭૫

મને ન બોલાવે વ્હાલો, મને ન બોલાવે વ્હાલો;
કઠણ હૈયાનો વ્હાલો, મને ન બોલાવે વ્હાલો--ટેક
જોષીડા[1] તેડાવો ને જોષ જોવાડો, રૂડા જોષ જો જો;
મને મહિયરીએ વરાવે, વ્હાલો મને ન બોલાવે...૧
તાંબા કુંડીમ ઉનાજલ પાની, પ્રભાતે ઉઠી વ્હાલો ઠંડા જલે ન્હાયે;
પાંચ પકવાન મિઠાઈ મેવા, નિત્ય ઊઠીને વ્હાલો પરઘેર પાયે[2]...૨
સાસુ હઠીલી મારી નણંદી ઠગારી, નાનો દિયરીઓ મારે આંગણે ન આયે;
બોલાવું પણ બોલે નહિ, મુખ મરડે ને વ્હાલો બાજુએ જાયે;...૩
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, નિત્ય ઉઠી ગુણ તારા ગાયે;
મને ન બોલાવે વ્હાલો, મને ન બોલાવે વ્હાલો...૪

卐

૧. જયોતિષીઓ ૨. મેળવે

## પદ-૧૭૬

પાણી લેવાને ગઈ 'તી સાગર, પાણી લેવા ને ગઈ 'તી સાગર;
ભૂલી આવી ગાગર,[1] પાણી લેવાને ગઈ 'તી સાગર...ટેક
કુવે જાઉં તો મને કાંકવા[2] ચૂગે,[3] સાયબા, મોરી આંગણામાં વાવરીઆ[4] ખોદાવ...૧
સોનલ વરણું બેઢલું મારૂં, સાયબા, મોરી ઓઢણિયે મોતીડા જડાવ;...૨
સાસુની છોરી મોરી નંણદલ ઠગારી, છોટો દિયરીઓ દે છે ગાલ...૩
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધર નાગર, મને ઉતારો ભવપાર...૪

卐

૧. બેડું ૨. કાંકરા ૩. ખૂંચે ૪. કૂવો

## કાફીની સાખી

## પદ-૧૭૭

કારી કંઠ કર, કાફી કલા કછું ઔર;
કૃષ્ણ કામિની કારણ, પ્રભુ પ્રગટે ઠોર હી ઠોર[1].....૧
કાફી કલા પાઈએ, કાફી કાફી કરંત;
ગિરિરાય ગિરિજાપતિ, સો હી સીતાપતિ સ્મરણ.....૨
સિદ્ધ સંત કા એકમત, જીવત તા કો ખાયે;
મુખ ફેર મુર્દા ભયા, તા ઘેર સંત ન જાયે.....૩

卐

૧. ઠેર ઠેર

## પદ-૧૭૮

### (રાગ-કાફી)

સાધુ કી સંગત પાઈ રે, જા કી સુફલ[1] કમાઈ રે;
સાધુ કી સંગત ભકિત હરિકી, બઢત બઢત બઢ જાઈ...ટેક
ધ્રુવ પ્રલ્હાદ અંબરીષ વિભિષણ, નારદ છે ઋષિરાઈ,
પીપા ધના, સેના રોહીદાસ, પાંચમી મીરાંબાઈ...૧

નરસિંહ જયદેવ ઔર સૂરદાસ, સજના જાત કસાઈ;
રંકા વંકા કાલૂ કેવલ કૂબા કરમા કી ખીચડી પાઈ...૨
દત્તાત્રેય ગુરુ ગોરખ યોગી, ગગન મંડલ મઠ છાઈ;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જયોતમેં જયોત મિલાઈ...૩

卐

૧. સારા ફળ વાળી એટલે પુણ્યશાળી

## પદ-૧૭૯
### (રાગ-કાફી)

જે હરિ નામ સુનાવે રે, સોહી સજજન મેરા...જે હરિનામ...ટેક
ભવસાગરકી લોભ લહરમેં, ડૂબત પાર ન પાયે...૧
શિવ સનકાદિક[1] ઔર બ્રહ્માદિક, નારદ કે મન ભાવે...૨
છષ્ઠી[2] છાંડ પડો પાપી મૂખ જે મુખે હરિ ન સોહાવે...૩
કહે કબીર સુનો ભાઈ સાધુ, હરખી નીરખી ગુણ ગાવે...૪

卐

૧. સનક, સનંદન વગેરે મુનિઓ ૨. છઠ્ઠીનો દિવસ એટલે જન્મને છઠ્ઠે દિવસે

## પદ-૧૮૦
### (રાગ-કાફી)

આનંદ મંગલ ગાઉ રે, જો મેં સાહેબ પાવું...ટેક
એક ટેક રાખી તેરે વદન નિહાળું, પલક કે ચમર ઢોળાવું...૧
ત્રિકુટી[1] મહેલ પર બન્યો હૈ ઝરુખો,[2] દેદારૂપી[3] સેજ બિછાવું...૨
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જિનમેં બંદગી મિલાઉ...૩

卐

૧. કપાલ પર બે ભ્રમરની વચ્ચે ત્રિકુટી મહેલ ૨. અટારી ૩. જ્ઞાનરૂપી

## પદ-૧૮૧
### (રાગ-કાફી)

કયોં હરિનામ વિસારા, મન મૂઢ[1] ગવૉર...ટેક
ચલના દૂર અબ કયોં થાકે, પંથ ખાઁડે[2] કી ધાર...કયોં...૧
અજ હુઁ ચેત કહાઁ ભયો ગાફેલ,[3] અભ કછુ કર લે સાર...૨

વિષમ વાદસે બાજન[૪] આયે, મારા મારા જમ હાર...૩
છાંડ કુટિલતા ભજીલે રામનામ, યો હી મત અમારા...૪
કહેત કબીર સેવો સાધુજન, તો ઉતરે ભવપારા...૫

卐

૧. મૂરખ ૨. તલવારની ૩. શરતચૂક થયો ૪. વાજ આવી ગયો અથવા કંટાળી ગયો અથવા વિષયોની અસરો- ધામધૂમ-ધમાચકડી એ વિષય વાદનું પરિણામ છે.

## પદ-૧૮૨
### (રાગ-કાફી)

કોઈ દિલ હી વિચારો, દુર નહિ રે, હે માના;[૧]
ખોજત ખોજત થાક રહે હૈ, હિંદુ મુસલમાન...ટેક
કહૉ પઢે કીજે વેદ પુરાણા, કહૉ પઢે કી કુરાના;
ગુરુ પીર જબ પાઈએ, તબ પહુંચે ઠિકાના...૧
એક સાહેબ શું મિલકર રહે હૈ, ઔર ન ઘર હૈ કાના;
કહે કબીર સુનો ભાઈ સાધુ, ધરો નિરંતર ધ્યાના...૨

卐

૧. હે અભિમાની મનુષ્યો

## પદ-૧૮૩
### (રાગ-કાફી)

સાધુજન નો સંગ રે, બાઈ મને ભાગ્ય મળ્યો હે...ટેક
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટી[૧] કાશી ને કોટી ગંગા રે...૧
દુર્જન હોય તે દુર્જન રહેશે, પાડે ભજનમાં ભંગ રે...૨
નિંદા કરે તે નરકે જાશે, થાશે અંધ અપંગ રે...૩
બાઈ મીરા કહે પ્રભુ ગિરધરના ગુણ, મારે તો એની સંગ રે...૪

卐

૧. કરોડ

## પદ-૧૮૪
### (રાગ-કાફી)

પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે, બીજું મને કાંઈ ન ગમે રે...ટેક
પહેલી પૂજા અજદેવ[1] તમારી, તે થકી રહે મારી દેહ રે...૧
હાર ને ચીર હું તો નહિ પહેરું રાણા, તુલસીની માલા મારે દેહ રે...૨
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, હરિચરણે ચિત્ત લેવું રે...૩

卐

૧. આત્મદેવ

## પદ-૧૮૫

કાનુડો કામણગારો રે સૈયર મારી- કાનુડો કામણગારો[1] રે...ટેક
સૈયર મને કંઈક કામણ કીધું રે, મારું ચિત્ત હરીને[2] લીધું રે...૧
સૈયર મને ભાતભાતની ભૂરકી[3] નાંખી, દયા જાણી જીવણજીએ રે...૨
સૈયર મારે શામળિયાનું બાનું,[4] હવે કયાં લગી રાખું છાનું રે...૩
સૈયર મને વાત ના ભાવે બીજી, મીરાં તો રંગે રીઝી રે...૪

卐

૧. આકર્ષક ૨. હરણ કીધું ૩. પ્રભાવિત કરી ૪. વચન

## પદ-૧૮૬

સાધુજનનો સંગ, બાઈ મને ભાગ્યે મળ્યો હૈ...સાધુજન...ટેક
કોરી કોરી મટુકીમેં[1] મહી[2] જમાવું, ગ્વાલન હોકર જાવું રે...બાઈ...૧
ફૂલ રે મંગાવું વ્હાલા ગજરા ગૂંથાવું, માલન[3] હોકર જાવું રે...બાઈ...૨
કપડા રે મંગાવું વ્હાલા ભગવા મંગાવું, જોગન[4] હોકર જાવું રે...બાઈ...૩
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, જયોતમેં જયોત મિલાવું રે...બાઈ...૪

卐

૧. માટલી ૨. દહીં ૩. માખણ ૪. જોગણ

# (દેશી ફેર) કાફીનાં પદો

## પદ-૧૮૭

પુરા નર[૧] કયાંથી પાઈએ, કોણ બતાવે આ કાલમેં...પુરા નર...ટેક
જે રે મળ્યું તે આપ સ્વાર્થી, મરડી ને નાંખે માયા જાલમેં રે...૧
પ્રલયના[૨] જીવ તે તો, પ્રલયમાં જાશે, જોગ માયાની જાલ રે...૨
મીઠું લાગે તેમ તેમ ઘણું ભરખે,[૩] ઝેર ન જાણે રસાલમાં રે...૩
અગમ[૪] નિગમ આદિ પુરુષને પૂછો, સંત બતાવે સાનમાં રે...૪
કહે રણછોડ શ્રી રામ ભજી લો, કોઈ નહિ પડો જંજાલમાં[૫] રે...૫

卐

૧. પૂર્ણ પુરુષ ૨. નાશવંત ૩. ખાય ૪. દિવ્ય પ્રદેશની વાત ૫. પ્રપંચમાં, ખોટી ધમાલમાં

## પદ-૧૮૮
### (રાગ-દેશી ફેર)

દર્દ ન જાણે કોઈ રે મેરો દર્દ ન જાણે કોઈ રે,
પિયુ વિના દર્દ ન જાણે કોઈ રે, મેરો દર્દ ન જાણે કોઈ રે...૧
ઘાયલ[૧] કી ગત ઘાયલ જાણે, જેને વીતી હોય તે જાણે રે...૨
સુડી[૨] ઉપર સેજ[૩] અમારી, કિસબિધ રહું મેં સોઈ રે...૩
મીરાં કહે દુઃખ જબ હી મિટે હો, વૈદ્ય શ્યામલો હોઈ રે...૪

卐

૧. પ્રભુ પ્રેમથી ઘાયલ ૨. પ્રભુનો માર્ગ કઠીન હોઈ મુશ્કેલીઓ રૂપી કાંટા વાળી ૩. પથારી

## પદ-૧૮૯

કઠણ લગન કી પ્રીત લગી સો જાણે,
કઠણ લગન કી પ્રીત લગી સો જાણે...ટેક
એક સમે વૃન્દાવન માંહે કુંજ કુંજ નવી રીત;
વિપત્ત[૧] પડે કોઈ કામ ન આવે, સંપત્ત[૨] સે સબ મિત્ર...૧

ડંસી ગયો શ્યામ ભુજંગ[3] કાળો, લહેરી[4] ઉઠત શરીર;
બિન દેખે મુખ શ્યામ સુંદરકો, વો મન ધરત નહિ ધીર...૨
પ્રેમ પ્રીતકી રીત હૈ ન્યારી, કોઈ ન જાણે પ્રીત;
કૃષ્ણજીવન રસિક રામ કી પ્યારી, ડારી[5] મોહે જંજીર....૩

卐

૧. દુઃખ ૨. સુખમાં ૩. નાગ-સાપ ૪. વેદના ૫. નાંખી

## પદ-૧૯૦

હું તારો સંગ ન મેલું રે, પ્યારા, હું તારો સંગ ન મેલું...ટેક
જે રે કહેશો તે તો સહી ને રહીશું, પ્રેમ મગ્ન થઈ ખેલું રે...૧
લાલચ કરતાં લાગ પડયો છે, કેમ કરી હૃદીયાથી ઠેલું રે...૨
ભલે રે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી પ્રેમ પયમેં[1] સાકર ભેળું રે...૩

卐

૧. દૂધ

## પદ-૧૯૧

રંગી તેં તો જૂઠા રંગ બનાયા, ઉપજત બિનસત[1] એક ક્ષણકમેં
ઐસી મોહન તેરી માયા, રંગી તેં તો જૂઠા રંગ બનાયા...ટેક
આ દેહી કા ગર્વ ન કરના, જૈસે તરુવર[2] કી છાયા રે;
જે રે મુઆ સો બહોર ન આયા, તા કી ખબર ન લાયા રે...૧
રાજા રંક છત્રપતિ ભુપતિ, તે સબ ગિરદમેં[3] મિલા રે;
તુલસીદાસ પ્રભુ ગાયા પરમપદ, જિન ખોજા સો પાવે રે...૨

卐

૧. વિનાશ ૨. ઝાડ ૩. ગર્ભમાં અથવા મૃત્યુ પછીના સૂક્ષ્મ લોકમાં

## પદ-૧૯૨

(દેશી-ફેર-કાફી)

કોણ કરે જંજાલ[1] જુગમેં જીવન થોડા,
કોણ કરે જંજાલ જુગમેં જીવન થોડા
માતાપિતા એ જન્મ દિયો હૈ, કર્મ દિયો કિરતાર[2]...ટેક
માટી ચુન ચુન મહલ બનાયા, અંધ કહે ઘર મેરા
કોઈ મરે દશ દિનમેં, કોઈ મરે બાલપનમેં...૧
કોઈ ઉતરે રત્નાગર સાગર, તો કોઈ ઉતરે ભવપાર,
કહે કબીર સુનો ભાઈ સાધુ, જૂઠા દેહ[3] કા ખ્યાલ...૨

卐

૧. પ્રપંચ  ૨. પરમાત્મા  ૩. શરીર

## પદ-૧૯૩

ઊઠી ચાલ્યો અવધૂત મઢીમેં[1] કોઈના મળે રે...ઊઠી ચાલ્યો...ટેક
પંથી[2] હતા તે પંથ ચલી ગયા, મઢીમેં પડ રહી ભભુત...૧
કાયા મઢુલી જંગલમેં ચલ ગઈ, હો ગઈ લુંટાલુંટ...મઢી મેં...૨
માતપિતા તેરા કુટુંબ કબીલા, એ સબ રૂવે જૂઠ...મઢી મેં...૩
કહે કબીર સુનો ભાઈ સાધુ, તૂટી ગયો રે ઘરસૂથ[3]...મઢી મેં...૪

卐

૧. ઝૂંપડી  ૨. જીવ  ૩. ઘર સાથેનો સંબંધ-નાતો

## પદ-૧૯૪

હરિ બિન જીએ નર કૈસે, અંતર પ્રીત નહિ પરસોત્તમકી[1] રે;
ખર[2] કો નર જૈસે; હરિ બિના જીએ નર કૈસે...૧
નહિ હુવા સાધુ સમાગમ, ના હિન ગુરૂ ઉપદેશ;
હો હો કરતે જન્મ ખોયો, મનુષ્ય દેહ અમૂલ્ય[3]...૨
બેર બેર અવસર ના આવે, રામ નામ કબ લેશે;
પરમાનંદ પ્રભુ તુમ્હારે ભજન બિના, કહાઁ જાઈ ઉતરશે...૩

卐

૧. પ્રભુની  ૨. ગધેડો  ૩. જેની કિંમત આંકી ન શકાય તેવો

# કાલેરાની સાખી

## પદ-૧૯૫

કીટ મુગટ ધર્યો શિશ, ધનુષ બાણ લઈ કર ધર્યાં;
તબ તુલસી નમાવે શિશ.
આજ કી શોભા અજબ બની હૈ, ભલે બિરાજે નાથ;
તુલસી મસ્તક જબ નમે, તબ ધનુષ બાણ લિયો હાથ.
કહૉ કહું છબી આજકી, ભલે બિરાજયા નાથ;
તુલસી સૌ ના રામ છે, જબ લગી ઘટમેં પ્રાણ.

卐

## પદ-૧૯૬

### (રાગ-કાલેરો)

વૈષ્ણવ જન[૧] તો તેને રે કહીએ, જે પીડ[૨] પરાઈ[૩] જાણે રે;
પરદુઃખે[૪] ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે...ટેક
સકળ લોકમાં સહુને વંદે નિંદા[૫] ન કરે કેની રે;
વાચ[૬] કાછ[૭] મન નિશ્ચલ[૮] રાખે, ધન ધન જનની તેની રે...૧
સમદષ્ટિ[૯] ને તૃષ્ણા[૧૦] ત્યાગી, પર સ્ત્રી જેને માત રે;
જિહ્‌વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે...૨
મોહ માયા વ્યાપે નહિ જેને દઢ વૈરાગ્ય[૧૧] જેના મનમાં રે;
રામ નામ શું તાળી[૧૨] રે લાગી, સકળ તીર્થ તેના તનમાં રે...૩
વણલોભી[૧૩] ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુલ ઈકોતેર[૧૪] તાર્યા રે...૪

卐

૧. ભગવાનના અનુયાયી ૨. દુઃખ ૩. બીજાની ૪. બીજાનું દુઃખ ૫. ટીકા
૬. વાણી ૭. વેશના અર્થમાં ૮. સ્થિર ૯. સરખી નજર મતલબ કે સમાન વ્યવહાર
૧૦. ઈચ્છા-વાસના ૧૧. રાગ વગરનું બનવું ૧૨. લગન ૧૩. લોભ વગરનો
૧૪. ઉપરોકત ગુણોવાળા ભકતનું દર્શન કરવામાં આવે તો ઈકોતેર પેઢી સુધી કામ આવે એટલો પુણ્યનો જથ્થો પ્રાપ્ત થાય છે.

## પદ-૧૯૭

ભૂતળ[1] ભકિત પદારથ મોટું; બ્રહ્મલોકમાં[2] નહિ રે;
પુણ્ય કરી અમરાપુરી[3] પામ્યા, અંતે ચોરાશી માંહી રે.....ટેક
હરિના જન તો મુકિત ન માગે, જન્મો જન્મ અવતાર રે;
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ[4] નીરખવા નંદકુમાર રે.....૧
ભરત ખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિન્દના ગુણ ગાયા રે;
ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે.....૨
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ[5] આંગણિયે રે ઊભી, મુકિત[6] છે એમની દાસી રે.....૩
એ રસનો સ્વાદ શંકર[7] જાણે, કે જાણે શુક જોગી રે;
કંઈ એક જાણે વ્રજની ગોપી, ભણે નરસૈંયો ભોગી રે.....૪

卐

૧. પૃથ્વી ૨. સાત ઊર્ધ્વલોક છે તેમાંનો એક ૩. સ્વર્ગ ૪. ઉત્સવ ૫. આઠ સિદ્ધિઓ-અણિમા, લઘિમા, ગરિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ ને વશિત્વ ૬. મોક્ષ ૭. શંકર ભગવાન

## પદ-૧૯૮
### (રાગ-કાલેરો)

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે;
મનષા[1] વાચા કર્મણા[2] કરીને, લક્ષ્મીવરનો[3] ભજીએ રે.....ટેક
કુળને તજીએ, કુટુંબને તજીએ, તજીએ માને બાપ રે;
ભગિની સુત દારાને[4] તજીઓ, જેમ તજે કંચુકી[5] સાપ રે.....૧
પ્રથમ પિતા પ્રહ્‌લાદે તજીઓ, નવ તજીયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામ રે.....૨
ઋષિપત્નીએ શ્રીહરિ કાજે, તજીઆ નિજ ભરથાર[6] રે;
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર[7] રે.....૩

વ્રજવનિતા[૮] વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે;
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મહાલી[૯] રે.....૪

卐

૧. મનથી ૨. ફરજ બજાવીને અથવા ચિંતન કરીને ૩. પરમેશ્વરને-લક્ષ્મીના પતિ વિષ્ણુને
૪. સ્ત્રી-પત્ની ૫. કાંચળી ૬. પતિ ૭. ચાર પદાર્થ- ધર્મ, અર્થ, કામ ને મોક્ષ
૮. વ્રજદેશની સ્ત્રીઓ ૯. રમી-ખેલી

## પદ-૧૯૯
## (રાગ-કાલેરો)

હરિની ભકિત વિના જે જન જીવે, તેનો અફલ[૧] ગયો અવતાર રે;
તુલસીની માલા તિલક પાસે, બીજા જુઠાં[૨] શણગાર રે...ટેક
દશ માસ જનુની ભારે મારી, જેમ વહે શીર ભાર રે;
દેહ ધરી હરિનો દાસ[૩] ન કહાવે, તેની જનુનીને ધિક્કાર[૪] રે...૧
વૈષ્ણવ જન વ્હાલા નહિ જેને, દયા નહિ લગાર રે;
નરસૈંયાના સ્વામી વિના સજની, બીજા અનેક વિચાર રે...૨

卐

૧. નિષ્ફળ-નકામો ૨. નિરર્થક-ઉપયોગ વિનાના ૩. સેવક, નોકર ૪. ફિટકાર

## પદ-૨૦૦
## (રાગ-કાલેરો)

આવો રે અલબેલા[૧] વ્હાલા, મોહન મારા રસિયા[૨] રે;
આવડી વાર કહો કયાં લાગી તમને, કોને મંદિરે વસિયા[૩] રે...ટેક
તમને ટેવ પડી પર ઘરની, કહો કેમ કરીએ રે;
અમો લોકમાં લાજી[૪] મરીએ, કોને જોઈને ઠરીએ રે...૧
આજ પછી આવું નવ કીજીએ, લોકમાં હાંસી થાશે રે;
નરસૈંયાના સ્વામી જો તજશો[૫] અમને, લાજ તમારી જાશે રે...૨

卐

૧. સોહામણા-ફાંકડા ૨. રસિક ૩. સ્થાન કર્યું ૪. શરમથી ૫. છોડીને જશો

## પદ-૨૦૧

કહો સજની એને કેમ મુકું, આનંદ રૂપી હરિ આવ્યા રે;
વેદ પુરાણ શાસ્ત્ર એમ બોલે, વૈષ્ણવજન તો વ્હાલા રે...ટેક
ભેદ ન જાણે ભાવહીણા, જાઈ બડા સમ થાવાને;
અબલા ટાળી નહિ કો સમર્થ, પાલવ એનો સાવાને...૧
યજ્ઞ[૧] કરે ત્યાં ઝાંખી ન જોવું, શીખ્ખો ચોરી ખાવાને;
નરસૈંયો ભૂતલ[૨] અવતર્યો,[૩] હરિ તણા ગુણ ગાવાને...૨

卐

૧. યજ્ઞ કરવાથી સમૃદ્ધિ મળે પણ ભગવાનનાં દર્શન ન થાય ૨. પૃથ્વી ૩. ઉપરથી નીચે આવવું- નિરાકારમાંથી સાકાર થવું- જન્મ ધારણ કરવો

## પદ-૨૦૨
### (રાગ-કોલેરો)

કોઈ જુઓ જુગતે[૧] વિચારી, વચન વદે તે તરવાને;
માયા રૂપી મોહ નિદ્રામેં, હરિતણું ધ્યાન ધરવાને...ટેક
તૃષ્ણા[૨] માંહી તણાયે જાયે, પીડા પામે પૂરી રે;
કામિની દેખી કાયર ના થાયે, તે નર સાચા શૂરા રે...૧
સ્વાર્થમાં મન શીતલ થાયે, પરમાર્થે[૩] દેહ દાઝે રે;
પુણ્ય તણી કોઈ વાત વિચારો, તે શું બોલે ને બકે[૪] રે...૨
દરિદ્રને દુઃખ ઘણેરૂં, ધનવંતા ને ધંધો રે;
કુટુંબીઓને કલેશ ઘણેરો, નિત ઊઠી નર અંધો રે...૩
ક્રોધી જન ને કાળ જ વ્યાપે, રહે તે દાંત જ મરડી રે;
કામિની કારણ કાયા શણગારે, હીંડે[૫] મૂછો મરડી રે...૪
લાખ ખર્ચતાં તે નવ પામે, જે દિન ગયા વીતી રે;
રામકૃષ્ણ પ્રભુ ભજશે, તે તો ગયા જુગ જીતી રે...૫

卐

૧. યુકિતપૂર્વક ૨. ઈચ્છા-વાસના ૩. પોતા સિવાય બીજાને માટે ક્રિયા કરવી મનને ગમતી નથી ૪. બબડાટ કરે ૫. દોડે- ચાલે

## પદ-૨૦૩

મેહુલો રે ગાજે ને માધવ નાચે, રૂમઝુમ વાજે ઘુઘરી રે;
તાલ પખાવજ બજાવે ગોપી, કૃષ્ણ વગાડે વાંસલડી...મેહુલો...ટેક
પહેર્યાં ચરણ ને ચીર ચુંદડી, ઓઢી ઐસી પટોળી[1] રે;
દાદુર[2] મોર બપૈયા[3] બોલે, મધુરીશી બોલે કોયલ રે...૧
ધન બંશીબટ[4] ધન યમુના તટ, ધન વૃન્દાવન અવતાર રે;
ધન નરસૈંયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલાર[5] રે...૨

卐

૧. રેશમી કપડું   ૨. દેડકો   ૩. ચાતક   ૪. વટ એટલે વડ તેના પરથી બટ. મતલબ કે જે વડના ઝાડની નીચે શ્રીકૃષ્ણે બંસી વગાડી હતી તે ઝાડ   ૫. સંગીતનો એક રાગ

## પદ-૨૦૪

આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે,
નટવર વેષે બંસી બજાવે, ગોપીઓ ને મન ગોવિંદ ગમે...ટેક
સોળ કળાની શશી[1] શિર ઉપર, ઉડુગણ[2] સહિત વિમાન ભમે;
નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ[3] તનના તાપ શમે રે...૧
ગોપી નીસર્યા નરહરિ જોવાને, નીકળ્યા સોળે શણગાર સજી;
ટોળે ટોળાં ઊભા રહીને, નીરખત નયણા ભરી ભરી...૨
એક એક ગોપી બીચમા માધવ, કરગ્રહી[4] મંડલી માંહી રમે;
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગણી શમે રે શમે...૩
હરખ્યાં સુરિનર દેવ મુનિજન, પુષ્પ વૃષ્ટિ કરી ચરણે નમે;
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેને કાજે જોગી દેહ દમે...૪

卐

૧. ચંદ્ર   ૨. તારાઓ   ૩. ત્રણ જાતનાં દુ:ખો-આધિ, વ્યાધિ ને ઉપાધિ   ૪. હાથ પકડી

## પદ-૨૦૫

સાંભળ રે શ્યામળિયા વ્હાલા, તારે મારે ઘણી માયા રે;
જો મહેતાજી જમવા ન આવે, તત્ક્ષણ તજું મારી કાય રે...ટેક
કપટ નહિ કાંઈ મહેતાના મનમાં, હેતે હરિના ગુણ ગાવું રે;
વૈષ્ણવજન કેરો વેષ દેખીને, મહેતા ને મંદિર જાવું રે...૧
વિશ્વંભર વિનંતિ મારી માનો, પ્રીત પૂર્વની રાખો રે;
અમો અબલા કો આધાર તમારો, ભકત ઉદ્ધારણ[1] રાખો રે;
નાગર સર્વે જમવા ચાલ્યા, હાથમાં ચંબુ[2] લીધાં રે;
અંતર્યામીએ[3] તત્ક્ષણ જાણ્યું, ન્યાતમાં ઢેડાં[4] કીધાં રે...૩
થર થર નાગર ધ્રુજવા લાગ્યા, કહો કેમ કરીશું રે;
મહેતાજીને ન્યાત બહાર પાડતા, આપણ સર્વે પડીશું રે...૪
માન મૂકી મનાવવા ચાલ્યા, મહેતાજી શરણે રાખો રે;
ભકિત તણો છે મોટો મહિમા, નિત નિત દર્શન આપો રે...૫
કપટ નહિ કાંઈ ભકતના મનમાં, મહેતાજી જમવા આવ્યા રે;
માનબાઈના સ્વામી શ્યામળિયા, ન્યાતમાં ઢેડા સમાવ્યા રે...૬

卐

૧. ઉદ્ધાર માટે   ૨. પાણી પીવાનું સાધન   ૩. પરમાત્માએ   ૪. નાગરની ન્યાત જમવા બેઠેલી હતી ત્યારે પરમાત્માએ એવી લીલા કરી હતી કે અરસપરસ જે જુએ તેને ઢેડાંના જ દર્શન થાય. નાગરોએ નરસિંહ મહેતાને નાત બહાર મૂકયા હતા તે ખોટું થયું તેનું ભાન થયું.

## પદ-૨૦૬

શા માટે શ્યામળિયા વ્હાલા, સાન[1] કરી અમને તેડયાં રે;
વ્યાકુલ[2] વનિતા થઈ સર્વે અંગે, વેણુ વગાડી રુડી રે.....ટેક
આ વેળા એ અર્ધી રાતે, પરહર્યાં[3] પરિવાર રે;
શા માટે આળ ચઢાવે અમને, નિર્લજ્જ[4] નંદકુમાર રે.....૧
બોલો વિચારી તમે નંદનાનંદન,[5] અમો અબલા બલ થોડું રે;
નરસૈંયાના સ્વામીને સંગે રમતાં, દીન[6] થયા કર જોડી રે....૨

卐

૧. ઈશારો   ૨. પ્રેમથી વિહવલ બનેલી   ૩. છોડયાં   ૪. શરમ વિનાના
૫. પરમાત્મા   ૬. ગરીબ

## પદ-૨૦૭

નુગરા[1] જનનો સંગ ન કરીએ, નુગરાનો સંગ છે ભારી રે;
નુગરા સંગે નરકે જઈએ, સમજો નર ને નારી રે.....ટેક

નુગરા સંગે વાત કરતાં, લાખ ચોરાશી જાઈ રે;
ભૂતલ[2] મનષા દેહ ધરીને, ફોગટ ફેરા ખાશો રે.....૧

નુગરાનું જલપાન કરતાં, કોટી[3] કર્મ શિર ચઢશે રે;
માતતાત પડોશી મળીને, અધોગતિ[4] દુઃખ દેશે રે.....૨

નુગરા જનનો દોષ ઘણો છે, કહેતાં પાર ન આવે રે;
ભણે નરસૈંયો સુનો નારાયણ, નુગરાનાં બંધન છોડાવો રે.....૩

卐

૧. ગુણ વિનાનો-દુષ્ટ    ૨. પૃથ્વી પર    ૩. કરોડ    ૪. પતનનું

## પદ-૨૦૮

મને ગમે ગોપીનો વ્હાલો, અવર બીજાનું મારે કામ શું રે;
બાપ તણા સમ ખાઈ કહું છું, નંદલાલ વસે તે ગામ વસું રે.....ટેક

સુંદર વર શ્યામળિયો સજની, તેની સાથે મારું મન વસ્યું રે;
એને મુકી બીજાને ભજશે, તેનું કર્મ લલાટે ઘસ્યું[1] રે.....૧

છેલ[2] છબીલા[3] ને છોગાળા,[4] ગોવિંદ ગુણ ભંડાર રે;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, દેખાડયો ભૂતલ અવતાર રે.....૨

卐

૧. ઉપસી આવવું. મતલબ કે પ્રભુના ભજનનું કર્મ ભોગવવું નથી પડતું એટલે
કે બંધનરૂપ નથી થતું તે સિવાયનું કર્મ બંધનરૂપ જ થાય છે.
૨. વરણાગિયો    ૩. રૂપાળો    ૪. ફક્કડ

## પદ-૨૦૯

### (રાગ-કોલેરો)

પોતે પોતાનું ઘર જાણવું જોઈએ, જાણ્યા વિના કહો કયાં જઈએ રે;
અણ[૧] ઓળખ્યે ઓશિયાળાં[૨] થઈને, પરઘેર ઉભા નવ રહીએ રે.....ટેક
પરણ્યો પરણ્યો પિયુ[૩] નજરે ન ભાળ્યો, સાસરિયાનું સુખ નવ દીઠું રે;
અમૃતપેં[૪] અતિ લાગે મીઠું, નામ ધણીનું[૫] રુડું રે...૧
કોઈ કાલનો જીવ ભમે છે, ઠરી નહિ બેઠો ઠામ[૬] રે;
આવ્યો પ્રાણી લ્હાવો[૭] જ લેવા, ભેદુ[૮] વિના ભટકાયો રે...૨
માર્ગ[૯] મેલી કુમાર્ગે[૧૦] ચાલ્યો, નહિ જડયું ગામ[૧૧] ને ધામ[૧૨] રે;
રણછોડના સ્વામી સુંદીરવર, ઘેર ઘેર ભટકાણો રે...૩

卐

૧. વિના ૨. સંડોવાયું ૩. પ્રેમી ૪. અમૃતથી પણ ૫. પરમાત્મા ૬. સુખી થઈને બેઠો નહિ. કર્મ પ્રમાણે આવનજાવન કર્યા જ કીધું. મુકિતનું સુખ ન મેળવ્યું ૭. તકનો લાભ મેળવવા ૮. જાણકાર ગુરુ ૯. પ્રભુ તરફનો રસ્તો ૧૦. પ્રભુથી વિરુદ્ધ દિશામાં લઈ જતો માર્ગ ૧૧. પ્રભુનું સ્થાન ૧૨. મુકિતનું સ્થળ

## પદ-૨૧૦

હું તને પૂછું મારી વેરણ[૧] નિદ્રા, તું છે નાર ધુતારી રે;
નથી ધુતારી હું તો નથી ઠગારી, હું છું કોમલ નારી રે...ટેક

પ્રાણીમાત્રને વિશ્રામ[૨] આપું, દુઃખસુખ મેલું વિસારી રે;
નાટક ચેટક ભાંડ ભવાઈ, ત્યાં તો હું નવ જાઉ રે...૧

કથા કીર્તન ઘોળ મંગલ, ત્યાં જઈ પાવન થાઉ રે;
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, નિદ્રામાં સુખે પોઢયા રે...૨

卐

૧. ખોરાયલી ૨. આરામ

## પદ-૨૧૧

પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, રાતદિવસ હૃદયે રાખ્યા રે;
જોબનથી તે વૃદ્ધત્વ સુધી, રામનામ વિસાર્યા રે...ટેક
અંબરીષ રાજા મને અતિ વ્હાલા, દુર્વાશા એ મન ભંગ કીધાં;
મેં મારું અભિમાન તજીને, ચક્ર સુદર્શન લીધું રે...૧
ગજને માટે હું પાદે[1] ધાયો, હરિજનને સહાય દેવા રે;
ઉંચ નીચ હું કાંઈ ન જાણું, મુજને ભજે મુજ જેવા રે...૨
લક્ષ્મી અર્ધાંગના[2] મારી, મારા સંતની દાસી રે;
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે...૩
સંત ચાલે હું આગળ ચાલું, સંત સુએ હું જાગું રે;
જે મારા સંતની નિંદા કરશે, તેને કુલસહિત ભાંગું રે...૪
મારો બાંધ્યો વૈષ્ણવ છોડાવે, વૈષ્ણવાનાં બાંધ્યો મેં ન છૂટે;
એક વાર વૈષ્ણવ મને બાંધે, તો એ બંધન નવ તૂટે રે...૫
બેસી ગાઈ ત્યાં ઊભો સાંભળું, ઊભો ગાઈ ત્યાં નાચું રે;
વૈષ્ણવથી હું ક્ષણ ના અળગો, માન નરસૈંયો સાચું રે...૬

卐

૧. પગે  ૨. પત્ની

## પદ-૨૧૨

વટલ્યો નાગર નરસૈંયો, જેણે જૂઠું આહીરનું ખાધું રે;
અવર[1] રસ ઢોળી દીધો, પ્રેમ રસ પીધો રે...વટલ્યો...ટેક
બ્રહ્મા ઉભા વેદ વખાણે, લાગી યોગેશ્વરની[2] તાળી[3] રે;
સનકાદિકને સ્વપ્ને ન આવે, રાસ રમે વનમાળી રે...૧
હાથમેં લાકડી ખાંધે કામળી, ગૌધેનુ[4] ચરવા જાઈ રે;
નરસૈંયો નાગર ને સાથે તેડી, સાથે બેસી બન્ને ખાઈ રે...૨

卐

૧. પ્રભુના પ્રેમ સિવાયનો બીજો રસ  ૨. પ્રભુની  ૩. લગની  ૪. ગાય

## પદ-૨૧૩
### (રાગ-કાલેરો)

અમર્દોકા[1] ગામ સંતો ભાઈ, અમર્દોકા ગામ;
તહાઁ કિસકા લીજે નામ; સંતો અમર્દોકા ગામ...ટેક
પીર મુએ પયગ્મબર મુએ, મુએ જંગમ જોગી રે;
રાજા પ્રજા સબ હી મુએ, મુએ વૈદ્ય સબ રોગી રે...૧
સુર્ય મુએ ચંદ્ર ભી મુએ, મુએ સહસ્ત્ર અઠ્ઠાશી રે,
તેત્રીશ કોટી દેવતા ભી મુએ, પડે કાલકી ફાંસી રે...૨
નવગ્રહ મુએ દિશા ભી મુએ ઘરણી આકાશ રે;
તીન દેવ બસે જલ ભીતર, તનકી જૂઠી આશા રે...૩
સત્ય[2] સ્વરૂપ એક હી સ્થિર રહે જેણે આ સૃષ્ટિ સર્જાઈ;[3]
કહે કબીર ભકત સર્વસ્વ, તેને કાલ ન ખાઈ રે...૪

卐

૧. જે મર્દ નથી, શૂરવીર નથી તેવા- મતલબ કે હરિનો મારગ છે શૂરાનો- અમર્દ હોય તે હરિની ભકિત ન કરી શકે ૨. બધું જ પરિવર્તનશીલ છે- તે બધું માયાનું ગણાય-માત્ર પ્રભુજ અપરિવર્તનશીલ છે-અવિકારી છે- અવિનાશી છે માટે તે જ ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે-તેથી જ સત્ય સ્વરૂપ
૩. બનાવી

## પદ-૨૧૪
### (રાગ-કાલેરો)

રામ ભજન અહર્નીશ[1] કર હો, જાગ જાગ મન કર્યો સુતા;
જાગૃત નગરીમે ચોર ન લૂટે, જખ મારે[2] યમદૂત...૧
જપ કર તપ કર કોટિ યજ્ઞ કર, જઈ કાશી કરવત લેતા;
મુઆ પછી કોઈ મુકિત ન માર્ગે સો જોગી હૈ અવધૂતા...૨
જોગી હો કર જટા વધારો, અંગ લગાવે વિભૂતિ;[3]
દમડી[4] ખાતર દેહ જલાવે, સો જોગી જગ ધૂતા...૩

જા કી સુરતા[5] ચઢી ગગન પે, કાલ ક્રોધ ગરદન દેતા;
અધર અણી[6] પર આસન કીનો સો જોગી હૈ અવધૂતા...૪
ઉગ્યા સો નર આથમ્યા રે, જાગ્યા સો નર જીત્યા;
દાસ જીવણ સતગુરુ કે ચરણે, અનુભવ કે ઘર પહોંચ્યા...૫

卐

૧. રાતદિવસ ૨. પસ્તાય ૩. રાખ ૪. પૈસા ૫. મનની વૃત્તિ ૬. માયાની કે સંસારની જાળમાંથી વેગળા બની જઈ મનની વૃત્તિને પ્રભુના ધ્યાનમાં જોડવી તે

## પદ-૨૧૫

આજ સોનાનો સૂર્ય ઉગ્યો, વ્હાલાજી ઘેર આવ્યા રે;
કામકાજ મને કાંઈ ન સૂઝે, મોહનજી મન ભાવ્યા રે...ટેક
આજ મારે મન આનંદ અતિઘણો, પાથરણાં પથરાવું રે;
ચૂવા ચંદન[1] કસ્તુરીના છાંટણિયા છંટાવું રે આજ સોનાનો...૧
પ્રેમ આણીને પુરું સાથિયા, તોરણ દ્વારે બંધાવું રે;
આરતી ઉતારું મારા કૃષ્ણજીવણની મોતીડે વધાવું રે...૨
ઘુઘરી ઘમકે ને ચાલે ઠમકે, સોના અંબર[2] શોહે રે;
કંઠે હાર, હાથે બાજુ બંધ, લટકે ત્રિભુવન મોહે રે...૩
રુમઝુમ રુમઝુમ હું તો ચાલું દુર્જન લોકો હસે રે;
ભલે મળ્યા મહેતા નરસૈંઈના સ્વામી, નિંદનારા હાથ ઘસે રે...૪

卐

૧. સુખડ ૨. આકાશ

## મારુની સાખી

## પદ-૨૧૬

### (રાગ-મારૂ)

મારૂ મસ્તક બેડલું, વળી પગ દાઝે પંથ દૂર;
હજી ન આવ્યો પ્રાણ મેહુલો, નદીએ ન આવ્યા પૂર...૧
મારૂ તારા દેશમાં, નીપજયા રત્ન ત્રણ;
એક મારુ દૂજો ઢોલીયો ત્રીજો કસુંબા રંગ...૨

મારુ તારા દેશમાં ખાવા ખાંડ ખજૂર;
એક દુઃખ મારે અતિઘણું, મારે ઈંધણા[1] પાણી દૂર...૩
મારૂ જૈસી પાતળી જૈસી ખાંડા[2] ધાર;
સેજ પલંગથી લથડી, મારૂ ટુકડા હુઆ દો ચાર...૪
મારૂ હાથ ગંગાજલ, છૂટા કેશ સુકાય;
ચંદન કેરે છોડવે, વ્હાલો, નાગ હીંડોળા ખાય...૫
મારૂ ઢોરા કરતાં ઢોર ભલો, ચરે જંગલકો ઘાસ;
સાંજ પડે દિન આથમે, મારૂ ઢોર કરે ઘરની આશ...૬
કસ્તુરી નાભિ વસે, મૃગ ઢુંઢે બનમાંય;
યોં હરિ હૃદયામાં બસે, મૂર્ખ ન જાણે કાંઈ...૭

卐

૧. લાકડા  ૨. તલવાર

## પદ-૨૧૭

રામજી પ્યારા હો, લગા મોહે રામજી પ્યારા હો;
પ્રીત તજી સંસાર કી, મન કિયા ન્યારા[1] હો...ટેક
સતગુરુ શબ્દ બતાવ્યા, દિયા જ્ઞાન વિચાર હો;
ભ્રમ તિમિર સબ ભાંગ્યા, ગૃહ કિયા ઉજિયાલા હો...૧
ચાખ ચાખ છાંડયા, માયા રસ ખારા હો;
નામ સુધા રસ પીજીયે, છીનવી વારંવારા હો...૨
મેં બંદા ઉસ બ્રહ્મકા,[2] જા કા વારન[3] પારા હો,
તા કો ભજે કોઈ સાધુવા, જેણે તનમન વાર્યા હો...૩
અન્ય દેવ કો ધાવાહી,[4] તા કે મુખ છારા[5] હો;
અલખ[6] નિરંજન ઉપરે, જન સુંદર વારા હો...૪

卐

૧. અનોખું-અલિપ્તના અર્થમાં  ૨. પરમાત્મા  ૩. વારણ-પારો ઝેર ગણાય તેને પીનારા બહાદુર ગણાય-પ્રભુનાં દર્શન કરવા પ્રયત્ન કરનારને કોણ વારી શકે ?  ૪. દોડે  ૫. કલંક
૬. જે લક્ષમાં નથી આવી શકતા તે પરમાત્મા

## પદ-૨૧૮

(રાગ-મારૂ)

આરત[1] તેરી હો, પીયુ મોહે આરતી તેરી હો;
આરત રાજા રામકી રે, મોહે સાંજ સબેરી રે...ટેક
સેજડિયાં બહુરંગી રે, આછાં પુષ્પ બિછાવું રે;
વાટ જોઉં સમી સાંજકી રે, પિયુ અજહું ન આયે રે...૧
પિયુ આ તનકા દીવડા કરૂં રે, મનષા કરૂં બાતી[2] રે;
તેલ ચુંગાવું[3] પ્રેમકા, જાગું દિનરાત રે...૨
પતીયાં પાડું પ્રેમકા રે, મન મારૂ સમારૂં રે;
પિયુ તેરે કારણે તન જોબન ગાળું રે...૩
સાવન ભાદો ઉમંગી આયો, વર્ષાઋતુ આયી રે;
ગગન ઘટા ઘનઘોર રહી, નયણે ઝર લાગી રે...૪
માતપિતા તુમ હી કહીએ રે, તુમહી ભલું જાણું રે;
તુમ તજી અન્ય ભરથારકો, હૃદયે નહિ આણું રે...૫
તુમ હો પિયુ પુરણ પુરણ, પુરા સુખ દીજે રે;
મીરાં વ્રેહ[4] તણી વ્યાકુલ[5] રે, અપને કર લીજે રે...૬

卐

૧. ઈચ્છા ૨. દીવેટ ૩. પૂરું-રેડું ૪. વિરહ ૫. દુઃખી-પીડિત

## પદ-૨૧૯

ભજી લે ગોવિંદ પ્યારા હો, ભજી લે ગોવિંદ પ્યારા હો;
એક ઘડી એકાંતે બેસીને, નહિ ફેરવી તેં માલા રે...ટેક
શું આવ્યો તું સમજ કરીને, આ અવસર જાય છે અસારમેં[1] રે;
માયામેં વીંટાયો પ્રાણીઓ, મચ્છ વીંટાયું જેમ જાલમેં રે...૧
ધાઈ[2] ધાંઈને ઢોર થયો તું, તપાસી જો તન તારૂં રે;
મીરાં કહે પ્રભુ ગિરધર ના ગુણ ભજ મનષા વારામાં રે...૨

卐

૧. સાર વિનાની વસ્તુમાં એટલે કે નાશવંત પદાર્થોમાં
૨. નાશવંત પદાર્થ મેળવવા માટેની મથામણ કરી

## પદ-૨૨૦

શ્યામને કહેજો સંદેશો રે, શ્યામને કહેજો સંદેશો રે,
ઈચ્છા હોય ત્યાં સુધી રે, દ્વારિકામાં રહેજો રે...સંદેશો...ટેક
અકરુર સાથે આવ્યા રે, રથ બેસી બન્ને વીર;
ભરી સભામેં પૂર્યા રે, દ્રૌપદી કેરા ચીર...૧
જાણી જાત જાદવતણી રે, જેણે કીધા બે બાપ રે;
મામો પોતાનો માર્યો રે, તેને નારી હણ્યાનું શું પાપ રે...૨
પરોણે ઘર ન વસે રે, પડોશી ન ભાંગે ભીડ રે;
વીત્યા વિના નવ જાણીએ રે, પ્રેમ પ્રિયાની પ્રીત...૩
ગોધેનૂ ઘાસ ચૂગે[૧] નહિ રે, બછુઆ[૨] ન પીએ ક્ષીર;[૩]
શ્યામ વિનાનું સૂનું ગોકળિયું, સૂના મઠ યમુના તીર...૪
ઉલ્લંઘી[૪] અબળા તણા રે, કેશવ ધરજો કાન;
બેઉ કરજોડી વિનવું રે, તારૂ ઘરે નરસૈંયો ધ્યાન...૫

卐

૧. ખાય  ૨. વાછરડા  ૩. દૂધ  ૪. અનાદર કરનારના અર્થમાં અહીં વપરાયેલ છે

## પદ-૨૨૧
### (રાગ-મારુ)

ભૂલવણી ભારી વ્હાલા તારી, ભૂલવણી ભારી રે;
કલ[૧] પડે નહિ કોઈને એવી, અકલ[૨] કલા તારી રે...૧
એ બાજીમાં સર્વે ભૂલવ્યું, નાંખ્યા મોહમાં મારી રે;
શિવ વિરંચી વિસ્મય થયા સૌ, શું જાણે સંસારી રે...૨
ભણ્યા ગણ્યા ભટકે ઘણા રે, અતિ થયા અહંકારી રે;
ભણ્યા નહિ તે શોચે ઘણું રે, એકે સમજણ નહિ સારી રે...૩
પરણ્યા તે પામે આપત્તિ રે, વણ પરણ્યા ઈચ્છે નારી રે;
ગુંચવણીમેં સૌ ગુંચવાઆ સુરિનર[૩] રહ્યા સૌ હારી રે...૪
અટકળમેં આવે નહિ રે, એવી ચાતુરી તારી રે;
જન પ્રીતમ એવું જાણી રે, જાયે પ્રભુ પર વારી રે...૫

卐

૧. સમજ  ૨. સમજ ન પડે તે  ૩. દેવતાલોક

## પદ-૨૨૨

સ્નેહ ન કરીએ રે, કાહુ સે સ્નેહ ન કરીએ રે;
સ્નેહ કીજે નિશ્ચે સહી રે, બિન પાવક જરીએ[1] હો...૧

જૂઠે જુગથી મલિનતા મેં, મિલવે બંધન પડીએ હો;
બંધનકા નિર્બંધ[2] રહેના, કાહે ન વિસરીએ હો...૨

એ નિજ જ્ઞાન વિચાર રે, શુભ પંથ પકડીએ હો;
એ માયા કા ફંદ[3] રુપ હૈ, ત્યાં પાવન થઈએ હો...૩

દેખત સ્થિર રહ્યો નહિ કોઈ, સબ દેખત મરીએ હો;
જન તુલસી તનમન ઉલટયો, નિજ નામ ઉચ્ચરીએ હો...૪

卐

૧. બળી મરીએ ૨. બંધ વિના ૩. તોફાની

## પદ-૨૨૩

શાપ ન મને લાગે રે, અલ્યા મને શાપ ન લાગે રે;
જા ને દુર્વાસા આગે રે, અલ્યા મને શાપ ન લાગે રે...ટેક

અંબરીષ નો અવતાર દશમો, દીધો મન માઠો રે;
ચક્ર સુદર્શન પુંઠે ધાયું, ઋષિ જાયે ત્યાં નાઠાં રે...૧

શિવ બ્રહ્માદિક દેવ મુનિએ, કોઈએ શરણે ન લીધા રે;
રાજાએ ત્યાં વિનંતિ કરીને, ચક્રથી વારી લીધા રે...૨

ભડ ભીમડાનું ભ્રમે ભૂલ્યો, કોણ તપાસ[1] સુજાન રે;
ભણે નરસૈંયો તું સાંભળ સાચું રે, નહિ કોઈ તે સમાન રે...૩

卐

૧. ખાતરીના અર્થમાં

## પદ-૨૨૪

વૈકુંઠ ઢૂંકડું[1] મહારાજ, વૈકુંઠ ઢૂંકડું મહારાજ.....ટેક
પીપલ પાન નહિ તોડીએ રે, નવ મોડિયે[2] વડલા ડાળ;
સરોવરમાં નવ થુંકીએ, નવ દીજીએ ગુરુને ગાળ...વૈકુંઠ.....૧
જીવ્હાએ જૂઠું નવ બોલીએ, મ્હોં શું કીજે નવ લબાડ[3]
ચોરીમેં ચિત્ત નવ ભેળવીએ રે, પરહર્યે પારકી આશ.....૨
સુપાત્ર જોઈને પૂજીએ રે, ભુખ્યા ને દીજો અન્ન;
કહે કબીર સુનો ભાઈ સાધુ, સેવીએ સાધુ જન.....૩

卐

૧. નાનું-સાંકડું  ૨. તોડિયે  ૩. જૂઠ

## પદ-૨૨૫

આવ્યા રે આશભર્યા, વ્હાલાજી અમો આવ્યા રે આશભર્યા;
વીંધાયા[1] મન નહિ વળે પાછાં, તારી મોરલીએ પ્રાણ હર્યા.....૧
સુતને મેલી, અમો પતિને મેલ્યાં, મે'લી કુલ મર્યાદા;
માત તાત વિસાર્યા મોહનજી, શ્યામ તમારે કાજ.....૨
એવાં એવાં વચન સુણી હરિ હસીઆ, આપણે રમીશું રાસ,
મોટા કુલના તમો રહેવાશી, પુરો મારા મનડાની આશ.....૩
સુંદર રાત શરદ પુનમની, સુંદર આસો માસ;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, રજની થઈ ષટ્[2] માસ.....૪

卐

૧. પ્રભુના પ્રેમમાં જેનું મન મગ્ન છે તેવું મન  ૨. છ માસ

## પદ-૨૨૬

રૂડું રે રમતાં, વૃંદાવન, રૂડું રે રમતાં;
ક્ષીણ[1] ખાંડ ઘૃત[2] મંહી રે ભેળીને, કેવું લાગે જમતાં.....વૃંદાવન.....ટેક
મોટા મુનિને ધ્યાને ન આવે વ્હાલો, યોગી દેહ દમતા;
મુકિત થકી અવતાર ભલેરો, હરિ હરને ભજતાં.....૧
ગોપી ગોવાલાની ગોઠ મલીને, રમતા રૂડી રમતાં;
નરસૈંયાના સ્વામીની સંગે દમતાં,[3] હવે રાખ્યા ભમતાં રે.....૨

卐

૧. દૂધ  ૨. ઘી  ૩. દુઃખપીડા વેઠતા

## પદ-૨૨૭

(રાગ-મારૂ)

નહિ મળે ભગવાન વૈરાગ્ય વિના, નહિ મળે ભગવાન;
સ્મરણ દર્શન કિયે હાથ કરી, ભયો આતમજ્ઞાન.....ટેક
વૈરાગ્ય શુકદેવજીએ ભોગવ્યો, ધ્રુવ પહ્‌લાદ અંબરીષ રે;
તે ખ્યાતિ કયાંથી નાગર, મિથ્યા[1] કરે વિવાદ રે.....૧
વૈરાગ્ય નહિ તો હતો વિદુરને, તે પામ્યા દેવમોરાર;
તારી પેઠે કોઈએ ન ગાયો, ઉઘાડયો ભંડાર રે.....૨
લપટપણે હાર નવ મળે, એ રઢ માયા લાગી રે;
સહચરાનંદ સ્વામી એમ કહે, નરસૈંયો થયો વૈરાગી રે.....૩

卐

૧. નકામો

## પદ-૨૨૮

(રાગ-મારૂ)

કામ ક્રોધ અધંકાર કાહે છાઁડિયે, તારે ગળે પડી જંજીર;[1].....ટેક
પશુ હો કે પુકારે, મદલોલ[2] મારે, કોટિ મીટી અંગારે.
માત પિતા સુત બંધુ દારા, કોઈ ન આવે સાથ રે.....૧
ચૌદિશિ[3] ધાયે કો ન છોડવાવે, પામે દુઃખ અપાર રે;
પ્રીતમ કહે સેવ ધરણીધર, ભકત મુકિત દાતાર.....૨

卐

૧. બેડી  ૨. ગુમાન  ૩. ચારે દિશામાં

## પદ-૨૨૯

અદકુ[1] સો લોભ નિવાર, મમતા મોડિયે;
હરિ શું પ્રીત લગાઈ, જુગ સેં તોડિયે.....ટેક
હરિ શું જોડો, જુગ શું તોડો, છોડા સકલ વિકાર રે;
એ સંસાર ચક્ર કી બાજી, જાતાં નહિ લાગે વાર રે.....૧
જુઓ હશે શું લુણમેં પાણી, કર લીજૈ કછુ કરણે
પ્રીતમ દાસ કહે પ્રાણીને, રહો રામકો શરણે.....૨

卐

૧. સૌથી જુદો જ

## પદ-૨૩૦

વ્હાલે મને માર્યા રે મોહના બાણ, વ્હાલે મને માર્યા રે મોહના બાણ;
સાહેર[1] બાંધી વ્હાલે સેના ઉતારી, રાવણ માર્યો રે એક બાણ.....ટેક
હિરણાકંસ માર્યો વ્હાલે, પ્રહ્લાદ ઉગાર્યો.....૧
દહીતનાર[2] ભાંગ્યા ભંગાણ, વ્હાલે મને માર્યા મોહના બાણ.....૨
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર ના ગુણ, ચરણ કમલ એધાણ.....૩

卐

૧. દરિયો ૨. રાક્ષસના

## પદ-૨૩૧

ઘેલા[1] મન કાલનો શું ઉધારો રે, ઘેલા મન કાલનો શું ઉધારો રે.....ટેક
રાજ તજી ગયો વનિતા સંગ, ચૌદ બ્રહ્માંડ રચનારો.....૧
એક પલકર્મે થાશે બિચારો, જેમ મચ્છ મુખર્મે ચારો.....૨
કીધું તે સાચું, કરવું તે કાચું, ભમતા મનને વારી રે.....૩
ક્ષણ ક્ષણ કાયા જાશે જલતી, જીત્યો જન્મ કહાઁ હારો રે.....૪
સુરદાસ ભગવંત ભજન વિના, નહિ આવે આવો વારો.....૫

卐

૧. ગાંડા

## પદ-૨૩૨
(રાગ-મારૂ)

પ્રેમ બિન ફોગટ નખરાં,[1] પ્રેમ બિન ફોગટ નખરાં.....ટેક
પ્રભુ નહિ મળે, પેલા લોક કહે સાચાં.....૧
પ્રેમ બિન પ્રભુજી ન મળે, તે ખાશે ભવના ફેરા.....૨
શોરબકોર કરે અતિ ઝાઝો, અણસમજયા નવરાં રે.....૩
પ્રેમ બિન મરડાઈ મરે, અતિ ગર્વ ગુમાન ભરે રે.....૪
ભકત ભગવાન શું લ્હેર[2] લાગી, પ્રેમે કાર જ સર્યા રે.....૫

卐

૧. ચેનચાળા-મસ્તીના અર્થમાં ૨. લગની

## પદ-૨૩૩

વિઠ્ઠલ રહો રે વસી, મારે મન વિઠ્ઠલ રહો રે વસી;
ઓસડિયાં[1] અલગા કરો રે, મને શીદ પાવો ઘસી.....મારે મન.....૧
લોકડિયાં સૌ એણીપેરે બોલે, તે પેર[2] ન જાણે કશી;
ગોવિંદ સાથે ગોઠડી રે, લગી સાંકર પે સરશી.....મારે મન.....૨
કાનુડો કાલિનાગ છે રે, મારા હૃદીયામાં રહ્યો રે વસી;
મીરાં કહે પ્રભુ ગિરિધર મિલે, ચિંતા શીદને કશી.....મારે મન.....૩

卐

૧. દવા-ઔષધિ ૨. જરાપણ નહિ મતલબ કે લોકો મીરાં ગાંડી થઈ છે માની દવા કરાવે છે. મીરાંની માંદગી એક શામળિયો જ દૂર કરી શકે-લોકોને શી ખબર ?

## પદ-૨૩૪

હરિ નામ કદિ ન મુકું રે, હરિ નામ કદિ ન મુકું રે.....ટેક
બ્રહ્માંડ ભાંગી ભુકો થાય, તો ય ન નામ ચૂકું રે.....૧
ચંદન ઘસી નાંખીએ તો, સુંગધી નવ જાય.....૨
પિંડ[1] પડે પણ પ્રીત હરિની, અલગી નવ થાય.....૩
દેવ ચળે, દાનવ ચળે, રે, ન ચળે મારું મન.....૪
દાસ વલ્લભ પ્રભુજી એવા વૈષ્ણવજન શુરા હો.....૫

卐

૧. શરીર

## પદ-૨૩૫

(રાગ-બિહાગ)

ચલના રે મેરે ભાઈ, મારગ ચલના રે મેરે ભાઈ;
દિન દશ આગે દશ પીછે, મત કોઈ કરો રે બડાઈ.....મારગ.....ટેક
કાહુકો ઘર પાંચ કોસ પર, કાહુકો દશવીશ;
સંતનકો ઘર નિજપુરીમાં,[1] રામનામ જુગદીશ.....મારગ.....૧

આ હાટવાડે[2] સોદે આયો, કછુ ડે'કે ડે'કે ડે'કાયો;[3]
તોટા બ્હોળા[4] સોહી જાણે, જેણે એ હાટ લગાયો.....મારગ.....૨
તેરા શિર પર જમ છે વૈરી, અજહુ સમજ મેરે ભાઈ;
કહે કબીર સોઈ[5] જન ઉગર્યા, જેણે સમર્યા રઘુરાઈ.....મારગ.....૩

卐

૧. પોતા શરીરમાં-ભગવાન શરીરમાં જ રહેલા છે ૨. બજાર
૩. જોઈ જોઈને લોભાયો-આ જીવ જગતમાં કમાણી કરવા આવ્યો છે. પરંતુ જગતને જોઈને ધ્યેય ભૂલી જાય છે ૪. લે વેચની દલાલી કરનાર ગુરુ
૫. પ્રભુના નામનું સ્મરણ કરનાર

## પદ-૨૩૬

### (રાગ-બિહાગ)

ઘર કર દરિયા માંહે, મચ્છી ઘર કર દરિયા માંહે;
શીલર[1] તોરા દે દિન બાસા, અંતકાલ કહાઁ જાશી મચ્છી.....ટેક
જહાઁ નહિ જાલ,[2] જહાઁ નહિ ઢીમર,[3] જહાઁ નહિ બંશી બજાય;
અમર લોક જહાઁ મરણ ન પાવે, ઉન્નપત્તિ પ્રલય[4] નહિ.....૧
સબસે બડે સબ ડી કે તેરે, સબ હૈયાં માંહી;
કહે કબીર સુનો ભાઈ સાધુ, ગ્રહો શબ્દ કી બાંય મચ્છી.....૨

卐

૧. ભલા-મતલબ કે હે ભલા જીવ, તું અમરપટો લખાવીને નથી આવ્યો, તારે થોડા સમય પછી જવાનું છે એ નક્કી ૨. જાળ (પ્રપંચની)
૩. માછી ૪. ઉત્પત્તિ પ્રલય એટલે જન્મ મરણ

## પદ-૨૩૭

### (રાગ-બિહાગ)

કૈસે કરું તોહે રાજી, રામરાય કૈસે કરું તોહે રાજી;
બંદગી ચોર ન વાલે હજુર, ઐસા તો મૈં પાજી[1].....રામરાય.....ટેક
પાંચે ચોર[2] કર ફિરાના,[3] ઉન સંગ દિવસ ગુમાયા;
ઉનસંગે રહું કે કરું તેરી બંદગી, કોન કોન સમજાઉ.....૧
ઉનસંગે રહું તો તુ નહિ પાવું, દેત બોજ શિર ભારી;
દોજખ[4] ભીંસ દોઉ હમ ત્યાગે, મૈં રહું પનીયાં[5] તુમ્હારી.....૨

નિશ્વાસુર[૬] કર નહિ પાઉ, ઘટ હી બીચ નિવાસા;
તખ્ત તરેજા[૭] મારગ માંહી, ઉનકા જબ તમાસા[૮].....૩
કહે કબીર સુનો ભાઈ સાધુ, એ સબ જુઠી બાજી;
નામ વિના કોઈ પાર ન પાવે, કહાં પંડિત કહાં કાજી.....૪

૧. નિર્બળ પાપી　૨. કામ, ક્રોધ, મદ લોભ ને મોહ એ પાંચ ચોર
૩. ફરતા રહે છે　૪. નરક　૫. પનિહારી સ્ત્રી　૬. નિસાસો
૭. સ્થાન　૮. લીલા

## પદ-૨૩૮
### (રાગ-બિહાગ)

આજ રહો મેરે પ્યારે રઘુવર, આજ રહો મેરે પ્યારે;
યદ્યપિ તાત દિયો વન તુમકો, કીજો ગમન[૧] સવેરા.....૧
કે મતિ ફિરત રાજા દશરથ કી, કિસબિધ ના પલટાઈ;[૨]
કે કર ગ્રહી કૈકયી રાખે, ઐસે મૈયા બિચારી રે.....૨
સુનત બચન જનુની ઐસી ભાખે, આજ વ્રત ભયોરે અમારે;
ફિર અયોધ્યા કાલ આયેંગે, કરી દંડવત[૩] સધારો.....૩
તબ મુર્છિત[૪] ભયે કૌશલ્યા, વ્યાકુલ ભયી સબ નાર;
તુલસીદાસ પ્રભુ દૂર ગયે વન, ચલત નયન જલધાર.....૪

૧. જજો　૨. બદલી શકાય નહિ　૩. પ્રણામ　૪. બેશુદ્ધ

## પદ-૨૩૯
### (રાગ-બિહાગ)

કહઁા જો પઢાઈ[૧] મેરી માતા, રઘુવર કહઁા જો પઢાઈ મેરી માતા;
સુનુ ભુવન સુનુ સિંહાસન, નહિ ઘર દશરથ તાત.....૧
ધિક્ જનુની, ધિક્ તેરો જીવન, કરી કપટ મુખ બાતા;
સેવક રાજ કરો બિન ઠાકોર, અંક લખ્યો હૈ વિધાતા.....૨

કૌશલ્યા રુદન કરે અતિભારી, શિથિલ[2] ભયે સબ ગાત;
કહાઁ જો કરું જનુની દોષ લાગે, નહિ તો કરું આપઘાત.....૩
દોઉ ભ્રાત સંગે રઘુવીરની, નહિ કોઈ સંગ ને સાથ;
તુલસીદાસ કૌશલ્યા કે સુત, અવધ બઢે રઘુનાથ.....૪

卐

૧. ભણાવી  ૨. ઢીલાં, નિર્બળ

## પદ-૨૪૦

તુમ ઘર જાઓ મેરે વીર, ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર;
રુદન કરે કૌશલ્યા મૈયા, જઈ ધરાવો ધીર.....ટેક
ભૂખોં કો કછુ ભોજન દુજે, નગ્ન કો પટ[1] ચીર;
અવધપુરી કો રાજ કરોગે, ન્હાજો સરયુ નીર.....૧
સીતા સરખી સતી જતી સંગાતે, ચાલી હૈ સમુદ્રકે તીર;
તુલસીદાસ કૌશલ્યાકે સુત, મિલ મિલ વિનવે વીર.....ભરતજી.....૨

卐

૧. ટુકડો

## પદ-૨૪૧

(રાગ-બિહાગ)

બાજત યમુના તીર મુરલી, બાજત યમુના તીર;
શબ્દ સુની ઊઠી ધાયે વ્રજબાલા, વિસરી તનકાચીર.....ટેક
ચારો ચરતાં ગૌધેન મોહ્યાં, બછડા તજ ગાયા ક્ષીર[1];
સુરિજન[2] મોહ્યાં, મુનિજન[3] મોહ્યાં, મોહ્યાં રાય ગંભીર.....૧
વૃંદાવનમેં રાસ રચ્યો હૈ, સોળશે ગોપી ને જદુવીર;
સુનકે પ્રભુજીકી મોરલી, સ્થિર રહ્યો યુમના કે નીર.....૨

卐

૧. દૂધ  ૨. દેવતા  ૩. ઋષિલોકો

### પદ-૨૪૨
(રાગ-બિહાગ)

હરિ ને મનાવી ઘર લાવો રે, ઓધવજી, પ્રભુને મનાવી
જે હરિ કહેશે તે અમો કરીશું, તેમ તેમ સમજાવો રે.....ટેક
બાલપનાની પ્રીત સંભાળો એકવાર ગોકુળ આવો રે;
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, આવડું[1] શું તલસાવો રે.....૧

卐

૧. આવું અથવા આટલું

### પદ-૨૪૩
(રાગ-બિહાગ)

શ્યામળિયા સાથે રમીએ રે, શ્યામળિયા સાથે રમીએ;
જયાં ભીડ પડે આપણને, ઉગાર્યા નાથે રે.....ટેક
ધન્ય જીવ્યું આહીર કેરું હરિએ ઝાલ્યા હાથ રે;
ચૌદ લોકમાં થયા જાણીતા, બળવંતની બાથ[1] રે.....૧
આગે તારા ગુણ સાંભળી વેદતણી વાટે રે;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં નાગરની ન્યાત રે.....૨

卐

૧. સહારાના અર્થમાં

## સોરઠની સાખી

### પદ-૨૪૪

સોરઠ રાગ સોહામણો, સોરઠ સુઘડ[1] દેશ;
સોરઠ સલુણી સુંદરી, જેના લંબા લંબા કેશ.....૧
સોરઠ મીઠી રાગણી, કણષલે[2] મીઠી જુવાર;
બંધુ મીઠી મારે ગોઠડી,[3] રણમીઠી મારે તલવાર.....૨
સોરઠ સુઘડ માણસો; ત્યાં શું કરીએ વ્યાપાર;
જે રે નફ્ફટ માનવી, તેને ઊભા ઊભા જુહાર[4].....૩

સોરઠ રાગ સુહામણો,[૫] મુખસે મુકયો ન જાય;
જેમ જેમ ભાંગે રાતડી, તેમ તેમ મીઠડો થાય.....૪
સોરઠ ષુડો ના સજર્યા, ના ચઢયો ગિરિ ગિરિનાર;
જે ના ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર.....૫
સોરઠ સિંહલદ્વીપની, તપશી ઊભા દ્વાર;
ભિક્ષા દો રાણી સોરઠી, મારો સંગ ચાલ્યો કેદાર.....૬
સોરઠવાસી દ્વારીકા, દેખે ઉત્તમ દેશ;
મથુરામેં હરિ જન્મ્યા, વ્હાલો વસ્યો સોરઠ દેશ.....૭
સોરઠ પાકયો આંબલો, ષુડલો રહ્યો લોભાઈ;
ચંચુ તો પ્રસારી પિયા કરે, રાજા રંગ ભીંજયો જાઈ.....૮
સોરઠ દેશ સુહામણો, મુજને મેવાના કોડ;
રત્નાગર સાગર ઘુઘવે, ત્યાં રાજ કરો રણછોડ.....૯
કહાં જોગી દુર્બલ ભયો, કોણ ભલો તારો દેશ;
તુજ કારણે રાણી સોરઠી, લીધો જોગીનો વેશ.....૧૦
સોરઠી તુજને પારખી, સાત સાહેલી માંય;
જેમ ઝબુકે[૬] વીજલી, પેલા કાલા આભ માંય.....૧૧

卐

૧. સુંદર ૨. જુવારના દોડાને કણસલું કહેવાય છે. ૩. વાત
૪. નમસ્કાર ૫. સુંદર-અહીં સાંભળવો ગમે એવો
૬. ચમકે

## પદ-૨૪૫
### (રાગ-સોરઠી)

એક વર્યો[૧] ગિરિધારી રે, બાઈ મેં એક વર્યો ગિરિધારી;
અન્ય દેવ જો શિર નામું, તો મરું કંઠ કટારી[૨] રે.....ટેક
ભલી ભવાની ભૈરવ કાલિકા, કોટિક હરિ પરવારું રે;
ઈનકો સંગે ભમી ભમી હું, લક્ષ ચોરાસી હારી રે.....૧
મારે એક છેલ છબીલો, લૌકિક શિવ ભવાની રે;
કર્મ કરવાં ધર્મ મુકીને, જાવું પ્રગટ નહિ છાની રે.....૨
યોગી જંગમ શેખ સેવડા,[૩] સન્યાસી સુગમ જ્ઞાની રે;

શુદ્ધ માર્ગ સતગુરુ વિના, મત અનેરી ઠાની રે.....૩
શુરાપાન[૪] અરૂ ભાંગ[૫] તમાકું, ઈનકો જે આહારી;
પ્રેમ પદવી તે નવ પામે, અંત હોય ખુવારી.....૪
ગોપીચંદન તુલસીની માલા, તે વૈષ્ણવને પ્યારો રે;
દાસ મીરાં સંતને શિશ નામે, ચાર વર્ણ સે ન્યારી રે.....૫

卐

૧. પસંદ કર્યો    ૨. છરી    ૩. માથે જટા રાખનાર જૈન સાધુ
૪. દારૂ પીવો    ૫. એક જાતની વનસ્પતિ જે દ્વારા નશો ચઢે

## પદ-૨૪૬
(રાગ-સોરઠ)

વ્યવહારના છો વારૂ[૧] નાથજી, વ્યવહારના છો વારૂ;
કુબ્જાને[૨] તમે કમલા કીધી. રતી એક ચંદન સારૂ.....નાથજી.....ટેક
તાંદુલને[૩] સ્વાદે ઘાના, મનડું ઠર્યું તમારૂં;
પ્રિય સુદામાનો વૈભવ જોતાં, અમારાપુરી ઓવારૂં[૪] રે.....નાથજી.....૧
બલિરાજા પ્રત્યે મહિમા[૫] યાચી, થઈ આવ્યા છો અધ્યારું[૬] રે;
પાતાલની તેને પદવી આપી, ઈંદ્ર તણું સખુ સારું રે.....૨
દ્રોપદીનાં પટકુળ[૭] પૂર્યા, એ સુત તાંતણે સારું રે;
નરસૈંયાના સ્વામી નટ નાગરમેં, અમને પાસું તમારું રે.....૩

卐

૧. શ્રેષ્ઠ-સુંદર    ૨. કૂરૂપ સ્ત્રી અથવા ખરાબ સ્ત્રી    ૩. પાન
૪. ઓવારણાં લેવા    ૫. મહાનતા    ૬. ધર્મગુરુ અથવા માર્ગદર્શક
૭. વસ્ત્રો

## પદ-૨૪૭
(રાગ-સોરઠ)

ગિરિધર પ્રીતમ પ્યારો, રાણાજી મારે ગિરિધર પ્રીતમ પ્યારો;
હૈ ઘટભીતર ઘટહું[૧] સે ન્યારો સબકો સર્જનહારો રે.....રાણાજી.....ટેક
ધના ભગત કો ક્ષેત્ર[૨] નીપજાવ્યો, નામ કો છાપ છવાઁયો;
કબીરા કે ઘર પોઠ[૩] જ લાયે, આપ ભયો વનજારો[૪].....૧

વિષ ફેડી ને વિષયા કીધી, ભકત ચંદ્રહાસ ઉગાર્યા;
ગૌતમ નારી અહલ્યા તારી, કીર કુટુંબ સબ તાર્યો.....૩
ગજ કે કારણે પ્રભુ પાદે ધાયા, દ્રોપદીકો ચીર બઢાયો;
હિરણાકંસ કો ઉદર વિડાર્યો,[૫] જન પ્રહ્લાદ ઉગાર્યો.....૪
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સબ સંતનકો પ્યારો રે;
જન્મો જન્મ કી દાસી તુમ્હારી, કહો રાણા કોન વિચારો રે.....૫

卐

૧. શરીરથી જુદો જ અથવા વણજાર   ૨. ખેતર   ૩. પશુ ઘર નંખાતી બેવડી ગૂણ   ૪. વણજારનો માલિક   ૫. ચીરી નાંખ્યો

## પદ-૨૪૮ (રાગ-સોરઠ)

ખેલે રાત અંધારી રે તારો જન ખેલે રાત અંધારી રે;
દસ પાંચ મિલકર વૈષ્ણવ આયે, જુઓ મન વિચારી રે.....તારો.....ટેક
ડાલુ[૧] ભરકર ઘઉં કો લાયે, ઉપર નાંખી થાળી રે;
આંગણ આયે હડસેલો[૨] દિનો, સાંભળ સુલક્ષણા નારી.....૧
વ્હાણું વાશે ત્યારે પગીઓ[૩] આવશે, શી ગતિ થાશે મારી રે
ઝરમર ઝરમર મેહુલો વરસ્યો, પ્રભુજીએ વાત સુધારી રે.....૨
સંતને કારણે ચોરી કીની, મરણ કી શંકા ન આણી;
ધાટમદાસ જાતકો મેણો, આયે શરણેં તુમ્હારે.....તારો.....૩

卐

૧. ટોપલી   ૨. ધક્કો   ૩. ચોકી કરનારો

## પદ-૨૪૯ (રાગ-સોરઠ)

પત્તિઆમેં[૧] કૈસે લિખું, લિખીઓ ન જાય.....પત્તિઆમેં.....ટેક
કલમ ભરત મેરો કર કંપત હૈ, નયન રહે કડલાય;[૨]
બાત કહું તો ઉદ્ધવ કહેતા ન આયે, જીવ રહ્યો છે ભરાઈ.....૧
વિપત્ત[૩] અમારી દેખ તુમ ચાલે, પ્રભુને કહેજો સમજાય;
મીરાં કહે પ્રભુ સુખકે સાગર, ચરણ કમલ હર્ષાઈ[૪].....૨

卐

૧. પત્ર અથવા ચિઠ્ઠિ   ૨. સોજાવાળી આંખ   ૩. મુસીબત   ૪. આનંદિત

## પદ-૨૫૦ (રાગ-સોરઠ)

પતિત[1] ઉદ્ધારણ[2] ગાયો રે, તાકો મેં પતિત ઉદ્ધારણ ગાયો;
સુણી શાખ શ્રવણે[3] સંતન મુખ, નિગમ નો ભેદ બતાયો રે.....તાકો.....ટેક
સુત કહે તે પઢાવતી રસના,[4] વેગે વિમાન પઢાયો રે;
ક્ષણુ એક રટણ રટો ગજ સાંકુષ્ટ, બંધન કાટ છોડાયો રે.....૧
સુત કહે રે દિયો હૈ અભયપદ, નામ પ્રતાપ બઢાયો રે,
ચરણ કી રજ પ્રીછત ઋષિ પત્ની, તજી પાષાણ પદ પાયી રે.....૨
અપાવન[5] નારી તારી રમાપતિ, અયશ[6] કરત યશ આપ્યો રે;
શૂરકો શરણ તેરી બેરીઓ બિરદ કયાં વિસરાયો રે.....૩

卐

૧. પતન પામેલો ૨. ઉદ્ધાર માટે ૩. કાને ૪. જીભ ૫. અપવિત્ર
૬. કીર્તિ વગર

## પદ-૨૫૧ (રાગ-સોરઠ)

જૂઠા જૂઠો વેષધારી સાધુ ચાર આવ્યા, જૂઠા જૂઠો વેષધારી;
નહિ નમીએ તો નારાયણ દુભાશે, થઈએ નર્કના અધિકારી રે.....ટેક
હંસી કહે તમે સુણો હંસજી[1] શું થશે, નાંખશે મારી રે;
શરીર તો સંતોને અર્પ્યું, રક્ષા કરશે મોરારિ રે.....૧
સ્મરણ કરી લે શ્યામળિયાનું, રાખશે દેવ મોરારિ રે;
સ્વામી નરસૈંયાનું સંકટ ટાળ્યું, બાનાની[2] પ્રિત ન્યારી રે.....૨

卐

૧. જીવ ૨. વચનની

## પદ-૨૫૨
## (રાગ-સોરઠ)

કાળાના કઠણ હૈયા રે ઉદ્ધવજી, એવા કઠણ હૈયા રે;.....ટેક
ટિટોડીના વ્હાલે ઈંડા ઉગાર્યા, મંજારીનાં[1] રાખ્યાં બાળ;.....ઉદ્ધવજી.....૧
ઈન્દ્રે જયારે કોપ કીયો વ્રજ પર, ગિરિ ગોવર્ધન ધર્યો રે.....૨
મથુરાથી વ્હાલો ગોકુલ આવ્યો, નંદની ચારી ગયો રે;.....૩
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, કુબ્જાનાં થઈ રહ્યા રે.....૪

卐

૧. બિલાડીના

# દેશી ફેર સોરઠ

## પદ-૨૫૩

નહિ આવ્યા રે, નહિ આવ્યા, નાથજી નહિ આવ્યા;
મળી મથુરામેં મોહિની નાર, ગોકુળિયું કેમ ભાવે[1].....નાથજી.....ટેક
આગળ હતા ગોવાળિયા, થયા મથુરાના રાય;
કહો ભાઈ ગોકુલમેં કેમ રહેવાયે, નિત નિત દોહવી[2] પડે ગાય.....નાથજી.....૧
મથુરામેં હરિ શાલ દુશાલા,[3] નાના વિધના વાગા;
ગોકુળિયું મેલીને વ્હાલો નાશી ગયો, કાળી કામળિ ઓઢવાને ધાગા.....નાથજી.....૨
કંસરાયની દાસી કુબ્જા, ખુંધી ને વળી ખોડી;
કાળી કુબ્જા ને કાળો કહાનજી, સરખે સરખી જોડી.....નાથજી.....૩
વૃંદાવનની કુંજ ગલિનમેં, હરિએ રમાડયો રાસ;
નરસૈંયાનો સ્વામી અમને મેલી ગયો, કરી ને ગયા નિરાશ.....નાથજી.....૪

卐

૧. ગમે   ૨. દૂધ કાઢવાની ક્રિયાને દોહવું કહે   ૩. રેશમી વસ્ત્ર

## પદ-૨૫૪

દેખી દેખી શ્રી રામજીકો રૂપ, જનકરાજા મોહી રહ્યા.....ટેક
રાજા પુછે સુનો ઋષિરાય,[1] એ દૌ બાલક કોના;
કોણ નગરીમેં જન્મ લિયો હૈ, કહો જી કહાઁ કે વાસી.....૧
ઋષિ બોલ્યા સુનો રાજાજી, અયોધ્યા કે વાસી;
રાજા દશરથ ઘર જન્મ લિયો હૈ, પુરણ[2] બ્રહ્મ અવિનાશી[3].....૨
દેશ દેશ કે રાજા આયે, ઔર દુનિયા ભૂપાલા;
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બૈઠા, ધનુષ ઉઠાયો કીન જાય.....૩
જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઈ;[4]
ગોરે ગોરે તનીયા મૃગ લોચનિયા,[5] ઈન પર ડારી વરમાલા.....૪
ધન દશરથ ધન કૌશલ્યા મૈયા, જેણે હરિ ગોદ ખેલૈયા,
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળું, જન્મો જન્મ યશ ગાઉં.....૫

卐

૧. ઋષિ વિશ્વામિત્ર   ૨. જે ચેતન તત્ત્વ સચરાચરમાં વ્યાપીને રહેલું છે તે તત્ત્વને પૂર્ણ બ્રહ્મ કહે છે.   ૩. જે વિનાશી નથી તે   ૪. સ્તબ્ધ બની ગઈ   ૫. આંખો

## પદ-૨૫૫

લઈ ચલો ગોવિંદને દેશ, લઈ ચલો ગોવિંદને દેશ;
મનમોહન મારું કહેણ ન લગે, કહાઁ કરું કર્મકી રેખ[૧].....ટેક
હાર તજી, શણગાર તજીશ, તજીશ વ્રજ કેરો દેશ;
કને દૂલ, મુદ્રા, ગલે શેલી,[૨] લુંગી જોગન કેરો વેશ.....૧
આસપાસ રત્નાગર[૩] ગાજે, ગોમતી કર રહી શોર;
મીરાં કહે પ્રભુ ગિરધિરના ગુણ, ચરણ કમલ ચિત્ત ચોર.....૨

卐

૧. રેખા-અહીં બંધનના અર્થમાં    ૨. અહીં માળાના અર્થમાં    ૩. સાગર

## પદ-૨૫૬

(રાગ-દેશી ફેર સોરઠ)

રાધે તારા ડુંગરિયામાં બોલે ઝીણા મોર, મોર બોલે બપૈયા બોલે;
કોયલ કર રહી શોર, રાધે તારા ડુંગરિયામાં બોલે ઝીણા મોર.....ટેક
કાળી કાળી વાદળીમાં વીજળી ઝબુકે, મેહુલો ગાજે ઘનઘોર.....૧
ઝરમર ઝરમર મેહુલો વરસે, ભીંજે મારા કુસુંબીની[૧] કોર.....૨
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, હરિ મારા ચિત્તડાના ચોર.....૩

卐

૧.સાડી-સાડલો

## પદ-૨૫૭

ઘડી ના સ્હેવાયે ઉદ્ધવ મુને હરિ વિના ઘડી ના સ્હેવાયે.....ટેક
શ્યામ વિના મને સુનુ લાગે, સુના મંદિરીઆ ખાવા ધાય.....૧
દર્શન વિના મારી દેહડી તલસે, તલપ તલપ જીવ જાય.....૨
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, દર્શન દ્યો જદુરાય.....૩

卐

## પદ-૨૫૮

બેની મેં નહિ જાણ્યું મારો નાથ નાથ મથુરામેં જાતાં રે
હું શાને કાજે રંગુ દાંત રાતા, બેની મેં નહિ જાણ્યું.....ટેક
કાચો ચુડલો કનકે[1] જડયો, પ્રેમ ધરીને કોણ જોશે;
અધર તણા તંબેલા[2] તમારા,ચીર વડે કોણ લ્હાશે[3] રે.....૧
સોળે શણગાર સજી લો, ચોળી રંગ ચટકો;
મોહનજી મેલી સધાર્યા,[4] હું કોને દેખાડું લટકો[5] રે.....૨
સોળ વાનીના શાક પાક, હું કોને પીરશું રાંધી;
મીરાં કહે હું કોને જમાડુ, કપટી સાથે પ્રીત બાંધી.....૩

卐

૧. સુવર્ણએ  ૨. પાન-અહીં પાન ખાવાથી લાલાશને અર્થ સમજવો
૩. લૂંછશે  ૪. ચાલ્યા ગયાના અર્થમાં  ૫. શણગારનો ભપકો-પ્રેમની મસ્તી

## પદ-૨૫૯

મને કાનજી જોયાના કોડ,[1] સૈયર ચાલોની મને કાનજી જોયાના કોડ.....ટેક
દહેરે દહેરે દીવા કરું, હું પુજું શંકર શિવ;
શ્યામળિયા વર પામવા; હું કરું શંભુની સેવ.....૧
ચંદનભરી તલાવડી રે, મોતીએ બાંધી પાળ;
કાનજી ધુએ રૂડાં ધોતિયાં[2] રે, રાધા પાણી લઈને હાર.....૨
સાસુ અમારી જશોમતિ, સસરા શ્રી નંદલાલ;
કંથ કોડીલો કાનજી રે, મારું સાસરું ગોકુળ ગામ.....૩
ગાઈ શીખે ને સાંભળે રે, હરિ રાધાનો રાસ;
તે નર વૈકુંઠ પામશે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ.....૪

卐

૧. ઈચ્છા  ૨. પુરુષોએ પહેરવાનું વસ્ત્ર

## પદ-૨૬૦

(રાગ-દેશી ફેર સોરઠ)

મારો પિયુ પરઘેર જાય, સખી શું કરીએ રે,
કેમ એકલડું રહેવાય, વિયોગે[1] મરીએ રે.....ટેક
રૂપ જોઈએ તો રસિયો રૂડો, પ્રાણની જોડે પ્રીત;
અણતેડયો આંગણિયે આવે, એવી તે એની રીત.....૧
બોલાવ્યો બોલે નહિ રે; કોને કહીએ વેણ;
શેરીએ સામો મળે, વ્હાલો નીચા ઢાળે નેણ.....૨
છળભેદમાં[2] છાનો ફરે રે, વાયદા અમને દેવાય;
નરસૈંયાના સ્વામી અંતર્યામી, હરિ અરઘવાથી[3] ઓળખાય.....૩

卐

૧. વિરહમાં ૨. કપટમાં ૩. પૂજા કરવાથી

## પદ-૨૬૧

ઐસેં તુમ કહીયે હરિ પે જાય રે ઓધવ;.....ટેક
નંદજી નીર ભરત હૈ નયનમેં, જશુમતિ જવર[1] ભરી હૈ તનમે;
દૂધ પીલાયો ને ગોદ ખિલાયો, કૈસે જીવે હરિકી માય રે..ઓધવજી.....૧
બછડા નીર ક્ષીર તજ દિનો, ગૌવા તૃણ ત્યાગ સબ કીનો;
ગોકુલકે ગ્વાલ બાલ સબ તુમ વિના રહ્યો નહિ જાય રે.....૨
યમુના નીર પર ભાવ આયે, વ્રજમંડળ[2] દેખાયો ન જાયે;
વૃંદાવન વન સુકન લાગે, કુંજ રહી કરમાઈ રે..કરમાઈ.....૩
કુરૂપ કુબ્જા કંસકી દાસી, મ્હોં દેખત આવત હાઁસી;
સો દાસી કીની પટરાણી જદુકુલ કી લાજ ગુમાઈ રે..ગુમાઈ.....૪
કુબ્જા કી સંગે ભોગ લગાવે, હમકો લેખ લખી યોગ પઢાવે;
સુરદાસ પ્રભુ એહીવિધ દેખો, અવિગત[3] લખીઓ ન જોઈએ રે.....૫

卐

૧. તાવ ૨. વ્રજભૂમિ-પ્રદેશ ૩. જેની વિગત જાણી શકાતી નથી
એવા પ્રભુ

## પદ-૨૯૨

ઓધવજી અમ સાથે, છળ કીધાં છોગાળે;[1]
વીંધ્યા વચને અમારા પ્રાણ, કપટી કાળા કાનુડે.....ટેક
મીઠું બોલી મોહ ઉપજાવ્યો, અમે એવું નવ જાણ્યું;
તમારા મનમાં એવું હતું તો અમ સાથે શીદ તાણ્યું.....૧
શ્યામળિયા મેં તારા સંગથી, કુલ મર્યાદા લોપી;
સૌ લોક વ્હાલા એમ કહી હસે, ગિરધરીઆની ગોપી.....છળ.....૨
સુખના સાગર વહી ગયા, દુ:ખના ડુંગર વધ્યા;
મોહનજીને જવું હતું તો, શા માટે સમર ખાધા.....છળ.....૩
પ્રેમતણા પ્રણામ અમારા, જઈ વ્હાલાને કહેજો;
નરસૈંયાના સ્વામી અંતર્યામી, શમશ્યામાં સમજી લેજો.....૪

卐

૧. મસ્તીખોરે  ૨. સોગન

## પદ-૨૯૩

(રાગ-દેશી ફેર સોરઠ)

તુલસીને પત્રે તોલાયા નાથ, તુલસીને પત્રે તોલાયા[1] નાથ;
એવા ગુણ ગોવિંદના ગવાયા, નાથ તમે તુલસીને પત્રે તોલાયા.....ટેક
બૌધાને બહુનામી ને સમર્યા, બોલડી એ બંધાયા;
મહેર કરી મહારાજ પધાર્યા, ડાકોરમાં દર્શાયા.....૧
ગુગરીઓ સૌ શોધવા લાગ્યા, અધવચ્ચે અટકાવ્યા;
વ્હાલામાં વ્હાલાએ વૈર કરાવ્યું, સાન કરી સંતાયા.....૨
સોના બરાબર મૂલ કરાવ્યું, વાલ[2] સવાએ તોલાયા;
બ્રાહ્મણને ભૂલવણી આપી, સેવકને વશ થયા.....૩
ગુજરાત મધ્યે રચી દ્વારીકા, વેદ પુરાણે લખાયા;
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચારે યુગમેં ગવાયા....૪

卐

૧. વજનથી મપાયા  ૨. વજન કરવાનું એક માપ

## કેદારાની સાખી

### પદ-૨૬૪

કેદારો, જબ કજીએ, મુખે જપીએ રામ;
અવર[1] રાગ સૌ દેવતા, મારે કેદારો ભગવાન.....૧

કેદારો કુંકણ લવે, મોર લવે મલ્હાર;
તું શું લવે બાઈ શંખણી, તારે પુત્ર ન લખ્યો લલાટ.....૨

કેદારો જવ કીજીએ, આધી રૈન જબ જાય;
મેં સુતી ભરનિદ્રા મેં, પિયા કોન સુઘડ નર ગાય.....૩

જલધારા નયણે ઝરે, રુદન કરે તેણીવાર;
વ્રજનારી વિઠ્ઠલ વિના, પામી દુઃખ અપાર.....૪

卐

૧. બીજા

### પદ-૨૬૫

(રાગ-કેદારો)

ધન ધન રે ગોકુલિયું ગામ, ધન આ ધરતીને;
મારે વ્હાલે કીનો વિશ્રામ, ધન આ ધરતીને.....ટેક

ધન રે કહીએ પેલા ઝાડ કદમને, ઝાડે બેઠા ભગવાન;
ઝાઝા ઝાડવા ઝુમી રહ્યાં રે, પ્રભુજીને કરે પ્રણામ.....૧

ધન રે કહીએ પેલા નીર યમુનાને, ત્યાં બેસી હરિ ન્હાયા;
ધન રે કહીએ પેલી વાંસલડીને પ્રભુજીના મુખ પર વાગે.....૨

ધન રે કહીએ પેલા મોર પીંછને, મોહન મુગટ[1] બિરાજે;
ધન રે મહેતા નરસૈઈની જીભલડી, હેતે હરિગુણ ગાયા.....ધન.....૪

卐

૧. તાજ

## પદ-૨૬૬

### (રાગ-કેદાર)

એવા ગર્વી ત્રિભોવનનાથ, ઘટે નહિ તમને રે;
આવ્યા વન મોઝાર અમો, મેલી ગયા અમને રે.....ટેક
પેર[1] પેરનો પ્રેમ ધરીને પ્રીત કરી અમ સાથે રે;
અમૃત પાઈ ઉછેર્યા અમને, વિષ[2] પાઈ ગયા આજ રે.....૧
તમ સારુ શ્યામળિયા વ્હાલા, છોડયો કુલનો સાથ;
કૂપ[3] વિશે ઉતાર્યા અમને, વરત[4] વાઢી[5] ગયા નાથ રે.....૨
રમ્યો ગિરિધારી, કરી નાદ છંદ બહુ ભાત રે;
મોહી રહ્યા અમ મૃગની પેરે, કર્યો વિશ્વાસઘાત રે.....૩
આવડો ઉત્પાત[6] કરતા, તમને નહિ લાગ્યો ત્રાસ રે;
અમર આશા દેખાડી અમને, કરી ગયા નિરાશ રે.....૪
કપટ આવડું શાને કીધું, સંબંધ કરી મહારાજ;
દાસ પરસોત્તમના પ્રભુ, તારી, લોપી ને રહેતાં લાજ.....૫

卐

૧. વિધવિધ પ્રકારે  ૨. ઝેર  ૩. કૂવામાં  ૪. દોરડા
૫. કાપી નાંખ્યાં  ૬. તોફાન

## પદ-૨૬૭

### (રાગ-કેદારો)

તમે કેમ આવ્યા વ્રજનાર, મંદિર પરહરી;
પરહર્યા નાના બાળ, વ્રજની સુંદરી રે.....ટેક
મધ્ય નિશા રૂડાં મંદિર તજીને, આવ્યા છો વનમોઝાર[1] રે;
એક એકથી દીસો અતિરુડા, તમો છો કુલવંતી નાર.....૧
વેદ પુરાણમેં સુન્યું હશે, સ્ત્રીને ભજવા કંથ;
ધર્મ તમારો તમને કહીએ, જુઓ વિચારી ચિત્ત.....૨
મનવિમાસી ગોપી અબલાં ઊભાં, તમે શું કહો છો પ્રાણજીવન;
અમો ભજીએ વનમાળી વ્હાલો, એમ વિનવે ગોપીજન.....૩

卐

૧. વનમાં

## પદ-૨૬૮

### (રાગ-કેદારો)

તમો આવો વૃંદાવન રે, હરિ અમો રાસ રમીએ;
મારા જોબનિઆ દિન રે, કર્મકલડો[1] જમીએ.....ટેક
ભોળવીને ભર્મે[2] ભૂલાવી, ઘરથી હડધૂત કીધા રે;
હેત તણો મને સ્નેહ લાગ્યો, હરિએ વાળ્યું મન મારું રે.....૧
સુંદર મુખ શાને દેખાડયું, અમારે નટવર જોવું રે;
તે તમારી છબી છોગાળા[3] રે, મુખથી મેં મોરલી સુણી રે.....૨
થઈ મસ્તાન[4] પ્રેમ ઘેલી રે, રામકૃષ્ણ પ્રભુની સંગે રમતા;
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણ કમલ બંધાઈ રે.....૩

卐

૧. સાથવો અથવા દહીં, જીરું, મીઠું નાંખી તૈયાર કરેલો ભાત
૨. ભૂલમાં-ભ્રમમાં ૩. સુંદર, મસ્તીખોર ૪. મગ્ન

## પદ-૨૬૯

### (રાગ-કેદારો)

તારી મોરલીએ મોહ્યા, ઘેલી કીધી ગિરધારીએ;
મેં કામકાજ સૌ ખોયાં, ઘેલી કીધી ગિરધારીએ.....ટેક
દોણી[1] લઈ ગૌ દોવા[2] બેઠી, સાડી ભીંજી નવ જાણી રે;
નાવલીઆને[3] નેતરે[4] બાંધ્યો, ઘરનો તે ધારણ[5] જાણી રે.....૧
તાવ્યાં ઘી તક્રમાં[6] રેડયાં, પયમાં[7] રેડયાં પાણી રે;
વાછરડાં વરાંછે મેં, બાળક બાંધ્યા તાણી રે, ઘેલી.....૨
સાસુ કહે વહુને વાંતર[8] વળગ્યું, આંકડિયા ઉતરાવો રે;
નણંદ કહે ભાભીને બાંધો, એને સાન કરી સમજાવો રે.....૩
દિયર કહે એણીપેરે હું જાણું, એનું મન મોરલીએ મોહ્યું રે;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, ભવનાં દુઃખ ખોયાં રે....૪

卐

૧. માટીનું વાસણ ૨. દૂધ કાઢવા ૩. પતિને
૪. છાસ તાણવાના દોરડાથી ૫. માલિક ૬. છાસમાં
૭. દૂધમાં ૮. ભૂત

## પદ-૨૭૦

(રાગ-કેદારો)

હરિએ માર્યા મોહના બાણ, વાગી તારી વાંસલડી રે;
કોઈ એક પિયુને પીરસતી રે, તે માગતો રહ્યો રે અન્ન.....ટેક
કોઈએ ધાવતાં બાળ વછુટયા,[1] માયા મન નહિ આણી રે;
રોકી કોઈની નવ રોકાઈ રે, એના પ્રાણ થયા આધીન રે.....૧
વિરહની વીંધી વ્યાકુલ થઈ, તે આવે ઉઘાડે અંગ રે;
શિશ અંબોડો વાળતી, કોઈનો પાલવ છૂટી જાય રે.....૨
રીસ કરી પહેરે ફરીને, એક પલક પે જુગ જાય રે;
અબળાંએ આભુષણ પહેર્યાં, કાંઈ વિપરીત થયાં શરીર રે.....૩
કોઈ કોઈ ને પરખે નહિ, વૃંદાવન ચાલી હાર;
ચતુરા[2] થઈ ચરણે લાગી રે, છોડી દીધો સંસાર રે.....૪
રામકૃષ્ણ પ્રભુ પાતલિયાજી એવા નવલનંદ કુમાર રે;
હરિએ માર્યા મોહના બાણ, વાગી તારી વાંસલડી રે.....૫

卐

૧. છોડયા   ૨. ચતુર બની જઈ

## પદ-૨૭૧

(રાગ-કેદારો)

આવે આવે રે નંદજીનો લાલ, હો લટકે આવે રે;
છોગાળો રે મીઠો રે લાલ, મારે મન ભાવે રે.....ટેક
આણી શેરીએ રે હું ફૂલડાં વેરાવું, ચાલી ચતુર વર આવે રે;
બહુ ગુણવંતા મારે મંદિરે પધાર્યા, પ્રેમ ધરી બોલાવે રે.....૧
મીઠું રે હસવું મોહનજી તમારું, મારા હૃદીઆમાં સાલે રે;
લાજ તજીને ઉર લપટાવું,[1] જો મારું ચાલે રે.....૨
તમ સમ વ્હાલું મારે કોઈ નહિ રે, શું દિજીએ સાટે[2] રે;
શેરીએ નીચું નિહાળું, ચાલું રે, દુર્જન લોકો માટે રે.....૩
જે જે મોટમ દીજે મારા વ્હાલાને, તે શોભા સૌ તમને રે;
અમે વિઠ્ઠલજીના વ્હાલા કહેવાઈએ, એટલો લાભ અમને રે....૪

આંગણિયે પ્રભુ હો મારા આગળ, નિત પ્રત[3] દેજો રેખા;[4]
રામકૃષ્ણ પ્રભુ ભાગ્ય અમારા, કુમકુમની રેખા રે.....૫

卐

૧. લગાડું ૨. બદલામાં ૩. પ્રતીક નિશાની ૪. ઝાંખી

## પદ-૨૭૨

### (રાગ-કેદારો)

હરિ તારા લટકા ઉપરીવારી, લટકંતો કાનુડો રે.....ટેક
લટકે[1] ત્યારે ધેનુ જ મોહ્યા, લટકે વાછરું છાંડે રે;
વૃંદાવનના પક્ષી મોહ્યાં,[2] મોર કલા[3] બહુ માંડે રે.....૧
લટકે ત્યારે મૃગ જ મોહ્યાં, મોહ્યાં વૃક્ષને વેલી રે;
ગોરસડાં વેચતાં મોહ્યાં, ગોપી થઈ સહુ ઘેલી રે.....૨
લટકે ત્યારે સુરિનર[4] મોહ્યા, જોગી સેવા જાચે[5] રે;
રામકૃષ્ણ પ્રભુ લટકે મોહ્યાં, તારા ગુણ ગાઈને નાચે રે.....૩

卐

૧. પ્રેમભરી મસ્તી-વર્તન ૨. મોહ પામ્યા ૩. નૃત્ય-નાચવા
૪. દેવલોકો ૫. માંગે

## પદ-૨૭૩

### (રાગ-કેદારો)

હું તો વારી ને બલિહારી સુંદર શ્યામળિયા રે;
તારી આંખલડી અણિયાસ, નંદના નાનઢયાં રે.....ટેક
મંદિરે હમારે આવો મોહનજી, આ પાસે છે પેલું રે;
સ્નેહતણા સુખલડી લઈની, મુખડા આગળ મેલું રે.....૧
તેરે દહાડાના મોહનજી, મારા મારગડામાં મળતા રે;
મીટ જ મીટ જ મળીને હસતાં, અંગે અમીરસ[1] ઢળતાં.....૨
શું કરીએ અબલાં અવતર્યાં; ઓછું તપ છે અંગે રે
નહીતર શ્યામ સરીખાં થઈ, રમતાં પ્રભુજીને સંગે રે.....૩
જુગેજુગની મેં કીર્તિ સાંભળી, મત મારી હરી લીધાં રે;
કૃષ્ણદાસ પ્રભુ વ્હાલપણામેં, વેચાતાં કરી લીધાં રે.....૪

卐

૧. અમૃત

# થાળનાં પદો

## પદ-૨૭૪

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ;
છપ્પન ભોગસે ભોજન, નાનાવિધ કે રંગ...ટેક
લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ;
પતવાળાં[1] નારદમુનિ લાયે, જલભર લાયે ગંગ...મહાપ્રભુ...૧
ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર;
અંતર કી ગત અંતરર્યામી,[2] સબ બિધ જાનનહાર...મહાપ્રભુ...૨
આરતીસાજ ઈંદ્ર લઈ આયે, દૂર કિયો પટ ચીર;[3]
સનક[4] સુનંદન[5] ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર...મહાપ્રભુ...૩

卐

૧. બાજ-પ્રસાદ માટેનું સાધન ૨. પરમાત્મા ૩. ઓઢાડેલ કપડાનો કટકો
૪. ઋષિનું નામ ૫. ઋષિનું નામ

## પદ-૨૭૫

આરોગો રઘુવીર મહાપ્રભુ આરોગો રઘુવીર...ટેક
પ્રફુલ્લિત[1] હોયે પીરસે જનુની, ઢોળત શીતલ સમીર...૧
કંચનથાળ જડિત કટોરા મિઠાઈ અરુખીર...૨
છપ્પનભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ;...૩
રામ હી લક્ષ્મણ ભરત શુત્રુઘ્ન, રાજીત ચારો વીર...૪
જનકસુતા ઝારી લઈ આયે, સરયુકો નીર...૫
ચૂવાચંદન ઔર અગર જા, અર્ચત શ્યામ શરીર...૬
આચમન કરકે બીડાં લીજે, ગાવે દાસ કબીર...૭

卐

૧. આનંદિત

## પદ-૨૭૬

વ્હાલો મારો લાકડે લાડવા કરે, વ્હાલો મારો લાકડે લાડવા કરે.....ટેક
લીલી કરે વ્હાલો પીલી કરે મનષા[1] રસના વાડકા ભરે રે.....૧
પાતળી પુરી ઘીમેં બોળી, જશોદાજી મુખમેં ઘરે રે.....૨
નંદબાવાને ખોળે બેસી, રસના ઘુંટડા ભરે રે વ્હાલો.....૩
ગોપીગ્વાલ સૌ હસીને બોલાવે, નાના ખેલ કરે રે.....૪
સુરદાસ ધન ધન જશોદા, જોઈ જોઈ નયણા ઠરે રે.....૫

卐

૧. મનથી

## પદ-૨૭૭

ભોજન કીજે ભાવતાં, પકવાન મિઠાઈ,
પેંડા પતાસા પુરીઓ, સુખડી સુખદાઈ.....૧
માલપુઆ ગળી વેડમી, રુચી આવે તો લેજો;
શીતલ જલ જમુનાતણા, પ્રભુ પ્રેમે પીજો.....૨
બીડું બનાવું પાનનું, લક્ષ્મીવર લેજો;
પ્રીતમના સ્વામી શ્યામલા, નિત દર્શન દેજો.....૩

卐

## પદ-૨૭૮

જો રે બેની ગોવાલામેં ગોવિંદજી કર્મલડો[1] જમે રે;
યજ્ઞ[2] કરે તેને સ્વપ્ને નહિ આવે, આહીરડામેં રમે રે.....૧
આપ આપ સૌ ભાથાં લઈને, પ્રભુ આગળ નાંખે રે;
નાનવિધના શાક પાક લઈને, જાદવરાવ ચાખે રે.....૨
બ્રહ્માજીએ મન વિમાસ્યું, મીનતણું[3] રૂપ લીધું રે;
જલ જમુનામેં કર પ્રક્ષાલે,[4] મહાપ્રસાદ પામીને રે.....૩
અંતર્યામીએ તત્ક્ષણ જાણ્યું, બ્રહ્મ મીનતણા રૂપે આવ્યા રે;
નરસૈંયાના સ્વામી ચતુર શિરોમણ, કામણીયે કર લ્હોયા રે;.....૪

卐

૧. સાથવો  ૨. અગ્નિહોમ  ૩. માછલાનું  ૪. ધુવે

# ધન્યાશ્રીની સાખી

## પદ-૨૭૯

(રાગ-ધનાશ્રી)

કોઈ મેરે કામ નહિ આયો, હરિ વિના કોઈ મેરે કામ નહિ આયો;
એ માયા જૂઠી પ્રપંચની, રત્ન શો જન્મ ગુમાયો...હરિવિના.....ટેક
કંચન કલસ[1] સમાર્યો જતન કરી, રુચિ રુચિ ભવન બનાયો;
અંતકી બેર[2] કાઢયો ઘર હતો, પલ એક રહે ન ન પાયો.....૧
સ્ત્રી કહે પિયુ મેં સંગ ચલું, ધુત[3] ધુત ધન ખાયો,
અંત સમે છુપી ઘર ભીતર, પંડ એક નહિ પહોંચાયો.....૨
જતન જતન કરી સુત હી જાયો, બહુવિધ લડાવ્યો;
કાટ લિયો હૈ કમરકો ધાગો ઉપર બદન જરાયો.....૩
અધમ ઉદ્ધારણ ગુનિકા તારણ, મો શઠ[4] કર્યો વિસરાયો;
નામ નહિ લીધો માયાં કે ધોખે,[5] માધલ મન પસ્તાયો.....૪

卐

૧. કળશ   ૨. વખતે-સમયે   ૩. લૂંટીલૂંટીને   ૪. લુચ્ચો   ૫. દગાએ

## પદ-૨૮૦

કોન અપનો સંસારા હરિ વિના કોન અપનો સંસારા;
માયા મોહ બાંધ્યો જગ ડુબત, કાલ નદીકી ધારા...હરિવિના.....ટેક
જૈસે ઘટત હૈ નાવમેં, રહેત ન પેલે પારા;
ઐસે હી સુત સંપત્ત દારા, બિછુડ ન લાગન વારા.....૧
જૈસે રંક સ્વપ્ને ધન પાયો, ઉઠી ધૂત[1] ભંડારા;
ઐસે ક્ષણભંગુર[2] દેહકો, ગર્વ કહાઁ ગુમારા.....૨
જૈસે અંધ હી દેખત, ગિનત નહિં અપનારા;
ઐસે વ્યાસ બહુત ઉપદેશ, સુની સુની ભયો ન્યારા.....૩

卐

૧. મતલબ કે ઊઠતાં જ તે ભંડાર લૂંટાઈ ગયેલો જણાય   ૨. નાશવંત

## પદ-૨૮૧
### (રાગ-ધનાશ્રી)

ભકિત કબ કર હો જન્મ શિરાનો,[1]
ભકિત કબ કર હો જન્મ શિરાનો
ગર્ભવાસમેં ભકિત કબુલી, ત્યાંથી બાહર આયો.....ટેક

બાલપનનામેં ખેલ હી ગુમાયો, તરુણામાં ગભરાયો;
વૃદ્ધ ભયો તબ ક્ષીણ થૈ દેહી, શિશ ધુની પસ્તાયો.....૧

એ માયામેં કયા કર્મ કીનો, અજહુ[2] ન મુઢ અંધાનો;
જતન જતન કરી માયા જોડી, લઈ ગયો નહિ રંક ન રાણો;.....૨

એ વિચાર સમજ મન મેરે, કયા કહું મુઢ[3] અજ્ઞાન;
સુરદાસ ભગવદ્ ભજન બિના, જમકે હાથ બ્હેકાનો[4].....૩

卐

૧. ? ૨. હજીપણ ૩. મૂઢ એટલે મૂરખ ૪. મરાયો

## પદ-૨૮૨
### (રાગ-ધનાશ્રી)

રાખો તૈસે રહું રે, પ્રભુ રાખો તૈસે રહું રે;
જાનત હો સુખદુ:ખ જયોંકે, મુખકર કયોં જો કહું રે.....ટેક

તબહું ભોજન દેત કૃપાનિધિ, કબહુ ભુખો રહું રે;
કબહુ ચઢું તોરિંગ,[1] મહાગજ કબહુ ભાર બહુ રે.....૧

કમલ નયન ઘનશ્યામ મનોહર એહચરણે ભજ રહું રે;
સુર સૌભાગ્ય જે દિન મેરે, હરિચરણ ગ્રહું[2] રે.....૨

卐

૧. તોર એટલે અહંકાર થાય તે પરથી અહંકાર જીતવાની વાત છે. ૨. પકડી

### પદ-૨૮૩

હરિતારા બાનાની[1] પત[2] રાખ, હરિ તારા બાનાની પત રાખ રે;
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ[3] રે.....ટેક
રોહીદાસની તમે પત્રાળી[4] બીની, નવ જોઈ જાતને ભાત રે;
સેના માટે સન્મુખ રહીને, નાયી[5] કહેવાયા નાથ રે.....૧
પ્રહ્લાદની પ્રતિજ્ઞા પાળીને, સ્તંભમાં[6] પૂર્યો વાસ રે;
તાતી કઢા[7] શીતલ જ કીધી, સુધન્વા ને કાજ રે.....૨
પંચાળીના પટકુળ[8] પૂર્યા, રાખી સભામાં લાજ રે;
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ રે.....૩
ઝેરના અમૃત કીધાં તમે, આપ્યા મીરાંને હાથ રે;
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત રે.....૪
ભકતોના સંકટ કાપ્યાં, ત્યારે આવ્યો વિશ્વાસ રે;
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનની આશ રે.....૫

卐

૧. વચનની ૨. સાખ, આબરૂ ૩. નામ સ્મરણ જપવા ૪. બાજ-જમવાની પત્રાળી
૫. હજામ ૬. થાંભલામાં ૭. તેલ ઉકાળવાનું મોટું વાસણ ૮. લાજનું કપડું

### પદ-૨૮૪
### (રાગ-ધનાશ્રી)

વૃંદાવનમાં રમત માંડી, ગોપી ગોવિંદ સાથે રે;
પિતામ્બરની પલવટ[1] વાળી, સામાસામી સોહાવે રે.....ટેક
ઝાંઝર ઝમકે ઘુઘરી ઘમકે, પાયે નુપુરનો[2] ઝમકાર રે;
એક એક ગોપીને બીચ બીચ માધવ, અપાર રે.....ટેક
મોહન મસ્તક મુગટ બિરાજે, તે જોતાં મન મોહે રે;
ગોરી શી રક્ષા ઝલકે, કાને કુંડલ શોહે રે.....૧
ખેલ રચ્યો રાધાવર રૂડો, ઉલટ અંગે ન માય રે,
ધન ધન કૃષ્ણલીલા રસ પ્રગટે, પુષ્પવૃષ્ટિ ત્યાં થાય રે.....૨

અમર આશિષ[3] દે ઉપરથી, ચરણ જાચે રે;
નાનાભાત વિલાસ જોઈને, મનમાંહી અતિ રાચે રે.....૩
સુરિનર મુનિજન વિચારે, પાર ન પામે કોઈ રે;
ઉમિયા ઈશ્વરકૃપાથી ઉભા, નરસૈંયો રંગ જુએ રે.....૪

卐

૧. કેડે બાંધવાનો કટકો ૨. પગે બાંધવાની ઘુઘરી ૩. આશીર્વાદ

## પદ-૨૮૫

બહુત અપરાધ[1] કિયો મેં માધવ, બહુત અપરાધ કિયો મેં માધવ;
જન્મ જન્મ અપરાધી રે, કરુણા નિધાન[2] કરુણા કરો મુજ પર.....ટેક
પતિત મહાપતિત[3] હું જાણ, રોમ રોમ મન રહ્યો રે;
નિર્મલ નિર્મલ[4] નામ નારાયણ; સુમર સુમર જન ન ઘુંટયો રે.....૧
માયા મોહ વિષય[5] રસ વહ્યા રે, દીનાનાથ મોરારિ રે;
જંગ રંગના તાપ નિવારો, આયો શરન તુમ્હારા રે......૨

卐

૧. દોષ-ભૂલ-ગુનો ૨. દયાના ભંડાર ૩. ખરાબ રીતે પતન પામેલો ૪. શુદ્ધ
૫. ઈન્દ્રિયોના પાંચ વિષયો અર્થાત્ ભોગ ભોગવવો

# સામેરીની સાખ

## પદ-૨૮૬

સામેરી સાહેર ઉલટયો, રત્ન તણાયા જાય;
કર્મહીણા ભરે મુ'ઠીઓ તેની શંખલે પોસ[1] ભરાય.....૧
સામેરી સોદો સાદવે, ઊભી માણેક ચોક;
હું તને પૂછું સામેરી, તારે સુડી ભલે કે શોક.....૨
શોક[2] કરતા મારે સુડી ભલે, તત્ક્ષણ છાંડે પ્રાણ;
શોક બોલે વ્યંગથી રે, મારી ક્ષણ ક્ષણ દાઝે દેહ.....૩

ઝર ઝર નયણે નીર ઝરે, ભાંજે હૈયાતણો હાર;
પ્રભુ વિનાની પ્રેમદા, આક્રંદ કરે અપાર રે.....૪
સામેરી ગુણ રૂપ વાદે પડયાં, ચાલ્યાં હરિ દરબાર;
ગુણને આપ્યાં આસનો, રૂપને કર્યાં જુહાર.....૫
સામેરી રૂપ દેખી નવ રીઝીયે, રૂમ હોય કાંઈ ગુણ;
થોડા થોડા બન્ને ભલાં, કંઈ એક રૂપ ને કંઈ એક ગુણ.....૬
સામેરી વળી ચાલ્યો દ્વારીકા, પત્થર પડયાં લાખ કરોડ;
સમુદ્ર ભયાનક ઘુઘવે, ત્યાં રાજ કરે રણછોડ.....૭

卐

૧. દોડો ૨. બીજી પત્ની

## પદ-૨૮૭

મેલી નવ જાશો રે મીઠડા માવજી રે, તમને કહું છું વારંવાર રે;
અળગા નવ રહેશો રે એક અર્ધ ઘડી,[૧] હું તો વિનવું વારંવાર રે.....ટેક
ચુપ કરીને રે અરે એમ નવ ચાલીએ, મારો થોડો થોડો જીવ થાય;
કેમ કરી રહીએ રે હરિ અમે એકલાં, સુનું મંદિર ખાવા ધાય.....૧
સગાં નેસ્નેહીઓ રે વ્હાલું મને કોઈ નહિ રે, તમો અંતર્યામી છો નાથ;
પ્રભુ તમો વિના પ્રાણ છાંડીશું, જાણે મારી બાલપણાની વાત રે.....૨
એકવાર આવો રે આણી[૨] આવી પ્રીતડી, તમો મારા આત્માના આધાર;
દાસ જેના રસીયા રે, તમો વિના કેમ રહેવાય.....૩

卐

૧. પળ ૨. લાવી આપો

## પદ-૨૮૮

સુખના સિંધુ[૧] સજની વહી ગયા રે, દુઃખના દરિયાના આવ્યા પૂર;
અમ અબલા કેમ રહીએ એકલા રે, હરિએ અમ દુઃખિયા વિસાર્યા રે...ટેક
પ્રભુજીને જોતાં મારે કાંઈ ન ઉગર્યું રે, બેની મારું સર્વ વહી જાય રે;
પાલવ[૨] ગ્રહીને[૩] પ્રભુજીને રાખતા રે, હવે હાથ ઘસી શું થાય રે...૧

પ્રીત નવ જાણી બાઈ એના પિયુએ રે, ભૂલી ગયો નાનપણાનો સ્નેહ રે;
સ્નેહ સાંકળ શ્યામળો તોડી ગયો રે, એમ છોગાળે[૪] દીધો છેહ રે...૨
ગોપી થયાં ગોવિંદ વિના ઘેલુડાં રે, કમલા કંથ પધારો ઘેર રે;
પ્રીતમના સ્વામી સજની શું કહીએ રે, પુછજો પ્રેમીજનની પ્રીત રે...૩

卐

૧. દરિયા  ૨. સાડીનો છેડો  ૩. પકડીને  ૪. મસ્તીખોરે

## પદ-૨૮૯
## (રાગ-સામેરી)

કુબ્જાને કહેજો ઓધવ એટલું રે, હરિ હીરો આવ્યો તારે હાથ રે;
જતન કરી તેને તું જાળવજે રે, કહું એક શિખામણની વાત રે...ટેક
પ્રભાતે ઉઠીને પ્રથમ પૂછજો રે જે માગે તે આપવું તતખેવ;[૧]
બીજું કાંઈ ભૂધરને[૨] ભાવે નહિ રે, હરિને મહીમાખણની ટેવ રે...૧
સેજ[૩] સમારજો ઉજળા પુષ્પની રે, નિત નિત ધરજો નવલા સ્નેહ રે;
પાવન કરીને પ્રભુને પોઢાવતી રે, કોમલ કરમાશે એની દેહ રે...૨
ગુમાન[૪] ન ધરીએ ઘેલી ગોપીકાં રે, જુઠો નવ કીજે અહંકાર રે;
મોટા મોટા મુનિ સર્વે વહી ગયા રે, તો યે ન પામ્યા પાર રે...૩
કંસની દાસી પેલી કુબ્જા રે, તેનો બાઈ શામળિયો ભરથાર રે;
નરસૈંયાના સ્વામી રે બાઈ મને ત્યાં મળ્યો રે, વ્હાલે ઉતાર્યા ભવપાર રે...૪

卐

૧. તરત જ  ૨. પૃથ્વીનો માલિક એટલે પ્રભુ  ૩. પથારી  ૪. અભિમાન

## પદ-૨૯૦

જુવાનીને દહાડે હરિને ભજ્યા નહિ રે, મોહ્યું પરદારા[૧] પર મન રે;
વળી કાંઈ ખોયું રે, કામની કલ્પના[૨] રે, માયા શું બાંધ્યું રે મન.....ટેક
પચ્ચીસ ને પચાસ રે, તે પ્રપંચે[૩] ગયા રે, આવ્યા સાઠ વર્ષના દિન રે;
સીત્તેર સુધી રે, કાંઈ સમજ્યો નહિ, હવે શું સાધવા[૪] ચાલ્યો વન રે.....૧

નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા, સુકાઈ શિથિલ[5] થયું તારું તન;
દંતને રેખું[6] રે મુખમાં દીસે નહિ, તો યે પાપી ઉદર માંગે અન્ન.....૨
ભાગ્યહીણો[7] રે આવ્યો અવસર ઓળખ્યો નહિ, જાણે હરિના જન રે;
નરસૈંયાના સ્વામી રે સુખમાં સંભારજો, વ્હાલો પૂરણ પ્રેમાનંદ રે.....૩

卐

૧. બીજાની પત્ની ૨. વાસના-ઈચ્છા ૩. છળકપટ ૪. મેળવવા
૫. નબળું ૬. નિશાની ૭. ભાગ્ય વિનાનો

## પદ-૨૯૧

ગોકુળિયું ગામ રે અતિ રળિયામણું રે ત્યાં મારા વ્હાલાજીનો વાસ રે;
વ્રજવનિતા રે સર્વે ટોળે મળી રે; રંગભરી રમવા રાસ રે.....ટેક
સુંદર યમુનાને કાંઠડે વ્હાલો વાયે[1] વેણુ રસાલ;
શ્રવણે સુની સર્વે સંચરી[2] રે, રોતાં મુકયાં નાનેરાં બાલ રે.....૧
વિધવિધનાં વાજાં વાગીયાં રે, ગોપીકા ગાયે ગીત રસાલ[3] રે;
રાસમંડલ રે વ્હાલે ત્યાં રચ્યો રે, ત્યાં નાચે મદનગોપાલ રે.....૨
નિશા અજવાળી રે શરદ પુનમની રે, સુંદર આસો માસ રે;
નરસૈંયાના સ્વામી રે મને ભેટયો રે, વ્હાલે પુરી મનની આશ રે.....૩

卐

૧. વગાડે ૨. ભેગી થઈ ૩. રસવાળાં એટલે કે મધુર

## પદ-૨૯૨
### (રાગ-સામેરી)

તટ યમુનાનો રે અતિરળિયામણો રે, તટ ખેલે ગોપી ગોવાલ રે;
જીવન અમારો રે વચમાં વ્હાલો, મારે વ્હાલે વગાડી વેણુ રસાલ રે.....ટેક
તમો તરુવર રે, દ્રુમલતા[1] રે, હરિ મારા હૈયા કેરા હાર રે;
મઘમઘતો મોહન મોગરો રે, ઉપર ભ્રમર કરે ગુંજાર રે.....૧
લ્હેરીને તરંગી રે લ્હેકે કર્મલડો[2] રે અમો છે નાજુક વેલ;
ગુણવંત સાથે રે સખી મારે ગોઠડી, હરિ રઢિયાળા રંગની રેલ.....૨

ચૌદિશ ચમકે વીજળી રે, મેહુલો ગાજે ઘનઘોર રે;
મેઘદલ[3] છૂટયા રે રાખ્યા નવ રહે રે, માંહી સખી શ્યામળિયાનો શોર.....૩
હરિમુખ જોઈ વ્રજજન મ્હાલતાં,[4] હર્ષે હીંડતા જોડાજોડ રે;
નરસૈંયાના સ્વામી રે સખી મારે મન વસ્યો, વ્હાલે પૂર્યા મનના કોડ રે.....૪

卐

૧. ઝાડ સાથે વીંટળાયલી વેલ        ૨. સાથવો-અહીં ફળના અર્થમાં

૩. વાદળ        ૪. રમતાં

## પદ-૨૯૩
## (રાગ-સામેરી)

હરિનામ લેતાં રે વિલંબ ના કજીયે, સ્મરણ કીજે શ્વાસો શ્વાસ રે,
કાયાનો ભરોસો કાંઈ કરવો નહિ રે, એક પલકમાં પામે નાશ રે.....ટેક
જગતનો વહેવાર રે, મળે તીરથ તણો રે, જે જેમ આવ્યું તે તેમ જાય રે;
રાખ્યું નવ રહેતું રે કોઈ કોઈની વતી રે, તેનો શોક કરે શું થાય રે.....૧
સ્વાર્થ સુધી રે સૌ વળગી રહે રે, અંતે કામ ન આવે કોઈ રે;
ઉદાસી તું રહે જે રે આ સંસારથી રે, જેમ મધુચંપક[1] રહે વનમાંય રે.....૨
આજકાલ માંહી ઉઠીને ચાલવું રે, તન ધન ધામ તજી નિરધાર;
એવું વિચારી ચિત્તમાં ચેતજો રે, પ્રીતમ પ્રભુ ભજવા વારંવાર.....૩

卐

૧. એક જાતની વેલ

## પદ-૨૯૪
## (રાગ-સામેરી)

શ્યામળિયા સ્નેહી રે, અમ ઘેર, આવો, કહું મારા મનની વાત રે;
લટકંતો દેખું તું ને આવતો રે, ભુજભરી[1] ભીડી બાથ રે.....ટેક
કોડ[2] કામિનીના પ્રભુજી પુરવા રે, સભામાં આવ્યા મહારાજ રે;
મંડલિક કોપ્યો રે મહેતાને મારવા રે, તે તમને લાગજે લાજ રે.....૧
પ્રીતડીના બાંધ્યા પ્રભુજી પધારીયે રે, પ્રભુ મારે પ્રાણ આધાર;
મીરાંબાઈ કરે વ્હાલાજીને વિનંતિ રે, માવજી મળો એકવાર રે.....૨

卐

૧. હાથો વડે        ૨. કામના

## પદ-૨૯૫
## (રાગ-સામેરી)

અવગુણ કહોની કંથ[1] અમે શા કર્યા, કયા અવગુણે મુકી જાવ રે;
તારે ને મારે હવે નહિ બને રે, તારે મારે કયા દહાડાની પ્રીત[2] રે....ટેક

તું તો થઈ વૃદ્ધ[3] હું, રહ્યો બાળ રે, હવે મારે વરવી[4] છે વ્રજનાર;[5]
તું ને સરખી રે અમો બહુ પરહરિ,[6] એ છે મોટા મોટાની રીત....૧

ઉઠને કહેતાં રે, કંથ, હું ઉઠતી, બેસ કહેતાં બેસતી વારંવાર;
નરસૈંયાના સ્વામી રે, સુખમેં સંભારજો રે એ મારા દુ:ખડાના જાનહાર....૨

卐

૧. પતિ ૨. પ્રેમ ૩. ઘરડો ૪. પસંદ કરવી છે. ૫. વ્રજ દેશની નાર
૬. છોડી-ત્યજી દીધી

## પદ-૨૯૬
## (રાગ-સામેરી)

રૂડી ને રસાળી રે વ્હાલા તારી વાંસલડી રે, તે મારે મંદિરીયે સંભળાય;
સોના ને રૂપાનું રે હરિ મારૂં બેડલું રે ઓઢણિયે[1] રત્ન જડાવું અમૂલ્ય[2]....૧

પાણીલાને કારણે બેની જોવા નીસરી, બેડલું મુકયું સરોવર પાળ;
ઓઢણીને તો ભેરવી આંબાકેરી ડાળ રે, જીવ તો આકુલ વ્યાકુલ થાય....૨

કાનજી કોડીલો રે, છેડલો ગ્રહી[3] રહ્યો રે, મેલો મેલો પાતળિયા ભગવાન;
સાસુ અમારી રે, અમો પર ખીજશે રે, નણંદ સાહેલી દેશે ગાળ....૩

એકને અંધારી હો બીજી મારી વેરણ રે; જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર;
ઘણા દિવસની રે, ગુંજા[4] સૌ ટોળે મળી રે, હવે મારે કરવો શામળિયાનો સાથ....૪

રંગના ભીના રે, રમવા આવજો રે, વ્હાલે મારે અમને રમાડયા રાસ રે;
નરસૈંયાના સ્વામી રે, બાઈ મને ત્યાં મળ્યા રે, વ્હાલે મારે રમાડયો રાસ રે....૫

卐

૧. ઓઢણી પર ૨. કીમતી ૩. પકડી ૪. ઘેલી ગોપિકાઓ

## પદ-૨૯૭
## (રાગ-સામેરી)

સાધને સુખી રે, રાજા ભરથરી રે,
મહા દુઃખીઓ સંસાર રે,
પરઉપકારી રે, હરજીના સાધુઓ રે,
ભવભય ભંજનહાર રે....ટેક

કોણ કોણ દુઃખે રે, રાજા તમે નીસર્યા રે,
અન્ન ધન ભર્યા રે ભંડાર રે;
માતંગ[1] ને હસ્તી રે, રાજા તમો બેસતાં રે,
લક્ષ્મી અનંત[2] અપાર રે....૧

આછા મલમલ રે, રાજા તમે પહેરતા રે,
ચંદન કરતા રોજે રોજ રે;
મનસા તો ભોજન રે; રાજા તમો જમતા રે,
મુખડે સાધુ સંત બોલ રે....૨

ઉચા મંદિરમેં રે, રાજા તમો બેસતાં રે,
હીરા જડયા રે જડિત રે,
રત્ન સિંહાસન રે, રાજા તમો બેસતાં રે,
રહે ચૌદિશ પવન ઝકોર[3] રે....૩

રાણી તો છોડી રે, રાજા તમો ભરથરી રે,
છોડયા તમે ભોગવિલાસ[4] રે;
રાજાએ તો છોડી રે, નગરી ઉજજન કી રે,
વનખંડ કીનો નિવાસ રે....૪

રાણી તો લાગે રે, સુની સરખી રે,
ત્રાસ સહ્યો નહિ જાય રે;
ત્યાં સ્તંભે[5] રે, સાહેબ[6] જયારે મેલવશે,
ત્યાં થે રામ જપો મેરે ભાઈ....૫

એકવાર આંવો રે રાજા ભરથરી રે,
લાજે ઉજ્જન દેશ રે
કોણ જોગીએ રે, રાજા તમે ભરમાયા રે;
કોણે તમને દીધો ઉપદેશ રે....૬

રાણી તો કહેજો રે, મારે સુપમણા;
કાયા લક્ષ કરોડ રે
સતગુરૂ શબ્દે રે, અમો નિસર્યા રે;
લાગી અલેક[૭] શું લ્હેર રે....૭

હાથમેં તુંબી રે ગલામેં ગોદડી રે,
ધર્યો અમે ભિખારીનો વેષ રે
અલેખ નિરંજન મળવા કારણે રે,
ગુરુ ગોરખે દિયો ઉપદેશ રે....૮

卐

૧. હાથી ૨. પુષ્કળ ૩. લ્હેરખી ૪. સુખ સાહ્યબી-વિલાસ ભોગવવાની તક
૫. આ લીટીનો અર્થ કે ભાવ પદ સાથે બંધબેસતો જણાતો નથી તેથી ક્ષેપક હોવાનો સંભવ છે
૬. પરમાત્મા ૭. લક્ષમાં ન આવે તેવા પરમાત્મા

## પદ-૨૯૮
## (રાગ-સામેરી)

દ્વારિકાના વાસી રે, અવસરે આવજો રે,
તમો રાણી રુકિમણિકેરા કંથ રે;
દુષ્ટ દુર્યોધન રે, પાપી લાગ્યો, પીડવા રે,
ચૌદિશ નિહાળું તારો પંથ રે....ટેક

સોડ વાળી શું સુતો શ્યામળા રે,
આળશ તજીને ઉઠો આજ રે;
લક્ષ્મીજી તલાશે[૧] રે, પ્રભુ તારા પાવમેં રે,
વ્હાલા તમો મહેર કરો મહારાજ રે....૧

ગ્રાહ[2] મુખમેંથી રે, ગજને મુકાવ્યો,
કીધી એમ સુધન્વાની સહાય રે;
નૃસિંહ રૂપે રે, હિરણાકંસ માર્યો રે,
વ્હાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ રે....૨
છપ્પન કોટિ રે, યાદવ તારા રે;
સંગે બલિભદ્ર સરખા ભ્રાત રે;
કાલિનાગ નાથ્યો રે, જરાસંઘ જીત્યો રે,
તે બલ કહાઁ ગયું મહારાજ રે....૩
ધ્રુવને પ્રહ્લાદે રે, ગર્ભમાં તપ કીધાં રે;
તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ રે;
સાત વર્ષમેં રે, હરિએ ગોવર્ધન કર ધર્યો,
પૂર્યા વ્રજવનિતાના લાડ રે....૪
વસમી વેળાએ રે, વ્હારે ચઢજો વિઠ્ઠલા રે,
ધાજો[3] તમે છત્રપતિ મહારાજ રે;
સ્વારી કરજો રે, વ્હાલા મારા ગરુડની રે,
નરસૈયો વિનવે વારંવાર રે....૫

卐

૧. શોધે ૨. મગર ૩. દોડજો

## પદ-૨૯૯
## (રાગ-સામેરી)

વાતલડી કરતાં રે, વ્હાણું વાઈ ગયું રે,
શા શા કહું રાતલડીના રંગ રે;
મંદીરીયે જાવા રે, મન મારું થાય નહિ રે,
કેમ મુકું શ્યામળિયાનો સંગ રે....ટેક
રાધારત ન્યાળી રે, મોહન મહામણિ રે
સુંદર કુંજ મોઝાર રે
સજની રજની રે, રંગ ભરી ઝીલતા રે,
ત્યાં સુખનો ન લાગે પાર રે....૧

મંદિરીયે મારે રે, મહીં[2] વલોવતી રે,
હૈયું તો મારૂં હરજીને હાથ રે;
નરસૈંયાના સ્વામી સંગે રે, રંગ ભરી રમતાં રે;
મેં નવ જાણી દિન ને રાત રે;....૨

卐

૧. વનમાં  ૨. છાસ

# પંચમનાં પદો

## પદ-૩૦૦

રાતલડી રમીને રે કયાં થાકી આવ્યા રે
બળવંત બારણું મા ઠેલ[1] રે;
તમો પધારો રે મંદિરે નારને રે,
જયાં તમે કીધી રંગની રેલ રે....ટેક
રાતા રાતા નયણા રે અતિ નિદ્રા લાવે,
રાતી દીસે અધર[2] બિંબની[3] રેખ;
મોલીડાને[4] છુટયા રે કેશ વિખરાઈ ગયાં રે,
ધર્તી[5] ધુતારો[6] તારો વેશ રે....૧
પહેર્યાં પીતામ્બર[7] કયાં પ્રભુ પલટયાં રે,
પારકી ટોળી[8] પછી આપ રે;
તમો ટેવાયા રે મંદિર શોકને રે,
અમ ઘેર આવજો રે કાલ....૨
પંચમ ઓળખ્યો રે પંખીએ સ્વર પુર્યા,
વ્હાલા મારા પ્રગટ ભયો પ્રભાત રે;
નરસૈંયાનો સ્વામી રે વહાણે ઘરે આવ્યા રે;
વ્રેહ[9] ઘણો ને થોડી રાત રે....૩

卐

૧. ધકેલ  ૨. હોઠ  ૩. નિશાનીની રેખા  ૪. પાઘડી  ૫. લાગતો
૬. છેતરનારો  ૭. પીળા રંગનું વસ્ત્ર  ૮. રેશમી વસ્ત્ર  ૯. વિરહ

## પદ-૩૦૧
### (રાગ-પંચમ)

ફરી ફરી પડશે રે શીદ આ ફંદમાં રે,
નિર્લજ્જ[1] નાક વિના નર નીચ;
સતગુરુ શબ્દનું રે કહ્યું નહિ માનતો રે,
કુબુદ્ધિ બોલે કર્મનો કીચ[2] રે....ટેક
જગતતણા સુખ જૂઠાં રે મુરખ શું મોહી રહ્યો રે,
માયા જાલ પુંઢે પળાય રે;
કાચી છે કાયાને કલ્પના[3] કારમી રે,
ગર્દભ શ્વાન[4] સાદે ધાયો રે....૧
ગોરખ ગોપીચંદ રાજા ભરથરી રે,
ક્ષણમેં[5] સહુ સુખ કીધું ત્યાગ રે;
કહો ભાઈ તેના મન કેવાં હશે રે,
ધન ધન ધીરજ વૈરાગ્ય રે....૨
નાગરવેલ થકી જે રંગ નીપજે રે,
તે તો ચઢે રે પરદેશ
જડલીલી રહે ત્યાં સુધી લીલા રહે રે,
પ્રીતમ પીછાણ[6] એ ઉપદેશ રે....૩

卐

૧. શરમ વિનાનો ૨. કાદવ ૩. ઈચ્છા ૪. કૂતરો ૫. પળમાં ૬. સમજ

## પદ-૩૦૨

ભજન ભરોસો હરિ તારા નામનો રે,
નહિ મળે અવસર બીજાની રે આશ;
ચોવી સરોજમેં[1] રે, મન મધુકરનો નિર્ભય નિવાસ....ટેક
શિવ સનકાદિક બ્રહ્માદિક જપે રે,
ભકત અનંત કરે ગુણગાન;
શેષ મહેષ નારદ મહામુનિ રે,
નિશદિન ધરે ધ્યાન રે....૧

ગંગાને તુલશી સેવે સિંધુ સીતા રે,
પતિનો પલક ન મુકે પાશ[2] રે;
કરમા[3] ને કમલા[4] રે નિત કેડે[5] ફરે રે,
સેવા સ્મરણ ઉરમાં આશ રે....૨

સકલ જીવનું જીવન જદુપતિ રે,
અનંત બ્રહ્માંડ તણો આધાર રે,
પ્રેમી સ્નેહી પ્રીતમ પ્રભુ તણો રે,
રસિયો રમી રહ્યો હૃદય મોઝાર રે....૩

卐

૧. ચોવી એટલે ચોવીસ, સરોજ એટલે કમળ, ચોવીસ કમળ એટલે ? ૨. સંગાથ
૩. હાથમાં ૪. લક્ષ્મી અથવા સુંદરી ૫. કટિ પર

## પદ-૩૦૩
## (રાગ-પંચમ)

અમૃત પીતાં રે આળસ નવકીજીએ રે,
રસનાએ[1] રામ રટણ કરી લે,
પેટ ભરીને રે પામર શું પોઢીઓ રે,
માથે મરણતણો જોને ભય રે....ટેક

શું સુખે આવે રે નર તને નિદ્રા રે,
નિજ જાણતો જંત[2] રે;
વળી પશુ પેઠે અન્ન જળ ખાય જે રે,
શિર પર કાળ કરડે છે દંત રે....૧

નિગમ[3] નિરંતર જશ[4] જેના ગાય છે રે,
તેને કેમ તું ભુલી ગયો ભુર,[5]
અંતે એની સાથે રે સમજી લે કામ છે રે,
સ્વાર્થી સૌ કોઈ કરશે દૂર રે....૨

કાયા માયા રે જોની તારી કારમી રે,
જેવું ઝાંઝવાનું[૬] નીર રે;
એવું વિચારી રે ચિત્તમાં ચેતજે રે,
પ્રીતમ રાખે હૃદયે રઘુવીર રે....૩

卐

૧. જીભ ૨. અલ્પતા-જંતુ પરથી જંત તે પોતાની અલ્પતા સમજવા માટેનો શબ્દ
૩. શાસ્ત્રો ૪. યશ-ગુણગાન ૫. છેક અથવા ખૂબ ૬. ઝાંઝવાનું જળ એટલે જે જળ જેવું ભાસે છે છતાં તે જળ નહિ ને બીજું જ કાંઈ નીકળે તેવું માયાનું સમજવું

## પદ-૩૦૪

વાતલડીને કરતાં રે, વ્હાણું વાઈ ગયું રે,
હરિગુણ ગાતા ન આવે પાર રે,
પ્રભાતે ઊઠીને રે, ગોપીજન નીસર્યા રે,
ભરવા જમનાજીના નીર રે....ટેક
વેણી ડોલે[૧] રે જેમ ડોલે નાગણી રે,
પાવલીએ ઝાંઝરનો ઝંકાર રે;
વલોણું વલોવતા રે, ગુણલા સાંભર્યા રે;
ખલકે[૨] કંકણ ચુડી હાથ રે....૧
રથમાં બેઠા રે, નંદન ને આંગણે રે,
પડી પેટલિયામેં ફાળ રે;
પ્રાણ અમારા પેલા લઈ ગયા રે,
હવે શું લેવા આવ્યો કાળ[૩] રે....૨
આપણે સૌ મળીને રે એને મળીશું રે,
એ છે સૌ એકાએક રે;
નરસૈંયાના સ્વામી રે બાઈ મને ત્યાં મળ્યા રે,
ઓધવ કહે ગોપીઓ કહે છે વિશેષ રે....૩

卐

૧. માથાની વેણી ડોલે ૨. ખખડે ૩. સમય જે પ્રતિકુળ છે તે

## પદ-૩૦૫
## (રાગ-પંચમ)

મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે રે,
ચોરાશીમાં ધરશો બહુ અવતાર રે;
આ અવસર રે ફરી ફરી નહિ મળે રે,
હરિગુણ ગાજો નરને નાર રે....ટેક
ગર્દભ થઈને રે ગલીઓમેં ભટકશે રે;
સાંજ પડે કુંભાર ન લે સંભાળ રે;
ઉકરડે ચઢીને રે ભુંકણ ભુંકશો રે,
શિર પર ધરશે વણતોલ્યો ભાર રે....૧
ગૌસુત[૧] થઈને રે બોજો બહુ ખેંચશો રે,
નહીં આવે પંથીડાનો પાર રે;
આંખે અંધારી રે ઘાણીમાં ઘાલશે રે,
ઉપર બેસી મુરખ દેશે આર[૨] રે....૨
ઊંટ થઈને રે બહુ બોજો ઉઠાવશો રે,
ખાવો પડશે આકુલને[૩] કંથાર[૪] રે;
હાથીને હડસેલે રે ઘરને ભીલાડશે[૫] રે,
ઉપર અંકુશ[૬] કેરા માર રે....૩
વાગોળ થઈને રે ઉંધે મસ્તકે ઝુલશો રે;
ખાશો ભિન્ન ભિન્ન વનફલ રે;
ડાળે પંખી ભેળા ઘાલશે રે,
કાયા પર પડશે રે ઘાવ....૪
નરસૈંયો કહે છે રે રૂડી વિનંતિ રે,
ઉર કોઈ ધરજો નરને નાર રે;
થોડું કહ્યું ઘણું કરી માનજો રે,
કાયા માયા જતા ન લાગે વાર રે....૫

卐

૧. બળદ ૨. પરાણીની આર જે બળદને હાંકવા માટે વપરાય ૩. ગભરામણ અથવા બ્હીક
૪. એક જાતની વનસ્પતિ ૫. ? આખા ઘરનું વજન મૂકશે એવો અર્થ કરી શકાય
૬. હાથીને હાંકવા માટે વપરાતું સાધન

## પદ-૩૦૬
### (રાગ-પંચમ)

ઓધવ કહેજો રે અમારી વિનંતિ રે
અમને કહો કોનો આધાર રે;
વીરા અમારા રે હરિનું મન મિલાવજો રે,
તમે જાશો વૈકુંઠ મોઝાર[1] રે....ટેક
દુઃખના ડુંગર રે મારે મસ્તકે ફરે રે,
હરિ વિના મારે હૈયે શોક રે;
વ્રેહના ભડકા જો આગર્મે પલટાશે રે,
બળવંત આવી ઝાલો બાંય[2] રે....૧
વિષ પાઈને રે વ્હાલાજી શાને ગયા રે,
દુઃખ દેખાડયાં દીન દયાળ રે;
પ્રાણ અમારા રે સંગે ચાલશે રે,
દેહની કરજો સંભાળ રે....૨
એવું સુખ સંપન્ન નહિ મળે રે,
નયણે ન ઉંઘ મારા નાથ રે.
નિદ્રા[3] મધ્યે રે નિર્ભય[4] થઈ રહો રે,
મારા સુંદર શ્યામની પાસ રે....૩
વીરાને બોલાવી રે વ્રજવનિતા[5] વળ્યાં રે,
ઓધવ આવ્યા હરિની પાસ રે;
ગોપીની વિનંતી રે હરિ પ્રતિ કહી રે,
નયણે આંસુકેરી ધાર રે....૪
નરસૈંયાના સ્વામી રે ચતુર શિરોમણિ રે,
ગોપીઓને રાખો તમ પાસ રે;
ઓધવ કહેજો રે અમારી વિનંતી રે,
પ્રભુ પધારજો ગોપીઓની સાથ રે....૫

卐

૧. વૈકુંઠમાં ૨. હાથ ૩. ઊંઘ ૪. ભયરહિત ૫. વ્રજ દેશની સ્ત્રી

## પદ-૩૦૭

(રાગ-પંચમ)

ઓળખી ને લેજો રે અનુભવી આત્મા રે,
રખે તું છલબલ[1] કરતો કાંઈ રે;
મોટાપણું મેલ રે તું શીદને કરે અભિમાન રે,
હરજીને ધરજો હૈયા માંહી રે.....ટેક
ફરી ફરી મનુષ્ય દેહ મળશે નહિ રે,
એ માનજો નર નિર્ધાર[2] રે.
દિન દિન કરતાં રે આવરદા[3] આવશે રે,
તું ને જાતા ન લાગે વાર રે.....૧
મગ્ન[4] થઈને રે ગગનમેં રાચીઓ રે,
મનથી કાયર થયા શું કામ રે,
તન મન ધન લઈ જૌહર[5] ઝુકને રે,
એ તો શુરવીરનો સંગ્રામ રે.....૨
મારું મારું કર મા મુરખ શું મોહી રહ્યો રે,
ઉઠ આળસ મુકી અજાણ રે;
અવસર આવો ફરી ફરી ન મળે રે,
નરસૈંનો સ્વામી છે ચતુર સુજાણ રે.....૩

卐

૧. ગરબડ  ૨. નિર્ણય  ૩. આયુષ્યની મર્યાદા
૪. ડૂબી જઈને  ૫. ત્યાગીને

# મેવાડાનાં પદો

## પદ-૩૦૮

આધાર હતો રે પ્રભુ મને તમ તણો રે
અબલા હું છું રે દુર્બલ નાર;
પ્રીતડી હતી રે પેલા ભવતણી[1] રે,
તે કેમ મેલી વિસારી રે.....ટેક

પટકુલ[2] પ્રેમદાના રે પ્રત્યક્ષ પુર્યા રે,
રાખી દુષ્ટ સભામાં લાજ રે;
દીન જાણીને રે પ્રભુ દયા કરો રે,
મહેતાને મુકાવો મહારાજ રે.....૧
ગ્રાહ થકી ગજને રે મુકાવ્યો રે,
વ્હારે ધાયા સાંભળી સાદ રે;
દાસના દોહ્યલા[3] રે તમે સહી નવ શકયા રે,
શું સુતો શ્યામલા કાનુડા રે.....૨
સોરઠ સહુ હરજીએ હસાવ્યું રે,
હાર અર્પતા ઘણી લાગી વાર રે;
હળવા પડો સહુ હરખભર્યા રે,
વાર નહિ કીધી નંદકુમાર રે.....૩
દીન જાણીને રે અમને દયા કરો,
પુરો અમ અબલાની આશ રે;
વિનંતી અમારી રે શું ન સાંભળો,
ભકત વત્સલ[4] શ્રી ભગવાન રે.....૪
વનિતા તમને રે ઝાઝુ[5] શું વિનવે રે,
સ્નેહી સંભાળો ભગવાન રે;
કર જોડી કહે રે રંક કામિની,
માનબાઈ માંગે છે માન રે.....૫

卐

૧. સંસારની ૨. લાજ ઢાંકવાનાં વસ્ત્રો ૩. મેળવવા મુશ્કેલ
૪. પ્રેમી ૫. વધારે

## પદ-૩૦૯
(રાગ-મેવાડો)

દામોદર દીનને રે દર્શન દીજીએ રે,
તારી મહેતા ઉપર મહેર રે;
જન્મ જન્મનો દાસ તુંહારો રે,
ઘણી કરી છે સહાર રે.....ટેક

નરસૈંયાને રે માંડલિક મારશે રે,
તમે પોઢયા રાધાજીને ધામ રે,
ગોપી સાથે પ્રભુજી રંગે રમો રે,
તારા સેવકની શી પેર રે.....૧
પ્રીતના બાંધ્યા રે પ્રભુજી પધારજો રે,
આવજો રમવાને રાસ વિલાસ રે;
મોગરાની માળા લઈ આવજો રે,
પુરો અબલાની આશ રે.....૨
બ્રહ્માંડ ભટકીને ભવમાં ભૂલા પડયાં રે,
પામ્યા ગોકુલમાંહી ઠામ રે;
નરસૈંયા સાથે લઈ રહ્યા રૂસણું,[1]
એમ ન સરે શ્યામળિયા કામ રે.....૩
વૃંદાવનમાંહે લાડ લડાવ્યા રે,
કેમ વિસર્યા આજ રે;
રુઢયા[2] તમ, અમ દોહ્યલાં[3] રે;
એમ શું સિધે કાજ રે.....૪
દીન જાણી અમ પે દયા કરો,
નરસૈંયો મુકે છે માન રે.
એ છે અરજ રતનબાઈની રે,
શ્યામળિયાને કરે છે સાન રે.....૫

卐

૧. રીસામણાં ૨. કોપ્યા ૩. જેમ તેમ મળેલા

## પદ-૩૧૦

(રાગ-મેવાડો)

દિવેલ ખુટયું રે કુસકા ખાંડતા રે,
નવ લીધું હરજીનું નામ રે;
અહીં તું આવ્યા રે કાંઈ ઉપર જવાને રે,
એ શું કર્યું તેં કામ રે.....ટેક

માનવ ભવ મહામણિ જડયો રે,
ભજવાને સારંગપાણિ[1] રે;
વહોરતને વ્હારી[2] રે કાચ કથીરની[3] રે;
જાણે ચતુર સુજાણ રે.....૧

જ્યાં લગી ગરથ[4] ગાંઠ છે રે,
ત્યાં લગી સૌ કોઈ ધરશે હેત રે;
વિપત્તિની[5] વેળા રે બધું વિરળાયું રે,
સમજી સવેળા ચેત રે.....૨

પગતણી એડીએ રે મુરખ મૃત્યુ છે રે,
મુખ ઉચ્ચરે, મા દોડતો રે
રખે તું પડ કુડા કર્મમાં રે,
પરનું પુરવાને કોડ રે.....૩

હરિ હરિ બોલોને સૌ હેત કરી રે,
એટલું છે સર્વે સાથ રે;
વિદ્યવાન[6] રૂડો રે છેલને છત્રપતિ રે,
તે ગયા ઘસતાં હાથ રે.....૪

વસ્તુ દેખી કયાં વિહ્વળ[7] થયો રે,
આગળ આવશે રે પ્રાણ;
રામકૃષ્ણ પ્રભુ રે, તું છે સાચો સગો રે,
તેને શરણે જઈને રહેજો રે.....૫

卐

૧. ભગવાન ૨. વ્હાર તાણવાવાળો ૩. લોઢું ૪. ધન-
'ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે' કહેવત પ્રમાણે જે હાથમાં હોય તે સાચું બીજું ખોટું'
૫. દુઃખ-આપદાની ૬. વિદ્વાન
૭. વ્યાકુળ

## પદ-૩૧૧

(રાગ-મેવાડો)

સમાને સંભાળો રે સંગી સૌ ચાલ્યા રે
જે જે આવ્યું તારી સાથ રે
ઈન્દ્રિયો[1] સઘળી રે શિથિલ વ્યવ્હળ[2] થઈ રે
લકુટીઓ[3] લીધી રે હાથ રે.....ટેક
ભવમાં આવીને રે ભલું શું કર્યું રે
ભારે મારી વૃથા[4] માત રે;
રામને જપતા રે રહી રેસના[5] આળસુ રે,
કીધી તેં વિષયની વાત રે.....૧
ઉદરને કારણે રે આંગણે રે,
ઊભો રહ્યો દિન ને રાત રે;
ધંધા કરતા રે ધોળા આવ્યાં રે,
ના રહી કાલની વાત રે.....૨
બુદ્ધિબળ સાથે રે બોલતાં બંધ પડયા રે,
ભીડી બાવળ સાથે બાથ રે;
રામકૃષ્ણ પ્રભુને રે જપો જાગી કરી રે,
નરક નિવાર્યા રણછોડ રાયે.....૩

卐

૧. ઘડપણમાં ઈન્દ્રિયો નબળી બને ૨. વિહ્‌વળ અથવા વ્યાકુળ
૩. લાકડી ૪. નકામી ૫. રસના એટલે જીભ
૬. નિવારણ કર્યા એટલે કે છૂટયા

## પદ-૩૧૨

(રાગ-મેવાડો)

ભાગતી ભવાઈ[1] રે શું તું મોહી રહ્યો રે,
ઘેલા તું ઘર સંભાળ રે,
નાચ કુદમેં રે નાયક થાકયો રે,
તેનો રઝળ્યો રે સંસાર રે.....ટેક

સાજને સંભાળ રે સૌ આપ આપણા રે,
ભીરુંડા[2] વેશ્યા વસે રે સાથ;
ખેલો ખલક કહેવાય રે, કંકણ હાથ તણા રે,
જુવે છે જવાનો લાગ રે.....૧

સુઘડ જોનારા રે સૌ કો ખંડ ભર્યા રે,
સાથીડા કરતા રે સાદ;
મૃદંગ[3] વાજે રે ખણખણ ખોખરૂં[4] રે,
ભાંગી પડયો ભુંગળ[5] નાદ રે.....૨

સજ્જન કુટુંબ રે સૌ થયું કારમું રે
સ્વાર્થે પહેર્યા રે ચીર,
અંગે ને રંગે રે આભુષણ ઓપતાં રે,
નીકળ્યું કાચ કથીર રે.....૩

સઘળું સઘળું રે સ્વપ્નાંતર[6] થયું રે,
રહી ગઈ કથવાની વાત રે,
રામકૃષ્ણ પ્રભુને રે જપજો જુગતે રે,
હવે આ ઉગ્યું રે પ્રભાત.....૪

卐

૧. એક પ્રકારનું નાટક ૨. ભાયલા-ભાઈ ૩. એક પ્રકારનું વાજિંત્ર ૪. બેસૂરા અવાજવાળું ૫. એક પ્રકારનું વાજિંત્ર
૬. સ્વપ્ન બદલાઈ જવું એટલે પૂર્ણ થયું-જાગૃતિ દશા આવી

## પદ-૩૧૩
### (રાગ-મેવાડો)

હરખ હવોં રે હરિ મનમેં મળ્યા રે
નિશદિન નીરખવાને જાય;
અતિ સુખ સારું રે, પિયુ મારા પાતલિયા રે;
હદીયામાં રહ્યા રે સમાય.....ટેક

ચંચલ હું તો રે ચંચલ એ જુને ભાવ્યો રે,
શોધતા રહ્યો રે સો હી;
અંતર ગમે રે, આનંદ ઉલટયો રે,
ઐસો સુખ અવસર ન કોઈ.....૧
સાજ હતો રે, સઘળો સમાય ગયો રે,
સત્ગુરુ ભયો સહારે;
અવિનાશી[૧] પિયુ મેં પાઈઓ,
અબ ચિત અનંત ન જાય રે.....૨
હરિ તું સાગર રે, મન મારું માછલું રે,
મળ્યું મન કરે રે કિલ્લોલ;
જન્મ મરણ જ્યાં ગમ નહિ રે,
અવિચલ સદા રે અનડોલ[૨] રે.....૩
દશોર્દશ[૩] સરખો રે હરિ ભરપુર રે,
ખંડિત નહિ રે લગાર;
જન જ્ઞાનીનું મન ત્યાં મળ્યું,
વીરલા બુઝનહાર[૪] રે.....૪

卐

૧. વિનાશી નથી તેવા પ્રભુ ૨. સ્થિર ૩. 'દશેદિશ' શબ્દ જોઈએ
૪. જાણી શકનાર

## પદ-૩૧૪
(રાગ-મેવાડો)

વિરહ[૧] કેરી રે ઐસી વિનંતી રે,
કહ્યો મેરે પિયુજી શું જાઈ;
એક પલક રે હરિ વિસરે નહિ,
હદીયામેં રહ્યો રે સમાય.....ટેક
વિરહ વૃથા રે તનમેં વસ્યો રે,
પિયુ પિયુ કરે પોકાર રે;
નયણે નીર ઝરે રે હરિ વિના વિલસે રે,
જાણે શ્રાવણ કેરી ધાર રે.....૧

પ્રીત તમારી રે પ્રીતમ પાળજો રે,
વસી મારા હૃદીયામેં ધીર રે,
દર્શન દીજે રે તબ દેહી[2] ઉગરે રે,
નહિ તો ઉગરે નહિ રે.....૨
વિરહ ઝુરે રે ઝુરી પિંજર બન્યું,
એક પલક દિવસ વહી જાય રે;
જનજ્ઞાની વિરહ બારી સમે રે,
પીછે કયા કરો ઘર આવો રે.....૩

卐

૧. વિરહ વિનંતિ કરે છે એવી કલ્પના કરવામાં આવી છે

૨. આત્મા-જીવ

## પદ-૩૧૫

(રાગ-મેવાડો)

વિદાય કરીને રે વેગળા મુકયા વિઠ્ઠલે રે,
અવધનો દિવસ આજ વિત્યા રે,
શ્યામળિયો ને મળવા કાજ રે,
વિદાય કરીને રે વેગળા મુકયા વિઠ્ઠલે રે.....ટેક
આભૂષણ[1] અંગે ધર્યા ધીરથી રે,
સજયા મેં સોળે શણગાર રે;
મળવાની હોંશે રે કરગ્રહ્યું[2] બેડલું[3] રે,
તન મન તલશે નિરધાર રે.....૧
અર્ધ નિશાએ[4] રે ગઈ હું એકલી રે,
કાલિંદી કેરે તીર રે;
દિલ દઢ કીધું રે જાણે ઝંપલાવવું રે,
ઘેરી લહેરી ગજે ગંભીર રે.....૨
જલ સાથે ઝંપલાવવારે,[5] ધસી જયારે સરિતામાં રે,
ગ્રહી[6] લીધી ઘાટ મોઝાર[7] રે;
ભુજા[8] પ્રસારી રે ભીડી[9] મને ભાવશું રે,
નીરખ્યા મેં નંદકુમાર રે.....૩

શશિકલા ખીલી પુનમની રે,
આપ્યું રંગે રમવા વચન રે;
તે દિવસની રે અવધ[10] આવી મળી રે,
તેથી મારું તલશે મન રે.....૩
આજ ન આવે તો તજવી દેહ રે,
વેદના વ્યાપી આખે અંગ રે;
પ્રભાત પ્રગટયું રે હરિ આવ્યા હેતશું રે,
ભુદરજીને ભેટયા ભલી રીતે રે.....૪
રંગ ઘણો જામ્યો રે ગોપિકા ઘેલી રે,
રસિયા ખેલે રંગ ભાવથી રે;
ગિરિ રાયે કર ધર્યો રે, ગિરધર જ્ઞાન ભેરે,
અલબેલો મારી બેલ રે.....૫

卐

૧. ઘરેણા ૨. હાથે પકડવું ૩. માટીનું વાસણ ૪. રાત્રિ ૫. કૂદી પડવા
૬. પકડી ૭. અંદર ૮. હાથો ૯. દલાલ ૧૦. શહેરનું નામ

## રમૈણીનાં પદો

### પદ-૩૧૬

ધન સતગુરુને રે જેણે દિયો ઉપદેશ;
ભવ ડુબત ગ્રહી કાઢે કેશ રે.....ટેક
સાંકુષ્ટ[1] થાશો વૈષ્ણવ કીના રે,
રામનામ કા સ્મરણ દીના;
લોકલાજ કુલ કયાં ન બહાઈ,[2]
સંત મિલે તબ સંત કહાઈ.....૧
પારસ પરસત[3] કંચન હોઈ,
લોહા વા કો કહે ન કોઈ,
કંચન મોંઘે મુલ વેચાઈ,
પારસકા ગુણ દેખો ભાઈ.....૨

ચંદન કે ઢિંગ[૪] ચંદન હોઈ,
કાષ્ટ ન વાકો કહે રે કોઈ;
સ્વાંત[૫] બુંદ કદલીમેં[૬] પડહી,
રૂપ વર્ણ ગુણ ઔર હી ઘર હી.....૩
નામ કપુર વાસ ના હોઈ,
કદલી વાકો કહે ન કોઈ;
દાસ કબીરજી કા સાચા કેલા,
પુલ પરસત તિલ ભયા ફુલેલા[૭].....૪

卐

૧. ? ર. ત્યાગી ૩. સ્પર્શ કરી ૪. સંગે ૫. સ્વાતિ નક્ષત્રમાં વરસતા મેઘનું ટીપું ૬. ? કેળ? ૭. વિકસેલા

### સાખી

કબીર બલિહારી ફુલ કી, વામે દોણો બાજ,
તનમન અપને અર્પતે, હુઆ પુરાણા ઘાસ.....૧
કબીરગુરુ સેવા જન બંદગી, હરિ સ્મરણ વૈરાગ્ય,
એટલું જબ હી પાઈએ, પુરણ મસ્તક નમાવું.....ર

卐

## ચરચરીનાં પદો

### પદ-૩૧૭

ઘડી રે ઉપર ઘડિયારા વાગે, ઉંમર ઓછી થાય
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઈ.....ટેક
નાના થકી મોટેરાં કીના, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઈએ ન દીઠો, ઓચિંતો વળી આવે.....૧
જોબનિયાના મોજા[૧] ફોજા,[૨] જાયે નગારાં દેતી,
અંતકાલ તો આવી મળશે, કોઈ ન શકયો ચેતી.....૨
સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો;[૩]
જમદુત તો જોતાં રહેશે; હરિને નામે છુટો.....૩

હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિજીને નમીએ;
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ.....૪
હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઈ,
દેખત દેખત ડુબકા મારે, દુનિયા ડુબી મુઈ.....૫
આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી,
સર્જનહારનું સ્મરણ ભુલ્યો, જીતી બાજી[૪] હારી.....૬
કોઈએ બાળી, કોઈએ ગાળી, કોઈએ દાટી;
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી.....૭
નરસૈંયાનો સ્વામી શ્યામળિયો, વેદ પુરાણે સાચો;
જમના[૫] શિર પર પગલું દઈને, વેગે વૈકુંઠ જાશો.....૮

卐

૧. ને ૨. જુવાનીના મદના ઉછાળાઓ, મસ્તીઓ વગેરે
૩. ખરાબ ૪. મનુષ્ય દેહ મળ્યાની બાજી હારી ગયો
૫. યમદૂતના

## પદ-૩૧૮

જોબનિયાને જોરે તું તો, ગોવિંદ ગુણ ન ગાવે;
આજકાલ કરતાંલ ઝાંઝરીઆ[૧] કાળ આચિંતો આવે.....ટેક
સાજ ઘટે સાધન નવ કીધાં, ધામ ધુમ મેં ફસાયો;
મંદિર મેં પાવક પ્રજળ્યો,[૨] કૂપ ખણાવવા[૩] લાગ્યો.....૧
સંસાર સઘળો તું ભમી આવ્યો, જીવ તું હજીએ ન ચેત્યો,
ઘટમેં ઘાવ પડયો ગડગડિયો[૪] મુરખ મન પસ્તાય.....૨
શ્યામ સરોવર ઝીલવા પેઠા, વિષયા પાર ન પાવે;
બુડતો જીવડો વલખા[૫] મારે, તરવા તુમડાં વાવે.....૩
સાજે સરોવર પાર ન બાંધી, હરિ ભજી ભલો ન કહાવ્યો;
ભણે નરસૈંયો જયારે ભોમ ધરી, ત્યારે મુખે રામ ન આવ્યો.....૪

卐

૧. પગમાં પહેરવાનું આભૂષણ ૨. સળગ્યો ૩. ખોદાવ્યા
૪. ભયાનક ૫. પ્રયત્ન-ફાંફા

## વિભાસનાં પદો

### પદ-૩૧૯

સાખી

વિભાસ ભવતારણ,[1] તરણ ત્રિવિધ વિલાસ;
નિગમ[2] નેતિ[3] વેદ[4] વિમલ[5] જશ, ગિરિરાય નાવ પ્રગટ પ્રકાશ......૧
પ્રભાત સમયે સ્મરે પરમેશ્વર, ત્યાં વિઘ્ન નહિ વ્યાપે;[6]
રક્ષા કરે રણછોડ ગોસાંઈ, શત્રુ શિવ મનહી ચાંપે.....ટેક

હરિહર નર નારાયણ, પ્રભુ ગરુડ ગોવિંદ ગામી;
વાસુદેવ વૈકુંઠ વિશા[7] ભરી, ચત્રુભુજ[8] અંતર્યામી.....૧
મચ્છ કચ્છ વરાહ સારંગધર, વામન પર છાપાની;
શ્રી ભગવાન શ્રીપતિ સ્વામી, કૌશલ્યા દીન દયાળ.....૨
કેશવ કૃષ્ણ મોરાર દામોદર, ગિરિવર ધર ગોપાળ;
શ્રી જગના જગદીશ જગત્‌ગુરૂ, શેષ શાયી વનમાલી.....૩
માધવ મદન મોહન મનોહર, હિરણ્ય[9] પ્રભુ પ્રીત પ્યારી;
પ્રેમાનંદ પ્રભુ જાન રાયકો, જો રસના[10] ગુણ ગાવે.....૪
કાલ વ્યાલ[11] ભયભીત ભાનક, જમકો સર્વે નસાડે;
પ્રભાત સમયે સ્મરે પરમેશ્વર, ત્યાં વિઘ્ન નહિ વ્યાપે.....૫

卐

૧. સંસાર પાર ઉતારનાર ૨. શાસ્ત્રો ૩. 'ન ઈતિ' એટલે 'આ નહિ'-પ્રભુ પાસે પહોંચવાનો એક નકારાત્મક શાસ્ત્રીય માર્ગ ૪. ચાર વેદ તે મુખ્ય શાસ્ત્ર ગણાય -ઋગ્વેદ, અથર્વવેદ, યર્જુવેદ, ને સામવેદ ૫. શુદ્ધ ૬. ફરી વળે
૭. ? વિશાળ? ૮. ચાર હાથવાળા વિષ્ણુ ભગવાન ૯. સોનું-સુવર્ણ
૧૦. જીભ ૧૧. સાપ

### પદ-૩૨૦

આયો મોરે અંગના[1] રે, ભલે થકીજે ભોર[2] ભયે;
દીપક કી જયોત ગઈ રે, ચંદ્ર થયો અસ્તેજ;
આજ કી રૈન પ્રિયા, કહાં કીનો રંગના.....ટેક

કપાલે કેસરવર્ણો ટિકો, મુખકા તંબોલ ફિકો;
સખીઓ ને રંગ લાગ્યો, ગોપી ખુંચી[3] કંગના[4].....૧
મુખથી સાચું બોલો, હૈયાનો કપટ ખોલો;
શ્રીભટ્ટ કહે પ્રભુજી કો, કહેતી હૈ ગોપાગંના.....૨

卐

૧. આંગણામાં  ૨. સવાર  ૩. ભોંકાઈ ગઈ  ૪. કાવરી

## પદ-૩૨૧

મારે ઘરેણું સાચું રે, નંદજીના લાલનું;
કોઈને બેની કોઈને બંધુ રે, કોઈને જોની[1] ઢાલ;
મારે માટે સદા એવું, વ્હાલજીનું વ્હાલ નંદાજી......ટેક
કોઈને હાથી કોઈને ઘોડા, કોઈને સુખપાલ;[2]
કોઈને સોનાના સાંકળા, કોઈને મોતીની માલ નંદાજી.....૧
મીરાંબાઈ કહે પ્રભુ ગિરિધરલાલ, તમને નિરખી હું થઈ રે નિહાલ[3]
મારે તો ઘરેણું સાચું, નંદાજીના લાલનું રે.....૨

卐

૧. ? ૨. સુખનું રક્ષણ કરનારા  ૩. માલામાલ-ઉદ્ધાર

## હાલેરું

## પદ-૩૨૨

સંસાર રૂપી પારણું, સુત[1] હાલેરું રે
તામેં ઝુલે બહુ જીવ, કાલ હાલેરું રે.....ટેક
લક્ષ[2] ચોરાશી ઝુલા ઝુલ્યો, સુત હાલેરું રે
ઓળખ્યા નહિ પિયુ, કાલા[3] હાલેરું રે.....૧
ભોગ[4] તેં સર્વે ભોગવ્યા, સુત હાલેરું રે
તેનો ગણતાં ન આવે પાર, કાલા હાલેરું રે.....૨

કામના[૫] જે જે મનતણી, સુત હાલેરું રે
તે સર્વે મિથ્યા[૬] જાણ, કાલા હાલેરું રે.....૩
વિષય[૭] વિષયવત્ ત્યાગ્યા,[૮] સુત હાલેરું રે
કૃપા કરે કિરતાર, કાલા હાલેરું રે.....૪
તન મન ધન તે ચોર છે, સુત હાલેરું રે
તે કરશે જીવની હાનિ, કાલા હાલેરું રે.....૫
કામ ક્રોધ ને મોહ છે, સુત હાલેરું રે
એ ત્રણે નરકના દ્વાર, કાલા હાલેરું રે.....૬
ચિંતા રુપી સર્પણી[૯] રે, સુત હાલેરું રે
એણે ખાયો સર્વે સંસાર, કાલા હાલેરું રે.....૭
માયા મીઠી મોહિની રે સુત હાલેરું રે
તે નાંખે મોહની જાળ, કાલા હાલેરું રે.....૮
જન્મ મરણ તો તેહ તણું રે, સુત હાલેરું રે
ટળે નહિ કોઈ કાળ, કાલા હાલેરું રે.....૯
ઉંધે મસ્તક ઝુલ્યો રે, સુત હાલેરું રે
તેં કર્યો ગર્ભ મેં વાસ, કાલા હાલેરું રે.....૧૦
પાર નહિ પીડા તણી રે સુત હાલેરું રે
તેણે થયો જ્ઞાનનો નાશ, કાલા હાલેરું રે.....૧૧
દુર્લભ દેહી[૧૦] દેવને રે, સુત હાલેરું રે
તે પામ્યો નિરધાર, કાલા હાલેરું રે.....૧૨
ભજન કરો ભગવાનનું રે, સુત હાલેરું રે
સમય ન આવે વારંવાર, કાલા હાલેરું રે.....૧૩
સગા સંબંધી કોઈ નહિ રે, સુત હાલેરું રે
આ જૂઠો માયાનો ફંદ,[૧૧] કાલા હાલેરું રે.....૧૪
વ્હાલ કરે ને વારે ઘણું રે, સુત હાલેરું રે
ભજવા શ્રી મુકુંદ, કાલા હાલેરું રે.....૧૫
સ્વાર્થે સગાં સૌ થશે રે, સુત હાલેરું રે
વણ સ્વાર્થે ત્યાગે એહ, કાલા હાલેરું રે.....૧૬

પાપ પુન્ય તો જે કર્યાં રે, સુત હાલેરું રે
અંતેં સાથે તેહ, કાલા હાલેરું રે .....૧૭
વાસ કરો વનમાં જ ઈરે, સુત હાલેરું રે
તો પામશો પુરણ બ્રહ્મ, કાલા હાલેરું રે.....૧૮
ભકિતએ ભીંજે ભુધરો રે, સુત હાલેરું રે
એ જ વેદનો મર્મ[૧૨] કાલા હાલેરું રે.....૧૯
ભોગ તે સર્વે રોગ છે રે, સુત હાલેરું રે
જેણે કરી જીવની હાનિ, સુત હાલેરું રે.....૨૦
માતા મદાલશા એમ ભણે રે; સુત હાલેરું રે
પુત્ર કહું સત્ય વાત, કાલા હાલેરું રે.....૨૧

卐

૧. પુત્ર ૨. ચોરાસી લાખ ૩. કાળા રંગના ૪. વિજયને ભોગવવું તે ભોગ
૫. વાસના ૬. નકામી ૭. ભોગવવાના પદાર્થો ૮. છોડયા ૯. સાપણ
૧૦. મનુષ્યદેહના પદાર્થો ૧૧. જાળ-સંગ ૧૨. રહસ્ય

## પદ-૩૨૩

જ્ઞાન સ્વરુપ તું આત્મા રે, હાલેરું રે
થયો શા માટે અજ્ઞાન, કાલા હાલેરું રે
ત્રિગુણી માયામેં મળ્યો રે, સુત હાલેરું રે
થયો કારજ કારણ વાત રે, કાલા હાલેરું રે.....ટેક
બ્રહ્મ ટળીને જીવ થયો રે, સુત હાલેરું રે
તને આવ્યું દેહાભિમાન રે, કાલા હાલેરું રે.....૧
આપોઆપ નહિ ઓળખ્યો રે, સુત હાલેરું રે
તારી ગઈ સુધ[૧] ને સાન[૨] રે, કાલા હાલેરું રે.....૨
પરવર્યો[૩] પાંચે[૪] કોષમેં રે, સુત હાલેરું રે
પ્રાણ છુટયો પવનમાં રે, કાલા હાલેરું રે.....૩
પવન પાણીમેં મળ્યો રે, સુત હાલેરું રે
ભૂમિ મળી થયો અન્ન રે, કાલા હાલેરું રે.....૪
અન્નથી રજ બીજ થયો રે, સુત હાલેરું રે
એમ આવ્યો ઉદરમાંહી રે, કાલા હાલેરું રે.....૫

ઉદર પડયો દુઃખ ભોગવે રે, સુત હાલેરું રે
ત્યારે કયાં ગયા માબાપ રે, કાલા હાલેરું રે.....૬
કમાઈ પડી તે આપવા રે, સુત હાલેરું રે
એમ ભકિતનો દીનો કોલ રે, કાલા હાલેરું રે.....૭
એમ તેં કાલાવાલા બહુ કર્યા રે, સુત હાલેરું રે
ત્યારે નારદે દીધો કોલ રે, કાલા હાલેરું રે.....૮
અંગ ઉઘાડે તું જનમ્યો રે, સુત હાલેરું રે
અંતે જવું છે નગ્ન રે, કાલા હાલેરું રે.....૯
પ્રીત ન જોડીશ પ્રાણીઆ રે, સુત હાલેરું રે
તારે રહેવું એક જ રાત રે, કાલા હાલેરું રે.....૧૦
જૂઠાં તે સુતને[૫] સુંદરી રે, સુત હાલેરું રે
તારા જુઠાં મા ને બાપ રે, કાલા હાલેરું રે.....૧૧
શું દીઠું સંસારમેં રે, સુત હાલેરું રે
તું તો આવ્યો વારંવાર રે, કાલા હાલેરું રે.....૧૨
પાંચ તત્ત્વનું[૬] પારણું રે, સુત હાલેરું રે
તેમાં પોઢી-- સમાય રે, કાલા હાલેરું રે.....૧૩
જન્મ મરણની ઘુમરી રે, સુત હાલેરું રે
તેને સાન્તે[૭] તો સુખ થાય રે, કાલા હાલેરું રે.....૧૪
ભોગ્તા[૮] થઈ ભોગ ભોગવે રે, સુત હાલેરું રે
થયો જન્મ જન્મનો આધીન રે, કાલા હાલેરું રે.....૧૫
કર્મ કર્યા બહુ વિધના રે, સુત હાલેરું રે
કર્મની થઈ તારી દેહ રે, કાલા હાલેરું રે.....૧૬
સગા સંબંધી કર્મના રે, સુત હાલેરું રે
તારા કર્મના ચૌદ લોક[૯] રે, કાલા હાલેરું રે.....૧૭
સુત ને સુંદરી બંને કર્મના રે, સુત હાલેરું રે
કર્મ માયાનો થોક રે, કાલા હાલેરું રે.....૧૮
લક્ષ ચોરાશી[૧૦] રઝળ્યો તું રે, સુત હાલેરું રે
તું બહુઘેર કહાવ્યો બાળ રે; કાલા હાલેરું રે.....૧૯

પાંચે ઈન્દ્રિયને વશ થયો રે, સુત હાલેરું રે
તારે વિપતનો શો વાંક રે, કાલા હાલેરું રે.....૨૦
જમના દુત છે બીહામણા રે, સુત હાલેરું રે
તને બહુવિધ દેશે માર રે, કાલા હાલેરું રે.....૨૧
કુંડ અઠ્ઠાવીશ નર્કના[૧૧] રે, સુત હાલેરું રે
તેમાં નાંખશે વારંવાર રે, કાલા હાલેરું રે.....૨૨
કાલા તે કામરૂદેશ છે રે, સુત હાલેરું રે
તને ક્ષણમેં નાખશે જાળ રે, કાલા હાલેરું રે.....૨૩
બળદની પેરે તને બાંધશે રે, સુત હાલેરું રે
તું વહેશે ભૂમિનો ભાર રે, કાલા હાલેરું રે.....૨૪
કુલ કુટુંબનો બોજ વહેશે રે, સુત હાલેરું રે
તું તો ખર[૧૨] થયો મેદાન રે, કાલા હાલેરું રે.....૨૫
દેશને સર્વે તેં જીત્યા રે, સુત હાલેરું રે
થયો કામિની કામ[૧૩] હેરાન રે, કાલા હાલેરું રે.....૨૬
આગળ પાણી ઊંડાં[૧૪] ઘણાં રે, સુત હાલેરું રે
તું ચેતી શકે તો ચેત રે, કાલા હાલેરું રે.....૨૭
જીવનમુકત ગુરુ કરો રે, સુત હાલેરું રે
તું ન જા બીજાને શરણ રે, કાલા હાલેરું રે.....૨૮
દેહ આત્માનો વિવેક છે રે, સુત હાલેરું રે
તું છે તત્ત્વનો પાર[૧૫] રે, કાલા હાલેરું રે.....૨૯
જીવ ઈશ્વર એક ધામમેં રે, સુત હાલેરું રે
તું દેહ છતે કરજે વિચાર રે, કાલા હાલેરું રે.....૩૦
ચાર દેહ વિના તું ન ઠર્યો રે, સુત હાલેરું રે
ભુંડી માયાને આવાસ રે, કાલા હાલેરું રે.....૩૧
રામકૃષ્ણ જન જાગ્યા રે, સુત હાલેરું રે
તું નાસી શકે તો નાસી જા રે, કાલા હાલેરું રે.....૩૨

卐

૧. સમજ ૨. બુદ્ધિ ૩. ફરી વળ્યોના અર્થમાં-પરવારી ગયો

૪. પાંચ કોષ છેઃ અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોષ

૫. પુત્ર ૬. પૃથ્વી, તેજ, વાયુ, પાણી ને આકાશ એ પાંચ તત્ત્વો

૭. છેવટે ૮. ભોગવનાર ૯. તલ, વિતલ, મહાતલ વગેરે સાત પાતાળલોક તથા ઉપરના સાત લોક મળીને ચૌદ લોક

૧૦. ચોરાશી લાખ ફેરા ફરવા પડે તે ૧૧. નરકમાં અઠ્ઠાવીસ કુંડ છે એવી કલ્પના

૧૨. ગધેડો-મૂરખ ૧૩. વાસનાથી ૧૪. માયાનો કોઈ અંત નથી

૧૫. દેહમાં જ આત્મા સ્વરૂપે પરમાત્મા છે એ તત્ત્વનો સાર

## પ્રભાત

### પદ-૩૨૪

જાગિયે રઘુનાથકુંવર ! પંછી વન બોલેઃ.....ટેક
ચંદ્રકિરણ શીતલ ભઈ, ચકઈ પિયુ મિલન ગઈ :
ત્રિવિધ મંદ ચલત પવન પલ્લવ દ્રુમ[1] ડોલે.....જાગિયે૦
પ્રાતઃ ભાનુ[2] પ્રકટ ભયો, રજનિકો તિમિર ગયો;
ભૃંગ[3] કરત ગુંજ ગાન, કમલ દલ[4] ખોલે.....જાગિયે૦
બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર નર મુનિ કરત ગાન;
જાગનકી બેર[5] ભઈ, નયનપલક ખોલે.....જાગિયે૦
તુલસીદાસ અતિ આનંદ, નીરખી કે' મુખારવિંદ;
દાનનકો દેત દાન ભૂષણ બહુ મોલે.....જાગિયે૦

卐

૧. પલ્લવ-પાંદડાં દ્રુમ-ઝાડનાં ૨. સૂર્ય ૩. ભમરો ૪. ફૂલની પાંખડી

૫. સમય

## તુલસીદાસનાં પદો

### પદ-૩૨૫

### (પ્રભાતિયું)

એક ઘડી દિન ઉગ્યા પહેલાં જો જિહ્વા મુખ રામ કહે;
કોટિ કલ્યાણ અભય પદ[1] પાવે, પાપ બાપુરો કયાંહિ રહે.....એક૦
રામનામનો મોટો મહિમા, શિવસનકાદિક[2] ધ્યાન ધરે;
અજામેલ ગુનિકા ઘરવાસી, નારાયણને નામ તરે.....એક૦

કેસરી ગંધે મૃગલા નાસે, રવિ ઉગે જેમ તિમિર ટળે;
મેરુથી મોટેરાં પ્રાયશ્ચિત,[3] તે લઈ લક્ષ્મીવર દૂર કરે.....એક૦
રામનામે પ્રહ્‌લાદ ઉગાર્યો; જે કોઈ ભકિત ભાવે કરે;
પુરણબ્રહ્મ[4] અખંડ અવિનાશી, ત્રિવિધ[5] તાપ તેનાં ટળે.....એક૦
સંત સદાયને ભકિત અવિચળ, જેને હૃદયે રામ રહે;
તુલસીદાસ આશ રઘુવીરકી, ચરણકમલ ચિત્ત ધ્યાન રહે.....એક૦

卐

૧. મુકિત જન્મને મરણના ભયથી રહિત અવસ્થા   ૨. શિવ, સનક વગેરે ઋષિઓ
૩. પશ્ચાત્તાપ  ૪. પૂર્ણ પુરુષોત્તમ કે જે જડચેતન સર્વ પદાર્થોમાં વ્યાપેલો છે
૫. ત્રણ તાપ-આધિ, વ્યાધિ ને ઉપાધિ

## પદ-૩૨૬
## (રાગ-પ્રભાત, ટોડી)

સરજુકો જલ ભરન જાત, અવધપુરીકી નારી.....ટેક
ધનુષ જેસી ધાર બહે, દૂધ જૈસો પાની,
સરજુકો નામ લહત, મુકત હોત પ્રાની.....સરજુ૦
લાલ લંક[1] કટિ વિશાલ, કંગનકી છબિ ભારી;
ગૌર બદન અંગિયા ઝરે, અરુ રંગીલી સારી.....સરજુ૦
રૂમકઝુમ ઝરિ ઝરાય, નાકનમે વારી;
કનક કલશ શિર પર શોભે, અલકનકી છબ ભારી.....સરજુ૦
હિલમિલ સરજુ ભરન જાત, સૂરજકી અજવારી;
વાટ ઘાટ લગત ઠાઠ, ફૂલ રહે ગૂલકયારી.....સરજુ૦
કોઈ ન્હાવત, કોઈ ધોવત, કોઈ મંજન હૈ ઝારી
તુલસીદાસ કે પાઠ કરત, બાલબ્રહ્મચારી[3].....સરજુ૦

卐

૧. કમરનો વળાંક   ૨. ચળકતી પહેરી   ૩. બાળપણથી જ બ્રહ્મચારી
-પ્રભુમાં મનને મગ્ન કરનાર

## પદ-૩૨૭
### (પ્રભાતિયું)

પ્રાતઃસમે કૌશલ્યા રાની, અપનો પુત્ર જગાવૈ;.....ટેક
નીલ અંગ પર પિત ઝિંગુલિયા,[૧] હરખી નીરખી પહિરાવૈ;
સુંદરશ્યામ કમળદળ લોચન, નીરખી પ્રથમ સુખ પાવૈ.....પ્રાતઃ
લેત દેત કહે બેદ બખાને, બ્રહ્મા ધ્યાન લગાવૈ;
સોઈ કરૂણામયરામ દયાનિધિ, દશરથપુત્ર કહાવૈ.....પ્રાતઃ
કબહુ પલના[૨] ઘાલી ઝુલાવૈ, કબહુ ગોદ ખેલાવૈ;
કબહુ પાવન ચલન શિખાવૈ, માતુ સબૈ સુખ પાવૈ.....પ્રાતઃ
ધન્ય ધન્ય રાની કૌશલ્યા, દશરથ ધન્ય કહાવૈ;
ધન્ય ધન્ય અયોધ્યા નગરનિવાસી, તુલસી દરસન પાવૈ.....પ્રાતઃ
પ્રાતઃસમે કૌશલ્યા રાની, અપનો પુત્ર જગાવૈ.

卐

૧. ઝભલાં ૨. ખોઈ-ઝોળી

## પદ-૩૨૮

પ્રાતઃસમય ઉઠ જનકનંદિની,[૧] ત્રિભુવનનાથ જગાવૈ.....ટેક
જાગો નાથ મમ નાથ પ્રાણપ્રિય, ભૂપતિ ભૂપન[૨] બોલાવૈ.....પ્રાતઃ
હસ્તકમલસે ચરન પલોટત[૩] લેલે દ્રગન[૪] લગાવૈ;
સોઈ પદ પરસત ગૌતમ નારી, પરમ અભયપદ પાવૈ.....પ્રાતઃ
કનકકલશ ઝારી ભર લાયૈ, દાતન પાન કરાવૈ;
કમલ નેન મુખ નીરખી રામકો, આનંદ ઉર ન સમાવૈ.....પ્રાતઃ
મંગલ માલે ગલે મોતીનકી, કર અંગુલિ શણગારૈ;
ગૂગર[૫] લાલ અલખ બદન છબી, પગિયા ચેપ સંવારૈ.....પ્રાતઃ
સંતજના કહે એહી બિનતી, આરત બચન સુનાવૈ;
તુલસીદાસ છબિ નીરખી રામકી, નીરખી હરખ ગુન ગાવૈ.....પ્રાતઃ

卐

૧. સીતા ૨. રાજા ૩. પલાળે અથવા ધોઈ ૪. આંખમાં
૫. ધૂપની સામગ્રી

## પદ-૩૨૯

બિગરી કૌન સુધારૈ, નાથ બિના બિગરી કૌન સુધારે રે.....ટેક

માટી ચુન ચુન મહેલ બનાયા, મૂરખ કહે ઘર મેરા રે;
નહીં ઘર મેરા નહીં ઘર તેરા, એક દિન જંગલ ડેરા રે.....બિગરી

બની બનાઈકો સબકો સાથી બિગરીકો[૧] કોઈ નાહીં રે;
ભરી સભામેં લજ્જા રાખે, દીનોનાથ સવાઈ રે.....બિગરી

રામ જીતે, લછ્મન જીતે, જીતે સીતા માઈ રે;
અંજનીકો પુત્ર હનુમાનજી જીતે, જીતે પલકમેં લંક જલાઈ રે.....બિગરી

કડવી વેલનકી કડવી તૂંબડીયા,[૨] સબ તીરથ કર આઈ રે;
ગંગા નાઈ, જમુના નાઈ, તોય ન ગઈ કડવાઈ રે.....બિગરી

રંકા તારે, બંકા તારે, તારે સજન કસાઈ રે;
સૂડા[૩] પઢાતે ગુનિકા તારે, તારી મીરાંબાઈ રે.....બિગરી

રાવણ મારી રામ ઘર આયે, ઘરઘર બઢત બધાઈ રે;
તુલસીદાસ હરિકો મહિમા, અપને મુખસે ગાઈ રે.....બિગરી

卐

૧. પ્રતિકૂળ સમયમાં-બગડેલી સ્થિતિમાં    ૨. તંબુડી    ૩. પોપટ

## પદ-૩૩૦

(રાગ-પ્રભાત)

જસોદા તારા કાનુડાને, સાદ કરીને વાર રે.....ટેક
આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહીં કોઈ પૂછણહાર[૧] રે.....જસોદા

શીકુ[૨] તોડયું ગોરસ[૩] ઢોળ્યું, ઉઘાડીને બાર રે;
માખણ ખાધું ઢોળી નાખ્યું, જાન[૪] કીધું આ વાર રે.....જસોદા

ખાખાંખોળા કરતો હીંડે, બીહે નહીં લગાર રે;
મહી મથવાની[૫] ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે ?.....જસોદા

વારે વારે કહું છું તમને હવે ન રાખું ભાર[૬] રે;
નિત ઉઠીને એ કયમ સહીએ,[૭] વસી નગર મોઝાર[૮] રે ?.....જસોદા

મારો કાનજી ઘરમાં હુતો, કયારે દીઠો બહાર રે;
દહીં-દૂધના માટ ભર્યાં છે, બીજે ચાખે ન લગાર રે.....જસોદા
શાને કાજે મળીને આવી, ટોળી વળી દશબાર રે;
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે.....જસોદા

卐

૧. પૂછવાવાળો-ઠપકો આપવાવાળો  ૨. દહીં મૂકવા માટેનું સાધન
૩. દૂધ  ૪. નુકસાન  ૫. છાસ વલોવવાની ગોળી  ૬. શરમ
૭. સહન કરીએ  ૮. નગરમાં

## પદ-૩૩૧

(પ્રભાતિયું)

જેને ઘેર હરિજન હરિજશ ગાય, તે તો નિત્ય ગંગામાં ન્હાય.....ટેક
અડસઠ[1] તીરથ ગુરુને આંગણે, દૂર ગયે શું થાય ?.....જેને૦
ધ્રુવ નાહ્યા પ્રહ્‌લાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન;
પ્રીત કરી પરીક્ષિત નાહ્યા, જોગી શુકદેવ ગાય.....જેને૦
સહુ સંત મળી ધારણ[2] બાંધ્યું, જ્ઞાનગંગા[3] તોળાય;
જપ તપ તીરથ જોડે મળ્યાં, તેમાં સર્વ સાવધાન મળી જાય.....જેને૦
જ્ઞાન ગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય;
ભલે મળ્યા મહેતા નરસૈંના સ્વામી, હેતે હરિના ગુણ ગાય.....જેને૦

卐

૧. બધાં જ તીર્થધામનું પુણ્ય  ૨. નિર્ણય  ૩. જ્ઞાન રૂપી ગંગા

## પદ-૩૩૨

(રાગ-પ્રભાતિયું)

મારા વા'લાજી તું તારા બિરદ સામું જો જે શામળા.....ટેક
અને ન જોઈશ કરણી અમારી રે;.....તું૦
અજામેલ અપરાધી ઓધાર્યો,[1] ગજગણિકાને તારી રે;
ત્રાગડે[2] ત્રાગડે ચીર જ પૂર્યાં, તો પત રાખી પાંડવા તારી રે.....તું૦
ઈંદ્રતણે અપરાધ રે અહલ્યા, તે શાપે શલ્યા[3] થઈ ભારી રે;
ચરણ છબ્યા[4] રઘુનંદન કેરા, તો ભર રે જોબન ભઈ નારી રે......તું૦

પ્રહ્લાદ કારણ થંભ ધગાવ્યો,[5] માંય પ્રગટયા છે દેવ મુરારિ રે,
હરિએ હિરણ્યાકંસને નખે વધાર્યો,[6] પ્રહ્લાદ પોતાનો જાણી રે......તું૦
અનેક ભકત તમે આગે ઓધાર્યા, ને ઓધાર્યા અધિકારી રે;
ભણે નરસૈંયો બેઉ કર જોડી, તો અમને છે આશ તમારી રે;.....તું૦

卐

૧. ઉદ્ધાર કર્યો ૨. તાંતણો ૩. શિલા-પથ્થર ૪. સ્પર્શ થતાં ૫. સળગાવ્યો-ગરમ કર્યો ૬. વધેરવું-મારી નાખવું

## પદ-૩૩૩

સારમાં સાર અવતાર અબળાતણો, જે બળે બળિભદ્ર વીર રીઝે;
પુરુષ પુરુષાતન શું કરુ ંહે સખિ, જેથી નહીં મારું કાજ સીજે.....સારમાં૦
મુકિત પર્યંત તો પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવકભાવ રાખે;
રસ ભર્યું રૂસણું નાથ નહોરાં[1] કરે, તે નહીં નાર અવતાર પાખે.....સારમાં
ઈંદ્ર આદિક અજ ઈશ ને મહામુનિ, ગોપિકા ચરણરજ તેહ વંદે;
ગોપીથી આપનું અધમપણું લેખવે, નરપણું વચ્ચે આપ નિંદે.....સારમાં
વેદ વેદાંત ઉપનિષદો ષટ્ મળી, જે મથીને રસ પ્રગટ કીધો,
તે રસ ભાગ્યનિધિ[2] ભામિની ભોગવે, અહોનિશ અનુભવ સંગ લીધો.....સારમાં૦
સ્વપ્નું સાચું કરે, ગિરિધર શામળો, પ્રણમું હું પ્રાણપતિ પાણિ જોડી;
પંથનું જેમ પશુ પૂંઠણ[3] વળગ્યું ફરે, નરસૈંયાના નાથજી નાથ તોડી.....સારમાં૦

卐

૧. કાલાવાલા ૨. અત્યંત ભાગ્યશાળી ૩. પાછળ

## પદ-૩૩૪

(પ્રભાતિયું, ખમાજ-ધુમાળી)

ભૂતળ[1] ભકિત પદારથ[2] મોટું, બ્રહ્મલોકમાં નાંહી રે,
પુણ્ય કરી અમરાપુરી[3] પામ્યા, અંતે ચોરાસી[4] માંહી રે.....ભૂતળ૦
હરિના જન તો મુકિત ન માગે, જન્મોજન્મ અવતાર રે;
નિત સેવા કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે.....ભૂતળ૦
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધનધન રે એના માતાપિતાને, સફળ કરી એણે કાયા રે.....ભૂતળ૦

ધન[૫] વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે;
અષ્ટ[૬] મહા સિદ્ધિ આંગણિયે રે ઉભી, મુકિત છે એમની દાસી રે.....ભૂતળ૦
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકદેવ જોગી રે;
કાંઈ એક જાણે પેલી વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે.....ભૂતળ૦

卐

૧. પૃથ્વીલોકમાં  ૨. પદાર્થ-ભકિત એક પદાર્થ અથવા ભકિત પદનો અર્થ મહાન છે એવો અર્થ પણ થઈ શકે  ૩. સ્વર્ગ- હોમ, હવન, દાન વગેરે સત્કાર્યથી પુણ્યની પ્રાપ્તિ થાય અને સ્વર્ગનું સુખ ભોગવવાનું મળે  ૪. તે સુખ પણ દુ:ખમાં પરિણમે ને ફરીથી જન્મ મરણના ફેરામાં પડવું પડે  ૫. ધન્ય  ૬. આઠ સિદ્ધિઓ

## પદ-૩૩૫
### (રાગ-પ્રભાતિયું)

બળિતણે દ્વારે હરિ, વિપ્ર[૧] વામન હુવા, વેદની ધૂન ગઈ ગગન ગાજી;
ઈંદ્રપ્રસ્થથી બળિ આવ્યો ઉતાવળો, જે રે જોઈએ તે દ્વિજ લ્યોને માગી......બ૦
એક પર્ણકુટિતણો, ઠામ ભણવા કરું, બોલવું તે મારે મૂળ સાચું;
વિપ્ર ફરે ઘણા, લોભના વરેલા, દાન માટે ઘણો હું ન રાચું;......બ૦
લ્યોને દ્વિજજી[૨] તમે, નવનવાં મંદિરો, ભૂમિ શું માગી રે ત્રણ ડગમાં ?
લ્યોજી ભંડાર બહુ કૂંચીઓ સહિત વળી, માગો હસ્તી મારા રાખો ઘરમાં......બ૦
હસ્તીભંડારને, હું લેઈ શું કરું, લોભિયાની નથી જાત મારી;
આગે વિધાતાએ, વામન નિરમ્યા, વ્રતે રહેવું મારે બ્રહ્મચારી.....બ૦
ચેતજે તું બળિ, શુક્ર કહે છળ પડયો, વિષ્ણુ એ વામન વેશધારી;
અશ્વજગન સમે, દાન અવની તણું, પાત્ર એવું કયાં મળે મુને મુરારિ.....બ૦
હરિતણા ચરણ ઉપર નીર નામતાં, નાળમાં[૩] ભૃગુસુત[૪] પેઠો ચાલી;
રીસ હૃદય ધરી, ઘણું ઘણું રાયજી, નેત્રમાં દર્ભની[૫] શેર[૬] ઘાલી.....બ૦
બાપડો બળિરાય, પગ તળે ચાંપિયો, પ્રભુ પાતાળનો કરીને થાપ્યો;
ભણે નરસૈંયો, હરિ ભકત આધીન છે, ઈંદ્ર અવિચળ અધિકાર આપ્યો.....બ૦

卐

૧. બ્રાહ્મણના વેશે  ૨. બ્રાહ્મણના બે જન્મ ગણાય- માતાના પેટે એક જન્મ ને યજ્ઞોપવિત થાય ત્યારે બીજો જન્મ તેથી દ્વિજ કહેવાય- બે જન્મવાળા  ૩. પાણી પડવાના કાણામાં  ૪. ભૃગુનો છોકરો મતલબ કે બલિરાજાના ગુરુ શુક્રાચાર્ય  ૫. દાભડાની  ૬. અણી

## પદ-૩૩૬
(રાગ-પ્રભાતિયું)

તું તારા બિરુદ સામું જોજે શામળા, ન જોઈશ કરણી હમારી રે.....ટેક
હિરણ્યકશ્યપુને તેં હાથે હણિયો, માસી પૂતના મારી રે.
પ્રહ્‌લાદ કારણ સ્થંભમાં વસિયા, પ્રગટયા દેવ મોરારિ રે.....તું તારા૦
લાખાગૃહમાં જેમ પાંડવ ઉગાર્યા,[1] બ્રહ્માંડ જવાળા વ્યાપી રે;
અર્ધવચને ગજ ગુણકા તારી, જયદેવને પદ્મિની આપી રે.....તું મારા૦
દુષ્ટ સભામાં જેમ ચીર જ પૂર્યાં, લાજ પાંચાળીની પાળી રે,
તેલકઢા જેમ શીતળ કીધી, વેળા સુધન્વાની વાળી રે.....તું તારા૦
ઋષિશ્વરે જેમ અહલ્યા શાપી, બ્રહ્મ[2] શલ્યા થઈ ભારી રે;
તે પણ તારે ચરણે રઘુવર, થઈ અનોપમ નારી રે.....તું તારા૦
મીરાંબાઈના વિખ અમૃત કીધાં, વિદુરની આરોગી ભાજી રે;
શબરીના તમે બોર જ પ્રાશ્યાં,[3] તેની પ્રીતે થયા રાજી રે.....તું તારા૦
અનેક ભકતને આગે ઉગાર્યા, સહાય થયા મોરારિ રે;
નરસૈંયાના સ્વામી લક્ષ્મીવર, મોટી ઓથ તમારી રે.....તું તારા૦

卐

૧. બચાવવા   ૨. મોટી અથવા વિશાળ   ૩. ખાધાં

## પદ-૩૩૭
(રાગ-પ્રભાતિયું)

પ્રાતઃસમે સૂર[1] ઉગ્યા પહેલાં, જો રે રસના[2] મુખ રામ કહે;
હાંરે હાંરે કૃષ્ણને તું ભજ નામે, જગતમાં તારું નામ રહે......પ્રાતઃ૦

રામનામનો મહિમા મોટો, શિવસનકાદિક ધ્યાન ધરે;
મેરુ[3] થકી મોટું હોય પ્રાયશ્ચિત,[4] નારાયણના નામે તરે.....પ્રાતઃ૦

કેસરી ધૂરે[5] જયમ મૃગ જ ત્રાસે, રવિ ઉગે જયમ તિમિર ટળે;
પૂરણબ્રહ્મ[6] અકળ અવિનાશી, કુબુદ્ધિના[7] તાપ તરત હરે.....પ્રાતઃ૦

કોટિ કલ્યાણ ફળ ઉદય ભાણે, પાપ બાપડું કયાં રે રહે ?
અધમ નીર ગંગામાં ભળ્યું ત્યારે, ગંગા સરખું થઈને વહે.....પ્રાતઃ૦

એ રસને શુકદેવજી જાણે, કોઈક વીરલા સંત લહે;
ભણે નરસૈંયો તમે પ્રભુ ભજીલો, આવાગમનનો ફેરો ટળે.....પ્રાતઃ૦

卐

૧. સૂર્ય ૨. જીભ ૩. મેરુ નામનો પર્વત ૪. પશ્ચાત્તાપ
૫. ગર્જનાથી ૬. પૂર્ણ બ્રહ્મ ૭. દુષ્ટ બુદ્ધિના

## પદ-૩૩૮
### (પ્રભાતિયું)

પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા, અહરનિશ[1] એને ગાઉ રે;.....ટેક
તપ તીરથ વૈકુંઠપદ મૂકી, મારા ભકત બોલાવે ત્યાં જાઉ રે.....પ્રાણ૦

અંબરીષ રાજા મને અતિ ઘણો વહાલો, દુર્વાસાએ મન ભંગ કીધું રે;
મેં મારું અભિમાન તજીને, ચક્ર સુદર્શન વાળી લીધું રે.....પ્રાણ૦

ગજને કારણ કૃપાળો રે ધાયો, સંતોની કરવા સાર રે;
ઉચનીચ હું તો કાંઈ ન જાણું, મને ભજે તે મારાં રે.....પ્રાણ૦

લક્ષ્મીજી અર્ધાંગના મારી, પણ મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે.....પ્રાણ૦

સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, સંત સૂએ તો હું જાગું રે;
મારા સંતની નિંદા કરે તેની, જિહ્‌વા[2] સદ્ય[3] જ કાપું રે.....પ્રાણ૦

મારા રે બાંધ્યાં વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યાં મેં નવ છૂટે રે;
એકવાર વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન મેં નવ તૂટે રે.....પ્રાણ૦

બેસી ગયા ત્યાં હું ઊભો સાંભળું, ઊભા ગાયત્યાં હું નાચું રે;
હું તો વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો, ભણે નરસૈંયો સાચું રે.....પ્રાણ૦

卐

૧. રાતદિવસ ૨. જીભ ૩. તરત જ

## પદ-૩૩૯
(પ્રભાતિયું)

નંદના નંદશું નેહ[1] જેને નહીં; તેરે માનવ ખર-શ્વાન[2] તોલે;
ભૂતળ ભાર હરવાને અવતર્યા, પ્રેતની[3] પેર સંસાર ડોલે.....નંદના નંદશું૦
દૃષ્ટિ થકી ટળો, ભોગ તેના બળો, શિળા પડો તેના મુખમાથે;
જીવતા જન તે તો જમ જેવા જાણવા, પ્રીત નહીં જેને કૃષ્ણ સાથે.....નંદના નંદશું૦
કીર્તિ શ્રીકૃષ્ણની, જીભથી નવ ભણે,[4] તેને મુખે દેવરાય તાળું,
ભણે નરસૈંયો જેણે હરિને જાણ્યા નહિ, તેહનું કુટુંબ સદાય કાળું.....નંદના નંદશું૦

卐

૧. પ્રેમ   ૨. ગધેડી-કૂતરાં   ૩. ભૂતની   ૪. કરે-મતલબ કે ભકિત ન કરે

## પદ-૩૪૦
(રાગ-વસંત)

ભોળી રે ભરવાડણ, હરિને વેચવાને ચાલી રે.....ટેક
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે.....ભોળી૦
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારિ રે,
નાથ-અનાથના ને વેચે, ચૌટા વચ્ચે આહીર નારી રે.....ભોળી૦
વ્રજનારી પૂછે શું છે માંહી, મધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા[1] સૌને લાગી રે.....ભોળી૦
બ્રહ્માદિક ઈન્દ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે;
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં[2] બેઠેલ દેખે રે;.....ભોળી૦
ભકતજનોના ભાગ્યે વ્રજમાં, પ્રગટયા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે......ભોળી૦

卐

૧. બે ભાન અવસ્થા અથવા ભાન રહેવું નહિ તે ૨. માટલીમાં-પ્રભુ અથવા તેમનું પરમ ચૈતન્ય એટલું બધું વિશાળ છે કે ચૌદ લોકમાં તે સમાય શકે નહિ. ગીતાના દસમા અધ્યાયને અંતે કહ્યું છે કે 'મારા એક જ અંશમાં વિશ્વ બંધુય રહ્યું'-આવા વિરાટ પ્રભુ ભકતને ખાતર ભકતની ઉચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરે છે ને માટલીમાં પણ દર્શન આપે છે.

## પદ-૩૪૧

(રાગ-વસંત)

સંતો હમે રે, વે'વારિયા[1] શ્રીરામનામના;
વેપારી આવે છે બધા ગામગામના.....સંતો૦
અમારું વસાણું[2] સાધુ સહુ કોને ભાવે;
અઢારે વરણ જેને હોરવાને[3] આવે.....સંતો૦
અમારું વસાણું કાળ-દુકાળે ન ખૂટે;
જેને રાજા ન દંડે, જેને ચોર ના લૂંટે.....સંતો૦
લાખ વિનાના લેખા[4] નહિને પાર વિનાની પૂંજી;
હોરવું હોય તો હોરી લેજો, કસ્તુરી છે સોંઘી.....સંતો૦
રામનામ ધન અમારે, વાજે ને ગાજે;
છપ્પન ઉપર ભેર,[5] ભોરિં[6] ભૂંગળ વાજે;.....સંતો૦
આવરીને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ;
ચિટ્ઠિમાં ચતુરભુજ લખિયા, નરસૈંયાનું કામ;.....સંતો૦

卐

૧. વેપારધંધો ૨. મિઠાઈનો પ્રકાર જેમાં ઔષધિનો ઉપગોય કરવામાં આવે છે. ૩. ખરીદ કરવા
૪. આંકડા ૫. નગારું ૬. મોટેથી

## પદ-૩૪૨

(રાગ-પ્રભાતિયું)

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ઘેનમાં[1] કોણ જાશે ?
ત્રણસે ને સાઠ[2] ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ?
દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેબરાં, કઢિયેલાં[3] દૂધ તે કોણ પીશે ?
હરિ તર્યો હાથિયો, કાળિનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે ?
જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે[4] ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝિયે, બૂડતા બાંહેડી કોણ સહાશે ?

卐

૧. ગાયો ચરાવવા ૨. ઘણા બધા ગોવાળ એવો ભાવ બતાવવાનો રૂઢિ પ્રયોગ
૩. ઉકાળેલાં અથવા ગરમ ૪. વગાડશે.

## પદ-૩૪૩

### (રાગ-પ્રભાતિયું)

રાત રહે જાહ રે, પાછલી ખટ[1] ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ એક તું એક તું એમ કહેવું.....રાત૦

જોગિયા હોય તેણે જોગ[2] સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.....રાત૦

સુકવિ હોત તેણે સદ્‌ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.....રાત૦

આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંયાના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી.....રાત૦

卐

૧. છ અથવા નિત્યકર્મ કરવા માટે સુયોગ્ય ગણાતી પાછવી રાત ૨. યોગ-ધ્યાનયોગ જેમાં જગતના પદાર્થ વિષયોમાં બહાર ભટકતા મનને અંતર્મુખ કરી પ્રભુની સ્મૃતિમાં જોડાવા પ્રયત્ન કરવામાં આવે છે.

## પદ-૩૪૪

### (રાગ-પ્રભાતિયું)

ઊઠ ઉતાવળો, ચાલ્ય ને વિઠ્ઠલા, ગોવિંદ ગાય ને વચ્છા[1] ધાવે,
જાગને જાદવા, જનની જસોદા વદે, કહાન કાં ઘવી તને નિદ્રા આવે.....ઊઠ૦

દંતધાવન[2] કરો, આળસ પરહરો, રજની તિમિર ગયું પોહ[3] ફાટયું;
કરમળો[4] કૂરને, શેન શીરાવતો, દહીં રે દામોદરા થાય ખાટું.....ઊઠ૦

બારણાં બહાર બળિભદ્ર ઊભા રહ્યા, જો રે વહાલા તારી વાટ જોયે;
નરસૈંના સ્વામીનું મુખડું દીઠડે, માતાનું મનડું અતિ મોહે.....ઊઠ૦

卐

૧. વાછરડો ૨. દાતણ કરો ૩. પ્રકાશ થવાની તૈયારી ૪. સાથવો

## પદ-૩૪૫

(રાગ-પ્રભાતિયું)

હરિ હરિ રટણ કર, કઠણ કળિકાળમાં, દામ બેસે નહિ કામ સરશે;
ભકત આધીન છે, શ્યામસુંદર સદા, તે તારાં કારજ[1] સિદ્ધ કરશે.....હરિ૦
અલ્પ[2] સુખ સારું શું, મૂઢ ફૂલ્યો ફરે, શીશ પર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની[3], ખબર તુજને નહીં, મૂઢ શું જોઈને મૂછ મરડે ?.....હરિ૦
પૌડ[4] પાપે કરી, બુદ્ધિ પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
ઈશને ઈર્ષા છે નહીં, જીવ પર, આપણે અવગુણે રહ્યો રે અળગો.....હરિ૦
પરપંચ પરહરો, સાર હૃદિયે ધરો, ઉચરો હરિમુખ અમળ વાણી;
નરસૈંયાના હરિતણી, ભકિત ભૂલીશ મા, ભકિત વિના બીજું ધૂળધાણી[5].....હરિ૦

卐

૧. મનોકામના  ૨. ક્ષણિક-થોડા સમયનું  ૩. ક્ષણની ઘડી પછી શું થવાનું તે આપણે જાણતા નથી  ૪. ગંભીર  ૫. નકામું

## પદ-૩૪૬

(રાગ-પ્રભાતિયું)

બાપજી ! પાપ મેં કવણ[1] કીધાં હશે, નામ લેતાં તારૂં નિદ્રા આવે;
ઊંઘ, આલસ્ય આહાર મેં આદર્યાં, લાભ વિના લવ કરવી મનભાવે.....બા૦
દિન પૂંઠે દિન તો વહી જાય છે, દૂરમતિના મેં ભર્યા રે ડાલા;
ભકિત ભૂતળ વિષે, નવ કરી તાહરી, ખાંડયાં સંસારનાં થોથાં[2] ઠાલાં.....બા૦
દેહ છે જુઠડી, કરમ છે જુઠડાં, ભીડભંજન તારું નામ સાચું;
ફરી ફરી વરણવું; શ્રી હરિ તુજને, પતિતપાવન તારું નામ જાચું[3].....બા૦
તારી કરુણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું[4] બળ ન ફાવે;
નરસૈંયા રંકને ઝંખના તાહરી, હેડ બેડી[5] ભાગો શરણ આવે.....બા૦

卐

૧. કેવાં  ૨. રસ વિનાના અથવા તો નિરર્થક વિષયો  ૩. માંગું  ૪. યુકિત પ્રયુકિતનું  ૫. જેલ બંધન

## પદ-૩૪૭ (રાગ-પ્રભાતિયું)

તારા દાસના દાસની નિત્ય સંગત્ વિના, ભ્રષ્ટ થાય ભૂધરા મન મારું;
દુષ્ટ સંગતે, દુષ્ટ મતિ ઊપજે, શ્રવણ કીર્તન નવ થાય તારું.....તારા૦
પૂર્ણ વિષપાનથી, દુરિજન દોહેલા, વિષ પીધું તેનું તન મરશે;
તુજ થકી વેગળા, તેહની સંગતે, જન્મ કોટી તણા, સુકૃત[1] હરશે.....તારા૦
અમૃતની ઉપમા સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્લાદ નારદે, ગર્ભસંગત કરી, વશ કર્યા વૈકુંઠનાથ જેણે.....તારા૦
ચતુરધાર મુકિત છે, જુજવી જુકિતની, તાહરા તે તેહને નવ રાચે;
બેઉ કર જોડીને, નરસૈંયો વિનવે, જન્મોજન્મ તારી ભકિત જાચે[3].....તારા

卐

૧. પુણ્ય  ૨. મુકિત ચાર પ્રકારની છે.  ૩. માંગે

## પદ-૩૪૮ (રાગ-પ્રભાતિયું)

ધ્યાન ધર, ધ્યાન ધર, નંદના કુંવરનું, જે થકી અખિલ આનંદ પામે;
અષ્ટમહાસિદ્ધિ[1] તે દ્વાર ઊભી રહે, દેહના દુષ્કૃત તે દૂર વામે.....ધ્યાન૦
મોરના પીંછાનો, મુગટ મસ્તક ધરે, કુંડળ મકારાકૃત શ્રવણ લટકે;
નીલવટ તિલક તે, સુભગ કેસરતણું, કંઠ મુકતાફળ હાર ઢળકે.....ધ્યાન૦
પીતાંબર પલવટ,[2] કટિતર[3] રુચિર છે, લલિત ત્રિભંગી વહાલો વેણું વાયે;
કદમના દ્રુમ તળે, રાધિકા રસ ભરી, હરજીને સંગ આલાપી ગાયે.....ધ્યાન૦
મોરલીની ધુન સૂણી, વનિતા વ્યાકુળ થઈ, ગોપિકા કેરડાં વૃંદ આવે,
નરસૈંયાને મન, આનંદ અતિ ઘણો, પુષ્પ મુકિતફળ લઈ વધાવે.....ધ્યાન૦

卐

૧. આઠ સિદ્ધિઓ  ૨. કેડે બાંધવાનો કટકો  ૩. કેડનો ભાગ

## પદ-૩૪૯ (રાગ-પ્રભાતિયું)

હરિતણું હેત તને કયમ ગયું વિસરી ? પશુ રે ફેડીને નરરૂપ લીધું,
હાડ ને છેડ કરી, સહુ તને હાંકતું, આજ વધારીને માન દીધું.....હરિ૦
ઘાંચીનું ગાળિયું, કંઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડયા;
તે તણા ચરણને, નવ ભજયો કૃતઘ્ની,[1] તેં ન ગુણ પાડના હાથ જોડયા.....હરિ૦

પત્ર ઠોકી કરી, માગતો મૂઢમતિ, ઘાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદગુણ ગાઈને નાચતા, લાજ આવે તને કર્મહીણા.....હરિ૦
લાંબી શી ડોક ને કાંકોલ[2] ચાવતો, ઉંટ જાણી ઘણો ભાર લાદે;
આજ અમૃત જામે, હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે.....હરિ૦
પીઠ અંબાડી ને અકુંશ માર સહી, રેણુ ઉડાડતો ધરણી હેઠો;
આજ ચુવા ચંદન આભ્રણ[3] અંગ ધરી, વેગે જાય છે તું વે'લે બેઠો.....હરિ૦
અન્ન ને વસ્ત્ર ને આભૂષણ સર્વ જે, તેહનો તુજ ને હતો ઉધારો;
નરસૈંયાના સ્વામીએ, સર્વ સારું કર્યું, તે પ્રભુને તમે કાં વિસારો ?.....હરિ૦

卐

૧. અપકારી- ઉપકારનો બદલો અપકારથી વાળે તે ૨. કાંટા-કાંટાવાળી વનસ્પતિ
૩. શણગાર

## પદ-૩૫૦
### (રાગ-પ્રભાતિયું)

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો[1] ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ[2] સરે, ઊગરે એક ઉદ્વેગ[3] ધરવો.....ટેક
હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો[4] ભાર જયમ શ્વાન[5] તાણે;
સૃષ્ટિ મંડાણ છે, સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા[6] કોઈક જાણે.....જે૦
નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દષ્ટે આવે નહિ, ભવન પર ભવન પર છત્ર દાખે.....જે૦
ઋતુ લતા પત્ર ફળફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ સોચે;
જેહના ભાગ્યમાં, જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.....જે૦
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન વચન કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.....જે૦
સુખ સંસારી મિથ્યા[7] કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું
જુગલ કર જોડી કરી, નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું.....જે૦

卐

૧. પસ્તાવો ૨. નહિ ૩. ચિંતા-દુઃખ ૪. ગાડાનો ૫. કૂતરો
૬. યોગસિદ્ધિ-યોગમાં નિષ્ણાત એવા સંત ૭. નકામું-બિનઉપયોગી

## પદ-૩૫૧

(રાગ-આસામાંડ-ઝપતાલ)

જયાં લગી આતમા તત્ત્વ[1] ચીન્યો[2] નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષી દેહ તારો એમ એળે ગયો, માવઠાની[3] જેમ વૃષ્ટિ વૂઠી[4].....જયાં૦
શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચન કીધે ?.....જયાં૦
શું થયું તપ ને તીર્થ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે ?
શું થયું તિલક ને તુળસી ધાર્યા થકી, શું થયું ગંગજળ પાન કીધે ?.....જયાં૦
શું થયું વેદ વ્યાકરણ વાણે વદે, શું થયું રાગ ને રંગ જાણે ?
શું થયું ખટદર્શન[5] સેવા થકી, શું થયું વરણના ભેદ આણે ?.....જયાં૦
એ છે પરપંચ સહી પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ[6] ન જોયો;
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન[7] વિના રત્નચિંતામણિ જન્મ ખોયો.....જયાં૦

卐

૧. એવો એક અવિનાશી પદાર્થ જેને જાણવાથી બધું જ જણાઈ જાય છે તે તત્ત્વ
૨. જાણ્યો ૩. શિયાળે-ઉનાળે વરસાદ થાય તેને માવઠું કહેવાય ૪. નુકસાનકારક
૫. છ શાસ્ત્રો જે દ્વારા બાહ્ય જ્ઞાન મેળવી શકાય ૬. પરમેશ્વર-આત્મા એ જ પરમેશ્વર છે
૭. આત્મદર્શન

## પદ-૩૫૨

ભકિત વિના જે જન જીવે, તે કયમ કહીયે માનવ દેહ રે ?
મન કર્મ વચને હરિ નવ સેવિયા, ભૂલ્યા ભવમાં ભટકે તેહ રે.....ભકિત૦

દશ માસ ઉદરે દુઃખ પામ્યો, કરતો ખર[1] ને ભાર રે;
દેહ ધરી હરિનો દાસ ન કહાવ્યો, તેની જનનીને ધિક્કાર રે.....ભકિત૦

વૈષ્ણવજન જેને નહીં વહાલા, તેહને ન હોય કૃપા નિર્ધાર[2] રે,
નરસૈંયાના સ્વામીની નિશ્ચય લીલા, બીજા વિવિધ ધર્મ વ્યભિચાર[3] રે.....ભકિત૦

卐

૧. ગધેડો ૨. નક્કી-ચોક્કસ ૩. આત્મજ્ઞાન કે તે વિશેની ભકિત સિવાય બધું જ માત્ર શબ્દવિલાસ છે. તે દ્વારા કલ્યાણ થતું નથી

## પદ-૩૫૩

વાસ નહીં જ્યાં વૈષ્ણવ કેરો, ત્યાં નવ વસીયે વાસડીયાં;[1]
શ્વાસોશ્વાસ હરિસ્મરણ ન કરે જો, શ્વાસ ધમણ કેરી શ્વાસડિયા.....વાસ૦
જીભલડી જપમાળા ન જપે તો, જીભલડી નહિ ખાસડિયા;
જનમ તેનો નહિ લેખોમાં, જે ન કહેવાય હરિ દાસડિયા.....વાસ૦
મોહનજીની માયા પાખે,[2] અવર માયા જેમ ફાંસડિયા;
ભણે નરસૈંયો ભારે મરી, માવલડી દશ માસડિયા.....વાસ૦

卐

૧. નીરસ સ્મશાનવત્ સ્થળ  ૨. સહાયક અથવા તો સરંક્ષક

## પદ-૩૫૪

રામસભામાં અમે રમવાને ગ્યા'તા, (૨)
પસલી[1] ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પાયો......ટેક
પહેલો પિયાલો મારા સદ્‌ગુરુએ પાયો, (૨)
બીજે પ્યાલે રંગની રેલી.....હરિનો રસ૦
ત્રીજો પ્યાલો મારા રોમે રોમે વ્યાપ્યો (૨)
ચોથે પ્યાલે પ્રભુજી જેવી.....હરિનો રસ૦
રસ બસ એકરૂપ થઈ રસિયા સાથે, (૨)
વાત ન સૂઝે બીજી વાટે.....હરિનો રસ૦
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે, (૨)
તે મારા મંદિરિયામાં મહાલે.....હરિનો રસ૦
અખંડ હેવાતણ[2] મારા સદ્‌ગુરુએ દીધાં, (૨)
અખંડ સૌભાગી અમને કીધાં.....હરિનો રસ૦
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, (૨)
દાસી પરમ સુખ પામી.....હરિનો રસ૦

卐

૧. ખોબો અથવા ખોબાના આકારનું એક લાકડાનું બનાવેલ વાસણ
૨. સૌભાગ્ય

## પદ-૩૫૫

(રાગ-રામકલી)

નીરખને ગગનમાં, કોણ ઘૂમી રહ્યો, તેજ હું તેજ હું શબ્દ બોલે;
શ્યામના ચરણમાં, ઈચ્છું છું મરણ રે, અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે...નીરખને૦

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી,[1] અનંત ઓચ્છવમાં[2] પંથ ભૂલી,
જડ ને ચેતન રસ કરી જાણવો, પકડી પ્રેમ સજીવન મૂળી...નીરખને૦

જળહળ જયોત ઉદ્યોત[3] રવિકોટમાં, હેમની કોર જયાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાના પારણામાંહી ઝુલે...નીરખને૦

બત્તી વિણ, તેલ વિણ, સુત્ર વિણ જો વળી, અચળ ઝળકે સદા અનળ[4] દીવો;
નેત્ર વિણ નીરખાવો, રૂપ વિણ પરખવો, જિહ્‌વાએ રસ સરસ પીવો...નીરખને૦

અકળ[5] અવિનાશી[6] એ, નવ જ જાએ કળ્યો[7] અરધ ઉરધની[8] માંહે મહાલે
નરસૈંયાનો સ્વામી, સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે...નીરખને૦

卐

૧. જાણી  ૨. ઉત્સવમાં-આનંદમાં  ૩. પ્રકાશ  ૪. આકાશમાં રહેલું એક કાલ્પનિક પંખી
૫. જાણી શકાય નહિ એવું  ૬. વિનાશી નથી એવું  ૭. જાણ્યો
૮. ઉપર નીચે આજુબાજુ બધે જ

## પદ-૩૫૬

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે[1] રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે...ટેક

પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ[2] થકી જીવ થયો એ જ આશે...અખિલ૦

વેદ તો એમ વદે, શ્રુતિ[3] સ્મૃતિ[4] શાખ દે, કનક કુંડળ વિષે ભેદ નો'યે
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા,[5] અંતે તો હેમનું હેમ હોયે...અખિલ૦

ગ્રંથ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મ વચનથી, આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે...અખિલ૦

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉ પટંતરો[૬] એ જ પાસે;
ભણે નરસૈંયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે...અખિલ૦

卐

૧. વિવિધ ૨. નિરાકારમાંથી સાકાર થનાર પરમાત્મતત્ત્વ ૩. ચાર વેદો જે સાંભળીને લખાયેલાં ૪. ત્યાર પછી યાદદાસ્તથી, ચિંતન મનન દ્વારા લખાયેલા આરણ્યકો, બ્રાહ્મણ-ગ્રંથો ને ઉપનિષદો જેવા શાસ્ત્રગ્રંથો સ્મૃતિ કહેવામાં આવે ૫. જુદા જુદા અનેક
૬. અંતરપટ

## પદ-૩૫૭
## (રાગ-આસામાંડ-ઝપતાલ)

જાગીને જોઉ તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા[૧] ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય[૨] વિલાસ તદ્રુપ[૩] છે, બ્રહ્મ[૪] લટકા[૫] કરે બ્રહ્મ પાસે..ટેક

પંચ મહાભૂત પરિબ્રહ્મ[૬] વિષે ઉપજયાં, અણુ અણુ માંહિ રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષના જાણવા, થડ થકી ડાળ તે નહિ રે અળગી..જાગીને૦

વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ નો'યે;
ઘાટ ઘડયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે..જાગીને૦

જીવને શિવ તો, આપ ઈચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ[૭] લોક કીધા;
ભણે નરસૈંયો એ, તે જ તું તે જ તું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યાં[૮]..જાગીને૦

卐

૧. વિચિત્ર ૨. ચેતનતત્ત્વ ૩. તદાકાર ૪. પરમાત્મતત્ત્વ ૫. લીલા
૬. પરમાત્મતત્ત્વમાંથી ૭. તલ, વિતલ, મહાતલ વગેરે સાત પાતાળલોક તથા ઉપરના સાત લોક મળી ચૌદ લોક ૮. સિદ્ધિ પામ્યા

## પદ-૩૫૮
## (રાગ-રામકલી)

ધન્ય ધન્ય રે જીવતર વૈષ્ણવનું, જયાં જોઈએ ત્યાં હરિગુણ ગાય રે;
ચૌદ લોકમાં પહેલી પૂજા, નરનારી તે વૈકુંઠ જાય રે.....ધન્ય૦

વૈષ્ણવ કેરાં કહું ગુણલક્ષણ, તિલક, છાપ ને તુળસીમાળ રે;
વૈષ્ણવ કેરો વેશ દેખીને, જમ કિંકર[૧] નીસ તતકાળ રે.....ધન્ય૦

જન્મ-મરણના ફેરા છૂટે, જમ જોખમથી રાખે અંગ રે;
સંસાર માંહે તે નર જીત્યા, જેને વૈષ્ણવ નિશદિન સંગ રે.....ધન્ય૦
ધ્રુવની દઢભકિતને જાણી, અવિચળ[2] પદવી આપી રે;
ભકત પ્રહ્લાદ ઉગારી લીધો, જન્મ જડાજડ કાપી રે.....ધન્ય૦
જે જન સાચો ભાવ જ રાખી, જપે શ્રી જગદીશ રે;
શરણાગત રાખે શામળિયો, કાપે સૌ કિલ્બિષ[3] રે.....ધન્ય૦
શ્રી દામોદર જેવા દાતા, જગમાં ન મળે કોઈ રે;
નરસૈંયો કે, નિશદિન જપીએ, સકળ કારજ સિદ્ધ હોઈ રે.....ધન્ય૦

卐

૧. દૂત ૨. દઢ-સ્થિર ૩. પાપ

## પદ-૩૫૯
## (રાગ-રામકલી)

તમારો ભરોસો મને ભારી રે, સીતાના સ્વામી,
તમારો ભરોસો મને ભારી....ટેક
રંક ઉપર વા'લો[1] ઢોળાવે, ભૂપને કીધા ભિખારી રે....તમારો૦
નખ વધારી હિરણ્યકશ્યપ માર્યો, પ્રહ્લાદ લીધો ઉગારી રે....તમારો૦
પાંડવોની વા'લે સહાય જ કીધી, લાખા[2] ભુવનમાં મેલી બારી રે....તમારો૦
ભલે મળ્યો મહેતા નરસૈંયાનો સ્વામી, નામ ઉપર જાઉ વારી....તમારો૦

卐

૧. પીંછાની શોભા કરી સેવા કરે મતલબ કે તેને ધનવાન બનાવી દે ૨. લાક્ષાગૃહ જે કૌરવોએ પ્રપંચથી પાંડવોને મારી નાંખવા રચેલું

## પદ-૩૬૦

વહાલો પ્રેમને વશ થયા રાજી રે, એમાં શું કરે પંડિત ને કાજી રે.....ટેક
કરમાબાઈનો આરોગ્યો ખીચડો, ને વિદુરની ખાધી ભાજી;
જૂઠા બોર શબરીના ખાધા, વહાલે છપ્પન ભોગ મેલ્યા ત્યાગી રે.....વહાલો પ્રેમને૦
વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા, ને કેળાં આણ્યા'તા માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવરાવી, વહાલે તોયે ન જોયું જાગી રે.....વહાલો પ્રેમને૦

ગણિકા હતી તે પોપટ પઢાવતી, ને તેમાંથી લેહ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા, એની સંસારની ભ્રમણા ભાગી રે...વહાલો પ્રેમને૦
ભકતની લોક નિંદા કરે, ને જગત થયું છે પાજી;[1]
ભલે મળ્યા નરસિંહના સ્વામી, માથે ગિરિધર રહ્યો છે ગાજી રે...વહાલો પ્રેમને૦

卐

૧. હલકું-નીચ

## પદ-૩૬૧
## (રાગ-પ્રભાતિયું)

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ[1] આળસી, જે થકી જન્મના દુઃખ જાયે;
અવર[2] ધંધો કરે, અરથ કાંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વહાયે.

સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખ પાર હોયે;
અવર વેપાર તું, મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મોંએ.

પટક માયા પરી,[3] અટક ચરણે હરિ, વટકમાં[4] વાત સુણતા જ સાચી,
આશનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી.

અંગ જોબન ગયું, પલિત[5] પિંજર થયું, તોય નથી લેતો શ્રીકૃષ્ણ કહેવું;
ચેત રે ચેત દિન ચાર છે લાભના, લીંબુ[6] લહેકાવતા રાજ લેવું.

સરસ ગુણ હરિતણા, જે જને અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે;
નરસૈંયા રંકને, પ્રીત પ્રભુશું ઘણી, અવર વેપાર નહીં ભજન તોલે.

卐

૧. ઓછી બુદ્ધિવાળો ૨. બીજો- જે કરવાનું તે નહિ કરે ને બીજું જ કરે
૩. સુંદરી ૪. બદલામાં-વધારામાં ૫. કરચલીવાળું-ઘરડું
૬. લીંબુ ઉછાળતા વાતો કરતા જઈએ ને આનંદ માણીએ તેવી રીતે પરમાત્માના મિલનનું સુખ મળે નહિ- આ કોઈ રમતની વાત નથી, મશ્કરીની વાત નથી-ગંભીર વાત છે.

## પદ-૩૬૨
### (રાગ-પ્રભાતિયું)

તારા દાસન ા ચરણની રેણુ મસ્તક ધરું, જે થકી કોટિ કલ્યાણ પામું;
નીરખતાં નેહશું નેત્ર અમૃત ઠરે, ભવતણા પાપ તે ક્ષણમાં વામું,[૧]...ટેક
ભકતને ભેટતાં કિલ્બિષ[૨] નવ રહે, જ્ઞાન દીપક થકી તિમિર નાસે;
ધન્ય ધન્ય ભાગ્ય જે સાધુ સંગત કરે, શ્રીકૃષ્ણ કીર્તન થકી કૃષ્ણ ભાસે...તારા૦
એક ક્ષણવાર જે સંતસંગત કરે, ધન્ય ઘડી જંતુની તેજ જાણો;
ભણે નરસૈંયો, ભવસાગર બૂડતાં, હરિજન નાવ નિશ્ચે પ્રમાણો...તારા૦

卐

૧. મટાડું  ૨. પાપ

## પદ-૩૬૩
### (રાગ-પ્રભાતિયું આસામાંડ-ઝપતાલ)

સમરને શ્રી હરિ, મેલ મમતા પરી,[૧] જો ને વિચારીને મૂળ તારું;
તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો? વગર સમજે કહે મારું મારું.....સમર૦
દેહ તારી નથી, જો તું જુગતે[૨] કરી, રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવનવા બહુ થશે, પુત્ર કલત્ર[૩] પરિવાર વહાયે.....સમર૦
ધન તણું ધ્યાન તું, અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા, કેમ ગયો વિસરી, હાથથી બાજી ગઈ થયો રે ખોટી.....સમર૦
ભરનિદ્રા ભર્યો, રંઘી ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં ન જાગે?
ન જાગતા નરસૈંયા, લાજ છે અતિઘણી, જનમોજનમ તારી ખાડ[૪] ભાગે.....સમર૦

卐

૧. સુંદરી  ૨. યુકિતપૂર્વક  ૩. પત્ની  ૪. ? ખો ભાંગે ?

## પદ-૩૬૪ (રાગ-પ્રભાતિયું)

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર,
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે;.....ટેક
દૂબળા ઢોરનું કુશકે[૧] મન ચળે,
ચતુરધા[૨] મુકિત તેઓ ન માગે.....પ્રેમરસ૦

પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહિ,
શુકજી સમજીને રસ સંતાડયો;
જ્ઞાન વૈરાગ્ય કથી ગ્રંથ પૂરો કર્યો,
મુકિતનો માર્ગ એવો દેખાડયો.....પ્રેમરસ૦
મારીને મુકિત આપી ઘણા દૈત્યને,
જ્ઞાન વિજ્ઞાની બહુ મુનિ રે જોગી;
પ્રેમને જોગવ્યો વ્રજતણી ગોપિકા,
અવર વિરલા તુજ ભકત ભોગી.....પ્રેમરસ૦
પ્રેતને મુકિત તો પરમ વલ્લભ[3] સદા,
હેતના જીવ તે હેત તૂટે;
જન્મોજન્મ લીલારસ ગાવતાં;
લહાણના વહાણ જેમ દ્વાર છૂટે.....પ્રેમરસ૦
મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવાતણો,
અવર બીજું હવે કંઈ ન ભાવે;
નરસૈંયો મૂઢમતિ ગાય એમ ગુણ કથી,
જતી સતીને તો સ્વપ્ને ય ના'વે.....પ્રેમરસ૦

卐

૧. ડાંગરમાંથી ચોખા ખાંડતી વખતે નીકળતો ભૂકો ઢોરને માટે વપરાય છે
૨ ચાર પ્રકારની મુકિત
૩. પ્રિય-વહાલી

## પદ-૩૯૫

ઓ ભાઈ રે શાંતિ પમાડે, તેને તો સંત કહીએ;
એના દાસના દાસ થઈ રહીએ રે.....ટેક

વિદ્યાનૂં મૂળ મારા ગુરુએ બતાવ્યું, ત્યારે મહેતાનો માર શીદ ખઈએ ?
કીધા ગુરુજીને બોધ[1] નવ આપે, ત્યારે તેના ચેલા તે શીદ થઈએ ?.....ઓ ભાઈ રે૦

વૈદની ગોળની ખાતાં દુ:ખ નવ જાય, ત્યારે તેની ગોળી કેમ ખઈએ ?
લીધા વળાવા[2] ને ચોર જયારે લૂંટે, ત્યારે તેની સોબતે શીદ જઈએ ?.....ઓ ભાઈ રે૦

કલ્પવૃક્ષ[3] સેવીયે ને દારિદ્રય ઊભે, ત્યારે તેની છાયામાં નવ રહીએ;
રાજાની નોકરીમાં ભૂખ નવ ભાગે, ત્યારે તેની વેઠે તે શીદ જઈએ ?.....ઓ ભાઈ રે૦
નામ અમૂલ્ય મારા ગુરુએ બતાવ્યું છે, ને તે તો ચોટયું છે મારા હૈયે;
મહેતા નરસૈંયાની વાણી છે સારી, તો શામળાને શરણે જઈએ !.....ઓ ભાઈ રે૦
માટે તમો માયા તજી, થાઓને જ્ઞાની;
નરસૈંયાનો સ્વામી સાચો, દુનિયા બની જાયે દીવાની

卐

૧. જ્ઞાન-ઉપદેશ ૨. પ્રેમને બહાને મૂકવા આવનાર ૩. મનોકામના પૂર્ણ કરનાર વૃક્ષ

## પદ-૩૬૬ (રાગ-દેશાખ)

સંસારનો ભય નિકટ ન આવે, શ્રીકૃષ્ણ ગોવિંદ ગોપાળ ગાતાં;
ઉગર્યો પરિક્ષત શ્રવણે સુણતા, તાલ વેણા વિષ્ણુના ગુણ ગાતાં.....સંસાર૦
બાલક ધ્રુવ દૃઢ ભકત જાણી, અવિચળ પદવી આપી
અસુર પ્રહ્લાદને ઉગારી લીધો, જનમજનમની જડતા કાપી.....સંસાર૦
દેવના દેવ તું કૃષ્ણ આદિ દેવા, તારું નામ લેતાં અભેપદ[1] દેતા;
તે (મ) તારા નામને નરસૈંયો નિત્ય જપે, સારકર સારકર-વિશ્વખ્યાતા.....સંસાર૦

卐

૧. મુકિત-જન્મમરણના ભય જયાં નથી એવી અવસ્થા

## પદ-૩૬૭

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બાંધી પાંજરૂં, મુખે રામ જપાવે.....પઢો રે૦
પોપટ તારે કારણે, લીલા વાંસ વેડાવું,
તેનું ઘડાવું પોપટ પાંજરૂં, હીરે રતને જડાવું;.....પઢો રે૦
પોપટ તારે કારણે, શી શી રસોઈ બનાવું;
સાકરના કરી ચૂરમાં, ઉપર ઘી પીરસાવું.....પઢો રે૦
પાંખ પીળીને પગ પાંડુરા,[1] કોટે કાંઠલો કાળો
નરસૈંયાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો.....પઢો રે૦

卐

૧. ફિક્કું-લોહી વિનાનું

## પદ-૩૬૮

કૃષ્ણ કહો કૃષ્ણ કહો, આ અવસર છે કે'વાનું;
પાણી તો સર્વે વરસી જાશે, રામનામ છે રે'વાનું.....કૃષ્ણ૦
રાવણ સરખા ઝટ ચાલ્યા, અંતકાળની આંટીમાં
પલકવારમાં પકડી લીધા, જાણો જમની ઘાંટીમાં[1].....કૃષ્ણ૦
લખસરી લાખો લૂંટાયા, કાળે તે નાખ્યા કૂટીને;
ક્રોડપતિનું જોર ન ચાલ્યું, તે નર ગયા ઉઠીને.....કૃષ્ણ૦
એ કહેવાનું સૌને કહીયે, અંતર તાળી[2] લાગી રે;
ભણે નરસૈંયો ભજતાં પ્રભુને, ભવની ભાવટ[3] ભાગી રે.....કૃષ્ણ૦

卐

૧. ખીણનો મુશ્કેલીભર્યો સાંકડો માર્ગ  ૨. લગની  ૩. જંજાળ

## પદ-૩૬૯

દેવા ટેવ પડી તૂજને, દીન પ્રતિપાળવા, કંથ કમલા રહો સંત સામે;
લાડ પાડી તેનો પાડ શો માનીએ ? હાથ જમણો વળે મુખ સામે.
ગજ તણી વહારે, તું ગરુડ ચડી ધસ્યો, ગ્રાહના[1] મુખ થકી તે ઉગાર્યો;
ધાયો નારાયણ નામ લેતાં વિષે, અધમ ગુણકા અજામેલ તાર્યો.
દ્રૌપદી કેરી લાજને કારણે, દ્વારકાથી આવ્યો એક શ્વાસે;
પાંચ પાંડવ તણી લાજને કારણે દૂત થઈને ગયો દુષ્ટ[2] પાસે.
ઈંદ્રની કામધેનું, કોડ કરતી રહી, ગોપીનું ગોરસ ચોરી પીધું;
શબરીના બોરમાં સ્વાદ ઝાઝે જડયો, ઋષિ તણા વૃંદમાં[3] માન દીધું.
ભૂપનું નોતરું ભાવ વિના રહ્યું, પ્રેમનું પારખું પ્રઘલ કહાયો;
એક પત્ર કરી જગત તરપત કર્યું, ભાજીને ભોજને તું ધરાયો.
ભકતની ઝૂંપડી, જગતની ચાકરી, દાસ ચંદ્રહાસને સદ્ય ઉગાર્યો;
સુતદેવનું સન્માન રાખ્યું ઘણું, જનકના ભુવનથી સદ્ય સધાર્યો.
એવા વરદાતા હરિ, બહુ સંત ગાયે ફરી, સહુના વચન વિઠ્ઠલા વેદ વાણી;
નરસૈંયા રંકને, ઝંખના તાહરી, કૃપા કરોને મુને દીન જાણી.

卐

૧. મગરના  ૨. ખરાબ  ૩. ટોળામાં-સમૂહમાં-સમાજમાં

## પદ-૩૭૦

વૈષ્ણવ જનને વિરોધ ન કોઈશું, જેના કૃષ્ણેચરણે ચિત્ત રહ્યાં રે;
કાવાદાવા સર્વે કાઢયાં, શત્રુ હતા તે મિત્ર થયા રે.....વૈષ્ણવ૦

કૃષ્ણ ઉપાસી[૧] ને જગથી ઉદાસી, ફાંસી તે જમની કાપી રે;
સ્થાવર જંગમ ઠામ[૨] ન ઠાલો, સઘળે દેખે કૃષ્ણ વ્યાપી રે.....વૈષ્ણવ૦

કામ કે ક્રોધ વ્યાપે નહિ કયારે, ત્રિવિધ તાપ જેના ટળિયા રે;
તે વૈષ્ણવના દર્શન કરીયે, જેના જ્ઞાને તે વાસનિક[૩] ગળિયા રે.....વૈષ્ણવ૦

નિઃસ્પૃહી[૪] ને નિર્મળ[૫] મતિ વળી, કનકકામિનીના ત્યાગી રે;
શ્રીમુખ વચનો શ્રવણે સુણતા, તે વૈષ્ણવ બડભાગી રે.....વૈષ્ણવ૦

એવા મળે તો ભવદુઃખ ટળે, જેનાં સુધા સમાન વચન રે;
નરસૈંયાના સ્વામીને નિશદિન વહાલા, એવા તે વૈષ્ણવજન રે;.....વૈષ્ણવ૦

卐

૧. ઉપાસના કરીને  ૨. જગ્યા-અણુએ અણુમાં કૃષ્ણ ચૈતન્ય વ્યાપીને રહેલું છે તેથી કોઈ જગ્યા ખાલી નથી  ૩. બધી જ વાસનાઓ  ૪. ઈચ્છા રહિત  ૫. શુદ્ધ

## પદ-૩૭૧

કૃષ્ણ કીર્તન વિના સદા સૂતકી-વિમળ[૧] કીધે વપુ[૨] શુદ્ધ ન થાયે
સકલ તીરથ શ્રીકૃષ્ણ કીર્તન કથા, હરિતણા દાસ જયાં હેતે ગાયે
-કૃષ્ણ કીર્તન વિના

પૂર્ણ પુરુષોત્તમ નવલરંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે,
કોટિ ચિંતામણી કામધેનુ તજી, મહિષીના પુત્રનું દૂધ દોહે.
-કૃષ્ણ કીર્તન વિના

ગર્ગ જોષી જશ ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે;
તે બ્રહ્મદ્વાર[૩] આવીને ઊભા રહ્યાં, ગોપિકા મૂખ જોવાને ઢૂંઢે
-કૃષ્ણ કીર્તન વિના

અજભવ સુરપતિ સ્વપ્ને પેખે નહીં, નેતિ નેતિ કહીં નિગમ વામે[૪]
નરસૈંયો રંક જશ ગાઈને રીઝવે, સહસ્ર મુખે શેષ પાર ન પામે
-કૃષ્ણ કીર્તન વિના

卐

૧-૨. સગપણ માટેની યોગ્ય વિધિ-મતલબ કે પ્રભુ સાથે સગાઈ કરતા પહેલાં શુદ્ધ વ્યવહાર કરવો અનિવાર્ય છે  ૩. મુખ્ય દ્વારે  ૪. છોડે મતલબ કે જેનું વર્ણન શાસ્ત્રો નેતિ નેતિ એટલે 'આ નહિ, આ નહિ' એવી નકારાત્મક પદ્ધતિ બતાવી વર્ણન કરવાનું છોડી દે છે

# દેવગંધાર પ્રભાત

## પદ-૩૭૨

કયાં રમ્યા રજની રસીઆ, કયાં રમ્યા રજની; રે;
આણી વેળા ત્રિકમજી પધાર્યા, તારું લંપટપણું તજની રે.....ટેક
આજનું સુખ સહુ કોને આપ્યું, પૂછે સૌ સજની રે;
સૂર્ય ઉગ્યો સૌ સાધન સાધે, ભજન કરે ભજની રે.....૧
નરસૈંયાના સ્વામી છેલ છબીલા, ચાલ ચાલે ગજની રે
કયાં રમ્યા રજની રસીઆ, કયાં રમ્યા રજની રે.....૨

卐

## પદ-૩૭૩

મોગરીએ છાયો મંડપડો, મોગરીએ છાયો મંડપડો;
રાધીકાની સંગે શ્યામળિયો, રંગ ભરી રમી આવ્યો રે ભુદરજી.....ટેક
વૃન્દાવનમેં વિઠ્ઠલ શું ભયો, ગોપી હસી હસી દે તાળી;
પીતામ્બરની પલવટ[૧] વાળી, પહેરાવી સાડી રે.....૧
પૂર્વે પુણ્ય કરી એ વર પામી, પામી એ વર રસ રૂડો;
નરસૈંયાના સ્વામી સંગે રમતા, અખંડ હુવો ચુડો રે.....૨

卐

૧. કેડે બાંધવાનો છેડો

## પદ-૩૭૪

શાને હીંડો[1] ભમતા રે ભૂધરજી, શાને હીંડો ભમતા રે;
પ્રીત વિના પરઘેર નહિ જઈએ, અમસ્તા ને અણગમતા રે. ભુધરજી.....ટેક
મન માન્યા દધી માખણ આપું, શાને નથી જમતા રે;
વૃન્દાવનની માર્ગે જાતાં, ગોપીઓને દમતાર રે.....૧
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, શાને ભળ્યા ભમતા રે;
શાને હીંડો ભમતા રે ભુધરજી, શાને હીંડો ભમતાં રે.....૨

卐

## પદ-૩૭૫

ઘેલી કીધી રઘુનાથે બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે રે,
નીર જમુનાના ભરવાને જાતી, ઘડુલો ચઢાવ્યો હરિએ.....હાથે રે.....ટેક
શેરીએ શેરીએ ફુલડાં વેરાવું, મોરલી બજાવી હરિએ હાથે રે;
તોડલે તોડલે તોરણ બંધાવું, મંગલ ગવડાવું સારી રાત રે.....બાઈ મને.....૧
વૃન્દાવનની કુંજ ગલિનમેં, પાલવ ગ્રહ્યો[1] હરિએ હાથ રે,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર ના ગુણ, પ્રગટ ભયો પ્રભાતે રે.....૨

卐

૧. પકડયો

## પદ-૩૭૬

(દેવગંધાર પ્રભાત)

સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી રે;
સુની મઢૂલીમાં જૂએ રઘુનંદન, શય્યા સુની પડી રે.....ભોળા.....ટેક
નહિ જાણું હિરણ્યા કંસ હણી ગયો, ન જાણું ભૂમિએ ગળી રે;
વનવગડામેં રહે એક જોગી, બેઠો છે ધ્યાન ધરી રે.....૧
જોગીને વેશે રાવણ આવ્યો, છેતરી સીતા હરી રે;
લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારું ફરી રે.....ભોળા.....૨
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, લઈ ગયો હરણ કરી રે;
સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી રે

卐

## પદ-૩૭૭

ભૂલી મોતીનો હાર જમુના ને તીર, ભૂલી મોતીનો હાર;
એક મોતી મારે લક્ષ કરોડનું, પરોવું સોના તારે રે.....ટેક
સાસુ અમારી સઘળે સંતાપે, નણંદી દેશે ગાળ રે;
જેઠ અમારા યુકિતએ રાખે, દિયર પાડે પોકાર રે.....૧
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ઉતાર્યા ભવપાર રે;
ભૂલી મોતીનો હાર જમુના ને તીર, ભૂલી મોતીનો હાર.....૨

卐

## પદ-૩૭૮

જમુનામેં જઈ પડયો કનૈયો મારો, જમુનામેં જઈ પડયો રે;
જમુનાજીમેં ઘણું જલ શીતલ, પડતાં કાંઈ ન ડર્યો રે.....કનૈયો.....ટેક
પેઠે પાતાળ કાલિનાગ નાથ્યો, ફેણ પર નૃત્ય કર્યો રે.....કનૈયો.....૧
પકડી મંગાવું સૌ ગ્વાલ[૧] મંડલી, પડતા કર્યો ન કર ધર્યો રે.....કનૈયો.....૨
નરસૈંયાના સ્વામી નાગ લાવ્યા નાથી,[૨] વ્રજમેં આનંદ ભયો રે.....કનૈયો.....૩

卐

૧. ગોવાળિયાની ટોળી  ૨. નાથ પહેરાવી

## પદ-૩૭૯

(પ્રભાત-આરતી)

આરતી હો નાથ નિરંજન રાયકી,
સુરત[૧] કરી લ્યો ગગન મંડલમેં[૨] જાય હો.....ટેક
ચેતન[૩] કુંચી અચેતન તાલા,[૪] શંકા સકલ ઝરાઈ હો.....૧
અલેખરાય સન્મુખ સેવક, બ્રહ્મકો પાઠ લગાઈ હો.....૨
પ્રેમગીત ભરાભર થાળી, બાતી વિરહ લગાઈ હો.....૩
ગગન મંડલમેં ભયા અજવાળાં, પાંચ પતંગ[૫] જલ જાઈ હો.....૪

અનહદ શબ્દ[૬] ઉમંગ હી મૃદંગ, ધીરજ ઘંટ બજાઈ હો.....૫
દાસ કબીર પરમ પદ વંદે માંગુ અખંડ પસાઈ[૭] હો.....૬

卐

૧. મનની વૃત્તિઓ ૨. ઊંચે સહસ્રાર ચક્રમાં-શરીરમાં છ ચક્રોની કલ્પના કરવામાં આવી છે. મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને આજ્ઞા. આજ્ઞાચક્રની ઉપરને ભાગે સહસ્રાર ચક્ર આવેલું છે. ત્યાં ધ્યાનયોગ કરી મનને સ્થિર કરવા પ્રયત્ન કરો. ૩. ચેતન તત્ત્વનો ૪. અચેતન શરીરમાં થશે ત્યારે ૫. પાંચે ઈન્દ્રિયોની મલિનતા ૬. ધ્યાનયોગ કરતી વખતે સંભળાતો ધ્વનિ
૭. કૃપા

## પદ-૩૮૦
### (પ્રભાત-આરતી)

આરતી શ્રી જગન્નાથ મંગલા કરી, પરસત[૧] ચરણાવિંદ આપત હરિ.....આરતી.....૧
ધનનન ધનનન ઘંટ બાજે, બેન બાંસુરી, બાજત મૃદંગ તાલ નાદ ખંજરી.....આરતી.....૨
દીપકજ્યોત ઝગમગે શ્રી કંચનાપુરી, નવબાતી અગરતેલ પાવક જલે;
ઈન્દુ ગવન સિંધુ ગાજે રોયણ, કરી, મારકુણ્ડ શ્વેત ગંગા આનંદ ભરી.....આરતી.....૩
ગરુડ ખંભ શંખનાદ જાગા ભરી, હીરા મોતી રત્નજડિત જ્યોત જડી,
એકનામ ચૌદ ભુવન વ્યાપક કરિ, રાય ને રંક અરૂ કાહેકો ડરી.....આરતી.....૪
સુરિનય મુનિવર દ્વારે ઠાડે, બ્રહ્મા વેદ ઓચરે;
ધનધન રઘુ સુર આજકી ઘડી, આરતી શ્રી જગન્નાથ મંગલા કરી....આરતી.....૫

卐

૧. સ્પર્શ કરી

## પદ-૩૮૧

આરતી ગોપાલ રાયકી કરો હો સંત લોલાઈ.....ટેક
મનકર ઘૃત કાયાકર થાળી, બ્રહ્મ અગ્નિ કર બાતી;[૧]
પાંચ તત્ત્વ લઈ દીપક જોડયો, જલે અખંડ દિનરાતી.....૧
ચિત્તકર ચંદન ધ્યાન સુગંધ, અનહદ ઘંટ બજાઈ;
અજંપા ધુની પાવધર ભોજન, મનષા ભોગ લગાઈ.....૨

ચમર સૌ પવના એકતારા સોગવના, નામકો પાઠ લગાઈ;
ભીતર દ્વાર પુંજ પરમેશ્વર, આતમ પુષ્પ ચઢાઈ.....૩
શંખ શબ્દ વ્રેહ[2] ધુની ઉપજે, અનહદ બાજે બેના,[3]
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર નારદ, સકલ સંત લોલીના.....૪
દુષ્ટ નિકંદન સુરિનર વંદન, સંતોને પ્રાણાધાર;
કહે કબીર ભક્તિ માંગુ, આવાગમન નિવારા.....૫

卐

૧. દિવેટ ૨. વિરહની ધૂન ૩. વીણા જેવો નાદ-ધ્યાનયોગ કરનારને દસ પ્રકારના નાદ સંભળાય છે તેમાંનો એક નાદ

## પદ-૩૮૨

શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે, શંકર સનકાદિક આદિ એહી રંગ પીજે;.....ટેક
અર્ધ્ય થાલ બિમલ માલ, પંચ બાતી ઝારી
તનમન નીજ પરહેરો, સોહાઈ[1] વેદ વારિ-શ્રી રામમંત્ર.....૧
અખંડ જયોત બિમલ મોત, વ્રેહ દિનરાતી;
આરતી રામરાયજી કી, કીજે પ્રભાતી.....શ્રી રામમંત્ર.....૨
કહે કબીર સમર ધીર, મન એસે લોલાઈ;[2]
ચરણ ટેક રઘુવીરજી કી, નિર્ભય પદ પાઈ.....શ્રી રામમંત્ર.....૩

卐

૧. સોહી રહી ૨. લીન થતાં

# બિલાવલનાં પદો

## પદ-૩૮૩

તુમ જો દયાલ મોંસે બહુત કરી રે.........................ટેક
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું ના સર્યો રે.....૧
ગર્ભવાસ નવમાસ ઉંધે મુખ, ત્યાં ન મેરી સુધ[1] વિસરી રે;
જઠર અગ્નિમેં રાખ લિયો હૈ, કંચન સે મેરી દેહ કરી રે.....૨
કહાઁ લગી કહું અપરાધી જનમકો, આદિઅંત મોં સે બિગડી રે;
તુલસીદાસ પતિત તુમ પાવન, આ બાનેકી[2] લાજ પડી રે.....૩

卐

૧. ભાન ૨. વચનની

## પદ-૩૮૪

રામ કહો પિંજર કે સુવા[1]......................ટેક

અજહુ ખબર પડત નહિ અંધે, ધંધો કરતા સકલ જગ મુઆ.....૧

ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ નિશ્ચલ નહિ હુઆ;

અંતકાલ, રિપુ હો તમ જયારે, હાર ચલ્યો જૈસે જુહારી[2] જુહા.....૨

આશા નીજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજલ કુઆ;

કહે કબીર જેણે હરિ રસ લીધો, વોહી કે મુખ અમૃત ચુઆ.....૩

卐

૧. પોપટ ૨. જુગારી

## પદ-૩૮૫

તુમ મેરી પ્રભુતા બહુત કરી રે................................ટેક

મહા પતિત આયો શરણાગત, નીચ દશા લઈ ઉચ ધરી રે.....૧

જન્મ મરણ સંતાપ આપદા, તુમ પરસત મેરી સબ હરી રે;

અષ્ટસિદ્ધ નવનિધિ મુકિત આદ દેહી, કરજોડી રહી દ્વારે ખડી રે.....૨

તીન લોક ઔર ભુવન ચર્તુદશ, વેદ પુરાણે સહી પડી રે;

સુરદાસ અપને ભકતન કો, દેત પરમ સુખ ઘડી રે ઘડી.....તુમ.....૩

卐

## પદ-૩૮૬

રામ ભજન સે કુશલ પડી રે.............ટેક

નહિતર દુત ફાડ મોહે ખાતે, બાટ લેત જમ ડરે રે ડરી.....૧

લેખાં ચોખાં[1] સબ કર ડ ાર્યા, જા દિન તેં હરિ ભકિત કરી રે;

જીવન મુકત ભયે જા દિન, તા દિન હરિ ભકિત કીની રે.....૨

બલ બલ જાઉ મેં સંત સંગતકી, જેણે સંગત મેરી કુબુદ્ધિ હરી રે;

દાસ મલુકો રામગુણ ગાવે, રટ રહૈ પલ ઘડી રે ઘડી.....૩

卐

૧. લૌકિક વિધિવિધાન-મતલબ કે પ્રભુની ભકિત કરનારને અન્ય વિધિવિધાનની જરૂર નથી

## પદ-૩૮૭
(રાગ-બિલાવલ)

મત જાનો ગૃહે રૂડો રે, મત જાનો ગૃહે રૂડો રે.....ટેક
કંચન કલશ સમાર્યો જતન કરી, ભાવ ભકિત વિના કુટો રે.....૧
ઈન ગૃહે જ્ઞાન હર્યો સબન કો, પડયો ન કાહું પૂરો રે;
રાજા રંક છત્રપતિ ભૂપતિ, અંતે ભશ્મ કો ચુરો રે.....૨
સબ તેં કીની સંત મંડલીઆ, હરિ ભકતન કો ભેળો રે;
ગોવિંદ કે ગુણ બૈઠ હી ગાવે, પાવત ટુંકો[1] ઢેલો રે.....૩
એહી વિધ જાન જપો જુગજીવન, જમશું તનખા તોડો રે;
કહે કબીર રામ ભજન કો, એકલ વિરલો શૂરો રે.....૪

卐

૧. સરળના અર્થમાં

## પદ-૩૮૮

જાનકી પરમ સુહાગ ભરી રે, જાનકી પરમ સુહાગ[1] ભરી રે.....ટેક
એકવ્રતનું વ્રત લિયો હૈ, રઘુવર પ્રેમકી છાપ પડી રે;
સહેજ શું ભાવ પુછે સખી રે, સિયા તેં તપસ્યા કોની કીધી રે.....૧
પુરણ બ્રહ્મ અખિલ અવિનાશી, રઘુકુલ રામ રાયે વસ રે;
દશરથ સુત કૌશલ્યા નંદન, દેખ તન સુધ વિસરી રે.....૨
તુલસીદાસ શરણ તેરે આયો, જાનકી સુકૃત[2] ફલ વેલ ફુલી રે,
જાનકી પરમ સુહાગ ભરી રે, જાનકી પરમ સુહાગ ભરી રે.....૩

卐

૧. સોભાગ્ય        ૨. પુણ્ય

## પદ-૩૮૯

રામનામ વિના ના છૂટે મલ,[1] તીર્થ કોટિ કરે દિનવ્રત;
પિંડ પખાળ[2] મિલે જલહી થલ, રામનામ વિના ના છૂટે મળ.....૧
સાત દ્વીપ નવખંડ પૃથ્વી, પરિકમ્મા જો પલહી પલ;
વિદ્યા વેદ પુરાણ પાઠ કરી, પંડિત ભૂલે પઢી અક્ષર અક્ષર.....૨

જંત્ર મંત્ર સબ આન ભરોસા, વિના ભગવંત ભયો કિસકો ભલો;
માધવદાસ અનન્ય ભકિત વિના, મિથ્યા વાદ[3] સકલ બુદ્ધિ બલ.....૩

卐

૧. વાસનાજન્ય સંસ્કારોની અશુદ્ધિ ૨. ધોઈ ૩. પ્રભુની જ ભકિત કરવી અન્યની નહિ તે અનન્ય ભકિત-તે સિવાયની વાત નકામી ગણાય

## પદ-૩૯૦

ચરણકમલ તજી અવર કયાં જાઉં, મહાપતિત[1] આયો શરણાગત;
પતિત પાવન પ્રભુ તું મેરા નવ થાઉં, ચરણકમલ તજી અવર કયાં જાઉં.....ટેક
તન પછાડ પ્રબલ[2] ઓટ લીનો, ક્રોધ જયાં જઈ સમાઉં;
જે જે દિન ગયે રામભજન વિના, સો દિન સુમર સુમર[3] પસ્તાઉં.....૧
પ્રેમાનંદના સ્વામી સુખ સાગર, શ્યામસુરત કી મૈં બલ બલ[4] જાઉં;
મહાપતિત આયો શરણાગત, ચરણકમલ તજી અવર કયાં જાઉં.....૨

卐

૧. ખરાબ રીતે પતન પામેલો ૨. વિશેષ બળવાળી ૩. સ્મરણ-યાદ કરીને

## પદ-૩૯૧

(રાગ-બિલાવલ)

અમર દેવ મોરારિ રે, અમર દેવ મોરારિ હો;
કંઠ લગી જલમેં[1] ખડી હું, ઠંડી લગત હૈ ભારી રે.....ટેક
લઈ અમર કદમ ચઢ બૈઠે, હમ હી જલમેં ઊભી રે;
ચંદ્ર હી દેખે સૂરજ હી દેખે, તુમ દેખો ગિરધારી રે.....૧
જૈસે તેડી તૈસે ચલી આઈ, અબ રાખો લાજ અમારિ રે;
મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, તુમ જીતે અમૈં હારિ રે.....૨

卐

૧. પાણીમાં

### પદ-૩૯૨

જન્મ પદારથ બાદ જાત રે, જન્મ પદારથ બાદ જાત રે,
સુમરન ભજન કરો કેશવકો, જબ લગી મુખડે ગલિત વાત રે.....ટેક
એ સબ સંગી દિવસ ચારકે, ધન દારા સુત પિતા માત રે;
બિછુડન મિલન બહોર[1] નહિ પૈઈએ જ્યોં તરુવર ખરે પાન રે.....૧
અબ કૈસે હરિનામ જ લેંગે કંઠ રૂધંત કફ પીતકી વાસ રે;
કાલ આયે તન હરો હેરી,[2] આયે અચાનક કરે ઘાત રે.....૨
અજહુ ચેત અલ્પમતિ[3] બહો રે, તજી અમૃતફળ વિષહી ખાત રે;
વિદ્યાદાસ આશ પડી પુરાણ, શ્રી ગોપાલ કે રંગહી રાચ રે.....૪

卐

૧. વારંવાર ૨. જોઈને ૩. ઓછી અક્કલવાળો

### પદ-૩૯૩

કહાં જો ભયો મુખે રામ કહ્યો, કહાં જો ભયો મુખે રામ કહ્યો;
જૈસે મંત્ર ભોરિંગ વશ કીનો, અંતરકો વિષ નાહિ ગયો.....૧
છાપા તિલક ઔર સ્વાંગ ધરે હરિકો, ધૂત ધૂત ધન આપ લીયો;
જુટ તરહકી ઑટ પારાધિ,[1] અનેક જીવનકો ડાઘ દિયો.....૨
હરિ કપટને વચનશીતલતા, બહુત ભાત વર્ણન કિયો,
કહે કબીર વા કો સંગન કરીએ, બિન વિવેક વેશ લિયો.....૩

卐

૧. ?-ચારે શબ્દો ક્ષેપક લાગે છે-'જૂઠ કપટ જિને કિયે અપરાધી' એવી પંક્તિનું અનુમાન થાય છે.

### પદ-૩૭૫

રામનામ મ્હોંસે કયોં વિસરો, રામનામ મ્હોંસે કયોં વિસરો;
જલસુત[1] તા સુત કા વાહન ભક્ષ, તા જનુની કો બિરુદ ટળે.....૧
જો વનની હોય શીતલતા, રવિ શશિ પશ્ચિમ ઉદિત કરે;
નહિ ન સિંહ હોત વન શેરી, ડાબી બેરી જહાં ગુજરી.....૨
જન્મ મરણ જા કે શિર ઉપર સબ મુરખ કયોં ગર્વ ધરે;
સુરદાસ જા કે સુંદર ઠોર નહિ, સો હરિ કે ચરણ ઉગરે.....૩

卐

૧. પાણીપુત્ર ?

## પદ-૩૯૫

### (રાગ-બિલાવર)

જબ તેં મન પ્રતીત ભયી, જબ તેં મન પ્રતીત ભયી.....ટેક
દિનદિન અવગુણ સુત ન લાગે, બાઢ ન લાગી પ્રીત નયી
સુરત નુરત[1] દો જ્ઞાન ઝવેરી, નીરખી પરખ માન વસ્તુ લઈ.....૧
થોડે સે વણજ બહુત ધન બાઢે,[2] ઉપવજ લાગી લાલ ભયી;[3]
યહ સોદા કો મર્મ ન જાને, જો જાને સો હાટે[4] સહી.....૨
કહે કબીર સંત કી સંગત, વિષ વિકાર સબ દૂર ગયી;
જબ તેં મન પ્રતીત ભયી, જબ તેં મન પ્રતીત ભયી.....૩

卐

૧. ચિત્તની વૃત્તિ જયારે જગતના પદાર્થોમાં રત હોય તે સુરત અને જે રત નથી-માત્ર પ્રભુમાં જ રત છે ને નુરત ૨. વધે ૩. પ્રભુના જેવી રંગવાળી થઈ ૪. બજારે-મતલબ કે થોડા વેપારે ઘણું ધન મળે એવો આ પ્રભુના ધ્યાનનો માર્ગ છે; ધ્યાન દ્વારા સમાધિ લાગે ત્યારે ચિત્ત પ્રભુ સાથે એકરૂપ થઈ જાય તે સૌથી મોટો લાભ ગણાય તે લાભ લેવો હોય તો આ બજારમાં જ એટલે કે આ મનુષ્ય જન્મમાં જ મળે

# ટોડીનાં પદો

## પદ-૩૯૬

હરિ ચરણે ચિત્ત લાવો રે મના, હરિ ચરણે ચિત્ત લાવો રે !
જયોં મૃગનાદે વીંધ્યો રે પડયા રે પ્રેમકે પાશ....હરિ ચરણે.
પાંચ સાત સખીઓ મિલી રે, જલ ભરન કો જાઈ રે;
તાલી દે દે મુખ હસે રે, વા કી સુરત ગાગરિયા માંહી......૧
ઉદર ભરન કે કારણ રે, સુરભિ[1] વન કો જાય રે;
ચરેફરે ચૌદિસી જુએ રે, વા કી સુરત વાછરું માંય......૨
વાંસ ચઢી વરત બાંધ કેરે, લોક જુએ ચહુ ઔર;
નટણી નાચે ચોટડે,[2] વા કો ચિત્ત ન ચલે ઠોર રે.....૩
જો રે બાજી[3] જુહારીએ રચ્યો, કામી કે મન કામ;
જન બાજીદાસ યોં કહે, તુમ ઈસવિધ સ્મરો રામ.....૪

卐

૧. ગાય ૨. ચૌટે ૩. ખેલ

## પદ-૩૯૭

પતિત કે તુમ પાવન માધુ, તુમ તજી અનંત ન જાઉ;
હમ હી અપુંજ પુંજ ભયે તુમસે, નામ અમુલખ ગાઉ.....૧
અષ્ટાદશ પુરાણ વખાણે, ત્રણ કાલ ખટ જીતે રે;
વિષ્ણુ ભકત અંતર્ગત નાહિ, તાકે ધ્યાન કની તેરી.....૨
સુપજ શ્વાન કો માંસ ભક્ષ કરી, હરિ ચરણે ચિત્ત લાવે;
જીવનમુકત સદા તે નરને, અંતે પરમપદ પાવે.....૩
જાત અસુત નીચકુલ જન્મ્યો, સજ્જન કુટુંબ કરે હાઁસી;
ભણે રોહીદાસ રામ ભજ રસના, કાટે કર્મની ફાંસી.....૪

卐

## પદ-૩૯૮

બહુત અપરાધ કિયો મેં માધવ, જન્મો જન્મ અપરાધી;
કરુણાનિધિ[1] કરુણામય[2] કેશવ, પ્રીત તુમસે ન સાધી.....૧
પતિતન મેં મહાપતિત શિરોમણિ, રામ રામ કા ખુટા;[3]
નિર્મલ નિર્મલ નામ નારાયણ, સુમર સુમર જન છુટા.....૨
કામ ક્રોધ વિષયા રસ વધ્યો, દીનાનાથ મોરારિ;
અબ જ્ઞાનીકા કરહુ નિવેડા, આયો શરણ તુમારે.....૩

卐

૧. દયાનો સાગર ૨. દયામય ૩. ટેકા

## પદ-૩૯૯ (રાગ-ટોડી)

દેખો રે લોકન કી ચાલ, કહેત કહાવે વેદ વિચાર;
જીવત પિતૃ તૃપ્ત નવ હોયે, મુએ શ્રાદ્ધ સારે સબ કોઈ.....૧
જીવત પિતૃ કો પાણી ન પાવે, મુએ પિછે ગંગા લઈ જાવે;
જારી બારી કરી આવે દેહ, મુએ પિછે કરે પિતૃ સ્નેહ.....૨
જીવત પિતૃકો અન્ન ન ખિલાવે, મુએ પિછે બ્રાહ્મણ પિંડા ખિલાવે;
જીવત પિતૃકો બોલે અપરાધ, મુએ પિછે કર દેહ શ્રાદ્ધ.....૩
જીવત સંતાપ્યો મુએ જલાયો, પિંડકી બેર અંગુઠે દિખાયે;
કહેત કબીર મોંસે હાંસી આયે, કાગ ખાયે પિતૃ કૈસે પાયે.....૪

卐

# નાની આશાવરી

## પદ-૪૦૦

જેને બાનુ શામળિયાનું, તેને જમ શું કરશે રે
છાપા તિલક કંઠે તુળસીની માળા, જમ જોઈ પાછા ફરશે રે.....ટેક
અન્ય દેવના જે ઉપાસી, ન રહીએ તેની પાસે રે;
પોતે પાડે સામાને પાડે, સાંકુડા[1] કહેવાયે રે......જેને બાનુ.....૧
ઊઠતા બેસતા હસતા રમતા, મુખે હરિ હરિ કહેતાં રે;
જન્મો જન્મના પ્રાસિત[2] જાશે, જેના હરિ ચરણે ચિત્ત ઠરશે રે.
-જેને બાનુ.....૨
જેને પ્રભુજીનું પુરણ સ્મરણ, તે નર દુઃખિયો ન હોય રે;
અનેક પતિત ઉધાર્યા[3] આગે, ગાયા ને વળી ગાશે રે.....૩
જેને વર વર્યો વિઠ્ઠલજી, તેને બીજો વર કેમ ગમશે રે;
નરસૈંયાના સ્વામીની ભકિત વિના, તે લક્ષ ચોર્યાશી ફરશે રે.....૪

卐

૧. દુષ્ટ  ૨. પાપ  ૩. બચાવ્યા અથવા ઉગાર્યા

## પદ-૪૦૧

પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, અહર્નીશ[1] જેને ગાવું રે,
તપ તીર્થ વૈકુંઠ તજીને, મારા વૈષ્ણવ હોય ત્યાં જાવું રે-પ્રાણ થકી.....ટેક
અંબરીષ મુજને અતિઘણા વ્હાલા, દુર્વાસાએ મન ભંગ કીધા રે;
મેં મારું અભિમાન તજીને, દશ વાર અવતાર લીધાં રે-પ્રાણ થકી.....૧
ગજતણી વહારે તમે પાદે ધાયા, સેવકની સુધ[2] લેવા;
ઊંચનીચ કુલ હું નવ જાણું, મને ભજે સો મમ જેવા-પ્રાણ થકી.....૨
મારો બાંધ્યો મારો વૈષ્ણવ છોડાવે, વૈષ્ણવનો બાંધ્યો વૈષ્ણવ છુટે;
ક્ષેણુ[3] એક વૈષ્ણવ મુજને બાંધે, તો ફિર ઉત્તર નવ સુઝે-પ્રાણ થકી.....૩
બેઠા ગાવે ત્યાં ઊભો સાંભળું, ઊભો ગાવે ત્યાં નાચું;
વૈષ્ણવજનથી ક્ષણુ ના અળગો, માન નરસૈંયા સાચું-પ્રાણ થકી.....૪

卐

૧. રાતદિવસ  ૨. સાન  ૩. એક ક્ષણ પણ

## પદ-૪૦૨

કહાન મારે ઘેર આવો તો મને ન બોલાવે રે;
મારી સાસુડી સબ લે ધુતી[1] રે;...........................
જેની તેની આગળ જુઠડું બોલે, વાત કરે વધારી રે.....૧
ઘરકાવી ઘરખૂણે રાખી, હું એકલી ઓશિયાળી,
નણંદ દિયરીઓ નામ ન આપે, મને પેર પેર પ્રજાળી[2] રે.....૨
જેઠ જેઠાણી મારું જીવતર બાળે, મારું ભવનું હેવાતન[3] ટાળે રે;
સુરિનર મુનિજન દોહ્યલાં જાણે, મારું સંસારનું સુખ ટાળે રે.....૩
સાસરિયેથી મહિયર જાતાં, નિર્લજ્જ[4] નાર કહેવાય રે;
નરસૈંયાના સ્વામી આણે આવ્યા, વેગે વૈકુંઠ જાશે રે.....૪

卐

૧. લૂંટી  ૨. પજવી  ૩. સૌભાગ્ય  ૪. બેશરમ

## પદ-૪૦૩

(રાગ-આશાવરી)

આજ સોનાનો સુરજ ઉગ્યો, વ્હાલાજી ઘેર આવ્યા રે;
કામ કાજ મને કંઈ નવ સુઝે, મોહનજી મન ભાવ્યા રે.....૧
આજે મારે મન આનંદ અતિ, પાથરણાં પથરાવું રે;
ચૂવા[1] ચંદન કસ્તુરીના, છાંટણા છંટાવું રે.....૨
પ્રેમ આણીને પુરું સાથિયો, તોરણ દ્વારે બંધાવું રે;
આરતી ઉતારું મારા કૃષ્ણજીવનની, મોતીએ વધાવું રે.....૩
ઘુઘરી ઘમકે ચાલે ઠમકે, સોના સેર બંધ શોહે રે;
કંઠે હાર હાથે બાજુ બંધ, લટકે ત્રિભોવન મોહે રે.....૪
હર્ષભરી હું રૂમઝુમ ચાલુ, દુર્જન લોકો હસે રે;
નરસૈંયાના સ્વામી ભલે મળ્યા, તો નંદલાલા હાથ ઘસે રે.....૫

卐

૧. પૂજાની સામગ્રી

## પદ-૪૦૪

કહાન મારે ઘેર આવો તો એણીપેર આવો, જે માંગુ તે લાવો;
ભાવ ભકિત ઔર જ્ઞાન ગરીબી, જે માંગુ તે લાવો રે.....ટેક
જો આવે તો જવા ન દેવું, એવું મન અમારું રે;
અખિલ[1] હેવાતન એટલું માગું, મારા હૃદયમાં નામ તમારું રે.....૧
તમ વિના મને એવું લાગે, પુરુષ વિના જેમ નારી રે;
રોહીદાસને મંદિરે પધારે, કૃપા કરો મોરારિ રે.....૩

卐

૧. અખંડ

## પદ-૪૦૫

વાસ નહિ જયાં વૈષ્ણવજનનો, ત્યાં નહિ વસીએ વાસડિયાં;
વાંકા સંગ કયાંથી પડશે, જમકીંકરના[1] ખાસડિયાં.....ટેક
રામનામ તેં કબહું ન લીનો, ધમણ ધમે તેના શ્વાસડિયાં;
રામનામ જેણે નિશદિન લીનો, સફલ થયો તેનો જન્મારો.....૧
સાધુજનને શિર નહિ નમાવ્યું, ત્યાં શિર પે પડશે ખાસડિયાં;
ભણે નરસૈંયો તેણે ભારે મારી, માવડીના દશ માસડિયાં.....૨

卐

૧. યમદૂતના

## પદ-૪૦૬
### (મોટી આશાવરીનાં પદો)

કબીર હરિરંગ લાગા હો, તાસે મેરા મનકા ધોખા[1] ભાગા હો;
કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુ નહિ.....ટેક
હમ તુમ દેખો હદીયા ભીતર, તુમ દેખો સબ માંહી.....૧
અલખ રૂપ ગુણ લખ ન જાય, અંજન[2] રાત લોઈ;[3]
એક વેળ મન દઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોય.....૨
સેજ સુનમેં રૈન અમારી તત્ત્વ દેખી મન લાગા;
આપ મધ્યે આપહિ દેખા, ઈસવિધ સંશય ભાગા.....૩

કહેત કબીર એકમત પાયા, કાયા નગર મોઝારી;
તુમ સાહેબ મેં સેવક તેરા, તારન તરન મોરારી.....૪

卐

૧. ભ્રમ  ૨. સુરમો  ૩. નાના લૂઓ ' અંજન રાતા લોઈ ' એ શબ્દો સમગ્ર પદના અર્થ સાથે બંધબેસતા નથી. ક્ષેપક છે. અહીં ' કિસબિધ ગાવત કોઈ' એવા શબ્દો હોવા જોઈએ ૪. સહજ

## પદ-૪૦૭

રામ રાય મનકી આશા પાઉં, તાસે કાયા નગર બસાઉં.....ટેક
સોલા[૧] ખાઈ દશ દરવાજા,[૨] બાવન[૩] બન્યા હૈ કીંગોરા;
ત્રણસે સાઠ[૪] વાકો શિરા લગા, કોટ બન્યા ચોફેરા.....૧
પાંચ[૫] પ્રધાન કિયે વશ અપને, પ્રજા[૬] દુઃખી ન હોય;
ચેતન[૭] પુરુષ કરે કોટવાળી, નગર ન લુંટે કોઈ.....૨
ગઢ પર રાજા[૮] રાજ કરત હૈ, નિશદિન પૂરત દુહાઈ;[૯]
કામ ક્રોધ દોઉ ગરદન મારે, ઐસી અદલ ચલાઈ.....૩
જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ;
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ.....૪

卐

૧. સોલા એટલે સોળ આની મતલબ કે ફરતે માયાની ખાય છે
૨. આંખ-૨, કાન-૨, નાક, મોઢું, ગુદા, મૂત્રપિંડ, દૂંટી ને બ્રહ્મરંધ્ર એ  દસ કાણાં છે-દરવાજા છે
૩. પાંસળી, આંગળાં, હાથ, પગ, ખભા, મેરુદંડ, ગરદન, ખોપરીનાં કુલ મળી બાવન હાડકાંઓ
૪. ૩૬૦ મુખ્ય રકતવાહિનીઓ  ૫. પાંચ ઈન્દ્રિયો તે પાંચ પ્રધાન
૬. સત્તાવીસ હજાર કરોડ કોષો  ૭. પ્રાણરક્ષક  ૮. આત્મદેવ રાજા
૯. આણ વર્તે એટલે કે સત્તા વર્તે

## પદ-૪૦૮

રામ રાય આદિ ચાકદ તેરા, તાસે મહિમા ઘો અમારા;
સતજુગ ત્રેતા દ્વાપુર ગયા, કલિયુગ કીર્તિ તુમ્હારી;
ભ્મન લોક જબ સૃષ્ટિ નીપજાઈ, તાંથે મસાગત[૧] મેરી.....૧
પાંચ હથિઆર ખુબ કરી બાંધુ, કર લે ખાંડા ખેડા;
જ્ઞાન ખડક સે નાદ ઉતારું, માન લે મજરા[૨] મેરા.....૨

કાગદ મંગાવો ને દુત તેડાવો, અક્ષર લખો રે બોતેરા;[3]
ભાવ ભકિત જાગીરી માંગુ, ન્યાલ ભયા મન મેરા.....૩
કૃપાનાથ કૃપા કરી મોં પે, તમ કૃપા થકી ઝુઝે;
દાસ કબીર મેં બંદા તેરા, ભકિત દાન મોહે દીજે.....૪

卐

૧. મજૂરી-મહેનતાણું ૨. સલ્લામ ૩. ૭૨ અક્ષરનો મંત્ર

## પદ-૪૦૯

### (રાગ-આશાવરી)

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ લોક બડાઈ.....ટેક
માગી મુકિત ભકિત કર્યો ન માગી, ચિન્યા નહિ રઘુરાય;
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કર લે ભાઈ.....૧
જબ હરિ જાણ્યા તબ મન માન્યા, મજષા[1] ભોગ લગાઈ;
કોટિ કોટિ તીર્થ વ્રત કીના, એક સિદ્ધિ નવ પાઈ.....૨
કહેત કબીર એક સકલ સાધનમેં, જન્મો જન્મ ફરી આયા;
અબ સંત સંગત રૂચિ માંગુ, જેણે હરિજશ સુજશ સુનાયો.....૩

卐

૧. મનસા જોઈએ-મનથી ભોગવ્યું

## પદ-૪૧૦

બન્દે નામ ધણીકા લે, નદી નાવ સંયોગ મળ્યો હે, ઐસે મિલના હે...ટેક
જબ લગી પ્રાણ રહે ઘટમાંહી, તબ લગી હરિ હરિ કહે;
કાલ આયે જબ કંઠ ગ્રહેગો,[1] કોઈ નવ રાખી શકે.....૧
નારી માતપિતા સુત બંધુ, આખર કોઈ ન રહે રે;
એ સબ સ્વાર્થ કે લોભી, હરિ ભજી નિર્મલ[2] રહે રે.....૨
એક લક્ષ પુત્ર સવા લક્ષ ન્યાતિ, કોઈ ન સ્થિર રહે રે;
લંકા જૈસે કોટ જાલ દિયો ક્ષણમેં, ઐસો બાહુ બળ રે.....૩
તન મન ધન કો ગર્વ ન કીજે, એ હી મારગ સબ વહે રે,
રાખી શકે તો રાખી લેજે, દાસ કબીર કહે રે.....૪

卐

૧. પકડશે ૨. શુદ્ધ

## પદ-૪૧૧

જંત્રી જંત્ર અનુપમ બાજે, તા કો શબ્દ ગગનમેં ગાજે.....ટેક
સુરતિ કી નાવ શ્રવણકા તું બા, સતગુરુ સાજ[1] બનાયા;
સુરિનર મુનિજન કૌતુક આયે, બ્રહ્મા ભેદ ન પાયા.....૧
જીવ્હાકી તાંત નંસિકા કરહી, માયાકા ભોગ લગાયા;
જીવ્હા વતી સૌ પુરાણ વાંચે, જંત્રીકો નાચ નચાયા.....૨
જંત્રી વિના જંત્ર[2] ન વાગે, બાજે જબહી બજાવે;
કહેત કબીર સોહી જન પુરા, જંત્રી શું પ્રીત લગાવે.....૩

卐

૧. શણગાર ૨. યંત્ર અથવા સંગીતનું એક સાધન

## પદ-૪૧૨

(રાગ-આશાવરી)

કર્યો ચમકાવે નયનાં, સુંદરી કર્યો ચમકાવે નયનાં, ઘેર જાવ
ધુતારી બેના.....ટેક
જિન હમ જૈસે સાજ નિવાજે[1] સો બાંધે કાચે ધાગે;
જતન જતન કરી બહુતેરી બાંધી, પાણીમેં આગ ન લાગે.....૧
રૂપા પહેરી રૂપ દેખાવે, સોના પહેરી રીઝાવે;
જો પહેરે તુલસીની માળા, તીન ભુવન પદ પાવે.....૨
સાહેબ કી ભેજી મેં ચલી આઈ, સ્વર્ગ અમારા વાસા;
વરવું હોય તો વરો કબીરજી, એક માતા દુજી માસી.....૩
કહે કબીર મેં જાત જુલાહાં,[2] સદા રહું ઉદાસી;
તીન ભુવન કી હું ગટરાની, નિત્ય તું હારી દાસી.....૪

卐

૧. સંતોષે ૨. વટલાયેલ મુસલમાન વણકરની નીચ જાતિ

## પદ-૪૧૩

હરિકા જ્ઞાન વિચાર ન પાયા, તાંથે યોંહી જન્મ ગુમાયા.....ટેક
થકે નયન બેન ભી થાકે, થાકી સુંદર કાયા;
જન્મ મરણ દોઉ થાકે, એક ન થાકી માયા.....૧

આ સંસાર હાટકા લેખા, સબ રોઈ[1] વણજે[2] આયા;
એકે લાભ ચોગણા પાયા, એક મૂલ ગુમાયા.....૨
ચેત ચેત ચંચલ મન મેરા, જબ લગી ઘટમેં શ્વાસ,
ભકિત કરે સુખ નિશ્ચલ[3] હોયે, હરિચરણે નિવાસ.....૩
જે જન જાણે જપે જુગજીવન, તા કે કર્મ જ ન્હાસે;
કહેત કબીર શોક બહુ ન્હાસે, જે જાણી ઢાલે પાસા.....૪

卐

૧. ' રોઈ ' નહિ પણ ' કોઈ ' ૨. વેપાર કરવા ૩. નક્કી

## પદ-૪૧૪

વૈષ્ણવ જનને વાદ ન કરવો, રહેવું હું પદ હારી રે;
શીલ સંતોષ ને સુખ સાગર, ભકિત મહાપદ ભારી રે.....ટેક
પ્રથમ નામ ને રૂપથી તરવું સુખદુઃખ સર્વે સહેવું રે;
માન અપમાન સર્વે તજીને, કઠણ વચન ન કહેવું રે.....૧
સ્હેજ સમાધિ સુખોપેક્ષા[1] કરવી, પર અપરાધ ન પેખે[2] રે;
ષટ્ ઈંદ્રિયના સ્વાદ તજીને, સમ આત્મા દેખે રે.....૨
સકલ લોકમાં સૌને વંદે હરિજનમેં હરિ જાણે રે;
કહે અખો તે જીવન મુકત, તેની સાખ પ્રગટ પુરાણે રે.....૩

卐

૧. સુખની ઉપેક્ષાથી એટલે નિષ્કામ ભાવે ૨. જુએ

## પદ-૪૧૫

વૈષ્ણવજનને વિરોધ ન કોઈ શું, જેના કૃષ્ણ ચરણે ચિત્ત રહ્યાં રે;
કાવાદાવા સર્વે કાઢયા, શત્રુ હતા તે મિત્ર થયા રે.--વૈષ્ણવ.....ટેક
કૃષ્ણ ઉપાસી ને જગથી ઉદાસી, ફાંસી જમની કાપી રે;
સ્થાવર જંગમ ઠામ ન ઠાલી, સઘળે દીસે કૃષ્ણ વ્યાપી રે.....૧
કામ ને ક્રોધ વ્યાપે નહિ જયારે, ત્રિવિધ તાપ[1] જેના ટળ્યાં રે;
તે વૈષ્ણવના દર્શન કરતાં રે, જેના દીસે જ્ઞાને વાસના ગળ્યા રે.....૨

નિસ્પૃહી[2] ને નિર્મલ[3] મતિ, વળી કનક કામિનીના ત્યાગી રે;
શ્રીમુખ વચનો શ્રવણે સુણતાં, તે વૈષ્ણવ બડભાગી રે.....૩
એવા મળતા ભવદુઃખ ટળે રે, જેના સુધા[4] સમાન વચન રે;
નરસૈંયાના સ્વામીને નિશદિન વ્હાલા, એવા વૈષ્ણવજન રે.....૪

卐

૧. આધિ, વ્યાધિ ને ઉપાધિ એ ત્રણ દુઃખો    ૨. કોઈ પણ ઈચ્છા વિનાના
૩. એકદમ શુદ્ધ    ૪. અમૃત

## પદ-૪૧૬

પંડિત પૂછ પીઓ જલ પાની, તેરી કાયા કર્યો વટલાની;
ઉસ જલમેં હી મીન મેંડકી, સોહી જલ તેં પીયાની.....ટેક
દસ માસકો સુત જબ જણ્યો, તબ સોચા કયાં ન આની
સોહી જલ લાઈકે ચોકા કીના, બહુત કીની ચતુરાઈ.....૧
ભોજન ઉપર મકિખઑ, બૈઠી, ડૂબ ગઈ ચતુરાઈ;
ભ્રષ્ટ ભયી તેરી દુર્ગંધ દેહી, માંસ ઝરી[1] દૂધ આયા.....૨
પંડિત પુરા પય નહિ પ્રીછા, એહી દુધ તુમ પિયા;
કહે કબીર સુનો ભાઈ સંતો, જૂઠા સબ વેદ પુરાના[2].....૩

卐

૧. માંસમાંથી ઝરી ઝરી દૂધ બન્યું    ૨. હે પંડિત, શાસ્ત્રનો શો અર્થ કર્યો ? પંડિત, કા શાસ્ત્રર્થ કીયા ?

## પદ-૪૧૭

પરમ ગુરુ સો હી કૃપા કર દીનો, તાંથે ઈનકી હાર હમ ચીન્યા.....ટેક
પાંવ બિન ચલના, પાંખ બિન ઉડના, બિન ચંચકા ચુગના;[1]
બિન નયન કા દેખન પેખન, વા મૃતક હોય રહેના.....૧
ધરણી ગગન પવન નહિ પાની, ત્યાં સુરત લોલાઈ;[2]
બિન સરોવર જયાં અમૃત અચવે,[3] બિન જલ તૃષા બુઝાઈ.....૨
જયાં કછુ નાહીં ત્યાં સબ દેખ્યા, અચરજ કિસકો કહેના;
કહેત કબીર સતગુરુ બલિહારી, ધન્ય સેવક કા લેના.....૩

卐

૧. ખાવું    ૨. લગની    ૩. ઝરવું

## પદ-૪૧૮
### (રાગ-આશાવરી)

હરિજન હંસ દશા લઈ ડોલે, નિર્મલ નામ લિયે જશ બોલે.....ટેક
મુકતાફલ બિન ચંચુ ન ખોલે, મત ગ્રહે કે હરિગુણ ગાવે;
માનસરોવર તટ કે વાસી, હરિચરણે ચિત્ત લાવે.....૧
કૌવા કુબુદ્ધિ નીકટ નહિ આવે, તાંથે હંસ દર્શન પાવે;
કહેત કબીર સોઈ જન તેરા, ક્ષીર નીરકા નિવેડા લાવે.....૨

卐

## પદ-૪૧૯

દેહડી થશે મિટ્ટિ, મુરખ તારી બુદ્ધિ કયાં નાઠી.....ટેક
જીવ આયો તબ શું લાયો, જાશે ત્યારે નાગો;
નિર્લજ્જ તુજને લાજ નહિ, તને કોણ પહેરાવે વાગો[1].....૧
કુડ કપટ કરી બહુ ધન સાંચ્યા,[2] સાંચ્યા ધન કોણ ખાશે;
જીવને જયારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે;.....૨
વેઢ વીંટી બાજુબંધ બેરખા, કંઈ ન આવે તારી સાથ
ચેતનારા ચેતો માનવી, જાવું છે જમને હાથ.....૩
ઊંચા વાસ દેખી શું ફુલ્યો, શું મોહ્યો સુંદર નારી;
નરસૈંયાના સ્વામીની ભકિત વિના, તને કોણ પમાડે મુકિત.....૪

卐

૧. કપડાં ૨. ભેગા કર્યા

## સારંગનાં પદો
## પદ-૪૨૦

રામકો નિત્ય કીજે સુમરણ, રામકો નિત્ય કીજે;
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે.--સુમરણ.....૧
જૂઠી માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી દીજે;
હૃદય કમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ[1] ન કીજે--સુમરણ.....૨
તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે,
કહેત કબીર ઔર નહિ માગું, ચરણ કમલ દત્તર દીજે.--સુમરણ.....૩

卐

૧. વાર લગાડ નહિ　　　૨. ધ્યાન

## પદ-૪૨૧

રામ ભજન વિસરી હો ગયા, રામ ભજન વિસરી હો ગયા;
ગર્ભવાસમેં ભકિત કબુલી, બાહર આકે કયા કિયા.....ટેક
મહેલમેં બૈઠી મોજ નિત કરત હૈ, સોળશેં સાહેલીયાં;
પલમેં છોડ ચલ્યો ઠકુરાઈ, વેદ કોઉ ન તિહાં.....૧
જબ તેરો પંથીપંથ[1] ચલેગો, સંગે સાથી કો ન લિયા;
કહેત કબીર રામ ભજો પ્રાણી, તનમન હરજીકો અર્પીઆ[2].....૨

卐

૧. આત્મા-જીવ　　　૨. સમપર્ણ કર્યું

## પદ-૪૨૨

કાહેકો દેહ ધરી રે, ભજન વિના કાહે કો દેહ ધરી;
ગર્ભ વાસમે બહુત દુઃખ ભારી બહાર કાઢો હરી.--ભજન.....ટેક
કોલ વચન કરી બાહર આયો, વાકી બુદ્ધિ ફરી;
સંત સંગત તેં કબહુ ન કીની, દર્શન ડગ ન ભરી..................૧
હરિ કથા તેં શ્રવણે ન સુની, પરનિંદા બહુત કરી;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જનુની ભારે મરી..................૨

卐

## પદ-૪૨૩

કાહેકો રહેત અચેત રે નર તું કાહેકો રહેત અચેત;[1]
જબ જબ ઘડી રામ વિના વીતે, જમ કાગજ લખી લેત રે,--નર તું.....ટેક
સંતકી સંગત કબહુ ન કીની, કીયો વિષય શું હેત રે;
બેર બેર મુરખ સમજાયો, કેશ ભયો શિર શ્વેત રે,--નર તું.....૧
મેરી મેરી કરતાં જન્મ શિરાનો,[2] રાહુ ગ્રહ્યો જિમ કેતુ રે;
તુલસીદાસ રામ ભજો પ્રાણી, બંધન મુકિત લિયે હોસચેતુ રે.--નર તું.....૨

卐

૧. અજ્ઞાન　　૨. પૂરો થવાનો

## પદ-૪૨૪
### (રાગ-સારંગ)

કાહે ન ભજે રે ગોપાલ, મન તું કાહે ન ભજે રે ગોપાલ,
ઉલટ કયા ચલત હે બાવરે,[1] છાંડ સકલ જંજાલ રે...મન તું.....ટેક
મૂછ મરોડ ને પાઘ સમારે, ચલત ટેઢી ચાલ રે,
જગ દ્વારે જબ લેખા[2] લેગા, હોગા કૌન હેવાલ રે...મન તું.....૧
ગર્ભવાસમાં રક્ષા કીની, બહુત કરી પ્રતિપાલ[3] રે;
કહત કબીર રઘુનાથ ભજી લો, દીનાનાથ દયાલ રે...મન તું.....૨

卐

૧. ઘેલો ૨. પરીક્ષા ૩. સંભાળ

## પદ-૪૨૫

કાહેકો માયા જોડી નર તેં, કાહેકો માયા જોડી;
હાથી ઘોડા મહલ ખજાના, તદપિ લાગત થોડી...નર તેં.....ટેક
કુટુંબ સહિત મિલ કર બૈઠે, લેંગે કંદોરા[1] છોડી;
સખા ચાર ચલેંગે બેસણ વાંસકી ઘોડી...નર તેં.....૧
ખોખરી આંઢીમેં ભરકર લારા,[2] બાંધણ દર્ભકી[3] દોરી;
સુરદાસ ભગવાન ભજન વિના, ફુંક દિયો જૈસે હોળી[4]...નર તેં.....૨

卐

૧. સોના રૂપાનો કેડે બાંધેલો બંધ ૨. દેવતા--અગ્નિ ૩. દાભડાની
૪. હોળી સળગે તેમ

## પદ-૪૨૬

મંદિર દેખ ડરે સુદામાજી મંદિર દેખ ડરે રે;
કહાં જો ગઈ મેરી તૃણકી ઝુપડિયાં, તા ઘેર મહેલ ખડે રે...સુદામાજી.....ટેક
પહેલે પ્હોરે હસ્તિ ઝૂલે, દુજે તોરંગ ખડે રે;
ત્રીજે પ્હોરે વસ્ત્ર જ ભારે,[1] ચોથે રત્ન જડે રે...સુદામાજી.....૧
જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નૌબત[2] વાજે;
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અભર[3] ભરે રે...સુદામાજી.....૨

ઈત ઉત જાત ફિરત હૈ સુદામા, મનમેં સોચ કરે રે;
ધામ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે...સુદામાજી.....૩
મહલમેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે;
સુરદાસ પ્રભુ અપને ભકતકો, દારિદ્રય દૂર કરે રે...સુદામાજી.....૪

卐

૧. કીમતી  ૨. નગારાં  ૩. ' સભર ' શબ્દ જોઈએ--સભર એટલે છલોછલ

## પદ-૪૨૭

રામ સ્નેહી આવહી, જબ રામ સ્નેહી આવહી;
તન મન મંગલ હોત પરમ સુખ, આનંદ અંગ ન માંયહી...જબ રામ સ્નેહી.....ટેક
અધિક ઓચ્છવ મગ્ન મન મેરે, ચૌદિશ ચોક પુરાવહી;
બલ બલ જાઉં ગાઉં ન કબહું, પ્રેમ મગ્ન ગુણ ગાવહી...જબ રામ સ્નેહી.....૧
સકલ સુહાગ ભાગ સુંદરકો, મોહન રૂપ દેખાવહી;
જન રાયે જબ જુગદીશ દયા કરી, પડદા ખોલ ખેલાવહી...જબ રામ સ્નેહી.....૨

卐

## પદ-૪૨૮
### (રાગ-સારંગ)

ગોવિંદ નામ ધર્યો કીન તેરો ગોવિંદ નામ ધર્યો રે;
દ્રુપદસુતાકી લજજા રાખી, ચીર કો દાન કર્યો...કીન તેરો.....ટેક
ચાર પદારથ[1] દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો;
સાંદીપકો સુત આન[2] દિયો હૈ, વિદ્યા પાઠ પઢયો રે...કીન તેરો.....૧
લેને રે દેને તું હરિ દાતા, મોંસે, કછુ ના સર્યો રે;
સુરકી બેર કઠણ હોઈ બૈઠી, જન્મકો અંધ કર્યો રે...કીન તેરો.....૨

卐

૧. ચાર પદાર્થો ધર્મ, અર્થ, કામ ને મોક્ષ  ૨. આણી આપ્યો અથવા લાવી આપ્યો

## પદ-૪૨૯

રામચરણ ચિત્ત લઈએ મન રામચરણ ચિત્ત લઈએ રે;
જબ જાણું તેરી ટેકતા દીનતે, ગોવિંદના ગુણ ગાઈએ...મન.....ટેક
આદિ અંત તેરો કોણ બડો હૈ, હરિનો પાર ન પાઈએ;
જો જશ પાવે પ્રભુસે કર પ્રીતિ, પ્રેમસહિત શું ધાઈએ...મન.....૧
આવન જાવન તેરો સબ મિટ જાઈ, ગિરિ રામ રામ પઢાઈએ;
અનુભવ ઉદિત[૧] ભયો ભય ભાંગે, સતગુરુ શરણ સમાઈએ...મન.....૨

卐

૧. ઊગ્યો--થયો

## પદ-૪૩૦

કિત્તે ગયે જખ માર ભજન વિના કિત્તે ગયે જખ માર;
છાપા તિલક ઔર બાના ધરકે, ઠગ ખાયો સંસાર...ભજન.....ટેક
નિત્ય નીમ ઉઠી ન્હાય ધોયે, કરત આચાર વિચાર;
દયા ધર્મકી વાત ન જાને, ઐસે પ્રેત ચાંડાલ[૧]...ભજન.....૧
પરમાર્થકી વાત ન જાને, કરત લોભકી લ્હેર;
સુરદાસ ભગવંત ભજન વિના, એહી જન્મ ગયો હાર...ભજન.....૨

卐

૧. નાહી ધોઈ, દીવા દિવેટ પૂજા વગેરે કરનાર દાન, દયા, પ્રેમ વગેરે ગુણો ન કેળવે અને મન ફાવે તેમ વ્યવહાર કરે તે પ્રેતયોનિમાં પણ ચાંડાલ જેવી નીચી અવસ્થા પ્રાપ્ત કરે છે.

## પદ-૪૩૧

ઐસે હી જો જીવો જીવન ઐસે હી જો જીવો,
રામનામ ગુણ ગાવત સુમરન, જન્મ જન્મ સુફલ કર લીજે...જીવન...ટેક
જાકે રુચે સંતકી સંગત, સોહી દીનાનાથ સીજે;[૧]
સ્તુતિ કથા બસત જીવ જાકે, સહજ પરમપદ લીજે...જીવન...૧
પુનિત લોક તીર્થ અરૂ પાવન, જહૉં જહૅા પાવોં દીજે;
કહત કબીર ઔર વિલંબ નહિ, રામ રસાયન પીજે...જીવન...૨

卐

૧. પસંદ થાય

## પદ-૪૩૨
### (રાગ-સારંગ)

ના કછુ રામ વિના રે, ના કછુ રામ વિના રે;
દેહ ધરેકી યહી પરમ ગતિ, સંત સંગત રહના રે...ના કછુ...ટેક
મંદિર[1] રચત માસ દશ લગે, બિનસત એક છના રે,
પલઈક સુખકે કારણ પ્રાણી, પરપંચ કરત ઘના રે...ના કછુ...૧
માતપિત સુત લોક કુટુંબમેં, ફૂલ્યો ફિરત મના[2] રે;
કહત કબીર રામ ભજ પ્રાણી, છોડ સકલ ભ્રમના રે...ના કછુ...૨

卐

૧. શરીરરૂપી મંદિર ૨. હે મન!

## પદ-૪૩૩

નામકા વેપારી અમો હરિ નામકા વેપારી રે;
અમૂલ્ય હીરો હાથ ચઢયો હૈ, છૂટ પડયો સંસારી રે...અમો૦...ટેક
કોઈએ હોર્યાં તાંબા સીસાં, કોઈએ લવિંગ સોપારી;
સાધુએ હોર્યાં નામ હરિકા, વિષય હોર્યો સંસારી...અમો૦...૧
રાજા ન દંડે, ચોર ન લૂંટે, ઐસી વણજ[1] અમારી;
એ વણજમેં ખોટ ન આવે, રાજી રહે ગિરધારી...અમો૦...૨
મન કર બેલ સુરત[2] કર સોદા, જ્ઞાનકી ગુણ ભરાઈ;
કહત કબીર સુનો ભાઈ સાધુ, ઐસી અરજ અમારી...અમો૦...૩

卐

૧. વેપાર ૨. અહીં નામસ્મરણના સોદાના અર્થમાં

## પદ-૪૩૪

દેખત શ્યામ હસે સુદામાજીકો દેખત શ્યામ હસે રે;
ફાટે વસ્ત્ર દેહ અતિ દુર્બલ, ડોલત પાંવ ઘસે રે...સુદામાજીકો૦...ટેક
હરિ સુખદાતા સબ માતા કાહેકો દૂર બસે રે;
કયા કહું કહત ન આવે, સો મેરે મંદિરમેં બસે રે...સુદામાજીકો૦...૧

ભોજાઈ એક બાત પઠાઈ, તાંદુલ મુખમેં ઘર્યો રે;
તે ગઈ ત્રણ લોક દિયો, ઐસે દાન દીયો રે...સુદામાજીકો૦...૨
વિશ્વકર્માકો આજ્ઞા દીની, કંચન મહલ ખડે રે;
સુરદાસ પ્રભુ તુમારે મિલનકો, કીજે મિત્ર ઐસે રે...સુદામાજીકો૦...૩

卐

## પદ-૪૩૫

ચલત વિદુર ઘેર જઈએ રે ઓધવ ચલત વિદુર ઘેર જઈએ;
દુર્યોધન ગૃહે કોણ કામકો, આદર ભાવ ના પાઈએ...ઓધવ૦...ટેક
મતિકો હીનો[1] બડો અભિમાની, સેવા કહાઁ પે કરાઈએ;
દેખત વદન દુરાવત[2] નયના, ભોજન કહાઁ પેં કરાઈએ...ઓધવ૦...૧
મુખ નહિ ભાવ સેવા નહિ ચિત્તમેં, ભકિત નહિ સોહાઈએ,
કામી ક્રોધી બડો અભિમાની, યહાઁ તો જમ વખાણીએ...ઓધવ૦...૨
તૂટી સી ઝૂપડી મેઘ કી વર્ષા, સ્ત્રી કહે પ્રભુ આવો;
ચરણ પખાળી ચરણામૃત લીનો, તૂટી શી પલંગ બિછાઈએ...ઓધવ૦...૩
બાજરાની રોટી અલૂણી શી ભાજી, રુચિકર પ્રભુજી પાઈએ;
સુરદાસ પ્રભુ તુમારે મિલન કો, સંત કે હાથે બ્હેકાઈએ[3]...ઓધવ૦...૪

卐

૧. નીચ   ૨. નફરત વાળી   ૩. વેચાઈ જવું

## પદ-૪૩૬
### (રાગ-સારંગ)

ચલત પ્રાણ કર્યો રે કાયા ચલત પ્રાણ કર્યો રોઈ;
તુમ તો પ્રાણ ગવન[1] ગૃહ કીનો, હમકો ચલે વિગોઈ...કાયા૦...ટેક
તુમ્હારી સંગે મૈં બહુત સુખ પાયો, હિલમિલ સબ સુખ જોઈ,
યહ કાયા જલ જાયેગી ક્ષણમેં, નામ ન લેગા કોઈ...કાયા૦...૧
કહત હૈ પ્રાણ સુનો મેરી કાયા, તેરે મેરે સંગ ન હોઈ;
તું સે સોબત બહુત કસોટી, સંગ ન ચલી કોઈ રે...કાયા૦...૨

સુરત દેખી તેરી મૈયા રૂવે, બાંય પકડ રૂવે ભાઈ રે;
લટ પકડી તેરી સ્ત્રીયા રૂવે, હંસ[2] એકલો જાઈ રે...કાયા૦...૩
શિવ સનકાદિક ઔર બ્રહ્માદિક, નારદ સે મુખ સોઈ રે;
જિસને દેહ ધરી ત્રિગુણમેં,[3] સ્થિર ન રહે રૂપ કોઈ રે...કાયા૦...૪
કહત કબીર સુનો ભાઈ સંતો દેખ્યો દિલમેં મોહી રે;
એહી પદકા અર્થ વિચારે, આવાગમન ન હોઈ રે...કાયા૦...૫

૧. ગતિ---ચાલ ૨. જીવ ૩. સત્ત્વ, રજ ને તમોગુણ એ ત્રણ ગુણો

## પદ-૪૩૭
### (રાગ-સારંગ)

સંત શું અંતર નાહિ નારદ મેરે સંત શું અંતર નહિ રે;
જો મેરે સંત શું અંતર આણે, સો તો અધોગતિ જાઈ રે...નારદ૦...ટેક

જહાં મેરો કેવલ જશ ગાવે, તહાં મૈં કરું નિવાસ;
સંત ચલે હરિ આગે દોડે, મમ ભકતનકી આશ...નારદ૦...૧

સંત જમે સો હમ હી જમાયે, સંત સુવે સો હમ સોઈ;
મેરે સંતનકો દુઃખ દેવે, સો જડમૂલ સે જાઈ રે...નારદ૦...૨

લક્ષ્મી મેરે અર્ધાંગના રે, સો હી સંતનકી દાસી રે;
સકલ તીર્થ મેરે સંતને ચરણે, કોટિ ગંગા ને કોટિ કાશી...નારદ૦...૩

મેરો ધ્યાન સંતનકો સેવે, સો હી પરમ પદ પાવે;
કહત કબીર ભકતકો મહિમા, શ્રીપત[1] શ્રીમુખે ગાવે...નારદ૦...૪

૧. ભગવાન વિષ્ણુ

## પદ-૪૩૮
### (સારંગ)

ઘેલા કેવું તે વાશે વહાણું, ઘેલા પ્રાણી કેવું તે વાશે વહાણું;
લાડી લાવું ને પુત્રને પરણાવું, કાલની વાત ન જાણું...ઘેલા૦...ટેક

બલિરાજા કહે લેવું ઈંદ્રાસન, યજ્ઞ કીના નવ્વાણું;
જગદીશ જગદાતા નહિ ઓળખ્યા, ક્ષણ વાર નહિ રહેવાનું...ઘેલા૦...૧
કાયા જૂઠી માયા જૂઠી, જૂઠું ઘરનું નાણું રે;
સુરદાસ કહે પ્રભુ ભજી લો, ઓચિંતુ આવશે આણું[1] રે...ઘેલા૦...૨

卐

૧. તેડું

## પદ-૪૩૯

### (રાગ-સારંગ)

શરણ રામજીસે આયો કુટુંબ તજી શરણ રામજીસે આયો;
તજ ગઢ લંકા મહલ અરૂ મંદિર, નામ સુનત ઉઠ ધાયો...કુટુંબ૦...ટેક
ભરી સભામેં રાવણ બૈઠે, પરહિત વાત ચલાયો;
મુરખ બંધુ કહ્યો નવ માને, બેર બેર[1] સમજાયો...કુટુંબ૦...૧
આવત હી લંકાપતિ કીનો, હરિ હસી કંઠ લગાયો;
જન્મોજન્મ કે મિટયા પ્રાસીત,[2] રામજી દર્શન જબ પાયો...કુટુંબ૦...૨
શ્રીરઘુનાથ અનાથ કે બંધુ, દીન જાની અપનાયો;
તુલસીદાસ ભજો દશરથનંદન, ભકિત અભયપ્રદ પાયો...કુટુંબ૦...૩

卐

૧. જેમ તેમ--મુશ્કેલીથી    ૨. પાપ

## પદ-૪૪૦

રામભજન કર આળસુ મન રામ ભજન કર આળસુ;
કામ હી કામ કરત નિશદિન હી, રાચ રહ્યો જંજાલસી...મન૦...ટેક
તૃષ્ણા તેરી છૂટત નાહિં, જબ લગી આ તન જાલસી;[1]
કરના હોય સો કર લે અબહી, તજકે માયા જાલસી...મન૦...૧
બૈઠે વિચારો જન્મ સુધારો, હરિ વિના દુઃખ કો ન ટાલસી;
સુરદાસ સત સંગત કરી લો, તબ હરિ દર્શન નિહાળસી...મન૦...૨

卐

૧. શરીર માટેનો મોહ

## પદ-૪૪૧
### (રાગ-સારંગ)

નિર્ધન કે ધન રામ હમારે, નિર્ધન કો ધન રામ;
ખર્ચે ન ખૂટે ચોર ન લૂંટે, વિકટ સમયે આવ કામ...નિર્ધન૦...ટેક
દિન દિન હોત સવાયો દોઢો, ઘટત નાહિ એકે દામ;[1]
સુરદાસ પ્રભુ વાકી પુંજી, પારસ[2] કો કૌન કામ...નિર્ધન૦...૧

卐

૧. કિંમત   ૨. પારસમણિ

## પદ-૪૪૨

ગોવિંદ કયોં ન સંભાર્યા, મન તેં ગોવિંદ કયોં ન સંભાર્યા;
અપને લોભ લાલચ કે કારન, કરત કર્મ નહિ હાર્યા રે...મન૦...ટેક
અપને પિંડ પોષણ કે કારન, કોટિ કોટિ જીવ માર્યા;
એ જીવ તે કયોં ઉગરેગો, હાર ગયો નહિ જીત્યો...મન૦...૧
ભોમ પડયો તબ શોચન લાગો, બહુત કઠણ દુઃખ ભારી;
સુર કહે પ્રભુ કંઠ ગ્રહેગો, નિકસે પ્રાણ દુઃખારી...મન૦...૨

卐

# ઋતુનાં પદો
## વસંતનાં પદો
## પદ-૪૪૩

મેરે સતગુરુએ બક્ષ્યા રામનામ, મોહે ખારો લાગે સકલ કામ...ટેક
જગત જાલકા કાટી, ફંદ, મેરા દૂર કિયા દુઃખ દંડ;
મૈં નિશદિન સ્મરું અષ્ટજામ,[1] મેરા મુખ હૃદયે રહ્યો રામ રામ...મેરે૦...૧
મેરો જન્મ મરણકો લહ્યો ન પાર, મેરો જન્મ સુફલ ભયો અબકી બાર;
ગુરુ સંગે પાયા અગમ[2] ભેદ, દેખી રામ શબ્દ મેં સકલ સેવ...મેરે૦...૨
સબ ઘટ વ્યાપક રામરાય, સૂક્ષ્મ સ્થૂલ[3] ભયા એક ભાવ,
કહોંકો ભજૂં તજૂં કુલહીન, મેરી સુરતિ શબ્દમેં[4] ભયી લીન...મેરે૦...૩
જપતપ કરણી કરે સો હોઈ, એક રામ વિના નહિ મુકિત હોઈ;
રામચરણ હમ કહીં ન રાખ, જાકી અનંત કોટિ જનભરત સોઈ...મેરે૦...૪

卐

૧. ? આઠે પહોર ? જામ એટલે રાત્રિ--અથવા પહોર થાય તે પરથી  ૨. ગૂઢ
૩. ગોચર--અગોચર  ૪. જ્ઞાનમાં

## પદ-૪૪૪

નહિ છાંડુ બાવા શ્રી રામનામ, મેરે ઔર પઢનસે કોન કામ...ટેક
પ્રહ્લાદ સધારે[1] પઢ નિશાળ, સંગ સખા લિયે બહુત બાલ;
કહાઁ પઢાવે પંડિત ઔર જાલ,[2] મેરી પાટીમેં લિખ દો શ્રી ગોપાલ...નહિ છાંડુ૦...૧

સોંડા મુર્ગા કહ્યો હૈ જાય, પ્રહ્લાદ બંધાયો વેગે લાઈ;
રામનામ કહેનકી છાંડ બાન, અબહી છોડા હું મેરો કહ્યો હી માન...નહિ છાંડુ૦...૨

કહાઁ ડરાવે પંડિત વારંવાર, જેને જલ સ્થલ ગિરિસે લિયો ઉગાર;
માર ડાર ભાવે દેહી ઝાર, રામનામ છાંડુ તો મેરે ગુરુ હી ગાર...નહિ છાંડુ૦...૩

કાઢી ખડગ્ કાપ્યો રિસાયે, તેરો રાખનારો મોહે બતાય;
સ્તંભ ફોડ પ્રગટે મોરાર, હિરણ્યાકંસ માર્યા નખ વિદાર...નહિ છાંડુ૦...૪

આદિ પુરુષ દેવાધિદેવ, જેણે ભક્ત હીત ધર્યો નૃસિંહ ભેખ;[3]
કહત કબીર તેરો ન લહું પાર, પ્રહ્લાદ ઉગાર્યો અનેક વાર...નહિ છાંડુ૦...૫

卐

૧. જાય  ૨. પ્રહ્લાદને પ્રભુની ભક્તિ ગમે છે ત્યારે તેના ગુરુ તેને ભક્તિ વિરુદ્ધનું જ્ઞાન આપવા પ્રયત્ન કરે છે  ૩. સ્વરૂપ--વેશ--અવતાર

## પદ-૪૪૫

હરિનામ તત્ત્વ ત્રિલોક સાર, લોલીન[1] ભયે સૌ ઉતરે પાર...ટેક
એક જોગી એક જટાધાર, એક અંગે ભભુતિ ઘસે અપાર;
એક મુનિ મુખ મૌન લીન, ઐસે હોત હોત જુગ જાત છીન.....૧
એક આરાધે શક્તિ શિવ, એક પડદા દે દે વધત જીવ;
એક કુલદેવી કો જપે જાપ, ઐસે ત્રિભુવન કુલ્યો ત્રિવિધ તાપ.....૨
એક અન્ન છોડ કે પીબત દૂધ, હરિનામ વિના હૃદયે અશુદ્ધ;
કહત કબીર ઐસો વિચાર, હરિનામ વિના કૈસે ઉતરે પાર.....૩

卐

૧. લીન

## પદ-૪૪૬

હરિ બોલ શું વારંવાર, તેરી ધિક્ મીનડી[1] કશુ કરે પોકાર...હરિ૦...ટેક
અંજન મંજન તજ વિકાર, ગુરુદેવ બતાયો તત્ત્વસાર;
સંત સંગત મિલિ કરો વસંત, તેરે બંધન છૂટે જુગ અનંત...હરિ૦...૧
અનેક જન્મ તેં પાયો દાવ, મનષા જન્મ કર ભકિતભાવ;
ઐસો અવસર બહુરિ ન પાવે, તાંથે મૈં જો કહું સમજુ ત્યાંહે...હરિ૦...૨
કહાઁ ભયો સુત વનિતા જાયે, અંતકી બેર કોઈ સંગ ન આયે,
કહે કબીર વિચાર વિચાર, હરિકી ભકિત વિના ગયે હૈ હાર.....હરિ૦...૩

卐

૧. મનરૂપી માછલી, પરંતુ ખરેખર આ પદમાં પાઠફેર હોવાથી મૂળ પદના પોપટ ને બિલાડીના રૂપક સાથે અર્થ બંધબેસતો થતો નથી-મૂળ પદની ધ્રુવ પંકિત આ પ્રમાણે છેઃ હરિ બોલ સૂવા બાર બાર તેરી ઢીંગી મીની કછૂ કરે પુકાર ! સૂવા-પોપટ, મીની-બિલાડી. પોપટ જીવ માટે ને બિલાડી કાળ માટે વપરાયેલો જાણવો.

## પદ-૪૪૭

ચલ ચલ રે ભમરા[1] કમલ[2] પાસ, તેરી ભમરી[3] બોલે અતિ ઉદાસ.....ચલ.....ટેક
તેં બહુત પુષ્પકો લિયો હૈ ભોગ, તેરે સુખ ન ભયો તન બઢયો હૈ રોગ,
મૈં જો કહું તુમ્હેં બાર બાર, મેં સબ વન ઢૂંઢયો ડાર ડાર.....ચલ૦.....૧
દિવસ ચાર કો સો રંગ ફૂલી, ત્યોંહી દેખી કહાઁ રહ્યો હૈ ભૂલી;
ઈન વન-સંપત્તિમેં લગેગી આગ, તબ તુમ ભમરા કહાઁ જાઓગે ભાગ.....ચલ૦.....૨
પુષ્પ પુરાનો ભયો હૈ સુક,[4] તબ તુમ ભમરા કો, લગી અધિક ભૂખ;
ઉડ ન સકે પર ગયૌ હૈ તૂટ, તબ ભમરી[5] રુવે શિશ કૂટ.....ચલ૦.....૩
તબ ચૌદિશ જુએ મધુપરાય[6] તબ ભમરી લે ચલી શિશ ચઢાઈ;
કહત કબીર મન કો સ્વભાવ, રામભકિત બિના જમકો દાવ.....ચલ૦.....૪

卐

૧. ભમરા-મન  ૨. પરમાત્મા  ૩. અંતઃકરણ  ૪. સૂકાઈ ગયેલાં
૫. અંતઃકરણ  ૬. પરમાત્મા

## પદ-૪૪૮

(રાગ-વસંત)

માધુ મોહ મૃગ માર્યો ન જાયે, મેરી બુધવાડીમેં બસ્યા હૈ આઈ.....ટેક
મેરી વાડીમેં નીપજે મુકતવેલ[1] સો દેખત ચર જાયે એલ;[2]
રહન ન પાવે ફલફૂલ પાન, મેં સીંચ સીંચ રહું પટકી હાથ.....માધુ૦..૧
ધ્યાન ધનુષ સાધ્યું સંધાય, સુરત નુરત કી ગ્રહો બાંય;
જો મેં મારું તાકી તાંહે, તબ હોત વીદેહી વિલાસે જાયે.....માધુ૦..૨
એ મૃગ મારી શકે ન કોઈ, સુરિનર મુનિવર રહ્યા રે જોઈ;
કહત કબીર જિને દિયો હૈ ટાલી જિને રામ ભજનકી કરી હૈ વાડ.....માધુ૦..૩

卐

૧. મુકિતરૂપી વેલ-માનવદેહ મળે ત્યારે જ જીવ મુકિત પ્રાપ્ત કરી શકે તેથી આ જન્મમાં મુકિતવેલનો પોષણ આપવાની જરૂર છે    ૨. ફાલતુ તત્ત્વો-મતલબ કે મોહમૃગ જે બિનઉપયોગી છે.

## પદ-૪૪૯

(રાગ-વસંત)

માધુ દારૂણ દુઃખ સહ્યો ન જાય, મેરી ચંચલ મતિ તાંથે કહાઁ બસાયે.....ટેક
મેરે તન ભીતર વસે મદન ચોર, જેણે જ્ઞાન રત્ન હરી લીનો મોલ;
મૈં જો અનાથ પ્રભુ કરું કહાઁયે, અનેક બગીચે મેં કહાઁયે.....માધુ૦.....૧
સનક સુનંદન શિવ શુકાદિ, નાભિ કમલ ઉપજે બ્રહ્મા;
જોગી જંગલ જટાધારી, પ્રભુ અપને અવસર સે ચલે હૈ હાર.....માધુ૦.....૨
તુમ હો અથાહ મેં લહું ન થાહ,[1] મેરે સકલ કામકી શોચ યહાઁ;
અહરનિશ સેવું ચરણ ધીર, ઐસી યુકિત જાણી કહે કબીર.....માધુ૦.....૩

卐

૧. પરમાત્મા અતાગ અથવા તો અપાર તેથી જીવ તેનો પાર ન પામી શકે.

## પદ-૪૫૦

વંદુ રઘુપતિ કરુણાનિધાન જયાંથે છૂટે ભવભેદ અજ્ઞાન.....ટેક
રઘુવંશ કમોદ[1] પદ સુખ નિશેષ, સેવત પદ પકંજ અજ મહેશ;
નિજ ભકિત હૃદયમેં ખોજ ભ્રાંગ, લાવણ્ય વપુ અગ્નિ ન અનંગ.....વંદુ૦.....૧

અતિ પ્રબલ મોહ તમ માર્તંડ,[2] અજ્ઞાન દહન પાવક પ્રચંડ;
અભિમાન સિંધુકો તજ ઉદાર, સુર રંજન ભંજન ભૂમિ ભાર.....વંદુ૦.....૨
રાગાદિ શ્રપગાન પનગાર, કંદ્રપનાગ મૃગપતિ મોરાર;
ભવજલ પીબત ચરણારવિંદ, જાનકી રવન આનંદ કંદ.....વંદુ.....૩
હનુમંત પ્રેમ વ્યાપી મરાલ,[3] સ્નેહ કામધેનુ ગોદ આલ;
ત્રિલોક તિલક ગુણ ગહન રામ, કહે તુલસીદાસ વિશ્રામધામ.....વંદુ.....૪

卐

૧. કુમુદ ઉપરથી કમોદ એટલે ફૂલ મતલબ કે રાજા રઘુના પુત્ર રામના પગ ફૂલ જેવા પરમ સુખ આપનારા ૨. હાથી ૩. હંસ

## પદ-૪૫૧

(રાગ-વસંત)

મનુષ્ય તન પાયો બડો હૈ ભાગ, આપ વિચાર ખેલો ફાગ.....મનુષ્ય૦.....ટેક
બિન પગ ચલી હૈ અર્ધચાલ, બિન રસના ગાયે ગુણ ગોપાલ;
બિન બાજે જહાં બજહેં બેન, નીરખી દેખીયે બીન હી નૈન.....મનુષ્ય૦.....૧
બિન મારે જહાં મૃતક હોય, બિન જહાં જલી જાયે સોઈ;
બિન સાંગે બિન જાઁચ દેય, સો સાલમ[1] બાજી જીત લેય.....મનુષ્ય૦.....૨
બિન વિશ્વાનલ જલે હી જયોત, પાપ પુન્ય ત્યહાં નાહિં સોત;
સ્વર્ગ નર્ક નહિ આદિ અંત, કહે કબીર તહાં કરો વસંત.....મનુષ્ય૦.....૩

卐

૧. સલામ નામનો કંદ આવે તેના પરથી સાલમપાક બનાવવામાં આવે; અહીં તો જેમ તેમ કરીને હાથમાં આવેલી બાજી જીતી લેવી એવા ભાવવાળો અર્થ થાય

## પદ-૪૫૨

જહાં બારે માસ વસંત[1] હોઈ, પરમાર્થ ચિને વિરલા કોઈ.....ટેક
જેહી વન તરુવર[2] ફૂલ્યો અગધા,[3] શિવ બ્રહ્મા મુનિ લહે નિવાસ;
સનકાદિક રહે ભ્રમર હોઈ, તહાં લક્ષ ચોર્યાશી જીવ જોઈ.....૧
જહાં અગણિત વર્ષે અખંડધાર,[4] તહાં હરિઅલ હોયે અઢારભાર;
પાણી આદર[5] દે ન કોઈ, તહાં પવન ગયે સબ મેલ ધોઈ.....૨

સાત સાગર પીયો હૈ ઘોળ, અન્ય દેવ તેત્રીશ ક્રોડ,
અમર લોક ફલ લિયો હૈ વ્હાય, કહત કબીર જાણે સો ખાય.....૩

卐

૧. બારે માસ વસંત એટલે બારે માસ આનંદ-ત્યાં કોઈ પણ પ્રકારનું દુઃખ જ નહિ.
૨. જંગલનાં ઝાડ ૩. અગાધ શબ્દ હોવો જોઈએ જેનો અર્થ થાય પુષ્કળ, ખૂબ
૪. મૂશળધારના અર્થમાં ૫. મુકિત તે જ અમર ફળ

## પદ-૪૫૩

ઐસે સ્હેજશુનમેં[1] નિત્ય વસંત, કબહુ બસે જુગ જાયે અનંત.....ટેક
જયાં નહિ ઈચ્છા આઁકાર, જયાં નહિ નાભ નાભિ તાર;
જયાં નહિ બ્રહ્મા શિવ વિષ્ણુ, જયાં નહિ વપુ ચોવીશ કૃષ્ણ.....૧
જયાં રૈન દિવસ નહિ, ચંદા સૂર્ય, કાલ જાલ નહિ કર્મ કૂટ,[2]
જયાં નહિ માયા મોહ મદ, ત્યાં રામાનંદ પ્રભુ રમે અખંડ.....૨

卐

૧. સહસ્રાર ચક્રમાં જયારે મન સ્થિર થાય ત્યારે નિત્ય વસંત એટલે આનંદનો અનુભવ થાય ૨. કર્મની કડાકૂટ અથવા પ્રપંચ

## પદ-૪૫૪

બનવારિ જાણે બનકી આદ, એક હરિ ભકિત વિના જન્મ બાદ.....ટેક
એક ફુલ ફુલ્યો ઋતુ વસંત, તામેં મોહી રહ્યો સબ જીવજંત;
ઈન ફુલન મેં અધિક વાસ, ઐસે ઘટ ઘટભીતર હરિ નિવાસ.....બનવારિ૦.....૧
ઊડ ઊડ ભ્રમર જાઉ દેશ, મેરે પ્રીતમ શું કહ્યો સંદેશ;
ચોળી ફાટી જોબન ભાર,[1] મોહે વ્રેહ સંતાપે વારંવાર.....બનવારિ૦.....૨
આડા ડુંગર ઉગટ ઘાટ, ત્યાં જોગી જંગમ લહે નિવાટ;
પરવેલી[2] શું રહ્યો હૈ કંથ, મેં કોન સંગ ખેલું ઋતુ વસંત.....બનવારિ૦.....૩
તરુવર[3] એક અનેક ડાલ,[4] શાખા લતા ફલ રસાલ;
કહત કબીર મન ભયો આનંદ, મોહે હર્ષા મિલે ગુરુ રામાનંદ.....બનવારિ૦.....૪

卐

૧. જુવાનીનો મદ ૨. જેનો પતિ બહારના પ્રદેશમાં હોય એટલે કે દૂર હોય
૩. ઝાડ ૪. ડાળીઓ

## પદ-૪૫૫

સુખ સાગર જીવ કરો સ્નાન, જયાં સુરિનર મુનિજન ઘર હૈ ધ્યાન.....ટેક
બિન જલ જહાઁ ઊઠે હી લ્હેર, બિન પર્વત જહા ટહૂકે મોર;
બિન શિંગી[1] જહાઁ બજે હી નાદ, સુન હો સંતો શબ્દ આદિ.....૧
બિન કર સુનીએ બજે હૈ તાલ, પ્રેમ પખાવજ અતિ રસાલ,
બિન પગ નટીયાં કરે હૈ નાચ, બુઝો સંતો શબ્દ સાચ.....૨
બિન નૈન દેખીએ અતિ નિહાળ, સંતો ઐસો મત હમારા;
જયોત બરૈ બિન બાતી તેલ, તુમ દેખો સંતો અગમ ખેલ.....૩
સ્વામી રામાનંદ ગુરુ પ્રસાદ, નિરંતર ભજીએ મન સુખ સમાધ,
આશા મિટ કરી ગ્રહી, ઓટ કબીરજી મન નાહિં ખોટ.....૪

卐

૧. એક વાદ્ય

## પદ-૪૫૬

(રાગ-વસંત)

કહાં જઈએ રે ગૃહે લાગો રંગ, મેરો ચિત્ત ન ચલે રે મન ભયો હૈ સ્થિર.....ટેક

જહાં જઈએ તહાં જલ પાષાન, પૂરી રહ્યો હરિ સબ સમાન,
વેદ સ્મૃતિ સબ દેખ્યા જોઈ, તહાં જો જઈએ હરિ યહાં ન હોય.....કહાં૦.....૧

એક દિન મન ભયો ઉમંગ, ઘસી ચૂવા ચંદન પુષ્પ સંગ;
પૂજન ચલી મૈં ઠામ ઠામ, ગુરુએ બ્રહ્મ બતાયો આપમેં.....કહાં૦.....૨

અંજન મંજન તજ વિકાર, અડસઠ તીરથ એક દ્વાર;
માન મૂઢ મતિ કહાં જાય, તે રે ઘટમેં તીર્થ કયો ન ન્હાય.....કહાં૦.....૩

સતગુરુમેં બલિહારી[1] તોયે, મેરે સંકલ્પ વિકલ્પ[2] ભ્રમ ડારે ખોઈ;
રામાનંદ પ્રભુ સ્વામી રમતા બ્રહ્મ, ગુરુ કો એક શબ્દ જાકે કાટે ફંદ.....કહાં૦.....૪

卐

૧. વાહવાહ ૨. વિચારો

## પદ-૪૫૭

જહાં સતગુરુ ખેલે ઋતુ વસંત, પરમ જયોતિ જહાં સાધુ સંત.....ટેક
તહાં તીન લોક થે ભિન્ન રાજ, તહાં અનહદ ધૂની બાજાં બાજ;
કોટિ કૃષ્ણ તહાં જોડે હાથ, કોટિ વિષ્ણુ તહાં નમે હૈ માથ.....૧
કોટિ બ્રહ્મ તહાં કથે જ્ઞાન, કોટિ શિવ જહાં ધરે હૈ ધ્યાન;
કોટિ સરસ્વતી કરે હૈ રાગ, કોટિ ઈન્દ્ર જહાં ગ્રહે ન લાગ.....૨
ચૌદિશ જયોતિ[૨] જલે હૈ અથાગ,[૩] વિરલા જન કોઈ પાવે થાહ;[૪]
કહે કબીર કંઠ લિયો હૈ લાઈ, પ્રભુ નરક નિવારણ નાવ તાહે.....૩

卐

૧. ચિત્ત એકાગ્ર થયા પછી ધ્યાન કરનારને સંભળાતો ૐનો ધ્વનિ
૨. ચહુદિશ એટલે બધી દિશામાં પ્રકાશનો અનુભવ ૩. અપાર
૪. પાર

## પદ-૪૫૮

સત સુકૃત[૧] ખેલે ઋતુ વસંત, કરી સુખ દુઃખ છોડી દ્વંદ્વ.....ટેક
જીવન સાચા ભલે તબ હી હોય, ગુરુગમ ભેદ લહી પાવે કોઈ;
લક્ષ ચોર્યાશી કે કટે હૈ ફંદ, અમર કરો મન છોડી મદ.....૧
સો હી સુહાગન પિયુ હૈ ચિન,[૨] દૃષ્ટિ પડે રહે અતિ આધિન;
દર્શન શોભા રહે સમાઈ, નહિ બિછુડે સંગ જાઈ.....૨
પરીખ જાન[૩] તબ નામ દીન, રત્ન પદારથ દેહી ભિન્ન;
કહે કબીર ખરચ થોર, સતગુરુ કૃપા કરી દીનો મોર.....૩

卐

૧. પુણ્ય ૨. ચેતનમય ૩. પ્રાણ-આત્મા

## પદ-૪૫૯

બુઢ્ઢિયા[૧] હસી બોલે વારંવાર, મોંસે તારુણી કોણ નાર.....ટેક
દાંત ગયે મેરે પાન ખાત, કેશ ગયે મેરે ગંગા ન્હાત;
નૈન ગયે મેરી કાજલ દેત, વ્રેહ[૨] ગયે પરપુરુષ હેત.....બુઢ્ઢિયા૦.....૧
જાન[૩] પુરુષ વા મેરો આહાર, અજાને કો કરું સંહાર;
કહત કબીર બુઢ્ઢિયા આનંદ ગાઈ, પુત્ર ભરથાર[૪] કો બૈઠી ખાય.....બુઢ્ઢિયા૦.....૨

卐

૧. ઘરડી સ્ત્રી તે માયા ૨. વિરહ ૩. વિષયોમાં મગ્ન રહેતો જીવ
૪. પુત્ર પતિ બધાંને સ્વાહા કરી જાય

## પદ-૪૬૦

ભજ ભજ રે જીવડા સુકૃત[1] સોઈ, કાહે ન ગ્રહ્યો તુમ અગમ હોય.....ટેક

જહાઁ અગમ તહાઁ સુકૃત વાસ, રવિ શશિ ધરણી બિંબ પ્રકાશ;
ગગન ગર્જે વર્ષે જો નીર, સુરત નુરત[2] લે ધરહૂ ધીર.....ભજ૦.....૧

પંડિત ખોજે સ્મૃતિ વેદ, સિદ્ધ સાધક ગયે ન લહે ભેદ;
ઉન ઉર કાહુ ન ગમ કી ન, ઊઠ ગયે જૈસે જલકે મીન.....ભજ૦.....૨

ખંડ એકવીશ પૃથ્વીકો ભાર, ગુણી ગંધર્વ મૂનિ ગયે હૈ હાર;
કહે કબીર સમજાઉ કહાઁ, પતિત ઉદ્ધારણ નામ યહાઁ.....ભજ૦.....૩

卐

૧. પુણ્યશાળી આત્મા ૨. મનની ભોગ કરવાની વૃત્તિ તે સુરત ને વૈરાગ્યની વૃત્તિ તે નુરત

## પદ-૪૬૧

બાવા ગૃહમેં બઢી હૈ રાઢ;[1] નિશદિન મોંસે ચપલ નાર.....ટેક

એક બડી જા કે પાંચ હાથ,[2] ઉન પાંચનમેં પચ્ચીશ[3] સાથ;
પચ્ચીશન કે સંગ ઔર ઔર, ઔર ઔર જા કે ઘેર ઘેર.....૧

અંતર માંહી અંત લે હી, જક ઝોલે જલી જાય દેહ;
અપનો ચાહે ભોગ, કહો, કૈસે લઈએ સ્વલ્પ[4] યોગ.....૨

નેડો રહું ન પાઉ દૂર, ચૌદિશ બાખર[5] રહી હૈ પૂર;
લક્ષ આહેડી મેં એક જીવ, તાંથે પોકારૂં મેં પિયુ પિયુ.....૩

ના ગૃહ કરું ના માગું ભીખ, મોહેં બહુત દિનકી લગી હૈ શીખ;
અબકી બેર મોસેં બચાવ, કહે કબીર પડયો પૂરો દાવ.....૪

卐

૧. કંકાસ ૨. પાંચ ઈન્દ્રિયો ૩. પચીસ તત્ત્વોનો સાથ-તેની સાથે મળી માયા વિષયોમાં ઘસડી જાય અને જીવને દુઃખમાં નાખી દે તે દુઃખ પણ મનને ગમે તેવું ૪. તેવા દુઃખમાં મન યોગની સાધના થોડી પણ કેવી રીતે કરી શકે ?
૫. છલકાય

## પદ-૪૬૨

હરિ ભકત વત્સલ ખેલે વસંત, સંગ રાજીવરંગ સકલ સંત...હરિ૦...ટેક
ઘસી કેસર ભરી કલશ લીન, ચર્ચત ચતુરા[1] અતિ પ્રવીન,
શેષ શંકર કરે ફૂલેલ, શુકમુનિ મૃગ મદ કરત રેલ...હરિ૦...૧
પ્રહ્‌લાદ ભરી કેસૂર કે નીર, તહાઁ ઋષિ નારદ ડાલે અબીલ;
અધર ધરે સરસ ચંગ, પ્રેમ પુલકિત ઓધવ ઓધવ ઊપંગ...હરિ૦...૨
નામદેવ મૃદંગી મગ્ન રૂપ, જન કબીર વેણ અનુપ;
રોહીદાસ બજાવે નિપુણ તાલ, તહાઁ સુર સુઘડ ખેલ રસાલ...હરિ૦...૩
પરમાનંદ ડફસેં ની ભેર, તુલસી જૈ જૈ ઉચરે ટેર;
જયદેવ નૃત્ય કરે અતિ રસાલ, તહાં વૃન્દાવન વહીરત શ્રી ગોપાલ...હરિ૦...૪
જા કો બિરુદ દયાનિધિ અતિ ઉદાર ભકત હીત લીલા વિહાર;
લાગે અભયપદ ફગુવા દેત, જન ઋષિકેશે પ્રભુ કમલ નેન...હરિ૦...૫

卐

૧. હોંશિયાર

## પદ-૪૬૩

હરિ પતિત ઉદ્ધારે સો હી સંભાળ, આદિ અંત તારે મોરાર.....ટેક
એક ગુનકા હોતી નગર માંહે, જા કો રામ કહન કી સૂદ્ધિ નાંહિ;
દમડીમેં સુ વટલ્યો હૈ મૂલ, તુમ પઢયો પ્રબલે રામ બોલ.....હરિ૦ ૧
એક અજામિલ પતિ અસાચ, સો હી ગુનકા સંગ રહ્યો હૈં રાચ;
પુત્ર નારાયણ નામ શાખ, જિન જમદૂતને તેં લિયો હૈ રાખ.....હરિ૦ ૨
એક વિધ કહત હૈ કોટાન જીવ, જિન વિશ્વાસુર[1] નહિ ભજયો પિયુ;
હરિ કે શરણે સબ ચઢે વિમાન, યોં કહે કબીર ભજ રામ રામ.....હરિ૦ ૩

卐

૧. વિશ્વાસને આધારે

## પદ-૪૬૪

હરિ ભકિત કરત ઉદ્ધરે[1] અનેક, જેણે રામનામ કી ગ્રહી.....ટેક
રામનામ તત્ત્વસાર એક ભૈયા જાનતે હૈ કોઈ જન વિવેક,
જાનત શિવ સનકાદિક શેષ, ભૈયા ધ્રુવ નારદ અંબરીષ દેખ.....હરિ૦ ૧

કોઈ પૂર્વ જન્મકો લખ્યો હૈ લેખ, સો તો લેખ ટળે[2] હી કરી અનેક;
ભાગ્ય લખી જા કે ભકિત હોય, હરિ ભકિત હોય સમ ધર્મ ન કોઈ.....હરિ૦ ૨
રામનામ સબમેં વિશેઝં, જહા ભ્રમ કર્મ કી રહી ન રેખ;
ભ્રમ ગયો રહ્યો રામ એક, જન કબીર બ્રહ્મ નિર્વાણ[3] પેખ.....હરિ૦ ૩

卐

૧. ભકિત દ્વારા માનવનું કલ્યાણ થાય તેવાં અનેક ઉદાહરણો છે ૨. પ્રારબ્ધ ભોગવ્યા પછી જ મટે ૩. મોક્ષ

## પદ-૪૬૫

મેરી સુરતિ સુહાગન ખેલે ફાગ, ભૈયા પરિબ્રહ્મ જહાં કરત રાગ....ટેક
બાજત મુરલી બહુત તૂર, બિન રસના સુર ઊઠત ઘોર;
સુની સુની શીતલ ભયો હૈ ગાત્ર, મેરે શ્રવન સુને નહિ ઔર બાત....૧
લોક લાજ કુલ ડારી દીની, એક પ્રેમ ધન ગ્રહી હાથ લીન;
સુમર સખીકો કિયો હૈ સંગ, યોં સકલ રચ્યો હૈ વિવિધ રંગ....૨
ગગન ગલી જહાં મગન ખાલ,[1] એક પકડત પાયે હરિ વિશાલ;
હિલ મિલ કરકે કિયો વિલાસ, મેરી જન્મ જન્મકી મિટી હૈ પ્યાસ....૩
રસાતલ[2] ભૂતલ અરૂ આકાશ, જહાં પ્રેમ સુગંધકી ફેલી વાસ;
દાસ કબીર ઉર ભાવે સંત, કોઈ એહીવિધ ખેલે ઋતુ વસંત....૪

卐

૧. ચામડી અથવા છોલ-મગન એટલે આનંદ-એક અનોખી અવસ્થા જેમાં શરીરનું ભાન રહેતું નથી અને પરમચૈતન્ય સાથે એકરૂપતાનો અનુભવ થઈ જાય છે.
૨. પાતાળ

## પદ-૪૬૬

સખી આજ અનુપમ બન્યો વસંત, આનંદ શું ભજું અપનો કંથ....સખી૦ ટેક
જહાં સંત સંગત શોભા અભંગ, તાંહી દેખી આનંદ ન માયે અંગ;
બૈઠે ગુણ ગાયે મગન હોય, જહાં બાજે વિવિધ બાજહી સોઈ....સખી૦ ૧
તહાં ઉડત ગુલાલ અબીલ અંગ, તહાં અરસ પરસ આનંદ રંગ
કુતૂહલ બઢયો હૈ અપાર, તહાં જૈ જૈ શબ્દ કરે ઉચ્ચાર....સખી૦ ૨

જહાં જિત કિત સાધુ સંત સોઈ, ગુણ ગાવે નાચે મગ્ન હોઈ;
ઉમંગી સુધાસિંધુ[1] આઈ સોઈ, સબ સભા રહી સુખમેં સમાય....સખી૦ ૩
જહાં શીતલ બીર સુગંધ બાસ, તહાં કમલ ફુલ કરી રહી વિલાસ;
મધુપ રૂપ સાધુ બસોઈ, હરિ ચરણ કમલ રસ રહે હૈ ભાઈ....સખી૦ ૪
જે જે વિધ વરણી બસોઈ, ભયા સો સબ ઘટિ જન લખે કોઈ;
તુલસીદાસ લખે સોઈ સુખ સમાય, જુગ જુગ જમદુઃખ દરસે ન આઈ....સખી૦ ૫

卐

૧. અમૃતનો સાગર

## પદ-૪૬૭
## (રાગ-વસંત)

રસ હોરી ખેલે શ્રી જનરાય, સબ કુંવરી ઝરુખે દેખન આઈ....રસ૦ ટેક
મહાદેવ સાજ લિયે મૃદંગ, તહાં ઋષિ નારદ નાચે લિયે ઉમંગ;
તાલ લિયે ગાવે જયદેવ, તહાં નાભાં પીપાં નામદેવ....રસ૦ ૧

રોહીદાસ બજાવી લિયે હૈ બાગ, ગાવે આશા ટોડી વસંત રાગ;
સનકાદિક ખેલે મોઝાર, તહાં નિગમ ઉચ્ચારે જૈ જૈ કાર....રસ૦ ૨

કેસર કુમ કુમ ભરે હૈ માટ, તહાં સે ભકત દે બાંટ બાંટ;
પિચકારી બલિભદ્ર હાથ, પ્રહ્‌લાદ વિભીષણ વિદુર સાથ....રસ૦ ૩

ગુરુ રામાનંદ કથે બ્રહ્મજ્ઞાન, તહાં કબીર ચલાવે શબ્દબાણ;
નીમાદિત અરૂ વિષ્ણુ શ્યામ, તહાં માધવાચાર્ય કરે બહુ વખાણ....રસ૦ ૪

ઉડત ગુલાલ અરૂણ આકાશ, તહાં આનંતાનંદ અરૂ કરસનદાસ;
અગર કીલ ચરચે અબિલ, તહાં ધ્રુવ અંબરીષ શુકદેવ વીર....રસ૦ ૫

રાંકા વાંકા કાલુ કેવલદાસ, તહાં દાસ દેવ કરે પ્રેમ પ્રકાશ;
ખોજી નરસૈંયો આસપાસ, તહાં પ્રેમસહિત ગાયે મીરાંદાસ....રસ૦ ૬

હોરી ખેલત બઢયો હૈ રંગ, તહાં અનંત કોટિ સંગ લિયે હૈ સંગ;
અબ કી બેર મેરો રાખો માન, જન નાભાકો દીજે ભકિતદાન....રસ૦ ૭

卐

## પદ-૪૬૮

રસ હોરી ખેલે શ્રી રામચંદ્ર તાંથે જનકસુતા મન ભયો આનંદ...રસ૦ ટેક
તહાં ફૂલ જ ફુલે ઋતુ વસંત, તહાં ખગ મૃગ ચાતક કરે આનંદ;
તહાં પંખી માત્ર કરત કિલ્લોલ, તહાં કોયલ ચકોર ટહુકે મોર...રસ૦ ૧

તહાં ભરત શત્રુઘ્ન લિયે હૈ સંગ, તહાં નાનાવિધ કે હોત રંગ;
તહાં બાજે તાલ ઉપંગ ચંગ, તહાં મધુરીસી બેન ઘૂમે મૃદંગ...રસ૦ ૨

તહાં અંગદ નીલ સુગ્રીવ સાથ, તહાં રત્નજડિત પિચકારી હાથ;
તહાં ઉડતં અગર ને ગુલાલ, તહાં અરસપરસ ભરી દે મોરાર...રસ૦ ૩

તહાં ખેલ જ ખેલે સરયુ તીર, તહાં લક્ષ્મણ ને હનુમાન વીર;
તહાં ચૂવા ચંદન ચરચે[1] અંગ, તાંથે ભકત વત્સલ પ્રભુ રાખો સંગ...રસ૦ ૪

ઈસવિધ ખેલે હોરી કો ફાગ, અયોધ્યા આયે ફગુઆ ચૂકાયે;
તહાં તુલસીદાસ મન ભયો આનંદ, અબિલ ગુલાલ ઉડે અસંખ્ય...રસ૦ ૫

卐

૧. લગાડે

## પદ-૪૬૯

ભણો ભણો રે વિદ્યા શ્રી રામની, સાચી વિદ્યા મૂલ ધામની...ભણો૦ ટેક
એના મહેતાજી ગુરુદેવ છે, તેને વિદ્યા ભણવાનો ભાવ છે;
તમે તહાં જઈ ભાઈ શીખજો, તમે અલેખ ના અક્ષર લખજો...ભણો૦ ૧

તમે ખડિયો ખબર કેરો કરો, તમે માંહી પ્રેમ શાહી સમજી ભરો;
લેજો લેખણ રાખો કરી; તમે હૃદિયા પાટી લઈ ભરો...ભણો૦ ૨

જયારે વિદ્યા પૂરી પામશો, ત્યારે સંશય સઘળા વામશો;[1]
ત્યારે બ્રહ્મ નિરંતર ભાસશે, એકવૃત્તિ[2] માંહે વાંચશો...ભણો૦ ૩

એમ કહેશે અલેતા દાસ રે, તહાં ઊપજે અતિ ઉલ્લાસ રે;
કહે જે જેમ તે તેમ જાણજો, તહાં સદા સદોદિ માણજો...ભણો૦ ૪

卐

૧. છોડી દેશો ૨. મનની સ્થિરતા પછી થતું દર્શન

## પદ-૪૭૦

એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી, જુઓ જુઓ ભાઈ ઓ તમે આદિજી....એવી૦ ટેક
તેણે અવર અક્ષર ન ઉચર્યા, તેણે રામનામ હૃદિયે ધર્યા;
તે તો તાતના ત્રાસથી ન ડર્યા, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી....એવી૦ ૧
તાતે લોહાના સ્તંભ ધીકાવ્યા, પ્રહ્લાદ ભેટાડવા લાવ્યા;
ત્યાં તો રામનામ લેતા આવ્યા, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી....એવી૦ ૨
ત્યાં તો નૃસિંહ રૂપ હરિ થયા, પ્રભુ દેહ ધરી ઊભા રહ્યા;
ભકત હીત ભાવ પોતે લહ્યા, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી....એવી૦ ૩
ત્યાં તો હિરણાકંસ વિડાર્યો, પોતે નખ વધારી માર્યો;
પ્રહ્લાદનો ત્રાસ નિવાર્યો, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી....એવી૦ ૪
એમ અનેક ભકત ઉગાર્યા, તેના તનના તાપ નિવાર્યા,
જશ કબીરજીએ ઉચાર્યો, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી....એવી૦ ૫

卐

## પદ-૪૭૧

કોઈ હૈ રે હમારા ગાઁવકા, વા કો પરચા[1] પૂછું મૂલધામકા....કોઈ૦ ટેક
બિન બાદલ વર્ષે અખંડ ધાર, તહાં બિજલી ચમકે અતિ અપાર,
શશિ ભાણ વિના જહૉ હોય પ્રકાશ, સતગુરુ શબ્દ લિયો નિવાસ....કોઈ૦ ૧

બિન તરુવર ફૂલ્યો અતિ અનુપમ, વાકો શાખા પાત્ર નહિ છાર્યૅ ધૂપ;
બિન ફુલન ભ્રમર કરે ગુંજારવ, તહાં ફૂલ લાગ્યો હૈ નિરધાર....કોઈ૦ ૨

તહાં ઉચ નીચ નહિ જાત ભાત, તહાં ત્રિગુણ ન વ્યાપે સદાયે સંત;
તહાં હર્ષ શોક નહિ રાગ દ્વેષ, તહાં જરા મરણ ન વ્યાપે રોગ....કોઈ૦ ૩

તહાં અખંડપુરી એક નગર ગામ, વસીએ સાધુ સ્હજ ધામ;
સો ઉપજે નિપજે નહિ વણસ જાય, સત કબીર મિલે હૈં ત્યાંય....કોઈ૦ ૪

卐

૧. પરિચય

## પદ-૪૭૨
(રાગ-વસંત)

મેરે હૃદયે લાગ્યો ગુરૂ શબ્દબાણ, તાકી માર્યો સતગુરૂ સુજાણ....મેરે૦ ટેક
દશે દિશા મન કરત દોડ, મેરો ચિત્ત ન ચલે અબ ભર્યો હૈ સ્થિર;
ચલ ન શકે મન પગલું એક, મેરે કઠણ કલેજે પડયો હૈ છેદ....મેરે૦ ૧
ઉપર ઘાવ દીસે ન કોઈ, મેરે નખશિખ ભીતર સાલે[1] બાહોર;
બાબા કોઈ ન જાણે મેરે દિલકી પીડ, સો જાણે જાકે લાગ્યો હૈ તીર....મેરે૦ ૨
ઉલટયો તન મન પલટયો અંગ, તબ પાંચ પચ્ચીશ[2] લિયે એકી સંગ;
ઉલટિ સમાયો આપ માંહી, કહે કબીર બલિહારી ત્યાંય....મેરે૦ ૩

卐

૧. દુઃખ- પીડા આવે   ૨. સદ્‌ગુરૂનો સાચો પરિચય થયા પછી શરીર અને તેમાં રહેલ ચેતન તત્ત્વનું જ્ઞાન થાય એ જ્ઞાન થયા પછી ગુરુ પર શ્રદ્ધા રાખતું મન આનંદથી પ્રગતિશીલ બને છે.

## પદ-૪૭૩
(રાગ-વસંત)

ભૈયા ઐસો નગર મેં છોડુ નહિ, જા મેં અનંત કોટી જન બસે હી માંહી....ભૈયા૦ ટેક
જહાં શિવ સનકાદિક શેષ સાધક, મુનિ નારદ શારદા ધ્રુવ પ્રહ્લાદ;
કમલા ઉમિયા હનુમાન, જહાં નેતિ નેતિ કરે નિગમ ગાન....ભૈયા૦ ૧
જહાં ઋષભદેવ જડભરત માંહી, તહાં નવ જોગેશ્વર જનકરાય;
કપિલદેવ અરૂ વાલ્મિક, જહાં ધ્યાન ધરે શુક અંબરીષ....ભૈયા૦ ૨
જહાં રામાનંદ જામાનંદ નામ, તહાં માધવાચાર્ય વિષ્ણુ શ્યામ;
ઔર સખા સબ લિયે હૈ સાથ, ઈન ચારોને પકડયો સબકો હાથ....ભૈયા૦ ૩
જહાં ગોરખ ભરથરી ગોપીચંદ, જહાં નાનક ફરીદા અરબાજંદ;
મહમદ દાદુ કરે નિવાસ, જહાં શહીદ એકાદશ હરિદાસ....ભૈયા૦ ૪
અલ્પ અકલ ગણિત ન આયે, આ પદકી મહિમા કહી ન જાય;
અગમપુરી ભરપુરવાસ, જહાં ઘર ઘર આનંદ સુખ વિલાસ....ભૈયા૦ ૫
જહાં સબ સંતનકો પાયે શીત, ચરણાંજલ[1] રજ શું ગયો હૈ ભીન;
મૈં સંતદાસકો કોપ નહિં દાસ, રાખો રામચરણકો ચરણ પાસ....ભૈયા૦ ૬

卐

૧. પગની પાટલી પર ચોંટેલી રજ ભીની બને તેવો હું સંતોની કૃપાથી ભીંજાઈ ગયો

### પદ-૪૭૪

કોઈ સંત વિવેકી મન હીં જાન, ઉર્ઝી[1] રહ્યો હૈ સકલ જહાન[2]...ટેક
મન પંખી હોયે ઉડે આકાશ, જલ સ્થળમેં જાયે સકલ વાસ;
ચૌદિશ મનવા રહ્યો હૈ છાંય, કોઈ ન ચિને મન સબકો ખાય....૧
મન હી પાપ અરૂ મન હી પુન્ય, મન હી રૂપ ધરે ત્રિગુણ;
મન હી વ્રત સુરિનર મુનિ દેવ, મન હી કી સબ કરે હૈ સેવ....૨
મન હી આદિ અરૂ મન હી અંત, મન હી જાણે કોઈ વિરલા સંત;
કહે કબીર કોઈ મન હી જાણે, સત શબ્દ પદ ગ્રહે નિર્વાણ....૩

卐

૧. રમી, વિલસી, ક્રિયાન્વિત રહ્યો છે   ૨. સમગ્ર જગતમાં

### પદ-૪૭૫
(રાગ-વસંત)

ભ્રમિત[1] નર ખોજે ડાર ડાર, એક બીજ બિના નહિ પાવે પાર...ભ્રમિત૦ ટેક
હટ જોગ કમાવે કરી કલેશ, તપ સાધે તરુણી[2] તજી દેશ;
તીર્થ નાવ પઢે હી વેદ, એક રામ ભજન બિના સબ હી ખેદ...ભ્રમિત૦ ૧
કોઈ બેલાં તેલાં[3] કરે ઉપન્યાસ, તથ કષ્ટ સહે ધરી અધિક આશ;
દરવેશ ન ખોજે અપના જંદ[4] એક રામ ભજન વિના સબ હી ફંદ...ભ્રમિત૦ ૨
એક વિપ્ર જનોઈ જુગતે પાઈ, શિવ શિવ કહે જંગમ માંગ ખાયે;
નગ્ન સંન્યાસી ભસ્મ અંગ, એક રામ ભજન વિના મનકા રંગ...ભ્રમિત૦ ૩
એક બજરી[5] અમરી જ રહે કોઈ, જાસું વચન સિદ્ધ વાકો માન હોય;
જ્ઞાન ધ્યાન હરિ ભકિત જાઈ, રસ રામ છોડિ મુખ મેલ ખાય...ભ્રમિત૦ ૪
સબ ગ્રંથો મેં એહી સાર, ભજી રામનામ તજીએ વિકાર;
અનંત કોટિ જન ભરત શાખ, સતગુરુ પ્રીછ તું હૃદયે રાખ...ભ્રમિત૦ ૫
ઐસો રત્ન જનમન હી વારંવાર, દુર્લભ ધન ખોવે ભર્મ લાળ;[6]
રામ ચરણ પેખ બંધન તોડ, નિષ્પેક્ષ[7] નિરંજન સ્નેહ જોડ...ભ્રમિત૦ ૬

卐

૧. ભ્રમમાં-અજ્ઞાનમાં-સપડાઈ જઈને   ૨. નવયૌવના   ૩. આમ તેમ જોડી
૪. ફક્કડ પુરુષ   ૫. વ્યસની   ૬. ભ્રમની જાળમાં   ૭. નિર્મળ થઈને જોડ

## પદ-૪૭૬

મન ભ્રમર રે રત[1] વસંત જાય, રત પલ્ટે ફલ કૈસે પાય....મન૦ ટેક
રત પલ્ટે તબ હોયે ચૈન, તેરે મુખસે ન ઉચરે એક બેન;
પ્રેમ હૃદયે ધર રામબાન, તબહી છૂટે તેરી ખાણ....મન૦ ૧
ફુલી ફુલવાડી તે સકલ ફુલ, તેરો મનુષ્ય જન્મ હૈ અમૂલ મૂલ;
સતગુરુ ચરણે ધરી લે ચિત્ત, નર તો હી તરવે કી એહી રીત....મન૦ ૨
તરુવર[2] એક તીન લોક માંહી, સબ મિલી બૈઠે વાકે છાંય;
કહે કબીર ભજ લીજે સોઈ, હરિ ચરણે પહુઁચે વિરલા કોઈ....મન૦ ૩

卐

૧. ઋતુ  ૨. ઝાડ

## પદ-૪૭૭

મધુકર[1] માધવ શું કહ્યો જાય, ઋતુ પલટી બીજમેં રહ્યો ન જાય....મધુકર૦ ટેક
વસુધા હી ફુલી કુસુમ વેલ, તહાં બન બન કોકિલ કરત કેલ;
મદન તાપ મોં પે સહ્યો ન જાય, પ્રભુ અમ ખબર લીજો વેગે આયે....મધુકર૦ ૧
પ્રાણ રહન કી અવધ આઈ, તુમ બિન ગોકુલ રહ્યો ન જાયે;
સુર કે પ્રભુ શું કહ્યો જાયે પાણ કહાં કરોગે આયે....મધુકર૦ ૨

卐

૧. ભમરો

## પદ-૪૭૮

(રાગ-વસંત)

આવ્યો માસ વસંત વધામણાં, છબીલાજીને કરીએ છાંટણાં...આવ્યો૦ ટેક
વન કેસર ફુલ્યો અતિ ઘણો તહાં કોકિલા શબ્દ સોહામણાં;
રૂડી આરતના લઈએ ભામણા,[1] આવ્યો માસ વસંત વધામણા....આવ્યો૦ ૧
તું તો વહેલી થા ને આજ રે, તારાં સરસે સારાં કાજ રે;
તું તો મૂક હૈયાની દાઝ રે, આવ્યો માસ વસંત વધામણાં રે....આવ્યો૦ ૨
તું તો નવરંગ ચોળી પહેર રે, પછી આજ થશે તારે લ્હેર રે;
રૂડા હરજી આવ્યા તારે ઘેર રે, આવ્યો માસ વસંત વધામણાં રે....આવ્યો૦ ૩
તું તો સજ શણગાર સાહેલડી રે, લેને અબિલ ગુલાલ ખોળા ભરી રે;
પછી ઓ આવે હસતાં હરિ રે, આવ્યો માસ વસંત વધામણાં રે....આવ્યો૦ ૪

રૂડી આરતના[2] અંગો અંગ છે, તહાં રમવાનો રૂડો રંગ છે;
તહાં છબીલાજીનો સંગ છે, આવ્યો માસ વસંત વધામણાં રે....આવ્યો૦ ૫
તહાં આનંદ સરખો થાય છે, તહાં મોહન મોરલી વાયે છે;
તહાં નરસૈંયો ગુણ ગાય છે, આવ્યો માસ વસંત વધામણાં રે....આવ્યો૦ ૬

卐

૧. હાથ ફેરવીને કરવામાં આવતી વિધિ એટલે ઓવારણાં ૨. ઈચ્છા- સાત્ત્વિક ઈચ્છાને રૂડી આરત કહેવાય

# વસંતની વધાઈ

## સાખી

વસંત આયો એ સખી, આંબે આયો મોર;
જા ઘર કૃષ્ણ પરોણલા રે, તા ઘર ગોપીઓની દોડાદોડ....૧
વસંત આયો એ સખી, ફૂલે સબ બનરાય;
એક ન ફૂલે કેતકી, ભ્રમર સો વાસ ન જાય....૨
વસંત તો સબ હી ભલો, નહિ વસંત સમતુલ;
દવકી દાધી લકડી, વો હી કે શિર ફૂલ....૩

## પદ-૪૭૯

(રાગ-દેશી ફેર વસંત)

અઘટ વસંત ઘટત નાહિ કબહું, અવિનાશી હૈ જયાંહી
ડાલ ન મૂલ પત્ર નહિ છાંયા, ભ્રમર વિલંબ્યો તાંહી.....અઘટ૦.....ટેક
જલ બિન કૂપ ભોમ બિન વાડી, અરધઉરધ[1] બિચ કયારી;
યહાં કે ફૂલ વહાં વધાવે, સો માલની પિયુ પ્યારી.....અઘટ૦.....૧
પાંચ વૃક્ષ[2] ઉઘે તે સૂઘે,[3] પાપ વાસના જાગી;
અકલ માલની સુરતિ છાબડી, નિશદિન બિનન લાગી.....અઘટ૦.....૨
હોય સન્મુખ માલની પહેરાવે, બાસ બાસ મન ધીર;
શૂન શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર.....અઘટ૦.....૩

卐

1. મન ઉન્મન બની જાય, પ્રભુમાં સ્થિર બની જાય પછી
સમાધિ અવસ્થા સહજ બની જાય છે. સહસ્રાર ચક્રમાં
શિષનું મિલન કરી જીવ દિવ્ય આનંદનો અનુભવ કરે છે.
અરધ-ઉરધ શબ્દો તે પ્રદેશનો નિર્દેશ કરે છે. પ્રાણસમ
થઈ જાય, સ્થિર થઈ જાય એટલે મન પણ સ્થિર બની
જાય-તે ક્ષણે પાણી વિના કૂવો તે ભૂમિ વિના લીલીછમ
વાડી એટલે કે નિત્યવસંતની અવસ્થાનો અનુભવ કરે છે.
2. પાંચ ઈન્દ્રિયો 3. જે ઈન્દ્રિયો વિષયો તરફ ખેંચી
જતી તે ઈન્દ્રિયો સાધના દ્વારા સીધી બની જાય છે
એટલે કે નિત્યવસંત તરફ ખેંચી જાય છે.

## પદ-૪૮૦

મુદ[1] ભયો કરુણાનંદ મિલા, ખુલ્યા ભાગ્ય હમારા હો;
ગગન મંડલમેં રામ નિરંજન, તેરે નિજ કિરતારા હો.....મુદ૦.....ટેક
જા શું જોગ ઝુર્યો જન કૃપા, અબ નહિ હોયે ન્યારા;
અવિનાશી અચલ પદ દિયા, કિયા બહુત ઉપકારા.....મુદ૦.....૧
અપના જાની આપ ઢિંગ[2] લિયે, જનકા જન્મ સુધાર્યા;
અંક મિલાયે પાયે રસ અણભે[3] મિથ્યા ભય ભ્રમ સારા.....મુદ૦.....૨
નિર્ભય ભયા નિરંજન શરણે, અંજ સબહી ટાળ્યાં;
રામચરણ જહાં રમે નિરંતર, અંતર પ્રેમ ઉજાળ્યાં.....મુદ૦.....૩

卐

1. દિવ્ય આનંદ 2. અહંકારનો પડદો ખસી જાય ને
આત્માની ઓળખાણ થઈ જાય 3. નિર્ભયતાનો રસ

## પદ-૪૮૧

(રાગ-દેશી ફેર વસંત)

પ્રેમ જાગ્યો પરમાત્યા પર્ચે,[1] આત્મા જોગ જૂરાના;[2]
બેહદ માંહે વસંત ખેલે, ખેલે આવન જાવન......પ્રેમ૦.....ટેક
અતિમન મુદ[3] બોધ કો કેસર, ધીરજ હોત ભરાના;
ભકિત ગુલાલ જહાં રંગભીની, જા કા કહાં વખાના.....પ્રેમ૦.....૧

ઔર સખી સબ ઠાડી[૪] દેખે, પ્યારી પિયુ ખિલાના;
ભરી ભરી ભાવ પોટલી ડારે ખુશી હોય સુખદાના.....પ્રેમ૦.....૨
અપને ઢિંગલે ઢબકા મિથ્યા ભેટયા પરમસ્થાના;
રામચરણ વર અમર અમૂર્ત, સુરત[૫] કરે તહાં બાના.....પ્રેમ૦.....૩

卐

૧. પરિચયે ૨. અનુભવી ૩. આનંદ ૪. ઊભી ઊભી
૫. મન-ચિત્ત

## પદ-૪૮૨

રામનામ પ્રહ્લાદ ઉચ્ચારે, હોરી જલ ભરી છારા;
જૈ જૈ કાર ભયો હરિજન કે, રામ વિમુખ મુખ કારા.....રામનામ૦.....ટેક
સાધુ સમાજ જહાં અતિ આનંદ, રામભજન ભરપૂરી;
હિરણ્યાકંસ હોરી કા રંગી, પડત અસુર મુની ધૂલી.....રામનામ૦.....૧
વિકલ ભયા હોરી દેખે, ડાલ શિષ મેં છારા;
ગામ ગલીમેં બાજા બાજહી, ફિટ ફિટ કરત પુકારા.....રામનામ૦.....૨
ભકિત ઉઠાપે દાસ કો દ્રોહી, એ ચટ ડાઘ ન ખૂટે;
રામચરણ જુગ ચાર વીત્યે, તો ભી માર ન છૂટે.....રામનામ૦.....૩

卐

## પદ-૪૮૩

રામનામ પ્રહ્લાદ પુકારે અસુરન કો નહિ ભાવે;
હિરણ્યાકંસ કી હાક ન માને પ્રેમ મગ્ન ગુણ ગાવે.....રામનામ૦ ટેક
રાજા સહિત સભા સબહી મિલી, નિશ્વાસર[૧] સમજાવે;
રામ સાયન કે મતવાલા, કુવરકે દાયે ન આવે.....રામનામ૦ ૧
છાંડા મુગા[૨] કરત વિનતી, રામનામ છોડ બાલ;
મેરો કહ્યો સત કરી માન, કોપ કિયો ભૂપાલ.....રામનામ૦ ૨
કો તુમ હો ભૂપાલ કોને હૈ બાત કરત બકવાદ;
રામસ્નેહી જીવન મેરો, ઈષ્ટ અમારો એ હી.....રામનામ૦ ૩

કાઢી ખડગ્[3] હિરણ્યકંસ કોપ્યો, ઈષ્ટ કહાં અબ તેરો,
મોં મેં તો મેં ખડક સ્તંભમેં, સકલ વ્યાપક અનેરો.....રામનામ૦ ૪
રામચરણ નરહરિ પ્રગટે, જનકો કાર્ય જ સાર્યો;
રામ વિમુખ ભકતનકો દ્રોહી, રાક્ષસ મારી વિડાર્યો.....રામનામ૦ ૫

卐

૧. રાક્ષસ ૨. પ્રહ્‌લાદના ગુરુનું નામ જે અસુર-રાક્ષસ હતો ૩. તલવાર

## પદ-૪૮૪

(રાગ-દેશી ફેર વસંત)

આરત રૂડી રૂડી મારા વ્હાલા, રૂડો માસ વસંત;
રૂડા વનમેં કેસર ફૂલ્યો, રૂડો કમલાકાન્ત[1].....આરત૦ ટેક
રૂડા રંગે બાંઝા વગાડે, તારુણી દે કરતાલ;
ચતુરાનારી ચંગ વગાડે, મોરલી મદન ગોપાલ.....આરત૦ ૧
અતિ રૂડો વૃન્દાવન સોહે, રૂડો જમુના તીર;
અતિ રૂડી ગોપી ગ્વાલની મંડલી, રૂડો હલધર વીર.....આરત૦ ૨
અતિ રૂડો ગુલાલ અગર[2] જો, રૂડો મુખ તંબોલ;[3]
અતિ રૂડો નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમ ઝોળ.....આરત૦ ૩

卐

૧. કામદેવ ૨. સુગંધી દ્રવ્યનો ભૂકો ૩. પાન

## પદ-૪૮૫

આવો મારા વ્હાલા અતિ રઢિયાળા, ઓપે મંદિર અમારા;
આજ સપરમો[1] દિવસ અમારો, દર્શન થયાં તમારા.....આવો૦ ટેક
નાવલિયાના ધોઉં પાવલિયાં,[2] સિંહાસન પધરાવું;
પાથરવાને ફૂલ પિછોડી, પોઢો તો વાયુ ઢોળું.....આવો૦ ૧
છપ્પન ભોગ છબીલાજી તમને, પ્રેમ ધરીને પીરસું;
રુમઝુમ રુમઝુમ હીંડું તમ આગે, તેમ તેમ રૂડી દીસું.....આવો૦ ૨
પાનતણું બીડું પાતલીઆ, તે તમને ખવડાવું;
નરસૈંયાના સ્વામી વસંત ખેલે, જોવાને ત્યાં જાવું.....આવો૦ ૩

卐

૧. મંગલ દિવસ ૨. પગો

## પદ-૪૮૬

રાતી મોડ[1] ધરો મારા વ્હાલા, રાતી રત[2] રૂડી રે;
રાતા દાંતે હસે રાધા, રાતી કર ચૂડી રે.....રાતી૦ ટેક
રાતા ફૂલ ખરે ખાખરના, રાતી રજ ઉડી રે;
રાતાં ચાંચ રમે પંખીજન, સુડો[3] ને વળી સુડી રે.....રાતી૦ ૧
રાતી સાડી સૌ સહીયરની, શિર છૂટી જડી રે;
નરસૈંયાનો સ્વામી વસંત ખેલે, રહ્યો તે રસમેં બૂડી રે.....રાતી૦ ૨

卐

૧. મરોડ-લ્હેકો   ૨. ઋતુ અથવા રાત   ૩. પોપટ

## પદ-૪૮૭

ગુલાલે ભર્યા ગોવિંદજી રે, ઘર આવો મારે રે;
વસંતની વરણાગી લઈને, આંગણિયે પધારો રે.....ગુલાલે૦ ટેક
આરતમાં અતિ રૂડા દીસો, અતિ સુંદર સુહાગો;
સુરિનર મુનિજન શામળિયાને, પાવલીયે લાગે.....ગુલાલે૦ ૧
આજે વસંત રમો અમ સાથે, કોઈ નવ દે મ્હેણું રે;
રામકૃષ્ણ પ્રભુ પેલા ભવનું, તમ સાથે લ્હેણું રે.....ગુલાલે૦ ૨

卐

## પદ-૪૮૮ (રાગ-દેશી ફેર વસંત)

ગુલાલે વધાવે રે હો, ગોપી ગુલાલે વધાવે;
લક્ષ્મીવર શામળિયો વ્હાલો, મારે મન ભાવે.....ગુલાલે૦ ટેક
જમુના ને કાંઠે રે, મોહનજી બંસરી બજાવે;
લટકતી લટકારી રાધા બાહુ લોલનતી[1] આવે.....ગુલાલે૦ ૧
તાલ મૃદંગ ચંગ વગાડે, લલિત રાગ ગવાયે,
રુમ ઝુમ રુમ ઝુમ નાચે સુંદરી, ગિરધર ગતિ મિલાવે.....ગુલાલે૦ ૨
મંગલ ગાયે સૌ માનુની રે, નરસૈંયો સંગ સોહાવે;
પ્રથમ વસંત પંચમી પૂજા, હેત હરિને લડાવે.....ગુલાલે૦ ૩

卐

૧. લ્હેકાવતી-હલાવતી

## પદ-૪૮૯

ચાલો મારી સૈયર રે, સૈયર જહાં દ્વાદશ માસ[1] વસંત
સુની લે વેણ શબ્દ એક બોલે, ખેલનહારો અનંત.....ચાલો૦ ૧
એવું સાંભળી સૈયર મારી, સજજ વહેલી શણગાર;
શોક તણી હવે સાલ નિવારી, ભોગ શો હરિ ભરથાર.....ચાલો૦ ૨
સૈયર તણી શિખામણ માની, ચાલી વન મોઝાર;
કહે સૂરદાસ શ્યામને મળવા, તજયા કુટુંબ પરિવાર.....ચાલો૦ ૩

卐

૧. બારે માસ એટલે નિત્ય વસંત

## પદ-૪૯૦

કહો કેમ વસીએ રે મારા વ્હાલા, ગોકુલ લૂંટ મંડાણી રે;
નંદતણો નાંધડીયો[1] નરહરિ, થઈ બેઠો દાણી.....ટેક
લાગ નહીં એનો ભાગ નહીં, બાલક જાણી પાળ્યો
મથુરામે મહી વેચવાને, મારગડો ટાળ્યો રે.....કહો૦ ૧
એકનું ઢોળે વ્હાલો એકનું ફોડે, એકનું ગોરસ ખાયે
એક એકને વ્હાલો અટકળું બોલે, શ્યામ સમ ખાઈ બોલે.....કહો૦ ૨
એક એક ને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી રે;
એક એકને વ્હાલો દધિ ખવડાવે, એકનું મેલે ઢોળી રે.....કહો૦ ૩
નારી મળી સૌ ભામા[2] ભોળી સૈયરની ટોળી રે;
નરસૈંયાનો સ્વામી વૃંદાવનમેં, રમે છે હોળી રે.....કહો૦ ૪

卐

૧. નાનકો-બાળ કનૈયો  ૨. સ્ત્રી

## પદ-૪૯૧ (રાગ-દેશી ફેર વસંત)

વસંત વધાવવા ચાલો અવધધામ, જહાં સુખ સિંહાસન બૈઠે રામ.....ટેક
સુરિનર મુનિજન સકલ દેવતા, દેવતા વિશ્વામિત્ર બિરાજે;
બાજાં બહુત બજાવત બાજે, ઘન દામિની જયોં ગાજે.....વસંત૦ ૧
પાની ગ્રહી પિચકારી, પ્યારી સૂધેં[1] સેં ભર લાઈ;
પાંચ સખી મળી કલશ બનાયો, બહુત ભાંતિ બનાઈ.....વસંત૦ ૨

મધુર મધુર સુર ગાન કરત હૈ, દેત હો રન કી ગાળી;
એક સખી લઈ અબિલ ઉડાડે, ભર ભર કંચન થાળી.....વસંત૦ ૩
ચૂવા ચંદન અગર કુમકુમ, કીચ[2] મચ્યો અતિ ભારી
ઊડત ગુલાલ અરુન[3] ભયે અમ્મર, સોંધે ભીની સાડી રે.....વસંત૦ ૪
પહેરે પંચમી બૈઠે સિંહાસન, કુતુહલ સબ કીજે;
જન તુલસી કી એ હી વિનંતી, ભકિતદાન મોહે દીજે.....વસંત૦ ૫

卐

૧. સભાનપણે-અક્કલથી અથવા ચતુરાઈથી ૨. કાદવ ૩. અરુન એટલે સૂર્ય તેથી તેના જેવા રંગવાળો

## પદ-૪૯૨

પ્રથમ સમાજ આજ વૃન્દાવન, બહીતર લાલ બિહારી;
પંચમી નવલ વસંત વધાવવા, ઉમંગે ચલી વ્રજનારી.....પ્રથમ૦ ટેક

મંગલ સાજ લિયે જુવંતી[1] વૃંદ, મધ્યે ભિખુભાન દુલારી
ફલ દલ જબ નૌતમ મંજરી,[2] કન કલશ શુભકારી.....પ્રથમ૦ ૧

ચૂવા ચંદન ઔર અગર જો, ભરી કેસર પિચકારી;
છિરકત ફિરત છબીલી ગાવત, રંગ અનુપમ વારિ.....પ્રથમ૦ ૨

ગાવત ગીત બજાવત બાંગ, નેન સે ન અનુહારિ;
હેત અહરનીશ નીરખી સુખશો, અઁખિયાઁ નજર ન ટાળી.....પ્રથમ૦ ૩

卐

૧. યુવતીઓનું ટોળું ૨. નવી મ્હોરેલી

## પદ-૪૯૩

પ્રથમ વસંત પંચ્ચમી શુભદિન, સિયા રઘુવરકો વધાવો
પહેરો વસંત સો રંગ ચુંદડી, સજી શણગાર ખનાવો.....પ્રથમ૦ ટેક

હાટ કુંભ[1] ધરો મસ્તક પર, આમ મોર જબ લાવો;
પંચ થાલ ભરી મુકતા ફલ, કંચનથાલ ભરાવો.....પ્રથમ૦ ૧

બેન ચંગ ઉપંગ ઝાંઝરી, તાલ મૃદંગ બજાવો;
ગાવો સપ્ત સુર અકલ કીર્તિ, રાગ વસંત જમાવો.....પ્રથમ૦ ૨

ચૂવા ચંદન ઔર અગર જો, કેસર માટ મંગાવો;
છાંટત છિરકત[2] ભરત પરસ્પર, અબિલ ગુલાલ ઉડાવો.....પ્રથમ૦ ૩

રઘુકુલ વધૂ સબ મિલી સુંદરી, રંગ ભૂવનમેં આવો;
ચર્ચો હો રામ જાનકી રાની, આનંદ ઉર ઉપજાવો.....પ્રથમ૦ ૪

વિવિધ વસંત આભુષણ પિયુકા, ફગુઆ બહુત મંગાવો;
અગ્રદાસ પ્રતાપ સીતાવર, રામનામ મન ભાવો.....પ્રથમ૦ ૫

卐

૧. સત્કાર માટેનો શણગારેલો માટીનો ઘડો  ૨. પરસ્પર છાંટતાં છિર્ છિર્ અવાજ સાથે

## પદ-૪૯૪

### (રાગ-દેશી ફેર વસંત)

પ્રથમ દિવસ વ્રજ વસંત પંચમી, મોક્ષ[1] સખી ઘર સોહે;
ત્યાં પ્રીછે વ્રજ સુંદરિયાં રે, જયાં હરિના મન મોહે.....પ્રથમ૦ ટેક

સોનલા પાટ પાટ પથરાવી, વ્હાલાને પધરાવો;
આંબામોર[2] મસ્તક ધરી અબલા, વાજિંત્ર ખેલે કરાવે.....પ્રથમ૦ ૧

ફૂલડે ફગર[3] ભરાવો ભામિની, મોતીડે ચોક પૂરાવો;
ચૂવા ચંદન કસ્તુરીના, છાંટણા છંટાવો રે.....પ્રથમ૦ ૨

ચિરમ્[4] જીવો તુમ બાલ મહિયારી, કોટિ વસંત રમીએ;
નરસૈંયાનો સ્વામિ સ્થિર થઈ રહેજો, ભામિની ભુવન ભમી જો.....પ્રથમ૦ ૩

卐

૧. મુકિત- મોક્ષ એ પરમ સનાતન સુખની અવસ્થા છે
૨. આંબાનો ફૂટેલો મ્હોર  ૩. પરાગ અથવા ફૂલના ઢગલે
૪. લાંબું જીવો

## પદ-૪૯૫

નવલ વસંત નવલ અયોધ્યા, નવલ રામ ખેલે હોરી રે;
નવાં નવાં સખી નવા છંદ ગાયે, નવલ હી જનક કિશોરી રે.....ટેક
નવાં નવાં ચીર કસુંબી પહેરી, નૌતમ[૧] કેસર[૨] ઘોળી;
નવલ ગુલાલ ઉડાયે પરસ્પર, નવલ બની હૈ જોડી રે;.....૧
નવાં નવાં સખી ખેલન સબ ધાયે, રઘુનંદન કી જોડી રે;
નવી પિચકારી નવરંગ વર્ષે, અવધપુર કી છોડી રે.....૨
ખેલતે ખેલતે રંગ વાધ્યો હૈ, ચિરમ્ જીવો એહ જોડી રે;
કૃષ્ણદાસ ફગુઆ દીજે, કરો કૃપા ભરી થોડી રે.....૩

卐

૧. એકદમ નવો    ૨. પીળા રંગ માટેની સામગ્રી અથવા પદાર્થ

## પદ-૪૯૬

બ્રહ્મરસ[૧] અજર[૨] ન જરે મારા વ્હાલા, જીરવે[૩] જન વિરલા કોઈ;
મંદાગ્નિ મિષ્ટાન્ન[૪] ન જીરવે, વમન કરાવે સોઈ.....બ્રહ્મરસ૦ ટેક

પારો ભોગવે તે નર ભોગી, મન ભોગવે તે જોગી;
પારો મન જયાં લગી ન ભોગવે, ત્યાં લગી ઉભય રોગી.....બ્રહ્મરસ૦ ૧

શૂરો રણથી પાછો નવ ભાગે, પૂરો પદમાં[૫] સમાય;
સત્યા સાંસો[૬] કરે નહિ કબહું, પિયુ સંગે ઝંપલાય.....બ્રહ્મરસ ૨

મેઘવૃષ્ટિ કરે નિરંતર, જલ ઠરે જઈ ખાડે;
સાર સર્વ સ્વર્ણના પાત્રમાં, સ્વર્ણનું પે ઝમિ.....બ્રહ્મરસ૦ ૩

સ્વાતિ તણો મેહ સઘળે વરસે; છીપ ઠરે તે મોતી;
કષ્ટ કરીને જે કોઈ કાઢે, પહેરે નાર પનોતી[૭].....બ્રહ્મરસ૦ ૪

પંડિત સદા સમદષ્ટિ, વૈદ્ય હોય અરોગી;
શુભાશુભ અંસવે[૮] નહિ જેને, નર શુદ્ધ જોગી.....બ્રહ્મરસ૦ ૫

માન સરોવર તટના વાસી, પરમહંસ[૯] કહાવે;
ક્ષીર નીરનો કરે નીવડો, તેને શિલારસ ન ભાવે.....બ્રહ્મરસ૦ ૬

શીખે સાંભળે મોટે બોલે, એમ મોટા ન થઈએ;
મોટા દીસે મોટા અનુભવ વિના, પારંગત નવ માનીએ.....બ્રહ્મરસ૦ ૭
પ્રસર્યું તે પાછું સંકેલી, નિરાંલબે[10] રહીએ;
કહે નરહરિ ચિત્તવ્રતા,[11] પરમ ચિદાનંદ પદ લઈએ.....બ્રહ્મરસ૦ ૮

卐

૧. પરમાત્માની કૃપા અથવા પ્રેમ ૨. અજડ પરથી અજર એટલે મૂર્ખ, મૂઢ, અજ્ઞાન ૩. પચવી ન શકે ૪. જઠરનો અગ્નિ મંદ પડે ત્યારે અપચો થાય ૫. ધ્યેયમાં-લક્ષસ્થાને ૬. વાર લગાડે નહિ-આનાકાની કરે નહિ ૭. જેને પનોતિ બેઠેલી હોય તે ૮. અસર કરે નહિ

૯. જેને દેહભાવ ને જીવભાવ ટળી ગયો છે અને જેની સ્થિતિ આત્મભાવમાં જ રહે છે તેને પરમહંસની પદવી આપવામાં આવે છે. ૧૦. આધાર રહિત

૧૧. ચિત્તની વૃત્તિઓને પ્રભુના ચરણોમાં જોડવાથી પરમ પદ મળે છે.

## વસંત--ધનાશ્રીનાં પદો

### પદ-૪૯૭

મન ખેલો વિમલ વસંત પ્યારે મિત્રશું, ખોલ કમાડી કોટડી તું;
ઘટ[1] બેઠો મહેલ એકાંત, મન ખેલો વિમલ વસંત.....મન૦ ટેક
સતિયા[2] પર બત્તિઆ[3] ધરું હો, ભોવન કરું ઉજિયાર;
પિયુ મિલે સુખ પાઈએ, મેરો જીવન પ્રાણ આધાર.....મન૦ ૧
ગંગા જમુના કે આંતરે, ચંદ્ર સુરજ કે બીચ;
અરધ ઉરધ કે સાંધમેં, તહાં અમીયાઁ[4] અગરજા[5] કીચ.....મન૦ ૨
સોહી રંગ રંગે[6] રંગ રહ્યો રે, હિલમિલ એક હી ઠામ;
કબીરા ભેટયા ભાવસોં જહાં મિટયો અપનો નામ.....મન૦ ૩

卐

૧. શરીરરૂપી મહેલમાં જે આત્મા બેઠો છે તેના દર્શન કરવા મનને શુદ્ધ બનાવવાની જરૂર છે તેથી વિમલ એટલે શુદ્ધ વસંત ખેલવાની વાત કરવામાં આવી છે. આપણે રમીએ છીએ તે સ્થૂળ વસંત જે અશુદ્ધ કહેવાય ૨. ને ૩. આત્મા સત્યસ્વરૂપ છે છતાં દેખાતો નથી તેથી તેના દર્શન માટે જ્ઞાનનો પ્રકાશ કરવાની વાત કરી ૪. અમૃત- મનની ઊંચી અવસ્થામાં પ્રાપ્ત થતો અનુપમ આનંદ ૫. સુગંધી દ્રવ્ય ૬. આત્મા પ્રકાશ સ્વરૂપ છે તેથી પ્રકાશમય બનવું તે રંગ

## પદ-૪૯૮

હમ ઘર સંત સુજાણ, ખેલત રંગ ભરી;
જન્મ જન્મ કી મિટી હૈ કલ્પના, પાયો જીવનપ્રાણ.....ખેલત૦ ટેક

પાંચ સખી મિલી મંગલ ગાયે, ગુરુગમ[1] શબ્દ વિચાર;
તાલ મૃદંગ ઝાંઝ ડફ વાજે, અનહદ ધૂની ગુંજાર.....ખેલત૦ ૧

હોત આનંદ ભુવન પ્રીતમશું, તનકી તૃષા બુઝાઈ;
પિચકારી છુટત કછુ અદ્‌ભુત, રસકી કીચ ભયી.....ખેલત૦ ૨

સુખસાગર[2] સ્નાન કિયો જબ, નિર્મલ ભયો શરીર;
આવાગમન મિટી ગયે સંતા, ફગુઆ પાયો કબીર.....ખેલત ૩

卐

૧. ગુરુ દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન ૨. આત્મા સુખ સાગર છે-આનંદ સ્વરૂપ છે-- તેનાં દર્શન કરવાથી સાચો ફાગ મળી જાય છે

## પદ-૪૯૯

મન કરી સુમરણ કો રંગ[1] હો હોરી ખેલીએ;
જ્ઞાન પિચકારી[2] ધ્યાન કેસર[3] ભરી, એહીવિધ મન પર મેલ.....હો હોરી૦ ટેક

સુરત નુરત અનુરાગ રાગણી, અનુચિત ચેત સુજાણ;
પાંચ સખી[4] મિલી ઉઠી ઉઠી ધાવે, ઉનકી લકુટી[5] બજાય.....હો હોરી૦ ૧

મનકો મૃદંગ સૂર જાયેગો ગગનમેં, અનહદ નાદ બજાય;
કામ ક્રોધ મદ લોભ મોહકો, અબિલ ગુલાલ ઉડાય.....હો હોરી૦ ૨

પ્રેમ પ્રકાશ આનંદ અનુભવ, આવાગમન મિટાય;
કહે કબીર સુનો હરિ ભકતો ગુરુપે ફગુઆ પાય.....હો હોરી૦ ૩

卐

૧. નામ સ્મરણ રૂપી રંગ બનાવી હોળી રમો
૨. જ્ઞાન રૂપી પિચકારી વડે ૩. ધ્યાન યોગ રૂપી પીળા રંગનું દ્રાવણ તૈયાર કરી વર્તવું- તો તે જલદી સહાયક બને
૪. પાંચ ઈન્દ્રિયો સાથે મિત્ર ભાવે
૫. લાકડી એટલે તેના ટેકા વડે

## પદ-૫૦૦

(રાગ-વસંત ધનાશ્રી)

હરિ આયેંગી તેરે આજ ખેલન ફાગ રે, સુનરે સખી એક સુઘડ સંદેશો
તેરે આંગન બોલે કાગ રે, હરિ આયેંગી તેરે આજ ખેલન.....ફાગ૦.....ટેક
ચંગ ઉપંગ બાંસુરી બેના, ગગન રહ્યો ધૂની ગાજ;
તાલ મૃદંગ ઝાંઝ ડફ બાજે, કહાં સોયે ઊઠી જાગ.....ખેલન૦.....૧
પાણિપાત્ર[1] દિશા ન આદર, લે ઉનકે પાયે લાગ;
સુરદાસ પ્રભુ કી છબી નિરખત, આજ સખી તેરે ભાગ.....ખેલન૦.....૨

卐

૧. હાથનો ખોબો જ જેનું વાસણ છે જેને કરપાત્રી કહે છે

## પદ-૫૦૧

(રાગ-વસંત ધનાશ્રી)

ઐસે નિત હી ખેલત ફાગ, પિયુ સંગ પ્યારી.....ઐસે૦.....ટેક
રસના રામ ઉચારો સુહાગન, પિયુ શું પ્રીત વધારે;
કામ કપટ પડદા કર ન્યારા, અરસ પરસ ગુન ગાવે.....ઐસે૦.....૧
ચિત્ત ચંદન સમતા શીલ ઘસ કર, પિયુ કે અંગ ચરચાવે;[1]
ચરચત મગન ભયે મહાસુંદર, સાંગોપાંગ[2] લગાવે.....ઐસે૦.....૨
જ્ઞાન ગુલાલ અબિલ અગરજા ઝોળી ભર ભર લાવે
હરખી હરખી પતિ સન્મુખ, પ્રેમ સહિત પહિચાને.....ઐસે૦.....૩
કંથ કામિની કેસર ગારી,[3] તા કો રંગ ચઢાવે;
પાંચે ઠામ[4] રંગી રંગ ભીની, દૂજો રામ દૂજો રંગ ન નભાવે.....ઐસે૦.....૪
તન મન અર્પી મિલી પિયુ પત્ની, ન્યારી નેક ન જાવે;
રામચરણ ખરણે[5] સુખ પાયા, તાકી કહેત ન આવે.....ઐસે૦.....૫

卐

૧. લગાવે-ચોળે ૨. આખા શરીર પર -બધી જ જગ્યા પર
૩. ગાઢ પીળો રંગ બનાવી ૪. પાંચે ઈન્દ્રિયોને રંગી ૫. 'શરણે' શબ્દ જોઈએ

## પદ-૫૦૨

હરિ ભજ મારગ ચાલ સ્નેહી રામકા,
સંતનકા મત લીજીયે રે હૃદયે જ્ઞાન વિશાલ.....હરિભજ૦.....ટેક
ટેક પકડ પ્રહલાદકી જરે દૂજે ધ્યાન લગાય;
હટ કર નામ લ્યો રે રામકા, પય પીયો વિઠ્ઠલરાય.....સ્નેહી.....૧
સ્મરણ કીજે શેષ જેમ, શિવકી પકડ સમાધ;
દાસાતન હનુમાન સારે, ભકિત નારદ કી સાધ.....સ્નેહી.....૨
ત્યાગી રાજા ભ્રતૃહરિ, વૈરાગી શુક જોગી;
સન્યાસી મુનિ દત્તાત્રય, હોત હી કોઈ કોઈ.....સ્નેહી.....૩
યોગી તો ગોરખ હી રે, ભોગી દેવ મોરાર;
ગૃહસ્થી રાજા જનકજી રે, તે વિરલા સંસાર.....સ્નેહી.....૪
કરુણા કીજે સરજન હાર રે, પ્રેમ વિરહે વ્રજનાર;
મધ્ય માર્ગ દાદુતણા રે, તે ઉતારે ભવપાર.....સ્નેહી.....૫
પતિવ્રત રંકાતણું રે, કરણી દાસ કબીર;[1]
સાચ પકડ ઘાટમ તણી રે ધના ભકતકી ધીર.....સ્નેહી.....૬
સેવા કીજે સેના જેમ રે, અચાહી રોહીદાસ;
બ્રહ્મદશા પીપાતણી રે, ઘટ ઘટ બ્રહ્મ પ્રકાશ.....સ્નેહી.....૭
ઐસા મત ગ્રહો સંતકો રે, સ્મરો સર્જનહાર;
દાસ સ્નેહી રામકા રે, જયાં પાયો કિરતાર.....સ્નેહી.....૮

卐

૧. કબીરસાહેબ જેવી કરણી-જગતમાં રહેતા છતાં જગતથી અલિપ્ત-નાવ કે હોડી પાણીમાં તરે છતાં હોડીમાં પાણી નહિ તેવી અસંગતા અથવા નિષ્કામતાવાળી કરણી

# ધુમારનાં પદો

## પદ-૫૦૩

અવિનાશી દુલ્હા કબ મિલે હો પ્યારે મિલહે તો જાને ન દઉં.....અવિનાશી૦ ટેક
જલ ઊપજી જલહી સોં નેહા રટત પિયાસ પિયાસ;
મૈં વ્રહની ઠાડે[1] મૃગ જોઉં, રામ તુમ્હારી આશ.....અવિનાશી૦ ૧

ખાન પાન કી સૂધ નહિ હૈ, દેહ ગ્રહે કો સાર;
નિશદિન ફિરત ભુવનમેં ભૂલી, મારી હૈ અંગોઅંગ માર.....અવિનાશી૦ ૨

દિવસ ન ભૂખ રૈન નહિ નિદ્રા, ગૃહ આંગન ન સોહાય;
સેજડિયાઁ વૈરણ ભયી મોં કો, જાગત રૈન બિહાઈ[2].....અવિનાશી૦ ૩

છોડયો ગૃહ સ્નેહ જોડયો તુમસે, ભયી ચરણે લોલીન[3]
તલફત ફિરત પ્રેમકી પ્યાસી, જૈસે જલ વિના મીન.....અવિનાશી૦ ૪

મૈં તો તુમ્હારી દાસી મોહન, તુમ હમારે શિરદાર;
દીન દયાલ કૃપા કરો માધવ, સહાયો સર્જનહાર.....અવિનાશી૦ ૫

કહે હમ પ્રાણ તજતહુ મોહન, કે અપની કર લીજે;
દાસ કબીર વ્રેહ અતિ વધ્યો, હમહી કો દર્શન દીજો.....અવિનાશી૦ ૬

卐

૧. 'ઠાડિ' જોઈએ- ઊભી ઊભી  ૨. ભયાનક--બિહામણી  ૩. લીન

## પદ-૫૦૪

રામૈયો મેરો સાહબ હો, હો મેરે પ્યારે, મૈં સેવક ખિદમતદાર[1].....ટેક
પાયે[2] પૈ લોટું, પંખા ઢાળું, નિશદિન રહું રે હજૂર;
જે ફરમાવો સો કરી આવું, કબહુ ન ભાગું દૂર.....૧

જે પહેરાવો સો મૈં પહેરું, જે દેઓ સો ખાઉં
દ્વાર તમારો કબહુ ન છોડું; અંતે કહીં ન જાઉં.....૨

તુમ્હારે ઘર કે પોલે પોષે, તુમ હી લો બોલાઈ;
જો જાને ત્યોં રાખો ગોસાંઈ, ઉજ્જડ કિયો નહિ જાઉં.....૩

જો રીઝો તો ઈતના ન દીજો, લઉં તુમ્હારો નામ;
ઔર કછું મૈં માંગત નાહિં, સુરદાસ ગુલામ.....૪

卐

૧. નોકર--ચાકર  ૨. પગમાં-ચરણમાં

## પદ-૫૦૫

તુમ ખેલો દિનદશ સાજન હો, હો સાજન હો, બહુરિ[1] ન ઐસો હૈં દાવ...તુમ૦ ટેક
ઋતુ વસંત સામે સંજોગે; કર હો કછૂ અનુરાગ;
ફિર પીછે પસ્તાયેગો બહુત, બીત જાયેગો હૈં ફાગ...તુમ૦ ૧
જ્ઞાન ડંસ માર્યો પિચકારી, સનમુખ રહી રે સંભાળ;
મારુંગી ચિત્ત ચોર માહિની, નાગણી ચંચલ નાર...તુમ૦ ૨
ગગન મંડલ મેં બાજાં બાજે, નૌતમ પ્રીત બઢાઈ;
કેસર ચર્ચ્યો પ્રેમકો, જુગ જુગ છુટન જાઈ...તુમ૦ ૩
હરિ સ્મરણ કી ગાળી દીજો, ગુરુકો શબ્દ વિચાર;
સંત સંગત મિલી હોરી ખેલો, કબહુ ન આયેંગી હાર...તુમ૦ ૪
ધન ગુરૂ ધન સંગત સંતકી, ધન જો હમારો ભાગ
કહેત કબીર ખેલો મન ઐસે, ફગુઆ પરમ પદ પાઈ...તુમ૦ ૫

卐

૧. વારંવાર--મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી તેથી મળ્યો છે તો પ્રિયતમ પ્રભુ સાથે પ્રેમ કરી લે

## પદ-૫૦૬

નિત મંગલ હોરી ખેલિયે હો, હો મેરે પ્યારે,
નિત હી વસંત નિત હી ફાગ.....નિત૦ ટેક
દયા ધર્મકો કેસર ઘોળ્યો પ્રેમ પ્રીત પિચકારી;
ભાવ ભકિત ભરોસો સદગુરુકો જન્મ સફલ નરનાર.....નિત૦ ૧
ક્ષમા અબિલ ચર્ચ્યો[1] ચિત્ત ચંદન, સુમરણ ધ્યાન ધુમાર[2]
જ્ઞાન ગુલાલ અગર કસ્તૂરી, ઉમંગે ઉમંગે રસ ડાર.....નિત૦ ૨
ચરણામૃત પ્રસાદ સંતરજ, લીજે શિષ ચઢાય;
લોક લાજ કુલ કહેત તોડકે, નિર્ભય નિશાન બજાય.....નિત૦ ૩
કથા કીર્તન મંગલ ઓચ્છવ, જર્યો સંતન કી ભીર;
કબહુ કારજ બિગડે ન તેરો, યોં કહે દાસ કબીર.....નિત૦ ૪

卐

૧. લગાડવો ૨. સાચો શબ્દ ધમાર--ધમાર એ તાલનું નામ છે

## પદ-૫૦૭

(રાગ-ધુમાર)

અસે મન સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે,
જન્મ મરણ ભય જાય.....ઐસે૦ ટેક
જોગ જુગત કી કરો પિચકારી, ક્ષમા ચલાવનહાર,
આત્મા બ્રહ્મ જબ ખેલન લાગે, પાંચ પચીશ મોઝાર[1].....ઐસે૦ ૧
ઈંગલા પીંગલા[2] ને સુષમ્ણા[3] નાડી, સુરત નુરત લિયે લાર;
અપને પિયુ સંગ હોરી ખેલો લજ્જા કહાન નિવાર.....ઐસે૦ ૨
જ્ઞાન ગલીમેં હોરી ખેલો, મચ્યો હૈ પ્રેમકો કીચ;
કામ ક્રોધ દોઉ કુડ કુડ ભાગે, સુની શબ્દ અતીત[4].....ઐસે૦ ૩
સતગુરુ મિલી મોહે ફગુઆ દીના, મારગ દિયો બતાય;
કહેત કબીર ખેલો મન ઐસે, જીવત બ્રહ્મ સમાય.....ઐસે૦ ૪

卐

૧. શરીર જડ છે. તે પચીસ તત્ત્વોનું બનેલું છે. તે શરીરની પ્રકૃતિ કહેવાય. પ્રકૃતિ પણ જડ છે. તેમાં આત્મા વસેલો છે તે ચેતન છે. પોતાના સ્વરૂપનું ભાન થાય ત્યારે જીવમાં ખુમારી પ્રગટે ૨. ને ૩. શરીરમાં બોત્તેર હજાર નાડી છે. તેમાં ત્રણ નાડી મુખ્ય ગણાયઃ ઈંગલા, પીંગલા ને સુષુમ્ણા નાડી એ એટલા માટે મહત્ત્વની ગણાય કે તે દ્વારા જીવ શિવનું મિલન શકય બને છે. ૪. ત્રણ ગુણોથી પર થવાનું જ્ઞાન તે અતીત જ્ઞાન

## પદ-૫૦૮

હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે;
સુરત[1] સુહાગન નાર.....હરિ૦ ટેક
કર્મ કિયે નર દેહી પાઈ, હોત પશુ ઔર ગમાર;[2]
સાધુ સકલ મૂલ ગ્રહી બૈઠે, સબ જુગ લાગ્યો હૈ ડાર.....હરિ૦૧
ઈંગલાં પીંગલાં સુષમ્ણા નાડી, દશમેં દ્વારે[3] મઠ છાઁય;
ભ્રમર ગુફામેં[4] જે રસ ચાખે, ઉર ધર ધ્યાન લગાય.....હરિ૦ ૨
ડાર ભ્રમણા અજહુ ન ચેતે કહેત કબીર વિચાર;
શબ્દ હમારો જે કોઈ માને, સોઈ જન ઉતરે પાર.....હરિ૦ ૩

卐

૧. મનને ગોપીઓની માફક કૃષ્ણમય બનાવવું તે એક પ્રકારની આનંદદાયક હોળીની લીલા છે. ૨. મૂઢ અજ્ઞાની ૩. દસમો દરવાજો બ્રહ્મરંધ્ર છે તેમાં ૪. આજ્ઞાચક્રને ભ્રમર ગુફા પણ કહેવાય. ત્યાં દૃષ્ટિ સ્થિર થાય ત્યારે આનંદ ઝરે એમ કહેવાય

## પદ-૫૦૯

એસે હરિ સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે,
જૈસે રામ, કબીર.....ઐસે૦ ટેક
બાલપનું ખેલનમેં ગુમાયો, જોબન જુવાની જોર;
એ મન મસ્ત કહ્યો ન માને, ન દેખ સાંજ ભોર[1].....ઐસે૦ ૧
કર્મ કિયે નર દેહી પાયો, હોત પશુ પતંગ;
જેણે પ્રભુજી કો નામ ન જાણ્યો સો નર હોગા ભોરિંગ[2].....ઐસે૦ ૨
અવિનાશી વણસે નહિ, જા કી કથા રે અપાર;
સાધુ સકલ મૂલ ગ્રહી બૈઠે સબ જુગ લાગ્યો હૈ ડાર.....ઐસે૦ ૩
જે જન જગતસે લગ રહ્યો હૈ, હરિ કો દેખે દૂર;
નિશ્ચે સ્મરણ કરે રે કબીરજી, ઘટ માંહે હાલ હજૂર.....ઐસે૦ ૪

卐

૧. સવાર ૨. સાપ

## પદ-૫૧૦

રઘુનાથ પધારે જાનીયે હો, હો મેરે પ્યારે, જાનકી જીવન રામ.....રઘુનાથ૦ ટેક
રામચંદ્ર અયોધ્યા નગરી, નિકસે વનમોઝાર;
રાવણે રૂપ ધર્યો તપશીકો હર ગયો સીતા માત.....રઘુનાથ૦ ૧
જબ રઘુનાથે બિડલું[1] ફિરાવ્યો, કોઈ લંકા ગઢ જાઓ;
અંજની કો પુત્ર મહા બલવંતો, બિડલું લિયો હૈ ઉઠાઈ.....રઘુનાથ૦ ૨
શોધ લેને કો હનુમાન પઠાયો, મુદ્રીકા લીની હાથ;
અબ કે ફાગ લંકા ગઢ ખેલો, પદમ[2] અઢાર સાથ.....રઘુનાથ૦ ૩
જબ રઘુનાથે સેના જોડી, કછુ વાંદર કછુ રીંછ;
અઢાર પદમ જા કી સેના મિલી હૈ, આયે હૈ સાહેર તીર.....રઘુનાથ૦ ૪
સાહેર[3] તીરે ધૂમ મચી હૈ, ગિરદ ઉડી આસમાન,
આયે ઉતર્યો તીન લોક કો નાયક, બાજત ઢોલ નિશાન.....રઘુનાથ૦ ૫
જબ રઘુનાથે સેના ઉતારી, સાહેર બાંધી પાજ,[4]
તીન લોક જબ કાંપન લાગે, કંપ્યો હૈ વાસૂકી નાગ.....રઘુનાથ૦ ૬

કહેત હી રાવણ સુનો મંદોદરી, મોતી ઝાંખા કેમ હવાં;
રામચંદ્રજીકી સેના ઉતરી, ગિરદ ભરાની હૈ ત્યાંય.....રઘુનાથ૦ ૭
કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, મિલી હૈ દોઉ કર જોડ;
જા કી જાનકી તુમ હર લાયે, ડારેંગે દશ શિશ તોડ.....રઘુનાથ૦ ૮
કહેત રાવણ સુનો હૈ મંદોદરી, મેલું તો ઘટે મેરો માન;
સકલ દેવતા મેં વશ કીના, રહ્યો કૈં એકલો રામ.....રઘુનાથ૦ ૯
કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, સ્વપ્નું લાધ્યું હૈ મન;
કુદ કુદ વાંનર ગઢ બૈઠે, આયો તુંહારો અંત.....રઘુનાથ૦ ૧૦
કહેત હી રાવણ સુનો હૈ મંદોદરી, મન ઝુરાવો કયાંય;
રામ ચઢે સીતા નહિ આપું, બહુરે જન્મ જો આય.....રઘુનાથ૦ ૧૧
હનુમાન જા કે પાયક[5] કહીએ, લક્ષ્મણ હૈ બલવીર;
જલતી અગ્નિમેં યોં હી ધસત, જૈસે સાહેર નીર.....રઘુનાથ૦ ૧૨
કુંભકર્ણ જૈસે ભૈયા હમારા, ઈંદ્રજીત બલવીર;
કંચનકોટ લંકા ગઢ મેરો, ફરતો હૈ સાહેર નીર.....રઘુવીર૦ ૧૩
શિવકે ભરોસે પિયુ તુમ મત ભૂલો, યોં હી ભયે સિયારામ;
દશ શિશ છેદી શિર પર ધરેગો, સારેગો દેવતા કો કામ.....રઘુવીર૦ ૧૪
એક ભાઈ વૈરી થઈ બેઠો દૂજા કો આયે સુખ સેન;
કુંભકર્ણ સુતો નહિ જાગે, ખોલ દેખો દોઉ નેન.....રઘુવીર૦ ૧૫
ભરત શત્રુધ્ન લક્ષ્મણ ભાઈ, સુગ્રીવ હૈ બલવંત;
સાત સાહેર જા કે ચરણે રહેત હૈ, રાવણ કીતી એક દૂર.....રઘુવીર૦ ૧૬
નાકનમેં છારી છટકારી, કાન બજાયો ભેર;
જાગ જાગ હો બલવંતા, લિયો હૈ લંકા ગઢ ઘેર.....રઘુવીર૦ ૧૬
રાવણ માર્યો મહીરાવણ માર્યો, કિયો હૈ વિભિષણ રાય;
લઈ જાનકી ભુવન સધારે, ક્ષેમદાસ બલ બલ જાય.....રઘુવીર૦ ૧૮

卐

૧. પડકાર હુકમ ૨. અસંખ્ય સૈન્ય સાથે ૩. દરિયો ૪. પાળ
૫. પાયક-પાવક-અગ્નિ

## પદ-૫૧૧

(રાગ-ધુમાર)

વસંત આયો સાજન હો, હો મેરે પ્યારે,
હરિ શું કરો અનુરાગ.....ટેક

વસંત આયો ને કેસર ફૂલ્યો, ફૂલી સકલ વનરાય;
ભકત જનકે મન અતિ ફૂલે, આનંદ ઉર ન માય....વસંત૦ ૧

મનષા જન્મ વસંત આયો હરિ મિલનકો દાવ;
ખેલનહારા ખેલીએ હો, વસંત વીત્યો હૈ જાય.....વસંત૦ ૨

સુરત નુરત કી કરો પિચકારી, હરિ સુમરન કો રંગ;
સતગુરુ શબ્દ પરસ્પર ખેલો, નિશદિન કરો સતગુરુ સંગ.....વસંત૦ ૩

સબ સંતન મિલી ઈસવિધ ખેલે, સાનકા[1] ઢોલ બજાય;
કેસર ચર્ચ્યો પ્રેમકો રે, મમતા ગુલાલ ઉડાય.....વસંત૦ ૪

સંત સંગત પરસ્પર ખેલે, બઢયો હૈ રંગ અપાર;
જન કબીરે ફગુઆ પાયા, રામનામ તત્વ હી સાર.....વસંત૦ ૫

卐

૧. સુરતાનો-ચિત્તવૃત્તિની એકાગ્રતાનો

## પદ-૫૧૨

હરિ સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે,
આયો ઉત્તમ દાવ.....ટેક

મનષા જન્મ ફાગન આયો, પાયો હૈ પૂરણ ભાગ;
સંત સંગત મિલી હોરી ખેલો, હરિ શું કરો અનુરાગ[1].....હરિ૦ ૧

જ્ઞાન ધ્યાનકી સંગ કરો પાંચ પચ્ચીસકો[2] માર,
સતગુરુ શબ્દ પરસ્પર ખેલો, કબહુ ન આર્યેગી હાર.....હરિ૦ ૨

શીલ સંતોષ કી કરો પિચકારી, મનકી વાસનાકો માર;
કામ ક્રોધ મદ લોભ જીતકે, સતગુરુ શબ્દ વિચાર.....હરિ૦ ૩

ધ્રુવ પ્રહ્લાદ ઈસવિધ ખેલે, નામદેવ કબીર બલ જાઉ
પાંચ પચ્ચીસકો જીત ચલે હો, ભવસાગર કે તીર.....હરિ૦ ૪
રંકા વંકા કાલુ કેવલ ડુબા, સેના ધના રોહીદાસ;
પીપા પ્રેમ પ્રીત શું ખેલે; નિજ પદકી એહી નિવાસ.....હરિ૦ ૫
શુક સનકાદિક અનંત કોટિ, હરિ શું કિયો અનુરાગ;
પ્રેમાનંદ પ્રભુ અબ જો ખેલે, તીનકો પૂરણ ભાગ.....હરિ૦ ૬

卐

૧. પ્રેમ  ૨. પચ્ચીસ તત્ત્વની પ્રકૃતિ

## પદ-૫૧૩
(રાગ-ધુમાર)

દશરથનંદન વર વરું હો, હો મેરે પ્યારે,
બીજા તે ભ્રાત સમાન.....દશરથ૦.....ટેક
જનકરાયે મંડપ રચ્યો, કંકોત્રી લખાય;
દેશ દેશકે ભૂપતિ આયે, મંડપમાં ન સમાય.....દશરથ૦.....૧
આપ આપકે સૌ આસન બૈઠે, આપ આપકી લેત રૂપ;
સર્વે દેવતા હારન લાગે, આયો હૈ રાવણ ભૂપ.....દશરથ૦.....૨
જાનકી મનમેં સોચ કરત હૈ, કોન જન્મકો પાપ;
જાઓ સખી રઘુનાથજી સેવો, નહિ તો તજું પ્રાણ.....દશરથ૦.....૩
જાનકી મનં રઘુનાથ હી જાચે,[1] આયે મંડપ મોઝાર;[2]
વેગે મલ્યો હરવંશી કો સ્વામી, ધનુષ લિયો હૈ ઉઠાય.....દશરથ૦.....૪

卐

૧. યાચે-માગે  ૨. અંદર

## પદ-૫૧૪

બ્રહ્માનંદ સરોવર ઝીલીયે[1] હો, હરો મેરે પ્યારે,
આવાગમન ન હોય.....બ્રહ્માનંદ૦.....ટેક
અનંત કોટિ તહાં પક્ષી ઝીલે, હરિ દરિયાકી ધાર;
કિત્તેક શિવ, સનકાદિક કિત્તેક, બ્રહ્મ અનંત અપાર.....બ્રહ્માનંદ૦.....૧

બ્રહ્મ સરોવર મોતી નીપજે, વા કો મૂલ ન તોલ;
સો મોતી હરિજન હંસ ચૂગત[2] હૈ, જ્ઞાનકી ચંચુ ખોલ.....બ્રહ્માનંદ૦.....૨
ધન મોતી ધન માણેક નીપજે, રત્ન પદાર્થ હીર;
સો મોતી વિરલા જન પરખે, કોટિ ન મોહ જંજીર.....બ્રહ્માનંદ૦.....૩
ત્રિવેણી[3] જલ મલ હોત ઉજિયાલી, અનહદ ધરત નિશાન;
પિયુજી કે સંગ રાતી[4] પત્ની, વિસરી હૈ પ્યાર પાન.....બ્રહ્માનંદ૦.....૪
મન પવન દોનો કર ભેળા, મૂલ ચક્ર[5] ગ્રહી બાંધ;
ઐસી વિધિ કર પિયુ રીઝાય, લગ ગયી બ્રહ્મ સમાધ.....બ્રહ્માનંદ૦.....૫
હમ સો પિયુ, પિયુ સો હમ હી, મિલ રહી આદિ અનાદિ
દાસ કબીર હરિમેં સમાયા, મિટ ગયી જીવ ઉપાધિ.....બ્રહ્માનંદ૦.....૬

卐

૧. ડૂબીએ અથવા તો સ્નાન કરીએ એવા અર્થમાં ૨. વીણવું
૩. ઈડા, પિંગલા ને સુષુમ્ણા કપાળમાં ભેગા મળે તે સ્થળ
૪. રત રહેતી એટલે કે પ્રેમી ૫. મૂલાધાર ચક્ર

## પદ-૫૧૫
### (રાગ-ધુમાર)

નવરંગી દુલ્હો[1] ગાયે હો, હો મેરે પ્યારે, આયો ફાગન માસ.....ટેક
સજ શણગાર પહેર પટ ભૂષણ, મિલી નિકસી વ્રજનાર;
ગાવત હો હો બોલત હોળી, રોકયો હૈ નંદ દરબાર.....૧
દેકર તાલ જસોદા મૈયા, બૈઠે અટારી માંય;
ફગુઆ કર્યો ન દેત હી મનમોહન, નહિ તો ગાઉંગી નંદરાય.....૨
સાથ સુદામા ગ્વાલ બોલાયે, બોલાયે બલવીર
સબ મિલી સંગ ચલે મોહનકો, ખેલત જમુનાકો તીર.....૩
ખેલત વ્રજ બીચ કીચ મચ્યો હૈ, ઉડત અબિલ ગુલાલ;
ચારે દિશથી છૂટત પિચકારી, અચ્છો બન્યો હૈ ખેલ.....૪
તાલ પખાવજ બેના ચંગ મહુવર કે, બીચ મોરલી બાજે ઘનઘોર;
નિરખી પરખી સબ સુર મોહે, નર્તન આમ પૈ મોર.....૫

ઊંચે તાન મિલી પ્રિયા સબ, ગાવત હૈ અદ્ભુત;
ઈત બલ મોહન ઉન સબ ગોપી, ઝુરે હૈ વ્રજજન જૂથ.....૬
નવરંગી મચ્યો અતિ સ્નેહકો, ને સુખ વરણી ન જાય;
વ્યાસ બડાઈ છોડ દે અપની, સંતકો શિર નમાવું.....૭

卐

૧. વરરાજા ૨. એક જાતનું વાજિંત્ર

## પદ-૫૧૬

રઘુવીર જાનકી ઝુલત હો, હો મેરે પ્યારે,
ઝુલત સબ સુખ રાશિ.....ટેક
કંચન સ્તંભ કંચન મણિ, હીરા લાલ જડાય;
વિશ્વકર્મા બ્રહ્મા મિલ દોઉ, રચ્યો હૈ હિંદોલ સુહાય[1].....૧
અવધપુરી બહુ બાજાં બાજે, અનહદ આનંદ બહુત ઓચ્છવ;
બહુત બહુત દંપતી છબી નીરખી, લેત હૈ લોચન લ્હાવો.....૨
સુર પુર નાર મિલી સ્વર ગાવે, ગંધર્વ ગાયે ગાન;
શોભિત નાર નૃત્ય કરત હૈ, વર્ષત કુસુમ વિમાન.....૩
હિંદોલ ઝુલાવે ભોગ લગાયે, ચમર ઢોલાવે ધીર;
અંગદ ઔર સુગ્રીવ વિભિષણ, ઢાળે હૈ હનુમાન વીર.....૪
ઈંદ્ર સખી આરતી ઉતારે, દીપક બાતીયાઁ બનાય;
સીતા રામકી છબી ઉપર, અગ્રદાસ બલ[2] જાય.....૫

卐

૧. શોભે ૨. વારી જવું

## પદ-૫૧૭

(રાગ-ધુમાર)

ખેલત માયા મોહની હો, હો મેરે પ્યારે, જેણે જેર કિયો સંસાર.....ખેલત૦.....ટેક
ચંદ્રવદની મૃગલોચની માયા, બદન બન્યો હૈ રસાલ;
જતી સતી સબ મોહ લિયે હૈ, વાંકી હૈ ગજગતિ ચાલ.....ખેલત૦.....૧
રસિક રંગકી ચૂંદડી હો, સુંદર પ્હેરે ધૌત;[1]
વા કે અદ્ભુત રૂપ કિયો હૈ, ઉપમા વરણી ન જાત.....ખેલત૦.....૨

છિરકત થોંથા[2] પ્રેમકા હો, ભરી પિચકારી હાથ,
સનક સુનંદન લગન લગત હૈ યહ રવકી[3] કહત હૈ, બાત.....ખેલત૦.....૩
સુરિનર મુનિ સબ એક ભયે હૈ, એક એક લિયે આપ;
સન્મુખ કો ઉન ઢોળ રહે હો, પકડ હી એક ધામ.....ખેલત૦.....૪
અનહદ ધૂની બાજાં બાજે, શ્રવન સુનત ભયો ચ્હાય;
ખેલનારા ખેલીએ હો, બહુરિ ન ઐસો હૈ દાવ.....ખેલત૦.....૫
જ્ઞાન સ્તંભ જબ રોપ્યો હો, ટાળ્યો તન ત્રાસ પાસ;
બંસી લિયે કર અપને હો, ફિર ફિર જુર્વત[4] ત્રાસ.....ખેલત૦.....૬
બ્રહ્મા શંકર ધાય કે હો, દોનો પકડે જાય;
ફગુઆ લીના અપને હો, છોડ દિયે છટકાય.....ખેલત૦.....૭
નારદ કો મુખમાં જ કહે હો, બંસી નાદ લિયો સુનાય;
ગર્ભ ઘેલી ઘર પ્રસુત હો, ઉમગી[5] ચલી હો મૂર્છાય.....ખેલત૦.....૮
ઈંદ્ર શંકર ચઢયો ભયો હૈ, માયા લોચન લલિત અંજાય;
હરિ અવિનાશીથી ઉગરે હો, દાસ કબીર બલ જાય.....ખેલત૦.....૯

卐

૧. ધોતી ૨. પિચકારીની નળી ૩. રવૈયાની-પદ્ધતિની ૪. જોરાવર અથવા વધારે ૫. માયામય-માયામાં રચી પચી રહે તે

## પદ-૫૧૮

કોઈ રામ રંગીલો રંગે હો, હો મેરે પ્યારે, પરખે શબ્દ ટંકસાલ.....ટેક
ગગન મંડલમેં પખાજ વાગે, વીણા કર બાજે તાલ;
રણક ઝણક અનહદ ટંક બાજે, સુન્યો શબ્દ રસાલ.....૧
ગગન મંડલ બીચ હોળી ખેલે, તત્ત્વ મચ્યો ગુલતાન;
ફગુઆ મ્હેકે વન પેં આવે, પાવે મુકતાફલ દાન.....૨
ચૂવા ચંદન ઔર અગર જા, અર્ધ ગગન[1] મુખ સાજ;
જ્ઞાન ગલિમેં બની પિચકારી, ભ્રમર[2] ગુફા કે ઘાટ.....૩
કહેત કબીર ઐસી હોળી ખેલો, તીન પાપ કો નિવાર;
નામ ગ્રહ્યો તો પરમપદ પાવે, પુનઃરપિ[3] જન્મ નિવાર.....૪

卐

૧. કપાળ પર આજ્ઞાચક્ર છે તે સ્થળ ૨. બે ભ્રમરોની વચ્ચેનું સ્થાન
૩. આવાગમનના ફેરા

## પદ-૫૧૯

માયા તું કાલી નાગણી હો, હો મેરે પ્યારે, જેણે ડંસ્યો સકલ સંસાર.....માયા૦.....ટેક

ઈન્દ્ર ડસ્યો બ્રહ્મા ડસ્યો, નારદ ડસ્યો વ્યાસ;
વાત કરતા શિવજી ડસ્યો, પલ એક બૈઠી પાસ.....માયા૦.....૧

કંસ ડસ્યો શિશુપાલ ડસ્યો, રાવણ ડસ્યો જાય;
દશ મસ્તક લંકા ધર્યો હૈ, ક્ષણમેં દિયો હૈ બહાય[1].....માયા૦.....૨

બડે બડે ગારુડી કો ડસ્યો હૈ, કોઈ ન ખેલનહાર;
કચ્છ દેશ કે ગોરખ ડસ્યો હૈ, તીનકા[2] એ અગમ વિચાર.....માયા૦.....૩

ચુન ચુન મારે અસુર સબ કાંપે, જા કી કરે જગ આશ;
મૈં ગરીબ કો કોન ગણત હૈ, કહે કબીર નિજ દાસ.....માયા૦.....૪

卐

૧. વહેવડાવી દીધો એટલે કે નાશ કર્યો  ૨. તેનો

## પદ-૫૨૦

(રાગ-ધુમાર)

વસંત વિવાહ આદર્યો હો, હો મેરે પ્યારે, પરણે નંદજીનો લાલ.....વસંત.....ટેક

વસંત પંચમી નૌતમ નક્ષત્ર, લગ્ન લીધાં નિરધાર;
સંત પધરાવું ચમર ઢોળાવું તોરણ બંધાવું દ્વાર.....વસંત.....૧

કલ્લા કાંબી અણવટ[1] વિછુઆ,[2] ઝાંઝરનો ઝંકાર;
બાંહે શોભીતો ચૂડલો રે, કંઠે કાવડ હાર.....વસંત.....૨

ભાવે બ્રહ્મા વેદ ભણે રે, મંગલ વરતાય ચાર રે;
સુરિનર મુનિજન સર્વે મળીને, કંઠ આરોપ્યો વરમાળ.....વસંત.....૩

નંદજીને ઘેર કુંવર કનૈયો, કન્યા ભિખુભાન દુલારી;
પહેલા પરણ્યા મહેતા નરસૈંયાના સ્વામી, પછી પરણ્યો સંસાર.....વસંત....૪

卐

૧-૨. પગના અંગૂઠે પહેરવાનું ઘરેણું

## પદ-પર૧
### (સારંગની ધુમાર)

રઘુજી ખેલત હોરી દશરથસુત ચારે વીર.....રઘુજી૦.....ટેક

અવધપુરી શોભા જો બની હૈ, મુખસે કહ્યો ન જાય,
રત્નજડિત પિચકારી કર ગ્રહી, રાજીત ચારે ભાઈ,
ઉધરસે આયી જનકનંદિની, બહુત સખી સંગે લાઈ;
સબ મધુર મધુર સ્વરે ગાવત ગોરી ચાચર[1] ધૂમ મચાઈ.....રઘુજી૦.....૧

એક નાચત એક વીણા કાંધે ધરી, એક દેત કિરતાલ;
એકન વેષ પુરુષકો લીનો, મગ્ન ભયે ગાવે ગારી;
બદત[2] નાહિ ફાગુન કે માતે, કહાં પુરુષ કહા નારી;
નયી નયી હાસ્ય વિલાસ કરત હૈ સંગ સોહે સિયા પ્યારી.....રઘુજી૦.....૨

તબહી રામ સખા સંગ લાયે, યુવતિ જૂથ પર ધાયે;
તાલ મૃદગ ઝાંઝ ડફ[3] મહુવર બાજાં અનેક બજાયે;
સીતાસે ન દઈ સખીયનકો, વાંસકી માર મચાયે;
ગ્રહો ગ્રહો કોશલ્યા સુતકો, બહુત દિનન કો પાયે.....રઘુજી૦.....૩

અરસ પરસ પર ભરત ભરાવત, કુમ કુમ કેસર ઘોળી;
ચૂવા ચંદન અત્તર અગર જા, પ્યારી પિયુ પર ઢોળી;
મૂઠી ભરી ભરી અબિલ ઉડાવે, સૂઝત નાહિ કાંહૂ કી કોર;
હો હો કર પકડે રઘુવરકો, લે હો પીતામ્બર છોડી.....રઘુજી૦.....૪

એક સખી જર્યો ચતુરસ બનમેં રઘુવર કે ઢિંગ આયી;
એકન અપની સાડી દીની, એકન અંગીયાઁ પહનાયી;
એકન આંખ આઁજ બિંદુ દીનો, મુકતામાલ પહનાયી;
એક કહે બોલો રઘુનંદન કહાં કરો હો બડાઈ.....રઘુજી૦.....૫

એક સખી કહે અનુજ[૫] સખા સબ, કહાં જો ગયે તિહારે;
જા કો જોર જણાવો તુમહી, બહુત ફિરત મતવાલે;
એક સખી કહે પીસના પીસાવો, દશરથ નૃપ દુલારે;
હમારી લાડલી કહ્યું ન માને; અજહું[૬] લલી હૈ પ્યારે.....રઘુજી૦.....૬

એક કહે ઈનકો જિન છોડો, સબન કો પાયે લાગે;
મંડલ જોર રહો સબ ઠાડે,[૭] પકડ રહો જિન ભાગે;
એક સખી કહે ઉનકો નચાવો, પ્યારી સિયાજી કે આગે;
ઉઘ રહે કહાં સુખ ચીને, કાહે ન ભડ્વા જાગે.....રઘુજી૦.....૭

એક સખી મુસકાઈ તબહી, ગાઁઠ સિયાજીસે જોડી;
દુલ્હો દુલારી શું મનરંજીત, કુંવર ઔર કિશોરી;
ફગુવા ઘો તમ હી છુટો, હસત સબ મુખ મોરી;
કેસર માર ભરાય ભામિની, ખેલ મચ્યો જગ જોરી.....રઘુજી૦.....૮

તબહી લક્ષ્મન સખા બુલાયે, લે આયે એક દાવ;
માનુ એક ડાર કે તૂટે, ઉપજે એક હી ડાય;
જૂથ જૂથ યુવતિ હોય ઠાડે, જોબન જોર જણાય;
લાલ ગુલાલ મેં યોં હી લસત[૮] હૈ, માનુ ચીડીયાઁ ચીંચવાય.....રઘુજી૦.....૯

આયે ધસી સબ પુરવાસિની, લક્ષ્મન પકડે જબહી;
આંખ આંજ મુખ માંજ કુંવરકો, છોડ દિયો હૈ તબહી;
હો હો કર કર જોડી ઠાડી, સખાહુ છોડો સબહી;
મન ભાવે સો કરો કિશોરી, જો તુમ દેખો તબહી.....રઘુજી૦.....૧૦

તબહી સખી સમેટકે સબહી, આવત હી હસી દીની;
સબ આયી જહાં કુંવર કિશોરી, દેખ જુહારી[૯] કીની;
મગન ભયે પ્રેમ અતિ ઉપન્યો, સુખ સાગર રસ ભીને;
ધન ધન યોં બદત જાનકી, નિકટ બુલાયી લીની.....રઘુજી૦.....૧૧

તબ શ્રી રઘુવર સોચત મનમેં, કૈસે છૂટન પૈઈએ;
સખા સહિત બલવીર હરાયે; અબ કહો કૈસે કહીએ;
છલ બલ કો યહાં દાવ જ નાહિ, જો કહો સો સહીએ;
અપની લલીકો કહો સમજાયે, તિહારી બાંહે તે રહીએ.....રઘુજી૦.....૧૨
ફગુવા બહુત મંગાયો તબહી, સબકો હી મન ભાયો;
દેત આશિષ સબ પુરવાસીની, અવધપુરી સુખ સ્હાયો;
સિયા પિયાજીકી કહાં વરણું સબકો ભલો મનાયો;
રંક નિહાલ કિયે જન અપને, તુલસીદાસે જશ ગાયો.....રઘુજી૦.....૧૩

卐

૧. ચરાચર બધે    ૨. કહેવાય નહિ- જાણી શકાય નહિ
૩. એક પ્રકારનું વાજિંત્ર    ૪. સાથે    ૫. નાનો    ૬. હજી સુધી
૭. ઊભી    ૮. શોભે-ચળકે    ૯. સલામી

## રંગ રસિયાનું પદ

### પદ-પ૨૨

રંગ રસિયો હોરી ખેલવા રે નંદલાલ કુંવર;
ત્યાં બોલાવે વ્રજરાજ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧

સૈયર સર્વે ટોળે મળી રે નંદલાલ કુંવર;
માંહી પ્યારી રાધા સરદાર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૨

શ્યામે સખા તેડાવ્યા રે નંદલાલ કુંવર;
કીધો રમવાને ઉલટ અંગ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩

સામા તે સામી મોરચે નંદલાલ કુંવર
ત્યાં તો મચ્યો અતિરંગ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪

તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર;
ગાયે. સુંદર રાગ વસંત જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૫

નામ તે લઈ લઈ નારીઓ રે નંદલાલ કુંવર;
ત્યાં ગોવિંદના ગુણ ગાય જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦..... ૬

તાલ મૃદંગ ડફ ખંજરી રે નંદલાલ કુંવર;
ત્યાં વાગે વેણ રસાલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦..... ૭

અબિલ ગુલાલના પોટલા રે નંદલાલ કુંવર;
ઉડે કસ્તુરી કપુર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦..... ૮

ફૂલ દડો લઈ હાથમાં રે નંદલાલ કુંવર;
ધાયા મદ[1] ભર્યા ગોવાળ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦..... ૯

એવી ધૂમ[2] મચી બ્રહ્માંડમાં રે નંદલાલ કુંવર;
તેણે ઝાંખા થયા સુરભાણ[3] જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૦

કુમ કુમ કેસર ઘોળ્યા રે નંદલાલ કુંવર;
જુઓ રંગ રસિયાનો સાથ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૧

કેસર ઘોળી રંગ ઢોળ્યા રે નંદલાલ કુંવર;
ત્યાં તો ચાલી છે રંગની રેલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૨

શ્યામ સખા સર્વે વશ થયા રે નંદલાલ કુંવર;
પ્યારી રાધેના એ ખેલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૩

ગોપી ગ્વાલ સૌ હરખ્યાં રે નંદલાલ કુંવર;
રંગ રોળીને કીધાં લાલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૪

પિચકારીની ઝડીઓ વર્ષે રે નંદલાલ કુંવર;
જાણે અષાઢનો મેહ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૫

વાજીંત્ર સર્વે ખુંચવી લીધાં રે નંદલાલ કુંવર;
ખુંચવી લીધાં અબિલ ગુલાલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૬

એવું જોર વાધ્યું વ્રજનારનું રે, નંદલાલ કુંવર;
ગઈ ગોવાલાની ધીર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૧૭

સાથી તે સર્વે નાસી ગયા રે નંદલાલ કુંવર;
ઘેરી લીધા બન્ને ગંભીર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૧૮

ચંપે તે ચોરને બાંધ્યા રે નંદલાલ કુંવર;
ગ્રહી બાંધ્યા છે બન્ને હાથ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૧૯

ફગુઓ આપો તો છોડીએ રે નંદલાલ કુંવર;
નહિ તો રાધાને લાગો પાય જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૦

વ્રજ વનિતાને વશ થયા રે નંદલાલ કુંવર;
જુઓ કોટિક બ્રહ્માંડના નાથ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૧

અમસ્તા કેમ છુટશો રે નંદલાલ કુંવર;
આજ ગમતું અમારું થાય જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૨

દાણને કાજે રોકતાં રે નંદલાલ કુંવર;
હવે હાથ ચઢયાં કયાં જાવ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૩

જલ જમુનામેં ઝાલતાં રે નંદલાલ કુંવર;
ચોરી લીધાં અમારાં ચીર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૪

કરગરતાં અમો કામિની રે નંદલાલ કુંવર;
અમો જલમેં ઉઘાડે અંગ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૫

મુગટ કુંડલ ઉતારી લીધાં રે નંદલાલ કુંવર;
ગુંથી ફૂલ ભરી વેણી જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૬

ચોળી પહેરાવી ચુંદડી રે નંદલાલ કુંવર;
કુમ કુમની કરી આડ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૭

સેંથો પૂર્યો સિંદુરનો રે નંદલાલ કુંવર;
કોઈ કાજલ સારે[૪] નયન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૮

હાથના પ્હોંચા[૫] પીળીયાં રે નંદલાલ કુંવર;
ચોખા ચોડયા લલાટ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર.....૨૯

સોળે શણગાર પહેરાવ્યાં રે નંદલાલ કુંવર;
જુઓ જુઓ કનૈયાનું રૂપ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૦

મુગુટ કુંડલ રાધેને ધર્યા રે નંદલાલ કુંવર;
નારી કીધી તે કૃષ્ણ સમાન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૧

હરિ હલધર ત્યાં જોઈ રહ્યાં રે નંદલાલ કુંવર;
ત્યાં કોઈનું ન ચાલે જોર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૨

એવું કૌતુક કર્યું કામિનીએ એ નંદલાલ કુંવર;
પ્યારી કીધી તે નંદકિશોર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૩

વરકન્યા પરણાવીએ રે નંદલાલ કુંવર;
સખી સૌ મળી કર્યો વિચાર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૪

નંદ જશોદાની બેટડી રે નંદલાલ કુંવર;
વર છે ભિખુભાન કુમાર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૫

એવું લગ્ન ઠરાવ્યું વસંતનું રે નંદલાલ કુંવર;
એવો વનમેં કર્યો વિચાર યમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૬

મંડપમાં પધરાવ્યાં રે નંદલાલ કુંવર;
ત્યાં તો આરોપી ફુલમાળ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૭

છેડા ગાંઠણ ગાંઠયાં રે નંદલાલ કુંવર;
સામા સામી છાંટે અબિલ ગુલાલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૮

વેદ વિધિ બ્રહ્મા ભણે રે નંદલાલ કુંવર;
ત્યાં વરકન્યા જમે કંસાર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૩૯

તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર;
ત્યાં વરકન્યા રંગ ઝકોળ[૬] જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૦

સમો વર્તે સાવધાન રે નંદલાલ કુંવર;
ત્યાં મંગલ વર્ત્યા ચાર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૧

એવું કૌતુક જોવાને દેવતા રે નંદલાલ કુંવર;
આવ્યા બેસી વિમાન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૨

પુષ્પની વૃષ્ટિ તેઓ કરે રે નંદલાલ કુંવર;
ત્યાં સુરિનર કરે રે ગાન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૩

એક સખી ત્યાંથી સંચરી[૭] રે નંદલાલ કુંવર;
ચાલી આવી નંદભુવન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૪

જયાં બેઠા છે જશુમતિ રે નંદલાલ કુંવર;
બાઈ જુઓને તમારો જીવન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૫

જશોદા તમારે સંપત નાહિ રે નંદલાલ કુંવર;
વર મળ્યો કન્યા જોગ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૬

જશોદા તમારી બેટડી રે નંદલાલ કુંવર;
અમે દીધું છે કન્યાદાન જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૭

ત્યારે સામા આવ્યા જશુમતિ રે નંદલાલ કુંવર;
જુઓ જુઓ કુંવરના કામ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૮

ત્યારે વિસ્મય પામ્યા જશુમતિ રે નંદલાલ કુંવર;
ત્યાં ઘણું લજજા પામ્યા શ્યામ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૪૯

કન્યાનું રૂપ બતાવ્યું રે નંદલાલ કુંવર;
જુએ છે જશોદા માત જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૫૦

ફગુઓ લ્યો મન ભાવતો રે નંદલાલ કુંવર;
છોડો છોડો કુંવરનો ખ્યાલ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૫૧

ફગવો આપી છોડાવ્યો રે નંદલાલ કુંવર;
ઘણો હર્ષ પામી વ્રજનાર જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૫૨

કાલે રમવાને આવજો રે નંદલાલ કુંવર;
કહે સૌ સુંદરીનો સાથ જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૫૩
વસંત લીલા જોઈ રહ્યાં રે નંદલાલ કુંવર;
ત્યાં નરસૈંયો બલ[૮] જાય જમુનાના તીરમેં.....નંદલાલ કુંવર૦.....૫૪

૧. મસ્તીભર્યા ૨. આવેશભરી મસ્તી ૩. સૂર્ય ને ચંદ્ર ૪. સાંજે
૫. હાથમાં પહેરવાનાં ઘરેણાં ૬. ઝળહળીત ૭. ખસી-ભાગી
૮. વારી જવું

## રાયસોનાં પદો

### પદ-પર૩

રઘુવર રાજકુમાર લાલ રંગ ભીને હો,
ભરત શત્રુઘ્ન સંગકે લક્ષ્મણ લીને હો.....રઘુવર૦.....ટેક

જૂથ જૂથ મેલાવું કે, સીયા સંગ કીની હો;
કેસર આડ બનાઈ કે, મૃગમદ દીને હો.....રઘુવર૦.....૧

કેસર કુમ કુમ ઘોર કે, માટ ભરાયે હો,
ઈંદ્રાદિક અંતરીક્ષથી બાજાં બજાયે હો.....રઘુવર૦.....૨

ગાવત ગૌરી નારી કે, પિયાકો પ્યારી હો;
કંચનકે બહુ કામકે, સાયે[૧] ઢાળી હો.....રઘુવર૦.....૩

ધાય ભરે રઘુરાય કે, હો હોરી બોલે હો;
રત્ન જડિત રાય આંગન, ખેલત ડોલે હો.....રઘુવર૦.....૪

પકડ જાયે શત્રુઘ્નકે, આંખ અંજાયે હો
ફગુવા લીયો રે મંગાય, તબ છટકાયે હો.....રઘુવર૦.....૫

ઐસી ધર્મધોરીંધર[૨] ધીરકે, નાહિ કાહુ ભૂપ હો;
જન શ્યામદાસ બલ જાયકે, રઘુપતિ[૭] રૂપ હો.....રઘુવર૦.....૬

૧. છાંયડે ૨. ધર્મના રાજા-પ્રમુખ

## પદ-પર૪

મનરાજા ખેલન ચલે રંગ હો હોરી

કાયા નગર મોઝાર રંગ હો હોરી

જ્ઞાન ગલીમેં ઠાડે ભયે.... રંગ હો હોરી

સુરત નુરત લિયે સાથ રંગ હો હોરી

ગુરુ ગુલાલ મેં પાયીઆ રંગ હો હોરી

અબિલ અગમ અપાર રંગ હો હોરી

પાંચ પચીશ[૧] મિલી ખેલ હી રંગ હો હોરી

રાગ રાગણી સાર રંગ હો હોરી

ત્રિકુટી સંગમ[૨] ખેલ હી રંગ હો હોરી

ત્રિવેણી[૩] કે ઘાટ રંગ હો હોરી

મેરૂ દંડ[૪] સાજે ચઢે રંગ હો હોરી

દેખ્યા અગમકા[૫] ઘાટ રંગ હો હોરી

સીમા છીટ[૬] છિરકત ફિરે રંગ હો હોરી

બાઢયો રંગ અપાર રંગ હો હોરી

જનકબીર યોં ખેલ હી રંગ હો હોરી

આવાગમન નિવાર[૭] રંગ હો હોરી

卐

૧. પ્રકૃતિનાં પચીસ તત્ત્વો ૨-૩ ઈડા, પિંગલા, સુષુમ્ણા નાડીનું સંગમસ્થળ ૪. કરોડરજ્જૂને મેરુદંડ કહે છે ૫. કરોડરજ્જૂમાં મૂલાધાર ચક્રમાં રહેલી કુંડલિની શકિત ઊર્ધ્વ ગમન કરે ત્યારે સહસ્રાર ચક્રમાં રહેલ અગમ્ય શિવસ્વરૂપ આતમરામનાં દર્શન થાય છે. ૬. ડાઘ-પાપ

૭. ટાળ અથવા અટકાવ

# ગરબીનાં પદો

## પદ-પરપ

દિન દશ હોરી ખેલી લો નહીં આવે, નહીં આવે એસો લાગ
કૂડી કલ્પના રાતમેં શું સુતો, ચેતન થઈ જાગ.....દિન૦.....ટેક

આરત અતિ રળિયામણી તને મળ્યા, રૂડો સંત સમાગમ;
સાદ કરી સતગુરુ કહે આવો આવો, અતિ સુંદર ભાગ.....દિન૦.....૧

આળસ તજીને ઉઠને તારો રહેશે, અખંડ સોહાગ;
વલ્લભ જે જન જાગ્યા તેને મળ્યા, ભલા ધન ભાગ.....દિન૦.....૨

卐

## પદ-પર૬

ગોરસ વેચે ગોવાલણી ચિત ચતુરા, ચિત ચતુર સુજાણ;
મારગમેં મળ્યા મોહનજી, માગે મહીંના દાન.....ગોરસ૦.....ટેક

આ શું મોટો મહીં લૂંટશે, કયાં ઉગશે ભાણ;
નહિ રે સુંવાળી હું ભામિની, કંટારાનું[1] ઝાડ રે.....ગોરસ૦.....૧

નીચ નથી નંદરાયથી છે મોટા, મોટા ભિખુભાન રે;
તેની તનયા હું રાધિકા, નહીં આપુ એક દોકડો દામ રે.....ગોરસ૦.....૨

આજ લગી દાણ આપ્યું નથી, હવે આપું મારા તાતની આણ;
પ્રીતમના સ્વામી શામળિયા, હસવામાં ગાળ રે.....ગોરસ૦.....૩

卐

૧. એવી એક વનસ્પતિ જેને કાંટા હોય છે.

## પદ-પર૭

નંદ કુંવર કેડે પડયો કેમ ભરીએ, જમુનાજીકો નીર.....ટેક
હું તો ઓથાં લઈ રહી, સામો આવે, સામો શ્યામ શરીર;.....નંદકુંવર૦.....૧
હળવા દિવસ હોળી તણા, નંદરાય, નંદજીનો લાલ.....નંદકુંવર૦.....૨

અબિલ ગુલાલે ઘેલાં કર્યાં, વણછોડયાં ચોળીના ચીર.....નંદકુંવર૦.....૩
તાકી મારે પિચકારી રે, આવી વાગે તનડામેં તીર.....નંદકુંવર૦.....૪
વ્હાલો જંત્ર[1] વગાડે રે, એના મંત્રમેં ન જાય ગુણગંભીર.....નંદકુંવર૦.....૫
વ્હાલા ભકત ભુવન તજી રહું સખ[2] પાઉં નહિ કોઈ બીજો ધીર.....નંદકુંવર૦.....૬

卐

૧. યંત્ર ૨. વિશ્વાસ અથવા ચેન

## પદ-૫૨૮

રંગ જડયો રે રંગ જડયો, આજ અમારે રંગ જડયો.....ટેક
નંદકુવર રંગ હોરી રમે છે, ધન ધન જાય છે ઘડીઓ.....રંગ૦.....૧
ગોપી ગોવાલ મળી આવે છે ટોળે, નગરમેં કાળ પડયો.....રંગ૦.....૨
ચૂવા ચંદન ભર પિચકારી, શ્યામ સંગ્રામે ચઢયો.....રંગ૦.....૩
વસ્તા વિશ્વંભર પુરણ પ્રગટયા, એનો અમારે પ્રેમ.....રંગ૦.....૪

卐

## પદ-૫૨૯

ગોકુલ ગામને ગોંદરે મદમાતો હોળીનો ખેલ.....ગોકુલ૦.....ટેક
ટોળે મળી સૌ સુંદરી રમવાને, અતિ આનંદે ખેલે;
કેસર કેસૂડાં ધોર્યાં ગુલાલે, ગુલાલનો છે ખેલ.....ગોકુલ૦.....૧
ઘેર્યાં તે લાલ ગોપાલને, જેવી તરુવરે વેલ[1]
ચૂવા ચંદન કુમકુમ ચાલી, ધરણી પર રેલ.....ગોકુલ૦.....૨
લીલ પીત પટ ગઠરી, બાંધી હરિશું બેલ,
પ્રીતમના સ્વામી શામળિયા પાંતળિયા, હવે પાલવ મેલ.....ગોકુલ૦.....૩

卐

૧. ઝાડ પર

## પદ-૫૩૦

લોક રસિયા રે લોક રસિયા, પેલા ગોકુલ ગામના લોક રસિયા.....લોક૦.....ટેક
એક એકને આનંદ ગમે છે, હોરી રમવા મન વસ્યા.....લોક૦.....૧
અબીલ ગુલાલની ફાંટ[1] ભરી લાયે, એક એક ઉપર ધસ્યા.....લોક૦.....૨
પકડ લિયો હૈ નંદકુંવરકો, સાન[2] બતાવી પીછે ખસ્યા.....લોક૦.....૩
વસ્તા વિશ્વંભર સુરતે[3] જોઈને, અરસ પરસ મનમેં વસ્યા.....લોક૦.....૪

卐

૧. મૂઠી અથવા નાનું સરખું સાધન ૨. ઈશારો ૩. સ્વરૂપ

## પદ-૫૩૧

મત મારો મત મારો, અબિલ ગુલાલ મોહે મત મારો.....અબિલ૦.....ટેક
પરનારીનો પાલવ પકડયો, હું રાખું છું તોલ તારો.....અબિલ૦.....૧
ગોકુલ ગામની અમે ગોવાલણી, તું છે નંદજીનો લાલ પ્યારો.....અબિલ૦.....૨
આજકાલનો તું છોકરવાદ, શાને રોકે જમુના આરો[1].....અબિલ૦.....૩
વસ્તા વિશ્વંભર કૃષ્ટે કરીને, ભવજલ સિંધુ મોહે તારો.....અબિલ૦.....૪

卐

૧. કિનારો અથવા તે તરફ જતો માર્ગ

## પદ-૫૩૨

કેમ વસીએ રે કેમ વસીએ, ગોકુલ ગામમાં કેમ વસીએ રે.....ગોકુલ૦.....ટેક
આડ ગાલ ફોગટ દે મુજને, ગાગર ચઢાવે મળી સૌ રસીએ.....ગોકુલ૦.....૧
અમ અમારી છાયાથી બીય જઈએ, દૂરીજન દેખતાં ખસીએ રે.....ગોકુલ૦.....૨
મારે ને કહાનને નથી કાંઈ જૂજવું,[1] સગપણની રીતે હસીએ રે.....ગોકુલ૦.....૩
દાસ અલેતા કહે મારી પ્રીતડી, પ્રગટ કરી પેલે ભાણ રસીએ.....ગોકુલ૦.....૪

卐

૧. જુદાઈના અર્થમાં

### પદ-૫૩૩

બરખાને ઘેર ખેલે હોરી, ચાલો બરખાને ઘેર ખેલે હોરી;
ઉતસે આયો કુંવર કનૈયો, ઈતસે આયી રાધા ગોરી.....ટેક
પાંચ વર્ષ કે શ્યામ મનોહર, સાત વર્ષની રાધા ગોરી;
ચુવા ચંદન ઓર અગરજા, અબિલ ગુલાલે જોરી.....ચાલો૦.....૧
બરખાને ત્યાં સુઘડ ગુજરીઆં, કેસર ગાગર ભર ઢોળી;
બાજત તાલ મૃંદગ ઝાંઝ ડફ, મોરલી મધુરી વાજે થોડી.....ચાલો૦.....૨
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, જુગજુગ જીવો આ જોડી;
બરખાને ઘેર ખેલે હોરી, ચાલો બરખાને ઘેર.....ચાલો૦.....૩

卐

# રામ નવમીનાં પદો

### પદ-૫૩૪

(રાગ-આશાવરી)

નોમી કે દિન નોબત બાજે, સુત કૌશલ્યાનો જાયો હો;
સાત ઘડી દિન વીત ગયે હૈ, સબ સખીઓ ને મંગલ ગાયો હો.....ટેક

રાય દશરથ ગૃહે આનંદ ભયો હૈ, રઘુવંશમેં સુખ પાયો હો;
વિપ્ર બોલાયે ખોજ કરાની, અક્ષય[1] ભંડાર લુંટાયો હો.....૧

અતિ આનંદ અવધપુર ઘરઘર, ભયો સબ મન ભાવ્યો હો;
શુભ નક્ષત્ર શુભ ઘડી મુર્હૂત, મંગલ કલશ બનાયો હો.....૨

જૈ જૈ કાર કરત સુરપુરમેં, પુષ્પ વૃષ્ટિ જલ લાયો હો;
કંચન થાલ ભરે મુકતાફલ,[2] ચંદન ચોક પુરાયો હો.....૩

ધન એ વંશ ભયો રઘુકુલ કો, પરમ પુરુષ જયાં આયો હો;
ફૂલે ફિરે સબ પુરવાસી, માનુનીએ રંકનિધિ[3] પાયો હો.....૪

ઘર ઘરકી સબ વધુ બોલાયે, મંગલ ગાવત આયી હો;
રાય આંગન બીચ ડારી ડુલેચા,[4] આદર કરી બૈઠાયે હો.....૫

વિશ્વામિત્ર વષિષ્ઠ આર્હદ, સબ વિપ્ર બોલાયા હો;
જન્મ કર્મ દશરથ નૃપ કીનો, જગમેં સુજશ બઢાયો હો.....૬

પુની દશરથ જાચક બોલાયો, સાડી સાજ મંગાયો હો;
જો અમ્મર જા કે મન ભાયો, સો તા કો પહિનાયો હો.....૭

કંપે સિંધુ કાંગરા ધ્રુજે, લંકા આગમન આયો હો;
સબ અસુર ઘર શોચ પડયો હૈ, કોઈ રાજભૂપ આયો હો.....૮

વિપ્રે નામ ધર્યો વિશ્વંભર, શુભ શ્રી રામ સુનાયો હો,
કમલા કંથ કર્યાં લગું વરણું, તીનલોક જશ ગાયો હો.....૯

卐

૧. અખૂટ ૨. મોતી ૩. ગરીબનો બેલી ૪. પાથરણાં

## પદ-૫૩૫
### (રાગ-આશાવરી)

ચૈત્ર માસ નોમી અજવાળી, જન્મ લીયો રઘુરાયે હો;
આજ ઉત્સવ અયોધ્યા નગરીમેં ભયે નિશાન વધાઈ હો.....ટેક

કનક મહેલમેં રાજા બૈઠે, માંગે જોઈ વધાઈ હો;
દશરથ રાય સિંહાસન બૈઠે, ઘરકો વિપ્ર બોલાઈ હો.....૧

સબ વિપ્રનકા ચરણ પખાળે, પીતામ્બર પહિનાયે હો;
કૂચી દેત ભંડાર ખોલાયે, હીરા રત્ન મંગાયે હો.....૨

દુદુંભિ તત્કાલ મંગાયે, પઢી ગુણ પુત્ર પુજાયે હો;
ઘર ઘર કી સબ વધૂ બોલાયે, મંગલ ગાવત આયી હો.....૩

નગરકી સબ માલન બોલાયી, બદન માલ વધાઈ હો;
વરન[1] ચીરન કે બસન[2] મંગાયે, સબ સખીઅન કો પહીનાઈ હો.....૪

સબ સખી આશિષ દેત નગરમેં ચિરમ્[3] જીવો રઘુરાય હો;
જન્મકર્મ રઘુપતિ કી લીલા, તુલશીદાસ જશ ગાયો હો.....૫

卐

૧. વિવિધ રંગના ૨. વસ્ત્રો ૩. લાંબુ

## પદ-૫૩૬

### (રાગ-આશાવરી)

ચલો દેખો સૌ વાજત વધાઈ, કૌતુક દશરથ દ્વારે હો;
જન્મ લીયે શ્રી રઘુકુલ મંડલ, આનંદ વાધ્યો અપાર હો.....ટેક

ધરત નિશાન મૃદંગ ભેર બહુ, ઝાંઝ ખંજરીની તાલ હો;
મગ્ન ભયે નાચત નરનારી, ગાવત મંગલ ચાર હો.....૧

બંદીજન જશ પઢત સોહાવે, વિપ્ર વેદ ઉચ્ચારે હો;
પરમ ઉદાર દાન દેત દશરથ, દેત કછુ ન સંભાળી હો.....૨

કંચન ટેન અરૂ ગજ પર ભૂષણ, બાજત સાજ શણગાર હો;
દીયે લૂંટાય ઉમંગે સકલ મણિ, ભુવન ભરે ભંડાર હો.....૩

સાથિયા પૂર્યા સબ સજી દ્વારે, વધત વંદન વારિ હો;
કનક કલશ અરૂ ધ્વજા પતાકા, શોભા અનુપમ અપાર હો.....૪

દેત આશિષ સકલ પુરવાસી, બઢયો હૈ જશ વિસ્તારી હો;
કેવલરામ વૃન્દાવન જીવન, પ્રગટે પ્રાણ અવધપુરી હો.....૫

卐

## પદ-૫૩૭

### (રાગ-આશાવરી)

બડો ભાગ્ય કૌશલ્યા રાની, રામ રત્ન સો જાયો હો;
ગુરુ વષિષ્ઠ મુનિ બોલાયે, તબ રઘુવર નામ ધરાયો હો.....ટેક

રાજા દશરથ કે કર્મવીર, પ્રેમસિંધુ ઉર બધાયો હો;
ગજ તોરંગ[1] હાટ કમનીય ભૂષણ, અક્ષય ભંડાર લૂંટાયો હો.....૧

ફૂલે ફિરત સકલ પુરવાસી, ઘર ઘર બાજત વધાઈ હો;
શિવ વિરંચી[2] ઈન્દ્રાદિક સકલ શુર, પુષ્પ વૃષ્ટિ વર્ષાવે હો.....૨

જોઈ જોઈ મન ઈચ્છા કરી આયે, સોઈ સોઈ ફલ પાયે હો;
એહી સુખ ઉમંગ રહ્યો હૈ ચૌદિશ, હરિદાસ જશ ગાયે હો.....૩

卐

૧. ઘોડો  ૨. બ્રહ્મા

## પદ-૫૩૮

(રાગ-આશાવરી)

આજ ચલો દશરથ ઘર જઈએ; બાજત મૃદંગ રંગ બધાઈ હો;
રઘુકુલ દીપક પ્રગટ ભયે, સબ સંતન સુખદાયી હો.....ટેક
અતિ આનંદ કૌશલ્યા મૈયા, મોતીયન ચોક પુરાવે હો;
નામ સુની રાવણ કંપ્યો, દુદુંભિ[1] દેવ બજાવે હો.....૧
જૈ જૈ હોત અયોધ્યાપુરમેં, ઘર ઘર મંગલ ગાયે હો;
જન વલ્લભકી આશાપુરી, ઓચ્છવ ભર પાયો હો.....૨

卐

૧. એક વાજિંત્ર

## પદ-૫૩૯

(રાગ-સારંગ)

પ્રગટ ભયે શ્રી રામ અયોધ્યા, પ્રગટ ભયે શ્રી રામ;
હત્યા તીન ગયી દશરથકી, સુતન મનોહર નામ.....પ્રગટ૦...ટેક
બંદીજન સબ દ્વારે આયે, કરત નીગમ ધૂની જ્ઞાન;
સુરિનર મુનિ સબ દર્શન આયે, રઘુજી રૂપ નિધાન.....પ્રગટ૦...૧
જૈ જૈકાર ભયો વસુધા કો, સંતન કે અભિરામ;[1]
પ્રેમાનંદ દાસ કો ઠાકોર, રઘુજી પુરણકામ.....પ્રગટ૦...૨

卐

૧. આનંદ આપનાર

## પદ-૫૪૦

(રાગ-સારંગ)

દશરથ ઘેર ભયો કુલદીપક, દશરથ ઘેર ભયો કુલદીપક;
શિવ વિરંચી મન ભાવ્યો, પ્રગટે શ્રી રામ અયોધ્યામેં.....દશરથ૦ ટેક
દ્વારે દ્વારે કરત વંદના, મોતિઅન ચોક પુરે નીજધામ,
પરમાનંદદાસકો અવસર, બંદીજન રાખત સબ માન.....દશરથ૦ ૧

卐

## પદ-૫૪૧

પ્રગટે રઘુરાય આજ પ્રગટે હૈ રઘુરાય.
આનંદ વધ્યો અતિ અખિલ ભુવનમે, નિરખત દેવ સમાજ.....ટેક
નીરખત સુફલ ભયે ધૂમ[1] દેખત, પાયે ઘૃત શરીર રતવાડી;
વિવિધ પ્રકાર સમીર સીંચ્યો, અષ્ટ મહાસિદ્ધિ દ્વારે ઠાડી[2].....૧
મંગલ ચાર વધાઈ ઘર ઘર, દેવ ગોપીઅનકો બોલાઈ;
દધી અરૂ દુદુંભિ બધવન નૃપકો, મુદિત ભયે મન ડોલત.....૨
કહેત પરસ્પર તનયા તા કો, પુન્ય પુરપતિ પાયો;
દિત સુત કાલ[3] દયાલ અદિતિ[4] સુત, સો દશરથ ઘર આયો.....૩
અર્થ ધર્મ મોક્ષ કામ ભકિત, ફલ જે જાચે સો પાવે;
અગ્રદાસ અનુરાગ સહિત, રામ જનગુણ ગાવત.....૪

卐

૧. આવેશ-ઉમંગ-ઉત્સવ ૨. ઊભી ૩. દિતસુતકાલ-રાક્ષસોને માટે કાળસ્વરૂપ પ્રભુ ૪. દેવોની માતાનું નામ

## પદ-૫૪૨

(રાગ-સારંગ)

અયોધ્યા રામ લિયો અવતાર, અયોધ્યા રામ લિયો અવતાર;
ચૈત્ર માસ નવમી અજવાળી, ભયે દુપહરી વાર.....ટેક
પુરણ બ્રહ્મ કૃપા કરી પ્રગટે, આયે દશરથ દ્વાર;
જન્મ લિયો ભકતન કે કારણ, ભૂમિ ઉતારન ભાર.....૧
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ઝાલર શબ્દ રસાલ;
મગ્ન ભયો નરનારી નર્તન, ઉચ્ચર્યા મંગલ ચાર.....૨
કંચન કલશ અરૂ ચંદનમાલા, સોહિત ઘર ઘર નાર;
જૈ જૈકાર કરત બ્રહ્માદિક, વર્ષત કુસુમ અપાર.....૩
વિપ્ર પવિત્ર બૈઠે આંગનમેં, કરત વેદ ઉચ્ચાર;
અતિ આનંદ ઉમંગે દશરથ, ભયે હૈ રામજી દ્વાર.....૪
અશ્વ અમ્મર કુંજર બહુ દીનો, ગણતાં કછુ ન સુમાર;
જાચક[1] સબ અજાચક કીનો, કરત ન લાગી વાર.....૫

લે લે દુંભ ભાટ નટ નાચત, ઠાડે કરત જુહાર;
હીરા ઓવારી દેત રઘુપતિ પર, ભર ભર કંચન થાળ.....૬
કૌશલ્યા કે પ્રાણ ધનજીવન, દશરથ પ્રાણાધાર;
ભકતજન કે કલ્પ તરુવર, રઘુપતિ રાજકુમાર.....૭
તીન લોક અરૂ ભૂવન ચૌદિશ, મહિમા અપરંપાર;
તુલસીદાસ કો ભકિતજ્ઞાન દીજો, પુરણ અક્ષર ભંડાર.....૮

卐

૧. માંગનાર

## પદ-૫૪૩

(રાગ-ધુમાર)

સાહેલી આજ મંગલ હો, હો મહામંગલ હો,
પ્રગટે શ્રી રઘુપતિરામ.....ટેક
ચૈત્ર માસ ત્રેતાયુગ નવમી, સોમ સુદિન દે જામ;
રાજા દશરથ કૌશલ્યા કે પ્રગટે, રાજીવલોચન રામ.....૧
દેવ લોક ભૂલોક રસાતલ, પરમ પુનિત એક રામ;
સપ્તપુરીમેં પ્રથમ ધની હૈં, મંગલ રાય કે ધામ.....૨
ગગન થાલમેં કે ઉડુગણ[1] મુકતા, શશિ સફલ બલિહારી;
રાજા દશરથ કે માનુવિધિ, વધાવત હૈ યુગ ચારી.....૩
થકીની મેખ અનેક અગર ધન, રહે વિમાન નભ સાથ;
માનુ વિધિ કો દઈ નયી પુરી, દશરાય બસાયે.....૪
સરયુકો દયી નયી છબીરી, જઘ સહિત દિયો દાન;
નવલ સ્ત્રીયા સાગર એક પાયો, ગરજ કરત જશ ગાન.....૫
કલ્પ તરુકી પુરી કલ્પના, કામધેનૂકો કામ,
ચિંતામણી ઈચ્છા પરીપૂરણ, ભકતન કે વિશ્રામ.....૬
દુષ્ટ ભયે સબહી મલિનમૂખ, મુદિત[2] ભયે સબ સંત;
દુઃખ ગયે સુખ સિંધુ બઢયો હૈ, પ્રફુલ્લિત જન જશવંત.....૭

卐

૧. તારા ૨. આનંદ

### પદ-૫૪૪
(રાગ-ધુમાર)

રઘુનંદન ઝુલે પારણે હો; હો મેરે પ્યારે, કૌશલ્યા કે ગુન ગાવે.....ટેક
દશરથ રાય પારણું ઘડાવ્યું, ચંદનકો સાજ;
હીર જડિત પાટકી[1] દોરી, રત્ન બંધાયે કર બાજ.....૧
રાતે ચરણ કલમ કર રાતે, જલદ શ્યામ તન શોહે;
ઘુંઘરાળે કેસ બિરાજત, મંદહાસિની[2] ના મન મોહે.....૨
ઉત્તર દિશા એક પુર અયોધ્યા, રામજી કો જન્મ નિવાસ;
ગાવત સુનત હોત સબ પાવન, બલ પરમાનંદ દાસ.....૩

卐

૧. લાલ રંગની સુંદર દોરી  ૨. સ્મિત કરનારી

## જાનકી નવમીનાં પદો

### પદ-૫૪૫
(રાગ-દેશાખ) વધાઈ

આજ જનકપુર મંગલ માંય, આજ જનકપુર મંગલ માંય;
માઘ પક્ષ શુકલ નવમી તિથિ, પ્રગટી કુંવરી સકલ સુખદાયી.....ટેક
સુરિનર નૃત્ય કરે જમુના તટ, વર્ષત કુસુમ દેવ સમુદાય;
ગીત ધૂની બાજાં બાજત જહાં તહાં, ગાવત મંગલ નારી સોહાય.....૧
કરી આસન બહુ દાન દેત હૈ, નૃપકો ગજ ભૂમિ કરાઈ;
કનક બસન સંખ્યા નહિ આવત, જાચક અભિલાષ પુરાઈ.....૨
જેણે જો માગ્યો સો દીનો, ત્યાં તે વસુધા બહુત વધાઈ;
જનક નંદિની બધન વિલોકીત, તુલસીદાસ દરબાર શોહાય.....૩

卐

### પદ-૫૪૬

જે દિન સીતા જન્મ ભયો રે, જે દિન સીતા જન્મ ભયો રે,
તે દિન સબ હી લોક મેં, મનકો શૂળ ગયો રે.....ટેક
અધર આદિ અવની પ્રગટી, દેલ દુદંભિ બજાય રે;
વર્ષત કુસુમ શબ્દ ઉચ્ચારે, ભૂમિ વિમાનની છાંયો રે.....૧

અખિલ લોક શ્રી ઉદય ભયો રે, જનકરાય કે પુર જાયે;
નીર ઉપમા કન્યા કુલ મંડન; સીતા ઐસી નામ રે.....૨
જનક સુતા દીપક કુલ મંડળ, સકલ શિરોમણી નારી;
રાવણ મુકત મુકત એ અમર ધન, અણભે[1] દાન ભય હારી.....૩
નિગમ[2] સરસ માનસ જશ જા કો, કહેત તપોધન માંય;
જા કે ચરણ શરણ ભવનૌકા, નાહિ જ આનંદ પાયો રે.....૪
સુંદર શીલ સુહાગ ભામિની, મહિમા કહેત ન આવે રે;
પરમ ઉદાર રામકી પ્યારી, પદરંજના ભવપાર રે.....૫

卐

૧. નિર્ભય ૨. ધર્મશાસ્ત્ર

# અખાત્રીનાં પદો

## પદ-૫૪૭
(રાગ-કાલેરો)

અક્ષયતૃતીયા અક્ષય લીલા, નવરંગ ગિરધર પહેરે ચંદન;
વામ[1] ભાગ ભિખુભાન નંદિની, ચિત્ર વિચિત્ર દેત નવવદની.....ટેક
તન સુખ છીંટ ઈજાર બની હૈ, પ્રીત ઉપર વિરહ નીકંદન;[2]
ઉર ઉદાર વરદાન મલી કી, સુખદ યુવતિ મનરંજન.....૧
નખશિખ હેમ અલંકિત ભૂષન, શ્રી વલ્લભ માર્ગ મનરંજન
કૃષ્ણદાસ પ્રભુકી પ્રીતિ કારન, લોચન ચપલ લજાવત ખંજન.....૨

卐

૧. ડાબો ૨. નાશ

## પદ-૫૪૮ (રાગ-કાલેરો)

અક્ષયતૃતીયા[1] સો ગોવર્ધન બૈઠે, ચંદનકો તન લેપ કિયે હો;
પ્રફુલ્લિત વદન સુધાકર નિરખત, ગોપી ચંદ ચકોર પિયે.....ટેક
કનક બરન શિર બન્યો હૈ ટીપારો,[2] ઠાડે હૈ કર કમલ લીયે;
ગોવિંદ પ્રભુકી એહ બાનક[3] પર, બાર બાર તનમન જર્યો દીયે.....૧

卐

૧. વૈખાશ સુદ ત્રીજને અક્ષય તૃતીયા કહે છે ૨. સોનેરી
૩. બાંધણી અથવા સજાવટ

### પદ-૫૪૯

(રાગ-કાલેરો)

બન્યો હૈ વાગો ચૂવા ચંદનકો, ચંપા કલી સી પાઘ બિરાજીત;
ભાલ તિલક નવ વદન કો બન્યો હૈ વાગો ચૂવા ચંદન કો.....ટેક
સુધન કી છબી કહેત ન આયે, ભાત ભાત મન ફંડન કો;
પરમાનંદ દાસ કો ઠાકોર, દેખત હૈ નંદાનંદન કો.....૧

卐

# નૃસિંહ ચતુર્દશીનાં પદો

### સાખી

સુદ ચૌદસ વૈશાખ કી, પ્રગટ ભયે નૃસિંહ;
નિજ કારન પ્રહલાદ તાત, માર લિયો ઉછંગ.....૧
વિધિવર પ્રભુજી સત્ય કિયો, નહીં નહીં દિન ને રાત;
ભકત વચન પ્રભુ થંભતે પ્રગટ ભયે સાક્ષાત.....૨

### વલણ

શ્રી નૃસિંહ કંસ રૂપ પ્રગટ કિયો, વૈકુંઠપતિ મહારાજ;
હિરણાકંસ વપુ[૧] નખ ગ્રહી, અસુર હનન કે કાજ.....૧
ધરા[૨] અંબર સબ કાંપે, ગિરિ સિંધુ તજ મર્યાદ;
સુરપતિ સુરમુનિ જન સબ, સ્તુતિ કરત પ્રહ્લાદ.....૨
વ્યાપક જન ભવનમેં, નરનારી ભયભીત;
શિવ સનકાદિક નારદ વિધિ, પ્રણવત કમલ સહિત.....૩
સ્તુતિ કરત હી કમલા નારી, તુમ ધન ધન દેવ મોરારિ;
પ્રભુ નૃસિંહ રૂપ નિવારો, અમ્મર[૩] ભૂષન તન ધારો.....૪
પ્રભુ મોર મુકુટ શિર લીજે, સો દર્શન હમકો દીજે;
વૈકુંઠ પતિ કહૈ મધુ વાની, તુમ સુનહો કમલા નારી.....૫
મેં ભકત હીત વપુ વધાર્યા, હિરણાકંસ નખ[૪] વિડાર્યો;
પ્રહ્લાદ હી કો દુઃખ દીનો, હમ સોં નિવારણ કીનો.....૬

ઐસે કોટિ વિઘ્ન નિવાર્યાં, દુઃખી ભકત તહાં પધારે;
ભયો ત્રિભુવન જૈજૈકાર, સુર નારી ગાવે મંગલ ચાર.....૭

ઐસે ભકત પ્રતિજ્ઞા પાળી; પ્રભુ અદ્ભુત કલા પ્રસારી;
શ્રી નૃસિંહ એ અવતારી; રૂપ રસિકદાસ બલિહારી.....૮

卐

૧. શરી ૨. આકાશ ૩. અમૃતનું અપભ્રંશરૂપ. અહીં અમૃત એટલે મધુર ૪. ચીરી નાંખ્યો

## પદ-૫૫૦ (રાગ-ગોડી)

પ્રગટે શ્રી નૃસિંહ રૂપે મોરારિ, દાસ વચન પ્રમાણ કરનકો;
લીલા એ તન ધારિ, પ્રગટે શ્રી નૃસિંહ રૂપે મોરારિ.....ટેક
અવની કંપિત ગિરસાગર ફૂન, પતિ ધરતન ભારી;
ગર્ભ પડત અસુર નારી કો, ઉત્પત્તિ ભોમિ મોઝાર.....૧
લિયો ઉછંગ અસુર તન વિડાર્યો, કરી મન રોસ અપાર;
દેવ દુદંભિ બાજે દશોદિશ, નાચત સબ નરનારી.....૨
રાજ રાજાધિરાજ શિરોમણિ, આનંદ અતિ અપાર રે;
કોમલ કર દીનો ભકતન સારી, સુરદાસ બલિહારી.....૩

卐

## પદ-૫૫૧ (રાગ-ગોડી)

પ્રગટે નૃસિંહ દેવ મોરાર, સંધ્યા સમે ચૌદશ ઉજિયાલી;
ક્રોધ રૂપ વિકરાળ, પ્રગટે શ્રી નૃસિંહ દેવ મોરાર.....ટેક
તાત કહે પ્રહ્લાદ પુત્રકો, તેરો પ્રભુ દેખાવે;
મેરો પ્રભુ અંભ[1] સ્તાંભમેં, દુષ્ટ કહાં તું પાવે.....૨
ઝઘડો જાન હી પિતા પુત્ર કો, તત્તક્ષણ દર્શન દીનો;
લે ઉછંગ હરિ ઉદર વિડાર્યો, હિરણાકંસ વધ કીનો.....૩
જૈ જૈકાર ભયો વસુધા પર, ભકત વચન પ્રભુ પેખે;
વલ્લભ ક્રોધ નૃસિંહકો, જિસને પ્રહ્લાદ ઉગાર્યો.....૪

卐

૧. પાણી-પ્રભુ જળસ્થળમાં વ્યાપક છે. અહીં અંભસ્તાંભમાં વ્યાપક છે એવું સમજવું.

## પદ-૫૫૨
(રાગ-કલ્યાણ)

શ્રી નૃસિંહ પ્રગટે હૈં આજ શ્રી નૃસિંહ પ્રગટે હૈં;
અસુર નિવારણ ભકતઉદ્ધારણ, જન પ્રહ્‌લાદ કે કાજ.....આજ૦.....ટેક
નૃસિંહ રૂપ કિયો નંદ નંદન, સ્તંભ ખંભમેં બિરાજે;
શબ્દ ઉચ્ચાર કિયો મુખ ત્યાંહી, હિરણ્યાકંસ પર ઘાવ કીનો.....આજ૦.....૧
વામન હો કે વેદ પઢહી, બલિકો દીનો રાજ;
પરમાનંદ પ્રભુ જનહીત કારણ, દુષ્ટ સંહારવ કાજ.....આજ૦.....૨

卐

## પદ-૫૫૩
(રાગ-કનડો)

જબ લગી વૈકુંઠ ન જાયે હો, સુન પ્રહ્‌લાદ પ્રતિજ્ઞા મેરી;
તબ લગી શિર છત્ર ન ધરું હો, જબ લગી વૈકુંઠ ન જાયે હો.....ટેક
મન કર્મ વચન જાની જીમ[1] અપની, જહાં જહાં તહાં તે હું જ;
નિર્ગુણ ભાવ કિયો હૃદયમેં, ઐસો ભકત ન પેખું હો.....૧
મો દેખત મેરો દાસ દુઃખી ભયો, આ કલંક હું કયાં ગ્રહું હું;
હૃદય કઠોર બલે સત મેરો, અબ નહી દયાલ કહે હું.....૨
ગ્રહી તન હિરણ્યાકંસકો ચીર્યો, ફાડી તોડી એ રુધિર અનેક હું;
રાજ મુકત કરી રહે સુર પુર, યથા કૃતકો ફલ તરત દીએ હો.....૩

卐

૧. જિમ એટલે જેમ

## પદ-૫૫૪
(રાગ-કનડો)

પઢયો મૈં રામ ગોવિંદ મોરારિ, કહે પ્રહ્‌લાદ સુનો રે બાલક;
લીજે જન્મ સંભાળી, પઢયો મૈં રામગાવિંદ મોરારિ.....ટેક
કયા કરે હિરણાકંસ અભિમાની, તુમ હી શકે કો મારી;
રાખનરો હોય ઔર કોઈ, શ્યામ ધરે ભુજ ચારી.....૧

નવ ડરાવ સુનહો જડમતિ,[1] કર હી ભકિત ઉનકી સારી;
ચરણ કમલ મુખ સન્મુખ દીજે, કબહુ ન આવે હારી[2].....૨

પરમ સ્વરૂપ દેવ નારાયણ, દેખ હો હૃદયે વિચારી;
પરમાનંદ સ્વામી સુખ સાગર, ઉદ્ધાર નિત્ય વારી.....૩

卐

૧. નાશવંત પદાર્થો કે સમૃદ્ધિમાં રાચનારી બુદ્ધિ ૨. નિષ્ફળ

## પદ-૫૫૫

જય જય શ્રી નૃસિંહ સ્વરૂપ, સ્તંભ માંહીથી કરી ગર્જના;
પ્રગટયા ત્રિભુવન ભૂપ, જય જય શ્રી નૃસિંહ સ્વરૂપ.....ટેક

માસ વૈશાખ સુદ ચૌદશી, સાંજ સાંજ સમે રે વિચાર,
જગત ભગતનાં દુઃખો હરવાં, ધર્યે નૃસિંહ અવતાર.....૧

હિરણાકંસ કો ઉદર વિડાર્યો, તેણે કીનો આક્રંદ;
ચલ્યા નક્ષત્ર નવગ્રહ તારા, જયારે ગર્જયા ગાવિંદ.....૨

ગળ્યા ગર્ભ અસુર નારીના, ચેટક[1] ચલ્યા રાસ;[2]
નાઠા દૈત્ય દોદિશ ત્યાંથી, નાદે પામ્યા ત્રાસ.....૩

જન પ્રહ્લાદ હૃદયે ચાંપ્યો, આણી અંતર દાઝ;
તિલક કરી આસને બેસાડયો, ત્રિભુવન આપ્યું રાજ.....૪

બ્રહ્મા રૂદ્ર ઈન્દ્રાદિક આદિ, કરે કુસુમની વૃષ્ટિ;
પ્રભુ તુમ પેખે કોન ટાલે, એવાં અમારાં કષ્ટ.....૫

નૃત્ય કરે નારદ લે તંબુર, ગુણ જશ નિર્મલ ગાયે;
રામકૃષ્ણ પ્રભુ તુમ સાધુની, જુગ જુગ કરજો સહાય.....૬

卐

૧-૨. ચેટક એટલે વળગણ; આસુરી સંપત્તિ વળગણરૂપ છે તેનો પ્રભુ અવતરે ત્યારે હ્રાસ થાય. હ્રાસનું અપભ્રંશ રૂપ રાસ.

# રથયાત્રાનાં પદો

## પદ-૫૫૬ (રાગ-મલાર)

વિશ્વકર્મા રથ લાયો વ્રજમેં, વિશ્વકર્મા[1] રથ લાયો;
જુગ જીવન જશોદા સુત કારન, બહુ રત્ન જડાયો.....ટેક
મધ્ય બેઠી ભિખુભાન નંદિની, મોહન રથ હી ચલાયો;
કાલિંદી તટ કરત કુતૂહલ, ફિર બરસાને આયો.....વ્રજમેં૦.....૧
સુરિનર મુનિજન કૌતુક પામે, નીરખત શ્યામની છબિ;
પુષ્પવૃષ્ટિ કરી જૈ જૈ ઉચરે, જન હરિનો જશ ગાવે.....વ્રજમેં૦.....૨

卐

૧. વિશ્વને ઘડનારો-અહીં રથનું નામ છે. પ્રભુ તે શ્રીકૃષ્ણ-તેમને માટે વિશ્વકર્મા નામનો રથ લાવવામાં આવ્યો

## પદ-૫૫૭

રથકી બાનક[1] વરણી ન જાય, રથકી બાનક વરણી ન જાય;
રાધા મોહન મંધ્ય બિરાજે, વ્રજ જન દેખન આયે.....ટેક
ચક્ર ચાર મણિ ખચિત, મનોહર દાંડી ચાર જડાયી;
છત્ર મનોહર હાટક મણિમય, મુકતામાલ લટકાયી.....૧
હીરા ખાચત હેમ કે કલશ, ગાદી સરલ સોહાય;
બંશીબટ તટ કરત કુતૂહલ, જન હરિનો જશ ગાયે.....૨

卐

૧. સજાવટ

## પદ-૫૫૮

આજ માય રથ બૈઠે ગિરધારી, આજ માય રથ બૈઠે ગિરધારી;
વામ ભાગ ભિખુભાન નંદિની, પહેરે કુસુમવતી સાડી.....ટેક
ત્યાં ઉમંગ ભયો ચૌદિશ, ગર્જીત હૈ અતિભારી,
ત્યાં દાદુર મોર ગાન કરત હૈ ત્યાં ભોમ હરિયાલી થાય.....૧
શીતલ મંદ વહેત મુલયાનિલ,[1] લાગત હૈ સુખકારી;
નંદા નંદન કિયા બાનક[2] પર, જન ગોવિંદ બલિહારી.....૨

卐

૧. મલય પ્રદેશ તરફથી વહેતો પવન     ૨. સજાવટ-બાંધણી

## પદ-૫૫૯

જય શ્રી ઘનશ્યામ દેવા જય શ્રી ઘનશ્યામ દેવા;
રથ બૈઠે પ્રભુ અધિક બિરાજીત, કરત સકલ સૂર સેવા.....ટેક
રત્ન જડિત રથ નીકો લાગત, ચપળ અશ્વ ચલાય;
ધ્વજા પતાકા કલશ અતિ રાજીત,[1] મોતીના ઝુલ બનાયા.....૧
શુક સનકાદિક શિવ બ્રહ્માદિક, ઈન્દ્રાદિ જોડે આયે;
અપની અપની ભેટ ધરે સૌ, ગગન વિમાન છાંયે.....૨
ગિરિ દેત દેવા વ્રત અપને, એહી વિધ રથ હી ચલાયો;
રામદાસ ગોવર્ધન વાસી, નગર ઉલટી સબ આયે.....૩

卐

૧. શોભે

## પદ-૫૬૦

(રાગ-મલાર)

તુમ દેખો માય રથ બૈઠે નંદલાલ, તુમ દેખો માય રથ બૈઠે નંદલાલ.....ટેક
ઉર લ્હેકે વરમાળ મનોહર, સુંદર હૈ સબ સાજ;
સુંદર રંગ ચલત ધરણી પે, રહ્યો હૈ ઘોષ સબ ગાજ.....૧
તાલ પખાવજ બેના બંસરી, બાજત પરમ રસાલ;
ગોવિંદ પ્રભુ પિયુ પર્વત સ્વામી, વિવિધ કુસુમ વ્રજબાલ.....૨

卐

## પદ-૫૬૧

વ્રજમેં રથ ચઢી ચલે રે ગોપાલ વ્રજમેં રથ ચઢી ચલે રે ગોપાલ;
સંઘ લિયે ગોકુલ કે લડકા, બોલત વચન રસાલ.....વ્રજમેં૦.....ટેક
એહી સુનત ઘર ઘર કે લૌટે, ખેલન કો વ્રજબાલ;
હરેક તિલક કર હર્ષી નીરખી, ધરત હૈ કંચન થાલ.....૧
શ્યામ ગ્રહી લે આયી યુવતિગણ, લેત હરખી નંદલાલ;
બાઁટ દેત ઔર લડકો કું, ફૂલે ગાવત ગ્વાલ.....૨
જૈ જૈકાર ભયો ત્રિભુવનમેં, કુસુમ વર્ષે તે કાલ રે
એહી વિધ નંદ દ્વાર જબ આયે, રસિક તિલક ભાલ રે.....૩

卐

# જલયાત્રાનાં પદો

## પદ-૫૬૨

(રાગ-બિલાવલ)

મંગલ જેષ્ટ જેષ્ટી પુનમહી, કરત સ્નાન ગોવર્ધનધારી;
ચંદન તુલસી પુષ્પ સુવાસીત, કેસર જલ ઘટ ભરે સૌ પ્યારી.....ટેક
ચુવા ચંદન ગજમદ સૌરસ, સરસ સુગંધ કપુરની વાર;
અગર અંગ અંગ પ્રતિલેપન, કાલિંદી મધ્યકેલ મહીયારી.....૧
સખીઅન જુથ જુથ મિલી છિરકત, ચાવત ગાન તરંગ અતિભારી;
કૈસો કિશોર સકલ સુખદાયક, શ્રી વલ્લભ નંદન બલ અધિકારી.....૨

卐

## પદ-૫૬૩ (રાગ-બિલાવલ)

કરંત ગોપાલ યમુના જલક્રીડા, સુરિનર મુનિજૂથ ચકિત ભયે તબ;
વિસરી ગયે તન મન સબ પીડા, કરત ગોપાલ યમુના જલક્રીડા.....ટેક
મૃગમદ તિલક કુંકુમ કેસર, અગર કપુર વાસ બહુ ભુરકત;
કયી જુગ મગ્ન રસિક નંદનંદન, કોમલ પાન પરસ્પર છિરકત.....૧
નિર્મલ સરસ કલાકૃતિ સૌરભ, વર્ષત સ્વાંત[1] બુંદ જલમોતી;
પરમાનંદન કાંચનમણિ ગોપી, મર્કટમણિ ગોવિંદ મુખ જોતી.....૨

卐

૧. સ્વાતિ નક્ષત્રમાં વરસતું પાણી

# જન્માષ્ટમીનાં પદો

(હિંડોળાની સાખી)

ઝુલન બૈઠે રઘુપતિ, ઋતુ શ્રાવણ સુદ ત્રીજ;
મેઘ ઘટા ઘન હો રહી, ચૌદિશ ચમકે વીજ.....૧
જુવંતી[1] કે સંગમેં, કરત વિવિધ વિલાસ
વિરહણી ને સંતાપવા, આયો શ્રાવણ માસ.....૨

卐

૧. યુવાન સ્ત્રી

## પદ-૫૬૪

(રાગ-ગોડી)

વ્રજ કે આંગન રચ્યો, હિંડોલો વ્રજકે આઁગન રચ્યો;
સુર બ્રહ્માદિક દેખન આયે, શંકર તાંડવ નાચ્યો.....વ્રજકે૦.....ટેક
શુક સનકાદિક દેખન આયે, મુનિવર નારદ દેખન આયે;
નંદકો લાલ ઝુલન હમ દેખ્યો, બડી લૂંટ હમ પાયે.....વ્રજકે૦.....૧
વ્રજ કી નાર અટા ચઢ દેખે, અપનો તન મન ઓવારે;
પરમાનંદ દાસ કો ઠાકોર, ચિત્ત ચોર્યો તનકો રે.....વ્રજકે૦.....૨

卐

## પદ-૫૬૫

ઝુલત હે ગિરધારી હિંડોલે, ઝુલત હે ગિરધારી;
અતિ આનંદ ભયે દોઉ ઝુલત, મોહન શ્યામ પ્યારી.....ટેક
ભુવન ભુવન સેં આઈ ઝુલાવન, સબ ગોકુલકી નારી;
સકલ શણગાર કિયે વ્રજવનિતા, પહેરે કુસંબી સાડી.....હિંડોળે૦.....૧
જમુના પુલીન મનોહર સુંદર, વૃન્દાવન સુખકારી;
દેખત શોભા સુરનર ભૂલે, કૃષ્ણદાસ બલિહારી.....હિંડોળે૦.....૨

卐

## પદ-૫૬૬ (રાગ-ગોડી)

ઝુલત હૈ વનમાલી હિંડોળે, ઝુલત હૈ વનમાલી હિંડોળે;
સુંદર શ્યામ ગોપીયન કે સંગ, નાગર રાધા પ્યારી.....હિંડોળે૦.....ટેક
જડિત કનકમય સ્તંભ મનોહર, દાંડી ચાર[1] સોહાય;
આસપાસ પીરોજા[2] માણેક, પુલકિત રંગ રહ્યો ભારી.....હિંડોળે૦.....૧
જોટા[3] દેત સકલ વ્રજવનિતા, દેત પરસ્પર તાલી;
બાજત બેન ઉપંગ મૃદંગ ધૂની, ગાવત સુંદર નારી.....હિંડોળે૦.....
દેખી લીલા દેવ ચકિત ભયે, પુષ્પ વૃષ્ટિ ભયી ભારી;
મદન મોહનકી આ છબી ઉપર, પરમાનંદ બલિહારી.....હિંડોળે૦.....૩

卐

૧. ધર્મ અર્થ કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થરૂપી ચાર દાંડી
૨. આસમાની રંગનાં મોતી-સાત્ત્વિક ગુણ સમૃદ્ધિનો રંગ આસમાની ગણાય છે.
૩. બબ્બેના જોડકાં

## પદ-૫૬૭
(રાગ-ગોડી)

ઝુલત ભામની હિંડોળે, ઝુલત ભામની હિંડોળે;
શ્યામા શ્યામા બરોબર બૈઠે, શરદ સોહાયે જામની[1].....ઝુલત૦.....ટેક

પંચ વર્ષકે શ્યામ મનોહર, સાત વર્ષ કે બાલા;
કમલનયન હરિ મૃગનયની, ચંચલ નયન બાલા.....ઝુલત૦.....૧

લટકાળી ને સરસ બનત હૈ, કોઈ ન જાણે સૂથ[2];
પરમાનંદ દાસ કો ઠાકોર, નંદરાય કે પુત્ર.....ઝુલત૦.....૨

卐

૧. રાત્રિ  ૨. સુખ, અંતરમાં થતું અનુપમ સુખને કોણ જાણી શકે ?

## પદ-૫૬૮
(રાગ-ગોડી)

બેઉ સરખે સરખી જોડ રે, રંગે ઝુલે હિંડોળે પ્રેમ શું રે;
ઝુલે રાધાજી પાતળી રે, શ્યામળિયા સાથ હીંડે રે.....બેઉ૦.....ટેક

સૌ સખીઓ ફિરે ફૂદડી રે, કરતી મોડામોડ રે;
હિંડોળો ગગનમેં ચઢયો રે, રખે પડતા શ્રીરણછોડ રે.....બેઉ૦.....૧

તમો નીરખો કૃષ્ણજી કોડામણા રે, એની ભ્રકુટિમાં[1] નથી કાંઈ ખોડ રે;
શરણ તુમ્હારે રાખો જોડ રે, નરસૈંયો કહે કર જોડ રે.....બેઉ૦.....૨

卐

૧. આંખમાં

## પદ-૫૬૯
(રાગ-મલાર)

ભકિત હિંડોળેના રે, માંહી ઝુલે આતમરામ;
પ્રેમ ભકિત હિંડોળના રે, સબ સંતનકો વિશ્રામ.....ભકત૦ ટેક

ચાંદા સુરજ[1] દોઉ સ્તંભ રૂપે, બંક નાલ[2] કી દોર;
ઝુલે રે, પાંચ પ્યારીયાં[3] રે, તહાં ઝુલત હૈ સિયામોર[4].....ભકત૦ ૧

દ્વાદશ ગમકે[5] અંતરે રે, જહાં અમૃત કો વાસ;[6]
જેણે એ અમૃત ચાખ્યાં રે, સો ઠાકોર હમ દાસ.....ભકત૦ ૨

સ્હેજ શુન્ય[7] કો નેહડો રે, ગગન મંડલ[8] સિયામોર;
દોઉ કુલ[9] હમ આગવી રે, હમ ઝુલે એહી હિંડોળે રે.....ભકત૦ ૩

અરઘ ઉરઘ કે[10] ગંગા જમુના, મોલ[11] કમલા ઘાટ;
ષટ્ ચકકી[12] ગાગરી રે, ત્રિવેણી સગંમ[13] ઘાટ.....ભકત૦ ૪

નાદ બુંદકી[14] નાવડી રે, રામ નામ ખેવનહાર;
કહે કબીર ગાઈ લો રે, ગુરુ ગમ ઉતરે પાર.....ભકત૦ ૫

卐

૧. ચંદ્રનાડી ને સૂર્યનાડી; ચંદ્રનાડી તે ઈડા ને સૂર્યનાડી તે પિંગલા
૨. મેરુદંડ તે પીઠ પાછળની કરોડરજ્જુ કે જયાં સુષુમ્ણા નાડી વિસ્તરેલી છે
૩. સુષુમ્ણા નાડીમાં પ્રાણ સંચાર કરે તે મહત્ત્વનું ગણાયું છે તેથી અહીં પાંચ પ્રાણની વાત કરી છે.
૪. શિરમોરનું અપભ્રંશ રૂપ- માથાની ટોચ પર સહસ્ત્રાર ચક્ર આવેલું છે જયાં શિવ સ્વરૂપ આત્મા ઝૂલે છે.
૫. ગણતરીપૂર્વક બાર બાર શ્વાસ લઈએ તેટલા સમયનું માપ
૬. સહસ્ત્રાર ચકની નીચે ભ્રમરગુફા આવેલી છે ત્યાં આત્મપ્રકાશનો મધુરસ ઝરે છે
૭. પ્રાણ સ્થિર બને એટલે મન સ્થિર થઈ જાય પછી એકાગ્રતાની પળમાં દેહનું ભાન રહે નહિ તે અવસ્થા સહેજ શૂન્યની ગણાય
૮. ગગન મંડળ એટલે કપાળ ઉપરનો પ્રદેશ જયાં સહસ્ત્રાર ચક્ર આવેલું છે અને ત્યાં આત્માનો અનુભવ થાય છે.
૯. ઈહલોક ને પરલોક પર
૧૦. શ્વાસોશ્વાસની ક્રિયાને ગંગાજમુના કહેવાય. તે નીચે-ઊંચે ક્રિયા થતી હોવાથી અરઘ-ઉરઘ કહેવાય.
૧૧. મૂલનું મોલ થયું-મૂલાધાર ચકની વાત કરી છે.
૧૨. છ ચક્ર રૂપી ગાગર-મૂલાધાર, સ્વાધિસ્થાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને આજ્ઞાચક્ર
૧૩. ઈડા પિંગલા ને સુષુમ્ણા નાડી આજ્ઞાચક્ર પાસે ભેગી થાય તે સ્થળને ત્રિવેણી સગંમ કહેવાય છે.
૧૪. મન સ્થિર થયા પછી કાનમાં નાદ સંભળાય છે; આ નાદમાં ચિત્તવૃત્તિ જોડી દેવામાં આવે તો સાક્ષાત્કાર થઈ જાય.

## પદ-૫૭૦

(રાગ-મલાર)

ભર્મ[1] હિંડોળેના ભર્મ હિંડોળેના, કહો કોન ઝુલન આયે;
આ રે હિંડોળે જે કોઈ ઝુલે, સતગુરુ કહ્યો સમજાય.....ટેક

પાપ પુન્ય દોઉ સ્તંભ રૂપે, મનસા[2] રચ્યો હૈ હિંડોળો;
ઝુલત જીવ જહાન[3] ઈતસ્તતઃ[4] કબહુ ન પાયો ઠોર.....૧

લક્ષ ચોર્યાસી જીવ ઝુલે, રવિ શશિ ભયે બિગાર;[5]
અનંત કોટિ જુગ ઝુલ્યા રે, અજહુ ન માને હાર.....૨

ગુણી ગંધર્વ મુનિ ઝુલ્યા રે, શેષ નાગ સુમેરુ;
બ્રહ્મા વિષ્ણુ મહેશ ઝુલે, કાર્ય[6] જ લઈ જઈ ફેર.....૩

ધરણી આકાશ દોઉ ઝુલ્યા રે, પવન પાવક અરૂ નીર;
દેહ ધરી હરિ ઝુલ્યા રે, યોં કહે દાસ કબીર.....૪

卐

૧. ભ્રમ રૂપી હિંડોળો; અજ્ઞાનની અવસ્થા ૨. મનથી; ભ્રમનો ઉત્પાદક મન છે ૩. દુનિયા ૪. અહીંતહીં ૫. રવિસુત ધ્યાનવિચાર એવો પાઠ જોઈએ. રવિસુત એટલે યમરાજા ૬. કારજ પાઠ જોઈએ કારજ એટલે કર્મ; નવાં નવાં કર્મ બાંધી જીવ લક્ષચોરાસી ફેરા ફરે છે.

## પદ-૫૭૧

(રાગ-મલાર)

ચર્મ[1] હિંડોળેના રે ચર્મ હિંડોળેના, વો મેં ઝુલે સબ સંસાર;
શ્યામ મર્મ હિંડોળેના રે યા મેં ઝુલે વિરલા કોઈ.....ટેક

વિવેક વિચાર દોઉ ખંભ રચ્યા, રહેણી ચોકી જડાવ;
ચાર મુકિત ચાર દાંડી,[2] ઝુલાવે નિજ ભાવ.....૧

સહજ શોભા બની સુંદર, સુરત સખી[3] લિયે સાથ;
તૂરત નાચે તાથૈ તાથૈ, તાલી લૈ બહુ ભાત.....૨

આદિ લીલા અકલ અવિગત,[૪] નીગમ અગમ કરી ગાય;
અકથ કથા સૌ કૈસે કથીએ, બૂધમેં સૂધ[૫] ન સમાય.....૩
જાણી જુગત એ ભેદી, બોલે નવલ તા બોલ;
વસ્તા વિશ્વંભર[૬] પુરૂષ કેરો, તે તેં કીધો તોલ.....૪

卐

૧. ચામડી- તે દ્વારા શરીર સજાજવું. નાશવંત પદાર્થના મોહમાં સંસાર રમે છે.
૨. સાયુજય, સારૂપ્ય વ. ચાર પ્રકારની મુકિત રૂપી ચાર દાંડી ૩. ચિત્તની વૃત્તિઓ
૪. જેની વિગત કોઈ જાણી શકતું નથી તેવી લીલા ૫. બુદ્ધિમાં અપાર ને અનંત જ્ઞાન ન સમાયં. ૬. વસ્તા એટલે વસ્તુ- પદાર્થોથી ભરપૂર વિશ્વનો કર્તા

## પદ-૫૭૨

### (રાગ-મલાર)

સંત હિંડોળેના સંત હિંડોળે ના રે, મૉય બૈઠે પરિબ્રહ્મ[૧] આપ;
શેષ[૨] રૂપ સદેહી સદોદિત,[૩] તેને નહિ ત્રિવિધ તાપ.....સંત૦ ટેક
શિલ સંતોષ દોઉ સ્તાંભ રચ્યા, શુભ ઈચ્છા એ મોભ;
ચાર વાણી[૪] એ ચાર દાંડી, ચોકી ધીરજ થોભ.....સંત૦ ૧
ભેદ બિછાન ભકિત તકીઆ, પ્રેમકો મંડપ છાંયો;
લેખ અલેખ[૫] એકતા બિરાજે, મહા મુકિત હીંચકા ખાયે.....સંત૦ ૨
આનંદ ફૂલડે સો હી ભર્યા, ઘર કર[૬] હૈ મહારાજ;
જન્મ મૃત્યુ રહિત જુગતી, નિર્ગુણ સમકૃષ્ટિ[૭] ચલાવે.....સંત૦ ૩
હું તું દોઉ સ્તાંભ મોટા, અહમ્ મોભ નિધાન;
કામ ક્રોધ લોભ મોહ દાંડી, ચોકી દેહ અભિમાન......સંત૦ ૪
વિષય વાસના દોર તાણે, વળી આવે વળી જાયે;
નવે નવેરાં સ્થલ પલટે, સ્વપ્નના હીંચકા ખાય.....સંત૦ ૫
સ્વર્ગ નરક એ ફેર આવે, તેણે પાપી ધર્મી ઓળખાય;
સ્થિર નહિ અસ્થિર સબહી, સુખ દુઃખ આચકા ખાય.....સંત૦ ૬
હર્ષ શોક કે તાન ગાવે, બાંધે આશા તૃષ્ણા કે રાગ;
દ્વેષ[૮] તાલ બજત નિશદિન, સ્વપ્ને નહિ વૈરાગ્ય.....સંત૦ ૭

જન્મ મૃત્યુ જરા વ્યાધિ, એવાં આવે અનેક;
સુખ સર્વસ્વ જેટલું નહિ, યા મેં કહૉ પાવે વિવેક.....સંત૦ ૮
માત પિતા સુત દારા એ તો, મોહે મારો કહેત;
એક દિન કાલ ચપટમેં આયે, પલક ન ઉભો રહેત.....સંત૦ ૯
જૂઠી માયા જૂઠી કાયા, જૂઠો પ્રપંચ જાણ;
એ ઝુલણે જે કોઈ ઝુલ્યા, તેને ત્રિગુણી તાણાતાણ.....સંત૦ ૧૦
ગુરુગમ કેરો લઈ લઈ કુહાડો, હું તું ખંભ દોઉ તોડ;
ભાંગ્યો મોભ ને ગયું સબહી, ઈસવિધ સબ છોડ.....સંત૦ ૧૧
અગમ સુગમ[૯] રહે સ્વરૂપે; નીગમ[૧૦] થયાં રે અગમ;
વસ્તા વિશ્વંભર વહૉ બિરાજે, નેહિ દ્વૈતકી[૧૧] ગમ.....સંત૦ ૧૨

卐

૧. પરમાત્મા ૨. પરમાત્મા સર્વવ્યાપક છે. તેના એક જ અંશથી આ વ્યકત જગત આકાર પામ્યું છે ૩. નિત્ય પ્રકાશિત ૪. પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ ચાર પ્રકારની વાણી ૫. લક્ષ-અલક્ષ જે ધ્યાનમાં આવે તે લક્ષ અને જે અગોચર તે અલક્ષ ૬. અંતરમાં સ્થિતિ કરવી ૭. સંચાલન ૮. દ્વેષ-અદેખાઈ ૯. સરળ ૧૦. શાસ્ત્રો ૧૧. 'દ્વૈતકી' પાઠ જોઈએ; જયાં દ્વૈત ન રહે ત્યાં અદ્વૈત

## પદ-૫૭૩
### (રાગ-સામેરી)

હનિહાંરે સુભગ સાવન આયો, દશરથ દ્વારે હિંડોળો સોહાયો;
હનિહાંરે પ્રથમ દિવસ ત્રીજ અજવાળી, રચ્યો હિંડોળો પરમ સુખકારી.....ટેક
પરમ સુંદર સરસ શોભા, શેષ સહસ્ત્ર ન શકે કહી;
યુગલ ખંભ[૧] અનુપ સુંદર, દાંડી ચાર[૨] ઝગમગ રહી.....હનિહાંરે૦ ૧
મખબલ કે તકિયા બિરાજે, બિછુના બહુવિધ બને;
લાલ દોરી ગ્રહી ઝુલાવત, ચિત્ર કે ચંદ્રવા તને.....હનિહાંરે૦ ૨
કનક પુષ્પ અનેક રચના, હિંડોળો હરિ મન ભાવહી;
કહેત કૃષ્ણદાસ અવસર, શુભ સાવન આવહી.....હનિહાંરે૦ ૩

卐

૧. શિવ-શકિતનું જોડું તે યુગલ; આનંદરૂપી હિંડોળાનો મૂળ સ્તાંભ તે શિવ-શકિત ૨. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થ રૂપી ચાર દાંડી

## પદ-૫૭૪

હનિહાંરે સાવન સુદ ત્રીજ અજવાળી,
બૈઠે હિંડોળે શ્યામ સંગ પ્યારી;
હનિહાંરે હિંડોળો નંદભુવન અતિ સોહે,
નીરખી સુરિનર મુનિમન મોહે.....હનિહારે૦ ટેક

સુરિનર મુનિ કો મન મોહે, ગોપી ગુણ ગાવે સહી;
વાજીંત્ર નાનાભાત બાજે, ઝુલાલે સન્મુખ રહી.....હનિહાંરે૦ ૧

ચંગ ઉપંગ મૃદંગ તાલ, ઝાલર ઝીની ઝીની બાજહી;
મંડલ રણકાર સોહે, સપ્તશુર અતિ રાજહી.....હનિહાંરે૦ ૨

તાન બંધન સોહે, મોહિત ગોકુલ નાથ હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, ઝુલાવે સબ સાથ હી.....હનિહાંરે૦ ૩

卐

## પદ-૫૭૫

(રાગ-સામેરી)

હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાયે,
ઝુલે મુદિત[1] લતા દ્રુમ[2] છાંય હી;
હનિહાંરે પવન સુગંધ ઘટા ઘન ગાજે,
થોડી થોડી બુંદ ઉડત અતિ રાજે.....હનિહાંરે૦ ટેક

બુંદ ઉડત મધુરી મુર્હૂત, કોકિલા કુહૂ કુહૂ કરે;
હંસ મોર ચકોર ચાતક, પપીહા પિયુ પિયુ કરે.....હનિહાંરે૦ ૧

સકલ વન શોહામણો,[3] પંખી શબ્દ બહુ ભાત હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, રાધામોહન ઝુલ હી.....હનિહાંરે૦ ૨

卐

૧. આનંદ ૨. ઝાડ ૩. શિવ-શકિત તે રાધામોહન-તેના અવતરણથી જડ-ચેતનમાં વ્યાપક આનંદ ઉદ્‌ભવ્યો. તે કારણે આખું વન સુંદર ને પંખીઓનો કલરવ પણ સુંદર લાગે તે સ્વાભિવિક છે.

## પદ-૫૭૬

(રાગ-સામેરી)

હનિહાંરે કુંજભુવન રચ્યો હિંડોળો,
સંગે શ્રી રાધાજી સોહે જોડ;
હનિહાંરે પંચમણિકો[1] સ્તંભ બનાયો,
દાંડી ચાર કંચન શું લાયો.....હનિહાંરે૦.....ટેક
શોહાયો રત્ન હિંડોળો સુંદર, મર્કટમણિ સાટક[2] બહુ;
ચહુ ઔર મુકતાલાલ[3] લટકે, ભાત કહો જુગતે કહું.....હનિહાંરે૦.....૧
પવન મંદ સુગંધ શીતલ, ડમરો મરુવો જાઈ હી;
કેતકી ચંપક મોગરો, મચકંત[4] સુગંધ લાવ હી.....હનિહાંરે૦.....૨
સેવંત્રી અતિસાર બ્હેકે, લતા નાના ભાત હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, ઝુલાવે વ્રજ સાથ હી.....હનિહાંરે૦.....૩

卐

૧. પાંચ પ્રકારના અમૂલ્ય મણિનો સ્તંભ   ૨. ચળકે   ૩. મોતીઓ
૪. પવનની લટકાળી લહેરખી

## પદ-૫૭૭

(રાગ-સામેરી)

હનિહાંરે ગોપી ઝુલાવન આયી,
તીનમેં શ્રી રાધાજી પરમ સોહાય.....ટેક
સોહાય રાધા પરમ સુંદર, પ્રાણપતિ મન ભાવહી;
હિંડોળે ઝુલે નવરંગ તહાં, કોટિ કામ લજાવહી.....૧
કનક કે દોઉ સ્તંભ રાજીત, દાંડી ચાર હીરે જડી;
પટુલી પીરોજા[1] પંચ મોતી, વિશ્વકર્માએ રચી.....૨
પવન મંદ સુગંધ શીતલ, વહેત જમુના પૂર હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, રાધામોહન ઝુલહી.....૩

卐

૧. મનમોહક મણિનું નામ

## પદ-૫૭૮

(રાગ-સામેરી)

હનિહાંરે રઘુવર જનક કુમારી, ઝુલત દોઉ મિલી સુખકારી;
હનિહાંરે કૌતુક દેખ સુરમુનિ ધાયે, સબ તજી ભુવન ભુવન તેં આયે.....ટેક

ભુવન ભુવન સેં આયે સુરિનર, સરસ શોભા મન વસી;
જાનકી જીવન જગત પતિ કો દેન જોટાં હસી હસી.....૧

લલિત લીલા કરે અદ્ભુત, લાડલી લાડલી નવરંગ પ્રિયા;
સકલ પુરજન પ્રેમપુલકિત,[1] નીરખી અતિ હર્ષિત ભયા.....૨

ચિરમ્ જીવો એહ જોડી જુગ જુગ, વંદીત હૈ નરનાર;
કૃષ્ણદાસ વિલાસ વિલસે, રઘુજી જનક કુંવરી.....૩

卐

૧. પ્રેમ વડે આનંદિત થયેલા

## પદ-૫૭૯

(રાગ-સામેરી)

હેમ હિંડોળેના હેમ હિંડોળેના, હરિ હેત હીરા મણિ ખચે;
દશરથ દ્વારે રંગ અપાર, વિશ્વકર્મા એ રચ્યો.....ટેક
રચના રચનકી શુભ, શોહે પરમ સોહાય;
બીચ બીચ ઝગમગે, નંગ જયોત માંહી મર્કટમણિ[1].....૧
મર્કટમણિ માંહી લસત મરૂવા,[2] જુગલ સ્તંભ શોભા ઘણી;
દાંડી ચાર વિચિત્ર બાનીક,[3] મનોહર મન ભાવની.....૨
ચોકી સો અતિ ચિત્ર ચારૂ,[4] કોઈએ ચિત્રિત કામ કો;
ત્રિલોક સુંદર સુખદ સેવા, હિંડોળો સીતારામ કો.....૩
લાલ દોરી લસત[5] પટુલી,[6] શોભા નહિ સમતુલના;
કૃષ્ણદાસ પ્રભુ હેત સુરિનર, રચ્યો હેમ હિંડોળેના.....૪

卐

૧. મણિનું એક નામ ૨. શોભાના છોડ ૩. બાંધણી-સજાવટ
૪. સુંદર ૫. શોભાના ૬. મનનું રંજન કરતી

## પદ-૫૮૦

(રાગ-સામેરી)

સજલ[1] ઘનઘોર હી સજલ ઘનઘોર હી, હો શ્યામ ઘટા સોહામણી;
રૂમ ઝુમ વરસ હી જર લાયે, ચમકે દામિની[2].....સજલ૦ ટેક
ચાતક મોર મધુપ ચકોર, કોકિલા બોલે;
દાદૂદ શોર પવન ઝકોળ હંસ કિલ્લોલ હી.....સજલ૦ ૧
કરત હંસ કિલ્લોલ નિશદિન, રટત સારસ રસ ભરે;
સઘન કુંજ સરોજ પ્રફુલ્લિત, તરૂણી શું તરવરે રે.....સજલ૦ ૨
તરૂણી તનયા નીર પરસત,[3] લતા અતિ મન ભાવની;
ઋષિકેશ પ્રભુ ઘોર ઘનહરિ, શ્યામ ઘટા સોહામણી.....સજલ૦ ૩

卐

૧. પાણીવાળી ૨. વીજળી ૩. સ્પર્શ કરતી એટલે કે પલળતી

## પદ-૫૮૧

(રાગ-સામેરી)

કમલ નયન કી રસકેલ[1] વ્રજ ઝગમગ રહી;
ઠોર હી ઠોર વિપુન વિનોદ, દયા તેં સુખ ભાયી.....૧
આ સુખ કારણે રેહણી, સુનિ મન તલશાહી;
શેષ મહેશ નિશદિન ધ્યાન, સ્વપ્ને ન દર્શાહી.....૨
સ્વપ્ને ન શેષ મહેશ દર્શે, સદા સુરપતિ શોચહી;
અરુન વરુન કુબેર અજ, લલચાયે અતિ મન મોચહી.....૩
ગોપી ગ્વાલનકો સુકૃત ફલ, જાત નાહિં કાહું પે કહી;
ઋષિકેશ પ્રભુ કમલ નયનકી, રસકેલ વ્રજ ઝગમગ રહી.....૪

卐

૧. લીલા

## પદ-૫૮૨ (રાગ-સામેરી)

ઝૂલત જોરી[1] ઝૂલત જોરી નવલ કિશોર, રઘુવર જાનકી;
શોભા અતિ ઘણી રસરૂપ છબી નહિ અન્યકી.....ટેક
ગાવત ગુણ ઘણે નવનાર, ઝમકની તાનકી;
તાન તરંગ રંગ અપાર, ગતિ અતિ માનકી.....૧

ગાન કરે વર કંઠ વનિતા, કોકિલા સ્વર રાજહી;
જંગઝાલર ઝાંઝ ઝમકે, બાજાં બહુવિધ બાજહી.....૨
નીરખી ચતુરા ચંદ્રવદની, ડારત[2] હૈ તન તોડ હી;
કૃષ્ણદાસ પ્રભુ અવધપુરીમેં, હિંડોલે ઝુલે જોડ હી.....૩

卐

૧. જોડી ૨. બિવડાવવું અથવા તો અટકાવવું

## પદ-૫૮૩ (રાગ-સામેરી)

રઘુકુલ વંશી વનિતા વૃન્દ મિલકે આયી;
ભામની ભાવશું ભરપૂર, પિયુ મન ભાયી.....ટેક
કંચન થાલ પરમ વિશાલ, મણિ મુકતા ભરી;
સીતારામ કી રસ રીત, પ્રેમ પૂજા કરી.....૧
કરી પૂજા કામની સબ, ઝુલાવત હરિ રસ ભરે,
તાન બંધન સરસ સુરશું,[1] પરમ કુતૂહલ કરે.....૨
અવધપુરી આયે પ્રગટિત, સકલ સુરિ અંશી;
કૃષ્ણદાસ પ્રભુ ધન્ય એ સુખ, ઝૂલ રઘુકુલ વંશી.....૩

卐

૧. દેવોને પણ

## પદ-૫૮૪ (રાગ-સામેરી)

રંગ હિડોળેના રંગ રે, રંગભૂવન નૃપ નંદરાય કે;
વિશ્વકર્માએ રચ્યો હરિ હેત, વિવિધ બનાય કે.....ટેક
અનુપમ કનક કે દોઉ સ્તંભ પરમ સોહાવને
મરુવા[1] ઝગમગે નંગ જડિત અતિ મન ભાવહી.....૧
ભાવને નંગ જડિત મરુવા, કુંજ કુંજ તહાઁ મણિ ખચે,
દાંડી[2] રસાલ વિશાલ અદ્ભુત, જુમખા પચરંગ રચે.....૨
પટુલી પરમ ધન સારકી, દોરી નર્મ નિર્મૂલના;[3]
ઋષિકેશ પ્રભુ નંદ નૃપકે, રંગ ભુવન હિંડોળેના.....૩

卐

૧. છોડ ૨. હિંડોળાની ચાર ખૂણે ઊભી કરેલી દાંડી
૩. જેનું મૂલ ન કરી શકાય એલી અમૂલખ

## પદ-૫૮૫
### (રાગ-સામેરી)

ઝુલત શ્યામ ઝુલત શ્યામ મન અભિરામ, મદન ગોપાલ;
રસ ઝુલાવહી કુંજ કુંજ મિલી વ્રજ બાલા.....ટેક
મધુર ધૂની બાજહી, મુખ ચંગ તાલ મૃદંગહી;
સબ મિલી ગાવહી, રસરંગ સરસ સુગંધ હી.....૧
રસ રંગ સરસ સુગંધ ગાવે, પ્રેમ મગ્ન રસ ભરી;
કોકિલા સુર મધુરી બાની, અંગોઅંગ છબી રચી રહી.....૨
નીલ[૧] પીત દોઉ કુલ રાજીત, દામિની ઘન શાલા;
ઋષિકેશ પ્રભુ દસ ઝુલે, શ્યામ મદન ગોપાલ.....૩

卐

૧. લીલો-પીળો

## પદ-૫૮૬
### (રાગ-મલાર છપ્પે)

સોરંગ હિંડોળેના માંહી ઝુલે શ્રી મદનગોપાલ.....ટેક
કંચન સ્તાંભ જડાવ જડે તહાઁ, લગે રત્ન પરવાળ;
હીરાપના મરુવા મનોહર, કલશ રાજિત ચાર;
પટ દેત અંગુલી હેમ ચિત્રવત્, કિયે કનક શું ઠાર;
ઝૂલત રાધે રવન દોઉ, વાધ્યો રંગ અપાર.....સોરંગ૦.....૧
સાવન સુદ તીજ આયી, ઘરે સખી શણગાર;
ઉલટ કે નવાઈ ભામની, કેસર તિલક સમાર;
લલિતાદિક સખી બીડા પવાવે, દેત બાર હી બાર;
સુખ સિંધુ શોભા જાત ન વરણી, રહી હૈ શ્યામ નિહાળ.....સોરંગ૦.....૨
હરપુર અમર નાગ નરપુર, કૌતુક મિલી બહુ નાર;
તહાં જૈ જૈ શબ્દ ચહુ ઔર બોલે, કુસુમ સજી રહી ડાર;
ગુન રૂપ સહજ સમાન દોઉ, નવલ અતિ સુકુમાર;
પાવસ[૧] ઋતુ ઘનઘોર વર્ષત, જામ્યો રાગ મલાર.....સોરંગ.....૩

શિવ વિરંચિ ઈન્દ્રાદિક ઠાડે, કરત ધ્યાન વિચાર,
ધ્યાન કરુણામય કી શોભા, કોઈ ન પાવત પાર;
ભજનાનંદ આનંદ કારણ, ધર્યો વ્રજ અવતાર;
ચિરમ્ જીવો ગોપાલ દંપતિ, કરો નિત્ય વિહાર.....સોરંગ૦.....૪

卐

૧. વર્ષાઋતુ

## પદ-૫૮૭

(રાગ-મલાર છપ્પે)

સરસ હિંડોળોના માંહી ઝુલત કૌશલ્યા રાય.....ટેક
અવધ મધ્ય હિંડોળેના જહાઁ રહ્યો કલ્દ્રુમ[1] છાંય;
કનક આંગન કનક મંદિર, કનક કલશ સોહાય;
રચી રે રચના વિવિધ વિધના, નાના વાજીંત્ર વધાય;
દેખી રતિપતિ[2] ભયો લજ્જિત, રહ્યો શિશ નમાય.....સરસ૦.....૧
રત્નજડિત દોઉ સ્થંભ સુંદર, પ્રીત હાટક[3] હીર;
જહાઁ લાલ દોરી ગ્રહી ઝુલાવે, બહેત સુગંધ સમીર;
જાનકી તન સજી આભૂષણ, પહેરે નૌતમ ચીર;
મુગટમણિ નંદલાલ મુકતા, ઝલકે શ્યામ શરીર.....સરસ૦.....૨
કોઈ સખી લિયે ચમર વીંઝણો, કોઈ પુષ્પ અરૂ પાન;
કોઈ રાગ મલાર ગાયે, લઈ લઈ ઊંચી તાન;
કોઈ સખી તન તોડ ડાલે, વાર હી તન પ્રાન;
પ્રેમ પુલકિત રીઝી દંપતિ, દેત ચિતવ નીદાન.....સરસ૦.....૩
પ્રેમ ધ્યાન સુજ્ઞાન લીલા, ગાવહી નરનાર;
ભકત વાંછિત વાસ હરપુર, પાવહી ફલચાર;[4]
દક્ષિણે દશરથ સુત બિરાજે, વામે જનક કુમારી;
પ્રેમાનંદ જુગલ છબી પર, તન મન ધન બલિહારી.....સરસ૦.....૪

卐

૧. 'કલ્પદ્રુમ' પાઠ જોઈએ; કલ્પવૃક્ષ ઈચ્છા મુજબ ફળ આપનારું હોય છે
૨. કામદેવ ૩. સોનેરી ૪. ચાર પ્રકારનાં ફળ

## પદ-૫૮૮
### (રાગ-મલાર છપ્પે)

જગત હિંડોળેના માંહી ઝુલે હૈ સબ કોઈ.....ટેક
પાપ પુન્ય સ્થંભ દોઉ, મેર માયા જાન;
મોહ મરુવા લોભ ભ્રમર, કામકેલિ શું ઠામ;
શુભ અશુભ વિચિત્ર દાંડી, ગ્રહી હૈ દોઉ પ્રાન;
કર્મ પટુલી[1] બૈઠકે, કહો કોન ઝુલે આયી.....જગત૦.....૧
ઝુલે વિરંચિ મહેશ ઝુલત, ઝુલે સુરજ ઈન્દ્ર;
ગંધર્વ કિન્નર યક્ષ ઝુલે, ઝુલે સુરિનર ચંદ્ર;
ઝુલે નારદ શારદા રે, ઝુલે ઝુલે શેષ સુનંદ;
દશવાર[2] આપ સગુણ હોય, ઝુલે હૈ ગોવિંદ.....જગત૦.....૨
ક્ષણેક ઊંચે ક્ષણેક નીચે, સ્વર્ગ ભૂતલ જાય;
એહ ભ્રમ હિંડોળેના, ક્ષણેક નાહિં ઠરાય;
ઝુલત ઝુલત કલ્પ વીતે, તો યે ન છોડે આશ;
સુરદાસ ગોપાલ કૌતુક ચતુર્જુગ[3] ચોમાસ.....જગત૦.....૩

卐

૧. મનને ગમતી ૨. વિષ્ણુ ભગવાનના દશ અવતાર થયેલા તેની વાત ૩. ચોર્યાસી લાખના ફેરા

## પદ-૫૮૯
### (રાગ-મલાર છપ્પે)

સોરંગ[1] હિંડોળેના રે માંહી ઝુલત ગોકુલ ચંદ.....ટેક
દોઉ સ્થંભ કંચનકે મનોહર, રત્ન જડિત સોરંગ;
તહાં ચાર દાંડી સરલ સુંદર, નિરખી લજ્જિત અંનત;
પટુલી પીરોજા[2] લાલ લટકે, જુમખા બહુ રંગ;
મરૂવા માણેક ચુની લાગી, બીચ બીચ હીરા સોરંગ.....સોરંગ૦......૧
કલ્પદ્રુમ[3] તરુ છાંય શીતલ, ત્રિવિધ મંદ સમીર;
તહાં લતા લટકે ભાર કુસુમની, પદસત જમુના તીર;
હંસ મોર ચકોર ચાતક, કોકિલા અલિકિર્ર;[4]
નવ નેહ નવલ કિશોર રાધે, નવલ શ્રી ગિરધર ધીર.....સોરંગ૦.....૨

લલિતા વિશાખા દેત જોટા, રીઝી અંગ ન સમાય;
તહાં લાડલી સુકુમાર દર્પત,[૫] શ્યામ ઉર લપટાય;
ગોરે શ્યામ અંગ મિલે દોઉ, ભયે એક જ ભાત;
નીલ પીત દોઉ કુલ રાંજિત, દામિની દુરી દુરી જાત.....સોરંગ૦.....૩
નવકુંજ કુંજ ઝુલાય ઝુલાવત સંચરિ ચહુ ઔર;
માનુ કુમુદિની કમલ ફૂલે, નીરખી જુગલકિશોર;
વ્રજવધૂ તન તોડ ડાલે, દેત પ્રાન અંકોર;
કૃષ્ણદાસ કો વ્રજવાસ દીજે, નાગર નંદકિશોર.....સોરંગ૦.....૪

卐

૧. સુંદર ૨. મનમોહકમણિ ૩. મનોકામના પૂર્ણ કરનાર ઝાડ
૪. 'અલિકીર' પાઠ જોઈએ; એટલે અલિ ભમરો ને કીર એટલે પોપટ ૫. ?

## પદ-૫૯૦

(રાગ-મલાર છપ્પે)

સરસ હિંડોળેના માંહી ઝુલે શ્રી ભિખુભાન કે ધામ.....ટેક
દોઉ સ્થંભ કંચન કલિત નંગ ઝગમગે દાંડી ચાર;
પટુલી[૧] વિચિત્ર રચી માનુ, કનક કલશ મહિયર;
મરુવે[૨] મનોહર મોર લટકે, રટત પિક[૩] શુક સાર;
ઝુલે કુંવરી ભિખુભાન કી, શ્રી રાધે રાજકુમાર.....સરસ૦.....૧

ચહુ ઔર નવલકિશોર સજની, સુઘડ સબ વ્રજબાલા;
શણગાર ષટ્[૪] દશ વર્ષ ષટ્ દશ, ગાન તાન રસાલ,
બેના મૃગંદ મલાર ધૂની સુની, નવલ કુંવર નંદલાલ,
નવલ સખી વેશ બનાયા કે, આયે હૈ મદન ગોપાલ.....સરસ૦.....૨

નવવધૂ સખી નીરખી અદ્ભુત, નિકટબોલી વેણ;
કોઈ ગોપકી કમનીય કુંવરી, રમણીય રૂપ નિધાન;
કો વાસ કો પુર કો નગરની, હારી કહો કો ધામ;
અબલાને હો હમ દેખે વિશેખી,[૫] કહો કૃપા કરી નામ.....સરસ૦.....૩

મંદ મંદ મુસકાયી ચંદ્રમુખી, નવમુખી, નવ વધૂ બોલી વેણ;
નંદ ગામ સુઠામ તહાઁ ઠામ, વસતી હું સુખચેન;
સુની ભકત મન અભિલાષ ઉપન્યો, ઝુલીયે તુમ એન;
પ્રેમ પ્રીત પ્રતીત દોઉ જન, પોઢીએ એક શયન.....સરસ૦.....૪

સુનત હી લલિતા વિશાખા, કહેત સબને સમજાય;
નિજ વામ નહિ શ્યામ સુંદિર, હૈ કુંવર નંદરાય;
તેરે દર્શન હેત પરશ કારન, સખી વેષ બનાય;
સન્માન કર લે પ્રાન પ્યારી, તેરે પિયુકો સંગ ઝુલાય.....સરસ૦.....૫

સુની વચન રુચિરેચ કે નવ, નવવધૂ લઈ બુલાય;
મિલી ભેટ હાસ હિંડોળે ઝુલે, ખરે દેત મચાય;
વ્રજ વધુ ઔર સુરવધૂ મિલી, રીઝી લેત બડાઈ;
સુખ દેત નંદાનંદન રસિક, રસ હેત લેત લગાઈ.....સરસ૦.....૬

卐

૧. રમ્ય ૨. છોડ ૩. કોકિલ ૪. સોળ
૫. ખાસ અથવા અસાધારણ રીતે

## પદ-૫૯૧
(રાગ-મલાર છપ્પે)

બિમલ હિંડોળેના માંહિ ઝુલે સીતારામ.....બિમલ૦.....ટેક
પુર અવધ નિકટ હિંડોળે, હરબિધિ રચ્યો રવન બનાઈ;
ચહુ ઔર કાટિક લાધ્યો, નવ ચુની માણેક લાઈ;
મણિ નીલ સ્ફટિક પીનોજ[1] વિદ્રુમ, હરિ વિવિધ બહુ ભાઈ;
નરનાગ સુરપુર તેં અધિક છબી, વર્ણન કહે કવિ કોઈ.....બિમલ૦.....૧

રચી સ્તાંભ કનકકે રચ્યો, વિશ્વકર્મા રુચિ બનાયો;
શ્રી સ્તાંભચોકી ખચિત મણિગણ, બહુત દાંડિ ચાર સોહાય;
ગજ મુકત દામ અનેક ઝુમક નંગ, વિવિધ બહુરંગ ચઢી;
ઝુલે રઘુવર જાનકી, સહચરી કો લઈ સંગ.....બિમલ૦.....૨

વાપી તડાગ ગુરુકુંડ[2] નિર્મલ, સુભગ સુંદર ઠોર;
જહાં પારિજાતક ફુલાદિ બહુતરુ, કલ્પ પાદ પયોધ;[3]
બર હંસ અલિ રુડ શુક પીક મત, બોલત ચાતક મોર;
પાવસ રુતુ ઘનઘોર સુર મિલી, ક્રિર્ય દાદુર શોર.....બિમલ૦ ૩
કાકુત્સ્થવંશ[4] વિશુદ્ધ નૃપ, દશરથ પરમ ઉદાર;
તાકે પ્રગટ ભયે ભકત હીત, શ્રી રામવર અવતાર;
ચિરમ્ જીવો જુગલકિશોર જુગ જુગ, કરો નિત્ય વિહાર;
પદ દેત ક્ષેમ આશિષ કવિ સબ, સંતજન કી લાર.....બિમલ૦ ૪

卐

૧. પરવાળું અથવા કૂંપળ ૨. કુંડનું નામ ૩. વાદળ ૪. કાકુત્સ્થ વંશ એટલે રામનો વંશ

## પદ-૫૯૨

(રાગ-મલાર છપ્પે)

ઝુલન કે દિન આયે હિંડોળે, ઝુલન કે દિન આયે હિંડોળે;
ગર્જત ગગન દામિની દમકત,[1] રાગ મલાર જમાયે.....ટેક
કનક સ્થંભ સો ઢાર બને હૈ, બીચ બીચ હીરા જડાય;
દાંડી ચાર સુદિશ શોહાય, રચ્યો કીક હેમ જડાય.....૧
નાનાવિધ કે કુસુમ મનોહર, મોતિઓ નો ઝુમ લાયે;
મધુર મધુર ધૂની બેન બજાવે, દાદૂર મોર ગાયે.....૨
રૂમક ઝુમક બની પ્યારી પ્યારી, કિંકરી શબ્દ મિલાપ;
ચતુર્ભુજ ગિરધર ચરણ સંગ, માનુની મંગલ ગાયે.....૩

卐

૧. વીજળી ચમકે

## પદ-૫૯૩

(રાગ-કાનુડો)

ભકિત હિંડોળે સંત ઝુલે;
સતગુરુ શબ્દકા દેત જોટા, કહત સુનત હદયમેં ફૂલે.....ટેક
જ્ઞાન વૈરાગ દેઉ સ્થંભ મનોહર, રામનામકી દોરી લગાઈ;
શીલ સંતોષ વિચાર વિવેક હી, દાંડી ચાર અમોલ શોહાય.....૧

ધીર ગંભીરકી પટુલી બિરાજે, પ્રેમપ્રીતકી ચુની જુરી હૈં;
આતમ અનુભવી જ્ઞાન પ્રકાશ, હીરા માણેક શોભા બની હૈ.....૨
સંત સંગત મિલી જે કોઈ ઝુલે, કામ ક્રોધ મદ લોભ નસાવે;
કહેત કબીર સોહી જન નિર્મલ, અંતકાલ પરમપદ પાવે.....૩

卐

## પદ-૫૯૪
(રાગ-કાનુડો)

ભકિત હિંડોળો પરમ સુખકારી;
વેદ પુરાણ શાસ્ત્ર શોધ કે, સબ સંતન મિલી કિયો હૈ વિચાર.....ટેક
વિચાર વિવેક દોઉ સ્થંભ મનોહર, દોરી પ્રેમ પ્રીત શું લાયી;
સમ દમ ઔર સંતોષ હી ક્ષમા, દાંડી ચાર પરમ સોહાયી.....૧
આ હિંડોળે સનકાદિક ઝુલે, શંકર ઝુલે અતિ અનુરાગે
શુક મુનિ વ્યાસ પ્રહ્લાદ ધ્રુવસે, નારદ ઝુલે પરમ બડભાગે.....૨
અનંતકોટિ સંત પ્રેમ શું ઝુલે, ઝુલત આનંદ ઉર ન સમાયે;
કહેત કબીર આ હિંડોળે ઝુલત, જન્મ મરણ ભવદુઃખ મિટાયો.....૩

卐

## પદ-૫૯૫
(રાગ-કાનુડો)

ઝુલન હિંડોળે ઝુલત રઘુરાય;
સંગ રમ્યા શોભિત સિયા સુંદરી, દામિની ઘન જયોં દેત દેખાયી.....ટેક
ઝુલન કે દોઉ સ્થંભ સુભગ અતિ, ઝુલન દાંડી વિચિત્ર બનાઈ;
ઝુલન લાલ સુરંગ હિંડોળે, બહુ સુરાધા લાલ મન ભાયી.....૧
ઝુલન કી સારી શિયાતન રાજિત, ઝુલન હાર શું ચારુ શોહાય;
ઝુલન કે પાઘ શિર રઘુવર કે; ફુલન કે ચીર દિયે છંટકાય.....૨
પીલે ફૂલે પીતામ્બર પહેર્યો, પ્યારે ચંદન અંગ લગાઈ;
ઝુલે અગ્રદાશ દે જોટા, પુરવાસી રીઝી અનુપમ ગાઈ.....૩

卐

## પદ-૫૯૬
(રાગ-કાનુડો)

સુરંગ હિંડોળો સરસ બનાયો;
ઝુલત રામ સીયા મિલી દોઉ, બહુત આનંદ ઉર ન સમાયો.....ટેક
કાલિ ઘટા ઘન દામિની દમકત[1] રુમ ઝુમ વર્ષત મેઘ સોહાયો;
ગર્જત ગગન મગ્ન પીક ચાતક, મંદ સુગંધ સમીર લઈ આયો.....૧
એક ઝુલાવત કનડો ગાવત, એક નાચત સુગંધ લગાયો;
એક ડબાકર એક ઉર લિયે, એક નિહાળત અતિ સુખ પાયો.....૨
જૈ જૈકાર કરત સુરિનર મુનિ, ઈંદ્ર મુદિત નિશાન બજાયો;
દાસ હરિ અવિચલ આ જોડી, નિગમ અગમ સો પ્રગટ બતાયો.....૩

卐

૧. ચમકે

## પદ-૫૯૭
(રાગ-કાનુડો)

હિંડોળો ફુલનકો ફુલનકી દોરી, ફુલે નંદલાલ ફુલી નવલકિશોરી.....ટેક
ફુલનકે સ્તંભ માનુ પટુલી ફુલનકી, ફુલનકી દાંડી જડાવ જડી હૈ;
ફુલી ફુલી જુવંતી જોટા દઈ દઈ, ફુલ્યો મદન તન ડાર્યો તોડી.....૧
ફુલ્યો સઘનવન ફુલ્યો વૃન્દાવન, ફુલી ફુલી જમુના વહેત અલીરી;
કૃષ્ણદાસ પ્રભુ ફુલી ફુલી ઝુલે, શ્રી નંદલાલ ભ્રિખુભાન કિશોરી.....૨

卐

## પદ-૫૯૮
(રાગ-કાફી)

ઝુલે નવલબિહારી પ્યારો લાલ ઝૂલાવન આઈ.....ઝુલે૦ ટેક
સોરંગ હિંડોળો લાલકો રે, જોડી જુગલ શોહાય;
ઝૂલાવે સબ ગ્વાલની રે, તહાં બૈઠે કુંવર કનાય.....ઝુલે૦ ૧
મણિ કાંચન કે સ્થંભ મનોહર, વિદ્રુમ[1] દાંડી શોહાય;
પંચરંગ દોરી[2] પાટકી રે, તહાં પટુલી પાંચ[3] જડાય.....ઝુલે૦ ૨

બરન બરનકે ફુલને રે, જહાં મોતિઅનકો ઝુમ બનાઈ;
માનુની ગાવે મોદ શું રે, તહાં બાજે અનંત વધાઈ.....ઝુલે૦ ૩
મોહી રહી સુર સુંદરી રે, જહાં કુસુમની વર્ષા કરાઈ;
શોભા દેખી દંપતિ રે, તહાં કૃષ્ણદાસ બલ જાય.....ઝુલે૦ ૪

卐

૧. પરવાળી  ૨. જુદા જુદા રંગવાળી દોરી  ૩. હિંડોળે બંધાતી ઝૂલ

## પદ-૫૯૯

(રાગ-કાફી)

ઝુલત હૈ પિયુ પ્યારી હિંડોળે, ઝુલત હૈ પિયુ પ્યારી;
તેરે ચરણ કમલ પર વારી,[1] નંદ નંદન ભિખુભાન નંદિની,
જોડી બની અતિભારી.....ઝૂલત૦ ટેક
કુંજભુવનમેં રચ્યો હિંડોળો, ફુલનકી ફુલવાડી રે;
ફુલનકી શિર પાઘ શ્યામકી, ફુલનકી બની સાડી રે.....ઝુલત૦ ૧
સર્વસ્વ તે સહચરી ઝુલાવત, દેત પરસ્પર ગાળી[2] રે;
નાચત ગાવત કરત કુતૂહલ, ખેલ મચ્યો અતિ ભારી.....ઝુલત૦ ૨
કહીએ કહાં કછું કહત ન આયે, નિજ જનકે સુખકારી;
સુરદાસ પ્રભુ કી છબિ નીરખત, કામ[3] રહ્યો હૈ હારી.....ઝુલત૦ ૩

卐

૧. ફિદા થવું- ખુશ થવું  ૨. બોલાબોલી થવી  ૩. કામદેવ

## પદ-૬૦૦

(રાગ-કાફી)

ઝુલત હૈ નંદલાલ હિંડોળે, ઝુલત હૈ નંદલાલ હિંડોળે;
ગાવત વ્રજવનિતા રંગી, વાધ્યો[1] હૈ રંગ અપાર.....ઝુલત૦ ટેક
સંગે ભિખુભાન નંદિની રાધા, ઉર ગજ[2] મોતીની માલા;
કલકબેલી[3] શી માનુ દેખીયે તેહ, ઉરઝી[4] સામંત[5] માલા.....ઝુલત૦ ૧
બાજત તાલ મૃદંગ બંસુરી, પગે નુપૂર ઝણકાર;
સુર પ્રભુકે એક રામ પર, તન મન કરું બલિહારી.....ઝુલત૦ ૨

卐

૧. વધારે વધ્યો  ૨. 'ઉરગજ' નહિ પણ ઉરજ જોઈએ. ઉરજ એટલે સ્તનનો ભાગ
૩. મસ્તીખોર ૪. મૂંઝાઈ જવું  ૫. મુખ્ય

## પદ-૬૦૧

(રાગ-કાફી)

પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું, પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું;
મનબુદ્ધિ કે સ્થંભ દોઉ સુંદર, લાલકે રંગ રંગાવું.....ટેક
રંગનારા સાચા સતગુરુ, ઘસી ઘસી ત્યાં જાવું;
મનસા વાચા કર્મણા દેકે, મંગલ મરુવા[1] લાવું.....૧
હેત પ્રીત અરૂ ભાવ ભકિતકી, દાંડી ચાર સોહાવું;
ચેતન ચોકી જ્ઞાન કી ગાદી, તકિયા તૃપ્ત[2] મિલાવું.....૨
સુરતા દોરી ચારૂ[3] હિંડોળે, નાદ ઘુઘર ઘમકાવું;
સખીઓ પાંચ પચ્ચીશ[4] મિલકે, મુકત મંગલ ગાવું.....૩
ઐસે હિંડોળે ઝુલો મેરે પ્યારે, બહુવિધ વાજાં બજાવું;
મગન ભયી સખીઓ સબ ગાયે, સોહમ્ તાલ બજાવું.....૪
પ્રાણજીવન હિંડોળે ઝુલે, નીરખી હરખી સુખ પાવું;
કહેત કબીરા આ રે હિંડોળે, . વારંવાર ફિર જાવું.....૫

卐

૧. છોડ　　૨. ઘરાઈ જવું-અહીં તૃપ્ત શબ્દ બંધબેસતો નથી.
૩. સુંદર　　૪. પચીસ તત્ત્વવાળી પ્રકૃતિ

## પદ-૬૦૨

(રાગ-કાલેરો)

હિંડોળો નવરંગ્યો રે સજની, ત્યાં ઝુલે શ્રી વલ્લભરાય;
ચાલો સાહેલી જોવાને જઈએ, આ સુશ શોભા કહી ન જાય.....ટેક
નવરંગ કનક સ્થંભ દોઉ સુંદર, નવરંગ દાંડી ચાર સોહાય;
નવરંગ ચોકી તકિઆ ગાદી, નવરંગ મોતીની ઝુમ બનાય.....૧
નવલ લાલ નવરંગી રાધા, નવરંગ જુવતી ઢોળે રે વાય;
નવરંગ મોર કલા કરી નાચે, નવરંગ જમુના લ્હેરે રે જાય.....૨
નવરંગ પુષ્પવૃષ્ટિ વ્રજ ઉપર ઈન્દ્રાદિક ત્યાં દુદુંભિ વાય;
નવરંગ ભકત તણા મન મોહે, માધવદાસ ઉમંગી જશ ગાય.....૩

卐

## પદ-૬૦૩ (રાગ-કાલેરો)

પરમ ચતુર ઝુલે નાથ અમારો, રાધાજીની સંગે રે;
વરણુ રે અંગોઅંગની શોભા, વારું કોટિ અનંગ[1] રે.....ટેક
સાવન માસ પરમ સુખકારી, ઝરમર ઝરમર વરસે મેહ;
દાદૂર મોર પપૈયા બોલે, ઊપજે અતિ સ્નેહ રે.....૧
આજ મેં અદ્‌ભુત કૌતુક[2] દીઠું, સીચંતા[3] હરિ હસ્યા રે;
શ્યામ સન્મુખ દષ્ટિ કરીને પ્રીછે બેઉ રસિયા રે.....૨
શ્યામ સુભગ[4] ને રાધા ગોરી, સોરંગ[5] હિંડોળે ઝુલે રે;
જેમ જેમ ઘુમ્મર ઘાલે સજની, તેમ તેમ નરસૈંયો ફૂલે રે.....૩

卐

૧. કામદેવ  ૨. આશ્ચર્ય  ૩. ભીંજાતા  ૪. સુંદર  ૫. સુંદર

## પદ-૬૦૪
(રાગ-કાલેરો)

હિંડોળે હિંચે રે સજની, સુંદર નંદન નંદકુમાર;
સંગે ઝુલે સખી રાધિકા, રૂપ તણો ભંડાર રે.....હિંડોળે૦ ટેક
રત્નજડિત બાજઠ પર સોહે, સોનાકેરી દાંડી રે;
ચાલો સાહેલી જોવાને જઈએ, ઘરના કારજ છાંડી રે.....હિંડોળે૦ ૧
ચારે પાસ ચતુર સખી રે, ધુમણ ઘાલે નારી રે;
મંગલ ગાયે માનુની રે, મોહ્યાં મદન મોરારિ રે.....હિંડોળે૦ ૨
જમુના પૂર સોહામણા રે, બંસીબટની છાંયા રે;
વા નાંખે સૌ વ્રજની બાલા, કરમેં વીંઝણો ઝાલી રે.....હિંડોળે૦ ૩
બાલા બ્હીએ કંઠ વલાએ,[1] અમને આવે ભોર રે;
શ્રી હરિ હેત કરીને આપો, મુખતણા તંબોલ રે.....હિંડોળે૦ ૪
હરિજન હર્ષે કીર્તન ગાયે, આનંદ ઉર ન સમાય રે;
અંગતણા ઉપરણા આપ્યાં, રીઝયાં ત્રિભુવન રાય રે.....હિંડોળે૦ ૫
અંતરીક્ષથી મુનિ નારદ આવ્યા, લીલા જોવાને આશ રે;
વૈષ્ણવજનની કૃપા કરીને, ગાયે ગદાધર દાસ રે.....હિંડોળે૦ ૬

卐

૧. સુકાય-શોષ ચઢે

## પદ-૬૦૫

(રાગ-કાલેરો)

જુગજીવન જશોદાના કુંવર, હર્ષે હિંડોળે હીંચે રે;
સંગ સોહે ભીખુભાન નંદિની, સ્નેહતણો રસ સીંચે રે.....ટેક
વ્રજ જુવંતી ચોપાસ ઊભી, દ્રષ્ટિ ભરીને નીરખે રે;
અતિ પ્રેમ કરી લેત ભામિની, માણેક મોતી વરસે રે.....૧
હિંડોળાની શોભા સુંદર, કહેતા પાર ન આવે રે;
શંકર પ્રભુ ગિરીવર ધારી, ઉપમા કવિ કોની લાવે રે.....૨

卐

## પદ-૬૦૬ (રાગ-કાલેરો)

લડસડતી ને લાડકડી ગોપી, માંગ સિંદુર સાડી રે;
આંબા ડાળે હિંડોળો બાંધ્યો, ઝુલાવે મદ[1] મતવાલી રે.....ટેક
ચોળી ચરણ ચંપા વર્ણી, લાલ પટુલી પહેરી રે;
નાગ નગોદર ઝાલર ઝુમણા, બીચ મોતીની માલા રે.....૧
રાતે દાંતે આડ કેસરની, લલાટે ટીલડી સારી રે;
નરસૈંયાના સ્વામીને વ્હાલી હું, હૃદીયા સાથે ભીડી રે.....૨

卐

૧. અભિમાન

## પદ-૬૦૭ (રાગ-કાલેરો)

આજ હરિ હિંડોળે બેઠા, મોહન મંગલકારી રે;
વામભાગે[1] વૃષભાન નંદિની, સંગ સકલ વ્રજનારી રે.....આજ૦ ટેક
કંચન સ્થંભ રત્ન મણિ રાજિત,[2] ચોકી ચંદન સારી રે;
હીરા મોતી જડિત ઝુમખા, દાંડી ચાર સામરી રે.....આજ૦ ૧
ગાદી તકિયા સુભગ શોભિતા, કમલનયન ગિરધારી રે;
સુંદરતા સાગર શ્યામળીઓ, કોટિ કામ છબી વારી રે.....આજ૦ ૨
બાજાં બાજે અતિરંગ રાજે, ગાવે ગોપ કુંવારી રે;
નવલ લાલ લાડલી ઉપર, પ્રીતમ પ્રેમ બલિહારી રે.....આજ૦ ૩

卐

૧. ડાબી તરફ        ૨. શોભે

## પદ-૬૦૮ (રાગ-કાલેરો)

હિંડોળે ઝુલે નંદ નંદન, સંગે લાડકડી વૃષભાન કુંવારી;[1]
નવજોબન નવ નવલે રંગે, નવલ નવલ સૌ વ્રજની નાર.....ટેક
નવલ હિંડોળે નવરંગ મોતી, નવ નવભૂષણ નવલઅંગ;
સકલ શણગાર સજે મૃગનયની, નવરંગ ચોળી સોહે અંગ.....૧
નવલ વર્ષા ઋતુ સુંદર દીસે, ઝરમર ઝરમર વર્ષે મેહ;
ગજગામિની[2] દામિની અતિ ચમકે, નવરંગ ગિરધર નવલે નેહ.....૨
નવ વૃન્દાવન નવ વ્રજ લીલા, નવલ નવલ ગોપી હરિની પાસ;
નરસૈંયો કહે નિશદિન એ સુખ, શું કીજે જઈ વૈકુંઠ વાસ.....૩

卐

૧. રાધા   ૨. હાથી જેવી ગતિવાળી

## પદ-૬૦૯ (રાગ-કાલેરો)

આજે રે સખી અદ્‌ભુત શોભા, હરિ હિંડોળે ઝુલે રે;
ધન આંખડી જે આ સુખ નીરખે, શિવ બ્રહ્મ જેને ખોળે રે.....ટેક
જૂવંતીજન ઘુમરડી ઘાલે, જૈ જૈ ધુની મૂખ બોલે રે;
ચાર મુકિત સત સ્વર્ગ તણું, ન આવે એની તોલે રે.....૧
સાવન માસ વર્ષા ઋતુ સોહે, લ્હેરી રંગ ઝકોળે રે;
શંકર પ્રભુ તણી લીલા દેખી, મુનિજનના મન ડોલે રે.....૨

卐

## પદ-૬૧૦ (રાગ-મારુ)

ઝૂલત નવલબિહારી હિંડોળે, ઝૂલત નવલબિહારી;
તટ જમુનાકો પરમ મનોહર, સંગે રાધિકા પ્યારી.....ઝુલત૦ ટેક
દાદૂર મોર ચકોર પપીહા, સારસ સોરા શોર;
મધૂપ મરાલ કોકિલા કિલકિત, અલિ[1] ગૂંજત અતિ ભારી.....ઝુલત૦ ૧
સુરિનર જન મુની કુસુમની વર્ષત, જયાં મુનિવર છૂટી તાડી;
એહી લીલા સુખ દેખી મગ્ન ભયે, પરમાનંદ બલિહારી.....ઝુલત૦ ૨

卐

૧. ભમરો

## પદ-૬૧૧ (રાગ-મારુ)

ઝુલત નવલ ગિરધારી હિંડોળે, ઝૂલત નવલ ગિરધારી;
બૈઠે સંગ પરસ્પર ભુજધારી, શ્રી વૃષભાન કુમારી.....ઝુલત૦ ટેક
મણિ કાંચન કે સ્તંભ મનોહર, દાંડી ચાર સોહાય,
વિવિધ ભાત કે બને હૈ ફૂલના, વિદ્રુમ[1] ભૂમિ બનાય.....ઝુલત૦ ૧
કરત વિલાસ અપને મન ભાવ્યો, રસિક રાધિકા પ્યારી;
લલિતાદિક મને ફુલે ઝુલાવે, ગાવત ગીત સુધારી.....ઝુલત૦ ૨
દર્પણમેં મૂખ દેખી મનોહર, દેત પરસ્પર તાલી;
એ છબી સહિત રહો મન મેરે, નંદદાસ બલિહારી.....ઝુલત૦ ૩

卐

૧. અંકુરિત-હરિત

## પદ-૬૧૨
(રાગ-મારુ)

ઝુલાવન આયી ગોપી ઝુલાવન આયી;
ચલ હો હિંડોળો દેખન વનમેં, અશ ચંપેકી છાંય.....ઝુલાવન૦ ટેક
પહેરત પીત પીતામ્બર સુંદર, સાડી સુરંગ સોહાય;
શ્યામા શ્યામ બરોબર બૈઠી, શોભા વરણી ન જાય.....ઝુલાવન૦ ૧
મણિ કાંચનકે સ્થંભ મનોહર, દાંડી ચાર[1] સોહાય;
પરમાનંદ પ્રભુ ઝૂલે હિંડોળે, ગોપી ઝુલાવન આયી.....ઝુલાવન૦ ૨

卐

૧. હિંડોળાના આધાર રૂપ ચાર દાંડી

## પદ-૬૧૩
### સજની
(રાગ-સામેરી)

સજની જઈએ રે જમુના, જયાં ખેલ કરે રે કનૈયો.....સજની૦ ટેક
હિંડોળે બાંધ્યો હીર દોરી, શામળીઓને શ્યામા ગોરી રે;
હિંડોળે દોઉ જન બૈઠે, હુલરાવે સખી સૌ હેઠાં રે.....સજની૦ ૧
ઘૂમરડી ઘાલે વ્રજનારી, તહાઁ દર્પે[1] તે લાડ કુમારી રે;
બાંય ગ્રહી અંગોઅંગ ભીડે, માનુની મનમથ પીડે રે.....સજની૦ ૨

એક રૂપ રસાલું ગાયે, બીચ વેણ મધુર સુર વાયે રે;
તહૉં તાલ મૃદંગ ઝડી લગી, બીચ રમણ રમે બડભાગી[2] રે.....સજની૦ ૩
હરિની લીલા લ્હેર લટ લાગી, તહાઁ ઝુલે પ્રેમ સોહાગી રે;
હરિની લીલા કહી નવ જાય, રસ રહ્યો અધર મૂખે ગાઈ રે.....સજની૦ ૪
હરિને પુષ્પ પવિત્ર સોહાવે, ગોપી નંદાનંદને ઝુલાવે રે
તહૉં નરસૈંયો નિત નિત નાચે, શોભા જોઈ ભકતજન રાચે[3] રે.....સજની૦ ૫

卐

૧. મદમસ્ત બને  ૨. મહા ભાગ્યશાળી  ૩. આનંદે-મગ્ન બને

## પદ-૬૧૪

## સજની

(રાગ-સામેરી)

સજની જુઓ નાથ નિહાળી, વ્હાલો વાયે છે વેણ રસીલી;
ઘુમરડી તે અબલા ઘાલે, સુખ સાગર મોહન મ્હાલે.....સજની૦ ૧
શિરમુગટ મહામણિ સાર રે, કાને કુંડલ જયોત અપાર રે;
વનમાલા ઉરપર લ્હેકે રે, તહાઁ ચૂવા ચંદન બ્હેકે રે.....સજની૦ ૨
શ્યામલડી સોહે સંગે રે, અતિ ઉલટ વાધ્યો અંગે રે;
વ્હાલો હસી હસી હૃદીઆ ભીડે રે, કામની મનમથ પીડે રે.....સજની૦ ૩
શ્યામા સન્મુખ ઊભી રે, શણગાર સકલ તહૉં શોભે રે;
શ્યામા સાન કરી કરી જૂએ, જુવંતી જનના મન મોહે રે.....સજની૦ ૪
તાલી તાલ પખાવજ ગુગરડી, આગળ નાચે છે નારી રૂડી રે
ઉમંગ્યો રસ કૌતુક ભારી, આનંદિત અબલા નારી રે.....સજની૦ ૫
ઘુમરડી ઘાલે લાંબી રે, પાયે ખલકે[1] તે કલ્લાં કાંબી રે;
એને નાદે નુપૂર વાજે રે, પડછંદે પૃથ્વી તે ગાજે રે.....સજની૦ ૬
વ્હાલાં મરકડલાં કરી બોલે રે, તેમ આવી હીંચે હિંડોળે રે;
વ્હાલાને વ્હાલેરી લાગે રે, માન મૂકી સખી પાયે લાગે રે.....સજની૦ ૭
નરસૈંયો રસમેં માતો રે, ગોપીવરના ગુણલાં ગાતો રે;
તે પામ્યો મહાફલ મોટું રે, હું તો ચરણકમલમાં લોટું રે.....સજની૦ ૮

卐

૧. ખખડે-રણકે

## પદ-૬૧૫
### સજની
(રાગ-સામેરી)

સજની આ શોભા રૂડી રે, શ્યામળીઓ ને શ્યામા જોડી;
તે હર્ષે હિંડોળે હીંચે રે, વ્હાલો પ્રેમ મહારસ પ્રીછે.....સજની૦ ટેક
પીલી પલવટ[1] સુંદર સોહે રે, તેને તેજે ત્રિભુવન મોહે;
વ્હાલે કંઠે બાહુલડી દેતો રે, આલિંગન વારી લેતો.....સજની૦ ૧
તહાં બહૂવિધ બાજાં બાજે રે, તહાં મેઘ ઘટા ઘૂની ગાજે;
નીલાં પીલાં તે અમ્મર ઝલકે રે, નાચંતા નુપૂર ખલકે.....સજની૦ ૨
શ્યામા સજી સકલ શણગાર રે, ઉર લ્હેકે તે મુકતાફલહાર;
જોબનમેં જુવંતી માતી રે; તે મધુર સ્વરે ગાતી.....સજની૦ ૩
ગોપીવર ખેલ કરાવે રે, જમુનાતટ સુંદર ભાવે;
તહાઁ મોર કોકિલા બોલે રે, જોતાં નહીં કોઈ એની તોલે.....સજની૦ ૪
વૃન્દાવન વિલસે[2] નાથ રે, તહાં મોહ્યાં સુરિનર સાથ;
બ્રહ્માદિક ભેદ ન જાણે રે, તે નિશદિન ગોપી માણે.....સજની૦ ૫
નરસૈંયા કેરી વાણી રે, કૃષ્ણે આપી કરુણા આણી;
વળી પોતે પોતાનો કીધો રે, મહારસમાં તાણી લીધો.....સજની૦ ૬

卐

૧. ચૂંદડી-ઓઢણી ૨. રમે

## પદ-૬૧૬
### સજની
(રાગ-સામેરી)

સજની ઝરમર ઝરમર વર્ષે, તેમ નાથને નારી વિલસે;
લપટાણી અબલા અંગે, ઘુમરડી ઘાલે રંગે.....સજની૦ ટેક
અબલાએ અંબોડો વાળ્યો, ઉર અંબર અંતર ટાળ્યો;
ચતુરાને ચોળી ચલકે, નથ વેસર મોતી ઝલકે.....સજની૦ ૧
જેમ વ્યોમ વીજલડી ઝબુકે, મધ્યે મોર કોકિલા ટહૂકે;
વાંસલડી વ્હાલો વાયે, તેમ નાચે ને ગોપી ગાયે.....સજની૦ ૨

શ્યામા કામ તે ઘેલી ડોલે, મનમોહન શું હસી બોલે;
ગોફણલી ઘુંઘરડી ઘમકે, તાલી દેતાં કાંકણલી[1] ખલકે.....સજની૦ ૩
હિંડોળે હીંચે વનમાલી, વારંવાર ઓવારણા વારી રે;
ઘાલે કંઠે મુકતાફલહાર, મોહ્યાં મુગટે તે નંદકુમાર.....સજની૦ ૪
એક ઊભી નાથ નિહાળે, એક ચાલીને ચમર ઢોલે;
એક ફૂલી અંગ નમાયે, એક ભીડે હૃદીયા માંહે.....સજની૦ ૫
કરે દેવ દુદુંભિ નાદ રે, શ્રવણે સુની શ્યામા સાદ રે;
કરે પુષ્પવૃષ્ટિ અપાર રે, મુખે બોલે જૈ જૈકાર.....સજની૦ ૬
નરસૈંયો પ્રેમે ભરાણો રે, શ્યામ સર્વેમાં પટરાણો;
લીલા જોતાં તૃપ્ત ન થાયે, તાલ દઈને પુંઠે ગાયે.....સજની૦ ૭

卐

૧. હાથમાં પહેરવાનું કંકણ-એક ઘરેણું

## પદ-૬૧૭
## સજની
(રાગ-સામેરી)

સજની વાંસલડી વાયે વ્હાલો રે રાધા ગોરી ને કાનુડા કાલો;
તેને નયનભરી નિહાળો રે, સોહે શરદપુનમ રઢિયાલો[1].....સજની૦ ટેક
લપટાણી અબલા અંગે રે, મનમોહન બાંધ્યો રંગે રે;
ભુજ ભીડી ભામની વ્હાલે રે, શ્યામા સર્વે ધૂમલડી ઘાલે.....સજની૦ ૧
નીલા પીલા પલવટ ઝલકે રે, મુખ જોઈને મોહન મલકે,
સોહે શિશ રાખલડી રૂડી રે, વળી ફરકે ફૂમતી ચૂડી.....સજની૦ ૨
એમ દીસે નંદકુમાર રે, પ્રેમદાના પ્રાણ આધાર;
એની દષ્ટે તે મોહત વેલી રે, પ્રેમ વાધ્યો રંગની રેલી.....સજની૦ ૩
વૃન્દાવન ફૂલ્યું અપાર રે, તહૉં પ્રસર્યો પ્રેમલ સાર;
વળી ત્રિવિધ પવન અતિ વાયે રે, ઘન ગર્જે ને ઘટા થાયે.....સજની૦ ૪
ઘુઘરડી ઘમકે પાયે રે, માંહી નુપૂર નાદ શોહાયે;
ગોપી કરતી મધુરું ગાન રે, કોની ન રહી સૂધ[2] ને સાન.....સજની૦ ૫

કંટે બાહુ પરસ્પર ઘાલે રે, સુખ સાગર શ્યામા મ્હાલે;
તેની શોભા કહી નવ જાયે રે, વશ કીધા જાદવ રાયે.....સજનીо ૬
કૃષ્ણે કામનીઓ ઉર લીધો રે, પ્રભા પ્રેમ પ્રબલ રસ પીધો;
નરસૈંયાનો મનોરથ સીધ્યો રે, લીલા જોઈને કૃતાર્થ[3] કીધો.....સજનીо ૭

卐

૧. સુંદર  ૨. ભાન  ૩. ધન્ય

## પદ-૬૧૮
(રાગ-મેવાડો)

આજનો હિંડોળો રે અતિ રળિયામણો, તહાં ઝુલે નંદનો કુમાર;
સંગે ઝુલે રે હો રાધા સુંદરી, રાય વૃષભાનની કુમારી.....ટેક
કનકના સ્તંભ રે હો બે હીરે જડયા, દાંડી સોહે સુંદર ચાર;
પંચ[1] ને પીરોજા[2] રે અતિશય ઝલહળે, ફરતી મોતીઓની ઝુલ.....૧
ઝુલાવવાને આવી રે વ્રજની સુંદરી, તેને સોહે સોળ શણગાર;
રુમ ઝુમ કરતાં રે સર્વે નીસરી, હંસગામીની નાર.....૨
વાજીંત્ર વાજે રે બહુ વિધવિધના, વૈષ્ણવજન ગાયે સાર;
સુરિનર[3] મુનિ રે સર્વે મોહી રહ્યા, બોલે જૈ જૈ શબ્દ રસાલ.....૩
અંત્રીક્ષથી અવી રે ઈન્દ્ર ઊભા જુએ, જહાં ઝુલે દેવમોરાર;
શોરા શોરી[4] રે ઝુલે સન્મુખ રહી, હરિજશ ગાવે કેશવદાસ.....૪

卐

૧. પાંચ  ૨. એક પ્રકારનું રત્ન  ૩. દેવલોક  ૪. પુરુષ અને સ્ત્રી

## પદ-૬૧૯
(રાગ-બિહાગ)

બેઉ રસિયે રસિયા ઝુલે છે, રસની વાત પરસ્પર બેઉ ને;
મરકલડે મન ફૂલે છે, બેઉ રસિયે રસિયા ઝુલે છે.....ટેક
એક એકની સુંદરતા જોઈ જોઈ, પેલા દુર્જનના મન ડોલે છે;
ભણે નરસૈંયો સુર બ્રહ્માદિક, શંકર તાંડવ[1] ભૂલે છે.....૧

卐

૧. નૃત્યનો એક પ્રકાર

## વધાઈ

## જન્મ સમયનું પદ

### પદ-૬૨૦

(રાગ-બિહાગ ફેર)

દેખ હો વસુદેવ હરિમુખ, દેખ હો વસુદેવ;
કોટિ કામ સ્વરૂપ સુંદર, કોઈ જાણે ભેવ[1].....હરિ૦ ટેક
ચાકે ચાર ભુજા ચાર આયુધ નીરખી લે નિરધાર;
અજહું મન પ્રતીત નાહિ, નંદ ગૃહે લે જાય.....હરિ૦ ૧
જો કે પોલી પાલા[2] જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ;[3]
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ.....હરિ૦ ૨
જા કે શ્વાન પડત પહોરવા, હુઆ મુકત દ્વાર;
બંધન બેડી સબ છુટી, ભયો એહ વિચાર.....હરિ૦ ૩
ઝાલર ઝાંઝ પખાવ બાજે, ઓર બાજે કિરતાલ;
દેવકી ગૃહે કૃષ્ણ પ્રગટે, કંસકો હૈ કાલ.....હરિ૦ ૪
સિંહ આગે શેષ પીછે, વહત જમુના પૂર;
નાસિકા લો નીર આયે, પાર પેલે દૂર.....હરિ૦ ૫
ગોદ તેં અહંકાર કીનો, નદી પાયો ભેવ;[3]
પરસી[4] જમુના માર્ગ દીનો, ઉતરે વસુદેવ.....હરિ૦ ૬
બાવાનંદ શું મનોહાર કીજે, સુનો કહે વસુદેવ;
કહેત કવિ સુત જાની અપનો, કીજો હરિજીકી સેવ.....હરિ૦ ૭

卐

૧-૨-૩. ભેદ ૪. સ્પર્શ થતાં

### પદ-૬૨૧

(રાગ-બિહાગ ફેર)

મધ્યરાત્રિ રાત્રે પ્રગટે મોરાર, નિશા અંધારી
ગર્જત વર્ષત રોહિણી બુધવાર.....ટેક
કારાગૃહમેં ભયો ઉજિયારો, કોટિક ભાણ પ્રકાશ;
શોવત તહાઁ દેવકી જાગી, નીરખે વિશ્વ નિવાસ.....૧

શંખ ચક્ર ઔર ગદા પદ્મ, ચાર આયુધ ભુજા ચાર;
દેખી સ્વરૂપ અદ્‌ભુત માની, લાગી કરન વિચાર.....૨
કંસ ભયે અતિ ડર્પત, રાખો કહીઁ દુરાઈ;[1]
સુરદાસ પ્રભુ શું કછું મનમેં નિજ પતિ લીયો હૈ જગાઈ.....૩

卐

૧. દૂરતા

## પદ-૬૨૨

(રાગ-બિહાગ ફેર)

નીરખી નયન અઘાયે, હરિમુખ નીરખી નયન અઘાયે;[1]
માતપિતા કે બંધન છૂટે, આયે વૈકુંઠ રાય.....હરિમુખ૦ ટેક
જાગે વસુદેવ પદ ઉઘાડે, મંદિર ભયો ઉજાસ;
જયોતિ ઝગમગ શ્યામ તનઘન, નખકોટિ ભાણ પ્રકાશ.....હરિમુખ૦ ૧
ચાર ભુજા કે ચાર આયુધ, ભૃગુ લાંછન ઉરસાર;
સોળ સુજશ સોહામણે, પદશોભા અનંત અપાર.....હરિમુખ૦ ૨
માતપિતા મનમોદ પાયે, હૃદયે વસો મેરે નયન;
કરી પ્રણામ વસુદેવ બોલે, નાથ ઉચરો વેણ.....હરિમુખ૦ ૩
ધીરજ ધરજો ધ્યાન કરજો, સુખી હોત પિતા અરૂ માંય;
મેરે કારજ કષ્ટ પાયો, વેગે છોડાવો આય.....હરિમુખ૦ ૪
પિતા વચન સત માન મેરો, મોં હી ગોકુલ પહુંચાવ;
જશુમતિ જન્મી જોગમાયા, સો તું યહીઁ લે આય.....હરિમુખ૦ ૫
અર્ધ રજની પટ લાગ્યો હૈ, મેઘ વર્ષા હોય,
જાત જાને પહુરવા[2] અતિ, દુઃખ દેખાવે મોય.....હરિમુખ૦ ૬
તાત ત્રાસન આન ઉનકી, સુનો, બચન હમારો;
રસિક રહું સકલ ઠોરે, ઊઠો સોચ નિવારો.....હરિમુખ૦ ૭
બચન સુનત વસુદેવ ઊઠે, હરિ ભયે બાલ સ્વરૂપ;
વસ્ત્ર ઢાંક ઉછંગ[3] લીને, ચલે જાદવ ભૂપ.....હરિમુખ૦ ૮

પહુરવા સબ પોઢી ગયે, ખોલે સકલ કમાડ;
રક્ષા કરહે શેષ નૃસિંહ, દઈ જમુના વાટ.....હરિમુખ૦ ૯
ગોકુલ પહુંચે જાય જશુમતિ, હરિ લીયે કંઠ લગાય;
પુત્રી લે અરૂ પિતા વસુદેવ, સઘન પહુંચે આય.....હરિમુખ૦ ૧૦
ફિર જમુના પલટ ગયી હૈ, મેઘ અતિ ઉકલાય;
બાલક જન્મ્યો જાની તબહી, પહુરવા કહ્યો જાય.....હરિમુખ૦ ૧૧
કંસ કહે તુમ વેગે આવો, જરા ન લગાવો વાર;
જાઉ પટક પછાડ શિલા પર, તુરત આવું માર.....હરિમુખ૦ ૧૨
કન્યા જાની દયા ન આની, લે ગયે તુરત ઊઠાઈ;
શિલા પછાડત જોગમાયા,[૪] ઉડી દોઉ કરવાયી.....હરિમુખ૦ ૧૩
સુનો અનુચર કંસ કે તુમ જા કહ્યો નિરધાર;
જન માધવ પ્રભુ ગોકુલ પહુંચે, નિશ્ચે મુકત વિચાર.....હરિમુખ૦ ૧૪

卐

૧. દુષ્ટ-પાપી ૨. પહેરેગીર ૩. ખોળે ૪. ઈશ્વરી શકિત

## જન્મ સમાની વધાઈ

### પદ-૬૨૩

### પાલણું

(રાગ-મેવાડો)

સોનલા કેરૂં રે સુંદર પારણું, મોતીડે પરોવ્યા દોર;
હીરલા કેરૂં રે જડયા હંસલા, માણેક જડયા મોર.....સોનલા૦ ટેક
બ્રહ્મ નાથ રે હો પોઢયા પારણે, પોઢયા હરિ પારણા મોઝાર;
હરિ હુલરાવે[૧] રે માતા જશુમતિ, હર્ષે હાલેરૂં ગાય.....સોનલા૦ ૧
ધન્ય ધન્ય રે માતા જશુમતિ, ધન્ય ધન્ય નંદજી તાત;
ધન્ય ધન્ય રે વ્રજની સુંદરી, ધન્ય ધન્ય વ્રજનો વાસ.....સોનલા૦ ૨
કોણ કોણ પુણ્ય રે, પુત્ર હમો આચર્યા, વિપ્રને દીધાં રે દાન;
પાવન કીધો રે વંશ હમારો, બલ[૨] જાયે માધવદાસ નિધાન.....સોનલા૦ ૩

卐

૧. હીંચકવું ૨. કૃતાર્થ થવું

## પદ-૬૨૪

(રાગ-માલવ ગોડી)

આનંદ વાધ્યો[1] અતિઘણો, હર્ષ્યાં સુરનર લોક રે;
જાદવકુલમાં જાદવ જાયો, માતાનો ટળ્યો શોક રે....આનંદ૦ ટેક
વસુદેવ મનમેં વિશ્મય[2] પામ્યા, કારણ કુંવરકો આયો રે;
દુઃખ નિવારણ સંકટ તારણ, ગોકુલમેં પધરાવ્યો રે.....આનંદ૦ ૧
ગગન થકી બાજે દુદુંભિ, પુષ્પવૃષ્ટિ તહાં થાય રે;
નરસૈંયોનો સ્વામી જશોદા ખોળે, વસુદેવ મેલી જાય રે.....આનંદ૦ ૨

卐

૧. વધ્યો   ૨. આશ્ચર્ય

## પદ-૬૨૫

(રાગ-માલવ ગોડો)

જશોદાજીને આંગણિએ, કાંઈ સુંદર શોભા દીસે રે;
મુકતાફલના[1] તોરણ લટકે, જોઈ જોઈને મન સીંચે રે.....ટેક
માંહો માંહે માનુની હીંડે, ઉલટ અંગ ન માય રે;
કુંકુમ કેસર અંગે ચર્ચે,[2] ઘર ઘર ઓચ્છવ થાય રે.....૧
ધન ધન નંદભુવનની લીલા, જહાઁ પ્રગટયા પરમાનંદ રે;
રંગ રેલ નરસૈંયો ગાવે, મન ઊપજયો અતિ આનંદ રે.....૨

卐

૧. મોતી   ૨. ઘસે

## પદ-૬૨૬

(રાગ-માલવ ગોડો)

આજ આનંદ નંદતણે ઘેર, માનુનીઓ મિલી મંગલ ગાય;
બાજે તાલ મૃદંગ ફેરી,[1] આંગણ મોતીના ચોક પુરાય.....આજ૦ ટેક
કંચનથાલ ભરી શ્રી ફલસો, વધાવે સર્વે વ્રજની નાર;
કુંકુમ કેસર આંગણ છાંટયો, મુકતા તોરણ બાંધ્યા દ્વાર.....આજ૦ ૧

શ્રાવણ માસ કૃષ્ણ પક્ષવાડે, શુભ રોહિણી અષ્ટમ બુધવાર;
જૈ જૈકાર કરે સુરનર મુનિ, વર્ષે ચંદન કુસુમ અપાર.....આજ૦ ૨
હર્ષ્યાં નંદજશોદા રાણી, જાચક[2] જનને આપ્યું દાન;
જીવો જશોદા કુમાર તમારો, નરસૈંયાકો સ્વામી ભકત નિધાન.....આજ૦ ૩

卐

૧. ફરતે ફરવું તે    ૨. ભિક્ષુક ભિખારી

## પદ-૬૨૭

(રાગ-માલવ ગોડો)

આજનો દિવસ અતિ સોભાગી, પ્રગટયા દેવ મોરારિ રે;
મોતીડે ચોક પૂર્યા અતિ સુંદર, મંગલ ગાન ઉચરી રે.....આજ૦ ટેક
હર્ષ્યાં નંદભુવનમાં ઉમંગ્યા, બહુવિધ દાન દેવાય રે;
કુંકુમ કલખ[1] કામની કર લીના, ઘર ઘર મંગલ ગાયે રે.....આજ૦ ૧
કોટિ બ્રહ્માંડનો કહાવે, ગોકુલમાં જેનું ધામ રે;
નરસૈંયાના સ્વામી અવતર્યા, પૂર્યા મનના કોડ રે.....આજ૦ ૨

卐

૧. અપલક્ષણવાળી

## પદ-૬૨૮

(રાગ-સામેરી)

શિવ વિરંચિ[1] સબ સુખ ભર્યો, અસુર ન સુખ અવેવ;[2]
કંસરાય ડર્પત ભયો, સો વર પુરણ વસુદેવ.....સાખી
વસુદેવ સુત જબ જાયો, તબ નંદજીકે ગૃહે પઠાયો;.....ચાલ
યહૉં હર્ષી જશોદા રાણી, સુત દેખ્યો સારંગપાણિ;[3]
તહૉં અતિ આનંદ મન ભાયો, ઐસો પુત્ર પરમાનંદ પાયો.....૧
પરમાનંદ પ્રગટ ભયે, નંદરાય કે ગૃહે;
ભકતકાજ સમારવે કો પ્રગટ ધરી પ્રભુ દેહ.....સાખી
ઋષિ ગર્ગાચાર તહાં આયે, પૂજા કરીને લાગે પાયે.....ચાલ
હરિકો જન્મકર્મ જબ કીનો, વ્રજ બોલ બોલ દાન દીનો;
જન્મપત્રિકા શ્રવણે સુનાઈ, તહાં હર્ષે પિતા અરૂ માય.....૨

હર્ષે નંદ જશુમતિ, હર્ષે ગોપી ગ્વાલ;
દધી ઓચ્છવ આનંદ ભયો, સબ લાયી દધી વ્રજબાલ.....સાખી
સબ લાઈ દધી વ્રજબાલ, તહાં ચર્ચે ગોપી ગ્વાલ.....ચાલ
તલાં લાલ પીત રંગ ભાયો, જહાં વદન અતિશય ઉડાયો.....૩
વદન ભેરવ સાંવલો, અરુન તરુન[૪] ભયે રંગ;
દધી દુદુંભિ બાજા બાજહી, સો અતિ વાધ્યો અનંગ.....સાખી
તહાં હર્ષી હર્ષી ગુણ ગાવે, તહાં સંગીત શબ્દ સુનાવે.....ચાલ
તહાં નૃત્ય કરે અતિ રંભા, દધી ત્રિકુટી હોત સુથંભા[૫].....૪
સરસ સુગંધી ધૂની સુની, મુદિત[૬] ભયે નંદરાય;
કાંચન મણિ આભૂષણ વસન સો સબ દીયે રે બોલાય.....સાખી
સબ બોલ બોલ દાન દીનો, આયે કો આદર કીનો.....ચાલ
તહાં સબ મિલી મંગલ ગાયે, તેની શોભા કહી નવ જાયે;
તહાં જન્મ સમે ગુણ ગાયે, જન માધવ પરમ પદ પાયે.....૫

卐

૧. બ્રહ્મા ૨. હવે ૩. વિષ્ણુ ૪. તરુન એટલે યુવાનીને, અરુન એટલે સૂર્ય મતલબ કે યુવાનીનું સૂર્ય જેવું તેજ ૫. સ્થિર ૬. આનંદ

## પદ-૬૨૯
### (રાગ-સામેરી)

જા કી ગત બ્રહ્મા ના લિખે, નિગમ[૧] ન પાવે પાર;
સો વપુ[૨] ધારે નંદકે, પ્રગટે હૈ મોરાર.....સાખી
જહાં પ્રગટ ભયે મોરારિ, ગુરુ ગર્ગાપતિ વિચારી;.....ચાલ
ગૃહે જન્મ સુન્યો નંદરાય, તબ જયોતિષ શાસ્ત્ર મંગાયે.....૧
ધન અષ્ટમી બુધવારી, રોહિણી નક્ષત્ર લગ્ન વિચારી;
જબ જામની[૩] અર્ધ ગમાઈ, તબ પ્રગટ ભયે જદુરાય.....૨
સંત જનકો તારને, પ્રગટ ભયે જગદીશ;
વેદ વિમલ જશ ઉચરે, તુમ સુન હો ગોપનધીશ.....સાખી
સુનો નંદરાય એહી બાતા, બડો ભાગ્ય તુમ્હારો તાત.....ચાલ
આ તે ઔર નહિ કોઈ દૂજો, ગ્રહે જોગ એસો કરી બુજયો.....૩

નંદરાય સુની મુસકાયે, તબ વિપ્રકો દાન દેવાય;
ગુરુપૂજા બહુવિધ કીની, ઉચિત પત્રિકા લીની.....૪
પંચ શબ્દ બાજાં બજે, ઘર ઘર ભેરી મૃદંગ;
આનંદ ઓચ્છવ સબ કરે, જબ પ્રગટે પરમાનંદ.....સાખી
જબ પ્રગટે પરમાનંદ, વ્રજગોપમેં વાધ્યો આનંદ.....ચાલ
તહાં ગોપ સકલ મિલી આયે, દધી માખણ માટ મંગાયે.....૫
મધ હરદ કુંકુમ ઘોળી, છિરકે[૪] નરનારી મિલી જોડી;
દધી કીચ ક્રિયો ગૃહ દ્વારે, કુતૂહલ કરત અપાર.....૬
તહાં મગ્ન ભયે નરનારી, તબ હર્ષીત ગોપ દુલારી;
કીર્તિ બહુ બંદીજન બોલે, સુરનર નાગ હી તોલે.....૭
સુર વિમાન નભ છાંહ્યો, દેખન નંદકુમાર;
આનંદ ઓચ્છવ સબ કરે, સુની ચકિત ભયે નરનાર.....સાખી
તહાં બોલત જૈ જૈકાર, ગાવે માનુની મંગલ ચાર;.....ચાલ
બંદીજન બહુ મિલી આયે, તબ વિપ્રકો દાન દેવાય.....૮
દીની ગૌ ગીની નલ જાયે, ખર રુપે સુવર્ણ શિંગ મઢાયે;
ઐસી અસંખ્ય વિપ્રકો દીની, અતિ હેત શું પૂજા કીની.....૯
જેને જે જાચ્યો સો પાયો, વ્રજગોપમેં આનંદ આયો;
તહાં અમ્મર[૫] ઔર મંગાયે, સબ સજજન કુટુંબ પહેનાયો.....૧૦
બંદીજન જૈ જૈ કરે, પહોંચી મનની આશ;
ગોકુલ ઓચ્છવ અતિ ભયો, ગુણ ગાવે કૃષ્ણદાસ.....સાખી

卐

૧. શાસ્ત્રો ૨. શરીર ૩. રાત્રિ ૪. છાંટે ૫. વાઘા- વેશ અથવા તો એક પ્રકારનું વસ્ત્ર

## પદ-૬૩૦

(રાગ-સામેરી)

સાખી

કૃષ્ણ જન્મ જશ જે સુને, ઓચ્છવ જાકે દ્વારે;
બ્રહાદિક શંકર કહે, પુનરપિ[૧] નહિં અવતાર

માતા મન આનંદ હી, તબ જન્મે શ્રીગોપાલ;
તીન લોક હર્ષિત ભયે, નંદ સહિત વ્રજબાલ
હાં રે જબ જન્મે શ્રીગોપાલ, તબ હર્ષિત વ્રજબાલ.....ચાલ
હાં રે નંદ આનંદ અંગ ન માય, મહા પંડિત પ્રસિદ્ધ બોલાય.....૧

હાં રે તુમ દેખો વિપ્ર વિચારી, આ બાલકકો અવતારી;
હાં રે જાકો રૂપ અનુપ અપારી, કહો વિપ્ર સાચું વિચારી.....૨

બોલે વિપ્ર વિચાર કે, સુનો નંદરાય સુજાન;
અકલ નિરંજન[2] નાથ હૈ, તુમ નિગમ અગમ કર જાન.....સાખી
હાં રે તુમ નિગમ અગમ કર જાનો, નંદરાય સત્ય કર માનો.....ચાલ
હાં રે તબ નંદજી મહોત્સવ કીનો, બહુ દાન વિપ્રકો દીનો.....૩

હાં રે કછુ ન દેત ચિત્ત સંકોચાયો, હય ગજરથ પાર ન પાયો;
હાં રે માંગન મન આનંદ ફૂલે, જશ કરત નેક ન ભૂલે.....૪

દુદુંભિ કોટિ બજાવહી, અરૂ મૃદંગ કિરતાલ
ઘર ઘર સે ગૃહિણી ચલી, લઈ મુકતાફલ થાલ.....સાખી
હાં રે તબ ભરી મુકતાફલ થાલ, વધાવે નયને વિશાલ.....ચાલ
હાં રે પોઢે ઝુલે ચકડોલે, કોઈ નાહિ ન સમતોલે.....૫

હાં રે દેખી દુઃખ વિસર્યો સુખ પાઈ, મહાજયોત પરમ સુખદાયી;
હાં રે તબ દીનો સબ આશિષ, ચિરંજીવો કોટિ વરસ.....૬

ગાવે ગીત મંગલ બહુ, સુરનર દેખન આયે;
પુષ્પવર્ષા જો ભયી, તબ સુખ ઉપજયો તન માંહે.....સાખી
હાં રે સુખ ઉપજયો હરિજશ ગાતે, મહાદુઃખ જરી ગયો ત્યાંહે.....ચાલ
હાં રે પ્રગટે જો પરમાનંદ, મહાકંસ નિકંદન કંદ.....૭

હાં રે પરાક્રમકો પાર ન પાઈએ, કહો કૈસે કરી જશ ગાઈએ;
હાં રે જાકી મહિમા અનંત કહાવે, તહાં લઘુ ગોપાલ જશ ગાયે.....૮

卐

૧. ફરી ફરી-વારંવાર   ૨. કળી ન શકાય તેવા પરમાત્મા

## પદ-૬૩૧

(રાગ-સામેરી દેશી ફેર વધાઈ)

હનિ હાં રે કૃષ્ણજનમ જબ આયો, સુરિનર મુનિ સબ સુખ પાયો;
હનિ હાં રે અશોક[1] ભયો કંસ મૂઢ,[2] અગમ આયો હૈ માસ અષાઢ.....ટેક
અષાઢ માસ વીતીત ભયે, સોહાયે સાવન માસ હો;
મધુવન ભયે સોહાવને, સખી મોર કરે કિલ્લોલ હો.....૧
રૂમ ઝુમ હો ત્યાં મેઘ વર્ષે, અષ્ટમી બુધવાર હો;
જુગ જામની વિચિંત ભયી, ત્યાં રોહિણી હૈ સાર.....૨
નિશા અંધારી વીજ ચમકે, સાવન ગ્રહ ગ્રહે હોય હો;
કંસ કાલ પ્રગટ ભયે, સૂઘ ન જાને કોઈ.....૩
પહુરવા[3] સબ સોઈ રહે, દાદુર[4] કરે પુકાર હો;
સુરન કારજ સારવે કો કૃષ્ણે લિયે અવતાર હો.....૪

卐

૧. 'અશોક' ને બદલે 'અશેષ' પાઠ જોઈએ; તેનો અર્થ થાય સંપૂર્ણ. કંસ સંપૂર્ણપણે મૂઢ થયો ૨. મૂર્ખ ૩. પહેરેગીર ૪. દેડકા

## પદ-૬૩૨

(રાગ-સામેરી દેશી ફેર વધાઈ)

હનિ હાં રે દેવકી જાયો કુમાર, વસુદેવ શોચ કરે અપાર;
હનિ હાં રે વચન સફલ તબ કીનો વસુદેવ દેવકીકો દરશન દીયો.....ટેક
દીયો દર્શન વસુદેવ દેવકી, પૂરણ પ્રીત પિછાનીએ;
પીતામ્બર પટ ઓઢને, મેઘ શ્યામ તન વર્ણીએ.....૧
મણિ મુકુટ શોભા બની, ઝળહળે કુંડલ કાનમેં;
ચાર ભુજા આયુધ ધારે, શંખ ચક્ર ગદા પદ્મ મેં.....૨
કરજોડી વસુદેવ કરે વિનંતિ, સનાથ કિયે હરિ આયકે;
જો ના ડરો તો રહો નિર્ભય, કંસ કાલ હમ જાનકે.....૩
તુમ ડરત હો હમ જાય ગોકુલ, નંદબાવા કે દ્વાર હો;
ઈતને કહી હરિ ભયો બાલક દેવકી જાયો કુમાર હો.....૪

卐

## પદ-૬૩૩

હનિ હાં રે દેવકી કહે હરિમુખ દેખો જીવન જન્મ સુફલ કર લેખો;
હનિ હાં રે પૂરણ બ્રહ્મ મોરારિ, વસુદેવ શોચ કરે વિચારી.....ટેક
વિચાર હો તુમ કહાં કરત હો; અબ હુન મન પ્રતીત હો;
તુમ ચાર ભુજાકો દર્શન પાયો, કીની મુખમુખ વાત હો.....૧
પાદકી બેડી છૂટ ગયી, છૂટ ગયે વજૂ[1] કમાડ હો,
તુમ જાઓ ગોકુલ વેગે કરી, માનો અમારી વાત હો.....૨
પલટી બાલક લિયો ઉર પર, ગયે કાલિંદી કે ઘાટ હો;
પૂર જમુના વહેત હૈ, સો વેગે દીની વાટ હો.....૩
હરિ વસુદેવ ગયે ગોકુલ, નંદ ગૃહે અનિમેષ;
પુત્ર ઘર કે પુત્રી લીની, ચલે હરિમુખ દેખ હો.....૪

卐

૧. સારી રીતે બંધ કરેલા દરવાજા

## પદ-૬૩૪

(રાગ-સામેરી-દેશી ફેર વધાઈ)

હનિ હાં રે ગોકુલ આયે જદુરાય, નંદ જશોદા સુકૃત[1] ફલ પાય;
હનિ હાં રે વસુદેવ ગ્યે મથુરા મોઝાર, તબ વે ખોલે વજૂ કમાડ.....ટેક
કમાડ તાલા જૂટ ગયે, વસુદેવ જબ ભુવન ગયે;
પાદકી બેડી જૂટ ગયે, તબ પહુરવા સબ જાગ્યા.....૧
આનંદ ભયો જબ સુન્યો જાય, દેવકી બાલક ભયો;
પ્રધાન તહાં પુની કહી વેગે, કંસ મન આનંદ ભયો;.....૨
ગ્રહી પ્રાણ પછડાવે કો, તબહી બાલક ઉચ્ચરે;
કંસ તેરો કાલ હૈ, સો કહાં હું જાય ઉછરે.....૩
કહેત કર તેં ગયી છૂટી, કંસ મન સંશય ભયો;
ગંગલસુત શ્રીનાથ જૈ જૈ, ગોકુલમેં આનંદ ભયો.....૪

卐

૧. પુણ્યનું ફળ

## પદ-૬૩૫
### (રાગ-સામેરી-દેશી ફેર વધાઈ)

હનિ હાં રે જશુમતિકે સુતજાયો, સુનકે ગોપી ગ્વાલ સુખ પાયો;
હનિ હાં રે શ્રવણ સુનત સબ ધાયે બાલક વૃદ્ધ સબ મિલ આયે.....ટેક
હનિ હાં રે નિરખ્યો નંદકો લાલ, દેત આશિષ સબ વ્રજબાલા
હનિ હાં રે સબ મિલી કરે વિચાર, દધી ઉત્સવ રચ્યો તેણીવાર.....૧
હનિ હાં રે ગોપ વધૂ સબ ધાઈ, દધી અછક[1] હરદ્ દ્રુમ[2] લાયી;
હનિ હાં રે પ્રથમ નંદજીકે શિર પર, કરી પ્રણામ હૃદયમેં હર્ષે.....૨
હનિ હાં રે પરસ્પર ખેલન લાગે, નાચત ગાવત અતિ અનુરાગે;
હનિ હાં રે દધી હરદ્ છિરકે બાલા, મચ્યો હૈ કીચ નંદલાલા.....૩
હનિ હાં રે હરદ દધી દૂબ મેલે, ગોપી ગ્વાલ પરસ્પર ખેલે;
હનિ હાં રે ચિત્ર વિચિત્ર અતિ સોહે, નીરખી સુરિનરકો મન મોહે.....૪
હનિ હાં રે નીરખી સુરિનરકા મન મોહે, દધી ઓચ્છવ લીલા કરે;
હનિ હાં રે ધન ગોકુલ ધન નંદજી, સુર જા કો ધ્યાન ધરે.....૫
હનિ હાં રે નાચત ગાવત કરે કુતૂહલ, પ્રેમ મગ્ન સબ ભયે;
હનિ હાં રે આય પહુંચે ભુવન ભીતર, દીયો નંદ વધાઈ.....૬
હનિ હાં રે નંદજી બહુ સાજ મંગાઈ ગોપી ગ્વાલનકો દઈ;
હનિ હાં રે મણિમાલા ચીર ભૂષણ, કંચુકી નવરંગ નયી.....૭
હનિ હાં રે પહેનાયે સબ ગોપી ગ્વાલન, આશિષ દે કરી સબ ચલે;
હનિ હાં રે સુર કે પ્રભુ ચિરંજીવો, ગોકુલ ચંદ્ર પ્રગટ ભયે.....૮

卐

૧. છાશ ?     ૨. છોડ-ઝાડ

## પદ-૬૩૬
### (રાગ-સામેરી-દેશી ફેર વધાઈ)

હનિ હાં રે સાવન માસ સોહાયો, નંદ જશોદા સુકૃત ફલ પાયો;
હનિ હાં રે વદ અષ્ટમી બુધવારી, નક્ષત્ર રોહિણી માંહી જન્મે કુમાર.....ટેક
જન્મ જાયો આનંદ પાયો, ધન જશોદા ભામની;
સુકુમાર સુંદર નયન સુંદીર, દીયો નંદ વધામણી.....સાવન૦.....૧

સુનત સબ જન ગોપી ગ્વાલન, વિવિધ ભૂષણ અંગ સજે;
દધી રોચન[1] કલશ કુંકુમ, થાલ મંગલ કર સજે.....સાવન૦ ૨
આનંદ પાવત ગીત ગાવત, ગોપી ગ્વાલન સબ ચલી;
આય પહુંચી ભુવન ભીતર, વધાવત મન કીરલી.....સાવન૦ ૩
વદન નીરખી અતિ હર્ષી, જન્મ દુકૃત[2] સબ હરે;
મહિયારી સોચીત વિચારી, કહાં જરો ઉરમેં ધરે.....સાવન૦ ૪
ચરણ વંદી ચલે ચતુરા, નંદ બૈઠે તહાં આયી;
ગોપી ગાવત દધી લાવત, હર્ષ સુંદર કહાં તહીં.....સાવન૦ ૫
મૃદંગ રસિક બાહુ મોરલી, ગાવત ઐસે રંગ સુની;
ગ્વાલ નાચત કીચ મચત, મગ્ન ભયે સુરનરમુનિ.....સાવન૦ ૬
એક દેત વસ્ત્ર ઉતારી અપને, જાચક બંદીજન મીલે;
ધન ગોકુલ ધન નંદરાય, ધન ગ્વાલ સબ ભલે.....સાવન૦ ૭
નંદ ઉમંગી ધેનુ આણી, વિપ્રનકો કોટિક દઈ;
કરી વિનંતિ પાયે લાગે, ઐસી સમ્પતિ મુકી ભયી.....સાવન૦ ૮
એક ચીર ચંપા વર્ણ સુંદર કંચુકી હીરે જડી;
દેત અનેક બોલાયે વધુકો, નંદ ને પાયે પડી.....સાવન૦ ૯
પહનાયે સબ ગોપી ગ્વાલન, મગ્ન જશોદા કીરલી;[3]
નંદ નંદન ચિરંજીવો, આશિષ દેત સબ મિલી.....સાવન૦ ૧૦
મંગલ ગાયો સબ પાયો, સુર કારજ સબ સરે;
ત્રિલોક તારન ભકિત કારન, જન્મ લીલા જશ કરે.....સાવન૦ ૧૧

卐

૧. મનની રુચિ પ્રમાણેનું અથવા તો મનગમતું   ૨. પાપ   ૩. આનંદિત

## દેવગંધારાનાં પદો

### પદ-૬૩૭

(રાગ-પ્રભાતી)

તું પઢી નંદ રીઝાયો ઢાઢી, તું પઢી નંદ રીઝાયો;
માંગી માંગી અબ મોજ પ્રગટ ભયી, જો તેરે મન ભાયો રે ઢાઢી.....ટેક
તેરે ઢાઢીનકો સોનાકી જેહરી, ઘરેણું સરસ ઘડાયો;
સો તો રાખ ગવારો, જશુમતિ કો પહેનાયો.....૧

નંદ શું વાગો અપને અંગકો, ઢાઢીન કો પહેનાયો;
જરકશી પાઘ જરાવકો પટકો, ઢાઢી કટી જો બંધાયો.....૨
મુરકી માલા ઔર મુદ્રીકા, નખશિખ સાજ સજાયો;
દીની ઘેનુ ધોળી ઔર ધુંવરી, ઔર ભંડાર લૂંટાયો.....૩
મેરો ભાગ ભાગ આ વ્રજકો, જબ તું જાચન આયો;
સુરદાસ પ્રભુ જન અપને પ્રભુકો, આનંદ સુજશ સુનાયો.....૪

卐

## પદ-૬૩૮

આજ શ્રી ગોકુલમેં આનંદ, આજ શ્રી ગોકુલમેં આનંદ;
અર્ઘ નિશા ભયી મોહન પ્રગટે, ઘન વર્ષત હૈં મેહ.....૧
બંદીજન સહુ નિકટ બુલાયે, દાન દેત હૈ નંદ;
કૃષ્ણદાસકી આશા પુરી, શ્રી ગોકુલકે ચંદ.....૨

卐

## પદ-૬૩૯

(રાગ-પ્રભાતી)

નીરખો નંદકુમાર નેન ભરી, નીરખો નંદકુમાર રે;
જશુમતિ કૂખ ચંદ્રમા પ્રગટે, આ વ્રજકો ઊજિયાલો.....નેન૦ ટેક
આજ બનકો કોઈ જન જાયો, સુનો સગોપી ગ્વાલ;
અપને અપને વેશ સબ મિલી, લાવો વિવિધ શણગાર.....નેન૦ ૧
માંખન હરદી દૂધ દહીં ઓચ્છવ, મંડિત કરો હો દ્વાર;
પૂરો હો ચોક વિવિધ મુકતાકો,[1] ગાવત મંગલ ચાર.....નેન૦ ૨
ચહુ ઔર ધૂની કરત મહામુનિ, હોત નક્ષત્ર વિચાર;
ઉદિત પુન્યકો પુંજ શ્યામલો, સકલ સિદ્ધિ દાતાર.....નેન૦ ૩
ગોકુલ વધૂ નીરખી આનંદીત, સુંદરતા સબ સાર;
દાસ ચત્રુભુજ પ્રભુ ચિરંજીવી, જશુમતિ પ્રાણ આધાર.....નેન૦ ૪

卐

૧. મોતીઓ વડે

### પદ-૬૪૦

(રાગ-પ્રભાતી)

ગ્વાલ દેત હૈ હેરી ઘર ઘર, ગ્વાલ દેત હૈ હેરી રે;
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ઢોલ દલામાં ભેરી રે.....ટેક
લૂંટત ઝૂંટત ખાત મિઠાઈ, કહી ન શકે કા કેરી રે;
ઉન્મત્ત ગ્વાલ કરત કુતૂહલ, વ્રજ વનિતા સબ ઘેરી રે.....૧
ધજા પતાકા તોરણ માલા, સબ હી શણગારી શેરી રે;
પરમાનંદ દાસ કો ઠાકોર, પ્રગટયો કંસકે વેરી રે.....૨

卐

### પદ-૬૪૧

(રાગ-પ્રભાતી)

ભલી બાત સુની આઈ હું તો એક, ભલી બાત સુની આઈ;
મહિયારી જશોદા ગૃહે બાલક જાયો, આંગન બાજત વધાઈ[1] રે.....ટેક
દ્વારે ભીર ગોપી ગૌધેનુકી, મહિમા વરણી ન જાય રે;
અતિ આનંદ હોત ગોકુલમેં, રત્ન ભોમ કો છાય રે.....૧
નાચત તરુણ વૃદ્ધ અરૂ બાલક, ગોરસ કીચ મચાઈ રે;
પ્રેમાનંદ પ્રભુ વ્રજમેં પ્રગટે, હૈ સંતન સુખદાઈ રે.....૨

卐

૧. વધામણી

### પદ-૬૪૨

(રાગ-પ્રભાતી)

વંધાઈકો દિન નીકો, આજ વધાઈકો દિન નીકો;
નંદ ગૃહિણી જશુમતિ જાયો, લાલ ભાવ તો જીકો.....ટેક
પંચ શબ્દ ધૂની બાજાં બાજત; ગૃહે ગૃહે થયો ટીકો;
મંગલ કલશ લિયે વ્રજ સુંદરી, ગ્વાલ બનાવત સીકો.....૧
દેત આશિષ સકલ ગોપીજન, જીવો જીવો કોટિ વર્ષો;
પરમાનંદ દાસ કો ઠાકોર, ગોપ વેષે જુગદીશ.....૨

卐

## પદ-૬૪૩
### (રાગ-પ્રભાતી)

આજ ગૃહે નંદ મહરકે વધાઈ, પ્રાત સમે મોહન મુખ નીરખત;
કોટી ચંદ્ર છબી પાઈ રે, આજ ગૃહે નંદ મહરકે વધાઈ.....ટેક
મિલી વ્રજનારી મંગલ ગાવત, નંદ ભુવનમેં આયી રે;
દેત આશિષ જીવો જશુમતિ સુત, કોટિ વર્ષ કનૈયો.....૧
નિત્ય આનંદ ભયો વૃન્દાવન, ઉપમા કહી ન જાય રે;
સુરદાસ ધન ધન નંદરાણી, દેખત નેન સિરાઈ[1] રે.....૨

卐

૧. ધરાઈ અથવા જોયા કરવાનું મન થાય એવું મધુર

## પદ-૬૪૪
### (રાગ-પ્રભાતી)

જશોદા સુવર્ણ ફૂલ ફૂલી, તુમ્હારે પુત્ર ભયો ફુલ મંડન;
વાસુદેવ સમતૂલી રે, જશોદા સુવર્ણ[1] ફૂલ ફૂલી.....ટેક
દેત આશિષ વર દેત ગ્વાલની, ગાવઁ ગાઁવ થૈ આયી રે;
લઈ લઈ ભેટ નયી નિકસી, મંગલ ચાર વધાઈ રે.....૧
ઐસે દશે જો કહીએ ઓરા, સબ કોઈ સુખ પાવે રે;
બઢયો વંશ નંદ બાવા કો, પરમાનંદજી એ ભાવે રે.....૨

卐

૧. સોનાનું

## પદ-૬૪૫
### (રાગ-પ્રભાતી)

આજ વધાવો નંદન કે દ્વાર, ગાવ હું મંગલ ચાર રે;
આવહું અનંદ કલશ સાજી[1] દધી, ફલ નૂતન કે ડાળ રે.....ટેક
ઉર પર મેલે નંદરાય કે, ગોપ સબ નમીહાર રે;
મગધ બંદિસુત મિલી દ્વારે, પ્રસ્તુતિ કરત કેવાર રે.....૧

પાયે પૂરણ આશ આનંદિત, સબ મીતિ દેત આશિષ રે;
નંદરાયકો લાડીલો એહ, જીવો કોટિ વર્ષો રે.....૨
તબ વ્રજરાય આનંદિત, બહુવિધ દીને વસન બનાઈ રે;
ઐસી શોભા દેખી પ્રભુકી, સુરદાસ બલ[૨] જાય રે.....૩

卐

૧. સજાવી-તૈયાર કરી   ૨. કૃતાર્થ થાય

## પદ-૬૪૬

આંગન નંદને દધી કાદવ, છિરકત ગોપી ગ્વાલ પરસ્પર,
પ્રગટે જુગમેં જાદવ, આંગન નંદ કે દધી કાદવ.....ટેક

બાજ તૂર કરત કુતૂહલ, વારી દે દાન,
જીવો પુત્ર જશોદા તેરો, જે ઘર સદા કલ્યાણ.....૧

દૂધ દધી ઘૃત કાવર જોડી, માંખન માટ સજૂત;
ઘર ઘર નોં સબ ગાવત ચલી, ભયો મહરકે પુત્ર.....૨

છિરકે ગ્વાલ છબીલે દીસે, હરદી પુટ સોવાન;
પરમાનંદ દાસ કો ઠાકોર, જશુમતિ જીવન પ્રાન.....૩

卐

## ઢાઢીઓ

## પદ-૬૪૭

(રાગ-મારૂ)

ઢાઢીઓ રઘુનંદજીકો, નંદકે દ્વારે ગાયે હો;
ગહર મહર ગોપીન કે રાજા, હૈ કોઈ જાઈ સુનાવો હો.....ટેક

સરયુ કે તીર અયોધ્યા પુરમેં, સમાચાર તહાં પાયો હો;
વરવે સકલ ગુનકે આગર, પુત્ર મહર ઘર જાયો હો.....૧

મંગલ વર વપુ[૧] ધરે શ્યામ, જહાં તાહીં કે ઘર જાઉંગો;
જે જે જન્મકર્મ ગુન કર હે, શાખ વેદ મત ગાઉંગો.....૨

જે કછુ કિયો કરેંગે જે કછુ સોઈ સોઈ યહાં જાનો હો;
કલિયુગ ચરિત્ર અલ્પમતિ, અનુસાર સુજશ વખાણ્યો હો.....૩

જલચર કમઠ વરાહ વપુ નૃસિંહ, વામન હો, વપુ ધારી હો;
અમર કાજ રમાપતિ પ્રગટે, ક્ષત્રિય દલન મોરારિ હો.....૪

રાજરાજ અભિરાજ શિરોમણિ, રામચંદ્ર હિતકારી હો;
અમર કાજ રંકાપતિ પ્રગટે, લીલા રૂપ તુંહારી હો.....૫

સો હરિ હરણ ભાર ભૂ પ્રગટે, કંસાદિક વધ કાજે હો;
રાજીવનેન દેત વ્રજજન સુખ, અંગ અનંગ વપુ[1] છાજે હો.....૬

સકટ બકી માર તારે તરુ, વિશ્વમૂખમાં દેખાયે હો;
કર બંધન જનુનિ વશ હોયેગો, બ્રહ્માદિક કો મોહેંગો.....૭

કોપિત સુરપતિ સપ્ત દિવસ લો, શૈલ[2] વામ કર ધારેંગે હો;
મહા પ્રલયમેં મેઘ ગર્જ્યો, મઘવાકો ગર્વ નિવારેંગે હો.....૮

કાલિ દમન કાલિંદી કે તટ, સહેજે સાકીત સુખ કરેંગે હો;
દાવાનલ વ્યાપક વ્રજ રખહી, નંદજી ગૃહસ્થ ઉગારેંગે હો.....૯

વિપુણ કેલ કલ્યાણ વિપુકારી, બંસી વૃન્દાવન ઠાનેંગે હો;
પુન્યપુંજ[3] ફલ વ્રજવાસીનકો, મોહ મત્સર ગતિ ગાનેંગે હો....૧૦

પુની રચી રાસ વિલાસ ગોપીનકા, જુવંતી જૂથ સબ મોહેંગે હો;
જલ ક્રીડત આનંદ ભયો હૈ, કર કરની વશ હોયે હો....૧૧

બકી આદિ શિશુપાલ અતૂલ બલ, અસુર રિપુ શ્યામ સહાંરેગે હો;
સુજશ રાજે સંત સબનકી, પદરાજ ઢાઢી ગાવેંગે હો....૧૨

સુનિ સુકૃત[4] જશ વિમલ ભયે નંદ, મોદ હી મચિત આયે હો;
પ્રેમ ભકત રઘુનાથ ચરણરજ, ઉચિત દેવાકર પાયો હો.....૧૩

卐

૧. શરીર ૨. પર્વત ૩. પુણ્યનો ઢગ ૪. પુણ્ય

# દધી ઓચ્છવનાં પદો

## પદ-૬૪૮

(રાગ-આશાવરી)

આજ મહા મંગલ ગોકુલમેં, પુત્ર જશોદા જાયો હો;
પુરે સકલ મનોરથ મનકે, અતિ આનંદ મન ભયો હો.....ટેક
ગાવત ચલી સકલ વ્રજવનિતા, નંદભુવન ચલી આયે હો;
પાયે લાગી ઊઠી આદર દીનો, જશોદા નિકટ બુલાયો હો.....૧
નામ ડરન શુભ ધર્યો ગર્ગાએ જો, રોચન દ્રુમ મંગાયો હો;
ગુરુજન પુરીજન સકલ સંતજન, સબકે શિશ નમાયો હો.....૨
ઘડી નક્ષત્ર પરે શુભની કે, એહ સુની સબકે અનુરાગે હો;
ધન ધન નરનારી ગોપીકા, નંદ પરમ બડભાગી[1] હો.....૩
વાસુદેવ ભગવાન કૃષ્ણજી, નામ તુમ્હારો ગાઉ હો;
નામ અનંત કહાં લગી વરણું, વરણત પાર ન પાઉ હો.....૪
નાચત ગોપ કોલાહલ પુરમેં, ભીર ન કાહું સમાયે હો;
દેખત અમર વિમાન ચઢી ચઢી, આંગન બાજત વધાઈ હો.....૫
એહ સુની મુનિ વિનંતિ વિસરાઈ, હમ ન ભયે વ્રજવાસી હો;
જા કારણ હમ જગ કીનો, પ્રગટ ભયે અવિનાશી હો.....૬
ઢાઢી ગાવત ઢાઢની નાચત, પાવતી મોતિઓની માલા હો;
દેત આશિષ પ્રસારતી સંચરે, ચિર જીવો નંદજીકો લાલ હો.....૭
કંસ વધ ભૂભાર ઉતારન, તીન લોક સુખદાયી હો;
માનદાસ પ્રભુકે ગુન ગાવત, બાર બાર બલ જાયી હો.....૮

卐

૧. ભાગ્યશાળી

## પદ-૬૪૯

(રાગ-આશાવરી)

દેખો અદ્‌ભુત અવિગત[1] કી કૈસો રૂપ ધર્યો હૈ હો;
તીન લોક જા કે ઉદર ભુવનમેં, સો જશુમતિ ગોદ ખેલાયો હો.....ટેક
બ્રહ્માદિક સનકાદિ નારદ, સકલ વિશ્વરસ સાધ્યો હો;
તાકી નાલ[2] કાટે વ્રજસુંદરી, બાટત ગાંઠ બાંધ્યો હો.....૧

સુરનર મુનિ જાકો ધ્યાન ધરત હૈ સકલ ચાતુરી ઠાની હો;
સો મુખ નંદ જશુમતિ ચુંબત, જા કે દૂધ લાળ લપટાની હો.....૨
તીન લોક જા કી આશ કરત હૈ, સો માખન દેખન આયો હો;
સો ઠાકોર ગિરિ કર ધર્યો હૈ, સો પાલનામેં ઝૂલાયો હો.....૩
જીવ શ્રવનની, ગજકી કરુણા સુની, ગરુડાસન વિચરાયો હો;
સોઈ સબન કે નિકટ જશોદા, હુલરાદ્રો[3] અરૂ ગાયો હો.....૪
જિન ભુજનતેં પ્રલ્હાદ ઉગાર્યો, હિરણાકંસ વિડાર્યો[4] હો;
સોઈ ભુજ પકડ પકડ વ્રજજુવંતી, ઠાડે[5] હોત પ્યારી હો.....૫
બ્રહ્માદિક જાકી આદા ન જાને, શિવ સમાધિ ન ટારી હો;
સોઈ સુરદાસ કો ઠાકોર, ગોકુલ ગોપ બિહારી હો.....૬

卐

૧. જેની વિગત જાણી શકાતી નથી તેવા ભગવાન ૨. દાંડી-મણિપુર કમળની નાળ ૩. હાલરડું ૪. માર્યો ૫. ઊભી

## પદ-૬૫૦

નંદજી મેરે મન આનંદ ભયો, સુની ગોવર્ધનસેં આયો હો;
તુમ્હારો પુત્ર ભયો મેં સુનકે, અતિ આતુર ઊઠી ધાયો હો.....ટેક
બંદીજન અરૂ ભિક્ષુક સુનીકે, ઠોર ઠોર[1] તહાં આયો હો;
એક આશ મોહેં લગ રહી હૈ, બહુત દિનનકે છાંયે હો.....૧
એક કંચનમણિમાલા મુકતા, નાના વસન[2] અનુપ હો;
મોહે મિલે મારગકે માંહી; જાચક[3] કહાં કે ભૂપ હો.....૨
દીજે મોહે કૃપા કરી નંદજી, જો હું આયો માંગન હો;
જશુમતિ સુત જાયો તુંહારો, ખેલન આયે આંગન હો.....૩
જબ એ મદનમોહન મુખ બોલે, સો સુનકે ઘર જાઉં હો;
સુનો નંદજી તુમ બડ દાતા, તબ વિદ્યા ભલી પાઉં હો.....૪
તુમ તો પરમ ઉદાર નંદજી, જો માગ્યો સો દીન્હો હો;
ઔર નહિ કોઈ ત્રિભુવનમેં, આપ સરીખો કીનો હો.....૫
લક્ષ દેત હું પડયો રહુંગો, બિનદેખે નહિ જાઉં હો;
હું તો તુંહારા ઘરકો ઢાઢી[4] સુરદાસ મેરો નામ હો.....૬

卐

૧. ઠેર ઠેર- બધે ૨. કપડાં ૩. ભિખારી ૪. ઊભો

## પદ-૬૫૧
### (રાગ-આશાવરી)

નંદજી મેરે મન આનંદ ભયો હૈ, હું બરસાને થેં આયો હો;
શ્રી વૃષભાન કહ્યો સુની મોંસુ, પુત્ર જશોદા જાયો હો.....ટેક
કીર્તિ જર્યો કહું તેરી કે, સુન રે ઢાઢી આયી હો;
જશુમતિ શું કહ્યો પાયે લાગન, પીછે બાત ચલાઈ હો.....૧
દેઈ કરી મેરે મન ભાયો, તબ મેં પકડ પાયી હો;
તીન કાલથી હું લોકકો યહ સુખ, નૈન દેખ્યો આયી હો.....૨
તુમ તો પરમ પવિત્ર નંદ જર્યો, બડે ગોપકે જાયો[1] હો;
તુંહારો જશ કહ્યો કહાં લ્યોં, વેદ પુરાણ ન ગાયો હો.....૩
જો પ્રભુ અખિલ લોક ચૂડામણિ,[2] સો તેં બૈઠે આયો હો;
ગઈ શૂળ વ્રજજન આનંદ ભયે, સકલ તિમિર નસાયો હો.....૪
પર્વત સાત રત્ન કે દીને, દ્વિ લક્ષ ધેનૂ નવાય હો;
ઔર દાન દિયે બહુતેરે, તીનકો પાર ન પાયે હો.....૫
લહું સોઈ જો હું જાચું[3] ચિરંજીવો[4] જો કનૈયા હો;
બૈઠે ગોપસભામેં રાજીત, બહુત જો દેત વધાઈ હો.....૬
પકડી બ્રહ્મ ઢાઢીકી લીની, ભીતર ભૂવન પધારે હો;
સુનત હરિકી કીર્તિકી બાતેં, ઢાઢી કહેત સુધારે હો.....૭
જો એહ માંગે સોઈ દીજે, જીવનપ્રાણ હમારે હો;
શ્રીમોહન પ્રભુકો મુખ નિરખત, જાદવ તનમન ઓવારે હો.....૮

卐

૧. પુત્ર　૨. મુગટમાં જડેલો મણિ　૩. માગું　૪. લાંબું જીવો

## પદ-૬૫૨
### (રાગ-આશાવરી)

હું ઢાઢી વૃષભાન રાયકો, લેને વધાઈ આયો રી;
જવલમેં જબ સુની વધાઈ, જશુમતિ સુત જાયો રી.....ટેક
સુરપુર નાગલોક પુર, ભયો જય જયકાર રી;
વર્ષત કુસુમ દેવતા સબ મિલી, નંદરાય કે દ્વાર રી.....૧

ઉદય ભયો કુલમેં ચંદ્રમા, પહોંચી મનતણી આશ રી;
જિન જે માંગ્યો તીન સબ પાયો હૃદયે બઢયો હુલાશ[1] રી.....૨
તુમ હો પરમ ઉદાર નંદજી, દીને રત્ન ભંડાર રી;
દાન દેને કો અપને મનમેં, નાહીંન કરત વિચાર રી.....૩
જો માંગ્યો સો દિયો ભરપુર, બહુત ન માંગ્યો દાન રી;
કીર્તિ ઔર કહાં હું વર્ણવું, ભયો કુબેર[2] સમાન રી.....૪
સતયુગ દ્વાપર કલિયુગ, ભયી ન ઐસો દાતા રી;
તું હારા જશ કો પાર નહિ, તીન લોક વિખ્યાત રી.....૫
કલ્પવૃક્ષ[3] જિનકો ઘર ભીતર, અરૂ કામધેનુ સો ગાય રી;
તીન કી કોન ચલાવે ભૈયા, જા ઘર ત્રિભુવન રાય રી.....૬
જન્મો જન્મકી આશા મેરી, પૂરો વ્રજકે રાજ રી;
દેખું દર્શન તુંહારે સુતકો મન વાંચ્છિત હોયે કાજ રી.....૭
એક બેર રજચરણ કમલકી, લે ધરું અપને માથે રી;
કૃષ્ણદાસ વલ્લભ કે ઢાઢી કિયો જન્મ સનાથ રી.....૮

卐

૧. આનંદ   ૨. ધનાઢય વ્યકિતને કુબેર કહેવાય   ૩. એવા ઋતુનું એક ઝાડ કે જેની નીચે ઊભા રહેવાથી મનની ઈચ્છા પ્રમાણે ફળ આપે

## પદ-૬૫૩

(રાગ-આશાવરી)

આજ નંદજીકે દ્વાર ભીર, કૃષ્ણે અવતાર લિયો ગોકુલમેં;
ઘર ઘર ક્રીડા કરત આહીર, આજ નંદજીકે દ્વારે ભીર.....ટેક

ઘર ઘર તેં બાનેકી વ્રજવનિતા, પહેરી પાટ પીતામ્બર ચીર;
તાલ પખાવજ બાજત ઝાલરી, નાચત કામની ધરત ન ધીર.....૧

એકન તિલક કિયો કેસરકો, એકન કો ઓઢાવત ચીર,
એક આવત એક જાલ વિદાયે એક ઢાઢી જમુનાકે તીર.....૨

બાવાનંદકી ખડકીમેં મૈં ઢાઢી કરત ન્યોછાવર ધરત ન ધીર;
પરમાનંદ પ્રભુ સુખકો સિંધુ, કંસ દહન પ્રગટે બલવીર.....૩

## પદ-૬૫૪
(રાગ-આશાવરી)

આજ નંદજીકે મન ભયો હૈ, ચૌદ ભુવન જાકે મુખમાંહે;
બાલક જન્મે કુંવર કનૈયો, આજ નંદજીકે મન આનંદ ભયો હૈ.....ટેક
ગોપ ગ્વાલન નાચે અરૂ ગાવે, પંચ શબ્દ[1] વાજિંત્ર બજાહી;
ભૂમંડલ પર દેવતા પુષ્પ કી વર્ષા વર્ષાયી.....૧
નિર્ગુણ ને સગુણ છબી લાયે, ભકત વત્સલકી બહુત વધાઈ;
માધવદાસ શ્રી વ્રજવાસી, ગુરુ પ્રતાપે લીલા ગાઈ.....૨

卐

૧. પાંચ સુરવાળું વાજિંત્ર

## છટ્ઠીનાં પદો
### પદ-૬૫૫ (રાગ-સારંગ)

હરિજી કી છટ્ઠી વિદોગત રાત, ચૂવા ચંદન ઔર અરગજા;
ઉવટ ન કીનો ઘાત રે, હરિજી કી છટ્ઠી વિદોગત રાત.....ટેક
જતન જતન કરી કીનો મંજન, કુંવર લીનો હાથ;
પૂજા કરી પાલણે પોઢાવ્યો, લેત વધૈયા માત.....૧
કુંકુમ ચંદન ઘાત[1] કમલ, મિસી[2] ધરી શિરાને સાથ;
શુભકો એક લિખ્યો હૈ, ચૌદ ભૂવનકો નાથ.....૨

卐

૧. કોઠો અથવા નાનું વાસણ ૨. દાંત રંગવાની ભૂકી

### પદ-૬૫૬
(રાગ-સારંગ)

મંગલ દિવસ છટ્ઠી કો આયો, આનંદે વ્રજરાજ જશોદા;
માનુનીએ ધન ધન પાયો, મંગલ દિવસ છટ્ઠી કો આયો.....ટેક
કુંવર નવાય જશોદા રાણી, કુલદેવ કો પાયે પડાયો;
થલી પ્રકાર વિવિધ કો કરકે, આગે ધરી ભલો જો મનાયો.....૧
સબ વ્રજનાર વધાવન આયે, સુતકો તિલક બનાયો;
જૈ જૈકાર હોત ગોકુલમેં, જન ડુંગર ગાયે હો.....૨

卐

## પદ-૬૫૭

(રાગ-સારંગ)

હરિજી કી છઠ્ઠી શુભ દિન આયી, કંચનથાલ મોતીઅન કે ભરકે;
જશોદા માત વધાઈ, હરિજી છઠ્ઠી શુભ દિન આયી.....ટેક
તાલ મૃદંગ ઝાંઝ બજાઈ, સાજે સ્વર મિલાઈ;
નાચત ગાવત કરત કુતૂહલ, આનંદ ઢોલ બજાઈ.....૧
જાચક સબ મિલન ગૃહ આયે, લાલન કો જશ ગાઈ;
દાસ ઉમેદ પ્રભુ સુખદાયી, સબકો મન રીઝાઈ.....૨

卐

## પદ-૬૫૮

(રાગ-સારંગ)

હરિજી કી છઠ્ઠી કો દિન આયો, જૈ જૈકાર ભયો ગોકુલમાં;
સબ જનકે મન ભાયો, હરિજીકી છઠ્ઠી કો દિન આયો.....ટેક
કુંકુમ કેસર ચંદન ઘોળે, લાલન ઉવટ નવાયો;
શુભ પારણે પોઢાવે જશુમતિ, આનંદ મંગલ ગાયો.....૧
ખડિયો કાગજ કલમ મંગાઈ, લાલન આગે ધરાયો;
દાસ ઉમેદ પ્રભુ કે એક લખે હૈ, ચૌદ ભુવન પદ પાયો.....૨

卐

## દશાવતારનો ઢાઢીઓ

## પદ-૬૫૯

એક અયોધ્યાપુર કો ઢાઢી, એક અયોધ્યા પુર કો;
કહું રે પવાડો[1] આદિ અંતકો, તે રઘુપતિ ઘરકો રે.....ઢાઢી૦ ટેક
મત્સ્ય રૂપ ધર્યો મધુસૂદન, સંખાસુર જેણે માર્યો;
દેને આની વેદ બ્રહ્માકો, તબહી કારજ સાર્યો.....ઢાઢી૦ ૧
મહોવતારે મત્સ્ય વખાણું, ચતુર પ્રવીણ મોરારિ;
સો અબ કૃષ્ણ વખાણું ઢાઢી, ગોકુલ નગર મોઝારી.....ઢાઢી૦ ૨

卐

૧. ગાનનો એક પ્રકાર જેમાં કથા હોય

### સાખી

પ્રથમ ગુણ સાંભળો, સતયુગમેં કિયા;
મત્સ્ય રૂપે અવતરે, સબકો સુખ દિયા.....૧
અસુર સર્વે માર્યા, સો નિકંદન ગયા;
ચારો વેદ નખશિખ સુદ્ધાં બ્રહ્માકો દિયા.....૨
સંખ્યાસુર ઉદર ફાડયાં, સો નિકંદન કિયા;
સુંદર રૂપ સકલ મહીં, સો વેદ કહ્યા.....૩
નેન બેન ગુનકો કહે, ઔર પૂછ વધૈયા;
કહે ઢાઢી નિશાનીયાં, એ મત્સ્ય ભણૈયા.....૪

### ચાલ

કૌરમ[1] રૂપ નારાયણ, મેરુ મંથાની કિયા;
નેતરા કિયા નાગ વાસુકી, શોધ શોધ અંત લીયા.....ઢાઢી૦ ૩
ચૌદ રત્ન જતન કરી કાઢે, અસુર બાંધ વિષ દિયા;
અમર અમર કિયે કમલાપતિ, ઐસી અદલ ચલૈયા.....ઢાઢી૦ ૪

૧. કાચબા જેવું રૂપ ?

### સાખી

દૂજે કૌરમ અવતરે, જિન જોર દેખાયા;
સાત સમુદ્ર મટુકી કિયા, નેતરા ગૃહ લાયા.....૫
મેરુ મથાની રોપકે, ધરી પીટ થંભૈયા;
એક ઔર સબ દેવતા, એક અસુર લગૈયા.....૬
અવળા સવળી ફેરકે, ચૌદે નંગ લાયા;
અસુર મારી સુર સ્થાપ્યા, વિષ અમૃત પાયા.....૭
રૂપ મોહિની જબ કિયા, એહી વિધ ભરમાયા;
મધુ કિટ શિર ભાંગ્યા, સો ઢાઢી ને ગાયા.....૮

### ચાલ

અબ વરાહ રૂપ વખાણું, કરુણા મેં સુખકારી;
પાયમેં ઘુંઘરડી વાજે, અવગિત લખ્યો ન જાય.....ઢાઢી૦ ૫
મહા હિરણાક્ષ ભુજ ભંજન વિશ્વ દંત ધરી રાખી;
સાત સમંદ્ર શોધ લિયો પલકમેં, વેદ સ્મૃતિ સત ભાખી.....ઢાઢી૦ ૬

## સાખી

તીજે વરાહ અવતરે, વરા ગર્જયે;
દાઢ ઉપર તલ સમાન, વસુધા ધર્જયે.....૯
એહી રૂપ હરિ જબ કિયા, ધરતીકે કાજે;
અસુર પછાડે પલકર્મે, ગંભીર ગર્જયે....૧૦
નેન બેન ગુન કારીયાં, ગુર ગર્જયે;
કહે ઢાઢી નિશાનીયાં, હિરણાક્ષ પ્રજળ્યે....૧૧

## ચાલ

નૃસિંહ રૂપ ધર્યું નારાયણ, અર્ધ સિંહ અધિકારી;
તેજ પુંજ અવતાર વખાણું, વિકટ ઘાટ સુખકારી.....ઢાઢી૦ ૭
ચંચલ ભયે અસુર સબ કંપે, નિકસે સ્તંભ વિડારી;[1]
ભકત હેત અવતાર લિયો હૈ, કરુણામેં સુખકારી.....ઢાઢી૦ ૮

૧. ફાટવું

## સાખી

અમૃત વાણી ઓચરે,[1] પ્રહ્લાદ લટકયા;
હિરણાકશિપુ કે હૈયામેં, બે બોલ ખટકયા....૧૨
જલ સ્થલ જીવ છોડાવ્યા, સો માંહી અટકયા;
ખડગ સાહી ખડતલ ભયા, માનુ મેરુ મયકયા....૧૩
કુદરત સ્તંભ વિડાર્યા, ગૃહ બાંય ઝટકયા;
નખ સુ ઉદર ફાડયા, મૂંહ ગાલ મટકયા....૧૪
કુડ કુડ દાંત બજાવ્યા, માનુ મેરુ મટકયા;
તીન લોક વ્યાકુલ ભયે, કો હે આજ ઘટકયા....૧૫
તેજ પુંજ સે રોળિયા, પલમાં હે પટકયા;
ધરતી અંબર[2] થરથરે, જલજીવ છટકયા....૧૬
કહે ઢાઢી નિશાનિયા, સબ અસુર પ્રજાળ્યા..

૧. બોલે    ૨. આકાશ

### ચાલ

વામન રૂપ ધર્યું વનમાલી, બ્રહ્મ રૂપ અતિ સોહે;
દંડ કમંડલ મુંજ[1] મેખલા, લોક કહે એ કોહે.....ઢાઢી૦ ૯
ચારે વેદ પઢ લિયો હૈ પલકમેં, યજ્ઞ સભા સબ મોહે;
વામન રૂપ ધર્યું વનમાલી, જુગ ઉપવિત ધારી સોહે.....ઢાઢી૦ ૧૦

૧. એક પ્રકારનું ઘાસ

### સાખી

બલિબંધન કે કારણે, બ્રાહ્મણ વ્રતધારી;
દંડ કમંડલ મુજબંધ, મેખલા મોરારિ.....૧૭

માનુ ભાનુ પ્રકાશ્યા, ફૂલે નરનારી;
રાજા મન આનંદ ભયો, માંગો બ્રહ્મચારી.....૧૮

ઉચિત હાથ ઝારી લઈ, જબ દેહ પખારે;
ભોમ ભોમ પુનિ કહે, એ ભોમ હમારી.....૧૯

પાય તળે રે ચાંપ્યો ત્રુઠે વનમાલી;
કહે ઢાઢી નિશાનીયાં, બલિ બંધન કારી.....૨૦

### ચાલ

પરશુરામ અવતાર વખાણું, મહાજોધ બલવંત;
ક્ષત્રી મારી નક્ષત્રી કીની; શોધ શોધ લિયો અંત.....ઢાઢી૦ ૧૧
સહસ્ત્રાર્જુન કે ભુજ ભંજન, રાખી પિતાકી તંતા;[1]
અરિભુજ[2] ભંજન ગર્વ વિહંડન,[3] સદા સંતકો સંત.....ઢાઢી૦ ૧૨
સાત કુંડ રુધીર કરી સ્થાપે, વિપ્રકો રાજ દિયંતા;
રાજ કરતાં એહી રીતે, નિશદિન ધ્યાન ધરંતા.....ઢાઢી૦ ૧૩

૧. નેમ    ૨. દુશ્મનોના હાથ    ૩. તોડી નાંખવો

### સાખી

પરશુરામ કીર્તિ કહું, ત્રેતાયુગ મંડત;
મા બાપ કો સુખ દિયા, ક્ષત્રિય શિર ભંજન.....૨૧
તીન લોક શુદ્ધ કિયા, ફરસી શું ખંડન;
ભૃગુપતિ વશ વખાણીઆ, અવતાર પ્રચંડ.....૨૨

મહાદાન દાનેશ્વરી, દાતા અખંડન;
સપ્તદીપ દીપાવતી, દાતાર પ્રચંડ.....૨૩
પરશુરામ રામહી મિલે, સન્મુખ સીયા સહિત;
ઉરભર આયે ફરસી ધરી તબ, શ્રીમુખ આપ કહેત.....૨૪
પરશુરામ બ્રાહ્મણ ભયે, જબ હરે તેજ સહિત;
કહે ઢાઢી નિશાનીયા, હજુ કો કોન દેશ રહેત.....૨૫

ચાલ

સુરજવંશ સદા સુખદાયી, રઘુનંદન શ્રી રામ;
કૌશલ્યા દશરથ કે પ્યારી, અસુર સંહારન કામ.....ઢાઢી૦ ૧૪
ખર દુખર મારન, યજ્ઞ સમારન, વિશ્વામિત્ર વિશ્રામ;
નૃપતિ હઠાવન ધનુષ ચઢાવત, સીતા લાવન ધામ.....ઢાઢી૦ ૧૫

સાખી

સીતા રાવણ લે ગયો, વનમાંહે વસંતા;
શલ્યા સેતુ જિન બાંધ્યો, પાષણ તરંતા.....૨૬
પદમ અઢારે વાનરે, કિલકાર કરંતા;
યુદ્ધાયુધ કે કારણે ગઢ પેડ ધરંતા.....૨૭
કનક મેરુ નવ લહે, બાહર સરંતા;
તાકો તીર ચલાવ્યા, ઉડુગણ મરંતા.....૨૮
રાવણ માર્યો પલકર્મે, અહંકાર કરંતા;
વિભિષણ રાજ દિયો, દશશિશ હરંતા.....૨૯
રામ અયોધ્યા આવહી, નિશાન ધુરંતા;
કહે ઢાઢી નિશાનીયાં, એ રામ ચરિત્રા.....૩૦

ચાલ

અબ અવતાર આઠમો મથુરા, અર્ધ રાત હરિ જાયે;
દેવદુઃખ ખંડન સદા સુખકારી, વસુદેવ મન ભાયે.....ઢાઢી૦ ૧૬
સુતે અસુર સકલ નરનારી, તબ મેકમત ઉપાય;
જમુના પાર ઉતારે કૃષ્ણકો, નંદ ઘર પહુંચાય.....ઢાઢી૦ ૧૭

સાખી

મથુરા કહીન અવતરે, ગોવિંદ મોરારિ;
નવનવ મંગલ ઓચરે, પહેલે પટ સારી.....૩૧
કનક કલશ ધજા ફરફરે, વૈકુંઠ તહાં સારી;
નંદ ઉમંગી કો કહે, દાતાર મહિયારી.....૩૨
હીરા ચુની લાલસે, ભરી ભરી દે થાળી;
ગૌ વચ્છ ધનકો કહે, દે સારી સામટી.....૩૩
કહે ઢાઢી નિશાનીયાં, ગોકુલ મોઝારી.

ચાલ

પ્રથમ પુતના ઔર કાંગેસુર, રજક પછાડયો ઉન બાલા;
મુષ્ઠિક ચાંડુલ મલ વલીઆ, કંસાકસુર કો કાલ.....ઢાઢી૦ ૧૮
કાલિ દમન ભુજાગિરિ થંભન, ગૌવચ્છા[1] પ્રતિપાલ;
વૃન્દાવન બંસીવટ જમુના, લીલા લલિત ગોપાલ.....ઢાઢી૦ ૧૯

૧. ગાય અને વાછરડાના રક્ષક

સાખી

રજક પછાડન અવતરે, કંસાસુર હણ્યા;
મુષ્ટિકમલ કબ લિયા, ચંડુલ ચંલશી.....૩૪
જમલા અર્જુન પુતના, અક્રુર તરણશીં;
સરસ ગોઠ ગોકુલ મંહી; બલરાજ રહંશી.
કહે ઢાઢી નિશાનીયાં, એ કામ કરંશી.....૩૫

卐

ચાલ

રાધારવન પ્રીત પીતામ્બર, રાસ વિલાસી શોહે;
મોહે પશુપંખી સુર તરુ, દધીદાનીના મન મોહે.....ઢાઢી૦ ૨૦
ઉમંગે નંદ જશોદા માતા, ઢાઢી ઔર બુલાયો;
ભકિત ભાવે ગુરુ સેવા પ્રતાપે, પરમાનંદ પહિચાને.....ઢાઢી૦ ૨૧

卐

# રાધા અષ્ટમીની વધાઈ

## પદ-૬૬૦
## (રાગ-આશાવરી)

જન્મ લિયો વૃષભાન ગોપ, બૈઠે સબ સિદ્ધ દ્વારે હો;
લગ્ન નક્ષત્ર બલધરી શોધકે, ગુરુ જન કિયો વિચાર હો.....ટેક

કાંચન મણિ આંગણ આર્ગેરહી, બોલત વ્રજવર બેન હો;
કબહુ સૂધ પાવત શું ભુવનતેં, પુત્ર જન્મ કો ચૈન હો.....૧

ઈતને એક સખી ધાઈ આયી, જહાં બૈઠે બલ ગ્વાલ હો;
વેગે પુકાર કહ્યો મુખ આલી, પ્રગટી સુતા લઘું બાલ હો.....૨

તબ હસી ગારી દે ગુરુજનકો દેખી જન્મવિદ માન હો;
હમારે કોટિ પુત્ર કી આશા, તે પૂરણ કહે વૃષભાન હો.....૩

કરભાંજન શીંગી ગર્ગ મુનિ, લગ્ન નક્ષત્ર બલ શોધ હો;
ભયે અચરજ ગ્રહ દેખી પરસ્પર, કહત સબન પ્રતિબોધ હો.....૪

શુદ ભાદો શુભ માસ અનુરાધા કે સિંધ હો;
પ્રીતી જોગ બલ બલક કરનીકો, લગ્ન ધનુષ વર બાંધી હો.....૫

પ્રથમ પહોર દિન ઉદિત દિવાકર, સુતા સુખદ સુજાત હો;
નામ કરન રાધા રતી રંજન, રમા રસિક બહુ ભાત હો.....૬

સુન વૃષભાન સુતા જિન માન, ઐસી રમા રતી રોલ હો;
નાહિન ઔર સુંદરી ત્રિભુવનમેં, શ્રી રાધા સમતોલ હો.....૭

નાહિન સચી રમા ગિરિજા સની, રોમ રોમ પ્રતિમાન હો;
નવનિધ ચાર પદારથ કો બલ, આયો સકલ ગ્રહ તાન હો.....૮

જબ વાહન કો જોગ હોય ગો, શોભા કહેત ન આયે હો;
દશ અરૂ ચાર લોક કો નાયક, એ સુતા વર પાયે હો.....૯

તબ હસી કહ્યો દુવાસા બેનરી, સુની હો સ્તુતિ સબ ગ્વાલ હો;
મેરે હી ચિત્ત આયો નિશ્ચય કરી, નંદ મહેર ઘર બાલ હો....૧૦

વૃન્દાવન રસ રાસ રસિક મણિ, દમ્મતિ ચમ્પતિ માન હો;
સંકેત સ્થલ વિહરત દોઉ, સોઈ સકલ એહી જાન હો.....૧૧

જૂવતી જૂથ શુભગ શિરોમણિ, વલ્લભ કુલ નંદ લાલ હો;
એહ જોડી જુગતિ હોયગી શ્રી રાધા રવન ગોપાલ હો.....૧૨

શિવ વિરંચી જા કી જૂથ ન પાવે, સો ગ્રાસ પરસ્પર દેત હો;
કુંજકુંજ ક્રીડા કરત અરૂ દોઉ, આગમ આગમ સુલેત હો.....૧૩

એહી વિધ કહ્યો દ્વિજરાજ જુગતશું, ગ્વાલ મંડલી જાને હો;
જૈ જૈકાર કરત સુરનર મુનિ, બાજત તૂર નિશાન હો.....૧૪

ઘર ઘર તેં ગોપી સબ નિકસી, ગાવતી મંગલ બાલ હો;
પીક બૈની નૈની મૃગ સુંદરી, ચાલતી ચાલ મરાલ[1] હો.....૧૫

જે રસ નંદ ભૂવનમેં ઉમંગ્યો, તાર્થે યહાઁ હોત હો;
હય ગજ ધેનુ કનક મણિ દિનો, બંદીજન દ્વિજ બહુત હો.....૧૬

વસન વિચિત્ર બહુત પહેરાયે, સબ શિશુ દેખન જાય હો;
મુખ અવિલોક કહેત ચિરંજીવી, પુલકી પુલકિત સુખ પાય હો.....૧૭

સુરનર મુનિ નાગ નિજંગમકે, આનંદ અતિ સુખ દેત હો,
શશિ ખંજન વિદ્રુમ સુખ કે હરિ, ઉનકો છીન બલ લેત હો.....૧૮

સુરદાસ ઉર વસ્યો નિરંતર, રાધા મોહન કી જોડી હો;
આ છબી નિરખી નિરખી સુખ પાવે પુની ડારત તન તોડી હો.....૧૯

卐

૧. હંસ

## પદ-૬૬૧

(રાગ-આશાવરી)

ભાદો કી આઠમ ઉજિયાલી, રાવલ બજત વધાઈ હો;
રાધાજીકૌ જન્મ ભયો હૈ, મોતિઅન ચોક પુરાયો હો.....ટેક
દાસી એક કીરત જો પઢાઈ, અપની સબહી બુલાયી હો;
ભૂષણ વસન પહિનાયે વા કા, ઉન પેં ગીત ગવાયે હો.....૧

શ્રી વૃષભાન ચોરે બૈઠે, આનંદ ઉર ન સમાય હો;
લઈ લઈ ભેટ સબ સુની આવત, મંગલ તિલક બનાય હો.....૨

કોઈ આવત કોઈ જાત વિદાય, મન ઈચ્છા ફલ પાયે હો;
વલ્લભ કો ઠાકોર કી જોડી, કીરત કન્યા જાઈ હો.....૩

卐

## પદ-૬૬૨
(રાગ-આશાવરી)

મૈં ઢાઢી વૃષભાન ગોપકો સબ તજી અનંત[1] જાવું હો;
જો જાચો સો નંદ મહર કે મોહન ચરણ સોહાવું હો.....ટેક

કુટુંબ સહિત તહાઁ ઢાઢી ગાયે, બાજે અનેક વધાઈ હો;
અપની પ્યારી પરવારી ન્યોછાવર, ઢાઢીન કો પહિનાઈ હો.....૧

કુટુંબ સહિત ઢાઢી પહિનાયો, રહી ન દૂજી આશા હો;
રામદાસ ઢાઢી તેહી અવસર, રાખો ચરણ નિવાસ હો.....૨

卐

૧. જયાં અંત નથી આવતો તેવા સ્થળે

## પદ-૬૬૩
(રાગ-ધનાશ્રી)

શ્રી વૃષભાન રાય કે આંગન, બાજત આજ વધાઈ હો;
ભાદો શુદ અષ્ટમી ઉજિયાલી, આનંદ કી નિધિ આઈ હો.....ટેક

રસકી રાસ રૂપકી શિવા, અંગ અંગ સુંદરતા આઈ હો;
કોટિ મદન વારું મસ્ત પર, મુખ છબી વરણી ન જાઈ હો.....૧

પુરણ સુખ પાઈ વ્રજવાસીની, નિરખી નયન સિરાઈ[1] હો;
કૃષ્ણદાસ ક્રીપા સ્વામીની પ્રગટી, શ્રી ગિરધર સુખદાયી હો.....૨

卐

૧. ધરાઈ-તૃપ્ત થવું

## પદ-૬૬૪

(રાગ-ધનાશ્રી)

બરસાં[1] ને વૃષભાન ગોપકે, આનંદ કી નિધિ આયી હો,
ધન્ય કૂખ રાની કીરતકી, જિન યહ કન્યા જાઈ હો.....ટેક
ઈન્દ્રલોક ભૂલોક રસાતલ, ઉપમા કહી નવ જાયી હો;
સિંધુસુતા ગિરીસુતા સચીતેં, ઈન સમાન કો નાંહિ હો.....૧
આનંદભરી જશોદા મૈયાં, લાલકી કરું સગાઈ હો;
પ્રભુ કલ્યાણ ગિરધરજી કી જોડી, વિધિના સુભગ બનાઈ હો.....૨

卐

૧. વરસાવવા માટે

## પદ-૬૬૫

(રાગ-ધનાશ્રી)

શ્રી વૃષભાન કે આજ વધાઈ, આનંદનિધિ શોભાનિધિ સુખનિધિ;
કીરત કન્યા જાઈ, આજ વધાઈ શ્રી વૃષભાન કે.....ટેક
ફૂલે નરનારી બરસાંને, ઘર ઘર મંગલ માંય હો
ફૂલે નંદ જશોદા મનમેં, ફૂલે કુંવર કનૈયો હો.....૧
ફૂલી અંગ નચાવત જુવંતી, અંગ અંગ છબી છાયી હો;
ફૂલે રસિક દામોદર હિત જો, આનંદ ઉર ન સમાયી હો.....૨

卐

## પદ-૬૬૬

(રાગ-ધનાશ્રી)

આંગન વધાઈ બાજે, આંગન આજ વધાઈ બાજે.....ટેક
જાકે રૂપ છટાકી શોભા, સબ લોગનમેં છાજે હો;
જાકે પ્રેમપદ મનમોહન, વૃન્દા વિપિન[1] બિસજે હો.....૧
જાકી ભૃકુટિ કી છબી નિરખત, કોટિ મદન રતી લાજે હો;
જાકે બલ આનંદ મગન મન, રસિક સભા દિન ગાજે હો.....૨
સુંદર રૂપકી રાસ વિલાસની, પ્રગટી વલ્લભ કાજે હો;
ગાવત જશ દામોદર હિત શું, મંગલ મોદ સમાજે હો.....૩

卐

## પદ-૬૬૭

(રાગ-મારુ)

શોભા પ્રગટ ભયી ત્રિભુવનકી, વૃષભાન ગોપ ઘર આયે;
અદ્‌ભુત રૂપ દેખી વ્રજવનિતા, રીઝે લેત બડાઈ.....ટેક
નાહિંન કમલા નાહિંન સચિ રતી, ઉપમા કહેત ન પાઈ;
સબ વ્રજજનકી ભૂષણ પ્રગટી, ધન્ય પિતા ધન્ય માંઈ.....૧
જુગ જુગ રાજ કરો એહ જોડી, ઈત તુમ ઉત નંદરાય;
ઈનકે મદનમોહન તેરે રાધા, સુરદાસ બલ જાય.....૨

卐

## પદ-૬૬૮

(રાગ-મારુ)

આજ બરસાંને આનંદ ભયો, સુની પ્રગટ ભયે સુકુમારી હો;
ભાદો શુદ અષ્ટમી ઉજિયાલી વ્રજપર મંગલ ચારી હો.....ટેક
શ્રી વૃષભાન ગોપકે આંગન, વાઘ્યો આનંદ ભારી હો;
ઘર ઘર તેં બની વ્રજવનિતા, પહેરે કુંકુમ સાડી હો.....૧
નાચત હર્ષત પરસ્પર ખેલત, મગ્ન ભયી દે તાલી હો;
દેખત મુખારવિંદ કી શોભા, કોટિક મદન ઓવારી હો.....૨
સકલ સાર લઈ રચી વિધાતા, ગિરીધર હીત એ નારી હો;
જુગ જુગ કેલિ યહ જોડી, ગોવિંદ જન બલિહારી હો.....૩

卐

## પદ-૬૬૯

(રાગ-બિલાવલ)

પ્રગટ નાગરી રૂપનિધાન, દેખી દેખી બુઝત જયોં પરસ્પર;
નહિ ત્રિભુવનમેં અન્ય, પ્રગટ નાગરી રૂપનિધાન.....પ્રગટ૦ ટેક
ઉપમા કી જૈ જૈ કહત હૈ, તે તે ભયે તીનમાન;
કુમનદાસ લાલ ગિરધર કી, જોડી સહજ સમાન.....પ્રગટ૦ ૧

卐

## પદ-૬૭૦
(રાગ-બિલાવલ)

આજ વધાઈ હૈ બરસાંને, કુંવર કિશોરી જન મળ્યો હો;
સબ લોકની બજે સી દાને, આજ વધાઈ હૈ બરસાંને હો.....ટેક
નંદ કહે વૃષભાન રાયસે, ઔર બાતકો જાને હો;
તેરે ભલે ભલો સબહી કો, આનંદ કોઈ ન વખાણે હો.....૧
છેલ છબીલે ગુલાલ રંગીલે, હરદ દહીં લપટાવે હો;
હમ તો સબ વ્રજવાસી ભૈયા, તેરે હાથ બીકાને હો.....૨
આ કન્યા કે આગે કોટિક, બેટા અબકો માને હો;
ભુષણ વસન વિવિધ તન પહેની, ગિનત ન રાજા રાની હો.....૪
નાચત ગાવત મુદિત પરસ્પર, નરનારી કો પહિચાને હો;
વ્યાસ રસિક જન તન મન ફૂલે, નીરસ સબ ખસિયાણે હો.....૫

卐

## પદ-૬૭૧
(રાગ-બિલાવલ)

આજ બરસાંને બાજત વધાઈ, પ્રગટ ભયી વૃષભાન ગોપ કે;
સબકો હૈ સુખદાયી, આજ બરસાંને બાજત વધાઈ.....ટેક
આનંદ મગ્ન સકલ જુવંતી જન, મહરી વધાવન આયી;
બંદિજન માંગન જાચક ગુની, ગાવત ગીત શોહાયી.....૧
જૈ જૈકાર ભર્યોં ત્રિભુવનમેં, પ્રેમ બાલ પ્રગટાઈ;
સુરદાસ પ્રભુકી એહી જીવન, જોડી સુભગ બનાઈ.....૨

卐

## પદ-૬૭૨
(રાગ-બિલાવલ)

વધાઈ બાજત રાવલ આજ, વધાઈ બાજત રાવલ આજ
શ્રી વૃષભાન રાયકી રાની, પ્રગટ કિયો બડ કાજ.....વધાઈ૦ ટેક
ઘર ઘર તેં આયી હૈ નાચત, ગાવત કરી કરી સાજ;
ગાય શણગારી ગ્વાલ લે આયે, રસિક વેણુ વર બાજે.....વધાઈ૦ ૧

હરદ દૂધ દધી રોચન ચર્ચ્યો, નરનારી સમાજ;
દધી કાદવ ભાદો ઝર વર્ષત, મુશલે[1] પટ દધી આજ.....વધાઈ૦ ૨
જાચક પરમ નિધનકે આયે, ધન કાંઈ દિયે લાજ;
વ્યાસ સ્વામીની શ્યામ હી દીનો, કુંજ કેલિ વરરાજ.....વધાઈ૦ ૩

卐

૧. સાંબેલાએ

# જલ ઝુલણી-એકાદશીનાં પદો

## પદ-૬૭૩

(રાગ-સારંગ)

મોહ મિલની ભાવત બલવીરકી, મોહ મિલની ભાવત બલવીરકી;
શરદ નિશા પુરણ શશિ ઉદયો, ખેલત જમુના તીરકે.....ટેક
હરિ હમકો હમ હરિકો છિરકત, ઐસી હૈ ફૂલન નીરકી;
હસી કરી ખેંચી લેત ઉડે જલ, અંકમાલ ભુજ ભીરકી.....૧
જબ નિકસી હોત જલ ઠાડી, નીરખી અંગો છની ચીરકે;
પરમાનંદ સ્વામી રતી નાગર, બલિ બલિ શ્યામ શરીર કી.....૨

卐

## પદ-૬૭૪

(રાગ-સારંગ)

બૈઠે ઘનશ્યામ ખેલત હૈ નાથ, બૈઠે ઘનશ્યામ ખેલત હૈ નાથ;
આજ સખી મોહન સંગ, ખેલનકો હૈ દાવ.....બૈઠે૦ ટેક
પંથી કહે મૈં ખેવટ,[1] તુમ લીજે ઉબરાય;
બીચ ધારમાં જ રાખ હો, મિલકે ડુલરાય.....બૈઠે૦ ૧
જમુના નીર ગંભીર અતિ તરંગ, લાલ ગોપ પ્રતિ કહાન;
લાગે મીઠા મૃદુ બોલ, સબ ગુણ સમ્પન્ન.....બૈઠે૦ ૨
ડર્પત[2] હો શ્યામ સુંદીર, રાખો હરિ ચરણે નિવાસ;
એહી મિષ[3] મલ્યો ચાહે, હરિ હેત પરમાનંદ દાસ.....બૈઠે૦ ૩

卐

૧. નાવિક  ૨. દર્પત-ગર્વ લેવા જેવું  ૩. બહાનું

## પદ-૬૭૫

(રાગ-મલવ ગોડી)

વિચિત્ર મોહન રચ્યો વિશ્વકર્મા, મનમોહન ને રમવાના કાજ;
જમુનાજી મેં ક્રીડા કરે નિત, ગોપ વધૂ સંગ શ્રી મહારાજ.....ટેક

રાધા ચંદ્રભગા ચંદ્રાવલી ચંદ્રમુખી વનિતાનો વૃન્દ,
પટરાણી બીચમેં બૈઠે, કર્ણધાર[1] વૃન્દાવન ચન્દ્ર.....૧

મૃગનયની મનમોહ ઉપજાવે, કામ બાણ ચલાવે નાર;
અમૃતવચન વદે સ્નેહાલી લઈ જાઓ પ્રભુ પેલે પાર.....૨

પુરુષોત્તમજી પ્રેમતણે વશ, ઈચ્છા પુરણ કરે તત્કાલ;
કોઈ કહે ત્રટમાં લઈ જાઓ, વિહાર અપને શ્રી ગોપાલ.....૩

ક્ષણ એકમાંહે મધ્યે લઈ જાએ, શ્રીફલ ફોફલ પાન વહેંચાવે;
તહૉં ભૂમિ તરુવર આનંદ દીસે કૃષ્ણદાસ પાવન જશ ગાવે.....૪

卐

૧. નેતા- મુખ્ય

## પદ-૬૭૬

(રાગ-માલવગોડો)

ઝૂલે રે જમુના જલ માંહે શ્યામળિયો સહુ શ્યામ રે;
પ્રેમ ધરીને પાણી છાંટે, રંગભરી ખેલે રામા રે.....ટેક

કાલિંદીમાં કેલ[1] કરાવે, વેલુ બંસી બજાવે રે,
સુરિજન મુનિજન કૌતુક ભાળે, ગોવિંદ ગુણનિધિ ગાવે રે.....૧

ચૂવા ચંદન ઉલટ અંગે, સંગે શ્રી વનમાલી રે;
મર્કલડા[2] દે માવજી સાથે, વ્હાલે અબલા વ્હાલી રે.....૨

બલભદ્ર બાંધવ સાથે સખા, ગોવિંદ ગોકુલ આયે રે;
નરસૈંયાના સ્વામી સુંદર; માનુની મન રંજાવે રે.....૩

卐

૧. રમાડે  ૨. ચાડા પાડવા

## પદ-૬૭૭
### (રાગ-ગોડી સાંજી)

સબ મિલી આયી લાડલી, વૃષભાન નૃપકે દ્વાર હો;
અપને અપને ઠાઠની બની બની, જૂથની જૂથ અપાર હો.....સબ૦ ટેક
પ્રફુલ્લિત જાય કહ્યો કિરત[1] સો, દેહલડી અતિ સંગ હો;
બનમેં ફૂલ બિરાજ રહે હૈ, સો ખેલે સાંજી[2] રંગ હો.....સબ૦ ૧
એહ સુની કિરતી બોલી કુંવરી, ઉવટ નવાઈ પ્રીતિ હો;
અંગો અંગે છે ફૂલેલ કેસ બીચ, પટીયારી ચિતી[3] હો.....સબ૦ ૨
બેની શિંગી[4] ગુહી માંગમેં, સિંદુર ભરી બનાયી હો;
શિશ ફૂલ શોહે અતિ ચંદા, બીચ લટન લટકાયી હો.....સબ૦ ૩
ટીકી કમલપત્ર કાજલ દે, વેસર[5] ચિબુક બિરાજે હો;
બુટ્ટી લલાટ ઝુડન અરુઢેઢી, વેદા ઝુમક છાજે હો.....સબ૦ ૪
કંઠ સરિતિ મનિ દુલરી, ચંપકલી હાર હમે લહ્યો હો;
મુલકટ અંગીયાઁ વાહૉ બજોટા, બાજુબંધ બેરખા હો.....સબ૦ ૫
ચુડી ગજરા કંકણ પહોંચી, હાથ સાંકળ મુદ્રિકા હો;
કટી લે હાની સાડી કુફૂંદી, બાજત કિંકરી સઘળી હો.....સબ૦ ૬
પગ નૂપુર જેહર પાયલ, અણવટ વિછુવા પગપાને હો;
યહ શણગાર કરી ચલી લાડલી, સબ મિલી ગાતી ગાન હો.....સબ૦ ૭
બનમેં બિનત ફૂલ હર્ષ શું, કલીયાં શોભે હાથ શું હો;
ફૂલ ગેંદ લૈ આયે લાલન, સખા ન કોઈ સાથ હો.....સબ૦ ૮
ખેલત ગેંદ પડી ઈન બીચની, પ્યારી લૈ હૈ ઉઠાઈ હો;
લાલન આયે ગેંદ માંગત હૈ, લલિતા કહ્યો સમજાઈ હો.....સબ૦ ૯
યે તો ગેંદ ન પય હો લાલન, ચતુરાઈન કે મૂલ હો;
પૂછત લાલ સબ કયોં આયી, બનમેં બિનન ફૂલ હો.....સબ૦ ૧૦
કહ્યો લાડલી સાંજી કરી હૈ, ફૂલ સબ લૈ ચિતી હો;
લાલ કહે મોંહે હાંસી આવત હૈ, દેખો હમારી રિતી હો.....સબ૦ ૧૧

સબન કહ્યો કૈસે લૈ ચલીયે, એકન કહ્યો ઉપાય હો;
પહેનાયો સાડી આભૂષન, કરીએ સખી સજાઈ હો.....સબ૦ ૧૨

સબ હર્ષિત શણગાર કિયો મિલી, ચલી અપને ગૃહે હો;
નામ ધર્યો શ્રી શ્યામા ઈનકો, તબ બાહુ પરસ્પર દેત હો.....સબ૦ ૧૩

લલિત ચંદ્ર ભગાવ્રજ મંગલા, બેનાં નૈનાં રૂપાં હો;
કરુણા મોહા કુમોદા રત્ના, લોભાં લલનાં અનૂપાં હો.....સબ૦ ૧૪

રામા કૃષ્ણા ઉર્વા ધ્યાના, રૂપાં હર્ષા જામાં હો;
રંગા હંસા દામા પ્રેમા, જ્ઞાના જુહીલાં ભામાં હો.....સબ૦ ૧૫

ચંપા બહુલા સુમના નીલાં, હીરા મુકતા પ્યારી હો;
દુંજા અબલા સબલા વિમલા, ચંદ્રાવલિ સુકુમારી હો.....સબ૦ ૧૬

તારા કમલા અમલા જમના, વૃન્દા નંદા નારી હો;
શ્રદ્ધા શીલા, સુષ્મા પ્રેમા, નવલા સુમતિ વિહારી હો.....સબ૦ ૧૭

ચતુરા કાયા રસિક શ્યામા, રાધા લૈ વ્રજ આયી હો;
એક વેષ વય એક સબનકી, દેખત રહે ભોલાયી હો.....સબ૦ ૧૮

ગાવતી આવતી સબ મન ભાવતી, આરતી કરતી સાંજી હો;
પૂછતી માંહે લડે તેહ કોન હૈ, જોડી ભલી બિરાજી હો.....સબ૦ ૧૯

નૌતમ પટ ભૂષન પહેરે હરિ, લાવો હોંશ રસ સુગંધ સવાઁરી હો;
સુંદર ભોગ લિયો મનમોહન, હો બલિબલિ કીની મહિયારી હો.....સબ૦ ૨૦

બાલક વિવિધ બનાયી સુંદરી, કુંવર તુંહારે ટીકા લાયી હો;
વિચિત્ર વિહારી જલાલ ગિરધર, રસિક ધુરી મિશ્રી મિઠાઈ હો.....સબ૦ ૨૧

卐

૧. કીર્તિનું ગાન ૨. સાંજે ગાવાનો રાગ-અથવા તો આરતી ૩. સમજુ
૪. શિંગડાવાળી ૫. નથ અથવા વાળી- એક ઘરેણું

# વામન દ્વાદશીનાં પદો

## સાખી

સારંગે સારંગ ગ્રહ્યો, સારંગ આવ્યો ધાય;
સારંગ સારંગ મેં કહું તો, મુખકો સારંગ જાય.

卐

## પદ-૬૭૮

(રાગ-સારંગ)

પ્રગટે શ્રી વામન અવતાર, પ્રગટે શ્રી વામન અવતાર;
નીરખી અદિતિ[1] મુખ કરત પ્રશંસા, જુગજીવન પ્રાણ આધાર.....પ્રગટે૦ ટેક
તન ઘનશ્યામ પીત પટ રાજીત, શોભિત હૈ ભુજ ચાર;
કુંડલ મુગટ કૌસ્તુભ મણિ સોહે, ઉર ભૃગુ રેખા સાર.....પ્રગટે૦ ૧
દેખી વદન આનંદ સુરનર મુનિ, કરત નિગમ ઉચ્ચાર;
ગોવિંદ પ્રભુ બટુ વામન હોયેગો, ઠાડે બલિકે દ્વાર.....પ્રગટે૦ ૨

卐

૧. દેવોની માતા

## પદ-૬૭૯ (રાગ-સારંગ)

બલિકે દ્વારે ઠાડે વામન, બલિકે દ્વારે ઠાડે વામન;
શ્રવણ સુનતહી આનંદ ઊપજયો, કહ્યો ભીતરે આવન.....બલિકે૦ ટેક
ચરણ ધોઈ ચરણોદક[1] લીનો, કહે વિપ્ર મન ભાવન;
તીન પૈર ધરતી માંગુ, પર્ણકુટી એક છાવન.....બલિકે૦ ૧
યાકો વિપ્ર કહૉ તુમ માગો, દેઉ રત્ન બહુ ગામ;
પરમાનંદ પ્રભુ વચન પલટયો, લાગ્યો પીઠ પાવ.....બલિકે૦ ૨

卐

૧. પગ ધોયેલું પાણી

## પદ-૬૮૦

રાજા એક પંડિત પહોર તુંહારે, રાજા એક પંડિત પહોર તુંહારે;
ચારો વેદ પઠત મુખ અપને, હૈ વામન વ્રતધારી.....ટેક
પશુ પક્ષીઅન કી ભાષા સમજત, સુરજ જયોતિ સમાની;
નગરમેં નરનારી મોહે, અવિગત અલ્પ આહારી.....૧

ઈતની સુની રાજા ઊઠી ધાયો, આહુતિ યજ્ઞ વિસારી;
દેખી સ્વરૂપ શ્રી વામનજીકો, કરી દંડવત જુહરી.....૨
ચલીએ વિપ્ર જહાં યજ્ઞવેદી, બહુત કરો મનહારી;
જો માંગો સો દઉં તુરતહી, હીરા રત્ન ભંડારી.....૩
રહો રાજા ઈતની નહિ એ, દોષ લગત હૈ ભારી;
ઉઠ પૈર મોહે વસુધા દીજે, જહાં રચ્યો ધર્મશાળી.....૪
શુક્ર કહે સુનો બલિરાજા, ભૂમિકો દાન નિવારી;
વિપ્ર નહિ એ ઔર કોઈ, આયે છલન મોરારિ.....૫
લઈ ઝારી ઉથાપન કીનો, વામન હાથ પ્રસારી;
કહૉ કરો જગતગુરુ જામ્યો, આ પુન્ય ભયે ભિખારી.....૬
જૈ જૈકાર ભયો ભૂમંડલમેં, તીન પૈર ભયી સારી;
અર્ધ પૈર વસુધા મોહે દીજે, કે ચાલો સત હારી.....૭
અબ તો સત્ય ન છાંડુ સ્વામી, માપો પીઠ હમારી;
સુર શ્યામકો સર્વસ્વ દીનો, બલિકો રાજ પાતાલી.....૮

卐

## પદ-૬૮૧ (રાગ-સારંગ)

બાજત આજ વધાઈ કશ્યપ જહાંકે,[1]
બાજત આજ વધાઈ કશ્યપ જહાંકે;
ભાદો માસ દ્વાદશી તીથિ કો, વામન પ્રગટે આઈ.....બાજત૦ ટેક
દક્ષિણા બહુત વિપ્રનકા દિની, જો જાકે મન ભાઈ;
હર્ષીત ચલે જાત ગૃહ અપને, કુલકી કરત બડાઈ.....બાજત૦ ૧
ઔર જાચક જન બહુતેરે, સુની સુની પહુંચે ધાઈ;
કૃપા દષ્ટિ શું પ્રભુ ચિતયે, સકલ સંપત્તિ પાયી.....બાજત૦ ૨
સુરપુરમેં આનંદ ભયો હૈ, દુંદુભિ નાદ સુનાયે;
બ્રહ્માદિક ઈન્દ્રાદિક દેવતા, પુષ્પ વૃષ્ટિ કર લાઈ.....બાજત૦ ૩
જૈ જૈકાર ભયો ત્રિપુરમેં, શોભા વરણી ન જાયી;
દાસ બલિ ન્યોછાવર પાયી, પ્રેમભકિત સુખદાયી.....બાજત૦ ૪

卐

૧. દુનિયાના (જહાંકે) દેવદાનવોના પિતા

## પદ-૬૮૨

(રાગ-સારંગ)

પ્રગટ ભયે હરિ  વામન જગમેં,

પ્રગટ ભયે હરિ  વામન જગમેં;

માતા અદિતિ પિતા કશ્યપ, તીનકો સુખ ઉપજાવન.....પ્રગટ૦ ટેક

સહસ્ત્ર વર્ષ દિવ્ય તપ કીનો,  તબહી કહ્યો પ્રભુ આવન;

કંપે અસુર મુનિ મન હર્ષે, દેવન શોક નસાવન.....પ્રગટ૦ ૧

બાલક રૂપ ધર્યો બ્રહ્મચારી, જાય કિયો બલિ પાવન;

ગુરુ શુક્ર બહુવિધ સમજાયો, નાહિન સુન્યો શિખાવન.....પ્રગટ૦ ૨

યજ્ઞ ભોગ બહુવિધ શું કીનો, કીનો વિષ્ણુ આવાહન,

તો યેં માંગ લિયો છલ શું પ્રભુ, તીન લોકમેં પાવન.....પ્રગટ૦ ૩

પ્રિયા પુરુષ દોઉ કર જોડે, દાસ ન દિયો શિખાવન;

દર્શન દેહું સદા કમલાપતિ, આશ્રિત સુખ ઉપજાવન.....પ્રગટ૦ ૪

દર્શન દિયો કિયો સબકો હેત, ઈન્દ્ર હી અભય દિયાવન,

દાસ બલિ સુર પુષ્પવૃષ્ટિ કીની, જૈ જૈ શબ્દ કરાવન.....પ્રગટ૦ ૫

卐

## પદ-૬૮૩

(રાગ-સારંગ)

શ્રી પ્રભુકો મહા  પરમ જશ પાવન,

શ્રી પ્રભુકો મહા પરમ જશ પાવન;

દેવ કાજ દીન કે બંધુ, રૂપ ધર્યો હૈ વામન.....શ્રી૦ ટેક

ભાદો માસ દ્વાદશી શુકલ પક્ષ, મધ્યાન ઉદિત ભયો આવન;

તબ તત્કાલ ગયે બલિ દ્વારે, બોલત હૈ, મનભાવન.....શ્રી૦ ૧

લીજે કછુ દેત નૃપ ધરતી, તીન પૈર કર્યો છાવન;

દ્વૈ પદ માપી કોટિ સમ લીની, એક અણ એક આવન.....શ્રી૦ ૨

બંધન છોડી સુત લપટાયો, ઉલટી બાત બતાવન;
સ્વર્ગ સુરાજ ઈન્દ્ર કો દિનો, અવધી ભરી જય તાવન.....શ્રી૦ ૩
દ્વારપાલ રહ્યો બલિ દ્વારે, ગુણ લાગો સબ ગાવન;
બલવંત હરિ કો સોઈ બુધાનર, ભકત ભીડ ઊઠી ધાવન.....શ્રી૦ ૪

卐

## પદ-૬૮૪
(રાગ-સારંગ)

પ્રગટે શ્રી વામન જૈ જૈકારી, પ્રગટે વામન જૈ જૈકારી;
કશ્યપ નંદન કૃષ્ણ કલેવર, વેદ વદિત બ્રહ્મચારી.....પ્રગટે૦ ટેક
ઈન્દ્ર અનુજ[1] ઉપેન્દ્ર ઉજાગર, અદિતી સુવન અધિકારી;
આનંદમૂલ સદા આનંદઘન, આનંદ ઉપવીતકારી.....પ્રગટે૦ ૧
દંડ કમંડલ મુંજ મેખલા, દીર્ઘ જડાવ ધારી;
કૃષ્ણ જિનકો પીન કુસાકર,[2] અક્ષયમાલા ઉરધારી.....પ્રગટે૦ ૨
બલિરાજા કો લિયો રીઝાઈ, વાધ્યો વિદ્યા વિસ્તારી;
ત્રિવિ ક્રમ ઉરુ કર્મ ત્રિલોકી, તિન પૈર કરી સારી.....પ્રગટે૦ ૩
અર્ઘ પાદ બ્રહ્મા જલ ઉત્તમ, હરિ ગંગાવતારી;
ત્રિકમદાસ આશ પરિપુરણ, મંગલ રૂપ મોરારિ.....પ્રગટે૦ ૪

卐

૧. નાનો ભાઈ ૨. કુશાગ્રનું અપભ્રંશ રૂપ-તીક્ષ્ણ

## પદ-૬૮૫
(રાગ-ધનાશ્રી)

પ્રગટે શ્રી વામન પુરુષપુરણ, પ્રગટે શ્રી વામન પુરુષપુરણ;
ભાદો તિથિ પુન્ય દ્વાદશી, શ્રવણ નક્ષત્ર મધ્યાન્હ.....ટેક
અદિતિ કશ્યપ મનમોદ ભયો હે, તબ દેખે ભગવાન;
શંખ ચક્ર ગદા પદ્મ ધરે ભુજ, પીત વસન પરિધાન.....૧
કનક મુગટ મકાકૃત[1] કુંડલ કૌસ્તુભ કંઠ સુઠામ;
અંગદ વલય મેખલા, નુપૂર શ્યામ સ્વરૂપ નિધાન.....૨

દેવ દુદુંભિ બાજે શંખ ધૂની, આદ નારદ કરે ગાન;
પુષ્પવૃષ્ટિ તહાં કરે અમર ઈશ, નાચે અપ્સરા સુજાન.....૩

બ્રહ્માદિક મુનિ વૃન્દ મહેશહી, સ્તવગ કરન કો આયે;
જૈ જૈકાર મુદિત મન વિસ્મીત, ભયે સબ મનકે ભાયે.....૪

અદ્‌ભુત બટુ વપુ ધર્યો છલ્યોબલિ, વૈભવ ઈન્દ્રકો દિનો;
કેશવ જન પ્રભુ ભકત વત્સલ હરિ, સંતનકો સુખ દિનો.....૫

卐

૧. ગોળ

# વિજયા દશમીનાં પદો

## પદ-૬૮૬

(રાગ-સારંગ)

કોપી ચઢે રઘુવીર, લંકા પર, કોપી ચઢે રઘુવીર;
દસે દિશા પૃથ્વી સબ કાંપી, દિક્‌પાલ વ્યાકુલ અધીર.....કોપી૦ ટેક

અઢાર પદ્મની સેના કહીએ, અંગદ છે બલવીર;
જાંબુવાન નલ, નીલ, સુગ્રીવ, આગેવાન, ઉતરે સાહેર તીર.....કોપી૦ ૧

ઉત્પત્તિ પ્રલય જાકી, પલક કહાવે, ચૌદ લોક શરીર;
તુલસીદાસ પ્રભુ કહે કપીઅન શું, ભકત વત્સલ રઘુવીર.....કોપી૦ ૨

卐

## પદ-૬૮૭

(રાગ-સારંગ)

શરણે આયો બડભાગ, વિભીષણ, શરણે આયો બડભાગી;
અતિ અહંકારી રાવણ સમેત, કુલ લંકા કો ત્યાગી.....વિભીષણ૦ ટેક

અતિ ભયંકર ભૂધર દેહી, કપીઅન આવત દેખા;
સબ મિલી ધાયે સન્મુખ, અતિ અદ્‌ભુત વિશેષ.....વિભીષણ૦ ૧

સબ હી કપી મિલી બુઝત લાગે, કહો તુમ કહાઁસે આયે;
લંકાપતિ રાવણકો ભાઈ, સબ હી ભેદ સુનાયા.....વિભીષણ૦ ૨

કહે કપીશ સુનો રઘુનંદન, એક નિશાચર આયા;
દશાનન રાવણ કો બંધુ, ભેદ લેને પઠાયા.....વિભીષણ૦ ૩

આનંદ વિહસી બોલે રઘુનંદન, હેત પ્રીત કરી લાયો;
કરુણાસિંધુ કહે કપીઅન શું, વૈર ભાવ વિસરાયો.....વિભીષણ૦ ૪

કરત દંડવત, ધરણી પર ઢળ્યો, ઊઠી આતુર ઉર લાયો;
દીયો તીલક, કિયો લંકાપતિ, ભુજ ગ્રહી નિકટ બૈઠાયો.....વિભીષણ૦ ૫

પૂછી કુશલ સીતા સુધ સુનીકે, ઊઠે તુરત મુરારિ;
બાંધી પાજ[1] પલકમેં સિંધુ પર, સેના પાર ઉતારી.....વિભીષણ૦ ૬

પહુંચે નિકટ લંકા ગઢ ઘેર્યો, સેના સહિત રઘુરાય;
તુલસીદાસ પ્રભુ અંગદ પઠાયે, રાવણ ખબર કરાઈ.....વિભીષણ૦ ૭

卐

૧. પાળ

## પદ-૬૮૮

(રાગ-સારંગ)

રાજા ધજા ફહરાઈ, અબ દેખો, રાજા ધજા ફહરાઈ.....ટેક
ચલકત ઢાલ, ફિરત હૈ નીઝા,[1] ગીરદ[2] ઊડે આસમાન;
લક્ષ્મણ વીર, વાલી સુત અંગદ, હનુમાન આગેવાન.....અબ દેખો૦ ૧
કહે મંદોદરી સુનો પિયુ રાવણ, ત્રિભોવનપતિ આયે;
જે સાહેર[3] કો ગર્વ કરત હૈ; તે પર શિલા તરાની.....અબ દેખો૦ ૨
અબલા જાત બુદ્ધિકી ઓછી, ઉનહો કી કરત બડાઈ;
ધ્રુવમંડલ સે પકડ મંગાઉ, એ તપસ્વી દોનો ભાઈ.....અબ દેખો૦ ૩
હનુમાન છે પાયકે ઉનકો, લક્ષ્મણ છે બડભાઈ;
જલત અગ્નિમેં કૂદ પડત હૈ, કોટિક નયન નહીં પાઈ.....અબ દેખો૦ ૪
મેઘનાદ જૈસે પુત્ર હમારા, કુંભકરણ બડભાઈ;
એકવાર સન્મુખ હોઈ લડીએ, જુગ જુગ કરત બડાઈ.....અબ દેખો૦ ૫
કહેત મંદોદરી સુનો પિયુ રાવણ; તેં મેરી એક ન માની;
રૈન કો સ્વપન ઐસો દેખ્યો, સોનેકી લંકા લુંટાણી.....અબ દેખો૦ ૬

બનચર એક લંકા ગઢ આયો, ઘેર ઘેર ધુમ મચાઈ;
બાગ ઉપાઠી, સમુદ્ર બીચ ડાલે, લંકામેં આગ જલાઈ.....અબ દેખો૦ ૭
ગર્વી રે રાવણ, ગર્વ જ કીધો, ગવે લંકા લુંટાઈ;
જઈ મિલો રઘુનાથ ગૌસાંઈ કો, લંકા અમર હો જાઈ.....અબ દેખો૦ ૮
એક લક્ષ પુત્ર, સવા લક્ષ ન્યાતિ, મોત જ અપનો ઠાને;
અગ્રકે સ્વામી લંકા ગઢ ઘેર્યો, અજહુ ન ચેત્યો અભિમાની.....અબ દેખો૦ ૯

卐

૧. નિઘા-નિગાહ-નજર-દષ્ટિ  ૨. ધૂળ  ૩. શાહી ઉપરથી સાહેર-સામ્રાજયનો

## પદ-૬૮૯
(રાગ-સારંગ)

સમજયો નહીં અભિમાની, દશાનન, સમજયો નહીં અભિમાની
અનુજ,[1] મંદોદરી સમજાવત બહુ વિધિ બુધ આપની ઠાની.....ટેક
રાવણ મારી, મહીરાવણ માર્યો, કુંભકરણ સંહાર્યો;
લંકા રાજ વિભીષણ દીનો ભકતવત્સલ મોરારિ.....દશાનન૦ ૧
સીતા સહિત, કપીઅન સમેત, ગમન અવધપુરી કીનો;
તુલસીદાસ ભરતજનની સમેતહી, પુરવાસી કો સુખ દીનો.....દશાનન૦ ૨

卐

૧. નાનો ભાઈ

## પદ-૬૯૦
(રાગ-સારંગ)

કોન દિશાસે આયો, પવન સુત, કોન દિશાસે આયો;
ઉત્તરા ખંડ અયોધ્યા નગરી, ચિત્રકુટ સે આયો.....પવન૦ ટેક
કોનકે પુત્ર કોનકે પાયક,[1] કોન હી કુંવર પઠાયો;
અંજનિકો પુત્ર સમજી કે પાયક, લછમન કુંવર પઠાયો.....પવન૦ ૧
કહૉ તરે રામ કહૉ લછમન, કહૉસે મુદ્રિકા લાયે,
બનહીમેં રામ બનહીમેં લછમન, બન સે મુદ્રિકા લાયે.....પવન૦ ૨
કોનકે સતસે સાગર ઉતરે, કોન સંદેશો લાયે;
સીતા કે સતસે સાગર ઉતરે, સમજી સંદેશ લાયે.....પવન૦ ૩

એહી સુની બચન સીતા બનચરકો, નૈનોમેં નીર ભરાયો;
અબ જી ન સોચ કરો મેરી માતા, રામજી સહિત દલ આયો.....પવન૦ ૪
રાવણ મારી અભય લઈ જાઉ, રામજી આજ્ઞા નહિ પામી;
તુલસીદાસ મારુત સુત મહિમા, સોવત સિંહ જગાયો.....પવન૦ ૫

卐

૧. સિપાઈ

## પદ-૬૯૧

(રાગ-સારંગ)

આજ દશરા કો દિન નીકો, આજ દશરા કો દિન નીકો;
શ્રી ગિરધર લાલ જવારા[1] ખોસે, બન્યો ભાલકો ટિકો.....ટેક
વ્રજનારી દેખન કો આયી લાલ બન્યો હૈ નીકો;[2]
પરમાનંદ દાસ કો ઠાકોર, જુગ જુગ કો સુખ દીજો.....૧

卐

૧. જવના અંકુરો    ૨. સ્વચ્છ--મનને ગમે તેવો

# વિજયાદશમીનાં પદો

## પદ-૬૯૨

(રાગ-સારંગ)

કહો કપીરાજ કહાં કર્યો કીજે, કહો કપીરાજ કહાં કર્યો કીજે;
રાવણ અનુજ મિલન આયો હો, સુમતિ કરી મતિ દીજે.....ટેક
સુનહો સ્વામી એહ મત હમારો, શત્રુ નહિ વિશ્વાસ;
શત્રુ શ્વાન જો કહું પૈઈએ, તાકો કીજે નાશ.....૧
સહજ શું ભાવ અરિકુલ રાક્ષસ, અહી રાવણ કો ભાઈ;
તહાં સે નિકટ તુંહારે આવત, મોં પે સહ્યો ન જાયી.....૨
હનુમંત કહે સુનો કપિરાજા, હું જાનો એહ આયો;
વાલી વીંધ્ય સુતિલક દીયો તો કો, સો સોંધ્યો ઈન પાયો.....૩
પવન સુવન લૈ આયે વિભીષણ, દિયો લંકા કો રાજ;
અગ્ર કે સ્વામી ઉદાર શિરોમણી, તહાં બિરુડ કી લાજ.....૪

卐

## ચોકનું પદ

પદ-૬૯૩

હનિ હાં રે વ્હાલા મારા વૃન્દાવનને નાકે, વ્હેલા પધારજો;
હનિ હાં રે વ્હાલા મારા ગોકુલની વ્રજનારને, વ્હેલા બોલાવજો.
હનિ હાં રે વ્હાલા મારા ગોકુલીએ આવ્યા, તે અમને તારવા હોજી;
હનિ હાં રે અમને રાસ રમવાના કોડ, વ્હાલા સંગે બેલડી હોજી;
હનિ હાં રે વ્હાલા મારા કાને કુંડલ સાર, મુગટ સોહામણો હોજી;
હનિ હાં રે વ્હાલા મારા ઊગ્યો શરદ પુનમનો ચંદ્ર, અતિ રળિયામણો હોજી;
હનિ હાં રે નાચ્યો નરસૈંયાના નાથ, રસ વાધ્યો ઘણો હોજી.

卐

## કૃષ્ણદાસનો રાસ

પદ-૬૯૪

(રાગ-સામેરી)

મોર મુગટ શિર પર ધર્યો, મુખ મોરલી ઘનઘોર;
વૃંદાવનકી કુંજમેં, જૈ જૈ જુગલ કિશોર.....૧
કહાન બજાવત બંસરી, ગોપિઅન કે કિરતાલ;
કોન કોન ચરિત્ર ખેલહી, જહાં બાલપન ગોપાલ.....૨

છંદ

(રાગ-સામેરી)

હનિ હાં રે કુંજમેં ઠાડે મોરારિ, મનોહર મુરલી અધર કર ધારી
હનિ હાં રે કેસર તિલક બનાયો, મક્રાર[1] કુંડલ મન ભાયો.....૧
મક્રાર કુંડલ મન ભાયો, મોર મુગટ શિર પર ધરે;
ચરણે નુપૂર કાછ કટી ત્રઠ,[2] મોહન માલા ઉર લળે.....૨
શ્યામ સુંદર બેન બજાવે, સુનત સબ પરવશ ભયે;
ગોપી મોહે જલ દ્રુમ પશુ પક્ષી વ્રજનારી કો મન હરે.....૩
આયે ગોપી મિલે મોહન, કામની કાર જ સરે;
કૃષ્ણદાસ પ્રભુ અતિ વિરાજિત, કોટિ કામ લજ્જા હરે.....૪

૧. ગોળ     ૨. કેડની સાંધ પર

### સાખી

વૃંદાવન સઘન કુંજમેં, ઠાડે[1] દેવમોરારિ;
મુરલી મધુર બજાયકે, બોલ લૈ વ્રજનારી.....૩
સબ સખી બનમેં ગયી, જઈ ભેટે જુગદાધાર;
આયી સબ ચરણે પડી, દેખી શરદ નિશા ઉજિયાલી.....૪

૧. ઊભા

### છંદ

હનિ હાં રે શરદ નિશા ઉજિયાલી, વનમેં ઠાડે કુંજબિહારી;
હનિ હાં રે મુરલી મધુર બજાયી, વ્રજવધૂ શ્રવણ સુનત ઊઠી ધાયી.....૫

### વલણ

ઊઠી ધાય વ્રજવધૂ શ્રવણ સુનીકે, ભૂવન કર્મ ઉન સબ તજે;
ગોપી ભયી હિત ચિત્ત કામ આતુર, ઉલટે આભ્રણ અંગ સજે.....૧
એક એક લોચન દિયો અંજન, એક અંજન બિન ચલી;
કમલમુખ હરિ દશ્યા શું, પ્રીત મન ઉપજી ભલી.....૨
નંદનંદન ચરણ વંદન, મોહિત ગોકુલ નારી;
ગોપી આયે સન્મુખ રહી ઠાડે, દેખ શરદ નિશા ઉજિયાલી.....૩

### સાખી

શરદ રહેણી વૃંદાવન પૂર્યો વંશ મોરારિ;
હરિ દર્શનકી લાલસા, મિલી આયે સબ વ્રજનારી.....૫

### ચાલ

વ્રજનારી સબ મિલી આયે, દેખન પતિ જાદવરાયે;
સો તો નાહિ ત્રિભુવન ઐસે, રવિ કોટિ મદન શ્યામ જૈસે.....૧
હરિકે મસ્તક મુગટ બિરાજે, દેખલે અંધિયારો ભાંજે;
કુંડલ લ્હેકે દોઉ કાને, રવિ ઉદય કોટિ કોટિ સમાન.....૨
હરિને કંઠે બની બનમાલા, પહેરન પટ પીત ગોપાલા;
અંગુલિએ મુદ્રિકા શોહે, દેખી સુરપતિકો મન મોહે.....૩
નટ વેષ ધર્યો જદુરાયે, વ્રજસુંદરી દેખન આયે;
વ્રજનારી સબ મિલી આયે, દેખન પતિ જાદવરાયે.....૪

**સાખી**

નટવર વેષ ગિરિધર ધર્યો, બાજે વેણુ રસાલ;
આયી તહાં સબ ગોપિકા, તબ બોલે મદન ગોપાલ.....૬

**છંદ**

હનિ હાં રે દેખત ઢિંગ[1] વ્રજબાલા, ઉન સંગ બોલે મદનગોપાલ;
હનિ હાં રે અર્ધ નિશા તુમ કયોં આયી, તુમ તો નંદી[2] વેદ શ્રૃતિ ગાયે.....૬

૧. આશ્ચર્ય પામેલી   ૨. હર્ષઘેલી

**વલણ**

નંદીયોં વધૂ શ્રૃતિ વેદ ગાયે, કુલ વધૂ કયોં પતિ તજે;
લોક માંહી કલંક લાગે, પર પુરુષ તારુણી ભજે.....૪
તુમ જાઓ ભામાંની ઉલટી સબ ગૃકે, જુગત નહિ ઈન બાતિયાં;
પતિ તુંહારો પંથ જુએ, જામ જુગ ગયી રાતીયોં.....૫
કુલ વધૂ એહ ધર્મ નાહિં, કહેત શ્યામ તમાલ જયોં
ઐસે નિષ્ઠુર વચન ગોપાલ બોલે, દેખી ઢિંગ વ્રજબાલા.....૬

**સાખી**

ઢિંગ ઢિંગ ગોપી દેખકે, બોલે વ્રજકે રાજ;
તુમ દર્શન પાયો હમ તણો, અબ અપ અપને ઘર જાવ.....૭

**ચાલ**

ઘર જાઓ સકલ વ્રજનારી, તુમ માનો ની શિખ હમારી;
તુમ કર્મ ધર્મ સંસારી, ભજો એક પુરુષ તુમ નારી.....૫
તુમ વેદ ઉપનિશદ કીજે, નીજ પતિકો આદર દીજે;
ઐસી સુની પ્રભુજીકી બાની, તબ ગોપી તરુણી વિલસાની[1].....૬

૧. ગુસ્સે થઈ

**છંદ**

હનિ હાં રે વિલસી વચન કહે ગ્વાલની, ઐસૌ તેરી જુગત નહિ વનમાલી;
હનિ હાં રે વનબિહારી લાલ જુગત નહિ, નિષ્ઠુર વચન ન બોલના.....૭
સુરતી નાથ સ્કંધ પર ભુજા, કૃષ્ણ હમ સંગ ખેલના;
હમ છાંડી સુત પતિ વિપન[1] આયે, આશ તૂં લગી લાડીલે.....૮

દેહો મિલી મધુપાન મોહન, ચાલ અપની છાંડી દે;
હમ જાય કૈસે ઉલટી અમ ગૃહે, પ્રાણ તજું દઘી દાંનીયા.....૯
વિલસી વચન ગોવાલની બોલે, સુની ગોવિંદ મુખ બાનીયૉ;
વિલસી વચન કહે ગ્વાલની, ઐસી તેરી જુગત નહિ વનમાળ.....૧૦

૧. જંગલમાં

સાખી

વિવિધ વચન ગ્વાલની કહે, કૃપા કર્યો ન કરો હરિ;
હમ આયી ચરણ શરણે તું હારો, તબ ગોપી બોલી હસી કરી.

ચાલ

તબ ગોપી હસી કરી બોલી, હમ તુમ શું લજજા ખોલી;
હમ જાણ્યો ત્રિભોવન રાય, તહૉં થે સુત પતિ છાંડ કે આયે.
ગોપી કે જિયા કી જાની, વૃંદાવન લીવા ઠાની.....૭

છંદ

હાનિ હાં રે હસે જો દયાલ મોરારિ, તબ બોલે લૈ સબ વ્રજનારી;
હાનિ હાં રે રાસ મંઢલ પ્રભુજીએ કિનો, મિલી જુવંતી કો સબ સુખ દીનો.....૧૧

વલણ

સુખદિયો ગોપીન રાસ રંઘ રચી, વધૂ વધૂ પ્રત્તિ વપુ ધરે;
ભર્યી રસમેં મગ્ન ક્રીડા કામની કારજ સરે, અધુર મધુર રસ પાય પીવે.....૭
કેલિ ભૂતલ સુચિ રચે, ભોમ રાજિત કનકમણિમેં;
પાંચ સ્તાંભ ઢિંગ ઢિંગ ખચે, સુખ દિયો ગોપીન રાસ રંગ રચી.....૮
ચંદ્ર ગગન શું થકિત[1] હો રહ્યો, સકલ અબલા મન વસે,
કહત કૃષ્ણદાસ ગિરધર, દયાનિધિ મોહન હસે.....૯

૧. ચકિત થઈને જાણે સ્થિર થયો

## તુલસીદાસનો રાસ

પદ-૬૯૫

સાખી

કહે તુલસી રંગ ઉપન્યો, મારે હૈયે હર્ષ અપાર;
વેણુ સુની વ્હાલા તણી, ત્યાં વ્રેહ[1] પામી વ્રજનાર.....૧

૧. વિરહ

ચાલ

ત્યાં વ્રેહ પામી વ્રજનાર જો, મન માંહે કરે રે વિચાર;
ચાલો વ્રેહની જોવા જઈએ, સખી સર્વે સંચરા થઈએ;
આવી શરદ પુનમની રાત, રમવાને વ્હાલાની સાથ;
કાલિંદી તે જમના પાસ, શામલિયે તે માંડયો રાસ.....૧
હૈડાંમાં હર્ષ અપાર, જોવાને મનડાં થાય
મોહન મુખ મુરલી વાગે, તેની ધૂન ગગનમેં ગાજે,
એ વેણુ વાયે વનમાલી, ત્યાં જોવાને સર્વે ચાલી.....૨

સાખી

જોવા જાદવરાયને વ્રજવનિતા સૌ ધાય;
કહે તુલસી રંગ ઉપજે, ત્યાં રંગ ઘણેરો થાય.....૨

ચાલ

ત્યાં રંગ ઘણેરો થાય, કોઈ મંદિરમાં ન રહેવાય;
કોઈએ મુકી તે કુલની લાજ, તે ત્રિકમ તારે કાજ;
કોઈએ ભોળવ્યા ભરથાર, કોઈએ વાયો[1] સૌ વહેવાર;
એકે રોકી રાખી રામા, સહુ પહેલી પહોંચી શ્યામા;
એક ન્હાતી ચાલી નાર, તેને લજજા નહિ લગાર;
એકે અવળી પહેરી ચોળી, એમ ઠામ ઠામ થઈ ટોળી.....૨

૧. છોડી દીધા

સાખી

આતુર થઈને નાથજી, મેલી કુલની લાજ;
કહે તુલસી સંગ ઉપજે, કોઈને હાથ ન લાગે કામ.....૩

ચાલ

કોઈને હાથ ન લાગે કામ, જોવાને સુંદીર શ્યામ;
ચાલો જોવા જઈએ બેની, આપણે વાત ન કરીએ કોઈની;
કોઈએ એક જ આંજી આંખ, તે તો વાંસલડીનો વાંક;
અબલા સજી શણગાર, મન થોભે નહિ લગાર;
દોડંતી શ્વાસ ન ખાય, સખી જે જેમ તે તેમ ધાયે;
વૃન્દાવન લાગી લાર, જાણે હરણાં વછુટયાં ફાળ.....૩

### સાખી

સહુયે પોતી[1] પ્રેમની, સૈંયર સઘળી સાથ;
કહે તુલસી રૂડું થયું, હવે નયણે નિરખ્યાં નાથ.....૪

### ચાલ

હવે નયણે નિરખ્યા નાથ, વ્હાલા શું કરીએ વાત;
મુખ દેખીને મોહ જ પામી, સહુ વ્રેહની તે વેદના વામી;[2]
દેખીને તે દેવમોરાર, હૈડાંમાં હર્ષ અપાર
પ્રભુ રમાડોની હવે, અમો આવ્યા તે સૌ ભાવે;
આજ એવા તે રંગ રમાડો, મને વૃન્દાવન દેખાડો.....૪

૧. ઘેલી    ૨. વધી ગઈ

### સાખી

વચન સુણી વનિતા તણુ વિઠ્ઠલ બોલ્યા એમ;
કહે તુલસી આ રાતમેં, તમે સર્વે આવ્યા કેમ.....૫

### ચાલ

તમે સર્વે આવ્યા કેમ, નર મુકયાનું લીધું નેમ;
જયારે પરણ્યો પૂછસે પેર, ત્યારે કેમ જવાશે ઘેર;
એમ બોલ્યા શ્રી મહારાજ, અહીં આવ્યા શાને કાજ;
તમે રાખો ધણીનું ધ્યાન, એમ મુકતા તે જો માન;
સખી માનો ની વાત અમારી, ઘર જાઓ સકલ વ્રજનારી;
એમ લજજા લોકમેં લાગે, પછી ભાર તમારો ભાગ.....૫

### સાખી

મોહન મુખ એમ ઉચરે, નીચું ભાળે નાર;
કહે તુલસી આ રાસમેં, ઓછો આ અવતાર.....૬

### ચાલ

હવે ઓછો આ અવતાર, મુખ બોલે નહિ લગાર;
અમો આતુર થઈને આવ્યાં, પણ ભૂધરને નહિ ભાવ્યાં;
કોની સૈયર શી પેર કરીએ, મત ઘેર જવાનો ધરીએ;
કહોની કેમ જવાએ ઘેર, તારે નીકળવું ન્હોતું ઘેર;
આપણે આવ્યાં વનમાંહે, એને ના રે આવ્યું કાંઈ મનમાં;
આ તન તજવું એ સારું, સહુ કહેશે એ વારું.....૬

સાખી

ગોપી કહે ગિરિવર ધરને, મનમેં મોટી આશ;
તુલસી રીઝયા નાથ શું, હવે રમો ને વળી રાસ.....૭

ચાલ

રંગ રમવાતે રસિયો બોલ્યા, સખી સહુના પાત્ર ખોલ્યાં;
ગોપીના મનની જાણી, વૃન્દાવન લીલા ઠાની;
રજની કીધી ષટ્ માસ રમવાને રંગ વિલાસ;
ત્યાં તાલ પખાવજ વાગે રૂડો સુંદીર શ્યામ બિરાજે;
મુખ મોહનજીનું નિરખી, ગોપી હૈડાંમાં હર્ષી;
હૈડાંમાં હર્ષ જ પામી, મને મળ્યા અંતર્યામી.....૭

સાખી

વૃન્દાવદનની કુંજમેં, બાજે વેણુ રસાલ;
તુલસી હરિ શું રાસ રમે, ત્યાં તો ગોપી ને ગોવાલ.....૮

ચાલ

રમે ગોપી ને ગોવાલ, રૂડા દીસે ઝાક ઝમાલ;
રૂડા રંગભર્યા રણછોડ, ગોપીના પહોંચ્યા કોડ;
અબલા થઈ આધીન, ત્યાં મોહ્યા ખગ[1] મૃગ મીન;
મોહ્યા વનને વેલી, ગોપી રમે ગોવિંદ ઘેલી;
મોહ્યા નરને નાર, ત્રિકમનું તેજ અપાર........૮

૧. પક્ષી

સાખી

તેજ તમારું જોઈને, હૈડે હર્ષ ન માય;
કહે તુલસી રંગ ઉપજે, મનમુકત કોઈ ન થઈ.....૯

ચાલ

મનમુકત કોઈ ન થાય, એવો રાસ રમે જદુરાય;
આવી સર્વે દેવતા ભાળે, ત્યાં ઈન્દ્ર વિમાન ન ચાલે;
કરજોડી રહ્યા તે કામ, આધીન થયો તે ઠામ;
ત્રિકમનું દેખી તન, મુનિજનના છુટયાં ધ્યાન;
જોવા શંકર આવ્યાં ઊઠી, બ્રહ્માની તાડી[1] છુટી;
મોહ્યા ધરતીને આકાશ, મોહ્યા મોરકલા પુરવાસ.....૯

૧. સમાધિ

સાખી

જે જે તજે આ રઢમેં,[1] માયા મુકી મોહ;
કહે તુલસી આ રાસમેં તૃપ્ત ન થયાં કોઈ.....૧૦

૧. પ્રવાહમાં

ચાલ

હવે તૃપ્ત ન થાયે કોઈ, મોહ્યાં પશુ પંખી સુખ જુવે;
મોહ્યાં મોરકલા બહુ માડે, ગૌ ધાવતાં વાછરું છાંડે;
મોહ્યાં શશિ સુરજ ને તારા, તે થકિત થયાં રે બિચારા;
મોહ્યાં મર્કટલાં વનમાંહી, ઘણું કુદે ન ફૂદે ત્યાંહી;
મોહ્યાં સહુ વૃન્દાવન, ધન્ય ધન્ય તે જુગજીવન;.....૧૦

સાખી

ધન ધન દીનાનાથને, પૂરે મનની આશ
કહે તુલસી રૂડું થયું, હવે હરિ રમાડો રાસ.....૧૧

ચાલ

હવે હરિ રમાડો રાસ, અબલાં ને પહોંચી આશ;
રૂડાં રંગ રમાડો રીતે, પાતલિયા પૂરણ પ્રીતે;
ગોપીને લાડ લડાવે, વ્હાલો એવા બ્રહ્મ જગાવે,
અબલા આનંદમેં ઝૂલે, તેનું રોમરોમ અંગ ખીલે;
દેખીને ત્યાં લીલા લ્હેર, કોઈ જવા ન તાકે ઘેર,
એમ લાગ્યાં મોહનાં બાણ, વિંધાયા તનમન પ્રાણ.....૧૧

સાખી

મનમેં મહા આનંદ ઉપન્યો, સુખ પામી ઘણું સુંદરી;
તુલસી રસ જામ્યો ઘણો, ત્યારે અંતર્ધ્યાન થયા હરિ.....૧૨

ચાલ

હરિ અંતર્ધ્યાન થયાં રે, ગોપીના પ્રાણ ગયાં રે;
મને મેલી ગયાં મહારાજ, મનમેં રહી મોટી દાઝ;
હવે કેમ કરી રહેવાય, મન આકુલ વ્યાકુલ થાય;
આંસુડા નયણે ધાર, જાણે તૂટયાં મોતીના હાર;
વ્યાકુલ થઈ વ્રજનારી, શું ભણે સર્જનહાર;
આવું વૃન્દાવન સુખકારી, દેખી દુઃખ પામી વ્રજનારી.....૧૨

સાખી

વન વન ઢૂંઢે વનિતા, કયાં જડે નહિ ભાળ;
તુલસી રુદન એમ ઉપજે, તે તજીને ગયા ગોપાલ.....૧૩

નોંધ : અહીં પંખીડાનું પદ ગવાય છે.

ચાલ

તે તજીને ગયાં રે ગોપાલ, અબલાને ઊઠી ઝાળ;
દીનાનાથ ગયાં રે મને મેલી, ગોપી ઢૂંઢે વનવન વેલી;
શ્યામળિએ સુખ દેખાડી, મારા પ્રાણ ગયાં છે કાઢી;
સખી વૃક્ષને પૂછવા જાએ, કહ્યુ દીઠાં તે જાદવરાય;
એ તો વૃક્ષને પૂછે બાઈ, તમે શીદ રહ્યાં સોહાય;.....૧૩

સાખી

ટોળે વળી ત્યાં ટળવળે, નાથ વિજોગે નાર;
તુલસી રડતાં સૌ ફરે, આવ્યાં વૃન્દાવન મોઝાર.....૧૪

ચાલ

આવ્યાં વૃન્દાવન મોઝાર, અંહી રમતા દેવમોરાર;
આપણને મેલ્યાં ઉવેખી,[1] તરછોડયાં અવગુણ દેખી;
પહેલાં તે લાડ લડાવ્યાં, વળતાં તે વારું રડાવ્યાં;
મોરલીએ મોહ પમાડયાં, કેડે લઈને એમ પછાડયાં;
આપણને ઉવેખ્યાં નાથે, રાધાજીને લીધાં સાથે;
રાધાજીએ મોટમ આણી, હું તો મોટી મોટી પટરાણી.....૧૪

૧. અવગણી

સાખી

રાધા મન મોટમ કરે, જાણે દીનદયાળ;
તુલસી રસિયો એમ કહે, તમો વળગો આણી ડાળ.....૧૫

ચાલ

તમો વળગોને આણી ડાળ, પછી વહીને ગયાં ગોપાલ;
મોહનજીએ મેલ્યાં રોતાં, રાધા હીંડે વનવન જોતાં;
હરિ કહેતાં હૈયું ન ફાટે, ખોયું કંચન કાચને સાટે;

મેં તો મનમેં આણ્યો અહંકાર, તે તજીને ગયાં ગોપાલ;
સખી આવી મળ્યાં સહુ ત્યાંહી, રાધાજી દીઠાં વનમાંહી;
તું તો બહું રે હતી એમ વ્હાલી, વનમે મેલી કેમ ટાળી.....૧૫

સાખી

દુઃખણી દુઃખણી ટોળે મળી, રૂદન કરે અપાર;
તુલસી રુસણી રાધિકા, પ્રાણ તજું આ વાર.....૧૬

ચાલ

કહે છે પ્રાણ તજું આ વાર, દેખીને દુઃખ અપાર;
એક ગોપી ખાએ ફાંસી, એક કહે તું કેમ વિમાશી;[1]
એક જમનામેં ઝંપલાવે, એક કહે તું કેમ ઘેલી થાયે;
બાઈ પ્રેમ હશે કંઈ જયારે, દીનાનાથ મળશે ત્યારે;
પાતલિયો પ્રગટ થાયે, કંઈ કરીએ તે જે ઉપાય.....૧૬

૧. નિરાશ થઈ બેઠી

સાખી

સહુ સૈયર ટોળે વળી, મન વિચારે વાત;
પ્રેમ વિના નહિ પ્રગટે, તુલસીનો રસિયો નાથ.....૧૭

ચાલ

તુલસીનો રસિયો નાથ, તે તો હેતે આવે હાથ;
બાઈ રાસ રમાડોની હવે, દીનાનાથ પધારે ભાવે;
રાધાને કરો રણછોડ, સહુ ગોપી રહો કરજોડ;
રૂડી રમત માંડોની એમ, દીનાનાથ પધારે જેમ;
આરાધો[1] એક મન, તો આવે જુગજીવન;
હવે નાયક થઈ ને નાચો, દીનાનાથને સર્વે જાચો.....૧૭

સાખી

નાયક થઈને નાચ્યાં, વ્રેહભરી વ્રજનાર;
તુલસીના શ્યામ રહી ન શકયા, ત્યાં પ્રગટયા દેવમોરાર.....૧૮

ચાલ

હવે પ્રગટયા દેવમોરાર, ત્યાં ભેટી ભૂધરને નાર;
સબ મોતીડે વધાવે, ઘણું હેત હૈયામેં આવે;
બાઈ પ્રેમ હતો ત્યારે પામી, મને મળ્યા અંતર્યામી;
અલબેલાં ને પહોંચી આશ, રાસ ગાવે તુલસીદાસ;
એ તો હરિ રાધાનો વિલાસ, સાંભળે તેને વૈકુંઠ વાસ;
રાસ શિખે જે નરને નાર, તે તે છૂટે ભવસંસાર.....૧૮

# પદ્ધ અધ્યાયનો રાસ

પદ-૯૯૯

સાખી

શ્રી ગુરુને ચરણે નમું, માંગુ અખિલ[૧] જ્ઞાન પ્રકાશ;
કૃષ્ણકથા જશ બોલશું, હરિ રમ્યા ક્રીડા રાસ.....૧
શ્રી ભગવતની કથા પાવન, દશમ સ્કંધે જેહ;
પગ્ધ અધ્યાય પરીક્ષિતને કહ્યા, શ્રી શુકજી બોલ્યા તેહ.....૨
તે કથા વિસ્તારવા, મારે હૈયે હર્ષ અપાર;
તે માટે ગુરુને ચરણે નમું, અખિલ જ્ઞાન પ્રકાશ.....૩
અખિલ જ્ઞાન ઉચ્ચારતાં, પતિત પાવન થાય,
કૃષ્ણ ભરથારને પામવા, ગોપી વધૂ ગિરિજા ને ધાય.....૪

૧. સમગ્ર

ચાલ

હાં હાં રે ગોપી વધૂ ગિરિજાને ધાય, પૂજા કરીને લાગ્યાં પાય;
મારે વરવાં છેવ નમાલી, તમે કૃપા કરો કૃપાળુ.....૧
દેવીએ દીધાં આશિષ, વર હોજો શ્રી જગદીશ;
આવ્યાં વર તે સુફલ કરવાં, હરિ ભકિત તણો ભાવ જોવા,
આવી ઊભાં તે જમુના તીર, અબલાનાં હર્યાં ચીર.....૨

સાખી

ચીર ચોરી કદમે ચઢયાં, વ્યવ્હળ[1] થયાં વ્રજનાર;
હરિ આપો તો નીસર્ય, એમ કહે સકલ વ્રજનાર.....૫

૧. અકળાય

ચાલ

હાં હાં રે જલ મધ્યે રહી વ્રજનાર, કરજોડી કરે નમસ્કાર;
તમે આપોની ચીર પરિધાન, સ્વામી માગશું એટલું માન;
ત્યારે હસીને બોલ્યાં ભગવાન, તજો દેહતણું અભિમાન;
તમે લજ્જા તે લોક નિવારો, ઉઘાડે અંગે પધારો;
હરિએ જેમ તેડયાં તેમ જાએ, મન હર્ષ્યાં તે જાદવરાય.....૨

સાખી

અબલા મન આનંદ ઘણો, વર પામી જુગજીવન;
એક રાત્રિ રમવા તણો, હરિએ આપ્યું સતવચન.....૬

ચાલ

હાં હાં રે એક શરદ નિશા અતિ સોહે, દેખી મુનિ જનના મન મોહે;
ઊગ્યો પૂરણ કલાનો ચંદ્ર, વૃન્દાવન નાથ નિરંઘ્ર;[1]
ત્યાં શીતલ પવન સુગંધ, વાયે ત્રિગુણવા નિર્બંધ;
દેખી નિર્મલ જયોત આકાશ, રમવાને રાસ વિલાસ.....૩

૧. પાપ વગરના

સાખી

મધ્ય નિશા મોહન ગયા, વૃન્દાવન મોઝાર;
તે રજની ને સંભાળતા, જે વર આપવો વ્રજનાર.....૭
મધુરો વંશ વગાડયો, મોહ્યાં ત્રણ ભોવન;
વ્રજનારી વિહવળ થઈ, તેનાં આક્રંદ થયાં મન.....૮

ચાલ

હાં હાં રે વ્રજનારી વિહવળ થયે, તેણે મંદિરમાં ન રહેવાય,
એક કુંદલ પહેર્યું ચરણે, એકે નૂપુર ઘાલ્યું કર્ણ;
એક હાર ભેરવ્યો હાથે, એકે કંકણ ગૂંથ્યું માથે;
એકે પહેરી અવળી ચોરી, એકે કુંકુમ કાજલ રોળી;

એકે લોચન આંજયું એક, એમ વિસરી અંગવિવેક
સર્વે છાંડયો ગૃહ વ્યવહાર, વિસર્યા પતિ પરિવાર;
સર્વે ચાલ્યા વન મોઝાર, જાણે કામ થયો અસ્વાર;
શ્યામાદલ સંગ વિશાળ, જઈ ગઢ વીંટયો ગોપાલ.....૪

સાખી

હરિ માયાનું બલ જૂએ, ગોપી ન જાણે મર્મ;
પ્રેમદા પર સંગે રમે, જે ડરતી ગૃહના કર્મ.....૯
જુવંતી જૂથ મળ્યું બહુ, તે દેખી વ્રજરાજ;
ગોકુલમાં સહું કુશલ છે, તમે વન આવ્યાં કોણ કાજ.....૧૦
મધ્ય નિશા ગયી માનુની, તમને ઘટે નહિ એહ;
પિયુ પોતાનો પરહરી, વન નીસર્યા તેહ.....૧૧
અંધ દરિદ્રી રોગીઓ યદ્યપિ હોય ભરથાર;
પતિવ્રતા છાંડે નહિ, જો હોય કુલવંતી નાર.....૧૨
ભામની ભોવન વિશે રહો, ધર્મ તમારો એહ;
જઈ સ્વામીની સેવા કરો, સાધન સઘળાં તેહ.....૧૩

ચાલ

(રાગ-કેદારો)

હાં હાં રે તમે કેમ આવ્યાં વ્રજનાર, મંદિર પરહરી,
પરહર્યાં નાનેરાં બાલ, હો વ્રજની સુંદરીઓ.....ટેક
મધ્ય નિશા રૂડાં મંદિર તજીને, આવ્યાં છો વનમોઝાર;
એક એક પે દીસો છો રૂડાં, છો કુલવંતી નાર
એમ બોલ્યાં હરિ.....૧
વેદ પુરાણમાં સુન્યો હશે, સ્ત્રીઓને ભજવા કંથ રે
ધર્મ તમારો તમને કહીએ, જૂઓને વિચારી ચિત્ત
એમ બોલ્યા હરિ.....૨
મનડું વિમાસી ગોપી, અબલા ઊભાં, તમે શું કહો
છો પ્રાણ જીવન;
અમે ભજીએ વનમાલીનો વ્હાલો, એમ વિનવે ગોપી
જન વ્રજની સુંદરી.....૩

સાખી

વચન વિષ્ણુના સાંભળી, વ્યાકુલ થઈ વ્રજનાર;
ગદ્ગદ્ કંઠે હવિ[1] થકી, તેને નયણે વહે જલધાર.....૧૪
મોહસાગરમેં તે પડી, નારી થઈ નિરાશ;
જાણે દધિ સાગર ઉલટયો, જલ વ્યાપ્યું રે આકાશ.....૧૫
તે જલ મધ્યે ડૂબતાં થોભ દિયો હરિ નાવ;
પ્રીત વચને ગોપીના સુણી, જાણ્યો નિશ્ચલ ભાવ.....૧૬
અવિલોક[2] અંતગતિ સ્નેહ થશે નિર્વાણ;[3]
પ્રેમદા પાછા નહિ ફરે, તત્ક્ષણ તજશે પ્રાણ.....૧૭

૧. હોમવાનું દ્રવ્ય ૨. જોઈ ન શકાય તેવી ૩. અંત

ચાલ

હાં રે ત્યારે હસીના બોલ્યા જદુરાય, અબલા મન હર્ષ ન માંય;
ત્યાં મંડપ રાસ રચાયે, તેની સોભા કહી નવ જાય;
સુખ પામ્યા વિવિધ વિલાસ, પછી રમવાને માંડયો રાસ.....૪

સાખી

અબલા એક એક મેં મધ્યે નાથ નિરંધ્ર;
બેઉ ઘટમેં પ્રતિબિંબ ભાસ્યો; જેમ જલ મધ્યે ચંદ્ર.....૧૮

ચાલ

હાં રે બહુ રૂપ ઘર્યું તેણીવાર, તેની શોભાનો નહિ પાર;
તેની શોભા કહી નવ જાયે, જેમ સાગર લ્હેર સમાય.....૫

સાખી
(રાગ-કેદારો)

કેદારો જબ કીજીએ મુખે જપીએ રામ;
ઔર રાગ સબ દેવતા, મારે કેદારો ભગવાન.....૧૯
શોભા શી બની કહું, કહેતા ન આવે પાર;
રૂપ ઘર્યું રાધામાધવે, તેનો વિસ્તારું શણગાર.....૨૦

ચાલ

હરિનું વન ઘનશ્યામ બિરાજે, જેનું વૈદુર્ય મણિનું ભાસે;
હરિને પીતામ્બર તન શોહે, ત્યાં અમર મન મોહે;
હરિને ચરણે નૂપુર સાર, શ્યામા ઝાંઝરનો ઝંકાર;
હરિને અંગે બાંલુલંડલી વિશાલ, શ્યામા કર કંકણ રંગ લાલ;
હરિને ઉર લટકે વનમાલા, શ્યામા મુકતા દામ પરવાળાં;
હરિનું નિરખી વદન નિરંધ્ર જાણે ઊગ્યો પુનમનો ચંદ્ર;
હરિને કાને કુંદલ લટકે, શ્યામા ઝાલ અનુપમ ઝલકે;
હરિના લોચન અમ્બુજ[1] રાતાં શ્યામા મૃગનયની મહમાતા;
હરિને મોર ચંદ્રિકા માથે શ્યામાશિશ ફૂલ સર ગૂંથે;
નખશિખ સિંધુ શોભા અપાર, કીધો સંક્ષેપ વિસ્તાર;
હરિના ચરણ કમલ બલિહારી, જાયે રામભકત બલિહારી.....૬

૧. કમળ જેવા

સાખી

એક એક ગોપી બીચ બીચ માધવ, રચ્યો રાસ વિહાર;
હાથ જોડી હરિ સંગે રમે, પહેર્યાં સુલમણિના[1] હાર.....૨૧

૧. ઉત્તમ પ્રકારનાં મણિ

ચાલ

હાં રે પહેર્યાં સુરમણિના હાર, એમ રચ્યો રાસ વિહાર;
અબલા મન હર્ષ અપાર, ત્યાં વર્ત્યો જૈ જૈકાર;
વાજીંત્ર વાગે બહુ રંગ, ઉપજે બહુ તાન તરંગ;
હરિ કંઠે ઘાલી બાંહે, જાણે વિજ થઈ ઘનમાંહે;
ત્યાં થૈ થૈ કર બોલે, ત્રિભોવનમાં નહિ કોઈ તોલે;
ત્યાં ઘુંઘરીનો ધમકાર, પાયે નૂપુરનો ઝંકાર;
ત્યાં કંકણ ચુડી ખલકે, રાખલડી મસ્તકે ઝલકે;
હરિ સાથે ભમરી ખાયે, તેને ઉલટ અંગ ન માંય;
શ્યામા તન્મય થઈ તેણીવાર, નહિ દેહની સૂધ લગાર;

ત્યાં ચોળી ના કણ છૂટે, તેના હાર કુસુમના તૂટે;
તૂટયા મુકતાફલના હાર, જાણે સ્વાંત મેઘની ધાર;
છૂટયા વસ્ત્ર ભૂષણ પરિધાન, ભૂમિ થઈ તે કનક સમાન;
ત્યાં નારી થઈ લોલીન, જેમ સંગાતે મીન;
તેની વ્રેહની વેદના વામી, પરિબ્રહ્મ વિશે લય લાગી.....૭

સાખી

વેદ રુપે હરિ અવતર્યો, ઋચા ગોપિકા જાણ;
રગે ઓશંકા આણતો, બાલક બુદ્ધિ અજાણ.....૨૨
ગાયત્રી જશોદા થયા, વેદ તણી જે માત;
અધ્યાય તે સર્વે ગોવાલિયા, હરિ અવતાર્યા સાક્ષાત.....૨૩
અમર લોક ઈચ્છા કરે, ધન વૃન્દાવન નાર;
આપણ શેં નવ અવતર્યા, હરિ સંગ કરત વિહાર.....૨૪

ચાલ

હરિ સંગ કરતાં વિવિધ વિલાસ, ત્યાં સર્જન થઈ ષટ્ માસ;
નારી જાણે છે ક્ષેણુ એક, એમ વિસરી અંગ વિવેક;
હરિ બંસુરી મધુરી વાયે ત્યાં સુરભિ[1] તૃણ ન ખાયે;
સ્થિર પામ્યું જમના નીર, ગૌવચ્છ ન પીએ ક્ષીર;[2]
ત્યાં ખગ મગ પક્ષી જેહ, સર્વે ચકિત થયા મન તેહ;
ત્યાં ચંદ્ર વિમાન ન ચાલે, ગતિ ગ્લાન થઈ નવ હાલે;
ત્યાં કામ રહ્યો કર જોડી, દેખી ને પામ્યો દિગ્મૂઢ;[3]
ત્રિભોવન જીત્યું તેણે જેહ, હાર આગળ હાર્યો તેહ;
એવું સુન્યું અદ્ભુત જ્ઞાન, મુનિજનના છૂટયા ધ્યાન;
તપે બેઠા આસન વાળી, મહાદેવની છુટી નાડી;
સનકાદિક સમાધિ છુટી, ત્યાં કાલતણી ગતિ તૂટી;
અંતરિક્ષથી સુરનર દેવ, જોવાને આવ્યા તનખેવ;
સુરનારી કુસુમ વધાવે, તે જોવા હરિને આવે;
વૃન્દાવન વૈકુંઠ બિરાજે, તેની શોભા અધિક બિરાજે;
સુર પામ્યા હર્ષ અપાર, ત્યાં વર્ત્યો જૈ જૈકાર,

દેવતાએ માંડયો રાસ, સુરનારી વિવિધ વિલાસ;
ત્યાં અદ્‌ભુત ઓચ્છવ થાય, જાણે મળ્યા વૈકુંઠ રાય;
વાજીંત્ર બાજે બહુ સાર, સુર ત્રીયા રણઝણકાર;
તેના છેક મળ્યો એક ઠામ, તે પામ્યો પદ અભિરામ.....૮

૧. ગાય ૨. દૂધ ૩. આશ્ચર્યચકિત

સાખી

રાસમંડલ ગિરિધરે રચ્યો, સુખ દિયો ગોપનકો દાવ;
રાધારસિકને સંડો લઈ, તબ ભયે હરિ અંતર્ધ્યાન.....૨૫

ચાલ

હાં રે તબ ભયે હરિ અંતર્ધ્યાન, ગુણ સાગર રૂપનિધાન;
જુવંતી જુવંતી જન ડોલે, સામા સામી કરી મુખ બોલ;
પૂછે ગુલ લતા દ્રુમ વેલી, કહું દેખ્યો શ્યામ સાહેલી;
મેં તો અભિમાન ડિયો મોરી માય, જબ લાભ ભયે જદુરાય.....૯

સાખી

કુંજ કુંજ ઢુંઢતી ફરે, ખોજતી દીનદયાળ,
પ્રાણનાથ પામે નહિ, ત્યાં વ્યાકુલ ભયી વ્રજનાર.....૨૬

ચાલ

હાં રે ત્યાં વ્યાકુલ થઈ વ્રજનાર, ઢુંઢતી ફરે શ્યામ તમાલ;[1]
પૂછે ચંપક જાઈ ગોપાલ, કહું દેખ્યો નંદકો લાલ;
કોઈ કદમની વાત ન જાણે, શ્યામ તરુણી અંગ ન સૂઝે.....૧૦

૧. ઝાડનું નામ

સાખી

પિયુ કે સંગ એકાંત ભયી, સો વિલસે રાધા નાર;
સ્કંધ ચઢાઈ પ્રભુ ઐસો કિયો, તબ તજીને ગયા મોરાર.....૨૭

ચાલ

હાં રે ત્યાં તજીને ગયા મોરારિ, હું તો આપ સંગથી હારી;
મેં તો અભિમાન કિયો મોરી માય, ત્યાંથી અલોપ થયા જદુરાય;
ત્યાં ઔર સખી મિલી આયી, દેખન પતિ જાદવરાય.....૧૧

સાખી

વૃન્દાવનમેં વિઠ્ઠલો, પામ્યો અંતર્ધ્યાન
ગોપી સર્વે ઘેલી થઈ, જુએ વેલ તરુવર પાન.....૨૮

ચાલ

હાં રે ગોપી વેલ પાન સહુ જુએ, શ્યામા શ્યામ કરી મુખ રુવે;
વ્રજબાલા માર્ગ પેખે, નરનારીના પગલાં દેખે;
ધન ધન રાધા રાણી, જેણે વશ કીધા મોરારિ.....૧૨

સાખી

ધન ધન રાધાનારને, જેણે ત્રિકમ લીધાં સાથ
હરિજી વિના કેમ ચાલશે, ના વિસારો નાથ.....૨૯

ચાલ

હાં રે આપણ હરિજી વિના કેમ રહિએ, બેની ચાલોની જોવા જઈએ;
જોવું વૃન્દાવન મોઝાર, નહિ દેખ્યાં નંદકુમાર.....૧૩

સાખી

નહિ દેખ્યા નંદકુમારને, વળી વિમાસે સર્વે સાથ;
ધ્યાન ધરો કૃષ્ણચંદ્રનું, જેમ આવે વ્રજનો નાથ.....૩૦

ચાલ

હાં રે ત્યાં ધ્યાન ધર્યું સર્વે સાથ, સખી કયાં છે વૈકુંઠનાથ;
ત્યાં જાય જપે વ્રજબાલા, ઉન કરમેં ગ્રહી જપમાલા.....૧૪

સાખી

જપમાલા ઉન કારમેં ગ્રહી, ત્યાં ધ્યાન ધર્યું સર્વે નાર;
સાથે હતી રાધિકા, તેણે મન આણ્યો અહંકાર.....૩૧

ચાલ

હાં રે રાધાજી ગર્વભરી એમ બોલે, નારી નહિ મુજ કોઈ તોલે;
હરિ એ વિસારી સર્વે નાદ, મારે વશ થયા મોરાર;
રાધાજીએ મનમાં એવું આણ્યું, ત્રિકમજીએ તત્ક્ષણ જાણ્યું;
માધવજીએ મેલી રોતી, રાધા હીંડે વન વન જોતી.....૧૫

(પંથીડા પદો ગાઈ શકાય છે.)

સાખી

કૃષ્ણ ચરિત્ર ગોપીએ કિયો, વ્રહે વાધ્યો વ્રજનાર;
એક ભયી જૈસી પુતના, એક ભયી ગોપાલનાથ.....૩૨

ચાલ

હાં રે એક ભયી ગોપાલનાથ, તેણે દુષ્ટ પુતનાને મારી;
એકે વેષ મુકુંદજી કીધો, તેણે તૃણાવત હણી લીધો;
એકે વેષ દામોદરનો ધર્યો, તેણે જમલા અર્જુન માર્યો.....૧૬

સાખી

અબલા મન આનંદ ઘણો, પામી પદ નિર્વાણ;
જઈ હરિને ચરણે નમ્યા, તત્ક્ષણ આવ્યા પ્રાણ.....૩૩

ચાલ

હાં રે આવ્યા પ્રાણજીવન તેણીવાર, અબલા મન હર્ષ અપાર;
ત્યાં વર્ત્યો જૈ જૈકાર, ફરી રચ્યો રાસ વિહાર;
એમ રંગ ભરી રજનિ નિહાળી, હરિ સંગે જતાં નવ જાણી;
હરિ ક્રીડા રાસ વખાણે, કોઈ જતિ જોગી જાણે;
છેક રજનિ રહી ઘડી ચાર, ત્યારે વ્રજમાં પહોંચી નાર;
તે પામ્યા પદ અભિરામ, હરિ પહોંચ્યા ગોકુલ ગામ;
રામભકત કહે કર જોડી, સ્વામી ભવના બંધન છોડ;
હરિચરણે રાખો વાસ, નહિ તો જાણો તમારો દાસ.....૧૭

## પંથીડાની સાખી

હાંડે વન વન શોધતી, શ્રી વૃંદાવન મોઝાર;
વાડી વેલે સર્વે જોયું, હવે જુએ સરોવર પાળ.....૧
ગર્વ જાણી ગોરી તણો, હરિ ભયે અંતર્ધ્યાન;
એધાણી જોતી પંથની, નયણે છુટયાં ઝરણ.....૨

卐

## પદ-૬૯૭

પંથ નિહાળતી રે હો, જોતી પ્રીતમના પગલાં;
મધ્ય નિશાએ ઘેલી હો, ભરતી લથડતા ડગલાં;.....ટેક

ચૌદિશી નિહાળતી રે હો, જાણે વનચરતી હરણી રે હો;
સુધ બુધ વિસરી હો, પ્રભુ મારા તે તારી કરણી રે.....૧

શ્યામા સૌ ટોળે મળી રે હો; હીંડે મારગડો જોતી રે;
નયણે નીરે ઝરે રે હો, ચતુરા ચીરથી લ્હોતી રે.....૨

શ્યામા સૌ ટોળે મળી રે હો, મનમાં કીધો વિચાર રે;
ચાલો સખી ત્યાં જઈએ હો, જયાં રમતાં નંદકુમાર રે.....૩

જોતા સૌ ત્યાં ગયા રે હો, જયાં છે જલ યમુના નીર;
અહીં હરિ બેસતા રે હો, જમતાં કર્મલડો[1] ને ક્ષીર.....૪

વ્હાલો વગાડતો વાંસડી રે હો, ગોપી ગાતી સર્વે ગીત રે;
તે કેમ વિસરું રે હો, પ્રભુ મારા પૂર્વ જન્મની પ્રીત રે.....૫

જતને જાળવું રે હો, જોબન ભૂધર ભેટ કરીશ રે;
જો હરિ નહિ મળે રે હો, મારા પાપી પ્રાણ તજીશ રે;.....૬

શ્રી હરિ શ્યામળા રે, ધરતાં ધાબળિયાનો વેશ રે;
કેડલો[2] પૂછતી રે હો, કહો મને કૃષ્ણનો ઉપદેશ રે.....૭

આણે આણે મારગડે હો, આવ્યા લક્ષ ચોરાશી માંય રે;
મનષા દેહ ધરી રે હો, પ્રભુ મારા આવાગમનની વાર રે.....૮

પૂછું પેલા દ્રુમને હો, કહો મને નાગર કેરી ભાળ રે;
વનિતા વલ વલે રે મળવા આતુર શ્રી ગોપાલ રે.....૯

તારુણી ટોળે મળી રે હો, કરવા લાગી કંઠ રુદન રે;
વ્રહદેવના સ્વામી મળો રે હો ધ્યાને આલિંગન રે....૧૦

卐

૧. સાથવો-ભાખરો   ૨. છેડો

## પદ-૬૯૮

(રાગ-પંથીડો)

વનવન શોધતી રે હો, જોતી પદમ[1] તણા એંધાણ;[2]
ડગમગ ડોલતી રે હો બોલતી મુકી મનની સાન[3].....ટેક
હૈયું બિગાડતી રે હો નારી હરિ વિના થઈ નિરાશ;
મૂર્છા[4] પામતી રે હો નરહરિ નહિ દેખે નિશ્વાસ.....૧
અવની આળોટતી રે હો, જાણ્યું પ્રેમદા તજશે પ્રાણ રે;
સખી સમજાવતી રે હો, આપણ રમીએ રાસવિલાસ.....ટેક
હરિએ જે કર્યું રે હો, લીલા આચરીએ તેણી વાર રે;
એક થઈ પુતના રે હો, એક થઈ કાન નાનેરું બાળ રે.....૨
તેને શોધી રે હો, ફરતી પ્રાણ પવન તેણીવાર રે;
વાય વંટોળિયો રે હો, લઈને ઊડતી આકાશ રે.....૩
એક મહી હિંડોળતી રે હો; બાંધતી ઊખલા[5] સાથે હાથ રે;
વૃક્ષ ઉખેડતી રે હો, ભરતીજમલા અર્જુન બાથ રે....૪
અદ્‌ભુત ચુરંતી[6] રે હો, કરતી દાવાનલનું પાન રે;
પર્વત તોળતી રે હો, હરતી ઈન્દ્ર તણું અભિમાન રે.....૫
બંસુરી વગાડતી રે હો, કરતી અન્યોન્ય ગાન રે;
રાસ રમાડતી રે હો, નારી થઈ સ્વયં ભગવાન રે.....૬
વ્રેહની વ્યાકુલતી રે હો, વનિતા હીંડે વનમોઝાર રે;
અનાથ એકલી રે હો, વનમાં મેલી ગયા વ્રજનાથ રે.....૭

卐

૧. પગની  ૨. નિશાનીઓ  ૩. શુદ્ધિ
૪. બેશુદ્ધ થવું  ૫. ખાંડણિયા  ૬. ઘૂમતી

## પદ-૬૯૯

(રાગ-પંથીડો)

હરિ નહિ આવ્યા રે હો, સજની કહો કેમ કીજે આજ રે;
આપણ એકલા રે હો, વનમાં મેલી ગયા વ્રજરાજ રે.....૧
અમો મહા અભાગણી રે હો, નાથ ન ધરવી રીસ રે;
અમો અપરાધી રે હો, વ્હેલા સહાય કરો જગદીશ રે.....૨

આવડું કયાં કરો રે હો, અવગુણ શા શા કીધાં મન રે;
બિરુદ તમારું રે હો, આગે પતિત[1] પાવન રે.....૩

સુરપતિ[2] કોપ્યો રે હો, માંડી વૃષ્ટિ અખંડ ધાર રે,
ગોવર્ધન કર ધર્યો રે હો, હરિએ ઉગાર્યા તેણીવાર રે.....૪

દાવાનલ થકી રે હો, રાખ્યાં ગોપી ગ્વાલ રે;
તે સંભાળજો રે હો, દર્શને દયોને દીનદયાલ રે.....૫

પ્રીત પૂર્વતણી રે હો, હરિએ સંભાળી તેણીવાર રે;
તત્ક્ષણ પ્રગટયા રે હો, અબળા પામી હરખ અપાર રે.....૬

વ્રહદેવનો સ્વામી મળ્યો રે હો, સર્વે સુખી થઈ વ્રજનાર રે;
મનમાં આનંદ ઘણો રે હો, આવ્યા પ્રાણધાર રે.....૭

卐

૧. ? ૨. ?

પદ-૭૦૦
(રાગ-બિહાગ)

રાસ રચ્યો વનમાળી વનમાં, રાસ રચ્યો વનમાલી;
સુંદર શ્યામ કમલદલ લોચન, ગુણ નિધાન ગિરધારી.....વનમાં૦ ટેક

ફૂલે ફલે સકલ દ્રુમ[1] વેલી, શરદ રૈન ઊજિયાલી;
શોહત મધ્ય મહાઘન મોહન, દામની[2] ગોપ કુમારી.....વનમાં૦

નૂપુર રણક ઝનક કર કંકણ, કરત સપ્ત સ્વર નારી;
ઘુમત મંડલ ઝલત આભુષન, ધૂની સુની સૂધ ન સંભાળી.....વનમાં૦

કુંડલ હલન ચલન ગ્રીવા[3] પર, કહી ન પડત છબી ભાળી;
શોભા અટક રહી ઉર અંતર, વ્યાસ દાસ બલિહારી.....વનમાં૦

卐

૧. ઝાડ ૨. વીજળી જેવી ૩. ડોક

## પદ-૭૦૧
(રાગ-બિહાગ)

નૃત્યત[1] દોઉ કુંજ ભૂવન કે આંગનમેં, નંદનંદન વૃષભાન કિશોરી;
રાસ રચ્યો વૃન્દાવનમેં, નૃત્યત દોઉ કુંજ ભૂવન કે આંગનમેં.....ટેક
લીલામ્મર પીતામ્બર કી છબી, ઉદીત દામની ઘનમેં;
ઐસે દોઉ પરસ્પર રાજિત, મર્કટમણિ[2] કંચનમેં.....નૃત્યત૦ ૧
શોભા સિંધુ કહીં લગ વરણું, સાધન કુંજકે વનમેં;
નંદદાસ કો એહી કૃપા કરો, સદા વસો મેરે મનમેં.....નૃત્યત૦ ૨

卐

૧. નૃત્ય કરતી    ૨. એક પ્રકારનો મણિ

## પદ-૭૦૨
(રાગ-બિહાર)

આયે ગોપી પાયે પરન, સોઈ કરો જૈસે ન છૂટે;
રાખો શ્યામ શરણ, આયે ગોપી પાયે પરન
જબ તુમ બેન બજાયી બુલાયે, અબ કૈસે નઠરાઈ;[1]
તુમ્હારે દર્શનસે તાપ કટત હૈ નારદ ભેદ બતાય.....આયે૦ ૧
ચિત્ત ન ચલે ચરણાગત ન થકે, મિલન ચલી બ્રજબાલા;
પરમાનંદ પ્રભુ મિલે કૃપા કરી, બોલત વચન રસાળા.....આયે૦ ૨

卐

૧. રહી ન શકાય તેવી અવસ્થા

## પદ-૭૦૩
(રાગ-માલવ ગોડા)

શ્રી વૃન્દાવનમેં વેણ બજાયી, ગોપીને વ્યવ્હળ કીધાં રે;
વસ્ત્ર લિયા તે બચન પાળવા, તે ચિત્ત હરીને મન લીધાં રે.....શ્રી૦ ટેક
એક નયન આંજી મન જાણી, બીજી માંગ સિંદુરે રે;
જુવંતીના જૂથ મળીને ચાલ્યાં, જેમ સાગર વહે પૂર રે.....શ્રી૦ ૧
રત્નજડિત રાખલડી શોહ, કંઠે કાવડ હાર રે;
વિછુઆ[1] ને ઠમકે ચાલે, નૂપુરનો ઝમકાર રે.....શ્રી૦ ૨

ગોપી પીતામ્બરની પલવટ વાળી, ઝાલ ઝબુકે કાને રે;
રાતા દંત અધર મુખ ઓપે, ગોપી ગોરે વાને રે.....શ્રી૦ ૩
હર્ષ ભર્યાં હરિ પાસે આવ્યા, વૃન્દાવન મોઝાર રે;
નરસૈંયા કો સ્વામી ભલે મળ્યો, હૃદયે ઉલટ અપાર રે.....શ્રી૦ ૪

卐

૧. પગને અંગૂઠે પહેરવાનું ઘરેણું

## પદ-૭૦૪
### (રાગ-કાલેરો)

વૃંદાવનમાં રચ્યો અખાડો, નાચે ગોપી ગોવાલ રે;
તાલ પખાવજ બાજે બંસરી, તાલ મિલાવે ગોપાલ રે.....ટેક
સુંદર રાત શરદ પુનમની, સુંદર ઊગ્યો હરિ ચંદ્ર રે;
સુંદર ગોપી ને કાંચનમાલા, મધ્યમેં મર્કટમણિ ગોવિંદ રે.....૧
શિર ફૂલ સેંથો રાખલડી, ઉર સોહે મોતી માલા રે;
રુમઝુમ રુમઝુમ નૂપુર[૧] બાજે, મલકારા કરતી બાલા રે.....૨
હરખી હરખી દેવેશ્વર મહેશ્વર, વર્ષે કુસુમ ભરી થાળ રે;
જીવો રે જીવો દેવકીનંદન, ત્યાં નરસૈંયો મ્હાલે રે.....૩

卐

૧. ઝાંઝર

## પદ-૭૦૫
### (રાગ-કાલેરો)

શાને કાજે તમો સૌ, મળી આવ્યાં, શું છે તમારું કામ રે;
પતિવ્રતાનો એ ધર્મ જ નાહીં, જાઓ તમારે ધામ રે.....ટેક
મોહન કેરા વચન સુણીને, નીચું નિહાળે ગોપી ગ્વાલની રે;
મુખ આંગળી લઈ મનડું વિમાસે, શું કહે દેવ મોરારિ રે.....૧
ગદ્‌ગદ કંઠે ગોપી વચન પ્રકાશે, સુણજો દેવમોરારિ રે;
જો મોહન નાહીં રમો અમ સાથે, તત્ક્ષણ કાઢું પ્રાણ રે.....૨
અંતર્પ્રીત જોઈ હરિ હસિયા, હૃદય સાથે ભીડી રે;
પ્રેમ ધરી નરસૈંયે નીરખી ગોપી, સરખે સરખી જોડી રે.....૩

卐

પદ-૭૦૬

(રાગ-કાલેરો)

વૃંદાવન વેણુ વગાડી, ગોપીમન વિહ્‌વળ કીધાં રે;
વર આપો વચન પાળવા, ચિત્ત હરી મારું લીધું રે.....ટેક
એક નયન આંજી મન જાણી, બીજી માંગ સિંદુર રે;
યુવતીના જૂથ મળી ચાલે, નહી વહે જલપૂર રે.....૧
રત્નજડિત રાખલડી રૂડી, ઝાલ ઝબુકે કાને રે;
રાતા દંત અધર પર ઓપે, ગોપીને ગોવિંદ રે.....૨
હર્ષ વ્હાલાની પાસ આવ્યા, વૃન્દાવન મોઝાર રે;
નરસૈંયાના સ્વામીનું મુખ જોઈ, હૈયે હર્ષ અપાર રે.....૩

卐

# દિવાળીનાં પદો

પદ-૭૦૭

(રાગ-કેદારો)

આજ દિવાળીના દહાડા, હરિ મારે ઘર આવો;
મલકતું શું મુખડું, માનુની ને મન ભાવે.....આજ ટેક
પહેરો હાર પીતામ્બર અદ્‌ભુત, પાઘડી લટપટી બાંધો;
અતિ કોમળને કુસુમે ભર્યા, ઠમકે પાવલાં[૧] માંડો.....૧
પ્રેમ ધરી હું પૂરું સાથિયો, તોરણ હાર બંધાવું;
સૈયર સર્વે સૌભાગ્ય વખાણે, વ્હાલાંજીને પુષ્પે વધાવું.....૨
માન ધરી મંદિરમાં તેડું, વ્હાલાજીનું વદન નિહાળું,
પૂજી અર્ચી[૨] પાટ બેસાડું, દૂધે પાંવ પખાળું[૩].....૩
પય પકવાન્ન મિઠાઈ મેવા મનગમતા લીજે;
રામકૃષ્ણ પ્રભુ રસવશ થઈને, છાસિયું ઘાટે દીજે.....૪

卐

૧. પગરણ માંડો અથવા પગલાં માંડો છે-પૂજા કરવી એવો અર્થ
૨. પૂજી-અર્ચી એક જ શબ્દપ્રયોગ
૩. ધોવું

## પદ-૭૦૮
### (રાગ-કેદારો)

રંગભરી રઢિયાળી દુર્લભ દિવાળી, ઘનભરી ઘનતેરસ આવી;
નંદકુંવર જોયાં નિહાળી, દુર્લભ દિવાળી.....ટેક
મોર મુગટ કાને કુંડલ, પીળી પલવટ વારી;
ચૌદ લોક ચાલે વશ કીધાં, તેવી ચૌદશ કાલી.....૧
લાડુ લેંચી ઘારી ઘેવર, સરસાં સેવ સુંવાળી;
પહેરી ઓઢી પ્રભુજીને પીરસું, હાથ કનકની થાળી.....૨
ચૂવા[1] ચંદન અંગે ચર્ચું, કેસર કુંકુમ ઘોળી;
રંગભરી રમશું રાધા વરશું, દીવડા કોટ ઉજિયાલા.....૩
પય પકવાન મિઠાઈ મેવા, બીડલાં બહુ વિધ વારી;
જવાર પટોળા જુગજીવન શું, કરીએ અંતર ટાળી રે.....૪
કહાન કોડીલો આંગણે ઊભો, આંખડલી અણિયારી;
લુંટાલૂંટ કરે સૌ વૈષ્ણવ, અન્નકોટ મન ઘાલી.....૫
હરિ હાથિડો હસતો આવે, સાથીડા સંભાળી;
ભાવ જ વ્રજ ભરી પડી પૂરણ, નંદકુંવરને નિહાળી.....૬
ત્રીબ લાખણી લટપટ કરતાં, પ્રભુજીએ વાચા પાળી;
રામકૃષ્ણ પ્રભુ સંગે રમતાં, છૂટે જીવ જંજાલી રે.....૭

卐

૧. એક પ્રકારનું સુખડ

## પદ-૭૦૯
### (રાગ-કેદારો)

ધન ધનતેરસની રાત, ધનતેરસ નો દહાડો;
કહાન કોડીલો મારે આંગણે આવે, આંક વળ્યો છે આડો રે.....ધન ટેક
ગાવલડી દોહતાં વાટલડી જોતાં, ઉટલ માય ન અંગે રે
મારી ધેન તણાં શીંગલડાં, શામળિયે રંગ્યા રે.....૧
જેનું ધ્યાન ધરે મુનિ શંકર, લક્ષ્મી ચરણે મ્હાલે રે;
રામકૃષ્ણ પ્રભુ રુમઝુમ કરતાં, મંદિર મારે મ્હાલે રે.....૨

卐

# ગોવર્ધન રાસ

પદ-૭૧૦

સાખી

શ્રી ગુરુને ચરણે નમું, એ નિજ જ્ઞાન;
વર્ણન કરવા શ્રી કૃષ્ણકો, શ્રી ગોવર્ધન કો ધ્યાન.....૧

છંદ

હનિ હાં રે શ્રી ગોવર્ધનકો ધ્યાન, ઐસે બોલ્યા શ્રી ભગવાન;
હાનિ હાં રે આપણા ઈન્દ્ર મહોત્સવ તજીએ, ગોવર્ધન ગિરિકો ભજીએ;
મોર પંખી સુખીઆ થાયે, રૂડા શબ્દ કરે વનમાંહે;
યા કે ત્રટતણો મહિમાએ, પશુ પંખી સુખીઆ થાયે.....૧

સાખી

વેણ સુની હરિતણા, નંદજીએ કિયો વિચાર;
તત્ક્ષણ હી તેડયાં સબ, ગોપ તેડયાં તેણીવાર.....૨

છંદ

હાનિ હાં રે ગોપ તેડયાં તેણીવાર, મળી સબ કરવો એક વિચાર;
હાનિ હાં રે ઈન્દ્ર મહોત્સવ કરવો લોપ,[1] એક વાત કહું રે અનુપ.....૨

૧. બંધ કરવો

વલણ

એક વાત કહું રે અનુપમ રૂડી, ગોપ સર્વે ચિત્ત ધરો;
સામગ્રી સર્વે મેળવીને, ગોવર્ધન ઓચ્છવ કરો.....૧
રળિયામણો સોહામણો, ભજીએ ગોકુલ ગિરિવર;
મોર પંખી હોય સુખીઆ, ત્રટ[1] યા કે ગૌધેનુ ચરે.....૨

૧. કિનારે

સાખી

વેણ સુણી નંદકે ઓચરે સર્વે ગોપ;
એ મહોત્સવ કો મિટતાં, રખે ઈન્દ્ર કરતો કોપ.....૩

ચાલ

એહ ત્રિભોવનકો ભૂપ, રખે આપણ કો કરતો કોપ;
એ શુર બારે મેઘકો રાય, યા કો મહોત્સવ કર્યો લોપાય.
જબ કોપ કરે ઈન્દ્ર રાય, તબ આપણ શું ન રહેવાય;
જેહ કરતાં તેહી કરીએ, બીજા ધર્મ નહિ આચરીએ.....૧

સાખી

એ વેણ સુની સબ ગોપીકા; કહ્યો નંદકુમાર;
એ ઈન્દ્ર શું જિન બી'ઓ ધરો ધીરજ નિરધાર.....૪

છંદ

હનિ હાં રે ધરૌ ધીરજ નિરધાર, નંદજી કહે તે કરવો વિચાર;
હનિ હાં રે ઈન્દ્ર તરણાં કી તોલ, સમર્થ શાખ નિગમ બોલ.
નિગમ શાખી એહી બોલે, અનેક ધર્મ ન આચરો,
ભકિતકો ફલ કોઈ ન પામે, અનેક દેવ આરાધન કરો.

સાખી

ગિરિકો જાએ પૂજવા, પ્રત્યક્ષ હૈ એ દેવ;
સામગ્રી સહુ આગે ધરી; કર કાઢી લે તતક્ષેવ[1].....૫
એ વેણ સુની હરિ તણા, ઉચરે સર્વે ગોપ;
આજ લગી નહિ સાંભળ્યો, એ વાત સુની અનુપ.....૬

૧. તરત

ચાલ

એક વાત સુણીને અનુપ, સામગ્રી કરો સબ ગોપ;
ત્યાં ટોડલે તોરણ બંધાય, ત્યાં ઘર ઘર ઓચ્છવ થાય;
કરી રસોઈ કે સામાન, મિઠાઈ મેવા પકવાન્ન,
પહેરે આભૂષણ સોળ સણગાર, ગોપી ગોપ થયા તત્કાળ.....૨

સાખી

ગોકુલ સબહી ઉલટયો, ગિરિ પૂજવાને જાય,
વાજિંત્ર બહુત બજાવત, ઊલટ અંગ ન માય.....૭

છંદ

હનિ હાં રે ઉલટ અંગ ન માંય, આયે ગિરિકો લાગે પાય;
હનિ હાં રે પુષ્પ તૃણ લઈ કરે પૂજા, એહ ગિરિ સમાન નહિ દેવ દૂજા.

વલણ

ગિરિ સમાન નહિ દેવ દૂજા, લાયે અન્ન પકવાન્ન હી;
સામગ્રી આગે ધરી, જાયો ગંજ ગિરિ સમાન હી;
ગિરિએ તબ ભુજા કાઢી, દીઢા પ્રત્યક્ષ દેવ;
સર્વ કોઈ દેખતાં, ગિરિ આરોગ્યાં તતક્ષેવ.

સાખી

ગોપ સર્વે અચરજ થયા, એ કોઈ અકલ સ્વરૂપ;
એ કોઈ શું ના બ્હીએ, કોણ માત્ર ઈન્દ્ર ભૂપ.....૮

ચાલ

તૃણ માત્ર ઈન્દ્ર ભૂપ, ઐસે દીઠો ગિરિકો સ્વરૂપ;
સર્વે જૈ જૈ મુખ બોલે, કોઈ દેવ નહિ ગિરિ તોલે;
ત્યાં બાજે તાલ મૃદંગ, કિરતાલને ફેરી ચંગ;
અતિ આનંદ ઓચ્છવ થાયે, વાધ્યો ગિરિવરકો મહિમાય;

સાખી

ધન્ય શ્રીકૃષ્ણ ગોવર્ધન, ધન્ય સબ વ્રજવાસી,
ધર્મ નિયમ કિયા સબે, આજ ઘર ગંગા કાશી.....૯

છંદ

હનિ હાં રે નટવર કૃષ્ણ મોરારિ, શોભે વેષ પીતામ્બર ધારી;
હનિ હાં રે કૃષ્ણ એ લીલા કરે, ફરતાં ભમરી દેતાં મન હરે;

વલણ

ભમરી દેતા મન હરે, થૈ થૈ ગોપી ગ્વાલ નરે;
ધૂની ગગનમેં છાંય રહ્યો, પાતાલ સર્વ ગાજી રહ્યો.

ચાલ

જૈ જૈ જૈ મુખશું ઓચરે, સુરપતિએ સર્વે લહ્યો;

સાખી

સુરપતિએ સર્વે લહ્યો, પછી કોપ્યો ઈન્દ્ર અપાર
એ મહોત્સવ તો મિટતાં, જો પ્રગટયા નંદકુમાર.....૧૦

ચાલ

જબ પ્રગટયો નંદકુમાર, ઈન્દ્ર મનમાં કરે રે વિચાર;
બારે મેઘ તેડયા તેહીવાર, તાકો વાત કહી નિરધાર;
તુમ બારે એકઠા વર્ષો, મારી ગોકુલ જલમય કરશો;
ઐસા વર્ષો મેરે ભાઈ પાણી શું ખોદી પાડો ખાઈ;

સાખી

સુરપતિ મહા કોપ્યો, બોલ્યો ઐસી વાણી,
ગોકુલ સબ હી રેલો, તહાઁ ન રહે નિશાની.....૧૧

છંદ

હનિ હાં રે ગોકુલ ન રહે નિશાની, મેઘે એહી વાત મનમાં આણી;
હનિ હાં રે સબ મિલી બાંધ્યો બંધ, ચલે હૈ લેવાકો જલનિધિ.

વલણ

સિંધુ માંહે સબહી ગયે, મેઘ બારે નીર ભરી;
આવી આંધી વૃક્ષ કંપાવે, ગડગડાટ કરી ગર્જના કરી;
ઘોર ઘટા ઘન વીજ ચમકે, વર્ષે મૂશલધાર હી;
શૈલ[૧] સમાન બુંદ પડહી, કરે જલકો પ્રહાર હી.

૧. પર્વત

સાખી

વામ અંગુલિએ ગિરિ ધર્યો, રહ્યો ગાઉ ચોરાસી માપ;
વચ્છ ધેનૂ મનુષ્ય સબ, રહે ગિરિકે છાંય.....૧૨

ચાલ

સર્વે રહે ગિરિ કે છાંયે, ગોપ સર્વે આણે મનમાંહે;
સર્વે ગોપી ગ્વાલ કંપે, રખે ગિરિ પડે તો ચાંપે;
સખા લાઠી ટેકે નિરધાર, સો તો પહોંચે નહિ લગાર;
હરિકો કોમલ કર કરમાય, ગિરિ પુષ્પ સમાન થાય.

સાખી

અંધકાર તહૉં હો રહ્યો, દામખ[1] ચમકે અપાર;
એક પલક નહિ ઉઘડે, મેઘ વર્ષે મૂશલધાર.....૧૩

૧. વીજળી

છંદ

હનિ હાં રે મેઘ વર્ષે મૂશલધાર, કોઈ દુ:ખ ન પામે લગાર;
હનિ હાં રે ગિરિ ભયો તાનો અંગાર, જલ પરસત નહિ લગાર.

વલણ

જલ પરસત નહિ લગાર, ઐસી અકલ ગતિ ગોપાલકી;
રાગ રંગ ઔર મધુરી બાની, બલિહારી હરિકે છંદકી.
જુગ ભુજા શ્યામ ખેલે, ચરણે ઘૂઘરી ઘમકાવહી;
કર ત્રીજે ગીરિ સ્તંભીઓ, ચોથે મુરલી બજાવહી.
શેષ મોહ્યાં પાતાલ માંહી, રવિ ચન્દ્ર નભ સુરનર મોહ્યાં;
હરિદાસ સ્વામી ઓચરે, સો જોઈ કે ચકિત ભયા.

સાખી

સાત દિન લગી વર્ષીઓ, બારે મેઘ અપાર;
તાતી વાવ લાગી નહિ, ગોકુલ જૈ જૈકાર.....૧૪
સુરપતિ દેખી ચકિત ભયો, મનમેં કિયો વિચાર;
નંદગોપ ગૃહે પ્રગટયો, જાણ્યો પૂરણ બ્રહ્મ અવતાર.....૧૫

છંદ

હનિ હાં રે જાણ્યો પૂરણ બ્રહ્મ અવતાર, ઈન્દ્ર ભય પામ્યો અપાર;
હનિ હાં રે કામધેનૂ[1] સંગ લાયો, વિનતિ કશી ચરણે શિશ નમાયો,

૧. મનોકામના પૂરી કરનાર ગાય

વલણ

વિનતિ કરી કે ચરણે લાગ્યો, ઈન્દ્રકો આદર દિયો;
આતા[1] માગી નિજલોક આયો; મનકો ગર્વ સબ ગયો.
એ લીલા ગાયે અરૂ સાંભળે, સો ભકિત મુકિત ફલપાવહી;
હરિદાસ સ્વામી ઓચરે, ફિર ગર્ભવાસ ન આવહી.

卐

૧. પુણ્ય રૂપી પૂંજી માંગી

## પદ-૭૧૧

(રાગ-કેદારો)

સાખી

રાત મધ્ય કે સમય, જશોદા કલ્પી અપાર;
રખે સંહાર વારતો, પર્વત મેલો ધરણી મોરાર.

જશોદા કહે કુંવરકો વાત, પર્વત મેલો ધરણી;
તેરો વેદ ન જાણે ભેદ, હરિ કેરી કરણી.....ટેક

ઘડી અધઘડી હોય તો કહીએ, રખે પડતો નાંખે રે
કોમલ કર તેરો કમલાસો, કહો કેહીવિધ રાખે રે.....૧

લઘુ વેષે હરિ લાડકડો, હજુ કુંવર છે છોટો રે;
શેર દો શેર જો હોય નો કહીએ, એ મેરુ છે મોટો રે.....૨

પરિબ્રહ્મકો[1] તો પાર ન જાણું, વિનતિ કરું શિશ નામી રે;
કહ્યો હમારો માનો માતા, કહે કહાનદાસકો સ્વામી રે.....૩

卐

૧. પરમાત્માનો

## પદ-૭૧૨

(રાગ-કેદારો)

કુંવર કહે માતાકો વાત, બ્હીઓ કર્યો માતા;
મને ભાર ન લાગે લગાર, હરિગુણ ગાતાં રે.....ટેક

પર્વતકો મેં ઐસી વિધ રાખ્યો, જૈસે ફૂદડી ફેરવું રે;
ગોપી ગ્વાલનકો ધીરજ દીધી, એ પુષ્પ સમાન છે મેરુ રે.....૧

સબ નૃત્ય કરે સ્વામીજી, રાશ રમે ગિરિ હેઠે રે;
માહોંમાહે સબ વાત કરે છે, કહાં કિન નંદજીનો ઘોટે રે.....૨

પર્વત કો મેં ગગન જ કિનો; કર્યો ધરણીમેં લાયો રે;
કહાનદાસ કે સ્વામી કે પરાક્રમ, કાહે કો નહિ આવે રે.....૩

卐

## પદ-૭૧૩
### (રાગ-કેદારો)

જશોદા કહે કુંવરકો વાત, વિદ્યા કયાં શિખ્યો રે
તૂં તો બળિયા શું બળિઓ, મેં તો આજ વિશેષ્યો[1] રે.....ટેક
સકલ શાસ્ત્રકો મર્મ જ લેકે, આવ્યો તું મધ્યરાતે;
પ્રથમ માસી-ના પ્રાણ જ શોષે, દૈત્ય વિડાર્યા[2] હાથે રે.....૧

મથુરા શું જબ ગોકુલ આયે, દીધો જમુના માર્ગ રે;
મામાકે સંઘ જુગટું રમ્યા, નાથ્યો કાલિ નાગ રે.....૨

જન્મોત્રીમાં જે કાંઈ લિખ્યો; વચન કહ્યાં ગર્ગાચારે રે;
તે દિનકી હું વિસ્મય થઈ છું, પરાક્રમ દેખી તમારાં રે.....૩

માતા કે મન પ્રીત જ ઊપજી, પ્રેમ આલિંગન દીધાં રે;
કંઠ લગાઈ મુખ ચુંબન કીધાં, માતા મીઠડાં કીધાં રે.....૪

ગોપી ગ્વાલનકો ધીરજ આઈ, કીધી લીલા રંગ રે;
કહાનદાસ કે સ્વામીકો ભજતા પાપ ન લેપે અંગ રે.....૫

卐

૧. વિશેષરૂપે ઓળખ્યા  ૨. માર્યા

## પદ-૭૧૪
### (રાગ-સારંગ)

પૂજી હો હમ આયી ગોવર્ધન, પૂજી હો હમ આયી;
રાખો ભાગ નંદ મઘવા કો, કહીએ કયાં રિસાયી.....ટેક

આનંદ મગ્ન સબ ગ્વાલ ચલે હૈ, ગોરસ માટ ભરાય;
સખ સહિત બલરામ કૃષ્ણ, યહાં ફિરત શૃંગારત[1] ગાઈ.....૧

આપો હી શ્યામ લઈ ગિરિ મૂર્તિ, અંતર પ્રીત ઊપજાઈ,
રામદાસ પ્રભુ લઈ દધિ ઓદન,[2] બૈઠી રહે સબ પાપ.....૨

卐

૧. સુંદર સજીને  ૨. રાંધેલા ચોખા

## પદ-૭૧૫

(રાગ-સારંગ)

પૂજત ચલે ગોપાલ ગોવર્ધન, પૂજન ચલે ગોપાલ;
મત ગવેન્દ્ર[1] જીયમેં લાજત, નીરખી મદન ગતિ ચાલ......ટેક
વ્રજનારી પકવાન્ન બહુત કરી, ભરી ભરી લીની થાળ;
અંગ સુગંધ પટ પહેરી ભૂષણ, ગાવત ગીત રસાલ.....૧
બાજે અનેક બેન બંસરી મિલી, ચલત વિવિધ સુર રસાલ;
ધ્વજા પતાકા છત્ર ચામર ધરે, સુખ સાગર સુવિશાલ.....૨
બાલકવૃન્દ ચહુ દિશે શોભીત, મન હું કલમ અલિ માલ,
કુમનદાસ પ્રભુ રાજિત એહીવિધ, ગોવર્ધન ધરલાલ.....૩

卐

૧. વિષ્ણુ

## પદ-૭૧૬

(રાગ-સારંગ)

પૂજી સબ રંગ ભીને, ગોવર્ધન પૂજી સબ રંગ ભીને;
સહસ્ત્ર ભુજા ગિરિધન ન દૂસરો, જિમત સખા સંગ લીને.....ટેક
સુનીકે ઉમંગે વૃધ્ધ બાલ સબ, શાક પાડ ધૃત કીને;
જે કોઉ સુકચીર હી ગુરુજનશું, બાહુ પ્રસારી સો લીને.....૧
જૈ જૈકાર હોત ચહુ દિશતેં, ભામની ગાવત સુર કીને;
ચત્રુભુજ પ્રભુ ગિરિધર વ્રજરાજ, ભકતન કો સુખ દીને.....૨

卐

# ગરબીનાં પદો

## પદ-૭૧૭

(રાગ-ગરબી)

સુખદાયી સલુભા સંત છે જો;
જેનું હરિના ચરણમાં ચિત્ત છે જો.....ટેક
બાળી કામ ક્રોધ કોયલા કર્યા જો;
તે તો સમજી સંસારમાંથી નિસર્યા જો.....૧

હીંડે મગ્ન થતાં નીજ જ્ઞાનમાં જો;
તે તો સમજયા સતગુરુની સાનમાં જો.....૨
જોયું આત્મા વિષે એકતા કરી જો;
તેની ભાંગી ભગ કેરી ભ્રાંત જો.....૩
જેનું મન મળ્યું વૈરાગ્યમાં જો;
તે તો રહ્યા ત્રિગુણીના ત્યાગમાં જો.....૪
નરભેરામના સ્વામીને ધન્ય છે જો;
તેના સદા શીલત વચન છે જો.....૫

卐

## પદ-૭૧૮

મારે આજ રે આનંદનો દિન છે જો;
હરિની ભકિત કરે તેને ધન્ય છે જો.....ટેક
જેણે પ્રહ્લાદની રક્ષા બહુ કરી જો;
વિકરાળ નૃસિંહ દેહ ધરી જો.....૧
વિષ વાર્યાં તે મીરાંબાઈના જો;
પત[1] રાખી તે સેના નાથી જો.....૨
નરસૈંય મહેતાનો હાર આણી આપ્યો જો;
ધ્રુવને અવિચલ સ્થાપ્યો જો.....૩
જેણે નામદેવનું છાપરું છાયું છે જો;
સુદામાની નાર સુખ પાય છે જો.....૪
નરભેરામના સ્વામીની સાથમાં જો;
અમે રહીએ હરિના હાથમાં જો.....૫

卐

૧. વચન પાળ્યું

## પદ-૭૧૯

મારી શેરીએ આવો શ્યામળિઆ;
વાટલીએ વેરાવું ફૂલ પ્રીતમ પાતલિઆ.....ટેક
મેં જુગમેં જોયું શ્યામળિઆ;
નહિ આવે તમારી તોલ પ્રીતમ પાતલિઆ.....૧

ધન ધન ને દેવકીના શ્યામળિઆ;
જાણે જનમ્યા ને અકલ સ્વરૂપ પ્રીતમ પાતલિઆ.....૨
તારું મુખડું સુંદર શામળિઆ;
જાણે શરદ પુનમનો ચંદ્ર પ્રીતમ પાતલિઆ.....૩
રઘુનાથના સ્વામી શ્યામળિઆ,
વ્હાલો દુઃખડા કેરો જાણ પ્રીતમ પાતલીઆ.....૪

卐

૧. કળી ન શકાય તેવું પ્રભુનું સ્વરૂપ

## પદ-૭૨૦

ફરી નહિ મળે રે, ફરી નહિ મળે,
લેરે લ્હાવો તને ફરી નહિ મળે;
બાવળિઆનું બી વાવે તો આંબા નહિ ફળે;
આવી રૂડી મનષા દેહ ભૂલમાં ભમે.....લેરે૦ ૧
કેવડો કસ્તૂરી મોગરો તેલમાં તરે;
મોતિડાંની કણક લઈ ઘંટીમાં દળે.....લેરે૦ ૨
ચેતવું હોય તો ચેતી લેજે, અવસર નહિ મળે;
નરસૈંયાના સ્વામી વિના અર્થ નવ સરે.....લેરે૦ ૩

卐

## પદ-૭૨૧

આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણ દીઠી,
વાણીના મેહુલા ને નૃત્યની હેલી;
સુખનો લ્હાવો લીજીએ રે.....કાલ૦ ૧
પ્રભુજીના ગુણ જોને એવા રે મીઠડાં;
હર્ષે ઓવારણાં[1] લીજીએ રે.....કાલ૦ ૨
ફૂલની રે ગાદી ને ફૂલના તકિઆ[2]
ફૂલના બિછાના બિછાવીએ રે કાલ કોણે દીઠી.....કાલ૦ ૩
રામની રે આરતી ને સંતની સેવા;
દાસ રણછોડ હૃદયે લીજીએ રે.....કાલ૦ ૪

卐

૧. દુઃખના વારણરૂપ આરતી ઉતારવી    ૨. તકિઆ-અઢેલવા માટેનાં મોટાં ઉશીકાં

પદ-૭૨૨

નંદના છોરું રે ખેલત કાંકરી કયાંરે મારી.....ટેક

તેરી મારી મેં તો નહિ રે મારુંગી;
મોરી દિલકી મારી મર જાવું રે.....નંદના.....૧

આ તીરે ગંગાં ને પેલી તીરે જમુના;
મારે ભરવા ઝાઝાં નીર.....નંદના.....૨

卐

## અધ્યારું જીનાં પદો

### વિનતિ

પદ-૭૨૩

સ્વામી મારા આદિ અનાદિ એક તું, નિરંજન[1] નિરાકાર;
હરિ હર બ્રહ્મા તું હવો, સ્વામી તું છે અપાર;
પાયે લાગી કરું વિનતિ.....ટેક

તારો પાર કોઈ નવ લહે, પરિબ્રહ્મ[2] અવિધાર;[3]
તું સરખો કર તારો, માયા રહિત સંસાર.....પાયે૦.....૧

આપણે પોતે ગોષવ્યું, વહ્યો સકલ સંસાર;
જાગ દાન આધ્યાત્મને, નથી ગર્ભનો પાર.....પાયે૦.....૨

ભોવન રઝળ્યો એ આત્મા, તૂ ન જાણે સાર;
ધણી વિહોણો તૂ મર્યો, ચોખાણ મોઝાર.....પાયે૦.....૩

બ્રહ્માદિક શિવ આત્મા, જે ધરે રે શરીર;
કછું મોટો કછુ નાનેરો, એવો અકલ તૂં વીર.....પાયે૦.....૪

વિગતો કીધો એ આત્મા, ગુણે હવો ખંડ;
ચોરાશી લક્ષ જીવ થયા, તેણે ભર્યા બ્રહ્માંડ.....પાયે૦.....૫

બ્રહ્માંડ મુક્યું આબધું, પડયો મોહ સંસાર;
હું મારું કરે આંધળો, અંધ એહ ગમાર.....પાયે૦.....૬

સ્વામી દયાલ તું ઓળખ્યો, સમર્થ શું વિચાર;
તું આગળ શું મારો, હું નથી એકો વાર.....પાયે૦.....૭

આપો આપ થયો અણછતો,[૪] માંહી મેલે તુંજ;
હવે ગમતું કર તારું, ઉદ્ધાર એ અબૂઝ[૫].....પાયે૦.....૮

ક્ષુધા તૃષાદિક આકળો, વાંછે સુખતણી આશ;
તેણે વળી ઘટ પામશે, ઊંધે મુખ દશ માસ.....પાયે૦.....૯

ધરે એ જીવ વરાંસો, હવો આપણ રાહ;
ભક્તિ વિહોણી તારી, જમે દીધો ધાવ.....પાયે૦.....૧૦

ક્ષણ ક્ષણ જન્મે ને ક્ષણુ મરે, ચઢે કાલને હાથ;
ઠામ ઠામ કરે મારું, તે નહિ આવે સાથ.....પાયે૦.....૧૧

સ્વામી કૃપા કરો અતિઘણી, ભાંજો અનેક વિચાર;
અચલ ભક્તિ દે તારી, જે છે મુક્ત ભંડાર.....પાયે૦.....૧૨

તારા સ્વરૂપનો પાર નહિ, બહુ લીલા બ્રહ્માંડ;
ભકત જયાં જેવું મન ધરે, ત્યાં તેવો પિંડ.....પાયે૦.....૧૩

વૈકુંઠ બ્રહ્માદિક જુએ, પેખે વિષ્ણુ અનંત;
રાજા અક્ષય પદ તણો, તેને સેવે સંત.....પાયે૦.....૧૪

આપો આપ જે દાખવે, તેને તેવો પસાય;
તારા સ્વરૂપને તું જ લહે, તું છે ગુરવો રાય.....પાયે૦.....૧૫

દુષ્ટ સાધુને દુભાવે, ધાય તું જ વહારે;
તે જોગે તેવા રૂપ ધરી, દુઃખ ફેડે તેણીવાર.....પાયે૦.....૧૬

મત્સ્ય કૌરમ વરાહ તું, નૃસિંહ એકવાર;
વામન ત્રિકમ પરશુરામ, રઘુકુલ અવતાર.....પાયે૦.....૧૭

નરનારાયણ કૃષ્ણ તું, બુદ્ધ કલ્કી રૂપ;
તું મેલે દેખે તારું, પડી પરબ્રહ્મ સ્વરૂપ.....પાયે૦.....૧૮

ગરુડ વાહન સ્વામી તારૂં, કંઠે કૌસ્તુભ મણિ હાર;
શિવ લાંછન જલહલે, એવાં રૂપ કહી વાર.....પાયે૦.....૧૯

બ્રહ્માદિક ને પ્રત્યક્ષ હવા સુખે પોઢયા શેષ,
લક્ષ્મીચરણ સેવા કરે, એવા તારા વેષ.....પાયે૦.....૨૦

તારે આધારે જીવ છે, પદમ વીસમો જેહ;
પ્રકૃતિ છોડીને જે જપે, દેખે પરિબ્રહ્મ તેહ.....પાયે૦.....૨૧

પ્રકૃતિ ઉપર જેને પ્રેમ છે, કરશે બહુ ધર્મ;
તેણે વળી ઘટ પામશે, ભોગવશે બહુ કર્મ.....પાયે૦.....૨૨

પ્રકૃતિ કારાગૃહ લેખવે, ઝૂરે તું એહ નિવાસ;
અંત લગી જો એમ રહે, સત ભાવન નિવાસ.....પાયે૦.....૨૩

પ્રકૃતિ પડી જયાં પાપણી, હજીએ ન મૂકે કાંઈ;
શબ્દ ધણીનો રોળવે,[૬] વણસે તે ઘર જાય.....પાયે૦.....૨૪

પ્રકૃતિ કહે સુણ આત્મા, મારો કયો દોષ;
વણસે તેઓ અનેકવાર, હવે કયાં કરે રોષ.....પાયે૦.....૨૫

પ્રકૃતિ પુરુષ એમ બોલતાં, તૂટયો પૂર્વસ્નેહ;
આત્મા પરિબ્રહ્મ જઈ મળ્યો, પાંચ ભાગ થઈ દેહ.....પાયે૦.....૨૬

જમ છે બોલ્યું તારૂં, જુગ છે એ તો ધર્મ;
તું વિના જપ તપ દયા દાન, તે સઘળાં કર્મ.....પાયે૦.....૨૭

વિષ્ણુનું બોલ્યું વેદ છે, જેનો નહિ લાધે પાર;
જેને આધારે બ્રહ્માંડ રહ્યા, સાચો એ આધાર.....પાયે૦.....૨૮

યુગ યુગ દર્શન જૂજવાં, વણસે જુગ અનંત
વેદ ન વણસે વણસંતા, બહુ જુગ કલ્પંત.....પાયે૦.....૨૯

તમારી કૃપા થકી રહિત છે, લોપે રાજ આદેશ;
ધર્મે આ બધું માંડયું, માને બૂધ જનેશ.....પાયે૦.....૩૦

અણછતો આત્મા વિનવે, ઉદ્ધાર જો તાત;
તું સમર્થ હવે પામ્યો, આદર એજ વાત.....પાયે૦.....૩૧

卐

૧. નિષ્પાપ-પરમાત્મા  ૨. સચરાચરમાં વ્યાપેલ બ્રહ્મ  ૩. નિશ્ચિત્
૪. ગૂઢ-ગુપ્ત  ૫. અજ્ઞાન  ૬. કામ લેવું

## પદ-૭૨૪

### બિડ્લું

પરિબ્રહ્મ રાય વખાણિએ, હૃદય કમલ ગોપાલ;
ક્ષેણુ એકનામ ન મેલીએ એમ વર્જે એણીપેરે કાલ,
સહસ્ત્ર નામ ગોપીચંદન તુલસી, ત્રિવેણી સંગમ નિત ઝીલીએ,
સંત સંગત ગંગા સેવીએ.....ટેક

હું મારું નહિ મુકત પુરી, સાચી એ જ કાશી;
એણે અધ્યાત્મ જે રહ્યા, દુઃખ છૂટયા ગર્ભવાસ.....૧

રાત કલ્પના દોહયલી, માયા નિદ્રાએ જીવ ગાળ્યો;
હર્ષ શોક બન્ને સ્વપ્ના, એમ જાગ્યો જ્ઞાન વિચાર.....૨

શ્રી પદ્મનાભ જે જાગ્યા, તેની રૈન વિહારી રે,
નિદ્રા સ્વપ્ના બેઉ છાંડયા, એમ ઉધ્યો પરિબ્રહ્મ ભાનુ.....૩

પરિબ્રહ્મ દિનકર સદા તપે, ત્યાં રૈન નહિ એકવાર;
અહર્નીશ સુમરણ તારું, મેમ વિત્યો મોહ અંધકાર.....૪

બ્રહ્માદિક શિવ મૂલગા, ઈન્દ્રાદિક રવિ ચંદ્ર;
મરણ ભય તે સદા બ્હીએ, એક નિર્ભય તારા સંત.....૫

શ્રી પદ્મનાભ એમ ઉચર્યા રે, એહ જ્ઞાન વિચાર;
સહસ્ત્ર નામ ઉપદેશ્યું રે, હરિમંત્ર સર્વમાં સાર.....૬

卐

## પદ-૭૨૫

### (કડવું પહેલું)

### આદ-૧

હરિ હરિ પરિબ્રહ્મ ભકિત સોહામણી એ, વાંછે, જતિ મુનિ દેવ;
એહ પ્રાપ્તી વિના કેમ લહે એ.....હરિ હરિ૦ ટેક

હરિ હરિ જીવ કોડે ભય અવતર્યો એ, હરિ વિના નવ લહે પાર;
સંત સંગતે હરિજીને પામીએ એ.....૧

હરિ હરિ સમર્થ પરિબ્રહ્મ અનુસરો એ, ભાંગો અતિ સંદેહ;
ભય સઘળા હવે નિરદમ્યા[1] એ.....૨
હરિ હરિ પરવશ જીવ વિડંબ્યો એ, સેવા હરિ પરિબ્રહ્મ;
બ્રહ્મ હરાદિ વશ હવા એ.....૩

૧. દૂર થયા

આદ-૨

હરિ હરિ બ્રહ્મ અગોચર એ, ચરાચર ગુરુ એ
ગુરવો તે પ્રભુ નિરાકાર.....૧
હરિ હરિ તે સનક પ્રમુખ મુનિ વલ્લભ એ; અતિ દુર્લભ એ;
કોટિ બ્રહ્માંડ આધાર.....૨
હરિ તે નભ જલધર જૈસો શ્યામળો એ, અતિ નિર્મળો એ;
જદુંકુલ નંદનું બાલ.....૩
હરિ તે રુંવડેલો કહાન સોહામણો એ, રળિયામણો એ;
ખેલે જો રંગે ગોપાલ.....૪

આદ-૩

ખેલે ખેલે રંગે ગોપાલ, નિરંજન અંજન વાન શરીર;
હરિ તે જગતજીવન અતિ અકલ અસંભવ;
ભવ રિપુ જાદવ વીર.....૧
હરિ તે જાદવ વીર, ભવજલ નિધિ તારે,
તે ચારે ગાય પિંઢારો.....૨
હરિજીની વેણુ મધુરી, સુર ત્રિભોવન મોહે;
તે ન લહે બ્રહ્માદિક પાર.....૩

આદ-૪

પરિબ્રહ્મ પરમાનંદ, સ્વામી ગુણનિધિ ગોપગોવિંદ;
જાદવ નંદનું એ, હાર ત્રિભુવન વંદન એ.....૧
સમર્થ અતિ બલવંત, સ્વામી અવિગત[1] એક અનંત;
ત્રિદશી અગોચર[2] એ, હરિ તે અપરંપરમ ગુરુ એ.....૨

ગ્રહ્યાં ગ્રહ્યાં બ્રહ્માંડ અનેક, સ્વામી વ્યાપક તું હરિ એક;
રમે ને અલગ થયો એ, હરિ તે કોઈએ ન દીઠો એ.....૩
આદિ છો અવિગત રૂપ, સ્વામી હરિ હર બ્રહ્મ સ્વરૂપ;
આપણ પેં વિખરે એ, હરિ તે ત્રિભુવન વિસ્તરે એ.....૪

卐

૧. જેની વિગત જાણી શકાતી નથી એવા પ્રભુ ૨. આંખે દેખી શકાતા નથી એવા પ્રભુ

## આદ-૫

પરમ પુરુષ પરમાત્મા આત્મા કેરો તાત,
વાસુદેવ હરિ પરબ્રહ્મ બ્રહ્મ મહેશ્વર નાથ.....૧
આપણ પૈ સો અવિગત વિગતા કીધાં અવતાર,
બ્રહ્માદિક સુર માનવ દાનવ ન લહે પાર.....૨
શુક સનકાદિક સેવે દેવ અનુપમ એક;
રૂપ ઘણાં છે જે તણાં, તે તણાં નામ અનેક.....૩
સચરાચર જેણે ભોળવ્યું, ભૂલવ્યું, વિવિધ વિચાર;
પ્રકૃતિ તણે ગુણે વહ્યો, મોહ્યો ભમે સંસાર.....૪
સ્થાવર જંગમ વ્યાપીને, આપ્યું કાલ ને હાથ;
ગર્ભ સાંકુષ્ટ દુઃખ દુકૃત,[1] સુકૃતર કીધાં રે સાથ.....૫
જન્મ મરણ વશ આત્મા, આત્મ જ્ઞાન અજાન;
સાર વચન જેણે આપીને, સ્થાપ્યું વેદ પુરાણ.....૬
એક અધ્યાત્મ વાહ્યો, વણસે સમ્યક્[3] પરજ્ઞાન;
શિયલ અવનેશ્વર છોડી, માંડયું નિશ્ચલ ધ્યાન.....૭
મારા રે સ્વામીજી તમો છો,
અવર નથી નથી કોઈ શિયલ સંસાર;
વિગત પડી કરો કારમી, વારોજી ગર્ભ અવતાર.....૮

卐

૧. ખરાબ કર્મો એટલે પાપ ૨. સારાં કર્મો એટલે પુણ્ય
૩. સાચું

## આદ-૬

સુર મુનિ અંતરીક્ષ સ્થવે રે ગોકુલ, હરિ તે અતિ રે અકલ,
હરિ હરિ રમે ગોવિંદ, આનંદ ભર્યા.....૧
આપણ પે રમતો પિઢાંરો રમાડે; હરિ તે રમે ને રમાડે;
વ્હાલો જમે ને જમાડે, હરિ નો જ્ઞાન બ્રહ્માદિક વિચાર કરે રે.....૨
અકલ રમત માંડી ગોકુલ માંહે, રમત બ્રહ્માદિક ચાહે રે;
હરિ તે આપણ પે અડે ને આભડે એ.....૩
બ્રહ્મા વશ હરંતો જોલ્યો, વડેરો પિંઢારો, હરિ તે સર્જનહાર,
હરિ તે પહેલાં કોટ બ્રહ્માંડ ઘડે એ.....૪

## આદ-૭

રંગ વાગ્યો રે રંગ લાગ્યો રે લાગ્યો પરિબ્રહ્મ ધ્યાન;
કર્મ માર્ગ જોઈ મૂક્યો.....૧
ત્યાં નથી એ રે ત્યાં નથી એ રે, લાહ્યો કાંઈ ન સાર,
પાર ન દીસે ભવતણો.....૨
મન રાચ્યું રે મન રાચ્યું રે, આગે અનેક વાર,
પુત્ર કલત્ર[1] ધન જોબન.....૩
તે વણસતું રે તે વણસતું રે, સુખ સહુ એ આપ;
એમ જોઈ રંગ ઉતર્યો.....૪

૧. પત્ની

## આદ-૮

પરમાત્મા રે પરમાત્મા રે, સ્વામી તું પરિબ્રહ્મ;
બ્રહ્મ મહેશ્વર સર્જર્યો.....૧
સર્વે તારું રે સર્વે તારું રે, સ્વામી છે સહુ એ વાર;
સહાય કરોની હવે આપણી.....૨
તે સઘળું રે તે સઘળું રે, પેરે વિસરું આપ;
આપણ પે અવિગત હવા.....૩
તું ગુરવો રે તું ગુરવો રે, એવો જુગદાધાર;
દુઃખ સહે તો લાજે નહિ.....૪

卐

## પદ-૭૨૬(કડવું બીજું)

### આદ-૧

હરિ હરિ કોટિ બ્રહ્માંડપતિ એક કાનુડો એ, ગુરવો તે જાદવરાય;
વેદ ઉપનિષદે ગાઈએ એ.....૧
હરિ હરિ ઋષિ ઉપાસના કરી જે જપે એ, કીધાં તે જાણ અજાણ;
માગતો પ્રત્યક્ષ ઓળખ્યો એ.....૨
હરિ હરિ યજ્ઞ પુરુષ તે અબળાએ ઓળખ્યો એ, કીધાં અજાણ જાણ;
તેને પરમ પદ આપ્યું એ.....૩
હરિ હરિ ગુરુ સાંદીપ વાંરાસ્યો[1] એ, જે હરિ અદબ દાતાર;
તે કછુ મૃત સુત માંગ્યો એ.....૪

૧. અનુયાયી બનાવ્યો

### આદ-૨

હરિએ ગોવર્ધન ગિરિ કર ધર્યો એ, જુગે ઉધાર્યો એ;
સુમરન દેવ અનંત.....૧
હરિ તેં કામનીજન મન ક્ષોભિતો એ, અતિ ક્ષોભતો એ;
ધ્રુવ શુક નારદ ચંત.....૨
હરિ તે દ્વારે વૈકુંઠને શિર રહ્યો એ, જોતાં નવ લાહ્યો એ;
મુનિજન માહે પ્રવેશ.....૩
હરિના સંત આનંદ ભર્યા સુખે રમે એ અતિ અનુગમે એ;
નિર્ભય તે રાજ આદેશ.....૪

### આદ-૩

હરિ હરિ સંત સંગત અહર્નિશ કીજે;
તે કીજે પરમ આનંદ.....૧
જાયે જાયે જન્મ મરણ, પુનરાગમન ભય નહિ એ;
નહિ ગમ સુરમુનિ ઈન્દ્ર એ.....૨
હરિજીની શરણાગત, વીંઝે પિંજર દયાનિધિ;
રિદ્ધિ અક્ષયપદ દાતાર.....૩
હરિ હરિ ધ્રુવ ને પ્રહ્લાદ, વિભીષણ નિશ્ચલ;
અચલ ભકત ઉપકાર હો.....૪

## આદ-૪

જેમ છે પાવક એક, સ્વામી તેહ થકી દીપક અનેક;
પાવક અતિબળું એ, અને દીપક નહિ બળું એ.....૧
પાવક તે પરિબ્રહ્મ સ્વામી દીપક હરિ હર બ્રહ્મ;
સુરનર ભુજંગ એ, હરિ તે સ્થાવર જંગમ એ.....૨
ગુરવો જુગદાધાર રે, સ્વામી જેનો ન લહે પાર;
સોળ સહસ્ત્ર વરું એ, હરિ તે બ્રહ્મા શંકર ગુરુ એ.....૩
આત્મા રહે હરિ ધ્યાન, સ્વામી આપણ પે પ્રકૃતિ ન માન;
પરિબ્રહ્મ અવિગત એ, હરિને નિત્યય સેવે સર્વેગત એ.....૪
આત્મા છે તારે હાથ, સ્વામી નથી રે પ્રકૃતિની સાથ;
હરિ વિના કોટિ જન્મ ફર્યા એ, હવે તુંજ શરણે અનુસર્યોએ.....૫

## આદ-૫

અવતરી સુખ કૈસે, માંગે રે, આગે તું વૈરી ને હાથ;
વિષયા ન મેલે રે અર્ધક્ષણ, મરણ પલે નિત સાથ.....૧
વણસતાં સુખ મધ્યે અંધો, બાંધ્યો પડયો છે વિલાય;[1]
મૂઢપણે નથી ચેતતો, દુઃખ સહે નિર્વાણ.....૨
શ્રેષ્ઠ જ પહેલો તું જ, તું હરિ સર્જનહાર;
ગુરવો સમર્થ તું જ, તું હરિ દયાનો ભંડાર.....૩
સેવક જનને દયાલ તું, કાલ તું ભકિતવિહીન;
કર્મ ઈન્દ્રિય વસ દુભવે, તું હવે છોડ ની દીન.....૪
કૃષ્ણ ગોવિંદ મોરાર તું, પાર લે આત્મા એહ;
હરિ પુરુષોત્તમ પરબ્રહ્મ, વિષ્ણુ નારાયણ દેવ.....૫
જલધર શ્યામ પીતામ્બર સુંદર, મૂર્તિ અનંત;
કમલ નયન કમલાનન, ધનપતિ તન આ કંત[2].....૬
વૈર ભાવે જે કોઈ અવતર્યા, સાર્યા તે તાણા કામ કામ;
ભકિત ભાવે જે કોઈ અનુસરે, લ્યો હવે નિશ્ચલ ઠામ.....૭
નિર્મલ અકલ અનુપમ, ઉપમાં કહી નવ જાય;
જગત પિતા પરમેશ્વર, ઈશ્વર અહર્નિશ ધાય.....૮

૧. પિડાય  ૨. પતિ

## આદ-૬

ભકત પરાયણ ધર્મ પાલક, હરિ તે નંદનું બાલક,
હરિ હરિ સંત રિપુ નિર્દમ્યા એ.....૧
રાવણ પ્રમુખ હરાદિક સ્થાપ્યો, હરિએ તેને ઉથાપ્યો;
હરિ હરિ સ્થાપ્યું પદ આપ્યું એ.....૨
વૃન્દાવનમેં ગોપી સરસો, વિલસે જુગદાધાર હરિ તે ભકત સાધાર,
હરિ હરિ આપણ પે સાચો બ્રહ્મચારી એ.....૩
જલ રેલંતુ ગોકુલ રાખ્યું ત્રિભોવનમે નાયક, હરિ તે મુકિત દાયક;
હરિ હરિ લીલા એ જલધર નિર્દમ્યો એ.....૪

## આદ-૭

રંગ લાગ્યો રે રંગ લાગ્યો, લાગ્યો ચોલમજીઠ;[1]
પતંગનો રંગ ઉતર્યો.....૧
વિષ જાણ્યો રે વિષ જાણ્યો રે, સ્વામી ભોગ વિલાસ;
ભોગ સર્વે પાવક સમાન.....૨
તેણે છાંડયો રે તેણે છાંડયો રે, લીયો સુખ નો સંસાર;
વૈરાગ્ય બંધુ ભેટયો.....૩
તેણે ટાળ્યું રે તેણે ટાળ્યું રે, લીયો તે કોઈ સંગાત;
કામ ક્રોધ મદ મેદ પરહર્યા.....૪

૧. ઘેરો લાલ રંગ

## આદ-૮

હરિ ગોવિંદ રે હરિ ગોવિંદ રે, સ્વામી તું પરિબ્રહ્મ;
પસાય માગું કરું વિનંતિ.....૧
એ રમતડી રે એ રમતડી રે, હવે પડી મેલ;
અજાણતાં વશ દુઃખ સહ્યાં.....૨
એ આપણ પે રે આપણ પે રે સ્વામી આત્મ સ્વરૂપ;
જુજવાં કરી કયાં રોળવે.....૩
તું વરાંસ્યો રે તું વરાંસ્યો રે, હવો ચતુર સુજાણ;
ખાણ ચારે રઝળ્યો એકલો.....૪

卐

## પદ-૭૨૭

### (કડવું-ત્રીજું)

#### આદ-૧

હરિ હરિ જદુકુલ તિલક પ્રશંસ્યો[1] એ, શોષી પુતના જેહ;
જમલા અર્જુન હણ્યા રીંગતાં એ.....૧
હરિ હરિ સંકટ તૃણાવત સર્વે હણ્યા એ, રમત ગોકુલ માંય;
ધેનૂકો વચ્છક માર્યો એ.....૨
હરિ હરિ ગોકુલ ઓચ્છવ અતિ ઘણા એ નાથ્યો કાલિનાગ;
નાગ ચઢીને પ્રભુ મારા નાચ્યા એ.....૩
હરિ હરિ અક્રૂરે પરિબ્રહ્મ ઓળખ્યા એ, આણ્યા મલ મોઝાર;
કંસતણું કુલ સબ હણ્યું એ.....૪
હરિ હરિ ઈન્દ્ર પ્રભુ મુનિ હર્ષ્યાં એ, પૂર્યા ભકતમન કોડ;
સ્વામી કાજ કશું નથી એ.....૫

૧. વખાણ્યા

#### આદ-૨

હરિ હરિ શરદ પુનમ જૈસી શશિકલા એ, તૈસી મુખકલાએ;
લોચન કમાલ સમાન.....૧
હરિ હરિ હરિના અધર બિંબ ફલ અવગણાએ કશું નવગણાએ;
દંત માણેક અભિવાન.....૨
હરિ હરિ હરિના રૂપતણો રસ નિરખતી એ, અતિ હર્ષતી એ;
નારી ન પામે પાર.....૩
હરિ હરિ હરિ એ મરકલે હસતો રિપુ હણ્યો એ નહિ જેહ તણોએ;
કોપ મત્સર અહંકાર.....૪

#### આદ-૩

હરિ હરિ કાલજવન અતિ બળીઓ દાવન, માનવ, લોક વદીતો.....૧
હરિ હરિ તેવીસ ક્ષોણી કેરો અધિપતિ, અધિપતિ ગુણ જેણે જીત્યો.....૨
હરિ હરિ શ્રી કૃષ્ણે સમુદ્રતણી ભોમ લીધી ત્યાં રાજધાની.....૩
હરિ હરિ એક રાત્રિ માંહી કોઈ ન જાણે, આણી મથુરા તોએ.....૪

## આદ-૪

આણી આણી મથુરા તોએ, હરિની વિગત ન જાણે કોઈ;
ગઢ મંદિર ગૃહ એહ હરિ તે જે જેમ તે તેમ એ.....૧

સુન લૈ પાર હરિ એક રે, ત્યાં આવ્યા છે કટક અનેક;
વીંટી નગરીએ, ત્યાં દીઠા એક હરિએ.....૨

દાનવ બોલે રે પ્રાણ, એને હરિબલ તણું અજાણ;
સંગ્રામ માંગે એહ, હરિએ રિપુ વીંધ્યો આગે એહ.....૩

હરિશ રિપુ દીઠો રે અબૂઝ,[1] હવે એ ઉપર કોણ ઝુઝ;
ચાલ્યાં ત્રિભોવન ધણી એ રિપુ પડયો મરણ ભણી એ.....૪

જયાં પોઢયા મુજકંદ,[2] તેણી ગુહાઅએ ગયા ગોવિંદ;
જાગ્યો ભૂપતિ એ, તત્ક્ષણ પડયો દાનપતિ એ.....૫

૧. અજ્ઞાન   ૨. મુચકુંદ નામના ઋષિ

## આદ-૫

સકલ ભોવન પતિ એકલો, રાવો રમે એ શરીર;
તે હરિ પરબ્રહ્મ ધાયીએ, અકલ અસંભવ વીર.....૧

પરબ્રહ્મ તમો નિર્દય નથી, વિનતિ અવિધાર;
ગર્ભ પડંતો રે આત્મા, અતિ દુઃખ સહે નિર્વાણ.....૨

આત્મા એક જ તારો, કહાં કરે જૂજવાં કર્મ;
એક કરાવે ચરાચર, વિષ્ણુ ભકતની જ ધર્મ.....૩

વણ હરિ ભકિત અજાણવે, ન લહે તારો મર્મ;
કરત કર્મ ભોગવે એકીગ, બીજીગમ સાંચે કર્મ.....૪

એ વડે સાંકુષ્ટ[1] સાંકલો, કાંઈ ઉવેખે તાત;
કર્મતણે શિર સોંપીને, શાસ્ત્રે મુકી છે વાત.....૫

પહેલાં ભોગવી નિર્ગમે[2] નવા તણો કરે પ્રહાર;
એણીપેરે નિષ્કર્મ જો હોય, તો હમણાં હવે પાર.....૬

જયાં લગી એક કર્મ હોય, ત્યાં લગી ન છૂટે અવતાર;
ભોગવવા દેહ ધરાવીને, સહે જમનો બહુ માર.....૭
દેહ ધરે નિષ્કર્મપણું નથીપણું, ના મેલું હરિ નામ;
પામીશ નામ શરણ વડે, નિષ્કર્મપણું નિર્વાણ.....૮

૧. સંકડાશવાળો  ૨. પસાર કરે

## આદ-૬

સુરનર પનંગ સર્જે ને સંહારે, હરિ તે અધર્મ નિવારે;
હરિ હરિ ધર્મ આરોપે; ત્રિભોવન ધણી એ.....૧
નાટક જેહ તણા કોઈ ન પ્રીછે, હરિ તે આપણ પેં પીછ;
હરિ હરિ અપ્રીછણ પ્રીછે, જેહ તણી એ.....૨
અનેક નાટક રચ્યો આદિ અરૂપ, હરિ તે કાઢે બહુ રૂપ
હરિ હરિ આપણપે, જૂએ, જૂએ એકલો એ.....૩
સુર અસુર ભીડવે, ને અલગ થયો ને માંહી;
હરિ તે ત્રિભોવન ને વાહે, હરિનો દોરી સંચાર કોઈ નવ લહે એ.....૪

## આદ-૭

હરિનું સુમરણ રે હરિનું સુમરણ રે, જે છે અક્ષય ભંડાર;
કનલ[1] થકી હવો દરિદ્રી રે.....૧
છેદાણો છેદાણો રે, લહ્યો ચોખાણ મોઝાર;
ભડાંણ તણે અજાણ રે.....૨
દેખાડો દેખાડો રે શ્રી ગુરુ રે ભંડાર;
પરબ્રહ્મ સુમરન રોપ્યો.....૩
તેણે ભાંગી રે તેણે ભાંગી રે, ભવોભવની અનાથ;
ગર્ભવાસ દુઃખ રૂપણી.....૪

૧. પહેલેથી ગર્ભમાં હતો ત્યાંથી જ

## આદ-૮

હરિ પરબ્રહ્મ રે હરિ પરબ્રહ્મ રે, સ્વામી દેવ અનંત;
અંગુષ્ઠ માત્ર જો તું હવો.....૧
અતિ બળીઓ રે અતિ બળીઓ રે, સ્વામી સર્જનહાર;
અબલાં પ્રકૃતિ કયાં અનુસરો.....૨

એ આત્મા રે એ આત્મા રે, સ્વામી ઉપન્યો તુ જ;
તુજને એ અંતર નહિ.....૩
એ આત્મા રે એ આત્મા રે, સ્વામી વિગત ફેડ;
તું જ આગળ બીજો નથી.....૪

卐

૧. અંગૂઠા જેવડો

## પદ-૭૨૮
### (કડવું ૪થું)
### આદ-૧

હરિ હરિ કહાન શ્યામલ વર્ણન ગાઈએ એ, મૃગમદ તિલક વિશાલ;
બાલ સુંદર રળિયામણો એ.....૧
હરિજીને કનકમય મુગટ સોહામણોએ, બેઠાં રે માણેક કોડ;
ઝલકલે હીરા રવિ જૈસા રે.....૨
હરિજીને કાને કુંડલ, કોટે કાંઠલો એ ઉર મુકતા ફલ હાર;
હાર કૌસ્તુભ મણિ ઝલહલે એ.....૩
હરિજીને મોતીડું લ્હેકે છે નાસિકાએ, મણિમય કંકણ હાર;
રત્ન જડિત ચત્રુભુજ બેરખા એ.....૪
હરિજીને પહેરણ પીક પટોલડીએ, ઉર ચંદનકો લેપ;
ટોડર ખંપ કુસુમ ઘણા એ.....૫

### આદ-૨

હરિએ અંબરીષ નૃપતિ છેતર્યો એ, જુગે અવતર્યો એ;
સ્વામીજી દશે અવતાર.....૧
હરિ તે બલિ તણે દ્વારે ઊભા રહ્યા એ, જોતા નવ લહ્યાં એ;
જેહ જોગેશ્વર પાર.....૨
હરિ તે સુદામા રિદ્ધ નવ પુરતો એ અતિ ધૂર્તએ;
ઓળંગ્યો મુકત ભંડાર.....૩
હરિ તે વણસતી રિદ્ધ નવ આદરી એ, સો નિશ્ચલ કરી એ;
લીધી તે સમૃત[1] સાર.....૪

૧. અંતવાળું

## આદ-૩

હરિ હરિ કૃષ્ણ કૃષ્ણ ભણે રુકિમણિ એ, અહર્નીશ ગુણ ગાતી રે ગોપાલ.....૧
હરિએ તેહતણા મનના મનોરથ પૂર્યા, તે ચૂર્યા રાય શિશુપાલ.....૨
હરિ હરિ સોળ સહસ્ત્ર કન્યા કારાગૃહે ગ્રહી નરકાસુર પહાણ.....૩
હરિજીએ દૈત્ય હણ્યો એ કન્યા કીધી મુકત છે ભકત વત્સલ ચક્ર પાણિ.....૪

## આદ-૪

કેવલ પરમજ્ઞાન, સ્વામી ગુણ કલ્યાણ નિધાન;
તીર્થ પાવન એહ, હરિનું પવિત્ર કીર્તન એહ.....૧
કોટિ રાવ પ્રતિ રે પ્રકાશ, સ્વામી રાખી છે ક્ષિતી આકાશ
જૈ જૈ વિશ્વંભર[1] એહ, હરિ તે દહીત ભયંકર એહ.....૨
હરિ પરમાત્મા રામ, સ્વામી જેનું છે નિમલ નામ;
ત્રિભોવન તારણ એહ, હરિ તે નરક નિવારણ એહ.....૩
કાલ તણો રે મહાકાલ, સ્વામી પાપ દહે રે ગોપાલ;
તુલસી વલ્લભ એહ, હરિ તે સુરનર દુર્લભ એહ.....૪

૧. સમગ્ર વિશ્વમાં સભર રીતે રહેલા

## આદ-૫

સ્વામીજી તાત તું સમર્થ, અનરથ એહ નિવાર,
જીવડો વગોવ્યો રે કલ્પના, પહેલાં તું એહ નિવાર.....૧
કર્મતણે શિર દોષણ, વાત છે તારે હાથ;
અહર્નીશ સુમરન તારું, ભાંજ તું કર્મ સંહાર.....૨
કર્મ ફેરો ભૂમિ ભાંગો રે, નિત્યય નવા બહુ ગર્ભવાસ;
સુખીઓ દુઃખીઓ ઉત્તમ, મધ્યમ ઠાકોર દાસ.....૩
નવાં રે સાચાં જૂનાં ભોગવે, એમ નથી કર્મ નિસ્તાર;
જો હવે તમે કૃપા કરો, તો હમણાં હોય પાર.....૪
ઠાકોર બાપ તું બાંધવ સ્વામી દયાના નિધાન;
ભકિત રહિત અપરાધીઆ, ક્ષમો સ્વામી ગોવિંદ કહાન.....૫
આગે જે તમે ઉદ્ધર્યા, તે તણા બહુ અપરાધ;
તે સર્વે પરમ આનંદે રમે, ત્રુઠો તું સમર્થ રાય.....૬

પ્રકૃતિતણો તેને ભય નથી, ઓળંગ્યો મૂલગો શ્યામ
ધ્યાને ચેતને મન લીનો, કમ દહ્યાં હરિ નામ.....૭
આત્મા મનના રે ઘણી હું ઘણી નહિ એક વાર
તમારી વસ્તુ લ્યો રે તમો કને, હું કને વણસે અપાર.....૮

## આદ-૬

બ્રહ્મા બોલ્યા ધર્મરાય પ્રત્યે, મોટા શું ખોલો એ;
તમો ગર્વ ન બોલો, હરિ હરિ વૈષ્ણવ પૂજે હરિ તણાએ.....૧
જેને મુખ હરિનામ અમૃત, તુલસી લલાટ ગોપીચંદન તે સુરનર વંદન;
હરિ હરિ તીર્થનું તીર્થ બ્રહ્મા ભણે એ.....૨
શંકર પ્રમુખ ઉપાસના કરતાં તત્ક્ષણ ત્યાંથી છાંડે, દેતે સુરત આવીને માંડે;
હરિ હરિ વૈષ્ણવજન જયાં બ્રહ્મ વદે એ......૩
ભક્ત પરાયણ પરઉપકારી, એવા સમર્થ સેવો દેતે એક નિરંજન દેવો;
હરિ હરિ સેવો ગર્ભ સાંકુષ્ટ[1] હણે એ.....૪

૧. સાંકડો

## આદ-૭

હરે સ્વામીજી રે મારા સ્વામીજી રે, બાપ કરોની સંભાળ,
જન્મ મરણ વશ આત્મા.....૧
વિસારતો રે વિસારતો રે, હરિ પરિબ્રહ્મ નામ;
અચેત બુધ થયો આંધળો રે.....૨
હરે સ્વામીઆ રે હરે સ્વામીઆ રે, તું છે દીનનો દયાળ;
એમ ન વિસારિશ બાપજી રે.....૩
બહું કીધાં છે રે, બહુ કીધાં છે રે મેં સ્વાર્થ કર્મ કુડાં;
નર્ક ને જમ છે બિહામણાં રે.....૪
અતિ દોહ્યલાં રે અતિ દોહ્યલાં રે, સ્વામી આગે કષ્ટ;
પૂર્વ જન્માંતર ભોગવ્યાં રે.....૫
તેણે બ્હીતો રે તેણે બ્હીતો રે, સ્વામી આત્મા એહ;
તમ શરણાગત આવ્યો રે.....૬
હવે રાખો રે હવે રાખો રે; સ્વામી આપણ માંય;
આપણો બોલ સંભાળજો.....૭

### આદ-૮

હરિ પરિબ્રહ્મ રે હરિ પરિબ્રહ્મ રે, સ્વામી જે પરિબ્રહ્મ;
ભાગ્ય વડે જંપ પામીએ રે.....૧
હરિ એક જ રે હરિ એક જ રે; સ્વામી પૂરોની કોડ;
ભક્તિ ચરાચર ઊપજે રે.....૨
હવે માંડોની રે હવે માંડોની રે, સ્વામી જુગ વૈકુંઠ;
ઘર ઘર અવર તું નહિ રે.....૩
અવતર્યા છો રે અવતર્યા છો રે, શ્રી ગોકુલના કહાન;
શ્રી પદ્મનાભ પુરુષોત્તમ રે.....૪
જે કોઈ ગાશે રે જે કોઈ સાંભળશે રે, પરિબ્રહ્મ પદ બંધ;
બંધન છૂટયાં ભવતણા રે.....૫

卐

### પદ-૭૨૯
(રાગ-સાહેલડી)

ગાઈ એ તે પરમાત્મ સાહેલડી રે, ગુરવો તે ગુણનો ભંડાર.....૧
નામ સુરમણ જેહ તણું રે, સાહેલડી રે આત્મા છૂટે સંસાર.....૨
આપણુ પ્રજીએ જુગતસે રે, સાહેલડી રે તે મતિએ રાખે છે પ્રાણ.....૩
જે કારણ તેં માંડયું રે, સાહેલડી રે સહુ જાણે તું જ સુજાણ.....૪
હેલાં વિધિ સજર્યાં રે, સાહેલડી રે સુરનર કે હી માત્ર.....૫
સહુ આધાર છે જેહ તણો રે, સાહેલડી રે તે કેમ મુકીએ બાપ.....૬
દુરૂહવો[1] બોલે આત્મા રે, સાહેલડી રે સુણો પરમાત્મા તાત.....૭
તું જ સમીપ છોડાવ્યો રે, સાહેલડી રે મારો શો અપરાધ.....૮
ઘર સુખ ક્યાં વિસાર્યું રે, સાહેલડી રે ભૂલ્યો ક્યાં વનમાંય.....૯
કેટલા કાલ વિડંબ્યો રે, સાહેલડી રે શત્રુ કામાદિક હાથ.....૧૦
એણે વનલોભ કે દવે બળે રે, સાહેલડી રે વિલસે પારાધિકાલ.....૧૧
માયા તે મુકી હરણલી રે, સાહેલડી રે માંડયું કર્મની જાલ.....૧૨
જાલે પડયો હવો આકલો રે, સાહેલડી રે મોહ્યો જીવ અચેત.....૧૩
આગલી પાછલી સૂધ નહિ રે, સાહેલડી રે નહિ એને આપણ ચેત.....૧૪

સુરનર જાલમાં તરફડે રે, સાહેલડી રે દેહ ધરાવ્યા જેહ.....૧૫
કલ્પના કરતી છેદીએ રે, સાહેલડી રે ગર્ભ ખંડિત હોય દેહ.....૧૬
દેહ ધરે સુખ પ્રાપ્તે રે, સાહેલડી રે તાતીય તેલ કઢાય.....૧૭
આપણ દોષ ન દાખવે રે, સાહેલડી રે વીતે એ આપણ માંય.....૧૮
કાલ ખાયે નીત તલી તલી રે, સાહેલડી રે, હજી ન ચેતે આપ.....૧૯
એ વડે દુઃખે ક્યાં પડયો રે, સાહેલડી રે, સહાય કરોને હવે બાપ.....૨૦
નામે ભાંજન દેહડી રે, સાહેલડી રે સ્મરણ ટાળ વિકાર.....૨૧
તુ સરખો કરતારો રે, સાહેલડી રે લે હવે કર સમાનવાર.....૨૨

卐

૧. મુશ્કેલ

## પદ-૭૩૦

હેલી રે પરિબ્રહ્મ અવિગત જેહ, તેહ પહેલો પરમાત્મા એહ....૧
હેલી રે તેહ તણા ત્રણે અંશ, સર્જે પાલે ને સંહારે એહ....૨
હેલી રે બ્રહ્માદિક છે જેહ, તેહ તણે ગોચર નહિ એહ....૩
હેલી રે આદિ એકલ મલ, વ્યાપક માંડે અતિ ઘણા એહ....૪
હેલી રે નિશ્ચલ છે અવિનાશ, હશે છતું અનછતું કરે એહ....૫
હેલી રે સનકાદિક મુનિ જોગ, જોતાં પાર પામે નહિ એહ....૬
હેલી રે સેવે સુરિનર નાગ, સહુ તારે આયુષ્ય રહ્યું એહ....૭
હેલી રે જેથી વિગતુ થાય, તેણે વળી સહુ આથમે એહ....૮
હેલી રે અકલ અલખ અભેદ, વેદ નિરંતર સ્તુતિ કરે એહ....૯
હેલી રે તૃપ્ત છે વણ આહાર, સુખ સઘળાં સેવા કરે એહ....૧૦
હેલી રે જન્મ મરણ નહિ જેહ, તેણે એ બેઉ સરજ્યાં એહ....૧૧
હેલી રે કીર્તિ કીર્તિ કીજે જેહ, બલ ગુણ સ્તવીએ હરિતણા એહ....૧૨
હેલી રે સર્વ તણો છે બાપ, માત પિતા નહિ જેહ તણો એહ....૧૩
હેલી રે સર્વ તણો છે શ્યામ, સ્વામી જેહ તણો કેઈ નહિ એહ....૧૪
હેલી રે સર્વ ઉપર છે જેહ, તે ઉપર સરજ્યો નથી એહ....૧૫
હેલી રે જેહ જ મલ નહિ કોઈ, ઉપમા તેહતણી કયી કહું એહ....૧૬
હેલી રે તેણે વાહ્યો વિશ્વ, મોહ જાલે વિડંબ્યો[૧] એહ....૧૭

હેલી રે રૂપ અરૂપ અનંત, કહેતાં કેવો કહેવાએ નહિ એહ....૧૮
હેલી રે તેહ ન પ્રીછે વેદ, જોગેશ્વર[2] મન દુર્લભ એહ....૧૯
હેલી રે એસો ભણી નિત સેવ, તુ સદાય છે હું નથી એહ....૨૦
હેલી રે એણીપેરે ફેડની આપ, બાપ સેવ્યો સંભાળશે એહ....૨૧
હેલી રે અહરનીશ પ્રણવું જેહ, અહરનીશ પરબ્રહ્મ સ્તુતિ કરો એહ....૨૨
હેલી રે અણ સંભિવ છે જીવ, કર્મતી તાણ્યો જુગ ભમ્યો એહ....૨૩
હેલી રે ભ્રમેથી ભાંગ્યો જીવ, કામ ક્રોધ મદ પરહર્યાં એહ....૨૪
હેલી રે નિર્ભય તું જ એક, કીજતાં કર્મ લાગે નહિ એહ.....૨૫
હેલી રે સમર્થ સર્જનહાર, કર્મ સર્વે શિર સર્જ્યાં એહ.....૨૬
હેલી રે ધર્મ તણી સ્થિત હેત, એકે અંશ અવતર્યો એહ.....૨૭
હેલી રે પર ઉપકારે કાજ, ચરિત્ર અનુપમ હરિ તણા એહ.....૨૮
હેલી રે તારે નથી કશું કાજ, રાગ દ્વેષ મદ તુજ નહિ એહ.....૨૯
હેલી રે તુ જ અપરાધ, રાજાજી ચિતવે તે કરે.....૩૦

卐

૧. છેતરાયાં ૨. મોટા યોગીથી પણ દુર્લભ

## પદ-૭૩૧

ઘોડલી પરિબ્રહ્મ લાગ્યું ધ્યાન, માન મત્સર મદ નિર્ગમ્યા;
ઘોડલી પામ્યું હરિ શરણ.....૧
ઘોડલી સુનો કીધો સંસાર, ધ્યાન નિરંતર ઉપન્યું.....ઘોડલી૦.....૨
ઘોડલી ભેટયો ત્રિગુણ અતીત, ગુણ સંગાત વિછોહ્યો.....ઘોડલી૦.....૩
ઘોડલી ઉગ્યો જ્ઞાન આદિત્ય, વીતી માયા રાતડી.....ઘોડલી૦.....૪
ઘોડલી નિર્મલ થયું મન ચંત, ઉતર્યુ મોહનું આભલું.....ઘોડલી૦.....૫
ઘોડલી મોહ વીત્યો માવંત, વિષ્ણુ ભકત મધુ ઉતર્યો.....ઘોડલી૦.....૬
ઘોડલી સ્મરણે મળ્યું સમીપ, મન રવિ ઉત્તર ચાલ્યું.....ઘોડલી૦.....૭
ઘોડલી માર્યો ગુણ સાકાર, વાસી રે કોયલ વાસના.....ઘોડલી૦.....૮
ઘોડલી ઉલટયા પરમ આનંદ, હોલી રે કામાદિક તણી.....ઘોડલી૦.....૯
ઘોડલી ધર્મ સંતોષ વિચાર, તત્ક્ષણે વર્ષ શોભા લહે.....ઘોડલી૦.....૧૦

ઘોડલી ભાંગ્યા અવર પરિબ્રહ્મ ચેતનરે મન મળ્યું.....ઘોડલી૦.....૧૧
ઘોડલી જેહ નથી રે કોઈ, અપ્રીછણ ભણી ઓળગ્યું.....ઘોડલી૦.....૧૨
ઘોડલી કેમ હોએ મુક્ત અનેક, મુક્ત નાયક સમર્યા વિના.....ઘોડલી૦.....૧૩
ઘોડલી નર્ક ભાગ્યો ગર્ભવાસ, આવાગમન નિવાર્યો.....ઘોડલી૦.....૧૪
ઘોડલી કાલે મુકી આશ; જમ છોડી અળગા રહ્યા.....ઘોડલી૦.....૧૫
ઘોડલી દેવતા દે બહુમાન, લેખું તે વાળ્યું જમતણું.....ઘોડલી૦.....૧૬
ઘોડલી બાપે કીધો સાર; વિગત ટાળી કને રાખ્યો.....ઘોડલી૦.....૧૭
ઘોડલી મુક્તિ તણી પર જાણ, નિશ્ચલ સુખ છે અતિ ઘણું.....ઘોડલી૦.....૧૮
ઘોડલી કર વિના માંડે વિશ્વ, પગ વિના સચરાચર ફરે.....ઘોડલી૦.....૧૯
ઘોડલી મુખ વિના બોલે સર્વ, લોચન વિના દેખે સહુ.....ઘોડલી૦.....૨૦
ઘોડલી ઉદર પાખે કરે આહાર, ઈન્દ્રિ વિના સુખ ભોગવે.....ઘોડલી૦.....૨૧
ઘોડલી રૂપ પાખે કરે રાજ, સોળે શણગાર પહેર્યા વિના.....ઘોડલી૦.....૨૨
ઘોડલી ઈચ્છા વિના કરે ભાવ, નિત આનંદે સો રમે.....ઘોડલી૦.....૨૩
ઘોડલી મન વિના જાણે સર્વ, શ્રવણ પાખે સહુ સાંભળે.....ઘોડલી૦.....૨૪
ઘોડલી આત્મા નવ ધરે દેહ, જો રે જાણે પરમાત્મા.....ઘોડલી૦.....૨૫
ઘોડલી સ્મરણ દીપક રાખ, માયા લોભ કારણ ઘણા.....ઘોડલી૦.....૨૬
ઘોડલી દીપક ગયો ઘરમાંય, કાજ સિધ્યું ત્યારે જીવનું.....ઘોડલી૦.....૨૭
ઘોડલી મેલ સંસારના કામ, સુખ હોય વળશે વળી વળી.....ઘોડલી૦.....૨૮
ઘોડલી છોડયો અનિત સંસાર, સાર જાણ્યો પરમાત્મા.....ઘોડલી૦.....૨૯
ઘોડલી જન્મ મરણ નહિ દુઃખ, હર્ષે તે પરિબ્રહ્મ સેવીએ.....ઘોડલી૦.....૩૦
ઘોડલી સ્મરણ અંતર રાખ, જેણે અવનિશ્ચર પામીએ.....ઘોડલી૦.....૩૧
ઘોડલી રે અણસતુ કીધું આપ, બાપ તણે મને મનેમન મળ્યું.....ઘોડલી૦.....૩૨
ઘોડલી અંત લગી રહે હરિ ધ્યાન, પદ પામે પરિબ્રહ્મ તણું.....ઘોડલી૦.....૩૩
ઘોડલી ભક્તિ માંગે અહીં એહ, વિગત ફીને સહુ એક હોય.....ઘોડલી૦.....૩૪
ઘોડલી નિશ્ચલ ગાએ જેહ, નિશ્ચલ સાંભળે જેહ,
દુર્લભ મુક્તિ પામે સુખ.....ઘોડલી૦.....૩૫

卐

## પદ-૭૩૨

રાજા તે પરિબ્રહ્મ ગાઈએ તોરી બ્રહ્મારુલી રે દેવ અનુપમ એક.....૧
હરિ હર બ્રહ્મા જે જપે તોરી બ્રહ્મારુલી રે પાર નહિ ગુણ જેહ.....૨
જે મન બૂઝે કંથવો, તોરી બ્રહ્મારુલી રે સૂર્ય બ્રહ્મ પ્રમાણ.....૩
સુર દાબન એમ નવ બૂઝે તોરી બ્રહ્મારુલી રે તું જ એક સુજાણ.....૪
પિંડ બ્રહ્માંડ ભરી રહ્યો તોરી બ્રહ્મારુલી રે જે થકી બહુ જીવ.....૫
પુનરપિ[1] જેણે ઊપજે, તોરી બ્રહ્મારુલી રે ક્ષય પામે જુગ અંત.....૬
પુનરપિ કરમેં તાણ્યો તોરી બ્રહ્મારુલી રે પડયો મોહ જુવાળ.....૭
ચોરાશી લક્ષ ભોગવે, તોરી બ્રહ્મારુલી રે ગર્ભ તણો નહિ પાર.....૮
ત્રણ કણસલ કણ નિપજે, તોરી બ્રહ્મારુલી રે જલધર ભોમ સંગોગ.....૯
જલધર જેણે ન જાણ્યો તોરી બ્રહ્મારુલી રે કણસલ છે અચેત.....૧૦
એણે નિદર્શન ઉપન્યો, તોરી બ્રહ્મારુલી રે તે કેમ જાણે જીવ.....૧૧
નામ શરણ પામી રહ્યો તોરી બ્રહ્મારુલી રે આપ જણાવે જેહ.....૧૨
જલચર જીવ જીવે ઘણું તોરી બ્રહ્મારુલી રે જીવ ન જાણે ભેદ.....૧૩
જે બોલે જુગ સંચરે, તોરી બ્રહ્મારુલી રે પ્રસરે એણે સંસાર.....૧૪
પાન પાન રસ મોકલે, તોરી બ્રહ્મારુલી રે મૂલ તણું જલ પેખ.....૧૫
વિવિધ કુસુમ ફલ નિપજે તોરી બ્રહ્મારુલી રે કાષ્ટ કઠણ માંહી પેખ.....૧૬
પય દધી ઘૃત દે તૃણ ચરે તોરી બ્રહ્મારુલી રે નિમિત્ત ચઢાવે ઘેનૂ.....૧૭
બુંદ વડે ઘટ નિપજે, તોરી બ્રહ્મારુલી રે રંગે રમે નરનાર.....૧૮
લે કપાલ પંચ મહાભુત, તોરી બ્રહ્મારુલી રે પાલે તું જ અબૂઘ.....૧૯
અનેક જુગ એમ નિપજે તોરી બ્રહ્મારુલી રે સબ લે તારો બોલ.....૨૦
તું નિર્ગુણ એમ જાંયો તોરી બ્રહ્મારુલી રે તુજ આગળ નહિ કોઈ.....૨૧
નિમિત્ત અચેત ને દઈને તોરી બ્રહ્મારુલી રે કાજ સર્વે હોયે તેહ.....૨૨
સુરજ તેને દેખીએ, તોરી બ્રહ્મારુલી રે હું દેખું કહે અજાણ.....૨૩
આંખ છતે થયો આંધળો, તોરી બ્રહ્મારુલી રે રવિ વિના થયો અંધકાર.....૨૪
એણે સાચે સહુ તે હોયે તોરી બ્રહ્મારુલી રે ગુણ વિના સત સ્વરૂપ.....૨૫
કોટિ બ્રહ્માંડ ભાંગે, ઘડે તોરી બ્રહ્મારુલી રે ગુણ દે હરિ હર બ્રહ્મ.....૨૬
મન ચેતે એમ નિપાયે તોરી બ્રહ્મારુલી રે અણસંત બ્રહ્માંડ વિસ્તાર.....૨૭
ગુરવો તારું તારાનું, તોરી બ્રહ્મારુલી રે જાણે તું જ વિચાર.....૨૮

અકલ અસંભવ જાણ્યો, તોરી બ્રહ્માર‌ુલી રે નામ શરણે છે જીવ.....૨૯
દુહવ્યું તે અજાણતેં, તોરી બ્રહ્મારુલી રે કૃપા કરી દો વિશ્રામ.....૩૦
તારે મને તું ઉદ્ધારે, તોરી બ્રહ્મારુલી રે લય લાગી તુ જ નામ.....૩૧
ભોલી ભક્તિએ ભેટયો તોરી બ્રહ્મારુલી રે પ્રત્યક્ષ પરિબ્રહ્મ આનંદ.....૩૨
તારા મન વિના નવ દેખે તોરી બ્રહ્મારુલી રે સ્વપ્ને સનકાદિક જોગ.....૩૩
જ્ઞાન જ તે પરમાનંદ તોરી બ્રહ્મારુલી રે સેવીએ નીજ પરબ્રહ્મ.....૩૪
વાયુ ગંધમાં સંચરે તોરી બ્રહ્મારુલી રે ગંધ મૂકે નીજ રૂપ.....૩૫
તેમ હરિગુણમાં સંચરે તોરી બ્રહ્મારુલી રે નિર્ગુણ જપે તુજ નામ.....૩૬

卐

૧. ફરી ફરી

## પદ-૭૩૩
### (પૃથ્વી-ઘોળ)
### આદ-૧

વિઘ્ન હરણ ગુણ નાયક, દાયક નિજ મતિ સાર એ.....૧
પૃથ્વી વિવાહ વખાણીએ, ખાણ ચારે તણો પાર એ.....૨
સરસ્વતી સ્વામીને વિનવું, કવું નિરંજન વાણી એ.....૩
ધરતી એ કન્યા પરણીએ, વર પરિબ્રહ્મ ચક્રપાણી એ.....૪
બાલ કુંવારી બેટી હવી, વરદલ જોગે નહિ કોઈ.....૫
જે ઊપજયો અહંકાર એ, તેને ના દે ચીર કાલ એ.....૬
ક્રત જુગ વેણુ ભુપત હવા, તેહ તણા અતિ અહંકાર એ.....૭
ઋષિતણે કોપેથી પાડયા, ઊપજયો પૃથુ રાય એ.....૮
પૃથુ તણેં નામે એ પૃથ્વી, પૃથુઓ તે પુન્યનિધાન એ.....૯
લાડી છે વડે ગુણે, વરદલ જમલ ન કોઈ એ.....૧૦
મુનિ એક વાયક માંધાતા, સગરદલીકા કૌસ્તુભમણિ એ.....૧૧
તે સૌ વર થઈ આવ્યા, વણ પરણે વળી જાય એ.....૧૨
નારદ ઋષિ બ્રહ્મલોક ગયા, વિનવ્યા આદર તાત એ.....૧૩
બાલ કુંવારી બેટી હવી, બ્રહ્મા મન કાંઈ ન ચેત એ.....૧૪
કરોને વિવાહ વિ્છેદ શું, બ્રહ્માંડ માંડોને જંગ એ.....૧૫

## આદ-૨

સલુણીએ બ્રહ્મા બોલ્યા, સુણો વિપ્રરાય; સૌભાગ્ય સલુણી એ.....૧
કન્યા એ પૃથ્વી પૌઢી હવી, સલુણી એ;
વરદલ જમલ નહિ કોઈ, સૌભાગ્ય સલુણી એ.....૨
ગુરવો તે સુરીનર મુનિ માહે, સલુણી એ;
ત્રિભોવનમાં હરિ શ્રેષ્ઠ, સૌભાગ્ય સલુણી એ.....૩
પૃથ્વીથી વડો વર કો સજર્યો નથી, સલુણી એ;
લોઢેરા અવર સહુ કોઈ સલુણી એ.....૪
બેટીથી વડો વર કો છે નથી, સલુણીએ;
કેવળ દીજીએ ઘેય સલુણી એ.....૫
દોષ લાગે કુંવારી સુતા, સલુણીએ;
તે સમે બોલ્યા મુનિરાય સલુણી એ.....૬
બ્રહ્મા અવિધારો રે વિનતિ, સલુણીએ એ;
પૂછોને બેટીનો જોગ, સૌભાગ્ય સલુણી એ.....૭
ત્રિભોવન તુજ વર કોણ ગમે એ, સલુણી એ;
કોણ વર ગમે રે સંસાર, સૌભાગ્ય સલુણીએ.....૮
કહોને વછેદ વિચાર કરી, સલુણી એ;
બેટી બોલી સુણો તાત સલુણી એ.....૯
મુજ વર એક ત્રિભોવનધણી, સલુણી એ;
જયાં નહિ રવિ ચંદ્ર, સલુણી એ.....૧૦
દાનવ નર નરેન્દ્ર નહિ કોઈ, સલુણી એ;
મુનિવર જોગ નહિ કોઈ, સલુણી એ.....૧૧
જયાં નહિ રે જુગ પવન તેજ, સલુણી એ;
ગગન મંડલ ગયાં નીર સલુણી એ.....૧૨
અંધકાર ભયંકર હવો, સલુણી એ;
ચઢી હું પ્રલયતણે હાથ, સલુણી એ.....૧૩

બૂડી હું અજાણવે જલ તૈસે, સલુણી એ;
માર્યો શત્રુ કલ્પાંત સલુણી એ.....૧૪
બૂડી હું જેમ ઘણી વિહોણી, સલુણીએ;
તે સમે સમર્યા શ્યામ સલુણી એ.....૧૫
ગુરવો એ પરિબ્રહ્મ સ્વરૂપ, સલુણીએ,
અખિલ ભુવનતણો ઈશ, સલુણી એ.....૧૬

## આદ-૩

હરિ પરબ્રહ્મ તમો સીયલ ઘણી રે, કરો દીન ઉપર દયા અતિ ઘણી રે.....૧
તમો સમર્થ નાથ વૈકુંઠનાથ રે, ફેડયો દાનવ તણો ઠામ રે.....૨
તમો દૈત્ય સંહારી દેવ સ્થાપ્યા રે, ભક્ત પ્રહ્લાદના બંધ કાપ્યા રે.....૩
હણ્યો નરક દાનવ હરિએ ચક્રધાર રે, છૂટી રાજકુમારી સહુ તમ પસાય રે.....૪
હરિ તમો પસાયે[1] સહી દેવનારી રે, સુખ ભોગવે રાજ દાનવ નિવારી રે.....૫
મહા ગ્રાહના કષ્ટોથી માતંગ છોડયા રે, ધ્રુવ અપરમાતના પરભાવ મોડયા.....૬
મહા કષ્ટ જલ બુડતાં હરિ ઉદ્ધાર્યા રે, મુજ ઉદ્ધરી પરિબ્રહ્મ તમો સિધાર્યા રે.....૭
હું ભકત ભાવે સેવું એક સ્વામી રે, જગન્નાથના ચરણનું શરણ પામી.....૮

૧. પ્રસાદ

## આદ-૪

દેવ દયાલ પ્રગટ હવા પરિબ્રહ્મ, આદિ વરાહનું રુપ ધર્યું રે.....૧
જેહ શ્રવણ માંહે લચ્યું આકાશ એ, તેજ લચ્યું રે જૈસે નયનર્મે.....૨
પવન લચ્યો રે જૈસે શ્વાસ મોઝાર એ, આહાર તું જલ જૈસે ખર્યાર્મે.....૩
નભ શશિ સંભવ્યા દહાડા અંકુર એ, ત્યાં હું સ્વામીજી ઉદ્ધરી.....૪

## વલણ

ઉદ્ધરી દેવ દયાલ નાયક, ભકત વત્સલ શું કરે;
બ્રહ્મા શંકર નહિ જઈએ, શ્રેષ્ઠ શું સચરાચર.....૫
વિશ્વ કર્તા વિશ્વ હર્તા, નાથપરમાનંદ;
વાસુદેવ મુકુંદ ગરિવા, કૃષ્ણ હરિ ગોવિંદ.....૬

### આદ-૫

મારે વર નથી એ વિના, ઉદ્ધરી જેણે હું તે વરું;.....૧
દૈત્ય સાંકુષ્ટથી છોડવી જેણે એ સોળ સહસ્ર વર્યા તે વરું.....૨
અમો મન વસ્યો એ વર ગોવિંદ, દો મુજ ગોવિંદ એહ વિચાર;.....૩
બ્રહ્મ નારદ ઋષિ હર્ષે ઉલટયા, બ્રહ્માએ સમર્યા સપ્તઋષિ.....૪

### વલણ

સપ્ત સમર્યા મુનિ વર્યા, મન હવા હર્ષ અપાર;
આવ્યા મુનિવર લગ્ન લીધું, જોયો મેળ વિચાર.....૫
હરખે તે હોયે હથોલડાં, મળ્યાં તે સીયલ બ્રહ્માંડ;
ઈન્દ્ર ચન્દ્ર નરેન્દ્ર મળ્યાં, મળી સકલ ત્યાં મુનિ.....૬

### આદ-૬

જી રે એકાદશી મધુસૂદની રે;
તે દિવસ વિવાહ હોય મેદની રે.....૧
ત્યાં સંત સૌને હોયે નોતરાં રે;
એવાં વિવાહના નીપજે સાંતરાં રે.....૨
ચઢયો ફૂલકે હોયે બહુ વારણાં રે;
બ્રહ્માંડ બાંધોને તળીયાં તોરણ રે.....૩
ત્યાં ઘર ઘર ઘોડિયો ઉછરે રે;
ત્યાં સુરનારી ધોળ ગાયે અતિ ભલાં રે.....૪
ત્યાં પંચશબ્દ[1] ધન વાગ્યાં રે;
મળ્યા સુરિનર ત્રિભુવન રાજિયાં રે.....૫
હરિની જાન આવી રળિયામણી રે;
અતિ હરખે માંગે વધામણી રે.....૬
ત્યાં ફૂલ તંબોલ સોહામણા રે;
ત્યાં અપ્સરા નાચે ઓચ્છવ હોય રે.....૭
જી રે વર પર્હોંચ્યો જાનૈયા વાસ રે;
ત્યાં ગોરજીનું ગૌત્ર પ્રકાશ્યું રે.....૮

ત્યાં ઘડિયું લગ્ન ઋષિએ સાધ્યું રે;
વરન ખુંપ ભર્યો સર્વ સંત પ્રસાદ રે.....૯
હવે લાડીને મોકલો સુખડી રે;
જેમ લગ્ન ઘડી હોયે ઢૂંકડી રે.....૧૦
વર સ્વાર થઈને સંચર્યો રે;
લક્ષ કોટિ બ્રહ્માંડ શું પરવર્યો રે.....૧૧
જી રે તોરણે હોય છે પોકણાં રે;
વર પરિબ્રહ્મ લીજે ઓવારણાં રે.....૧૨
જી રે સમો વર્તે સમો વર્તે સાવધાન રે;
મધુપર્ક[૨] હોય ત્યાં અર્ઘ્ય દાન રે.....૧૩
ત્યાં લાડી અંતરપટ રહી રે;
વર લગ્ન સમે કન્યા કર ગ્રહી રે.....૧૪

૧. વાજાં  ૨. પંચામૃત

### આદ-૭

ચોરી કેરો ચોરી કેરો ગુરવો વિચાર રે;
કતમ ચોરી કતમ ચોરી નહિને આવાર રે.....૧
સુત્રધારા સુત્રધારા સુધ બુધ કરો દોરી રે;
ખાણ ચારે અંગ તણી કરો ચોરી રે.....૨
રત્ન સિંહાસન નિગમ વિશ્વાસ રે;
વરકન્યા બેઠા મન અતિ ઉલ્લાસ રે.....૩
બ્રહ્મ વિશ્વાનર કર્મ હોમાય રે;
સત લક્ષ બ્રહ્માંડ નિષ્કર્મ થાય રે.....૪
કાલ પહોંચ્યો ને કંઈ સાર નહીં પાયો રે;
સંત પ્રીછે સંત પ્રીછે આરોગો વરરાય રે.....૫
સ્મરણ ઘૃત જપ ઉપર નામ રે;
કન્યા સહિત વર તૃપ્તિ પામ્યો રે.....૬
સજર્યા જેણે ગ્રહ સુર લોકપાલ રે;
તે તણી સેવા કરે દશે દિક્પાલ રે.....૭

ધ્રુવ જેણે સ્થાપ્યા તેહ શું નિહાળો રે;
જમદગ્નિ તણો હવે વેપાર ટાળો રે.....૮
દંપતી વર્ત્યા મંગલ ચાર રે;
શત લક્ષ બ્રહ્માંડ લીધાં લાંપ રે.....૯
વિનવે આત્મા શબ્દ બ્રહ્મ રે;
વર અવિધારો હરિ પરિબ્રહ્મ રે.....૧૦
સ્થાવર જંગમ વ્યાપક રાચ્યો રે;
તમે પરણ્યા અમોને કરો પસાય રે.....૧૧
હું કરું મે હોય એમ વાગોયો રે;
ખાણ ચારે ગર્ભ કુપમાં ખૂચ્યો રે.....૧૨
તું સદાય છે તેહ જ હોય રે;
હું નથી નિશ્ચલ એક તેહ જ હોય રે.....૧૩
કર જોડી સ્વામીજી એટલું માંગુ રે;
તમો પરણે સહુ નિર્મુખ ભાગું રે.....૧૪
અણુ અણશબ્દ બ્રહ્મ શું માંગે રે;
હું નથી નિશ્ચય એક તું જ આગે રે.....૧૫
ગુરુજીને જોઈએ વાણી ગાએ રે;
આપી કીધું સહુ રળિયાત થાયે રે.....૧૬
ચોરાશી લક્ષ ભુરદાનની જુગત રે;
તેને આપી દક્ષિણા મુકત રે.....૧૭
હરિ હર બ્રહ્મ તેત્રીશ કરોડ રે;
પૂજે અહીં સર્વે બ્રહ્માંડ કોડે રે.....૧૮
કરે ઓવારણા સુર નર લોક રે;
આજ ભાંગ્યો મન મોટો એ શોક રે.....૧૯
ઓચ્છવ મંગલ હર્ષ અપાર રે;
બ્રહ્માંડ વર્ત્યો જૈ જૈકાર રે.....૨૦

## આદ-૮

વરકન્યા પરણીને સંચર્યા, પરિબ્રહ્મ ધરતી ઓછંગ રે;.....૧
લઈને સત વરઘોડે ચઢયા, દિવ્ય બ્રહ્મ પ્રકાશ રે.....૨
મેલાવડો એ અતિ સોહામણો, ભકત પ્રતિત નિવ્રત રે.....૩
ક્ષમા દયા વાસના જાદંરણીમે,[1] કિર્તી સમ્રીત સત રે.....૪
વિદ્યા ચૌદે શિશ નમાવે રે, મુનિવર જોગીને દુર્લભ રે.....૫
ચંદ્ર સુરજ સેવા કરે, ધરમ વિચાર પરમાર્થ રે.....૬
પંચ શબ્દ રળિયામણો, વાજે વાજે વિવિધ મૃદંગ રે.....૭
રઘુ જદુ શ્યામ ગાયણ કરે, ચાલ્યો નર પરિબ્રહ્મ રે.....૮
જ્ઞાન વર ઉપર છત્ર ધરે, આત્મા કરે કલ્યાણ રે.....૯
સંતોષ વૈરાગ્ય ચમર ઢળે, હવે વર ચાલ્યો ઠામ રે.....૧૦
પરમપદ મંદિર આપણે, બોલ્યા બોલ્યા બ્રહ્માંડ નિકોડ રે.....૧૧
ચાલ્યો વર વૈકુંઠ ઉપરે જે સીયલ અગમ રે.....૧૨
પહોંચ્યો વર પરમપદ આપણે, રાજા હરિ બ્રહ્મ રે.....૧૩

૧. લગ્ન વખતે કન્યાને પહેરાવાતું રેશમી સફેદ કપડું

૨. સુધ્ધાં-સમેતના અર્થમાં

## આદ-૯

નિરંજન પદ તે પામ્યો, વર આવ્યો લાડીને લઈ રે;.....૧
અનુપમ મંદિર તેહ, અગોચર ધ્યાન ને ધેય;.....૨
યોગેશ્વર સનકાદિક જેહ, વરે સહુ તેણે પદ આણ્યું.....૩

## આદ-૧૦

નિરંજન પદ રળિયામણું, જયાં નથી અરે રૂપ ને નામ.....૧
જયાં નથી અરે ક્રોધ ને કામ, જયાં નથી અરે જન્મ ને મરણ.....૨
જયાં નથી મોહ અસત્ય, જયાં નથી અરે દિવસ ને રાત.....૩
જયાં નથી અરે શોકની જાત, સદોદિત કેવલ તેજ છે.....૪

### આદ-૧૧

નિરંજન પદ સોહામણું, વિવર્જીતં[1] ત્રણે તાપ,
વિવર્જીત ષટ્[2] ઊર્મિના પાપ.....૧
નિરંતર રે સુખતણો વાસ, આરાધીએ શ્રી લક્ષ્મી નિવાસ;
વરે તેણે સહુ પદ આણ્યું.....૨

૧. દૂર કરનારું ૨. છ ઊર્મિ-છ દુર્ગુણનાં પાપ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર

### આદ-૧૨

વર પરણી ઘર આવ્યા, ભલે આવ્યા હરિ પરિબ્રહ્મ;
સહિત છે હરિહર બ્રહ્મ, સહિત છે સુરિનર ઈન્દ્ર.....૧
સહિત છે નાગ નરેન્દ્ર, સહિત છે કોટિ બ્રહ્માંડ;
સપ્ત દીપ ભોમ નવ ખંડમે, સુખે સહુ ઘેર આવી રહ્યાં.....૨

### આદ-૧૩

અતિ દુઃખ છુટયાં રે સહુ સખી, સુખ લાધ્યું રે ગઈ કલ્પના.....૧
સંકુષ્ટ[1] ભાંગ્યું રે ગઈ કલ્પના, ઉલટયો રે અતિ પરમાનંદ.....૨
દેવી દીઠાં રે સ્વામી અચ્યુતાનંદ,[2] સંત સર્વે ત્યાં હરખ્યાં.....૩

૧. આવાગમનનું સંકટ ૨. પરમાત્માનું વિશેષણ

### આદ-૧૪

બ્રહ્મ સનાતન સીયલડું, ત્યાં કેવલ હર્ષ અપાર.....૧
એકોતેર હુએ સંત ઉત્સાહ, નિરંતર રે ધાઈએ ધામ.....૨
ચરાચર જગ એહ જ કામ, ધણી સહુ એક કરી રહ્યો.....૩

### આદ-૧૫

કવિ માંહે આવીને બોલ્યા, અનુપમ આતમ રામ;
ધણી હવે કરશે કામ.....૧
જે ગાશે રે પૃથ્વીનો વિવાહ, જે સાંભળશે પૃથ્વીનો વિવાહ
જે ઝીલશે પરિબ્રહ્મ પ્રવાહ, શ્રી પદ્મનાભ તણે પસાય રે.....૨

卐

## પદ-૭૪૩

(વડું ઘોળ)

### આદ-૧

દેવ અનુપમ એક પરમાત્મા, આત્મા કેરો સ્વામી તું ધણી એ.....૧
વિષ્ણુ, ગોવિંદ, નારાયણ, રામકૃષ્ણ, નામ સર્વે પરિબ્રહ્મ તણા એ.....૨
પ્રાણી તું આપ વિચારીને ભજને, ગાજને પરિબ્રહ્મ જપ કરી એ.....૩
એ પરમાર્થ એ જ જ્ઞાન એ, ધ્યાન જે પરિબ્રહ્મ નામનું એ.....૪

### વલણ

પરિબ્રહ્મ ગુરવો નામ, સત્કર્મનો નિજ ઠામ.....૫
મુનિ સિદ્ધ ધાયે ધ્યાન, જોગેન્દ્ર[1] જુએ જ્ઞાન.....૬
વિધિ શંભુ ઉત્પત[2] કાળ, ન લહે તે જશપાર.....૭

૧. મહાદેવ ૨. ઉત્પત્તિ

### ઢાળ

નવ લહે તે જશ પાર, સ્વામી પેર ન લાભે તે તણી;
પરમ પુરુષ અચંત અવિગત, એક તું નિશ્ચે ધણી.....૮

### આદ-૨

ચાર ખાણે ભમ્યો અનેક વાર એ;
સાર ન લાધ્યો સ્વામી મુકત નાથ એ.....૧
જે પરમાણુએ તેજ રહ્યું વ્યાપ્યું એ;
હરિ હર બ્રહ્માદિક લગી એ.....૨
તે સમર્યા વિના કબહુ નવ છુટીએ;
આત્મા બાંધ્યો સ્વામી નીવડ બંધ એ.....૩
રૂપ નહિ જશ જાતને ભાત એ;
રાત દિવસ નહિ જેને એ.....૪

### વલણ

જેને નહિ દિન રાત, તું તે જ મંત્ર આરાધ.....૫
જેને નહિ જુગ કલ્પ, તે તણું એવડું સલ્પ.....૬
જે થકી હવો તું પ્રાણ, તે કીધાં વચન વલાણ.....૭

ઢાળ

તેં કર્યું વચન વલાણ,[1] સમર્થ સબળ હરિ સેવ્યા નહિ;
તાત ભુકતા જેને ન હોય, પુત્ર વંઠયો તે સહી.....૮

૧. ભંગ

આદ-૩

ચાંદો સુરજ તપે જેને આદેશે, વેષ કૈસા કહું તે તણાએ.....૧
ધરતી આકાશ છે જેને આધારે, પાર હોય કેમ તે તણો એ.....૨

વલણ

તે તણો કેમ હોય પાર, હરિ તે જ દશે અવતાર.....૩
રવિ ચંદ્ર રહ્યા આદેશ, કેમ કહું તેનો વેષ.....૪
સર્વ વિષય તજ મૂર્ખ, ક્યાં વિસર્યો ભવ દુઃખ.....૫

ઢાળ

ક્યાં વિસર્યો ભવ દુઃખ સંકુષ્ટ, સમર એક ગોવિંદ,
બ્રહ્મા શંકર જે સ્થાપે, રાજ દે તે ઈંદ્ર.....૬

આદ-૪

બ્રહ્માંડ કોટિ રહ્યા જેને બોલે, તોલ હોય કેમ તણો એ.....૧
સ્થાવર જંગમ વ્યાપ્યું તેજ એ, હેત કરે રે કેવલ સંત શું એ.....૨

વલણ

સંત શું રમે અતિ હેજે, સર્વ રૂપ વ્યાપક તેજ.....૩
બ્રહ્માંડ રાખ્યાં બોલ, બીજો નથી કોઈ તોલ.....૪
તે તણા ધાઓ ચરણ, રહ્યો વર્ણ ધર્મ આચરણ.....૫

ઢાળ

રહ્યો વર્ણ ધર્મ આચરણ, આદર એક વિષ્ણુ વચન ભણી;
પાપ પુન્ય ન છબેશ એણીપેર, છૂટીશ વેદના ભવ તણી.....૬

આદ-૫

શબ્દ બ્રહ્મ પરિબ્રહ્મ શું રાતો એ, માતો એ તારા નામશું એ.....૧
અવિગત દેવ અનંત નિરંજન, ભવ ભય ભંજન શ્રી વાસુદેવ.....૨

વલણ

ભવ નરક ટાળે ભકત, પરિબ્રહ્મ તે અવિગત.....૩
જુગ ઘડે ને ભાંજે જે, નવ લહે કોણ પેર તે.....૪
જેને નથી કોણ ભેદ, જશ વચન ચારે વેદ.....૫

ઢાળ

જશ વચન ચારે વેદ, માર્ગ મોકળો માં છાંડ;
કર્તમ દર્શન ઉવટ ભૂલ્યો, નરક પડે કાં પડે મદ અજાણ.....૬

આદ-૬

અવિગત ચૈતન્ય જેણે રસ પીધો એ;
દીધો એ કાલને શિશ પગ એ.....૧
જાગ દાન તપ તીર્થ વ્રત મંત્ર એ;
પરિબ્રહ્મ નામ સેવા કરે એ.....૨

વલણ

સેવા કરે સહુ નામ, તે ત્યાં સર્વે ફલ પામ.....૩
ફળ સોંપ તે પરિબ્રહ્મ, એમ આપ કરે નિષ્કર્મ.....૪
મન ધાએ મન અતીત,[1] એમ ફીટે ભવભય ભીત.....૫
એમ ફીટે ભવભય ભીત, સેવે પ્રતીતિ[2] હોય જો મનતણી.....૬
લોભ મોહ અનંગ[3] મત્સર, કોપ મદ વૈરી હણી.....૭

૧. પર અથવા વેગળું ૨. વિશ્વાસ ૩. કામદેવ

આદ-૭

અવિગત ચૈતન્ય જેને નવ લાધ્યું એ, બાંધ્યું એ તારા રૂપ અંત એ.....૧
ધ્રુવ શુક નારદ તેં સહુ સ્થાપ્યા, આપ્યું તેને અચલ ઠામ.....૨

વલણ

આપ્યું અવિચર ઠામ, જેણે જપ્યું કેવલ નામ.....૩
હરિ કૃષ્ણ કેશવ રામ, એમ જેતાં છે બહુ નામ.....૪
જેનું નિશ્ચલ રાજ, તેને નથી કોણ કાજ.....૫

ઢાળ

તેને નથી કોણ કાજ, પૂરે ભકત મનનો રાવ;
ગુણ કથા રસ દાન કારણ, અવતરે તે ભાવ.....૬

આદ-૮

કર્મ તણો ભય જયાં લગી હતો એ, ત્યાં લગી તુજ થકી વેગળો એ.....૧
પ્રગટ નરકે જીવ સંચાર્યો, ભાર્યો કર્મની કોટાન ક્રોડ.....૨

વલણ

કોટિ કર્મ ભાર્યો જંત, નવ ઓળખ્યા બળવંત.....૩
જેનો ખરો છે ન્યાય, શ્રુતિ શાસ્ત્રે કીધાં ઠામ.....૪
તે ન્યાયે ન રહ્યા જે, જમ હાથ સોંપ્યા તે.....૫

ઢાળ

જેમ હાથ સોંપ્યા તે, કર્મે નરક છે બહુ કાલ;
વિવિધ પેર દુઃખ સહે નિરંતર, જીવ ખેલે તે આલ.....૬

આદ-૯

એ અજ્ઞાન લોચન તેજ છાંહ્યું;
ઘર ભૂલ્યો વન કુવે અંધ પડયો એ.....૧
વશિયર કાલે તેજ ત્યાં ડંસ્યો એ;
ઉલટો વળી તેને મુખ પડયો એ.....૨

વલણ

મુખ પડયો પુનરપ મંદ, વણસંતુ ન દેખે અંધ.....૩
મને મેલ અવર વિચાર, લે જેણે હોય ભવપાર.....૪
સુખ થોડલું મન છાંડ, પરિબ્રહ્મ શું રુચિ માંડ.....૫

ઢાળ

પરિબ્રહ્મ શું રુચિ માંડ, અહર્નિશ ભકત ધ્યાન મા ચુક;
અચલ સુખ વિશ્રામ પામીશ, પ્રકૃતિ સંગત મુક.....૬

આદ-૧૦

મદ વિશે ધાર્યો ચેતન હાર્યો એ, તેને ઘર કેમ સાંભળે એ.....૧
સતગુરુ ગારૂડી વશિયર ખીલ્યો એ, આત્મા અંધ જગાડયો એ.....૨

વલણ

અંધ જગાવ્યા તેણે તાલ, જે હતો મોહ જુવાલ.....૩
ધન મેળવવા કાંઈ લોભ, જેણ હવા આગે ક્ષોભ.....૪
સુત કલત્ર બંધવ, મોહ હવા અનેક વાર વિછોહ[1].....૫

૧. વિયોગ

ઢાળ

હવા અનેક વાર વિછોહ, આગે મન ન ધરે સંસાર;
વલી વલી જે હોય ને ફીટે, તેમાં શો છે સહાર.....૬

આદ-૧૧

બાપજીનો મોકલ્યો ગારૂડી આવ્યો, જ્ઞાન ઔષધ વિષ નિર્ગમ્યું[1] એ.....૧
સંત સંગતતણી અંજન શલાકા[2] એ, નિર્મલી દષ્ટિ તત્ક્ષણ હવી એ.....૨

૧. ઉતાર્યું ૨. સળી

વલણ

નિર્મલી તત્ક્ષણ દષ્ટિ સંત વચન અમૃત વૃષ્ટિ.....૩
વર ઔષધ પરિબ્રહ્મ જોગ, જેણે નિર્ગમ્યા ભવરોગ.....૪
ઉપદેશ પરિબ્રહ્મ ધ્યાન, પ્રભાત ઊગ્યો ભાણ.....૫

ઢાળ

પ્રભાત ઊગ્યો ભાણ અનુપમ ગઈ મોહમે રાત;
આશ છાંડી શરણ પામ્યો જયારે મુકી તુજમાં વાત.....૬

આદ-૧૨

તું સદાય છે હું નથી એકવાર એ, એહ પણુ મોહ પામ્યું એ.....૧
પરગડો કરીને કુપથી કાઢયો એ, વાટ દેખાડી ઘર મોકલ્યોએ.....૨

વલણ

ઘર મોકલ્યો સોઈ અજાણ, નિર્મળો કરીને પ્રાણ.....૩
પરમાત્મા છે ઠામ, ત્યાં આત્મા વિશ્રામ.....૪
એમ એક લાગ્યો રંગ નીપજયો અંતર ભંગ.....૫

ઢાળ

નીપજયો તે અંતર ભંગ, એણીપેર હવોનું પરિબ્રહ્મ,
હું હણ્યો જેમ કીટ ભ્રમરિ, ધ્યાન રીત તેમ.....૬

આદ-૧૩

સ્મરણ ધ્યાન ચૈતન્ય રસ લીધો એ, આવે એ ગૌ જેમ વાછરું એ.....૧
નામનો બાંધ્યો હરિ આપણ પે આવે એ, ભકત ન મેલે સ્વામી વણસંતુએ.....૨

વલણ

વણસંતો છે ભવ સાથ, ત્યાં ભકત જમલા નાથ.....૩
તું ભકત વત્સલ રામ, સતારથ તારું નામ.....૪
પ્રગટ શું મન દેખ, એમ નિત નવા તુજ વેષ.....૫

ઢાળ

એમ નિત નવા તુજ વેષ, નામે સેવ દેવ મોરાર;
ભકત જાણી જે ન ઉવેખે, તે એકલો સંસાર.....૬

આદ-૧૪

માણેક મોતી સુવર્ણ મંડિત, ચંદન કુસુમ રીઝે નહિ એ.....૧
ગીતે નાદ સુરતે જે નવ રાચે, નાચે પણ ભોળવાય નહિ એ.....૨
ડહાપણે ભોળપણે જે નવ રીઝે, તે કેમ કીજે વશ આપણે એ.....૩

વલણ

તે કેમ કીજે વશ આપ, જે બ્રહ્મા શંકરનો બાપ.....૪
જે તણી સુરત છે એમ, જયાં હું જ ત્યાં મુજ નામ.....૫
જયાં જયાં જન લે નામ, ત્યાં ત્યાં તે મારો ઠામ.....૬

ઢાળ

ત્યાં ત્યાં તે મારો ઠામ, કોઈ ન કરે વિઘ્ન ત્રાસ;
અંત લગી હરિનામ સેવે, આપું અનુપમ વાસ.....૭

卐

## ટીકા

### પદ-૭૩૫

રાત દિવસ ઐસો જાણીને અનુસરો, છાંડો સંસાર એ વણસંતો એ.....૧
અણ વણસંતુ છે એક નામ નારાયણ, જન્મ મરણ જેણે સજર્યા એ.....૨
માનવ જન્મથી જે નવ છૂટયા એ, જન્મ અનેરે કેમ છૂટશે એ.....૩
વિષયા વલુંધ્યા[1] એ ઘર ધંધે વાહયો, આલ ઉત્તમ ભવ નિર્ગમ્યો એ.....૪
વિષયા તજીને હેત આપને ચિંતવ્યો, ભકત એ પરિબ્રહ્મ અનુસર્યો એ.....૫
ચતુઃ ખાણ તણા ભાંગની રૂપ એ, આદિ અરૂપ એક તું હોય એ.....૬
સુર મુનિ માનવ સ્થાવર જંગમ, ભાંગતા કર્મ તુજને નથી એ.....૭
પાપ ધર્મ જેણે મેલ્યાં સંસાર એ, કર્મ ધર્મ તેને નવ છબે એ.....૮
જેણે વિશ્વાનર ઉણો એ સજર્યો, તે ઉણમ કેમ સહી શકે એ.....૯
હિમ હિમાચલ જેણે નીપજાવ્યાં, શીતલ ગુણ કેમ ઊપજયાં એ....૧૦
આદ પવન જેણે મેલ્યો સંસાર એ, તે તણું બલ છે અતિ ઘણું એ....૧૧
જ્ઞાન દીધું જેણે દેવ મહેશ્વર, જ્ઞાન સેવા કરે તે તણી એ....૧૨
ધર્મ આચાર સર્વે સત ઉપર, અધિક બોલ્યું પરિબ્રહ્મ નામ એ....૧૩
વેદ પુરાણ એમ બોલે છે વળી વળી, નામ તોલે નથી અવર ફળ એ....૧૪
નામ મહિમા ફલ અનંત ન લાભે એ, પ્રતીત[2] માને ફલ પામીએ એ....૧૫
એ બોલે નિશ્ચે એ બાંધે એ, તે કંઈ સાધે એ તપ ક્રિયા એ....૧૬
તુલસી એ નામ તિલક ગોપીચંદન, સંત સંગત સમ નથી અવર ફલ એ....૧૭
શાસ્ત્રનો બોલ એ નિશ્ચે આણ્યો એ, ઓછું છોડીને અધિક લ્યો એ....૧૮
નામ નિઘંટ[3] જયાં ચંત[4] ન આવે એ, કેમ પામીએ પરમ પદ એ....૧૯
મંત્ર અધ્યાત્મ મુકીને આપણું, નામ આપ્યું નિજ ભકતને એ....૨૦
અવર સર્વે ઝઘડે વળગાડયાં, નામ પ્રતિત નથી જેને એ....૨૧
જેને કર્મ સંચ્યું હોય અતિઘણું, તેને પ્રતિતી ન ઉપજે એ....૨૨
કર્મ ખુટયા વિના પ્રતિતી ન ઊપજે, પ્રતીત પાખે વળી અવતરે....૨૩
જન્મવા ક્રૌડ વ્રત મંત્ર અધ્યાત્મ છેલ્લે જન્મ પતિત છે એ....૨૪
મન વળગાડો પરિબ્રહ્મ ધ્યાન એ, અહીત કર્મ પરિબ્રહ્મ હાથ એ....૨૫
હું મારું નથી તું જ તારું છે, કૃત કર્મ સઘળા સ્વામી તુજ હાથ એ....૨૬

એમ કશે ન અડવું, આપણે લેખવું, સૈયલ નારાયણ પેખવું એ....૨૭
સાચું એ નિશ્ચલ તું જ સ્વામી એ, વણસંતુ જુઠ્ઠું સહુએ ભાંગતું એ....૨૮
એ ધોળ જે કોઈ પઢીને વિચારે, ફીટે પરિબ્રહ્મ હોય એ.....૨૯
અણછતો ભકત વિનતિ કરે સ્વામીએ, પામ્યું શરણ શ્રી ગુરુતણું એ....૩૦

卐

૧. વળગ્યા ૨. વિશ્વાસ ૩. શબ્દકોષ ૪. ચિત્ત-ચિંતા

## વડી કારજ

### પદ-૭૩૬

### આદ-૧

જયાં એ સત્ય અસત્ય નહીં, નહીં નિરાકાર ને આકાર રે.

જયાં એ પવન અમર નહીં, નહીં જુગ તેજને અંધકાર રે;
કાલે ખાધા એ માનવ દાનવ, સુરમુનિ મહા સિદ્ધ રે.....૧

ખાધી ચોસઠ જોગણી, શકિત શીકોતર મહાકુડી રે;
ખાધાં ચોરાશી ચેટક, બલવંત બાવન વીર રે.....૨

આદે ગુરવો સમર્થ, અવિગત પરિબ્રહ્મ રાય રે;
જેણે સજર્યો મહાકાલ, કાલ મરે તેને નામ રે.....૩

બ્રહ્મા હરાદિક સજર્યા, બ્રહ્માંડ તણો નહિ પાર રે;
લીલા એ છતુ અછતુ કરે, સુરનર અનેક વાર રે.....૪

વલણ

સુરનર અનેકવાર સર્જે, બ્રહ્મા હરાદિક સ્થાપે રે.

સમર્થ લીલાઓ જુગ નિપાયો, દાનવ દુરીજન કોપે રે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ ત્રિભોવન, ધરતી અમર માંડે રે.....૫

અનેક રૂપ ધરી ધર્મ પાળે, પ્રકૃતિતણા ગુણ છાંડે રે;
હરિ પરિબ્રહ્મ, સ્વામી પદ્મનાભજી તમ શરણે રે.....૬

### આદ-૨

આદિ નારાયણ સ્મરું રે, ગુરવો મુકત દાતાર રે;
ગુરવો ગવન લક્ષ્મીપતિ રે, ચત્રુભજ ત્રિભોવન રાય રે.....૭
ક્ષીર પયોનિધ[1] પોઢયા રે, છેદવા દાનવ વંશ રે;
સ્થાપે બ્રહ્માંડની કોડ રે, મુનિજન માનવ હંસ રે.....૮

૧. સમુદ્ર

### વલણ

મુનિજન માનવ હંસ સ્વામી, શુક સનકાદિક ત્યાં રમે રે.
ગુરુ સપ્ત મહાસુર ઈંદ્રાદિક, તે પાર કો નવ લહે રે;
બ્રહ્માંડ બ્રહ્માંડ બ્રહ્મા હરાદિક, અનેક જુજવા સ્થાપે રે.....૯
બ્રહાંડ કેરો પાર ના પામે, તેહ પાર કોણ કોણ આપે રે;
હરિજી પરિબ્રહ્મ પરિબ્રહ્મ સ્વામી, પદ્મનાભ જીતમ શરણ રે....૧૦

### આદ-૩

પ્રથમ શંખાસુર સંહારવા, અવતર્યા સમુદ્ર મોઝાર રે;
મચ્છરૂપ ધર્યું આલ સ્વામીએ, લીલા જલનિધિ મોઝારે....૧૧
પુછ ઉલાળ્યું લીલાએ, જલનિધ ગયું છે આકાશ રે;
તે જલે બુડયો મેરૂ રે, રવિ શશિ સાગર સુર લોક રે....૧૨
સેન કપોતની રીતે રે ઝડપી, હણ્યો સંખાસુર દહિત રે;
શંકા પંચાયણ[1] પૂર્યો રે, ત્રિભોવન ઓચ્છવ નિશાન રે....૧૩

૧. એ નામનો શંખ

### વલણ

ત્રિભોવન ઓચ્છવ હોય નિરંતર, ત્રાસ પડે દાનવ તણે.
બ્રહ્મા ત્યાં અર્ઘ્ય લઈ આવ્યા, ચાર વેદ ચહુ મુખ ભણે;
દૈત્ય તણું ત્યાં કુલ ઉથાપ્યું, સુરનર નિશ્ચલ સ્થાપ્યા.....૧૪
દાનવ કુલથી વેદ વાળ્યા, બ્રહ્માને કુલ કુલ આપ્યા;
હરિ પરિબ્રહ્મ જે પરિબ્રહ્મ, સ્વામી પદ્મનાભજી તમ શરણ.....૧૫

આદ-૪

રમતલા કૌરમ રૂપ રે, મંદિર ધર્યું પુષ્ટ રે;
મંદિર ફેરવતાં સુખ હવું, કૌરમ ઉપની ત્યાં નિદ્રા રે.....૧૬
ચૌદ રત્ન ત્યાં કાઢયાં, લક્ષ્મી સેવે હરિના પાય રે;
સુર અસુર મુનિ ગુણ સ્તવે, ગિરિવર અધિક સ્વરૂપ રે.....૧૭

વલણ

ગિરિવર ગુરવા રૂપ સ્વામી, કૌરમ બીજે અવતર્યા;
શેષ નાગ ધરણીધર ધર્યો, પુષ્ટ વિભાગે ઉદ્ધાર્યો.....૧૮
મંદિર ધર્યો સુર અવગાહ્યો,[1] ચૌદ રત્ન ત્યાં લીધાં;
એણીપેર ભક્ત વત્સલ નારાયણ, દેવકારજ સર્વે સિધ્યાં.....૧૯
તે હરિ પરિબ્રહ્મ જે પરિબ્રહ્મ, પદ્મનાભજી તમ શરણ

卐

૧. ડૂબ્યો

## લોઢી કારજ-પામ શરણ

પદ-૭૩૭

પામ્ય શરણ હરિ પરિબ્રહ્મ રાય;
ગર્ભ ટાળવા નથી અનેરો ઉપાય.....પામ્ય શરણ૦.....ટેક
માયા રે સીકોતર આત્મા ગાળ્યો;
મલિન મંત્ર વિષયાદિકે ભાર્યો.....પામ્ય શરણ૦.....૧
પરિબ્રહ્મ નામે મહામંત્ર સાધ્યો;
ઈન્દ્રિ સહિત નિશ્ચલ મન બાંધ્યું.....પામ્ય શરણ૦.....૨
પરિબ્રહ્મ નામે મંડલ પુરાવો;
સ્મરણ નૃસિંહ વીર બોલાવો.....પામ્ય શરણ૦.....૩
ક્ષિતિ જલ ગગન પવન નહિ તેજ;
તહીંએ સ્વામી મારા પરિબ્રહ્મ એક.....પામ્ય શરણ૦.....૪
ચરાચર પ્રગટ ભીતર જુગ સ્થાપ્યો;
નરક વિડંબવા જમ કરી આપ્યો.....પામ્ય શરણ૦.....૫

આત્મા પે તું કર્મ કરાવે;
કર્મ ભોગવવા દેહ ધરાવે.....પામ્ય શરણ૦.....૬

જન્મ મરણ વશ આત્મા વગોવ્યો;
ડંસ ભરી તારા નામ શું ન રોયો.....પામ્ય શરણ૦.....૭

જઈને સ્વામીજી તમો વડપત્ર સુતા;
તહીએ આત્મા કહો ક્યાં હતા.....પામ્ય શરણ૦.....૮

અણછતો ભક્ત વિનતિ કરે કરજોડ;
તું મલે હવે સંકુષ્ટ[1] છોડ.....પામ્ય શરણ૦.....૯

卐

૧. આવાગમનનાં સંકટો

## હરખ ભુવન

પદ-૭૩૮

શ્રી પદ્મનાભ જુગ અવતર્યા રે અને પ્રગટયું પરિબ્રહ્મ નામ;
સંકુષ્ટ છુટયાં આત્મા રે લહે તે વૈકુંઠ ઠામ.....૧

એમ કરો પરિબ્રહ્મ બાપ રે, સમર્થ તારી લીલા એ;
તું સરખો હોય ત્રિભોવનરે જૈ જૈકાર સુરનર ગૃહે ગયા.....૨

મિત્ર સુદામા સમધર્યા રે, અને મંદિર અનુપમ કીધાં;
કોટ કોટ ઈંદ્ર તણી રિદ્ધ રે, એકેક સ્તાંભે દીધી રે.....૩

ગોકુલ ગોવિંદ અવતર્યા રે, અને પિંઢારામાં દેવ;
ભક્ત વત્સલ ભણી ઓલંગ્યો રે, સંત કરે તારી સેવ.....૪

આદિ અનાદિ એક તું રે, અને તુજ વિના અવર ન કોઈ;
વિશ્વંભર વ્યાપી રહ્યો રે, સર્વ નિરંતર સોઈ.....૫

પરિબ્રહ્મ નર નારી ભણે રે, અને જે પરિબ્રહ્મ પસાય;
શ્રી પદ્મનાભ જુગે અવતર્યા રે, તું છે ગુરવો રાય રે.....૬

ગોવિંદ કૃષ્ણ મોરાર તું રે, અને નારાયણને રામ રે;
ભકત જ્યાં જેવું મન ધરે રે, ત્યાં છે તારો ઠામ રે.....૭

દશ અવતારે અવતર્યા રે, અને મત્સ્યાદિક છે જેહ;
દહીત સર્વે તેં ઓધાર્યા રે, શાપ તણા કર્યા છે છેહ.....૮

કૃષ્ણ અવતારે અવતર્યા રે, અને ગુણ કર્મ ન લહે પાર;
સુરતે દુષ્ટે તને જાણીએ રે, તારા રૂપ અપાર રે.....૯

પાંચ તત્વ તેં સ્થાપ્યાં અને મન બુદ્ધિ ચિત્ત અહંકાર;
માયા જોગે વ્યાપ્યો રે, પ્રકૃતિ પુરુષનો ઠાર.....૧૦

પાંચે પાંચે પરવર્યો રે, ષટ્ દે તુજ સ્વરૂપ;
અનંત બ્રહ્માંડ તે સ્થાપ્યાં રે, તું છે અવિગત રૂપ.....૧૧

રૂપ તમારાં સાંભળ્યાં રે, તું અને નિગમ શાસ્ત્ર પુરાણ;
તે કારણ તુજ વિનવું રે, તું છે રાય સુજાણ.....૧૨

ભક્ત વત્સલણી ભણી વિનવું રે, અને ભક્તજન વિશ્રામરે;
એક મને સેવા કરે રે, પામે તારો ઠામ રે.....૧૩

રૂપ અરૂપે જાણીએ રે, નામ વડે દે પાર રે;
નારાયણ નામ ઓચર્યો રે, જોઈ લેજો સાર રે.....૧૪

શેષ સિંહાસન પોઢણે રે, અને લક્ષ્મી સેવે પાય રે;
આદિ વિષ્ણુ તને જાણીએ રે, અનંત બ્રહ્માંડનો રાય રે.....૧૫

નાભિ કમલ બ્રહ્મા વસે રે, તેહ ન જાણે પાર રે;
ધ્યાને ભકિતએ જાણીએ રે, ક્ષીર પયોનિધ ઠાર રે.....૧૬

પિંડ બ્રહ્માંડ ભરી રહ્યો રે; જેવો જલમાં કુંભ રે;
સેવા કરે સહુ તારી રે, આદે દેઈને શંભુ રે.....૧૭

દર્પણ મુખ અવલોકતાં રે; અને જેવો છે આભાસ રે;
જોતાં એણીપેરે જાણીએ રે, સર્વ નિરંતર વાસ રે.....૧૮

અનંત મૂર્તિ તને જાણીએ રે, અને બ્રહ્માંડ તારાં રૂપ રે;
નાગલોક ચરણે વસે રે, તું છે સમર્થ ભૂપ રે.....૧૯

કૃપા વડે પેર તારી રે, અને જાણે વૈષ્ણવ લોક રે;
એકમને સેવા કરે રે, ટાળે તેના શાક રે.....૨૦

પદ્મનાભ પરિબ્રહ્મ તું રે, અને તું છે ગુરવો રાય રે;
ગુરવી પેર છે તારી રે, સંત ઈકોતેર ઉત્સાહ રે.....૨૧

જુગ સચરાચર મોહ્યું રે, અને વિષ્ણુ ભક્ત ઉત્સાહ;
ઘેર ઘેર વૈકુંઠ માંડીએ રે, તું છે સમર્થ રાય.....૨૨

લીલાએ રેલાઈ રહ્યું રે, ભકતે હરિ પરિબ્રહ્મ;
જે પરિબ્રહ્મ એમ જપ કરો રે, પામે તારાં શરણ.....૨૩

લક્ષ્મી સહિત સેવા કરે રે, અને હરિનારાયણ દેવ;
ભક્તિ વિસ્તરે તારી રે, ટાળે ઓધારની[1] ખેવ.....૨૪

સુખે ભક્તિએ સેવા કરે રે, અને ભક્તિ પરાયણ દેવ;
નમો વિષ્ણુ એમ ઓચરે રે, એ જ તારી સેવ.....૨૫

વળી સાકારે ધાઈએ રે, અને ચત્રુભુજ શ્યામ વર્ણ;
ગોવિંદ કૃષ્ણ મોરાર તું રે, ગુરવા તારાં નામ.....૨૬

વળી વિશેખે ઢુંકડો રે, અને જોતાં આત્મજ્ઞાન;
હૃદયકમલ વસી રહ્યો રે, તે નહિ કહે સમાન.....૨૭

એક વિશેખે જાણીએ રે, દીપવંત આકાર;
રસ પાત્રવત પરહરીએ રે, અંજન સહિત નિવાર.....૨૮

તીર્થ વ્રત અવગાહ્યાં રે, અને જે જપે પરિબ્રહ્મ નામ;
ગોપીચંદન શિર વહે રે; પૂજા તુલસી સંત.....૨૯

ભકિત ભલી છે તારી રે, જે કોઈ જાણે સુજાણ;
વેદ માર્ગે અનુસરો રે, સ્વામી તારી આણ.....૩૦

ભક્તિ વિના નવ પામીએ રે; ભક્તિએ ભોળો રાય;
વળી વળી મા શોધશો રે, અવર નથી રે ઉપાય.....૩૧

ભકતજન સહુ સાંભળો અને અહરનીશ કરજો સેવ;
મન ધ્યાતે અવલંબજો રે, જ્યાં જોઉં ત્યાં દેવ.....૩૨

જોતાં જણ જણ જવોરે, અને જુગ ચરાચર સોઈ;
રવિ આપો પે માંડીને રે, પાત્ર વિના નયણે જોઈ.....૩૩

વળી વિચારી જોતાં રે, અને જાણે આપો આપ;
આપતણી પેર એક થયો રે, હું ટાળે તું બાપ.....૩૪

તું આગળ શું મારું રે, અને સઘળે તારાં રૂપ;
ચંદ્ર સુરજ તેં સ્થાપ્યાં રે, તું છે સમર્થ ભૂપ.....૩૫

સંત સંગતે સુખ પામીએ રે, જપીએ આદિ મુકુંદ;
આપ વ્યાપ માંડી રહ્યો રે, અનંત બ્રહ્માંડ ગોવિંદ.....૩૬

જોતાં પાર પામે નહિ રે, સુર બ્રહ્માદિક લોક;
નિગમ નેતિ એમ ઓચરે રે, જાણ કહાવે રે ફોક.....૩૭

પામર પેર પ્રીછે નહિ રે, બોલે અતિ અહંકાર;
ડહાપણે માને નહિ રે, દેહતણી નહિ, સાર.....૩૮

તે પેર પ્રીછે તારી રે, જે તજે સ્વાર્થ કામ;
મન ચરણે આરોપીને રે, શરણ તમારે રામ.....૩૯

મોટા વણ નવ છૂટીએ રે, સ્મરણ શ્રી ગોપાલ;
મુનિજન સહુ સેવા કરે રે, તું છે સંત પ્રતિપાલ.....૪૦

સુખ શય્યા પ્રભુ સેવીએ રે, રાજા શ્રી અવિનાશ;
ચાર પદાર્થ પામીએ રે, અંતે અનુપમ વાસ.....૪૧

તું જ શરણાગત આત્મા રે, વિષ્ણુ ચરણ પસાય;
ભોળી ભકિતએ અનુસરો રે, તું છે સમર્થ રાય.....૪૨

અહરનીશ સંત સંગત કરો રે, પહોર ઘડી અણુમેખ;
ધ્યાન ધરીને જોઈએ રે, દીસે તારાં વેષ.....૪૩

નિત્ય કર્મ સઘળાં સાર્યાં રે, કુલ અનુસારે આપ;
પૂજા વિવિધ પેર પૂજીએ રે, એણીપેરે મળીએ બાપ.....૪૪

ઈચ્છા રમે રે અજાણતાં રે, ન કરી તારી સેવ;
તો કૃપા કરો પ્રાણીને રે, તું છે દેવાધિદેવ.....૪૫

તારી સંતતિ આત્મા રે, મન પ્રકૃતિ ને તેજ;
હૃદય કમલ અવિલોકીને રે કરો પરમાત્મા હેજ.....૪૬

સકલ ભોવન સ્વામી વસે રે, સોઈ રાજા અપવર્ગ;[૨]
અનંત બ્રહ્માંડ સેવા કરે રે, આદે દેઈને સ્વર્ગ.....૪૭

ધ્યાને અવનેશ્વર[૩] ધાઈએ રે, રાય અમુરત જેહ;
અહરનીશ ભક્ત સેવા કરો રે, બોલાવે વળી એહ.....૪૮

જુગ સચરાચર એમ હોય રે, જ્યાં જોઉં ત્યાં દેવ;
ભક્તિ પ્રકૃતિ પરી કરો રે, કર્મતણા કરો છેહ.....૪૯

ભક્તિએ કર્મ ન નિર્ગમ્યા રે તે કેમ પામે પાર;
પ્રકૃતિ તણે વશ આત્મા રે, તે હવે તારી સાર.....૫૦

ભક્તિ ચરાચર ઉપજે રે, સ્વામી કરોને પસાય;
અખિલ વિશ્વ મત એક હોય રે, ધાઈએ ગુરવો રાય.....૫૧

હરખ ભોવન હૈયે ધરો રે, જો જો આત્મ વિચાર;
લેજો જપ જોઈ કરી રે, હરિ મંત્ર સહુમાં રે સાર.....૫૨

卐

૧. ઉદ્ધારની ૨. મોક્ષ ૩. પૃથ્વીપતિ

## શોક ભુવન

પદ-૭૩૯

પરિબ્રહ્મ તમો તો સીયલ ધણી રે, સઘળે તુ જ એક;
તુ અમર સુખ ભોગવે રે પડે અવર ઘર શોક;
એમ કાં સ્વામી બાપ ગુરવો રે, તેં જુગ સર્જીને દુઃખ;
દુઃખ પાડી સહુએ વાહ્યું રે, વાહ્યા વાહ્યા સુરમુનિ જોગી.....ટેક

સિદ્ધ ભોવન તણા રાણા રાય રે, કર્મતણે વશ કાળ;
મરણ વગોવ્યું રે પ્રાણ, મરણ વગોવ્યું રે પ્રાણ.....૧

હરિ હરિ બ્રહ્માદિક રડે રે, અવરતણી કોણ માત્ર;
દેહ ધરાવી દુભવ્યો રે, હજીય ન ચેતે તું તાત.....૨

રવિ શશિ સાગર મેદની રે, નવ ગ્રહ નક્ષત્ર માલ;
સ્થાવર જંગમ તું સર્વે રે, ગ્રસંતો નિવારે કાલ.....૩

ઓપોઆપ વગોવ્યું રે છાહ્યું આતમ જ્ઞાન;
આપે નિશ્ચલ સુખે રહો રે, તારું શું અભિમાન.....૪

દેહ ધંધે વાહ્યો રે, નિદ્રાએ ગઈ સર્વ રાત;
એમ કરતાં ભૂંડે મરી ગયો રે, ચઢયો જમદૂતને હાથ.....૫

જેને મન હરિ સ્મરણ નહિ રે, જે મુખ નહિ હરિનામ;
વિષ્ણુ ભક્ત અંતર નહિ રે, તેનો નરકે છે ઠામ.....૬

પુત્ર કલત્ર ધને વાહ્યો રે, વિસાર્યું હરિ નામ;
મરણ પછી અતિ દુઃખ પડે રે, નરકે વગોવ્યો પ્રાણ.....૭

જે હરિનામ સદા જપે રે, સેવે તુલસી સંત;
ગોપીચંદન શિર વહે રે, દ્રષ્ટિએ ન આવે કાલ.....૮

ક્યાં એ વગોવ્યો આત્મા રે, છોડવ્યું હરિ નામ;
એ સુખે સહુ છેતર્યો રે, વાહ્યો મોહ સંસાર.....૯

દેહ ધરો એમ જ્યાં લગી રે, મરણ ન આવે ચિત્ત;
ઓચિંતો કાલે ગ્રસ્યો રે, આક્રંદ કરે રે અત્યંત.....૧૦

દેહ છોડવ્યો આત્મા રે, દુઃખ સમો હવો તેણીવાર;
દેહ વણ કષ્ટ ચલાવ્યો રે, દોહ્યલો પંથ અપાર.....૧૧

અસીપત્ર વન બિહામણું રે, વર્ષે ખડગારે તીર;
અગન વર્ણ વેળુ બળે રે ત્યાં ચલાવ્યો જીવ.....૧૨

ઉપર બારે રવિ તપે રે, નાખે ભોમ વરાળ;
રડતો જીવ ચલાવ્યો રે, દેખે તું જ દયાળ.....૧૩

ઉપર અતિ ગદા પડે રે, માર્ગ ઘોર અંધાર;
ભોમ લોહ કાંટે જડી રે, આક્રંદ કરે, અપાર.....૧૪

આગળ વૈતરણી નદી વહે રે, સત જોજન વિસ્તાર;
અરધ[1] શોણિત પરુ વહે રે, જીવ ચલાવ્યો માંહે.....૧૫

ક્ષુધા તૃષાદિકે આકળો રે, વાંછે પુત્રની આશ;
અન ઉદક[૨] દીધાં લહે રે, નહિતર મેલે નિશ્વાસ.....૧૬

નિત નિત પંથ ચલાવ્યો રે, જોજન બસે સુડતાલ;
તેર્ષ દિવસ લગી આત્મા રે, પડયો દુઃખની જાલ.....૧૭

પહેલું કર્મ ન ચિંતવ્યું રે, ઈન્દ્રિએ વાહ્યો જીવ;
પછી મહા સંકુષ્ટ પડે રે, આક્રંદ કરે અપાર.....૧૮

રૌરવ રવ અતિ ઘણા રે, નરક તે કુંભીપાક;
નરક વેદના ભોગવે રે, કોઈ ન કરે સંભાળ.....૧૯

નકર ભોગવે એકલો રે, ત્યાં પચારે યમદુત;
પાપ કર્મ તેં આદર્યું રે, ટળવળે કાંઈ અબૂઝ.....૨૦

કર્મ તણે વશ આત્મા રે, એણીપેરે રહે જુગ ક્રોડ;
ખાણ ચારે ખળભળે રે, નરક અઠ્ઠાવીશ કુંડ.....૨૧

કર્મ જાળે તે બાંધ્યો રે, એનો શો અપરાધ;
હું મારું નિત નિત કરે રે, જન્મ મરણને પાશ.....૨૨

તે સઘળે હું એમ કહું રે, ભ્રમર કીટ પતંગ;
એ બોલે સહુ છેતર્યું રે, આપે રહ્યો નિશ્ચિત.....૨૩

અજર અમર અકલંક તું રે, કર્મ નહિ તુજ નામ;
ઓધાર એ હવે આત્મા રે, નિષ્ઠૂરપણું રે છોડ.....૨૪

તું જનની ને તાત તું રે, તુજ વિણ અવર ન કોઈ;
દુઃખ સહે એ આત્મા રે, એ વિચારી મન જોઈ.....૨૫

તારું છોરું આત્મા રે, જો સુમરે તુજ નામ;
વેગે ઓછંગ[૩] લ્યો રે, લોલાયે તુજ નામ.....૨૬

ભકત વત્સલ ભણી વિનવું રે, ભુધર ભક્ત આધીન;
શરણાગત વીજે પંજરૂ રે, તારે શરણે છે દીન.....૨૭

તું છોડે તો છુટીએ રે, અવર નથી ઉપાય;
નહીં તો કાળક્રમ નડે રે, જમનો મોટો છે ધાવ.....૨૮

તારે નામે જમ હણું રે, કાલનું કાપું રે શિશ;
કર્મતણા મહાવન દહું રે, ભાંગુ નરક કુંડ અઠ્ઠાવીશ.....૨૯

ઓમકાર સ્વામી બાપ ગુરવા તે જુગ સર્જી દુઃખ પાડયું.....૩૦

卐

૧. અર્ધ-અરધું ૨. પાણી ૩. ખોળો

# વેદ પુરાણ

## પદ-૭૪૦

હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ દર્શન, નિચટ વિચારી સ્વામી જોયું એ.....૧
એક જ સાર સનાતન લાધ્યું એ, ચેતન હરિ પરિબ્રહ્મ તણું એ.....૨
પાછલા જનમ તણા દુઃખ કાં વિસર્યો, ગર્ભને ઘર લઈ કાં થયો એ.....૩
કર્મ તજી હરિ ધ્યાન મા છાંડીશ, અહરનીશ અનુસરો ક્ષેણું ઘડી એ.....૪
ધંધે એ વાહ્યો કાલમાં નિર્ગમ્યો, કાજ છે તે સિધ્યુ નથી એ.....૫
જન્મ મરણ સુખે દુઃખે એ વાહ્યો, કાજ સિધ્યા વિના ભમ્યો એ.....૬
કાજ સિધ્યુ નથી કામ ઉપર નથી, કાજ સિધ્યા વિના ઘર નથી એ.....૭
દેહ ધરે તે આત્મા બોલે એ, દેહ વિના પરમાત્મા એ.....૮
મુર્તિ વિના પરમાત્મા ધાઈએ, અવર પ્રપંચ કીજે નહિ એ.....૯
તે પરમાત્માથી સહુ ઊપજે, અંતે તેણે વળી સહુ આથમે એ.....૧૦
સાથી ભૂલ્યો વન એકલો રૂવે એ, સાથી દીઠા વિના ન વિરમે એ.....૧૧
જનુની વછુટયું જેમ બાલક રૂવે એ, જનુની પામ્યા વિના નિવૃત્ત નહિ એ.....૧૨
જલવિના માછલી ટળવળે અતિ ઘણી, ઉદક પામ્યા વિના સુખ નહિ એ.....૧૩
એમ પરમાત્મા શું રહે આત્મા, એટલે કાજ સિધ્યું સહી એ.....૧૪
બ્રહ્મ જ બોલે ને બ્રહ્મ જ સાંભળે, બ્રહ્મ દેખે ને પરિબ્રહ્મ જપે એ.....૧૫
વાસુદેવ પરમાત્મા પરિબ્રહ્મ, વિષ્ણુ નારાયણ એક તું એ.....૧૬
જીવ અજાણ કાં ધંધે વાહ્યો, પોતે અદકું ઓછું નહિ એ.....૧૭
પરિબ્રહ્મ આ ઈશે જે જેમ રાખ્યા એ, તે તેમ રહો પરિબ્રહ્મ જપો એ.....૧૮
સમર્થ સબલ સનાતન સાર એ પાર નહિ જશ ગુણ તણો એ.....૧૯

પરિબ્રહ્મ નામની ઉપરાજન સાચી એ, તે વિના પ્રાણ છેદાય ઘણુ એ.....૨૦
આપ કબુધે નવુએ ન કીજીએ પરિબ્રહ્મ બોલ ન લોપીએ એ.....૨૧
બોલ લોપે હોય ઘણી વિહોણોએ, તે તણી હવે કોણ ગત હશે એ.....૨૨
ઘણી મુકે તેનું આયુષ્ય લોપે એ, અવર માર્ગ ગત તેને નથી એ.....૨૩
ઘણી સાચો તેનું આયુષ્ય સાચું એ, અવર કુડુ સહુ વણસતુ એ.....૨૪
અણછતાં ઉપજે છતાં જે વિલસે એ, તે તેણો બોલ અહીં નરક છે એ.....૨૫
જે સદાય છે સર્જે ને ફેડે એ, તેને મુકીને કોણ સેવીએ એ.....૨૬
ધંધે વહ્યો બાપ વિસાયો એ, તો તને નરકેથી કોણ કાઢશે એ.....૨૭
દર્શન સેવીશ ધર્મ સંભાળીશ એ, અચલ સેવ્યા વિના વણસશે એ.....૨૮
અનેક પ્રકારે તુ પ્રાણી આગે હવો, હજુ કછુ કોડ તને વળી એ.....૨૯
અમૃત પામ્યો પ્રમાદ કા ઢોળીશ, અવર રસ નથી કાંઈ હરિ સમો એ.....૩૦
કાચ કારણ મણિ હાથથી નિર્ગમ્યો[1], થોડલે સુખે બહુ સુખ કાં તજે એ.....૩૧
ગર્વ મા કરીશ તું પૃથ્વીપતિ રાજીઆ, રંક મા તું કીજેશ દરિદ્રઓ એ.....૩૨
હરસદ કેરી પરબતણી પેરે, રૂધિર સાટે એહી ઉદક[2] છે એ.....૩૩
જાગ દાનાદીકે રાજ પ્રાપ્ત હોય, ધર્મ ખુટે ને વળી દુઃખ સહે એ.....૩૪
પૃથ્વીપતિતણું સુખ ધનપતિતણું સુખ, સુક્ષ્મજીવતણું સુખ સમતુલ છે એ.....૩૫
આપ આપણ મન જે સુખ માને એ, નરક સંપૂર્ણ તેને ત્યાં છે એ.....૩૬
પરિબ્રહ્મ પદસુખે જે જઈ બેઠા એ, ઈંદ્ર પદ લગી તે નવ આભડે એ.....૩૭
મનના મનોરથ છાંડીને હરિ ભજો, વિગત ફીટે ને સહુ એક જ હોય એ.....૩૮
ભાષા ન જાણું ને છંદને ના જાણું એ, એક જાણુ સ્વામી માંડણહાર એ.....૩૯
તું વડે જાણુ ને તું વડે જીવવું એ, તું વડે છોડું સ્વામી ચારે ખાણ એ.....૪૦
આશ્રમે દર્શન વર્ણે જે ભોળવ્યા, તુજ વિના તે સહુ રળવળ્યા એ.....૪૧
તારે આઈ સે સબળ કર્મ છે, લાગતો અંધ બ્હીએ નહીં એ.....૪૨
કર્મ ભોગવ્યા પછી દુઃખ સહે આત્મા, તું લાજે તારા ભણી એ.....૪૩
અણછતો ભક્ત વિનંતિ કરે સ્વામી એ, આત્મા ફેડી અળગો શું કરે એ.....૪૪

卐

૧. પડી ગયા ૨. પાણી

# સોરંગીનું પદ

પદ-૭૪૧

જી રે સરસ્વત સ્વામીને વિનવું, અને માગું એક પસાયો[1] દે;
જી રે ભોળી ભકિતએ ગાઈએ, કોટ બ્રહ્માંડનો રાય દે.....સોરંગીયા૦ ૧
જીરે સોરંગે[2] શ્રીહરિ ધાઈએ, આરાધીએ ગોકુલ કહાન દે;
જી રે હરજી હરિ પરિબ્રહ્મ[3] ગુરવા તારા નામ દે.....સોરંગીયા૦ ૨
જી રે સંસાર સાગર અતિ દોહ્યલો,[4] ઊંડો ને અતિ અપાર દે;
જી રે રામનામ કર બોલડી, ઉતરીએ પેલે પાર દે.....સોરંગીયા૦ ૩
જી રે કોટ બ્રહ્માંડ ભાંજે ઘડે, તે કંડીએ કેમ સમાય દે;
જી રે કોને ચઢાવું ફૂલ પાંદડી, જેને ચૌદ ભોવન મુખ માંહે દે.....સોરંગીયા૦ ૪
જી રે આતમ વિદ્યા જાણીને, ગુણ તારુણીમાં રાચ્યો દે;
જી રે કોટ બ્રહ્માંડ વ્યાપી રહ્યો, તે કેવલ બ્રહ્મ અવાચ દે.....સોરંગીયા૦ ૫
જી રે ભકત વત્સલ ભણી ઓલંગ્યો, અને વળી મા કરશો કાં ન દે;
જી રે સેવ્યો ગર્ભ સંકુષ્ટ[5] દુઃખ ટાળે, એ નિશ્ચે મન આણો દે.....સોરંગીયા૦ ૬
જી રે અંબરીષ રાજા છલ પાડયો, અને સમર્યા દેવ મોરાર દે;
જી રે મુનિરાજા બેઉ બોલ પાળવા, અવતર્યા દશવાર દે.....સોરંગીયા૦ ૭
જી રે સફરી રૂપ ધર્યું શ્યામલ વર્ણ, ઉદધી ગ્રહ્યો, લીલાં દે;
જી રે તત્ક્ષણ પંચાયન કર ગ્રહ્યો, વેદ વાળ્યાં હેલા દે.....સોરંગીયા૦ ૮
જી રે કૌરમ રૂપ ધર્યું નારાયણ, અને મંદિર પુઠે ધર્યો દે;
જી રે સુર અસુર બેઉ સંગ કરીને, નાગ નેતરું કર્યું દે.....સોરંગીયા૦ ૯
જી રે મોહિની રૂપ ધર્યું જનાર્દન, અમૃત કલશ કેર ધર્યો દે;
જી રે અસુર વંચી દેવને પાયુ, સુર કાજ સર્વે સર્યો દે.....સોરંગીયા૦ ૧૦
જી રે વરાહ રૂપે દાઢમેં લીધી, વસુધા કીધી ઠામ દે;
જી રે દેવ તણો હરિએ ઉપદ્રવ ટાળ્યો, દહિતના ભાંજયા હાડ દે.....સોરંગીયા૦ ૧૧
જી રે નૃસિંહ રૂપે નહોર વધાર્યો, માર્યો દાનવરાય દે;
જી રે સ્તંભ ફોડી હરિ આવ્યા, ભકત કર્યો પસાયો દે.....સોરંગીયા૦ ૧૨

જી રે વામન બલિ પાતાલ નિવાસો, ટાળ્યો ઈન્દ્રનો રાગ દે;
જી રે વિશ્વરૂપ ત્યાં કીધું સ્વામીજી, પુંઠે ધર્યો પાદ દે.....સોરંગીયા૦ ૧૩
જી રે પરશુરામે ક્ષત્રિપત મોંડયું, જોડયા વાડવ લોક દે;
જી રે ઋષિવરનો અપરાધ વછોડયો, ટાળ્યો પિતાનો શોક દે.....સોરંગીયા૦ ૧૪
જી રે દશરથ મુનિવર શ્રાપ નિવાર્યો, સર્યાં સઘળાં કાજ દે;
જી રે યજ્ઞ કરી રાયે પુત્ર માગ્યા, ત્યાં અવતર્યા શ્રી રામ દે.....સોરંગીયા૦ ૧૫
જી રે રામચંદ્ર અવતાર જ લીધો, કીધાં વસુધા કાજ દે;
જી રે સીતા કારણ રાવણ માર્યો, આપ્યું વિભિષણ રાજ દે.....સોરંગીયા૦ ૧૬
જી રે લક્ષ્મણ સીતા સહિત સનાતન, અયોધ્યા કેરું રાજ દે;
જી રે પુષ્પ વિમાન બેસી પરમેશ્વર, સર્યાં સઘળા કાજ દે.....સોરંગીયા૦ ૧૭
જી રે રામ રૂપે વ્યાપી રહ્યો, જે જુઓ તે જાણો દે;
જી રે જોયે ગર્ભ સંકુષ્ટ દુ:ખ ટાળે, સબ લીજે એની આણ દે.....સોરંગીયા૦ ૧૮
જી રે વેદ વડે તને જાણીએ, અને વેદ ન લહે તારી પાર દે;
જી રે સર્વજ્ઞ રૂપે વ્યાપી રહ્યો, તે ભકતજન સાધાર દે.....સોરંગીયા૦ ૧૯
જી રે નંદ ગોપ ઘેર અવતર્યા, અને ગોકુલ કીધો ઠામ દે;
જી રે બાર વન ગિરિ ગૌચરવા, અવતર્યા ગોવિંદ રામ દે.....સોરંગીયા૦ ૨૦
જી રે કાને કુંડલ ઝળહળે, અને ઉર મુકતાફલ હાર દે;
જી રે મોર પીંછે મુગટ શિર ધર્યો, કાનુડો રૂપે અપાર દે.....સોરંગીયા૦ ૨૧
જી રે કાનુડો ગોવાળિયો, વન ગૌચારવા જાય દે;
જી રે જમે ને જમાડે જમતો, બ્રહ્માદિક ને વાહે દે.....સોરંગીયા૦ ૨૨
જી રે જમુના જલ જંપલાવ્યો, ચઢયા કદમને ડાળ દે;
જી રે ફણા ઉર હરિ નાચ્યા, નાગ નાથ્યો કાલિ દે.....સોરંગીયા૦ ૨૩
જી રે પહેરણ પીત પટોલડી, ઓઢણ નવરંગ ચીર દે;
જી રે નાગ પલાણી હરિ આવ્યા, તે ગુરવો જાદવ વીર દે.....સોરંગીયા૦ ૨૪
જી રે ગોકુલ શિંગ્ર્ વાહ્યું, વૃંદાવન વાહ્યો વંશ દે;
જી રે માતાપિતાના બંધન છોડયા, કા'ને માર્યો કંશ દે.....સોરંગીયા૦ ૨૫

જી રે અનંત અગિયાર વર્ષો, કરી રામની બેલ દે;
જી રે વિદ્યાપીઠ કરાવી પંડે, તે અવડાવી ગેલ દે.....સોરંગીયા૦ ૨૬
જી રે વિવાહ કારણ શિશુપાલ નિવાર્યો, પરણ્યાં રાણી આઠ દે;
જી રે અનેક વિવિધ પેરે સ્ત્રી વર્યા, તે બેટા સાઠ લાખ દે.....સોરંગીયા૦ ૨૭
જી રે શ્રોણિતપુર હરિ આવ્યા, યુદ્ધે જીત્યો હર સ્વામી દે;
જી રે બાણાસુરના બાહુ છેદયા, ઓખા અનિરુદ્ધ પામી દે.....સોરંગીયા૦ ૨૮
જી રે નર નારાયણ રથ ચઢી આવ્યા, વિશ્વરૂપ તેણી વાર દે;
જી રે પાંડવ તણો હરિએ ઊપદ્રવ ટાળ્યો, મારી ક્ષોણી[૭] અઢાર દે.....સોરંગીયા૦ ૨૯
જી રે બુદ્ધ રૂપે હરિ ધ્યાન વિચારે, જોગ માર્ગ લીધો દે;
જી રે કલ્કી રૂપે હરિ દુષ્ટ સંહારવા, અક્ષય આયુધ કર ધર્યો દે.....સોરંગીયા૦ ૩૦
જી રે દશે અવતારે ધાઈએ, અને ભાગવતે ચોવીશ દે;
જી રે ધાયો ગર્ભ સંકુષ્ટ દુઃખ ટાળે, પરમ પુરુષ જુગદીશ દે.....સોરંગીયા૦ ૩૧
જી રે એવો અવનેશ્વર[૮] ધાઈએ, અકલ અસંભવ જેહ દે;
જી રે જોગેશ્વર મન દુર્લભ તું, બ્રહ્માદિક છે જેહ દે.....સોરંગીયા૦ ૩૨
જી રે ગોવિંદના ગુણ ગાઈએ, કાંઈ વિવિધ પેરે ધ્યાન દે;
જી રે કૃપાનાથ કૃપા કરે તો, જાગે આત્મ જ્ઞાન દે.....સોરંગીયા૦ ૩૩
જી રે ચત્રુભુજ પહેરણ પીતામ્બર, મસ્તક મુગટ શોહે દે;
જી રે લક્ષ્મી સહિત ક્રિડા કરે, ત્યાં વૈષ્ણવના મન મોહે દે.....સોરંગીયા૦ ૩૪
જી રે અમુરત રાજા ધાઈએ, રૂપ અરૂપે જાણો દે;
જી રે વેદ માર્ગ અનુસરો, ભકિત ભાવે મન આણો દે.....સોરંગીયા૦ ૩૫
જી રે તુલસી કેરે પાંદડે, પુતનાનો રિપુ પૂજો દે;
જી રે મોહ મત્સર પદરહરો, આત્મજ્ઞાન બૂઝો[૯] દે.....સોરંગીયા૦ ૩૬
જી રે લક્ષ્મી સહિત હરિ સેવીએ, સેવ્યો લીલા વિલાસ દે;
જી રે મનવાંચ્છિત ફલ પામીએ, તે રાજા શ્રી અવિનાશ દે.....સોરંગીયા૦ ૩૭

卐

૧. પ્રસાદ ૨. સુંદર થઈને ૩. પરમાત્મા ૪. અતિ મુશ્કેલ
૫. આવાગમનનું દુઃખ ૬. રણશિંગું ૭. સૈન્ય ૮. પૃથ્વીપતિ ૯. પ્રાપ્ત કરે

# સંત સોહાગો

પદ-૭૪૨

આદ-૧

ગોવિંદના ગુણ અતિ રે અનુપમ, સંત સોહાગો અમો ગાઈશું એ.....૧
હરિ ગુણ ગાતાં એ મહાસુખ પામીએ, નામ એ સ્વામી નિરંજન એ.....૨
પ્રથમ એ પૃથ્વી કન્યા કુંવારી એ, કહોને દેવી વર કોણ પામે એ.....૩
રાય નરેન્દ્ર અહંકારે બોલે એ, ધરતી તોલે રે નર નવ તપે એ......૪
જે કારણ હવી કન્યા કુંવારીકાએ, દ્વારકા રાય અવિલોકતાં એ.....૫
સહસ્ત્ર નામે સૂધ કરો વર ઘર તણી એ, જુગ ધણી કાં એ કુંવાર તમો એ.....૬
તેડોને બ્રહ્મા ભણે ચારે વેદ એ, ભેદ કહે વર ઘર તણો એ.....૭
નહિ જશ માત પિતા બંધવ સુરીજન એ, દુર્જન શું રે દયા નવ કરે એ.....૮
એસો સમર્થ વર નિરંજન જોઈએ એ, સોઈ પુરુષ કેમ જાણીએ એ.....૯
લગન લીજે રે, કેમ જયાં નથી કેને ગમે એ, જેને ઘર જમવતા કરે એ....૧૦
વરકન્યા બેઉ હવાં રે મેળાપ એ, સર્વ સુખદાયક દયાલ દેવ એ....૧૧
વરે સોહ્યણું કરી વિશ્વ સઘળું ઓધાર્યું[૧] એ' હવી વૈકુંઠપુરી મૃત્યુલોકમાં એ....૧૨
વર સ્વાર હવો પરમ પુરુષ લોહે એ, અનંત બ્રહ્માંડપતિ પરિબ્રહ્મ હવો એ....૧૩
વરે તોરણ વળી જરા મરણ ગયાં ટળી એ, એ વાત અમ સરી સચરાચરી એ....૧૪
હાથ શું હાથ મેળવી કન્યાનું કાજ સર્યું એ, આપણ પે સંતોષ્યા હરિ હર્ષ ભર્યા એ....૧૫

૧. ઉદ્ધાર્યું

આદ-૨

ચોરી તે બાંધોની ચિત્ત તણી એ, દેવ દયા કરો અતિ ઘણી એ.....૧
તેડોને ગોર વિચાર કરીએ, તમો વૈકુંઠનાથ હૃદયે ધરી એ.....૨
વરકન્યા બેઉ ત્યાં આવ્યાં એ, ગુરુએ અનંત બ્રહ્માંડ છોડાવ્યાં એ.....૩
બેઉ જણ બેઠાં હર્ષ ભર્યાં એ, સંસાર સાગર પહોંચ્યા તરી એ.....૪
વાસુદેવ યોગે આવ્યા વળી એ, હરિ નામે ગયા પાતક ટળી એ.....૫
ધોળ મંગલ દીજે ઘરણ જાણી એ, આગે સુવર્ણ મંડપ સીત આણી એ.....૬
મંગલ વર્તીએ મન જાણી એ, મુક્તિ દાન લહે જતું પ્રાણી એ.....૭
ચોકીપટ માંડે ચત્રુભુજ જાણી એ, તમો ગોવિંદ રામ શું ઓચરો[૧] વાણી એ.....૮

કરી કંઈ સાર ને કર્મ છાંડો એ, સહસ્ર નામે ફરી થાળ માંડો એ.....૯
ચલુ લીધું રે ચરણે ચિત્ત આણીએ, તમે ગોંવિંદ રામ શું ઓચરી વાણી એ.....૧૦
પાન પૂજા રે મન પ્રતીત સાચે એ, હરિએ ઓધાર્યા તેજ રહ્યા વાંછી એ.....૧૧
સુર તેત્રીશ મળ્યા રે ટોળે એ, વર પરિબ્રહ્મજીને ચઢી છે સોલી[૨] એ.....૧૨
સનકાદિક જુએ છે હર્ષી નીરખી એ, હવે કન્યા હવી વર સરખી એ.....૧૩
ઈન્દ્ર ઈશ્વર બ્રહ્મા વેદ વાંચે એ, નિર્ગુણ નારાયણ ક્રમ ન રાચે એ.....૧૪
પ્રજા પાલકે પાણિગ્રહણ[૩] કીધું એ, પુણ્ય પ્રાપ્તિ એ સહુ વૈકુંઠ લીધું એ.....૧૫
કલિ કાલે કૃષ્ણ અનંત રૂપે એ, પૃથ્વી પરણ્યા પરિબ્રહ્મ તણી એ.....૧૬
તુલસી વાણી બેઉ મન જાણીએ, તમો ભકિત કરો પરિબ્રહ્મ તણી એ.....૧૭
અનંત બ્રહ્માંડ જૈ જૈ ભણે એ, પરિબ્રહ્મ નામે સહુ આનંદ કરે એ.....૧૮

卐

૧, બોલો ૨. નશો ૩. હાથ પકડવો

# ગુરવા ગણપતિનો રાસ

પદ-૭૪૩

ગુરવા ગણપતિ દેવ મહોદર, વિઘ્ન નિવારણ સ્વામી સહોદર;
ચરણે પ્રણામ કરે સો હરિ હરિ.....૧

વીણા પુસ્તક કર આરોપે, હંસ ચઢી કવિની કર નિરૂપે;
લોપે જડમતિ કંદો હરિ હરિ.....૨

સરસ્વતી દેવી ચરણ શિર નામું, જે પ્રસાદે કવિત ગુણ પામું;
સ્વામી ગાઈશ ગુણ ગોવિંદો હરિ હરિ.....૩

જેણે સચરાચર જીવ નિપાયો,[૧] જલથલ મહીથલ ભુવન સમાયો;
લાયો મોહ જુવાલો[૨] હરિ હરિ.....૪

પિંડ રહ્યો જે જીવ નિહાળે, ઉવાટ જાતાં તેને વાળે;
ટાળે સવે સંસારો હરિ હરિ.....૫

ક્ષેણુ બ્રહ્માંડ ઘડેને વિલાસે,[૩] આપ વિભૂતિ ત્રિભોવન વાસે;
હાસ્ય કરી વિનોદે હરિ હરિ.....૬

કને છે પણ જીવન ચાહે, કર્મ તણે મદ તે ન આરાધે;
વાહે અતસકાલો[૪] હરિ હરિ.....૭

અભકતા જનપે કર્મ કરાવે, કર્મ ભોગવવા દેહ ધરાવે;
સેવક કર્મ કશાનો હરિ હરિ.....૮

રોમ રોમ બ્રહ્માંડ સમાયે, બ્રહ્માદિક સનકાદિક ધાયે;
પાર ન પાપ તેનો હરિ હરિ.....૯

સ્વામી પિંડ બ્રહ્માંડ સમાન ઋષિ સુર દાનવ નર ન કલ્યાણ;
જાણ્યો આપોઆપ હરિ હરિ.....૧૦

હરિ સેવી સુખ નિશ્ચલ જાણો, વણસતુ કવર કછુ મન ન આણો;
આલે અમૃત ના ઢોળે હરિ હરિ.....૧૧

ઈન્દ્રિય ગમતું ચિત્ત નિવારો, હૃદયે વચન કર્મ વિષ્ણુ વિચારો;
પાર હોયે દુઃખ જાલો હરિ હરિ.....૧૨

મચ્છ રૂપે સંખાસુર માર્યો, સતતણે ભવસાગર તાર્યો;
વારો ભોવન અધમો હરિ હરિ.....૧૩

કર્મ રૂપે મંદિર ગિરિ સાહ્યો, પ્રસર્યો સુર દાનવ અવગાહ્યો;[૫]
ગાહ્યાં ક્ષીર સમુદ્રો હરિ હરિ.....૧૪

પ્રલય સમે ભોમ અવગાહી, આદ વરાહ દાઢ ગ્રહી સાહી;
ચાહી ભોવન નિવાસો હરિ હરિ.....૧૫

હિરણ્યા કંસ ત્રિભોવન વદીતો, જેણે સમર્યા ગુણ સુરપતિ જીત્યા;
વીત્યો તે મુનિ શાપો હરિ હરિ.....૧૬

પુત્રહેત મનોરથ સાર્યો, નૃસિંહ રૂપે નહોર વધાર્યો;
માર્યો દાનવ રાયો હરિ હરિ.....૧૭

ઈન્દ્રકાજ વર યોગ વિનાસ્યો,[૬] વામન બલિ પાતાલ નિવાસ્યો;
વાસો નિર્ભય લોકે હરિ હરિ.....૧૮

પરશુરામે ક્ષત્રપતિ મોડયા, ઋષિવરના અપરાધ વછોડયા;
જોડયા વાડવ લોકો હરિ હરિ.....૧૯

રઘુકુલ નૃપ અવતાર લીધો, સુરપતિ મન મનોરથ સિધ્યો;
કીધો દેવ પસાયો હરિ હરિ.....૨૦

દશરથ પરમાનંદ વિચારે, અપુત્રાયુ દુઃખ શોક નિવારે;
ચાર તેને કુલદીપો હરિ હરિ.....૨૧

હરિ નામે શ્રૃતિ પાઠ નિરોપે, સ્મરણ માત્ર અઘ નાશ લોપે;
બોલે વેદ પુરાણો હરિ હરિ.....૨૨

રામચંદ્ર ત્યાં દિન દિન વાધે, હેલાં દેવ કારજ સર્વે સાધે;
આરાધે નિજ ધર્મો હરિ હરિ.....૨૩

લીલા મુનિવર યજ્ઞ નિહાળ્યો, દાનવતણો હરિ ઉપદ્રવ ટાળે;
વાળ્યો અહલ્યા દેહો હરિ હરિ.....૨૪

લીલાએ ત્રિપુર ધનુષ્ય ભાંગ્યું, ઘોષ ત્રિભોવન કંપવા લાગ્યું;
ભાંગ્યું હેલા વિનોદો હરિ હરિ.....૨૫

ત્રિભોવન ઓચ્છવ હોય નિરંતર, સીતાવર અતિ ત્રિભોવન સુંદર;
સુરનર મુનિ આનંદો હરિ હરિ.....૨૬

ચાર સહોદર પરણી ચાલ્યા પરશુરામ હૈયે અતિ સાલ્યાં,
હાલ્યાં પર્વત શૈલા હરિ હરિ.....૨૭

પરશુરામે પરમેશ્વર જાણ્યો, ધનુષ ચઢાવી નિશ્ચે આણ્યો;
જાણ્યો એ સુર સારો હરિ હરિ.....૨૮

લીલા દેવ અયોધ્યા આવ્યા, વર સુંદર મોતીડે વધાવ્યા;
ભાવ્યા જેમ શશિ રૂપો હરિ હરિ.....૨૯

જનેતા વચન નૃપ બાંધ્યા દેખી, અયોધ્યા તણું જ રાજ ઉવેખી;
વેષ લિયો વનવાસો હરિ હરિ.....૩૦

લક્ષ્મણ સીતા સહિત સનાતન, ચાલ્યા પ્રભુ ચિત્રકુટ ગિરિવન;
જનક ગયા સુર લોકો હરિ હરિ.....૩૧

માતર વંશથી ભરત તેડાવ્યા, પટાભિષેક તેને સંભળાવ્યા;
આવ્યાં જયાં શ્રીરામો હરિ હરિ.....૩૨

કૃપા કરી સ્વામી નગર પધારો, સ્વામી તાતનું રાજ સ્વીકારો;
ભરત વિનયે પરબોલે હરિ હરિ.....૩૩

રામચંદ્ર શિખામણ આપી, ભરતે પાદુકા આસન સ્થાપી;
આપી[૭] સભોકત કામો હરિ હરિ.....૩૪

ચિત્રકુટથી ચાલ્યા સ્વામી, લીલાપત દક્ષિણ દેશ પામી;
પામ્યા બહુ ઋષિ માનો હરિ હરિ.....૩૫

શાસન દીધું કુંભસ્તમુન, રામચંદ્ર ગયા પંચવટી વન;
મન આનંદ ધરે જો હરિ હરિ.....૩૬

કામાકુલી નિશાચરી આવી, સુપનખા લક્ષ્મણે સમજાવી;
શ્રવણ નાસિકા છેદો હરિ હરિ.....૩૭

ચૌદ સહસ્ત્ર રાક્ષસ રણ રોળી, લંકાપુરી ત્યાં દુઃખે વિરોધી;
કીધી કર્તમ રીછો હરિ હરિ.....૩૮

વાનર પતિની કંધા કાપી, તેણે ઠામ સુકંદર સ્થાપી;
આપી અવિચલ રાજો હરિ હરિ.....૩૯

માલવણ ગિરિ ભરત સુકંદર, લંકાપુરી દહી આવ્યો કપિ વાનર;
વાનરસેના મળી જો હરિ હરિ.....૪૦

રામચંદ્ર દલ પહોંચ્યું સાગર, બાંધ્યો સેત ત્યાં નલ વાનર;
પાર ગયા ક્ષેણુ માંહે હરિ હરિ.....૪૧

રજનિચર પડયો સમરાંગણ, પરવાળાંસુ, હણ્યો રાવણ;
બાણે દશે શિશ છેદે હરિ હરિ.....૪૨

સકલ ભોવન આનંદ ન માય, રામચંદ્ર સીતા લઈ જાય;
નગર અયોધ્યા માંહે હરિ હરિ.....૪૩

કૃષ્ણે રૂપે ગોકુલ અવતર્યા, ગોવર્ધન પર્વત કર ધર્યા;
વર્યા ગોપી ગોવિંદો હરિ હરિ.....૪૪

મોર પીંછ મુગુટ શિર શોહે, નિજ માયા દેવ ત્રિભોવન મોહે;
શોહે ગુંજાફલ હારો હરિ હરિ.....૪૫

હાથ વાંસલડી શિંગુ વાહે, ગોવાળે પરવર્યા જાહે;
લાએ પરિબ્રહ્મ વેષો હરિ હરિ.....૪૬

સ્વરૂપે હરિ રંગે રાચે, વૃન્દાવન ગોપી બીચ નાચે;
સાચો શોહે બ્રહ્મચારી હરિ હરિ.....૪૭

અકલ અસંભવ ઐસો દીઠો, બાલ કેલ ગોકુલમાં પેઠો;
બેઠો ધ્રુવ શુક ચિંત્યો હરિ હરિ.....૪૮

અનંત ચાલ્યો અગીઆર વરીસો, તેણે તેડયો અકરૂડ સરીસો;
છવીસમો ગોવિંદો હરિ હરિ.....૪૯

શ્યામલ પરિબ્રહ્મ દેહ વિહોણો, મહી કારણ હઠ માંડે સલુણો;
ઊણો નહિ કદાપિ હરિ હરિ.....૫૦

બુદ્ધ રૂપે હરિ ધ્યાન વિચારે, કલ્કી રૂપે હરિ યવન સંહારે;
સાર કરે જન લોકો હરિ હરિ.....૫૧

શ્યામલ વર્ણ હરિ હૃદયમાં મેલો, ત્રિભોવનપતિ હરિ નામે ખેલો;
ઝીલો પરમાનંદો હરિ હરિ.....૫૨

વિષ્ણુ ભકત મુકતફલ કાજે, રાસ કર્યો પંડયા ધન રાજે;
કાજ કર્યો હરિ નામે હરિ હરિ.....૫૩

卐

૧. આધાર ૨. ભરતી ૩. રમે ૪. મિથ્યા ૫. ડૂબાડયો
૬. નાશ કર્યો ૭. ભોગવ્યા સહિતનાં કામો

## ચતુર્વદનનો રાસ

પદ-૭૪૪

સાખી

મદન છેદન નામ પ્રભુનું, કોઈનો મદ ન રાખે;
કાંકરાની પેઠે ફડાક, કાઢી નાંખે.....૧

ચતુર વદન સમરો જુગ આદે, ત્રિપુર હણ્યો શિવે જે પ્રસાદે;
નાદે સ્તવું ગુણ ઈશ હરિ હરિ.....૧

સકલ ભુવન વ્યાપે હરિ વાણી, મન સ્મરો સદ્‌ગત ચિત્ત આણી;
જાણી દૈવત સારો હરિ હરિ.....૨
અહરનીશ સ્મરો એક નિરંજન, જરા મરણ દુ:ખ ભવ ભય ભંજન;
રંજન મુનિજન ચિત્ત હરિ હરિ.....૩
બ્રહ્માદિક ગુણ પાર ન પામે, એકવાર જપ ગોવિંદ નામે;
સ્વામી સમર્થ રાયો હરિ હરિ.....૪
પતિત અજામિલ પુત્ર હંકાર્યો, નારાયણ નામે ભવ તાર્યો;
રહ્યો અચલપદ લિયો હરિ હરિ.....૫
અપર માતાએ ઓછંગ ઉતાર્યો, ધ્રુવ નારાયણ નામ સધાર્યું;
રહ્યો અચલપદ લિયો હરિ હરિ.....૬
જાગ દાન તપ તીર્થ કેરું, તે પે હરિફલ અતિ ઘણેરું;
તે રજનિ દિન ધ્યાનો હરિ હરિ.....૭
અનેક પુણ્યતણા ફલ ગાજે, તે સર્વ હરિ જપ આગળ લાજે;
ભાગે તે અવતારો હરિ હરિ.....૮
હરિ નામે પાતક કુલ નાસે, સંજમની પત અનુચર ત્રાસે;
આશ ન કરે કદાપિ હરિ હરિ.....૯
જેમ તિમિર ફેડે રવિ કિરણ આગળ, કર્મ નથી જયાં હરિ જપ આગળ;
કલિજુગ પ્રત્યક્ષ પ્રમાણો હરિ હરિ.....૧૦
શત્રુ સમાન ઈન્દ્રિ ઉવેખો, સચરાચર નારાયણ પેખો;
લેખો આપ સમાનો હરિ હરિ.....૧૧
નામતણો મહિમા જેણે લીધો, નિશ્ચલ વાસ પરમપદ કીધો;
પીધો પરમાનંદો હરિ હરિ.....૧૨
અંબરીષ નૃપે હરિ આરાધ્યો, પ્રતીત સહિત જેણે હરદિન સાધ્યો;
લાધ્યો તેણે પસાયો હરિ હરિ.....૧૩
અંબરીષ ગર્ભવાસ નિવાર્યો, અંગી[1] કરવા શાપ સિધાર્યો;
હાર્યો મુનિ છલ ભેદો હરિ હરિ.....૧૪

વૃખલી[2] જનમ પરહરી પરસીધ્યો, નામ પ્રભાવે નારદ સીધ્યો,
સદા મુકતફલ લિયો હરિ હરિ.....૧૫
કાલે સહુ વણસંતુ વિચારો, કામ ક્રોધ મદ મરડી મારો,
સાર જપો હરિ નામો હરિ હરિ.....૧૬
વિષ્ણુ ભકત રસ શંકર જાણે, રામનામ ધ્યાને મન આણે;
ક્ષેણુ ન મેલે ચિત્ત હરિ હરિ.....૧૭
વર્ણ ધર્મ સુવિચાર સુકૃત કર, સેવો ભાવે નારાયણ અનુસર,
હરિપદ પામીશ અંતે હરિ હરિ.....૧૮
કર્મ અનુસારે બુધ ઉપાએ બુધ અનુસારે કર્મ કરાયે;
જાયે જીવન પારો હરિ હરિ.....૧૯
કર્મજાલ હરિનામ તૂટે, અહરનીશ સ્મરણ બંધન છૂટે;
છૂટે એમ ગર્ભવાસો હરિ હરિ.....૨૦
જન કવિ પૂછ સચેત કેવલ મુકતે, નરકે જીવ નિહાળ્યાં જુગતે,
મુકત પમાડયાં સંતે હરિ હરિ.....૨૧
રાજા દેશ હોયે એમ જુગતું, રાજા દેશ વલી અણ જુગતુ;
જુગતુ કરે હરિનામો હરિ હરિ.....૨૨
પ્રહલાદે મન અંતર રાખ્યો, નૃસિંહ પ્રગટયો પિતાને દાખ્યો;
શાખ હવી કલ્પાંતો હરિ હરિ.....૨૩
જીવ અચેત કર્મ વશ આપી, રાજા દેશ રહ્યો જુગ વ્યાપી;
સ્થાપી ગુણ ક્ષણ ભંગો હરિ હરિ.....૨૪
શુક સનકાદિક નિજ મત સારે, યમ નિયમાદિક હૃદયે વિચારે;
પાર ન પામે તેઓ હરિ હરિ.....૨૫
કુમતિ વિચારી કુમાર્ગ માંડે, રાજા દેશ વેદ ગત છાંડે;
દાઢ કરે જમ લોકો હરિ હરિ.....૨૬
ક્ષમા દયા સંતોષ નિરોપે, રાજા દેશ વેદ ગત લોપે;
લોપે દુર્મતિ આપો હરિ હરિ.....૨૭
ક્રતમ[3] શાસ્ત્ર તણે વિચારે, પડે નરક માનવ હારે;
પાર ન પાયે તેઓ હરિ હરિ.....૨૮

અવિગત પરિબ્રહ્મની વાણી, વેદ અનુસારે નિશ્ચલ જાણી;
આણ સબલ છે જેઓ હરિ હરિ.....૨૯
ક્રતમ દર્શન આપ વખાણે, કલિજુગ વિષ્ણુ સ્વરૂપ ન જાણે;
ખાણ ચહુ ભવ પામે હરિ હરિ.....૩૦
એક મુકત પતિ હરિ નારાયણ, તે વણ ન લહે જોગ પરાયણ;
અનુદિન કર અભ્યાસો હરિ હરિ.....૩૧
જન્મ મરણ ભાંગી જે બેઠા, વિષય તજી પરમાર્થ પેઠા;
દીઠા અંત મોરારિ હરિ હરિ.....૩૨
પરમ પુરુષ અવિગત મધુસૂદન, અનેક ભવ ભય પાપ નિકંદન;
દુષ્ટ નિકંદન રામો હરિ હરિ.....૩૩
જે સુરતિ બોલે તે મન રાખો, અવર કારમુ સહુએ નાંખો;
રાખો એક વિચારો હરિ હરિ.....૩૪
હરિ મન જાણી નિશ્ચે બાંધ્યું, પરિબ્રહ્મ જોગ મુકતપદ સાધ્યું;
આરાધ્યું નિજ ધર્મો હરિ હરિ.....૩૫
નિશ્ચલ વાણી, રહ્યો નીધંલ[૪] પ્રતીત મન આણી;
નામ જપે હોય ઠામો હરિ હરિ.....૩૬
રાસ વિનોદે જે લય લાગે, ગર્ભવાસનો ભય તેનો ભાંગે;
હરિ પરિબ્રહ્મ પસાયો હરિ હરિ.....૩૭

卐

૧. મુખ્ય ૨. નકામો-સ્વમાન વિનાનો ૩. યજ્ઞયાગાદિ ઉપદેશ આપતું શાસ્ત્ર ૪. ફળીભૂત થતું

## અહરનિશનો[૧] રાસ

પદ-૭૪૫

પ્રાણ મન એક અભેદ, જેના સ્વરૂપ ન લહે વેદ,
અજર અમર અકલંક અરૂપ જેણે સજર્યા ચોરાશી લક્ષ રૂપે
અહર્નિશ હરિપરિબ્રહ્મ જપ રે.....ટેક

૧. પ્રત્યેક પળે હરિસ્મરણનો ઉપદેશ આપતું પદ

બીજું અવર ન ખપે ગુમાર, જેણે મને બહુ બ્રહ્માંડ નિપાયાં;
તે નામે ભવપાર રે, અહર્નિશ હરિ પરિબ્રહ્મ જપ રે.....૧
અનેક ભવ તું અવતર્યો રે, કષ્ટ સહ્યાં બહુ દુઃખે રે;
હમણાં તું અર્થતણે મદ વિસરો, વળી સહીશ અસંખ્ય રે.....૨
લાગે નહિ વળગે આભડે, કોટ બ્રહ્માંડ ક્ષેણુ ભાંગે ઘડે;
ડાહ્યા ભોલા સહુ છેતરે, અલગ રહ્યો બહુ નાટક કરે.....૩
બ્રહ્માંડ કોટિ પરે જે રહે વૈષ્ણવ વિના તેને કોણ લહે;
તેની એક અપૂર્વ જુગત, સ્મરો લીલા દે હરિ મુકત.....૪
સાંભળ જીવ કહું એક ગુંજ, હું મારું મા કર અબૂઝ;
પરિબ્રહ્મ નામે પરહરુ કર આપ, એણીપરે ઘેર તેડે તુજ બાપ.....૫
આદિ અનાદિ તું જ એક, સ્થાવર જંગમ તારું તેજ;
તું ગુરવો ને તારાં નામ, સકલ સંત શું તુજ પ્રમાણ.....૬
હરિગુણ અમૃત નહિ ઉપમાન, જમલ નહિ અધ્યાત્મ જ્ઞાન;
સુર જોગી વણસે કલ્પાંત, હરિગુણ તૃપ્ત અક્ષય સંત.....૭
અનેક વસ્તુ ભલી સંસાર, હરિગુણ વિના સહુ વિષની ઝાળ;
વ્હાલા હરિગુણ અહર્નિશ જ્યાં, કાલતણો ભય નાઠો ત્યાં.....૮
નિશ્ચે દીસે જે વણસંતુ, તેણે કછુ તું વળગીશ ન;
સબળી માયાએ કીધું અંધ, ગુરુ વચન લોચન અંજન સંત.....૯
પહેલું મધુરું લાગવું મુખ, પછી પડયો મછ મોટે દુઃખ;
તે સુખે ભોળવાયો જીવ, જાણે લાગ્યું જમ કરશે દૈવ.....૧૦
સેવક ઈન્દ્રિ મન પ્રધાન, તેનો પ્રર્યો પ્રાણી છોડે જ્ઞાન;
ત્યાંથી આપોઆપ કરે અલગ, પરિબ્રહ્મ પદ પામે જેમ સલગ.....૧૧
સુવર્ણ તોલા ગૌ પૃથ્વી દાન, દીધાં અન્ન ઉદક બહુ માન;
તેઓ સ્વર્ગ ભોગવી સાંકુષ્ટે પડયા, અક્ષયપદ વિના તે રઝળ્યા.....૧૨
વેદ પુરાણ પઢી ગયા પાર, કીધાં યજ્ઞ વ્રત આચાર;
તો એ સ્વર્ગ ભોગવી સાંકુષ્ટ પડયા, અક્ષયપદ વિના તે રઝળ્યા.....૧૩

કીધાં તપ જતન બહુ કાલ, ઘરની છોડી માયાજાળ;
સાધે એક અધ્યાત્મ યોગ, છોડે સર્વ પ્રેમળ રસ ભોગ.....૧૪
સત શૌચ નિત્ય આચરે, ધ્યાન સહિત સુર પૂજા કરે;
સેવે માતપિતા ગુરુ ચરણે, ક્ષમા દયા ને વ્રત આચરણં.....૧૫
તીર્થ વ્રત અપવાસી કર્મ, અતિથિ અભ્યાગત જીવ દયા ધર્મ;
કામ ક્રોધ મત્સર પરહરે, પરપીડા કોઈને નવ કરે.....૧૬
છોડે પરનિંદા અપવાદ, આપ વખાણે મિથ્યા વાદ;
બોલે સકલ ઈન્દ્ર નિગ્રહે, લંઘન ઝડ તપ શીતલ સહે.....૧૭
ચાર ખાણની ખળભડ ભૂખ, ધર્મ ઉપરાયણ સબલ સુખ;
પરિબ્રહ્મ નામે ભાંગી ભૂખ, મળ્યો અવિચલ ટળી સર્વ હુક.....૧૮
તજી સંસાર પામ્યો ગુરુ શરણ, જીત્યા જન્મ જરા ભય મરણ;
ભકત અનુસરો ગુરુને શરણ, રસ લાગ્યો નિત ગુરુને વેણ.....૧૯
રાતદિવસ રસ ગુણ થયો ભાવ, અવર મેલ્યાં સર્વ ભાવ કુભાવ;
સંત સંગત હરખે ઉલટે, પરિબ્રહ્મ કહે વિગત કેમ ઘટે.....૨૦
ધ્રુવ રવિ શશી હરિ સ્મરણ રહ્યા, આગે તેણે મહા સુંદર સહ્યા;
યક્ષ કિન્નર નરનાર વિષયા હવા, નારદ ત્રિલોક મુકતા કિયા.....૨૧
પુરનામા ઋષિ રંભા કંથ, સ્મરણથી ભવ લીધાં અંત;
અવનશ્વર જો હોએ કાજ, તો ભકિતએ સેવો પરિબ્રહ્મરાય.....૨૨
પિંડ બ્રહ્માંડ વિચારી જોએ, જેહ જમલ માંડે નહિ કોઈ;
રૂપ વિહોણો માંડે વ્યાપ, આદિ બ્રહ્મા શંકરનો બાપ.....૨૩
નામ જેણે અજામિલ લિયો, નામે ગુનકા જન્મ જ ગયો;
એવું નામ જેનું સમર્થ, ફોગટ કયાં વળગે અનર્થ....૨૪
પરિબ્રહ્મ એ વિનતિ અવિધાર, મોહ્યો જીવ રળે સંસાર;
નિર્મલ કરી લ્યો આપણ માંહે, એક કરી લે તું સુસહાય.....૨૫
સ્વામી એક વિનતિ અવિધાર, તારો બોલ એવો સંસાર;
તારો અંશ જપે તુજનામે, જુગ સચરાચર એ જ કામ.....૨૬
એક મને જે ગાયે રાસ, એક મને જે સાંભળે રાસ;
તે છુટે ભવબંધન પાશ, બ્રહ્મા મહેશ્વર દુર્લભ વાસ.....૨૭
પસાયો કરો સ્વામી પરિબ્રહ્મ તે, અહર્નિશ પરિબ્રહ્મ જપ રે.

# વાડીનો રાસ[1]

## પદ-૭૪૬

### આદ-૧

પ્રથમ એ દ્વારકા પાટણ માંહે, વિપરીત ગત હરિ અવતર્યા એ.....૧
આગે એ મત્સ્ય કૂર્મ વરાહ તું નૃસિંહ વામન પરશુરામ.....૨
રામ તું કૃષ્ણ કૃપાલ કૃપાવંત, અનંત મુર્તિ શોહામણો એ.....૩
નવમે એ બુદ્ધ રૂપે હરિ અવતર્યા, ધ્યાન ધરીને જપ માંડયું એ.....૪

卐

૧. પાટણમાં પદ્મનાભ સાહેબની વાડી હતી. તેમાં કબીર સાહેબનો સત્કાર કરવામાં આવેલો છે. કબીર સાહેબની કૃપાથી પદ્મમનાભજીને આત્મસાક્ષાત્કાર થયેલો છે.

### વલણ

ધ્યાન ધરી જપ માંડયું રે, જગમાં જૈ જૈ કાર;
શ્રી પદ્મનાભ પધાર્યા રે, તે વિશ્વ કરવા સાર.....૧
સંત માંહે પરવર્યા રે, જેવો પુનમ ચંદ્ર;
આકાસ રવિ જેમ બિંબ શોહે, અભિવવો એ ઈન્દ્ર.....૨
શ્યામલ વર્ણ શોહામણો રે, ગૌર્પાત ગોવાળ;
ધર્મ સ્થાપે કર્મ કાપે રે, દીસંતો રે દયાલ.....૩
જેવો જલધર ઉનવ્યો રે, ભકત વર્ષે મેહ;
જાગ્રણ ત્યાં નિર્દોષ વાજે, ગૃહે ગયા મુનિદેવ.....૪
તિલક તુલસી નામ આયુધ, ઓધર્યા શ્રી નાથ;
સમર્થ બોલે સાંભળો રે, આપ્યાં વૈષ્ણવ હાથ.....૫
બલ વિભિષણ અંબરીષ નારદ; ધ્રુવ ને પ્રહ્લાદ;
સુખ સુદામાને શરણ આપ્યા, દીધો અજામિલ સાદ.....૬
રૂપ તેં પ્રગટ કીધાં, અકલ કળ્યો ના જાય;
વૈકુંઠ છાંડી આવ્યાં, પાટણવાડી માંય.....૭
વાડી તે વન રળિયામણું રે, દીસંતુ કૈલાસ;
બ્રહ્મસદન નિરંજન પદ, ભક્તજન પહોંચી આશ.....૮

### આદ-૨

અનેક ભક્ત કરે તારી સેવા એ, દેવ તેત્રીસ કરોડ ઈન્દ્ર સહિત એ.....૧
સૃષ્ટા એ શંકર સુર મુનિ માંગે એ, ચરણે લાગે સ્વામી તારે એ.....૨
ત્રિલોક કેરો એ નાથ નિરંજન, દાનવ ગંજન શ્રી દયાલ દેવ એ.....૩
અતિ રસ કોમલ અકલ અભેદ એ, વેદ અતીત વ્યાપી રહ્યો એ.....૪

### વલણ

રહ્યો વ્યાપી વિશ્વ સ્થાપી, ગોપ્યું તે નામ;
શંભ બંભ બોલાવ્યા, બેઉને સોપ્યાં કામ.....૧
ભક્ત વત્સલ બિરુદ તારું, તુજ ગુરવો રાય;
લીલા તે સઘળી તારી, તેં માંડયું આ એમ.....૨
પૃથ્વી આકાસ પર્વત, સપ્ત સાહેર તોય;
ક્ષેણુ એકમેં મર્યાદ લોપે, રહ્યાં તારે બોલ.....૩
ગાળ દેતાં ગુણ કરે રે, એવો સમર્થ રાય;
વેર ભાવે ઓધાર્યા, દાનવ ફેડયો ઠામ.....૪
અવર ઉપર હેત આણી, દુષ્ટે પડયા જેહ;
ગર્ભવાસ નિવાર્યા રે, નર તાર્યા ત્યાં તેહ;.....૫
સકલ પૃથ્વી ચૌદ લોકે, તું કરે તે હોય,
તારી જમલ જોતાં નહિ બીજો, અવર ન દીસે કોઈ.....૬
હું કરું મેં નીપજે રે, તે ત્યાં સહુએ આલ.....૭
માત મર્દન તુજ સ્વામી, વિશ્વકેરો પાલ;.....૭
તું કરે તે નીપજે રે, એ સત્ય વાણી વેદ;
અવર સહુએ વણસંતુ રે સન કાં આણે ભેદ......૮

### આદ-૩

ભેદ નહિ જશ જેને સુમરણે, તે નિત્ય સદાય સેવીએ એ.....૧
પરમ જીવન હરિગુણનો નિધાન એ, તીર્થ કોટ સેવા કરે એ.....૨
એક નીઘંટ વિશ્વાસુ તું આણીને પ્રાણીઆ પરિબ્રહ્મ જપ કરો એ.....૩
નીપજે બોલે એ જે નથી તેને એ, દર્શને સહુ ચત્રુભુજ હોય એ.....૪

### વલણ

દર્શન તેરે સ્વામી હોય એ, ચત્રુભુજ દેવ;
ખાણ ચારે આધરે, તોયે ન લાગે ખેવ.....૧
કામ ક્રોધ લોભે વાહ્યો, સૂધ નહિ એ વાત;
માયા તે સાંકળ સાંકળ્યો, કેમ સાંભળે તું તાત.....૨
આશા તે પર્વત અતિ ઘણાએ, માંહે વસમા માર;
તેહ તો ઓલંગી એ, જો તું કરે હરિ સાર.....૩
કર્મ બંધન ઉપન્યો એ, અવતર્યો કંઈ હાથ;
અહંકાર માંહે પરવર્યોએ, પ્રકૃતિ કેરે સાથ.....૪
સંસાર સાગર દોહ્યલાં એ, નિત નહિ ઉતાર;
માર્ગ માંહે મોહ દીસે, હરિ તમો વિના નહિ પાર.....૫
એક તીર્થ ભર્મે લાગ્યો, એક સાથે યોગ;
એક રાયા રંગ રાતા, એક વાંછે ભોગ.....૬
તત્ત્વ તારું નામ લાધ્યું, આવ્યો વિશ્વાસ;
અંગે ઉલટ ઉપન્યો, હૃદયે તારો વાસ.....૭
અનેક આગે ઓધર્યા મહાકર્મ મારગ કરોડ;
પરિબ્રહ્મ નામે જે મળ્યા, ભવના બંધન છોડ.....૮

### આદ-૪

જેને સુમરણે સંકુષ્ટ છુટીએ, નરક વછુટીએ ગર્ભવાસ એ.....૧
પામીએ નિશ્ચલ કામ નિરંજન, અચલ વિશ્રામ તે અનુભવે એ.....૨
સદાય આનંદ છે ત્યાં પરમાનંદ છે, હરખ ઉલટ ત્યાં અતિ ઘણો એ.....૩
નહિ અંધકાર ત્યાં કેવલ તેજ છે, સંત સદાયે હરિ શું રમે એ.....૪

### વલણ

સદા હરિ શું સંત નિરંતર, નામ એક જ વાત;
તું કરે તે નીપજે, ત્રિલોકકેરો તાત.....૧
મત્સ્ય રૂપે અવતરીને, વેગે વાળ્યા વેદ;
શંખને તેં શરણ આપ્યું, ટાળ્યો ભવ ભેદ.....૨

કૂર્મ રૂપે મેરુ મથ્યો, રત્ન ચૌદ લીધ;
અનેક દાનવ નિર્દમ્યા, ત્યાં કાજ સુરનર સિધ......૩

વરાહ રૂપે વિશ્વ કારણ, ધરી પૃથ્વી દાઢ;
વેગે વાળી બુડતી, ધન ધન સુકર દાઢ.....૪

નૃસિંહ રૂપે હિરણ્યાકંસ, કોટિ કટકા કીધ;
પ્રહ્લાદ સ્થાપી બંધ કાપી, રાજ અવિચલ દીધ.....૫

વામન રૂપે થયા વાડવ, જાચ્યો બલિ દાન;
ત્રણ કદમ આપ પૃથ્વી, મુજ રેહેવા ઠામ.....૬

પરશુરામે ધરી ફરસી, કીધાં ક્ષત્રિય કામ;
વિપ્રને આપી મેદની, ત્યાં અવતર્યા શ્રીરામ.....૭

રામ તું જ કૃષ્ણ તું જ, નહિ પરાક્રમ પાર;
કંસ રાવણ ઓધાર્યા, ત્યાં ક્ષણ ન લાગી વાર.....૮

બુદ્ધ રૂપે ધ્યાન ધર્યું, પ્રથમ પરમાનંદ;
પરિબ્રહ્મના ગુણ ગાતાં, મન ઉપજે આનંદ.....૯

કલંક કલિનું ટાળવા, નિકલંક છે ભરથાર;
ભણે વૈષ્ણવ વાર દશમી, અવતરશે આ વાર.....૧૦

卐

## લઘુ રાસ

પદ-૭૪૭

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ એમ મળ્યા, છુટયા રે શત લક્ષ ક્રોડ,
છુટયા રે જંત પ્રાણી અવતરણા, હો નરહર.....૧

ચાર ખાણ હવી નિર્મલી, તમો બાપજી પસાર રે;
સહુ કોઈ જાય રે મુક્ત થઈ હો નરહર.....૨

જી રે ઈન્દ્રાદિક આનંદીયા, મુનિ ક્રોડ તેત્રીશ રે;
કંઈ સ્વર્ગ ને એકવીશ દુદુંભિ વાગ્યાં.....૩

બ્રહ્માદિક શિવ હરખીયા, અમો પરિબ્રહ્મ પામ્યા રે;
પામ્યા રે રિધ ત્યાં અનંત બ્રહ્માંડ તણી.....૪

અષ્ટ કુલ પર્વત ચત્રુભુજ હવા, નવકુલ નગરે છુટયા સહસ્ર;
છુટયા સહસ્ર અઠાસી તપ કરણા.....૫

હરિ સુરજ ઉદય હવા, ત્યાં વીતી મોહ રાત રે;
કિરણ પ્રગટયા પરિબ્રહ્મ સહસ્ર નામ.....૬

વૈષ્ણજન સહુ સાંભળો, રાજા પરિબ્રહ્મનું બોલ્યુ રે;
બોલ્યું ન હોયે ઉપમાતણું રે.....૭

卐

## પસાવલો[1]

### પદ-૭૪૮

અમો મન વારો જી રે આપ સ્વાર્થ, નામ પરમાર્થ આપોજી અતિ ઘણું એ.....૧
અમો મન વારો જી રે કુડ કબુધ, સુબુધ આપો રે ત્રિભોવન ધણીએ.....૨
અમો મન વારો જી રે હું જ અહંકાર, તું નિરંજન સ્વામી હૃદયે વસોએ.....૩
અમો મન વારો જી રે વિષયા સ્વાદ, અક્ષય નામ જપું તારું એ.....૪
અમો મન વારો જી રે પર કલ્પના, નામ જપના આપો અતિ ઘણું એ.....૫
અમો મન વારો જી રે પર સ્ત્રી જાત, નામે રાચુ રે પરિબ્રહ્મ તારું એ.....૬
અમો મન વારો જી રે વેરણ નિંદ્રા, નામ ભંગના કરે તારું એ.....૭
અમો મન આપો જી રે ભકિત ને ભાવ, રાવ કરું રે પરિબ્રહ્મ તુજ શું એ.....૮
અમો મન આપો જી રે સંગત, વિગત ફીટે રે પરિબ્રહ્મ તુજ શું એ.....૯
અમો મન આપો જી રે વૈરાગ્ય વિશ્વાસ, આશ પુરો મારા મન તણીએ.....૧૦
એમ વિનવે વૈષ્ણવ હરિજીનો દાસ, વાસ સંતના ચરણનો એ.....૧૧

૧. પ્રસાદ-ગુરુકૃપાનો પ્રસાદ પ્રાપ્ત કરવાની અરજી તે પસાવલા

# ખાંડણા

પદ-૭૪૯

ગાઈને વાહીને કાંઈ નવ જાણું, સમજી વખાણું, રે રૂડા એક ચિત્તે.....૧
ગોવિંદ ગાતાં લાગી છે રે ખાંત, ભ્રાંત ભાંગી રે ભવ કોડ તણીએ.....૨
ગોવિંદ ગાતામાં કરશો રે કહાણ, હાણ ન હસે રે ગર્ભવાસ તણીએ.....૩
ગર્ભવાસ ઘર કાં વિસર્યો રે આંધળા, બાંધેલુ માયાને પાશ બંધ એ.....૪
હરિ ખડગ લઈને કાપને રે બંધ, વળી નહિ આવે રે સંસાર પાશ એ.....૫
આવવા જવા તણાં ખળભડ રે ભાંગ્યાં, ચરણે લાધ્યાએ ગોવિંદ ગાઢાએ.....૬
રામજી રામજી રામજી રે રામ, નામને તમારે સ્વામી વળગ્યાં એ.....૭
જ્યાં જોઉ ત્યાં રામજી દેખુ, તે કેમ ઉવેખુ રે વ્હાલો રામકૃષ્ણ એ.....૮
જ્યાં જોઉ ત્યાં તારું તેજ, હેત કરો ત્રિભોવન ધણી એ.....૯
રામનું નામ તે ત્રિભોવન તારણ, નરક નિવારણ સ્વામી વાસુદેવ એ.....૧૦
વિષ્ણુ ભકિત વિના જે કછુ જીવે, હાથ દીવો લઈ અંધ કુવે પડે એ.....૧૧
વિષ્ણુજી કૃષ્ણજી અહર્નિશ ઓચરે, હરિ તે કેમ વિચરે ત્રિલોક માંહિએ.....૧૨
બ્રહ્મ ખાઓ પરિબ્રહ્મ આરાધો, બ્રહ્મે બ્રહ્માંડ સ્વામી ઓધાર્યા એ.....૧૩
આવડાં બ્રહ્માંડ જેણે નિપાયાં, શશિ અરૂ સુરજ દીવા કર્યા એ.....૧૪
વાસના હોય તો વાસુદેવ ઉપજે, વૈષ્ણવ નીપજે સંતની સંગતે એ.....૧૫
સંતની સંગત એમ હજો અતિઘણી, જેની સંગતે રૂડા રામ મળે એ.....૧૬
રામનામની આપી ગુરૂએ સુખડી, ભુખડી ભાંગી ભવકોડ તણી એ......૧૭
રામજી રામજી રામજી રે રૂડા, તમ શું કુડો રે એ આત્મા એ.....૧૮
એક ગંગા ગયાજી જઈને આવે, રામજી સંભાળે તેને અધિક ફળ એ.....૧૯
અક્ષર અક્ષર ગંગા સ્નાન, પદ સંભાળે તેને પરમ પદ એ.....૨૦

卐

# હિંડોળા

## પદ-૭૫૦

હરિ અમૂર્ત ધાઈએ આરાધીએ તે પરિબ્રહ્મ, નિરંજન પદ ચાહીએ;
હિંડોળા રે જ્યાં નહિ જન્મ ને મરણ, હિંડોળા[1] રે યોગ અધ્યાત્મ સાર.....૧

હિંડોળા રે વેદ ન લહે જશ પાર, હિંડોળા રે અહર્નિશ પરિબ્રહ્મ ધ્યાન;
હિંડોળા રે આત્મા તણો વિશ્રામ, હિંડોળા રે યોગ્ય અધ્યાત્મ સાર.....૨

વણસંતુ સુખ છાંડીએ, બહુ સ્વર્ગતણા ભોગ નિરંજન સુખ સેવીએ;
હિંડોળા રે પરિબ્રહ્મ ભક્ત સંયોગ, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૩

કોટિ જન્મ દુઃખ પરહર્યાં, ઉપન્યો પરમ આનંદ, મુક્તપદ સુખ વરાંસીએ રે;
હિંડોળા રે ભેટયો આદિ મુદુંક, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૪

સુર મુનિશ્વર ઉલજ્યાં પણ ન દે દર્શન દેવ, વૈષ્ણવ સ્હેજે અનુસર્યા;
હિંડોળા રે હું મારું નહિ જેહ, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૫

યજ્ઞ દાન ને વ્રત તપે, મુજ ટળતા નહિ અવતાર, તું સમર્થ હવે ઓળખ્યો;
હિંડોળા રે હવો હવો ગર્ભ નિસ્તાર, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૬

કર્મ બંધન છેદયાં સંજેરી ચારે ખાણ, અંતક માર્ગ લોપ્યો રે;
હિંડોળા રે પરિબ્રહ્મ ભક્ત પરાયણ, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૭

જ્ઞાન વૈરાગ્ય તોરણ કર્યા, અને સ્તંભ શંકર બ્રહ્મા, નિષ્કર્મ ભક્ત હિંડોળા રે
હિંડોળા રે હીંચે હીંચે હરિ પરિબ્રહ્મ હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૮

પહેલી ધુમરડીએ યુગ ઘડે, બીજીએ પાળે વિશ્વ, ત્રીજીએ ત્રિભોવન સંહારે;
હિંડોળા રે ચોથીએ નહિ હોયે સૃષ્ટિ, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૯

કવિ શબ્દ બ્રહ્મ વિનવે, પરિબ્રહ્મ રાય અવિધાર, તું આગળ કોઈ જાણ નથી;
હિંડોળા રે આત્મા લ્યો હવે પાર, હિંડોળા રે યોગ અધ્યાત્મ સાર.....૧૦

હિંડોળા રે વેદ ન લહે જશ પાર, હિંડોળા રે અહર્નિશ પરિબ્રહ્મ ધ્યાન;
હિંડોળા રે આત્મતણો વિશ્રામ, હરિ હરિ યોગ અધ્યાત્મ સાર.....૧૧

૧. હિંડોળા દ્વારા સંસારમાં રહી કર્મના ઝૂલે ઝૂલતા ઝૂલતા ધ્યાનયોગની સાધના કરતા રહેવું તે જ અધ્યાત્મનો સાર છે એવો ગુરુનો ઉપદેશ.

## ઉમાવલો

રૂઅડલો[1] રૂઅડલોરે લૈયો, વૈકુંઠનો રાય કે,
વર રૂડો રે રુકિમણિ તણો એ;
પાતકડાંનો રે લૈયો ફેડયો ઠામ કે;
નામી લીજે રે નારાયણ તણું એ;
જપી જે પદ્મનાભ[2] પીતાંબર પરિબ્રહ્મ;
ગોવિંદ રામ તમ ચરણ શરણ જપીએ.....ટેક

પઢયો પઢયો રે લૈયો ચારે વેદ કે;
કર્મ માર્ગે ભુલ્યો ભમ્યો એ;
ના જાણ્યો રે ન જાણ્યો લૈયો ભકિતનો ભેદ કે;
હું અનેક કર્તો શિર આણ્યો એ જપી જે.....૧

દેવડીઆં દેવડીઆં રે લૈયો દેવાં કરો દેવ કે;
વૈકુંઠ કેરો સર્વ ધણી એ.....૨

કરજો કરજો રે લૈયો તે તણી સેવા કે;
જેણે હિરણ્યા કંસ વિડાર્યો એ.....૩

પહેર્યાં પહેર્યાં રે લૈયો પીતામ્બર ચીર કે;
હાર પહેર્યો રે ગુંજાફલ તણો એ.....૪

એણે ગોવાલડી રે લૈયો વાહ્યો બંશ કે;
કામ ધામ સર્વે વિસાર્યો એ.....૫

મોહ્યાં મોહ્યાં રે લૈયો તેત્રીશ ક્રોડ દેવ કે;
ગોકુલની મોહી રે ગોવાલણી એ.....૬

એણે પિંઢારીડે રે લૈયો ટાળ્યો ગર્ભવાસ કે;
માતાના ઉછંગે ઉતાર્યા એ.....૭

લક્ષ્મી લક્ષ્મી રે લૈયો લક્ષ્મી કેરો કંથ કે;
દારિદ્રય ચુરણ દામોદર એ.....૮

આનંદીઆ આનંદીઆ લૈયા તારા સંત કે;
તારી દષ્ટિ અવિલોકતાં એ.....૯

૧. રળિયામણા ૨. પાટણમાં થઈ ગયેલા સંત જેમણે કબીરસાહેબનો પાટણમાં સત્કાર કર્યો હતો. પદ્મનાભને જ પરમાત્મા સ્વરૂપ માનવાનો સંપ્રદાયમાં રિવાજ હતો.

## વાણી

પરિબ્રહ્મ વાણી રે પરણીએ, બ્રહ્માંડ જૈ જૈકાર રે;
ચાર ખાણ હવે નિર્મલી, ભાંગ્યો મોહ સંસાર રે.....૧

લેખાં તે વાર્યા જમતણા, ઉઠયો નરક વેપાર રે;
બંધન છુટયાં રે જીવતણા, સૌ મુકત હોયે પાર રે.....૨

મુકતા સ્થાવર જંગમ, મુકતા સુરનર નાગ રે;
મુકત સપ્તઋષિ નવ ગ્રહ, મુકતા મુનિવર જાગ રે.....૩

હરિહર બ્રહ્મા આનંદીઆ, ઘેર ઘેર હોય ઓચ્છવ રે;
ઓચ્છવ હોયે રે અતિ ઘણા, ગાઈએ વાણીનો નાવલીઓ રે.....૪

ઘેર ઘેર ઘોડલી ઉછળે, તળિઆં તોરણ બારે બાર રે;
બ્રહ્માંડ ફૂલે ફગર ભર્યાં, સૈયર હરખ ધરે જો રે.....૫

દેવ ચંદન હોય છાંટણા, હરખીઆ બારેજા મેઘ રે;
શંખ પંચાયન પૂર્યો, ભોવન ગાજયો નિર્ઘોષ રે.....૬

લક્ષ્મી તે નાહુ નારાયણ, અતિ હરખ્યાં મન માંહે રે;
શંકર તાંડવ નાચ્યો, વ્યાપ્યો ભોવન વિસ્તાર રે.....૭

મુકતા વછુટી રે ગંગા, સળકયો વાસુકી નાગ રે;
સહસ્ત્ર અઠ્ઠાસી સરસા, બ્રહ્મા વેદ ભણે જો રે.....૮

જયાં લગી હતો કુંવારડો, પરિબ્રહ્મ વાણીનો ભરથાર રે;
ત્યાં લગી સંકુષ્ટ બંધન, સુખ નહિ એકેક વાર રે.....૯

સુખીઆં તે સીયલ બ્રહ્માંડ હવાં, હવે પરણ્યા જોગે જગન્નાથ રે;
આનંદ પરમાનંદ હવાં, ભાંગ્યા સંકુષ્ટ મહાદુઃખ રે....૧૦

દુઃખ તે ભાંગ્યા દોહ્યલાં, બંધન આત્મા નિર્મલ હોય રે;
રૂપ તે લક્ષ ચોરાશીના, ઓડવલાં સર્વે સર્વે ભાંગ્યા રે....૧૧

ભાંગી ત્રિભોવન કલ્પના, એક જ હોય આનંદ રે;
જય પરમાત્મા પરિબ્રહ્મ, જૈ જૈ જુગદાધાર રે....૧૨

બ્રહ્માંડ કોડ છે ઘોડલી, ઘેર ઘેર મંગલ ચાર રે;
નહિ દિન રાત ને વેળા, નહિ પળ જુગ કલ્પાંત રે....૧૩

ક્ષુધા તૃષા નહિ નિદ્રા ચીંતા, નહિ ઘેર ઘેર ધંધા રે;
સરરાચર સૌ તૃપ્તું રે, સુખ પરમાનંદ હરખ્યાં રે....૧૪

અવર કાંઈ નવ જોઈએ, ગોથાં સૌ તણાં ભાંગ્યા રે;
રાજાજી બેઠા પરિબ્રહ્મ આગળ, સંત માનીતાં રે.....૧૫

અવર ગુણે સૌ જપ કરો, ચત્રુભુજ રૂપ ધરજો રે;
અવર નહિ મુખ બોલવું, કેવલ રામ જપજો રે.....૧૬

જન્મ જરા મૃત્યુ ભય નહિ, અવર નહિ કોઈ કાજ રે;
એક જ તું અવનેશ્વર, આનંદીઆ સર્વે સંતો રે....૧૭

卐

## પદમ-ઘોળ

પદ-૭૫૩

**આદ-૧**

શ્રીગુરુ સ્વામીજી તમો પાયે લાગુંએ, માંગુએ સંત મતિ નિર્મલી એ.....૧
નિર્મલ નગરીએ દ્વારિકા પાટણએ, વૈકુંઠ નાથ જયાં અવતર્યા એ.....૨

### વલણ

વૈકુંઠનાથ જયાં અવતર્યા રે, દેવ કહે રે સૂધ;
સ્ત્રષ્ટા તે શંકર સહુ મળ્યા રે ધર્મ પૂછવા હરિબૂધ.....૩

અંગ ઉલટ[1] ઉપજયો રે, દેવ શું છે કાજ;
આકાશ વાણી ઓચરી રે, તમો વળો પાછા આજ.....૪

આદ પુરુષ જયાં અવતર્યા રે, જયાં પાટણ પ્રજાપતિ;
આપ આપણે સ્થાનક જાયો રે, હીંડવા જુગતે રે.....૫

બ્રહ્મા તે શંકર ઈન્દ્ર સુર, તેત્રીસ નર ને નાર;
હરિ મૃત્યુ લોકે અવતર્યા, થઈ માનવી સંસાર.....૬

શારદાની તીરે જાઓ, વેગે ન લાવો વાર;
પાટણ મધ્યે પદમ કહીએ, જાણીએ કુંભકાર.....૭

કરણ કારણ પિતા જેનો, લક્ષ્મી જેની માય;
પાતાળપદે પટરાગણી, જઈ લાગું હરિને પાય.....૮

કરજોડી કરૂં વિનતિ રે વેગે નામું શિશ;
કાજ કહું જઈ આપણા રે, જયાં અવતર્યા રે જુગદીશ.....૯

જનક જોગે અવતર્યા રે, શુકદેવ નારદ રૂપ;
એક થઈ દાસ રહ્યા રે, એક થયા બડ ભૂપ....૧૦

卐

૧. આનંદ

### ઢાળ

એક થયા રે બડ ભુપ રે સ્વામી, સ્વરૂપ કળ્યું નવ જાય;
આપ આપણે સ્થાનક મળ્યા, શ્રી પદમનાભ તણે પસાય....૧૧

### આદ-૨

સ્વામી સેવક ગુંજ પ્રકાશ્યું, અમો મન આનંદ અતિ ઘણો એ.....૧
દેવ કારણ કહો ચરણ પસાયો કરી, વિપરીત અવતર્યા કોણ કાજ એ.....૨

વલણ

વિપરીત ગત હું અવતર્યો, આગે તે અનેકવાર;
મેં સંખ તાર્યો વેદ વાર્યો, મત્સ્ય ને અવતાર.....૩

કૂર્મ રૂપે મેરુ મથ્યો રે, રત્ન ચૌદ લીધાં;
મેં મંદિરે પુષ્ટે સમુદ્ર ગાહ્યો, કાજ સુરિનર સિધ્યું....૪

મહીં તે દાઢ અગ્ર રાખી, ધર્યું વરાહ રૂપ;
મેં વિશ્વ ઉપર હેત આણી, ભુર રાખ્યા ભૂપ.....૫

નૃસિંહ રૂપે અવતરીને, હણ્યો મેં હિરણ્યાકંસ;
પ્રહ્લાદ સ્થાપી પદ આપી, અમર સઘળાં સાક્ષી.....૬

વામન રૂપે થયો વાડવ, જાચ્યો બલિરાય;
પાતાલ ચાંપ્યો નાગ કંપ્યો, માંગ્યો વર પસાય.....૭

પરશુરામે અવતરીને, મોડયા ક્ષત્રિય કરોડ;
વ્રિપને આપી મેદની, ત્યાં રહ્યો હું કરજોડ.....૮

રામ રૂપે હણ્યો રાવણ, સીતા વાલી રીંછ;
સાતમે અવતાર આગે, ત્યાં વાનર રીંછ.....૯

અષ્ટમે હું અવતર્યો રે, વળી જાદવ વંશ;
કૃષ્ણ હું ગોવાળ થયો, વેગે જીત્યો કંસ....૧૦

ઢાળ

વેગે જીત્યો કંસ રે સ્વામી, આપ ગયા દ્વારામતિ;
બાર જોજન નગર વાસ્યું, તટ નિર્મલ ગોમતિ....૧૧

આદ-૩

નવમેં હું અવતર્યો બોલ જ પાળવા, ટાળવા કારણ કર્મનું એ.....૧
મર્મ ન જાણે મુનિજન મારો રે, વેદ પુરાણ કરે વિનંતી એ.....૨

### વલણ

વેદ પુરાણ કરે વિનતિ રે, કોઈ ન જાણે મમ,
હરિ બુદ્ધ રૂપે અવતર્યો રે, જુગ પાળવાને ધર્મ.....૩

કર્મ વિશ્વનું ટાળવા રે ગાલવા ગુણ બીજ;
સંસાર પાર ઉતરવા રે, જાચકને જુગદીશ.....૪

મૂઢ ફેડી ગુણવંત કીધાં રે, દુષ્ટ કીધાં સાધુ;
અમો દીન ઉપર દયા કરી રે, ક્ષમ્યા બહુ અપરાધ.....૫

ભકત દ્વાદશા પ્રગટ થાશે, ગાજશે બ્રહ્માંડ;
વૈષ્ણવ રૂપે વિષ્ણુ અવતર્યા, છોડવા સર્વ ખાણ.....૬

અનેક તે અવતાર તાર્યા, અસુર રૂંધી વાટ;
શ્રી પદ્મનાભ પધાર્યા રે, મુકતા તે કીધા ઘાટ.....૭

કષ્ટ કલિમલ વિમલ્યાં રે, નિર્મલ કીધાં નીર;
અધમ એણી પર ઓધાર્યા રે, પછી સંત શરીર.....૮

ષટ્ દર્શનને ક્ષમા આપી, સમ દમને સંતોષ;
સંત સંમંત સહુ મળ્યું, ગયો જન્મ જીર્ણ રોગ.....૯

સંસાર સાગર સહુ પડે રે, બૂડતાં નહિ પાર;
જનકની પેરે જુગ સઘળો, ઓધર્યો આ વાર....૧૦

### ઢાળ

ઓધરો આ વાર રે સ્વામી, વિષ્ણુ પર હેત કરી
શ્રી પદ્મનાભ અવતાર લીધો, ખાણ ચારે ઓધરી....૧૧

### આદ-૪

દ્વારકા કાશીએ કોટિ શિરામણિ, ખ્યાતિ વાડી તણી કેમ કહું એ.....૧
નિરંજન પદથકી અવતર્યા પરિબ્રહ્મ, પાટણ પ્રજાપતિ શ્રી પદ્મનાભ એ.....૨

વલણ

શ્રી પદ્મનાભ જોગે અવતર્યા રે, સર્યા અવની કાજ;
અમો રંકને કર રત્ન લાધ્યું રે, અંગ ઉલટ આજ.....૩

નિર્ધન ને જેમ ધન લાધ્યું રે, ન મોડયો શત્રુકાર;
લક્ષ ચોરાશી મુકિત આપી રે, કીધાં પરઉપકાર.....૪

વાડી તે વૈકુંઠ પેરે પ્રગટી રે, જયાં તેજ બ્રહ્મ પ્રકાશ;
પરિબ્રહ્મ પદ નરનાર ગાયે, નિરંજન પદ વાસ.....૫

સંત સહુ સમીપ તેડયાં, સર્યા પૃથ્વી કાજ;
તિલક તુલસી સંત સંગત, મુખ લો હરિ નામ.....૬

વસુધા ઉપર અવતરીને, પૂજયાં પાવન સાર;
મેગલની પેઠે મલપતાં, થઈ છોડવ્યો સંસાર.....૭

સંત સહુ આનંદે બેઠાં હોય છે દિવ્યજ્ઞાન;
વૈકુંઠ રાજા મધ્યે બેઠાં, આપે ઉત્તમ દાન.....૮

સંસાર સઘળે શોક ભાંગ્યો, હવો હર્ષ અપાર;
દેવ દુદુંભિ વાગ્યાં રે, બ્રહ્માંડ હવો જૈ જૈકાર.....૯

વૈકુંઠ ભણી વિમાને ચાલ્યો, જમ ભાંગી વાટ,
નગર નગર તારણ સોહે, દેવને ગૃહે વાટ....૧૦

ઢાળ

દેવને ગૃહે હોય ગાટ રે સ્વામી, શ્રી પદ્મનાભ પસાય કરી;
ભણે વૈષ્ણવ પદ્મનાભ, જન્મનાં જોખમ ગયાં ટળી....૧૧

卐

## આરતી

પદ-૭૫૪

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહિ રે;
હરિ અવિગત ગોવિંદ સંત સહાય કરો શ્રીપતિ ધણી રે.....૧

હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગધર સોહામણો રે;
હરિ રૂવડેલો વૈકુંઠનાથ, દુકીત હરણ દામોદરો રે.....૨

હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષ આરાધીએ રે;
ધન્ય ગાઈએ દ્વારીકા રાય, શ્યામ વર્ણ સોહામણો રે.....૩

હરિ સેવો સમર્થ સાર, પાર જેનો કોઈ નવ લહે રે;
હરિ સોહે છે અવિનાશ, વ્હાલો વાસ આપે વૈકુંઠ ધાણી રે.....૪

હરિ માધવ મુકુંદ મોરાર, મહાદેવ સોહામણો રે;
હરિ ભકિત મુકિત દાતાર, નારાયણ તો નિર્મળો રે.....૫

સદા સારંગધરશું વિચાર પાર ને કનૈયા આતમા રે;
હવે વેગે મળ્યો વિશ્વાસ, તારોને ત્રિભોવન ટળવળે રે.....૬

જીવ મોહ્યો છે જગ માંય, કલિ કાલે જીવ ઝંપ્યો રે;
હરિ વિના ન લહે શ્વાસ, સદા સારંગધર રે.....૭

સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ આનંદ અંગે ઉલટયો રે;
ભલે આવ્યો પરિબ્રહ્મ રાય, વૈષ્ણવજન માંહે પરવર્યા રે.....૮

હરિનો વર્ત્યો જૈ જૈકાર, સાર બોલો હવે સાચા ધણીનો રે;
હરિનો આવ્યો જયારે મન વિશ્વાસ, પાશ છુટયા ચારે ખંડના રે.....૯

બાપ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તમારા વિનવે રે;
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય, સમર્થ ધણીને સંતે સેવ્યા રે....૧૦

卐

## ૨૮ કીર્તનનો સાર

પદ-૭૫૫

સઘળે સ્વામી એક તું, પરિબ્રહ્મ પસાર;
ભીડ ભકતની ભાગવા, રૂપ ધર્યો તેણીવાર.
પાયે લાગી કરું વિનતિ, સુણજો સ્વામી સાર;
પાર કરો દુઃખ ભાંગીને, પાયે લાગી કરું વિનતિ.....ટેક

બીડલું લઈને આવ્યો, નવ કરી સંભાળ;
સંત સંગતે નાહ્યો નહિ, તોડયો ત્રિવેણી તાર.....પાયે લાગી૦ ૧

જન્મ મરણની વ્યાધિએ, દુઃખ કડવેથી જાય;
આદ પુરુષને ઓળખે, નિર્ભય પદ પાય.....પાયે લાગી૦ ૨

સાહેલી તે સુરતિમાં, વૃત્તિ ના રહી નાથ;
પ્રપંચમાં પરોવાઈ રહ્યો, ભરી મોહશું બાથ.....પાયે લાગી૦ ૩

હેલી હેલાં દે કરો, સુણો આત્મારામ;
પ્રકૃતિનો સંગ ત્યાગતાં, પાવે સુખ ઠામ.....પાયે લાગી૦ ૪

ઘોડલી ગુરુગમ જ્ઞાનથી, મદ મત્સર મોડ;
હિમ્મત હરિના નામની, પ્રીત પ્રભુ શું જોડ.....પાયે લાગી૦ ૫

બ્રહ્મારૂલી ના રોલવી, મોહ્યો માયામાં જાળ;
તેણે ચારે ખાણ ભમ્યો, કુટાયો કાંઈ વાર.....પાયે લાગી૦ ૬

પૃથ્વી વિવાહ પરિબ્રહ્મ શું, વળી વરાહ રૂપ;
દાઢ અગ્રે જે લાવ્યા, હણી હિરણાકંસ ભૂપ.....પાયે લાગી૦ ૭

વડું રે ધોળમાં વિવેક શું, સાંપો સુરતા રે શ્યામ;
ટેકા ટાળે કર્મના, પામે નિજ ધામ.....પાયે લાગી૦ ૮

વડી કારજમાં વીંધવા, મોહ કામને લોભ;
જારે અવર સહું વાસના, મટે મનના રે ક્ષોભ.....પાયે લાગી૦ ૯

લોઢી કારજ લક્ષ લઈને, લોઢે અવર વિકાર;
કાયા માયાથી આત્મા, પામે પરિબ્રહ્મ પાર.....પાયે લાગી૦ ૧૦

નામ લે હરખ ભોવન શું, રાખી ચોઘણો ચાવ;
પરિબ્રહ્મ પદને પામે તે, શુદ્ધ સત્ય સુભાવ.....પાયે લાગી૦ ૧૧

શોક ભોવન સમજયો નહિ, વાહ્યો અવરની સાથ;
કુંડ અઠ્ઠાવીશ ઊભા થયા, ચડયો જમડાને હાથ.....પાયે લાગી૦ ૧૨

વેદ પુરાણે કહ્યું કથી, હરિ મંત્ર જ સાર;
તેનો રાખો એ આસરો, હોય હમણાં નિસ્તાર.....પાયે લાગી૦ ૧૩

સોરંગે રંગ્યો નહિ, રંગ્યો અવર વિકાર;
તેણે ચોરાશી તું ભમ્યો, કુટાયો કંઈ વાર.....પાયે લાગી૦ ૧૪

સંત સોહાગો સોહાગશું, હરિ કિર્તન નામ;
અવર પદાર્થ સૌ વિષે, થવું જો નિષ્કામ.....પાયે લાગી૦ ૧૫
ગુરવા ગણપતિને નમુ, જેણે આપ્યું નામ;
સાર વસ્તુને સમજવી, સધાર્યાં સહુ કામ.....પાયે લાગી૦ ૧૬
ચર્તુવદનના રાસમાં, મુખ્ય કહ્યું જ્ઞાન;
ચતુશ્લોકે ચેતવી, દીધું દર્શન ધ્યાન.....પાયે લાગી૦ ૧૭
અહર્નિશ સ્મરણ જે કરે, તોડી ક્રિયા કર્મ;
અક્ષયપદને ઓળખે, છુટે સઘળો બ્રહ્મ.....પાયે લાગી૦ ૧૮
વાડીના રાસમાં વસી રહ્યા, જેમાં સંત ન સત્ય;
પાટણમાં જે પ્રગટયા, તે કહીએ પ્રજાપતિ.....પાયે લાગી૦ ૧૯
લઘુરાસે લાભે ઘણો, લાધે અકલ અરૂપ;
જીવ જુગદીશને સ્મરતાં, દર્શે શ્યામ સ્વરૂપ.....પાયે લાગી૦ ૨૦
પસાવો માગીને વિનવું, સ્વામી કરજો સાર;
અનેક જન્મ અથડાયો, રાખો ચરણમાં જાર.....પાયે લાગી૦ ૨૧
ગોવિંદના ગુણ ગાઈએ, છુટે ખાંડણાં ખાણ;
વાસુદેવ વસી રહ્યો, સર્વત્ર સમાન.....પાયે લાગી૦ ૨૨
હિંદોલાયો નહિ આત્મા, પડયો કોટિ બ્રહ્માંડ;
પુનર્પિ જન્મ મરણ સહ્યાં, ફર્યો નવખંડ.....પાયે લાગી૦ ૨૩
ઉમાવલો જે જપે, રાખે તેનો વિશ્વાસ;
દારિદ્રય ચુર્ણ દામોદરો, લહે લક્ષ્મી નિવાસ.....પાયે લાગી૦ ૨૪
વાણી વરી પરિબ્રહ્મ શું, છુટયો સઘળો દ્વંદ્વ;
પ્રેમ વાધ્યો પ્રીતમશું, હવો અતિશય આનંદ.....પાયે લાગી૦ ૨૫
પદ્મ ધોળથી પધાર્યા, શ્રીકૃષ્ણને રામ;
ભકત મનોરથ પૂર્યા, ધર્યાં અનેક નામ.....પાયે લાગી૦ ૨૬
આરત આરતી વિશે, પકડો એક જ ટેક;
જે જેમ તે તેમ સમજશો, શુદ્ધ સિદ્ધ વિવેક.....પાયે લાગી૦ ૨૭
અઠ્ઠાવીએ અઠાવી ટળે, સાધે સૂધ વિચાર;
કહે જીવણ એ પામશેં, પરિબ્રહ્મમાં જાર.....પાયે લાગી૦ ૨૮

### સાખી

અધ્યારૂ પાટણ ભયે, સિદ્ધરાજ કે દિવાન;
પદ્મનાભકી પ્રીતમાં, છોડ દિયા સબ માન.....૧

卐

# વિવાહનાં પદો

## પદ-૭૫૬

### ધોળ

જી રે પગરણે વ્હેલા પધારજો;
સધારજો રે સધારજો સેવકના કામ.....પગરણ.....ટેક
જી રે તમો વિના સર્વે શોભે નહિ;
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન.....પગરણ.....૧
જી રે વ્હાલાની જોઉં છું વાટડી;
પાવન કરજો રે પાવન કરજો અમારા ધામ.....પગરણ.....૨
જી રે અબલાની આશા પૂરજો;
ઘણું શું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણાધાર......પગરણ.....૩
જી રે રામ કૃષ્ણ પ્રભુજન રંકને;
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ.....પગરણ.....૪

## પદ-૭૫૭

માતા જશોદાજી સાંભળો વાત, કન્યા મેં એક દીઠી છે જાત;
કંચનવર્ણ સમાન છે ગાત્ર, તો કહાન કુંવર પરણાવીએ રે.....ટેક
મેં મારા મનમાંહે તપાસ્યું, તે તમો આગળ પ્રકાશ્યું;
તમો વિના મેં કંઈ નવ વાસ્યું, તો કહાન કુંવર પરણાવીએ રે.....૧
મેં પૂછી સર્વે કાઢી છે ભાળ, તમારી વાત કરે તત્કાળ;
બેસી નહિ કંઈ કરીએ વિચાર, તો કહાન કુંવર પરણાવીએ રે.....૨
વેવાઈ તમો સરખા અતિ સારા, ભાર ઉચકશે સર્વે તમારા;
સત્ય કહું મનમાં ધારો, તો કહાન કુંવર પરણાવીએ રે.....૩
દિન પૂંઠે દિન હરખમાં જાય, વ્રજાવાસી સૌ આવે જાય;
વલ્લભ વ્રજમેં લાડ લડાવે, તો કહાન કુંવર પરણાવીએ રે.....૪

## પદ-૭૫૮

રાવલમાં એક શ્રીવૃષભાન, કન્યા ત્યાં પરણવા જુગધામ;
વ્રજમેં સહુ કોઈ કરે વખાણ, તો કૃષ્ણ લાયક એ પુતલી રે.....ટેક

ઘેર ઘેર વાત સદા એમ થાય, વાજતી વાજતી રાવલ જાય;
નંદકુંવર વરે એ કન્યાય, તો કૃષ્ણ લાયક એ પુતલી રે.....૧

કિરતી વાત ઘરમાં હે જણાવી, શ્રી વૃષભાનના મનને ભાવી;
ચાલી ચાલી ગોકુલમાં આવી, તો કૃષ્ણ લાયક એ પુતલી રે.....૨

પહેલાં શ્રી એક રાધા અવતાર, પછી સેવે છે નંદકુમાર;
વિવાહ વાત થઈ નિરધાર, તો કૃષ્ણ લાયક એ પુતલી રે.....૩

જુગ જીવન પરણે પરણાવે, કલેવર તો બેઉ કારણે આવે;
વલ્લભ વ્રજમેં લાડ લડાવે, તો કૃષ્ણ લાય એ પુતલી રે.....૪

## પદ-૭૫૯

ગોર શ્રી ગર્ગાચાર્ય બોલાવો, વિવાહ સામગ્રી સર્વે લખાવો;
જે જોઈએ તે સર્વે મંગાવો, તો મંડપ મંદિર શોભતો રે.....ટેક

શ્રીફલ ફોફળ મિંઢોળ મંગાવો, નાના રંગ ઉત્તમ મંગાવો;
કંકુ પીઠી સર્વે મંગાવો, તો મંડપ મંદિરે શોભતો રે.....૧

સગાં વ્હાલાં સર્વે બોલાવો, જશોદાજી ખાવું ખવડાવો;
લેજો જેને જેવું મન ભાવે, તો મંડપ મંદિરે શોભતો રે.....૨

વ્રજવાસી સૌ આવે ને જાય, મંડપમેં અતિ-આનંદ થાય;
જાચકજન સૌ આવે ને જાય, તો મંડપ મંદિરે શોભતા રે.....૩

વ્રજમેં નિત્ય વખાણ કહેવાય, ગોકુલમાં જો ગમતું થાય;
વલ્લભ સાંજી[1] વિવાહ ગાઈ, તો મંડપ મંદિરે શોભતો રે.....૪

卐

૧. આરતી ટાણે

## પદ-૭૬૦

નંદ જશોદા હરખે અપાર, સાંભળી વિવાહ વાત વિસ્તારી;
ગોકુલમાં થયો જૈ જૈકાર, તો લાલજીનો વિવાહ ગાઈએ રે.....ટેક
માતાજીએ ઓછંગ લઈને લાલ, વચન સાંભળી ઉપજ્યો વ્હાલ;
ચુંબન ગાલે કીધું તત્કાલ, તે લાલજીનો વિવાહ ગાઈએ રે.....૧
સાંભળી વાત તે શ્રીઘનશ્યામ, માતાજી રૂડાં કરોની કામ;
તમે તમારાં વધારોની નામ, તો લાલજીનો વિવાહ ગાઈએ રે.....૨
શ્રીવૃભષાન વેવાઈ થાશે ઠકરાણી રાધાજી કહેવાશે;
વ્રજભૂમિમાં સૌ કોઈ ગાશે, તો લાલજીનો વિવાહ ગાઈએ રે.....૩
વિવાહ વાત સદા એમ થાય, વર પરણે પરણ્યા કહેવાય;
વલ્લભ વાત એમ થાય, તો લાલજીનો વિવાહ ગાઈએ રે.....૪

## પદ-૭૬૧

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો;
કેસરીઆં વાગા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે.....ટેક
પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટકે લટકાવો;
બંધુવર ને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે.....૧
શ્રીફલ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જશોદા માત;
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, વરઘોડે વર શોભતો રે.....૨
ગોકુલમાં સહુ જોવાને મળ્યા, રૂપ દેખી સહુનું ચિત્તડું ચઢયું;
વલ્લભનું મન આનંદમાં મળ્યું, વરઘોડે વર શોભતો રે.....૩

## પદ-૭૬૨

ગોવિંદજી પરણે નંદજી પરણાવે, તે રે દિવસ સખી ક્યારે આવે;
સાંજી દેવ ત્યાં આવી બોલાવે, તો ચારે મંગલ ગાઈશું રે.....ટેક
જશોદાજી આપણને બોલાવે, ખોળામાં કંઈ નૌતમ લાવે;
નવું નવું કરીને ગવડાવે, તો ચારે મંગલ ગાઈશું રે.....૧

વર વનમાલી આવીને આવીને જુએ, સાંભળતા સૌ દુઃખડાં ખુએ;
તે સમે માવડી ગાવડી દુહે, તો ચારે મંગલ ગાઈશું રે.....૨
આવીને ત્યાં કહાનની પાસે, માતાનું મન રૂડું રે થાશે;
નિરખી સ્વરૂપ રસિક સોહાસે, તો ચારે મંગલ ગાઈશું રે.....૩
વરઘોડે વર જ્યારે ચઢશે, વ્રજમેં સૌ કોઈની દષ્ટિએ પડશે;
વલ્લભનું મન ત્યાં ગળશે, તો ચારે મંગલ ગાઈશું રે.....૪

## પદ-૭૬૩

રાધાજી ઘણું હરખ્યાં મન, આજ અમારો અવતાર છે ધન્ય,
પ્રગટયું પૂર્વજન્મનું પુન્ય,[૧] તો પુરણ બ્રહ્મને પરણીએ.....ટેક
મારા મનમાં હતી એક વાત, તમે જાણી જદુનાથ;
જન્મો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ.....૧
અંતરીક્ષથી બહુ વાજાં વાગે, જાણે ગગનમાં મેહુલીઓ ગાજે,
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.....૨
સૌ સાજન મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે;
વલ્લભ ઊભાં વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.....૩

卐

૧. ગૃહસ્થ બન્યા પછી પણ મનને પ્રભુમાં જોડી મનુષ્ય અવતાર ધન્ય બનાવવાની વાત છે.

## પદ-૭૬૪

ચાલો સખી નંદભુવન જઈએ, ત્યાં જઈ સૌ સાંજી ગીત ગાઈએ;
સાંભળજો તમો પ્રેમ શું લઈએ, જુગલ સ્વરૂપને ધાઈશું રે.....ટેક
સાંભળી તું ત્યાં પરવરજે પહેલી, હું ફરવા આવું ઘેલી;
વારંવાર તું ચાલની વ્હેલી, જુગલ સ્વરૂપને ધાઈશું રે.....૧
અમો કહાન કુંવરને દેખીશું, દિવસ આપણા સફલ લેખીશું;
નંદ જશોદાને પેખીશું, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે.....૨

કાંઈ કીર્તન બળદેવને કહીએ, શ્રી વૃષભાન સુતા કુલ લઈએ;
આગળ કામ ઘણું એ છે, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે.....૩

એવું આપણે સાંજે ગાઈશું, વર પરણે ત્યાં દર્શને જઈશું;
વલ્લભ નંદ કુંવર વરશે, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે.....૪

પદ-૭૬૫

રાધા ને કૃષ્ણ બન્ને ચઢયાં વરઘોડે, માંડવડો વધાવયો છે કોડે;
કેડે બેસી બન્ને જાય છે જોડે, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....ટેક

નંદ જશોદાનાં પગલાં પનોતાં, ગાતાં ને વાતાં પાદરે પહોંચ્યા;
વળાવી આવ્યાં સર્વે સમોતાં, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૧

વેવાઈ ભેટયા છે આનંદ આણી, ભેટતાં ભેટતાં બાંધ્યા છે તાણી;
મશ્કરીમાં હસ્યાં સૌ પ્રાણી, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૨

આપ્યું છે દાન ને લીધું છે દામ, છોડાવ્યાં નંદરાય વૃષભાન;
સંગાતે મળીને ચાલી છે જાન તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૩

કેડે બેઠા તેનું દામ જ આપ્યું, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું;
આનંદે ઉલટીને સર્વેને આપ્યું, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૪

કેડેથી વરવધૂ બેઠાં રથમાંહી, તેત્રીશ કરોડ સ્તુતિ કરે ત્યાંહી;
સાસરિયામાં લાગજો સહુને પાય, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૫

પાછળથી સૈયર સહુ વળાવીને વળ્યાં, જલ જમુનાના ભરીને લાવ્યાં;
ક્યારે દેખીશું બેન હવે મન ભાવ્યાં, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૬

પાછી ફરી જૂઓ બાઈ બ્હેની, સગાં કુટુંબ કહે દર્શન દેની;
રાધાજી બોલ્યા અંતે હું એની, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૭

હાંકો રથ રહ્યાં સહુ થોભી, રાધા કૃષ્ણ પર રહ્યાં છે લોભી;
ગોકુલ ગામ રહ્યું સર્વે શોભી, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૮

કુંવર પરણાવીને નંદ ઘેર આવ્યાં, સુંદર નાર પદ્મણિ લાવ્યાં;
સોનાને ફૂલડે સર્વે વધાવ્યાં, જુગલ સ્વરૂપે સધાર્યા રે.....૯

શશિ કોટિ ઉપપા રે જેને, નંદજીનો લાલો પરણ્યો છે તેને;
નિરખીને વલ્લભ થયો છે આનંદ, તો જુગલ સ્વરૂપે સધાર્યા.....૧૦

પદ-૭૬૬

ઉઠો વૃષભાન વરાવે ની જાન, તમે તમારું રાખોની માન;
ઊગે છે ભાણ ને થાય છે તડકો, તો કન્યાને વળાવીએ રે.....ટેક

નંદરાયને એક પામરી જોડ, બેસવાને આપ્યો છે ઘોડો;
સૌ પહોંચ્યા છે મનનાં કોડ, તો કન્યાને વળાવીએ રે.....૧

નૌતમ રંગ તણી એક સાડી, જશોદાજીને પહેરાવવા કાઢી;
ઉઠે છે પહોળીને લાંબી છે સાડી, તો કન્યાને વળાવીએ રે.....૨

રોકડાં નાણાં આપ્યાં છે અપાર, જોવા મળ્યા છે સર્વે લોક;
શેરીએ શેરીએ કોલાહલ, તો કન્યાને વળાવીએ રે.....૩

રથ માફા સૌ તૈયાર કીધાં, વહેલતણી બહુ વાગી છે લાહ;
એનો કહેતા નહિ આવે પાર, તો કન્યાને વળાવીએ રે.....૪

સખીઓ મળી સૌ ગાઈ છે ગીત, વિવાહ તણી ભલી રાખે છે રીત;
વલ્લભને વળાવવાની પ્રીત, તો કન્યાને વળાવીએ રે.....૫

પદ-૭૬૭

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટયા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવક જનના કામ, તો ધન્ય જશોદા માવડી રે.....ટેક

અંધારી આઠમ અજવાળી, તે દિન પ્રગટયા શ્રી વનમાલી;
મંગલ ગાએ સૌ વ્રજની નારી, તો ધન્ય જશોદા માવડી રે.....૧

તરીયાં તોરણ બાંધ્યા છે દ્વાર, સાથિયા શોભાતણો નહિ પાર;
દધી છાંટે સૌ નરને નાર, તો ધન્ય જશોદા માવડી રે.....૨

વેદ કહે છે પુરણ બ્રહ્મ, જાણે નહિ કોઈ એનો મર્મ;
શાં શાં નંદે કીધાં શુભ કર્મ, તો ધન્ય જશોદા માવડી રે.....૩

વ્રજમેં ન્યાલ કીધાં તે કહીએ, એના ભાગ્યનો પાર ન લઈએ;
હૃદયમાં રાખ્યા નંદને છૈયે, તો ધન્ય જશોદા માવડી રે.....૪

ભજની ભૂપ નિત બહુ જાગે, ભક્તિ કૃષ્ણ વિના સહુ ત્યાગે;
વ્રજભૂમિ અતિ સુંદર લાગે, તો ધન્ય જશોદા માવડી રે.....૫

જાચક આવી જનમ જશ ગાએ, નંદ વધાવીને ન્યાલ જ થાય;
એના આપ્યાં મુખથી ના કહેવાએ, તો ધન્ય જશોદા માવડી રે.....૬

દુદુંભિ દેવતણાં બહુ વાગે, પશુ પંખી પાવલીએ, લાગે;
ભકિત ભાવ સદા મુખ માગે, તો ધન્ય જશોદા માવડી રે.....૭

દિન પુંઠે દિન હર્ષમાં જાય, વ્રજમાં બાલ લીલા નિત્ય થાય;
વલ્લભ વેદ પુરાણે ગવાય, તો ધન્ય જશોદા માવડી રે.....૮

## પદ-૭૬૮

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાં પ્રગટયા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવકજનના કામ, તો ધન્ય જશોદા માવડી રે.....ટેક

ભૂતલ ભાર થયો અતિ ભારી, ત્યારે હરિએ મનુષા દેહ ધારી;
કંસાસુરને મારવા નાંખી, તો ધન્ય જશોદા માવડી રે.....૧

તેત્રીશ કરોડ દર્શને આવે, તનમન સહિત બહુ ભેટ લાવે;
માનુની નિશદિન મંગલ ગાવે, તો ધન્ય જશોદા માવડી રે.....૨

શિવજી કહે છે સુણો મોરી માય, માતજી અમને આપો વધાઈ;
જાચકજન સહુ આવ્યા ધાઈ, તો ધન્ય જશોદા માવડી રે.....૩

માણેક મોતીને હીરા ઝવેર, નંદજીને દ્વારે લીલા લહેર;
દાન આપે નિત નવનિધ ઘરે, તો ધન્ય જશોદા માવડી રે.....૪

નાનાવિધના વાજીંત્ર વાગે, પારણે પોઢયા હરિ ભકતને કાજે;
ટોપી ઉપર કોટિ સુરજ બિરાજે, તો ધન્ય જશોદા માવડી રે.....૫

કમલનયન હરિની જ્યોત અપાર, ઉર લ્હેકે મોતીનો હાર;
કેડે કંદોરો ને સાંકળી સારા, તો ધન્ય જશોદા માવડી રે.....૬

સુંદર સરિતા જમુનાના નીર ત્યાં રમે હરિ બલિભદ્ર વીર;
ગુણવંતા ગુણના ગંભીર, તો ધન્ય જશોદા માવડી રે.....૭
દર્શન કરે તેના ભવદુઃખ ટળે, મોતીએ વધાવે તેને રૂપ નિહાળે;
જશુમતિ સુતના ચરણ પખાળે, તો ધન્ય જશોદા માવડી રે.....૮

卐

પદ-૭૬૯

સતગુરુજી રે લગન લઈ આવ્યા, શબ્દ સંસાર[1] મારે મન ભાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો ભાગ્ય ફર્યાં પેલા ભવતણા.....ટેક
શબ્દરૂપી ચાંદલિયો ચોડયો, નિવૃત્તિ[2] કન્યા શું વિવાહ જોડયો;
કામ ક્રોધનો ભય સહુ મોડયો, તો વિવાહ જોડયા જુગતે કરી રે.....૧
ગગન મંડલમેં[3] માંડવો રચાવ્યો, પચરંગી રંગે રંગાયો;
અમી રસ કુપી દોરીએ બંધાયો, તો સાયો કાચે તાર શું રે.....૨
મંડપની શોભા અતિ સારી, રત્ન જડિત જરૂખા ને જારી;
અનંત કલા સુરતિ[4] જાયે વારી, તો ઝલહલ જયોતિ ત્યાં ઝળહળે રે.....૩
હૃદયમેં હરિવર[5] તોરણે આવ્યા, સોળે કળા સંપૂર્ણ લાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો નિરખ્યા રૂપ નયણાં ભરી રે.....૪
સુષ્મણા સાસુજી પોંકવા આવ્યા, પાંચ પચ્ચીશને વાળી લાવ્યા;
ઈંગલા પિંગલાને બેડલાં ચઢાવ્યાં, તો પોંકણ પોંકયા પ્રેમશું રે.....૫
નિવૃત્તિ કન્યાને પધારાવો સતગુરુ[6] શબ્દનો હસ્ત મેળવાવો;
રણકાર વેદની ધૂમ મચાવો, તો અનહદ વાજાં ગડગડે રે.....૬
ભજન કરી જેણે હરિવર વરીઆ, જન્મ મરણનો ફેરો ટળીઆ;
કહે પ્રેમદાસ સાચા સતગુરૂ મળ્યા, તો અખંડ ચૂડો અમર રહ્યો રે.....૭

卐

૧. જ્ઞાનરૂપી સંસાર ૨. સંસારમાં રહી મન સંસારમાં ન પરોવવું પણ પરમાત્મામાં પરોવવું તે નિવૃત્તિ ૩. ધ્યાનમાં બેસી મનરૂપી ગગનમાં પ્રેમરૂપી માંડવો રચવો ૪. મન સ્થિર થાય પછી ચિત્તની વૃત્તિ સંસાર તરફ વળતી નથી પણ પરમાત્માની અનંતકલાથી મોહ પામી તેમાં જ નિમગ્ન રહે છે
૫. હૃદયમાં ધ્યાન કરવાથી આત્મ સાક્ષાત્કાર થાય છે, સ્વરૂપનાં પણ દર્શન થાય છે
૬. જે ગુરુ જ્ઞાનરૂપી સંસારમાં શિષ્યને ખેંચે છે તે જ ગુરુને સદ્‌ગુરુ કહેવાય

પદ-૭૭૦

ગુરુ ચરણે કરજોડી લાગું, સદા પ્રભુજીની ભકિત માંગુ;
હરિ ગુણ ગાઈ આનંદ શું જાગું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....ટેક
ભકિત મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુઃખ ને સુખ શરીરે સહેતી;
સદા પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....૧
દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણ કમલની સેવા દીજે;
હરિગુણ ગાઈ મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....૨
હું અપરાધી ને કોણ મારું ગજું, સંસાર સાગર કયી પેર તજું;
રામનું નામ કયી પેર ભજું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....૩
રામજી વિના કારજ કયી પેર સરશે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે;
લક્ષ ચોરાશીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....૪
કાયાવાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળ;
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....૫
જુગજીવન તમે દેવકીના જાયા, કોઈ ન જાણે પ્રભુ તમારી માયા;
નંદજીના સુત ગોકુલમાં કહેવાયા, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે.....૬
ધન જીવ્યું રે ગોકુલની ગોપી, જાદવકુળની લજજા લોપી;
તનમન ધન હરિચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે.....૭
ગિરિ ગોવર્ધન નખ પર તોળ્યો, જઈ મથુરામેં કંસને રોળ્યો;
માતપિતાના બંધન છોડાવ્યાં, તો સાંભળ સ્વામી કરું વિનંતિ.....૮
રામનું નામ પ્રલ્હાદજી ભણ્યા, નૃસિંહ રૂપે હિરણ્યાકંસ હણ્યા;
સઘળા ભૂપમેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે.....૯
રામાવતારે રાવણને માર્યો, બાંધી સાહ્યર સેના પાર ઉતારી;
ભકત વિભિષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે....૧૦
સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું;
ધ્રુવને રાજય અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે....૧૧
રંકા વંકા ને કાલુ કેવલ કુબા, રઘુરાય અયોધ્યાના સુબા;
હનુમાન હરિચરણે સન્મુખ ઉભા, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે....૧૨

નરસિંહ મહેતાનું હરિએ પૂર્યું મોસાળું, મીરાંબાઈ કીર્તન ગાઈ રસાળું;
પાંડવનું પ્રભુએ કર્યું રખેવાળું, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે....૧૩

નાભા પિયાં નામદેવ તમારા, દર્શન દીધાં હરિએ ફેર દ્વારે;
ભકિત કરી જેવી ખાંડાની ધાર, તો સાંભળ સ્વામી કરૂં વિનંતિ રે....૧૪

ભકત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને યાચ્યા;
લઈ ભૂમિદાન પગ પીઠ પર ધર્યા, સાંભળ સ્વામી કરું વિનંતિ રે....૧૫

અરજ અમારી સુણજો સ્વામી, હું પામર પ્રભુ તમને પામી;
દાસ વલ્લભ કહે શિશ નામી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.....૧૬

卐

## પદ-૭૭૧

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે;
ધન્ય વિધાતા એ વર માંગું, તો બલવંત માંગું બાં'યડી રે.....ટેક

સાંભળ મા મા એ વર રૂડો, જેની દષ્ટિ એ સંસાર છે રૂડો
નાનો છે તો પરાક્રમે પૂરો, તો રૂડો અવિચલ ચાંદલો રે.....૧

મોહની મારી નિર્મુખ જોતી, હું ફરૂં રંગ રસિયો જોતી;
એ વર નજરે ન આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુલ કહાનને રે.....૨

જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડિયાલાં લગન લેવડાવો;
વાત વિવેકી એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે.....૩

ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોળી ચિતરાવો;
ચોંકેલાં ખૂપને ખંતથી લખાવો, તો ધરાવો મુજ હરિને કારણે રે.....૪

મારા પિતાજીને લક્ષ તમારૂં, જુઓ બાઈ ભાગ્ય પૂરશે તમારૂં;
પહોંચતા પહોંચે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે.....૫

卐

પદ-૭૭૨

હેતે હરિ લેજોની પ્રાણી, અવસર આવ્યો રૂડો જાણી;
મટી જાશે માયાની ઘાણી, તો જોની વિચારી પ્રાણીઆ રે.....ટેક

માયાનું સુખ છે ઠાલું થોથાં, સંગ કરીને ખવડાવે ગોથાં;
હરિગુરુ સંતનું ઝાલની ઓથું, તો અંત સમે ઉગારશે રે.....૧

ઉગરવાનો એ રે ઓવારો, સફલ ફેરો થાશે તમારો;
અવસર આવ્યો અતિ સારો, તો રામ નિરંતર સેવીએ રે.....૨

રામે અનંત કોટિ લીધાં ઉગારી, પતિત પાવન છો ગિરધારી;
અજામિલ ગજ ગુણકા તારી, તો તારણ તારણ શ્રી હરિ રે.....૩

શું રે બેઠો જીવ રામ વિસારી, અંત સમે શી ગત થાશે તારી,
હરિદાસ હૈયામાં લેજોની ધારી, તો દોહ્યલાં દાસને જાણીને રે.....૪

卐

પદ-૭૭૩

સતગુરૂ સંતે દયા કરી મુને, બેસી એકાંત બતાવી વસ્તુને,
કરગ્રહી ઘરે લઈ ગયા મુજને, તો ધૂન લાગી નીજ નામની રે..સતગુરૂ૦ ટેક

મહેર કરી મોહજાલ નિવારી, ડૂબ્યો ભવદરિયેથી લીધો ઉગારી;
પોતે ખેવટ[૧] થઈ નૌકા તાલી, તો આંટી મટી અવતારની રે.....૧

સાને[૨] સમજાવી સુધા રસ પાયો, અક્ષર બાવન બાજ બતાવ્યો;
સુતા ભરનિદ્રામાંથી જગાવ્યો, તો જીવ ફેડી શિવ સ્થાપ્યો રે.....૨

શિવ સદાપદ છે અતિ સારું, જીવદશાથી રેહશે ન્યારું;
અનુભવ પ્રગટયો ને મટયું અંધારું, તો ન્યારા સ્વરૂપને નિહાળીએ રે.....૩

અવર પદારથ નહિ એને તોલે, અળગો રહી ઘટ ભીતર બોલે;
સમજયાથી શબ્દ અનહદ ખોલે, ડોલે નહિ મન મારૂં રે.....૪

અનહદ દેશ શબ્દ ધૂની લાગી, શબ્દ વિંધી સુરતા ચાલી આગે;
પોતે અગમ પુરુષ ભ્રાંતિ ભાંગી, તો અલેક[૩] પુરુષ જોયા અનુભવી રે.....૫

દેહાંતી દર છાંયા રે જાય, અવની ને આકાશ નહિ મળે ત્યાંય;
અખંડ ધામ કછુ કામ ન આવે, તો આકાર તેનો એક નથી રે.....૬
નહિ મળે રૂપને રંગની રેખા, નહિ ષટ્ દર્શન વર્ણ વિવેક;
એવા પુરુષ બાહેર ભીતર દેખ્યા, તો ગોવિંદ કહે તેને ભજી લોને રે.....૭

卐

૧. નાવિક  ૨. ઈશારે  ૩. ધ્યાનમાં ન આવે એવા

પદ-૭૭૪

મન તું આધું કયાં અથડાય, બીજો નથી બોલતો.....બીજો૦ ટેક
તું જાગીને જોને તારા રૂપને, ખોળી જોતામેં તું રે ખોવાય.....બીજો૦ ૧
તારે ઓથે હરિ નથી દેખતો, કુંડલ પૂંઠે કનક ઢંકાય.....બીજો૦ ૨
તું તો દરિયાની લહેર સમાન છે, લહેરી સમે સમુદ્ર દેખાય.....બીજો૦ ૩
તારે ઠેકાણે હરિને ઠરાવની, એવું સમજે તો મહાસુખ થાય.....બીજો૦ ૪
કહે પ્રીતમ એવા અનુભવી, તેને લળી લળી લાગું પાય.....બીજો૦ ૫

卐

પદ-૭૭૫

સંત પારસ ચંદન બાવના, કામધેનુ કલ્પતરુ સાર સમાગમ-સંતનો....ટેક
એમ સમજયાનો અંતર ઘણું, તરુ પારસ ત્રણ પ્રકાર....સમાગમ૦ ૧
એક પારસથી પારસ બને, એક પારસથી હોય હેમ....સમાગમ૦ ૨
એક પારસ લોહ કુંદન કરે, સો વરસે હેમનું હેમ....સમાગમ૦ ૩
એક ચંદનથી વિષ ઉતરે, એક ચંદન અગ્નિ હોલાય....સમાગમ૦ ૪
એક તલભર જો તેલમાં પડે, ફરી તાતું કબહુ ન થાય....સમાગમ૦ ૫
સૌ ગજ શિર મોતી ન નીપજે, સૌ નાર સતિ નવ હોય....સમાગમ૦ ૬
સૌ સેના શુરી નવ જાણીએ, એમ જુગ્તિ વિચારીને જોઈ....સમાગમ૦ ૭
જ્ઞાનહીન ગુરુ નવ કીજીએ, વંઝા[૧] ગાય સેવે શું થાય....સમાગમ૦ ૮
કહે પ્રીતમ બ્રહ્મપદ ભેરતાં, ભવરોગ સમૂળો જાય....સમાગમ૦ ૯

卐

૧. વાંઝણી

પદ-૭૭૬

મળ્યા પ્રેમસ્નેહી પરિબ્રહ્મ, અગમ લાગી પ્રીતડી;
જીરે પાંચ તત્ત્વનું બન્યું પુતળું, ગેબી રામ જ્ઞાનની ઘડી..અગમ.....ટેક
જીરે ઘાટ અવઘાટના ઘાટમાં, ત્યાં છે અલેક પુરુષની મઢી.....૧
જીરે ગગન[૧] ગુફામેં છે ભોંયરું, ત્યાં છે માણેકલોકની મઢી[૨].....૨
જીરે સુરતમાં[૩] એક મુરત છે, જોયું શુન્ય શિખર ગઢ ચઢી.....૩
જીરે અંતરઘટમાં શોધતાં ઘટમાં અવિચલ ટંકશાલ પડી.....૪
જીરે દાસ કબીરજીની વિનંતી, લાગી રામનામ શું ઝડી.....૫

૧. માથાની ટોચે બ્રહ્મરંધ્ર છે તે    ૨. આત્માનો નિવાસ    ૩. ધ્યાન

પદ-૭૭૭

હું તો હરજી જોવાને નિસરી, મારા ગુરુજીએ દીધો ઉપદેશ વ્હાલાજીને નિરખવા...ટેક
મારે શીલ સંતોષ કલ્લાં કાંબી, મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય.....વ્હાલાજીને.....૧
મેં શ્યામ સોનાનું લીધું બેડલું, છોડી ચાલ્યાં ઘરનાં કામ.....૨
વ્હાલે બંસી બજાવે એના રંગમાં, મારા ઘરમાં ઘડી ન રહેવાય.....૩
વ્હલો શેરીમાં સામો મળ્યો, હું તો લળી લળી લાગું પાય.....૪
વ્હાલે ચુંદડી ઓઢાડી પાકા રંગની, છેડે આત્મારામનો રંગ.....૫
હું તો ભર્મે ભૂલી સેંથો પૂર્યા પૂરી દાસ ગોપાલની આશ.....૬

પદ-૭૭૮

જીરે આ રે લીલા દીનાનાથની, એને મોહ્યાં સર્વે સંસાર-હરિરસ મીઠડો.....ટેક
જીરે ગોકુલમાં હરિ અવતર્યા, ગોપીઓને લડાવ્યા લાડ.....૧
જીરે વેણ વગાડી વન તેડયાં, વૃન્દાવનમેં રચ્યો રાસ.....૨
જીરે ગોકુલ રાખ્યું રેલતું, કંસરાયને કરવા કેર.....૩
હરિને પીળાં પીતામ્બર પહેરણા, રાધાજીને નવરંગ ચીર.....૪
હરિને મસ્તકે મુગટ સોહામણો, હરિને કુંડલ ઝલકે કાન.....૫
જીરે, કંકુ કેસર રોળ્યાં, રંગે ગાયે નરસૈંયો દાસ.....૬

### પદ-૭૭૯

તું તો રામ રટણ કર રંગમાં, તારા અંગમાં ઉપજે આનંદ-

ગોવિંદ ભજો ભાવશું.....ટેક

પરમાર્થ અર્થ વિચારીએ, તજ સ્વાર્થ માયાનો ફંદ.....ગોવિંદ૦.....૧

કાયા માયા તો કારમી, તેને વણસતાં ન લાગે વાર......ગોવિંદ૦.....૨

મૃગતૃષ્ણાના જળે આશભર્યો, એવો જાણ નાસવંત સંસાર.....ગોવિંદ૦.....૩

ગુંજા વહ્નિ તે મરકટે[1] માનીઓ, તેણે શીત[2] ટળે ન લગાર.....ગોવિંદ૦.....૪

ઉસ ઉદક બીડી બરસની, તેણે ઉડયા તણો ઈતબાર.....ગોવિંદ૦.....૫

સ્વપ્નામાં સમૃદ્ધિ પામીએ, જાગી જોતાં ન રહે જરાય.....ગોવિંદ૦.....૬

ધુમાડાનો ઢગ શોહામણો, ધુમર મુઠીમાં ન સમાય.....ગોવિંદ૦.....૭

સાચી સંગત સતગુરુ સંતની, તેથી જીવપણું ટળી જાય.....ગોવિંદ૦.....૮

કહે પ્રીતમ પ્રભુને સંભાળતાં, મહા પાપી પાવન થાય.....ગોવિંદ૦.....૯

卐

૧. ચણોઠીને વાંદરાએ અગ્નિ માન્યો    ૨. ઠંડી

### પદ-૭૮૦

તું તો રામ રટણ કર રંગમાં, હવે રાખો હરિ સાથે હેત

અવસર આવો નહિ મળે.....ટેક

ખોટા ખેલમાં શું રે ખુંચી રહ્યો, ઊઠી આળસ મૂકી અચેત.....અવસર૦.....૧

પ્રાણી પ્રંપચમાં શું મચી રહ્યો, માની છૈયાતણું સુખસાર.....અવસર૦.....૨

કાળ ખાશે કહેશે જે કહ્યું નથી, નથી માનતો ગાફેલ ગમાર.....અવસર૦.....૩

સાચું સ્મરણ કરી શુદ્ધ ભાવશું, ટળે તનમન કેરો વિકાર.....અવસર૦.....૪

વિષય ભૂતે ભવમેં ભમાવ્યો, ક્ષણ બેઠો નહિ ઠરી ઠામ.....અવસર૦.....૫

અંતે રંગ પતંગ જશે ઉતરી, કાચી કાયા ન આવે શું કામ.....અવસર૦.....૬

કહે પ્રીતમ બ્રહ્મ સ્વરૂપને, જેનો મહિમા છે અગમ અપાર.....અવસર૦.....૭

卐

પદ-૭૮૧

તું તો રામ રટણ કર રંગમાં, તારું જાય છે જુવાનીનું જોર
અવસર આવો નહિ મળે.....ટેક

જીરે કાચો કુંભ જલે ભર્યો, તેને ફુટતાં નહિ લાગે વાર.....અવસર૦.....૧
જીરે કાચા સુતરનો તાંતણો, તેને તૂટતાં નહિ લાગે વાર.....અવસર૦.....૨
જીરે વાડી ખીલીને ફુલ્યો મોગરો, તેને કરમાતાં નહિ લાગે વાર.....અવસર૦.....૩
જીરે બાજીગરે બાજી રચી, એને સમેટતાં નહિ લાગે વાર.....અવસર૦.....૪
જીરે પાંચતત્વનું પુતળું, માંહી બોલન હારો રામ.....અવસર૦.....૫
જીરે ગગન મંડલમાં ચૉરી રચી, ત્યાં ચરણે છે આત્મારામ.....અવસર૦.....૬
જીરે દાસ પ્રીતમની વિનતિ, અમને મળ્યા છે સતગુરુ શ્યામ.....અવસર૦.....૭

卐

પદ-૭૮૨

ભજન કરી લ્યો ભારે રે ભવ ભટકણ ભાંગે;
સંસાર સાગર તરતાં રે, ક્ષેણુ વાર ન લાગે.....ભજન૦.....ટેક

માયા મોહ નિદ્રામાં રે, ગાફેલ શું ઘોરે;
પાંચ ચોર વસે પાસે રે, આત્મા ધન ચોરે.....ભજન૦.....૧

અચેત થઈ શું ઉઘે રે, જોની આંખ ઉઘાડી;
વેગે વણસી જાશે રે, કાયાની વાડી.....ભજન૦.....૨

ચેત ચિદાનંદ મળશે રે, ટળશે અંધારૂં;
આ અવસર છે રૂડો રે, થાય કારજ તારું.....ભજન૦.....૩

મહા પુરુષને મારગ રે, તે પગલું સાજે;[1]
પ્રીતમ પ્રેમ ધરીને રે, હરિના ગુણ ગાજે.....ભજન૦.....૪

卐

૧. ભરજે

## પદ-૭૮૩

જા સતગુરુને શરણે રે, શંશય હરશે;
જીવ દશાને ટાળી રે, હરિ સરખો કરશે.....જા સતગુરુને૦...ટેક

ઉગ્ર દશા અનુભવીની રે, છે સમજણ મોટી;
મન કંચનને કસવા રે, ગુરુ જ્ઞાન કસોટી.....જા સતગુરુને૦...૧

હોમ હેમ[૧] લોહ કરે રે, જેને પારસ સ્પર્શે;
થાય મહા મુક્તાફલ રે, જલ સ્વાંતિ[૨] વર્ષે.....જા સતગુરુને૦...૨

છીપ રહે સાગરમાં રે, માંહે મોતી નીપજે;
જ્ઞાન મીનને સ્પર્શે રે, તેનું ઋતુ ઉપજે.....જા સતગુરુને૦...૩

સંત સંગે નર સમજે રે, તેની દુગ્ધા[૩] ટળશે;
પ્રીતમને પ્રાણીનું રે, સહુ કારજ સરશે.....જા સતગુરુને૦...૪

卐

૧. સુવર્ણ  ૨. સ્વાતિ નક્ષત્રમાં જે પાણી વરસે  ૩. દ્વિધા

## પદ-૭૮૪

જે પરમારથ પ્રીછે રે, તેને પાપ ન સ્પર્શે;
રૂપ અનુપમ હરિનું રે, સચરાચર દર્શે.....જે પરમારથ૦...૧

સૌ સામગ્રી હરિની રે, હરિનો થઈ રેહજે;
હરિને અર્પણ કરીને રે, ઉગરે તે લેજે.....જે પરમારથ૦...૨

સાચે સાથે રસિયો રે, પ્રપંચ પરહરજે;
હિતાર્થે હરિજન શું રે, દુર્જનશું ડરજે.....જે પરમારથ૦...૩

હું મારું હૃદયેથી રે, ટાળીને રમજે;
વિશ્વાત્મા વિષ્ણુ રે, નીરખીને નમજે.....જે પરમારથ૦...૪

હસ્ત આલાપન કરીને રે; સત વચન ઉચરજે;
પ્રીતમ તે પ્રાણીનું રે, પરમારથ લેખે.....જે પરમારથ૦...૫

卐

## પદ-૭૮૫

કર હરિ સુમરણ સાચું રે, કાચું તન તારું;
મનથી મુકી દેજે રે, માયાનું લારું[1].....કર હરિ...ટેક
માયા છે મહા ઠગણી રે ઠગ વિદ્યા કરશે;
જ્ઞાન ધ્યાન ધન ધીરજ રે હેલામાં હરશે.....કર હરિ...૧
માયા બંધન બહુ છે રે, તેને તું તજને;
મોહ ઉપજાવે સૌને રે, સુર નર મુનિ અજને.....કર હરિ...૨
અતિ અપાર બલ માયા રે, ડાહ્યા જન જાણે;
જેણે ગોવિંદ ગુણ ગાયા રે, તે ભય નવ આણે.....કર હરિ...૩
ભજન પ્રતાપે ભવજલ રે, જેમ ગૌપદની પેરે;
અખંડ અભયપદ માણે રે, આનંદની લ્હેરે.....કર હરિ...૪
સદા સર્વદા સુખમાં રે, દુઃખમાં નવ દેખે;
પ્રીતમ તે પ્રાણીનું રે, પરમારથ લેખે.....કર હરિ...૫

卐

૧. ગાંડપણ

## પદ-૭૮૬

### સજની

સજની તે સ્વપ્નાંતર મુને લાધ્યું રે મારું મન નંદકુવર શું બાંધ્યું રે.....ટેક
જાણે હું તો પાતળિયા વર પરાણી રે, એ તો મારા કયા જનમની કરણી રે.....૧
આલાલીલા વાંસળિયા વઢાવો રે, તેના રૂડા માંડવડા રચાવો રે.....૨
આવે રૂડી જાદવકુલની જાન રે, વૃષભાન દે છે કન્યાદાન રે.....૩
હરિજીએ હથેવારો સાહયો રે, કંઠ માંહી આરોપી વરમાળા રે.....૪
એકઠા મળી આરોગ્યો કંસાર રે, માનુનીઓ મંગલ ગાઈ છે ચાર રે.....૫
કુંકુમ કેસર વર્ણી છે આડ રે, તિલક તો ધર્યા છે લલાટે રે.....૬
જાણે હું તો જશોદાજીને પાયે લાગી રે, એટલે તો ઝબકીને જાગી રે.....૭
પુરણ પુન્યે એ વર પામી રે, ભલે મળ્યા નરસૈંયાના સ્વામી રે.....૮

卐

પદ-૭૮૭

સજની તું શું બેઠી છે જમવા રે, ચાલની તું હરજીની સાથે રમવા રે.....ટેક
વ્હાલે મારે વાહી મધુરી વેણ વનમાં રે, ગોપીજન આનંદ પામ્યા છે મનમાં રે......૧
એકવાર આવોને અંતર્જામી રે, તો છેલ છબીલો સ્વામી રે......૨
ગોપીજન ચાલ્યાં પ્રભુજીની સંગે રે, પાલવ મેલ્યો છે તેને અંગે રે.....૩
અમારે તો વ્રેહની વેદના વામી રે, ભલે મળ્યા નરસૈંયાના સ્વામી રે.....૪

卐

પદ-૭૮૮

સજની તું સાંભળને કહું વાત રે, વ્હાલો મારો ઊભો છે જમુના ઘાટ રે....ટેક
વ્હાલે મારે કીધું મધુરૂં જ્ઞાન રે, તેણે મારી ગઈ છે સૂધ ને સાન રે.....૧
મુજને તો મોટું ચેકટ લાગ્યું રે, હૃદીયામાં કામબાણ થઈ વાગ્યું રે.....૨
મુજને ઘેલી કહે સૌ લોક રે, તેણે મારો ટળ્યો યાને શોક રે.....૩
મેં તો મારા વ્હાલાને ઉર પર લીધા રે, તેણે મારા સકલ મનોરથ સિધ્યા રે.....૪
પુરણ પુન્યે એ વર પામી રે, ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી રે.....૫

卐

પદ-૭૮૯

સજની તને હૈયે હરખ અપાર રે, મંદિર માંહે આવ્યા નંદકુમાર રે.....ટેક
દીઠું મેં તો દામોદરજીનું મુખ રે, તેણે મારા સર્વે ભાંગ્યાં દુઃખ રે.....૧
આજનો દિવસ તે કહીએ ધન્ય રે, દુર્લભ નાથતણા દર્શન રે.....૨
બેની મારે ઉલટ ન માયે અંગે રે આજ મારો આળસ ગયો ગંગ રે.....૩
બેની મારું સ્થાનાંતર થયું સાચું રે, હું તો હવે અવર કંઈ નવ જાચું રે.....૪
બ્રહ્માદિક જેનો પાર ન પામે રે, મુનિજન મોટેરાં દર્શન ઈચ્છે રે.....૫
આહીરડાં ઉપર કરૂણા કીધ્ન રે, વ્હાલે મારે વેચાતી કરી લીધી રે.....૬
વ્હાલો મારો રીઝાસે ઘણું સાચે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ રે.....૭

卐

પદ-૭૯૦

સતગુરુ સહાય કરો એકવાર રે, મારો તો મૂરખનો અવતાર રે;
પત્થર કરતાં કઠણ હૈયું છે મારું રે, તેમાં તો નામ ન ભેદે તમારું રે..સતગુરુ૦..ટેક
સતગુરુની વાત છે વાંકી રે, સતગુરૂએ પત્થર કાઢ્યા ટાંકી રે;
ટાંકીને મારગે મુકતા કીધા રે, સતગુરૂએ મંત્ર અવિચલ દીધા રે..સતગુરૂ૦...૧
જે કોઈ સંતને આસન આપે રે, તેને વ્હાલો પોતાનો કરીને સ્થાપે રે;
જે કોઈ સંતને ધાઈને ભેટે રે, તેને વ્હાલો જન્મ મરણ દુ:ખ મીટે રે..સતગુરૂ૦...૨
જે કોઈ સંતને ચરણે નમશે રે, તે તો મારા ગુરૂ ગોવિંદજીને ગમશે;
આત્મજ્ઞાન વિના, ઘર સુનું રે, સગપણ શોધી કાઢો કાંઈ જૂનું રે..સતગુરૂ૦...૩
જીવ તું તો જોતો નથી કાંઈ જાગી રે, મુઆ પછી મુકિત શાની માંગે રે;
એ વિષે દાસ હરિની વાણી રે, તે તમો હૃદીઆમાં રાખોની આણી રે..સતગુરૂ૦...૪

卐

પદ-૭૯૧

સતગુરૂ જગાડે તમો જાગો રે, ત્રિગુણી મોહ નિદ્રાને ત્યાગો રે.....ટેક
ચિંતા તો ડાકણે ખાધી કરડી રે, ભ્રમણા તો ભૂતે નાંખ્યો મરડી રે...સતગુરૂ૦.....૧
આશા તો વેરણ થઈને વળગી રે, તૃષ્ણા તો પાપણી નવ થાય અળગી રે.....૨
વ્યવહારનો વાયદો નહિ થાય અળગો રે, કુટુંબ તો વેરી થઈને વળગું રે.....૩
સતની સંગત જે કોઈ કરશે રે, લક્ષ્મણ દાસ કહે તે તરશે રે.....૪

卐

પદ-૭૯૨

ચાલો ભાઈ આપણે ભણવા જઈએ રે,
નિશાળમેં ભણીને સમજણ લઈએ રે.....ચાલો ભાઈ.....ટેક
બાલપણમાં કીરપા માબાપે કીધી રે, હેત ધરીને સારી શિખામણ દીધી રે;
પુત્ર જયારે પાંચ વર્ષનો થાય રે, ત્યારે વિદ્યા ભણવા નિશાળે જાઈ રે.....૧
વિદ્યા ભણતાં બુદ્ધિ તો નિર્મળ થઈ રે, જુઠાથી તો સાચાની સંગતે જઈએ રે;
ચોરી ચાડી કોઈ તણી નવ કીજે રે, પડયું જડે તે માલ ધણીને દીજે રે.....૨
વાંકુ બોલી કોઈને દુ:ખ નહીં દેવું રે, સંસારમાં સંપ કરીને રહેવું રે;
શિખામણ માનીને સુખીઆં થઈએ રે, સતગુરૂના વચન વિચારમાં લઈએ રે.....૩

## પદ-૭૯૩

આજ ગયાં તો સખી રામસભામાં, પૉસલીએ રસ પીધો હરિરસ પુરણ પાયો.....ટેક

પહેલો પ્યાલો મારો ગુરુજીએ પાયો, બીજે પ્યાલે થઈ છે ઘેલી..હરિરસ૦.....૧

ત્રીજો પ્યાલો મારે રોમ રોમ પ્રગટયો, ચોથે પ્યાલે ચકચૂર રે..હરિરસ૦.....૨

રસબસ થઈ છું સ્વામી રસિયાની સાથે, હવે ના જાઉં બીજી વાટે..હરિરસ૦.....૩

મોટા જોગેશ્વર જેનો મર્મ ન જાણે, તે મારા મંદિરીઆમાં મ્હાલે..હરિરસ૦.....૪

અગમ અગોચર હરિને જાહેર જાણ્યા, બ્રહ્મા તે વેદ વખાણ..હરિરસ૦.....૫

પ્રેમ સોહાગણ મારા ગુરુજીએ કીધાં, અખંડ હેવાતણ અમને દીધા..હરિરસ૦.....૬

ભલે મળ્યા મહેતા નરસૈંયના સ્વામી, ગોપીઓ તે આનંદ પામી..હરિરસ૦.....૭

卐

## પદ-૭૯૪

ગુરુના વેણનો રાખો વિશ્વાસ, સતગુરુજી પધાર્યા રે.....ગુરુના૦.....ટેક

કામ ક્રોધ મદ ત્યાગ્યો મન હરિ નિર્મલ થાય;
મહામંત્ર જયારે મળે, મનના વિષય સઘળા જાય.....ગુરુના૦.....૧

અમર મંત્ર શીખવે, પાઠ પૂજા કરજે સાર;
સંજીવની મંત્ર એજ છે રે, એની રહેણી ખાંડાની ધાર.....ગુરુના૦.....૨

મૂળ મંત્ર જે કહ્યો, ભાવ ભરોંસો રાખ સાથ;
તારક મંત્ર આપીને, ગુરૂએ મસ્તક મુકયો હાથ.....ગુરુના૦.....૩

ગુરૂએ મંત્ર શીખવ્યા, તેનું મનન કરજે મન;
એવા સતગુરૂ જેને ન મળ્યા, તેનું જીવન કહીએ ધન.....ગુરુના૦.....૪

સાંભળે તો સર્વે જન, પણ આચરશે કોઈ એક;
સુખ સાગરને ઝીલજો રે, તમારા ઈષ્ટદેવની ટેક.....ગુરુના૦.....૫

卐

## મંગલનાં પદો

### પદ-૭૯૫

સતગુરૂ શરણે જાય કે તમારા ત્યાગીએ રે;
ત્યાં ભલી બુરી કહીઓ ન જાય, ત્યાં ઊઠ ન લાગીએ રે.....ટેક

ઉઠસે લાગી રાઢ, રાઢ સબ કીચ હૈ;
જા ઘટ ઉપજે ક્રોધ, સોહી નર નીચ.....૧

લીંબ ન મીઠો હોય, સીંચે ઘી ગોળ સે;
ઉનકો એહી સ્વભાવ, જાયે વા જીવ સે.....૨

અમૃત વા કે હાથ, ભાવે નહિ રાઢકો;
શ્વાનકો એહી સ્વભાવ, ગ્રહે નીજ હાડકો.....૩

માલા ફેરવે હાથ, કાતરણી કાખમેં;
આગ બુઝી મત જાણ ડબી હૈ ખાખમેં.....૪

કહે કબીર સમજાય, સમજ હૃદયે ધરો;
હંસા જુગન જુગન કરો રાજ, દુર્મતિ પરહરો.....૫

卐

### પદ-૭૯૬

ચલો સતગુરૂજી કે હાટ, જ્ઞાન બોધ લાઈએ;
હંસા લીજે સાહેબજીકો નામ, પરમપદ પાઈએ.....ચલો૦ ટેક

કર્તાએ સબ કછુ કિયો, દેવન કછું ના રહ્યો;
તુમ હો અભાગણ નાર અમૃત તજી વિષ પીઓ.....ચલો૦ ૧

ગઈ'તી પિયાજી કી મહેલ, પિયા સંગ ના રહી;
તેરે હૃદય કપટ રહ્યો સાર, કુમતિ લજ્જા બસી.....ચલો૦ ૨

જો ગુરૂ રૂઠયા હોય તો, તુરત મનાઈએ;
રહીએ દીન આધીન, ચૂક બક્ષાવીએ.....ચલો૦ ૩

જો ગુરૂ હોયે દયાલ, દયા દિલમેં રહે;
તેર કોટિ કર્મ જાય, પલક ચિત્ત ફેર હૈ.....ચલો૦ ૪

ભલો રે બન્યો સંયોગ, પ્રેમકા ચોલના;
તનમન અર્પી શિશ, સાહેબ હસી બોલના.....ચલો૦ ૫

કહે કબીર વિચાર, ભયા મન ભાવના;
દયા ભજન ચિત્ત લાઈ, બહોર નહિ આવના.....ચલો૦ ૬

卐

## પદ-૭૯૭

અખંડ સાહેબજીકો નામ ઔર સબ ખંડ હૈ;
સાધુ ખંડિત મેર સુમેર, ખંડિત બ્રહ્માંડ હૈ.....અખંડ.....ટેક

સ્થિર ન રહે ધીર ધ્યાન, જીવનકો ધુંધ હૈ;
સાધુ લક્ષ રે ચોરાશી જીવ, પડયા જમ ફંદ હૈ.....૧

ચંચલ મન સ્થિર રાખ, જબ ભલે રંગ હૈ;
ઉન સંતનકે સંગ, સદા આનંદ હૈ.....૨

જીનસે સાહેબજીસે હેત, સોઈ નિર્બંધ હૈ;
ઉલટ નિકટ ભર પિયુ, તો અમૃત ગંગ હૈ.....૩

દયા ભાવ ચિત્ત રાખ, ભકિતકો અંગ હૈ;
કહે કબીર ચિત્ત ચેત, જગત પતંગ હૈ.....૪

卐

## પદ-૭૯૮

મનષા દેહી પાઈ, રામ ગુણ ગાઈએ,
સુરતિ અકન કુંવારી, હંસાકો બહાઈએ...મનષા.....ટેક

સતગુરૂ વિપ્ર બોલાય લગ્ન લખાઈએ;
વેગે કરી લો વિવાહ, ઢીલ મત લાઈએ.....૧

પાંચ પચ્ચીશ શું નાર, મંગલ ગાઈએ;
લક્ષ ચોરાશીનો ફેરો, બહોર નહિ આઈએ.....૨

સુરત નુરત દોઉ બેઠે, હથેવારો જોડીએ,
જમ શું જીવ ઉગાર, તનખાં તોડીએ.....૩

હંસાએ કર્યો વિચાર, સુરતિ શું યોં કહી;
તુમ જુગ જુગ અકન કુંવારી, અતા દિન કયોં કહી.....૪

સુરતિએ હંસાને કરી સલામ, પિયુ તુમ સત કહી;
મોહે સતગુરૂ મળ્યા નહિ, એતા દિન કયોં રહી.....૫

પરમ પુરુષકી સેજ, અખંડિત ખેલના;
પિયો રે પ્યાલા પ્રેમ, અધર રહી ઝીલના.....૬

પુરૂષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈએ;
કહે કબીર ભજો રામ, પરમપદ પાઈએ.....૭.

卐

પદ-૭૯૯

છાપા તિલક બનાઈ કે નર બેઠો ગાવાહી;
શબ્દ રહેણી નથી હાથ, ચલત પસ્તાવહી...છાપા.....ટેક
ચોરાશી આસન સાધ, કે નિત સુમરણ કરે;
વાકો મન વો ફરે ઉદાસ, મુકિત કૈસે મિલે.....૧
દુધ ફાટ કાંજી ભયી, ઘૃત નહિ આવહી;
વાકો દીજીએ ઢોળ, કામ નહિ આવહી.....૨
દરિયા કિનારે બગ બેઠો, મન જાણે હંસ હૈ;
બગલો બડો અવગુણી, મોઢામેં મચ્છ હૈ.....૩
દરિયા ઉપર વાટ, હંસા ત્યાં પગ ધરે;
ઐસા મલે ગુરુ જ્ઞાન, કારજ વાકો સરે.....૪
મંગલ હંસા એક; નિત ઉઠી ગાવહી;
સતગુરૂ દાસ કબીર, પરમ પદ પાવહી.....૫

卐

## પદ-૮૦૦

જીવ તું કહાંસે આયો, કહાઁ ચલ જાયેગો;
જીવત કર લે પહિચાન, મુએ પસ્તાયેગો.....જીવ તું.....ટેક
સત્ય લોકસે આયો, ત્રિગુણમેં સમાય રહ્યો,
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાય રહ્યો.....જીવ તું.....૧
નહિ તેરો ગામ ને ઠામ, નહિ પુર પાટણ;
હૈ રે બટાવલું લોક, નહિ કોઈ આપણાં.....જીવ તું.....૨
કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી;
હંસ ગયે સતલોક, બહોર નહિ આવહી.....જીવ તું.....૩

卐

## પદ-૮૦૧

પિયર રહી લોભાય કે, ઘણા દિન બાપ કે;
કરી સતગુરૂજીકો સંગ, કે ચલી ઘર આપકે.....પિયર...ટેક
મામા ઔર મોસાળ, ભૈયા દશ બેનડી;
છાંડયો સબ પરિવાર, કે સન્મુખ મેં ખડી.....૧
માતા પિતા સુત વીર, તજયો પરિવારકો;
ઉભા મુકયા લોક, ઉતર ગઈ પારકો.....૨
બહોર ન મિલણા હોય, પિયરીઆં લોક શું;
ચલી હૈ આપણે દેશ, પૂર્વના જોગ શું.....૩
ચઢયો હૈ કલશ પરિવાર, અગમ ત્યાં ગમ કિયા;
નિરાકાર નિર્લેપ, પિછાના ત્યાં કિયા.....૪
ઓળંગ્યા ઓગટ ઘાટ, કમલ દશે કિયા;
ભ્રમર ગુફાકે ઘાટ, નિરંજન દેખ્યા.....૫
ગગન મંડલ મેં જઈ મિલી હૈ પિયુકો,
બ્રહ્મ કિયો ભરથાર કે પરહરિ જીવકો.....૬
અર્ધ ઉર્ધ્વ કે બીચ, એક કિરતાર હૈ;
સાચી કહે કબીર, સીહી ભરથાર હૈ.....૭

卐

### પદ-૮૦૨

દેખો માયાકો રુપ, તિમિર આગે ઘરો;
સાધુ ભકિત ગયી બડે દૂર, સમજ કછુ ના પડી.....દેખો...ટેક
જો વળી આળસ હોય, તો અવગુણ ના તજે;
સાધુ કોટિ પુન્ય કરાય, તોએ જીવ ના તરે.....૧
ઔષદ સે ગુરૂ હોય, ભકિતસે કર્મ કટે;
જમઘર બંદી ન હોય, તો કાળ કાગદ ફટે.....૨
તજ કામનીસે સ્નેહ, સ્નેહસે પ્રભુ સ્મરો;
તજ પાખંડ અભિમાન; કે આવાગમન તજે.....૩
કહે કબીર ટંકશાલ કે, તપ દશા રહે;
હંસ ગયે સત્ય લોક, તો નામ આધાર હૈ.....૪

卐

### પદ-૮૦૩

હરિને ભજતા હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિઆ સાથ, વદે વેદ વાણી રે.....હરિને...ટેક
વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યાકંસ માર્યો રે;
વિભિષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે.....હરિને ૧
વ્હાલે નરસિંહ મહેતાનો હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે.....હરિને ૨
વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર, હલાહલ પીધાં રે;
પંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે.....હરિને ૩
વ્હાલે અંબરીષની ઓળખાણ, અવતાર દશ લીધાં રે;
વ્હાલે ગજની કીધી સહાય, પૈદલ પરહર્યા રે.....હરિને ૪
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે;
કરજોડી કહે પ્રેમળદાસ, ભકતોના દુઃખ હરશે રે.....હરિને ૫

卐

પદ-૮૦૪

સતગુરૂ દીન દયાળ, કાળ ભય મીટયા;
પાયો દીપક જ્ઞાન, અમર વર ભેટયા.....સતગુરૂ ટેક

જો કછુ ચાહો દેખો, ચલો સંત સંગમેં;
ઉનસે કરો સ્નેહ, મિલો ઉસ સાથમેં.....સતગુરૂ ૧

અવિગત આગમ અભેવ, અખંડિત પૂર હૈ;
ઝળઝળ ઝળહળ થાય, સદાય બહુ દૂર હૈ.....સતગુરૂ ૨

ઈંગલા પીંગલા સાધ, એહી એક ખ્યાલ હૈ;
ચંદ્ર ભાણ ગમ નાહિ, ત્યાં મેરો લાલ હૈ.....સતગુરૂ ૩

કહે કબીર સમજાય, સમજ નર બાવરા;
હંસ ગયો સતલોક, ઉતર ભવ સાગર.....સતગુરૂ ૪

卐

## બ્હેનોના ધોળ

પદ-૮૦૫

જીરે એકાદશી મધુસૂદની, ત્યાં દિવસે વિવાહ હોય મેદની;
ત્યાં સંત સર્વને હોય નોતરાં, એવા વિવાહનાં નીપજે સાંચરા...ટેક

ચઢે ફૂલે કે હોય બહુ વારણાં, બ્રહ્માંડ બાંધો તરીયાં તોરણ;
ત્યાં ઘર ઘર ઘોડી ઉછળે, ત્યાં સુરનારી ધવલ દે અતિભલા.....૧

પંચ શબ્દ ઘન વાગીયાં રે, મળ્યાં સુરનર ત્રિભુવન રાજીયા રે;
હરિની જાન આવી રળિયામણી રે, અતિ હર્ષે તે માગે વધામણી.....૨

ફૂલ તંબોલે સામણ હોયે, ત્યાં અપ્સરા નાચે ઓચ્છવ હોય રે;
વર પહોંચ્યો રે જાનૈયા વાસ રે, ગુરુવરજીનું ગોત્ર પ્રકાશ્યું રે.....૩

ત્યાં ઘડિયું લગ્ન ગુરુએ સાંધ્યું રે, વરને ખુંપ ભર્યો સર્વે પ્રસાદે રે;
હવે લાડીને મોકલો સુખડી રે, જેમ લગ્ન ઘડી હોય ઢુંકડી રે.....૪

વર સ્વાર હોઈને સંચર્યા રે, લક્ષ કોટિ બ્રહ્માંડ શું પરવર્યા રે;
ત્યાં તોરણ હોય છે પોંકણા રે, વર પરિબ્રહ્મ લીજે ઓવરણાં રે.....૫

સમો વર્તે સમો વર્તે રે, જોષી સાવધાન રે;
ત્યાં મધુપ હોયે બહુ અર્ઘ્યમાન રે; ત્યાં નારી અંતરપટ ધરે;
વરે લગ્ન સમયે કન્યા કરગ્રહી રે..... ..... .....૬

卐

પદ-૮૦૬

સખી રે આજ આનંદ મારે ઉલટયો, અલબેલાજી આવ્યા મારે ઘેર..આનંદ ટેક
સખી રે શેરી વરાવું સોહામણી, પથરાવું લીલાં પીળાં પાટ રે.....૧
સખી રે હરિજન આવ્યા મારે બારણે, હું શાનાં આસન આપું રે.....૨
સખી રે હરિજન હરિ સરખા જાણવા, તેની વેદ પૂરાણ પૂરે શાખ રે.....૩
સખી રે ફૂલ ફાલી સૌમાં હું ફરૂં રે, મારે હૈયે હર્ષ ના માંય રે.....૪
સખી રે વાજાં વાગે વિવિધ વિધનાં, મળી માનુની મંગલ ગાય રે.....૫
સખી રે હર્ષે હિંદોલા બંધાવીએ, બાંધ્યા મોતીના તોરણ દ્વાર રે.....૬
સખી રે અગર ચંદનના છાંટણા રે, કરી છે કંકુ કેસરની ગાર રે.....૭
સખી રે મોતીના ચોક પુરાવ્યા રે, બાંધ્યા ચંદરવા ચાંદની ચોક રે.....૮
સખી રે થાળ ભરાવું મોતીની રે, હું વ્હાલાને વધાવવા જાઉં રે.....૯
સખી રે ફૂલડાંએ સેજ સજાવીએ, હું વીંઝણે ઢોળાવું વાયરો રે....૧૦
સખી રે તકીયા ગાલીચાને ગાદીઓ રે, ઉપર પોઢયા સુંદર શ્યામ રે....૧૧
સખી રે ભોજનિયાં નિતનૂતન બહુ ભાતનાં રે, હું જમાડું જુગદાધાર રે....૧૨
સખી રે લવિંગ સોપારી ને એલચી રે, આપ્યાં પાનનાં બિલડાં હાથ રે....૧૩
સખી રે ઘણા દિવસની ગોઠડી રે, મારે કરવી છે સર્વે આજ રે....૧૪
સખી રે પેલા ભવની પ્રીતડી રે, મારો દિન સફલ થયો આજ રે....૧૫
સખી રે પ્રીતમના સ્વામી પધાર્યા રે, મારા સર્યા સઘળાં કાજ રે....૧૬

પદ-૮૦૭

કંકુ છાંટી કંકોત્રી મોકલે, કાડે કહાવે સુભદ્રા બેન વીરા વ્હેલા આવજો.....ટેક

કૃષ્ણજી ને બલિભદ્ર બેઉ બંધવા, તમો આવો તો થાય સુખે ચેન.....વીરા૦ ૧

ભત્રીજા છે સૌ મન ભાવતાં, પવિત્ર પિતા છે વાસુદેવ.....વીરા૦ ૨

પનોતાં પિયર પરિવાર છે, નિરખતાં વધશે સ્નેહ.....વીરા૦ ૩

મેં તો પ્રેમે પગરણ માંડયા, રુડો જગન રચ્યો રાજા સોહે.....વીરા૦ ૪

એક પત્રિકાએ વ્હેલા આવજો, સજન કુટુંબ પરિવાર.....વીરા૦ ૫

ભાઈ ભાંડુ હમારી ભાભીઓ, સોળ સહસ્ત્ર એક સો ને આઠ.....વીરા૦ ૬

વીરા થોડું કહ્યું ઘણું માનજો, મારે વીરાનો છે આધાર.....વીરા૦ ૭

જગત જનુની દેવકી ને રોહિણી, ભાઈ ભવતારણ એવા વીરા.....વીરા૦ ૮

અમોને તમો વિના વ્હાલું નથી, કુળવંતુ ગુણવંતુ ગામ.....વીરા૦ ૯

રૂડી રુકિમણિ જેને મન વસ્યા, ઠકરાણીના જૂઓ ઠાઠ.....વીરા૦ ૧૦

જેઠ દિયર છે કોડામણાં, નિત જપે છે તમારા નામ.....વીરા૦ ૧૧

પાંચ પાંડવના તમો વીરા, સૌનું કલ્યાણ કારણ દેવ.....વીરા૦ ૧૨

એકી રે બાંયે જશ સાચો, કર્યો શેષ નાગને પાર.....વીરા૦ ૧૩

દુઃખ જાશે રે આ દેહનાં, દેખનાં દેશમાં વધશે.....વીરા૦ ૧૪

વેદ વાદી વિપ્રને લાવજો, બીજી ઉત્તમ અનેક વરણ.....વીરા૦ ૧૫

સંગે જાદવ સર્વને તેડજો, સ્વજન કુટુંબ સર્વ સાથ.....વીરા૦ ૧૬

મારા સસરાને લાડીલો દિયર, મારી સાસુને અમર ચીર.....વીરા૦ ૧૭

મારા જેઠને કરજો જોડ ધોતિયા, જેઠાણીને રેશમના ચીર.....વીરા૦ ૧૮

મારા દિયરની લાવો પામરી, દેરાણીને સાયલની જોડ.....વીરા૦ ૧૯

મારી નણંદીને લાવો ચૂડી, મારા નંદોઈને વીરા ઝુલ.....વીરા૦ ૨૦

મારી ગેડીને લાવો વીસ ઢીંગલા, કુંવરીઆ રાતો મોડ.....વીરા૦ ૨૧

વીરા ઘરમાં ઘોડીનો વીરો હસતો, જેને મોતીડે જડી પલાણ.....વીરા૦ ૨૨

મારા જેઠ આવ્યા જેઠાણી સુત, એક ન આવ્યો માડીનો જાયો.....વીરા૦ ૨૩

તો ઉચી ચઢું ને નીચે ઉતરૂં, હું તો જોઉં મારા વીરાની વાટ.....વીરા૦ ૨૪
મારી નણંદ સરખા બોલ્યા, ભાભી ના આવ્યા તમારા વીરા.....વીરા૦ ૨૫
મારા દિયર વધામણી લાવ્યા, આવ્યા તમારા વીરા.....વીરા૦ ૨૬
વીરા દ્વારીકાથી ગાજયો ગડગડયો, વરસ્યો હસ્તિનાપુર મેહ.....વીરા૦ ૨૭
હવે તોરણ માંહે ઝબુકીઆ, વળી સળકયાં ઘોડીના સીન.....વીરા૦ ૨૮
હવે ઝળકયા વીરા માથે મોડિયાં, હવે ઝળકયા ભાભીના ચીર.....વીરા૦ ૨૯
વીરા આવ્યા ને વાડીએ ઉતર્યા, બેન તેડવાને જાય.....વીરા૦ ૩૦

卐

## પદ-૮૦૮

રુકિમણિ લખી કાગળ મોકલે રે દ્વારીકાના નાથ જાદવરાય;
કુંદનપુરમેં પધારજો રે...જાદવરાય ટેક

તે દિનને કારણે તજી છે, ભુખ ને તરસ....જાદવરાય ૧
શામળિયા તમો સાંભળો રે, બાલપણાની પ્રીત....જાદવરાય ૨
શિશુપાલ સૈન્ય લઈ આવ્યો રે, અબલાની કરજો સંભાળ....જાદવરાય ૩
આંખડલી ઝૂમી રહી રે, ભકત વત્સલ ભગવાન....જાદવરાય ૪
જશ તમારા સાંભળી રે, તુપ્ત થયાં મારાં મન....જાદવરાય ૫
અવગુણ ઉર ધરશો નહિ રે, જોશો નહિ કંઈ જાત....જાદવરાય ૬
હું છું જન્મો જન્મની રે, ચરણ કમલની દાસી....જાદવરાય ૭
રઘુનાથના સ્વામી શ્યામળા રે, અબલાની પૂરજો આશ....જાદવરાય ૮

卐

## પદ-૮૦૯

શુકન થઈ આવ્યા રે, હૈયે હર્ષ ના માય રે જાદવરાય;
કુંદન પુરમેં પધારજો રે ટેક

ભીમકરાય સામા ગયાં રે, તેડીને આપ્યાં છે માન રે.....જાદવરાય ૧
આપણે વધામણી વહેંચીશું રે, પોતે લાગ્યાં છે પાય રે.....જાદવરાય ૨

નરનારી વાતો કરે રે, વર છે વરવા લાયક રે.....જાદવરાય ૩
વિઠ્ઠલ વર જો હોય રે, પુત્રીના ભાગ્ય રે.....જાદવરાય ૪
વસુદેવ સુત જોઈને રે, લોકો થયા પ્રસન્ન રે.....જાદવરાય ૫
આઘા જઈને નિહાળ્યા રે, દીઠાં છે હરિ સમર્થ રે.....જાદવરાય ૬
લગનમેં સૌ સુંદરી રે, પૂજન કરવાને જાય રે.....જાદવરાય ૭
કર મધ્યે કર આલ્યો રે, ઉચકીને લીધાં રથમેં રે.....જાદવરાય ૮
હરણ કર્યું રે વ્હાલે હેતમેં રે, રુકિમણિને લઈ ગયા રે.....જાદવરાય ૯
શિશુપાલે શ્રવણે સાંભળ્યું રે, જોતામેં ઉઠી ઝાર રે.....જાદવરાય ૧૦
કપટી કપટ કરી ગયો રે ગાયે મદન ગોપાલ રે.....જાદવરાય ૧૧

卐

પદ-૮૧૦

વ્રજની શોભા શું કહીએ, આનંદ તોરણ ઉઘલ્યાં;
પ્રગટયા ગિરધર લાલ, વ્રજની શોભા શું કહીએ. ટેક
ત્ર્યબંક તોરણ બાંધ્યા, ઝાંઝર ઝમકે ઘરબાર.....વ્રજની૦ ૧
દીપક જયોત ઝળહળ્યાં, ઝમૈયો આપ્યો છે ગોખ.....વ્રજની૦ ૨
રંગે જંગે રે નિસર્યા, સૌને સરખો સંગાત.....વ્રજની૦ ૩
આશા રોપી રે આંગણે, એવા મારા હરજીના હેત.....વ્રજની૦ ૪
બાવાના ચંદન ગોરીએ પૂર્યા, મોતીના ચોક શોભા શું કહીએ.....વ્રજની૦ ૫
મોટું સરખું રે મથુરા, રમે રૂડા નંદજીના લાલ.....વ્રજની૦ ૬
નાનુ સરખું રે ગોકુલિયું, વિશ્વાસ જમુનાનો ઘાટ.....વ્રજની૦ ૭
કાલિંદીને કાંઠડે, ત્યાં છે કારણરૂપ -વ્રજની શોભા શું કરીએ ૮
તમો છો રે દયાળજી, દિલડાં ખોલો વિશ્રામ.....વ્રજની૦ ૯
માધુદાસની રે, વિનંતિ, પુરણ પુરુષોત્તમ દાસ.....વ્રજની૦ ૧૦

卐

### પદ-૮૧૧

સંતો જ્ઞાન ગલીમેં ગુરુ, મળ્યા, મારે રહેવું એ વ્રત ધ્યાન હરિરંગ રૂંઅડલો...ટેક
સંતો વારી તે વિવાહ ગંભીર, જેનાં કરવાં છે બહુ વિચાર.....હરિરંગ૦ ૧
સંતો માનુ મોસાળાં મોકલ્યાં, તેના પુરવાં મનનાં કોડ.....હરિરંગ૦ ૨
સંતો ગગન મંડલ હરિનો માંડવો, માંહી બેઠાં હરિજન સંત.....હરિરંગ૦ ૩
સંતો અચલ ઉતારો ઉલટયો, તેના કરવાં કાંઈ બહુ વિવેક.....હરિરંગ૦ ૪
સંતો કર્મધેનુ વાદળ કોપ્યાં, હવે ભાંગ્યો છે વાદ વિવાદ.....હરિરંગ૦ ૫
સંતો દાસ ગોપાલ ગુરુ મળ્યાં, તેનાં સર્યા સર્વે કામ.....હરિરંગ૦ ૬

卐

### પદ-૮૧૨

અનહદ ગડગડિયાં નિશાન રે, શુન્ય મંદિરમાં નેજાં ઝલકી રહ્યાં રે;
રવિ શશિ ઉતારે છે ઋણ રે, પરાપરથી[1] પિયુજી આવ્યા રે.....ટેક
જ્ઞાનની પાલખીએ બેઠાં રે, અનુભવ અમર ઘરે ચોંપ કરી રે.....૧
સંત સિહાસનમેં બિરાજયાં રે, મોતીનાં તોરણ ઝબકી રહ્યાં રે.....૨
વિશ્વાસ વાડીમાં ઉતર્યાં રે, પૃથ્વી ગલીચા મૂકયા પાથરી રે.....૩
ગગન મંડલમેં તંબૂ તાણ્યાં રે, ઝળહળ ઝળહળ હીરા ઝબકી રહ્યાં રે.....૪
વિશ્વાસ રૂપી તોરણે આવ્યાં રે, પ્રેમ બાજટ મેલ્યાં પાથરી રે.....૫
અરસ પરસ માંયરામેં આવ્યાં રે, પ્રેમ પીતામ્બર છેડાં ગાંઠયા રે.....૬
મંગલ વર્ત્યાં ચાર રે, લક્ષ ચોરાશી ફેરો મટી ગયો રે.....૭
ચારે જુગમેં ચારે વર્ણ રે, જશ ગાવાં જુગમેં થઈ રહ્યાં રે.....૮
રઘુનાથના સ્વામી સુંદીરવર રે, સઘળે ભોળા ભળી રહ્યાં રે.....૯

卐

૧. પરાત્પરથી

## પદ-૮૧૩

સંત સાથમેં તુલસી સાથમેં, બોઢાણો હરિજન;
મહાજન ઉપર હરિ રાજીઆ, ત્યારે પોતે થયા પ્રસન્ન;
પધાર્યા રે હરિ હૈયામેં, હરખે વધાવ્યાં.....ટેક

ચૌટે ચાલવું મારગે ચાલવું, શામળિયો છે અજાણ;
બોઢાણા સાથે પ્રભુ બોલ્યા, હું તો તમારી સાથ.....પ્રભુજી પધાર્યા ૧

બળદ છોડયાને વહેલે જોડયા, આવ્યા તે મારગ માંહી;
એક દીઠો લીલો લીમડો રે, મારા હરિએ કીધો વિશ્રામ.....પ્રભુજી૦ ૨

ગુગરીઓ આવી બેસાડયા ને, કીધો વરવાનો વિચાર;
દ્વારકા ઠાકોર આવ્યા રે; એટલે ઉગ્યો છે તેજોમય ભાણ.....પ્રભુજી૦ ૩

ચંદન ધોરવા ત્રિકમ તોલવા, લેવા મોંઘેરા મૂલ;
હરિ અળગા થયા રે, જાણે જાવંત્રીના ફૂલ.....પ્રભુજી૦ ૪

દહેરા ચણાવ્યા ને પાલખી, બંધાવી, થઈ છે લીલા લ્હેર;
ગુગરીએ ગોવિંદજી ઉપડયા રે, એવો ભૂધરજીનો ભાર.....પ્રભુજી૦ ૫

આખા લીમડાની એક ડાળ મીઠી, તે તો નજરે દીઠી જાય;
કડવાશ એનો કયાં ગયો રે, મારા હરિએ ઉતાર્યો હાથ.....પ્રભુજી૦ ૬

સામું જોયું મનડું મોહ્યું, નિરખ સુંદિરશ્યામ;
આશા તે રામની અહિં રહી રે, ગુગરીઓ ગયા પોતાને ગામ ૭

卐

## પદ-૮૧૪

### જનકનો માંડવો

રાજા જનકને માંડવે, ભાવે મળ્યા છે ભૂપ;
સીતા બેઠાં છે જારીએ; નિરખ્યાં રામચંદ્ર રૂપ.....રાજા૦ ટેક
કન્યા કહાવે રે તે તણી, જે રાય તોડે ત્રંબક;
એવા પણ લીધાં પિતાએ, તેને આપું કન્યાય.....રાજા૦ ૧

અયોધ્યા નગરીનો રાજીઓ, રઘુવર રૂપ રસાલ;
એણે ત્રંબક તોડયા, ઉતર્યા મહીપતિના માન.....રાજા૦ ૨
ત્રંબક ત્રણ કકડાં કરી, સળકયો પાતાલી નાગ;
પરશુરામ ઝબકીને જાગ્યાં, પ્રગટયો ક્ષત્રિયનો વેષ.....રાજા૦ ૩
દેવ ડંડા રે વાગ્યાં, વર્યા ઈશ્વરને દ્વાર;
વાજાં વાગે રે વિધવિધના, રઘુવર પરણવા જાય.....રાજા૦ ૪
રઘુવર તોરણે આવ્યા, સાસુજી પોંકવા આવ્યાં;
અંતરપટ આડા ધર્યાં, માનુની મંગલ ગાય.....રાજા૦ ૫
જુસલ મુશલ ને રવૈયો, સંપજ ને ત્રાક;
ઈંડી પીંડી રે ઉછાર્યાં, નિરખ્યા સૃષ્ટિના નાથ.....રાજા૦ ૬
રઘુવર માંયરામાં આવ્યા, બેસણ સોનાની પાટ;
સામણ પથરાવ્યા રે, જાનકી ઓઢણા નવરંગ ગાંઠ.....રાજા૦ ૭
ઋષિએ હથેવારો મેળવ્યો રે, કંઠે આરોપી વરમાળ;
ઘુંઘટમેં નિરખ્યાં નાથ રે, નિરખ્યા રામચંદ્ર રુપ.....રાજા૦ ૮
ઋષિએ મંગલ વર્તાવ્યાં રે, સાસુ પીરસે કંસાર;
જનક હરખમાં આવીઆ રે, આપ્યા ઘૃત ભંડાર રે.....રાજા૦ ૯
વેદની ધૂની વિપ્ર ભાગે રે, પરણ્યા સીતા ને શ્રી રામ;
આનંદ ઉત્સવ અતિ ઘણો રે, સર્યા સેવકના કામ.....રાજા૦ ૧૦
મોહી રહી નગરની નારીઓ, જોયાં જાયાં રામચંદ્ર રૂપ;
અયોધ્યા નગરીનો રાજીઓ દીઠા અકલ સ્વરૂપ.....રાજા૦ ૧૧

卐

## પદ-૮૧૫

## સીતાજીનો સોયલો

ત્રંબક તોરણ બાંધ્યાં રે, ત્યાં કંકોત્રી લખાય રે;
રાજા જનકે મહાજંગ માંડયો રે, ચોપાશે વધામણી જાય;
.....સીતાજીનો સોયલો૦ ટેક
ગાઓ માનુની રઘુકુલ ધામ, લ્યો રામનું નામ,
મેલો અભિમાન,.... .... .... ....સીતાજીનો સોયલો૦ ૧

મંડપ રચ્યો મોગરે ત્યાં કનક સ્તંભ વિશાલ રે;
જારી જરૂખા ને ગોખ બારી, ત્યાં જડયાં તે રત્ન પરવાળ.....સીતાજીનો૦ ૨

ચોપાશે ફરતી ફૂંદડી રે, ત્યાં બેસણ છે સુવર્ણપાટ;
મંડપ છાંયો મોગરે રે, ત્યાં મળ્યાં છે જાચક ભાટ.....સીતાજીનો૦ ૩

દેવ દાનવ સૌ ગાંધર્વ રે, રાજાપુરી છત્રીશ રે;
દેશાવર દેશ મહીપતિ રે, હરિ જોઈ જગદીશ.....સીતાજીનો૦ ૪

મોગરેલ તેલ ચોળ્યા રે, ચંદન અરગ જાય અબિલ;
કેસર ગુલાલનાં છાંટણા, સંતો કહે છે બાવન વીર.....સીતાજીનો૦ ૫

માંતો માંડવો રે, ત્યાં ભેટ ભલેરી થાય;
સજતાં આસન છત્ર ચમર, રાજા જનકને હર્ષ ન માય.....સીતાજીનો૦ ૬

ચોપાસે ભાળે જાનકી રે, ત્યાં કંથ શ્રીરઘુરાય;
ન ગમે રાણો રાજીઓ રે, મારે અંગે આભૂષણનો સોહાગ.....સીતાજીનો૦ ૭

મધ્યે તે મ્હાલે મહાલણી રે, ત્યાં ચોપાસે ચંપા ઝાડ;
ગાંધર્વ બોલે સજતાં રે, ત્યાં થાય છે નાટારંભ.....સીતાજીનો૦ ૮

સાતક સાંધીને વરઘ બાંધી, કાંકણ પહેર્યા હાથ;
પીઠી કરે સૌ પદ્મિની, ગુજરી ગુણ ગોરીના થાય.....સીતાજીનો૦ ૯

ભવ ભવ ભરથાર મારે, સ્વામી તમો કરજો સહાય;
લગ્નવેળા સજજ થઈ, તેમાં ક્ષણ ના લાગે વાર.....સીતાજીનો૦ ૧૦

ત્રબંક ધનુષ તો સજજ કરો, તમે એ વર વરજો આશિષ;
રાજા જનક પણ પાકયાં, એવાં મૂરખના જાણવાં તાન.....સીતાજીનો૦ ૧૧

દશ વંદન રાવણ રીસે ભર્યો, ધસીને ઝાલ્યા હાથ;
કર ચંપાયા નવ નીસરે, બલવંત ભરાયો શ્વાસ.....સીતાજીનો૦ ૧૨

તારણ તો લે છે તારુણી, ત્યાં પુરલોક જોવા જાય રે,
લંકેશ ત્યાં લાજીઓ, તેને હસ્યાં સકલ સુર રાય.....સીતાજીનો૦ ૧૩

મુખ હસીને કરીશું કુટકલી, ગુરુજી માંગુ આશિષ;
તમો પ્રતાપે વરું જાનકી રે, જો સજર્યા હોય જુગદીશ.....સીતાજીનો૦ ૧૪

ગુરુ કહે બાલક બોલ મા, શું થયા બૂધ અજાણ રે;
આ રે સુરિનર વૃન્દશુંરે, આપણે ખોશું સભામેં માન.....સીતાજીનો૦ ૧૫
ઋષિ સભામેં રઘુરામ લક્ષ્મણ, સાથે બન્ને જોડ રે;
ગુરુજી માંગુ આજ્ઞા રે, મને ધનુષ ભાંગ્યાના કોડ રે.....સીતાજીનો૦ ૧૬
મેરુ આગળ માનુષ બાળ રે, કર્યા રતિ કયાં મૃગબાલ છે;
નથી તે કેળ સાથે બાથ ભીડવી રે,
એ તો કઠણ કંટાળાની જાળ.....સીતાજીનો૦ ૧૭
કોટિ તે કાળે દંડક, ત્યાં કંથ શ્રી રઘુરાય;
મોરપણે ઘેલા કર્યા, કસ્તૂરી કદમ એક ઠામ.....સીતાજીનો૦ ૧૮
સોટી કસોટી ને શિશ સોટી, હરિન કોમલ કોમલ વેષ;
ધિક્ ધિક્ તારા તાતને રે, એવાં કેમ લીધાં વેષ.....સીતાજીનો૦ ૧૯
સીતા કે મન સોચના કરે, હરિના કોમલ કોમલ વેષ;
કેસરી લંકેશ લટકટાં રે, રઘુનાથ છે ભીનેવાન.....સીતાજીનો૦ ૨૦
જયારે મન જોયું સીતાતણું રે, ત્યારે ધનુષ લીધું રીસ ચઢાઈ;
લીલા કરીને લટકારી રે, તેના કકડાં કીધા દશવીસ.....સીતાજીનો૦ ૨૧
દુદુંભિ વાજાં વાગ્યા ત્યાં પુષ્પની વૃષ્ટિ થાય રે;
વરમાળા આરોપી જાનકી રે;
ત્યાં તો અંગે ઉલટ ના માય રે.....સીતાજીનો૦ ૨૨
જનક નારી ભરે થાળી રે, માથે કંચન મોડ રે;
સૈયર હસાવે જાનકી રે, ત્યાં સીતા હસાવે રામ રે.....સીતાજીનો૦ ૨૩
કનક રસને રચી ચોળી, નાગ કેરા દામ;
રાય પધાર્યા માંયરામેં, ત્યાં થઈને બેઠાં છે વર રામ.....સીતાજીનો૦ ૨૪
જનક નારી ભરે જારી, માથે કંચન મોડ રે;
ઓવારણાં લેવાડે સીતારામનાં, ત્યાં પહોંચ્યા છે મનનાં કોડ.....સીતાજીનો૦ ૨૫
મનોરથ માંફાં જોડયાં રે, ત્યાં તો રજ ઠેકાણે સુર રે;
મહાદેવના ધનુષ ખંડીને રે, જાન ચાલી છે જાહેરપુર.....સીતાજીનો૦ ૨૬
રામ સીતા બેઉ પરણીને સધાર્યા; આવ્યા અયોધ્યા મોઝાર;
કૌશલ્યા કરે હરિની આરતી, ત્યાં તુલસીદાસ બલ જાય.....સીતાજીનો ૨૭

卐

## પદ-૮૧૬

નવલંકી રે નવલ શાને કાજે, માંડવડો મારો લચી રહ્યો રે.....ટેક
ગુજારાર કંબાડ નિશાન રે, ચોરાશી લક્ષ જો પાંખડી રે.....૧
બાંધો રે બાંધો તોરણ ઘરને બાર, લુણાસ મનષા સુવાસણી રે.....૨
વાગે રે વાગે તાલને મૃદંગ, વાજીંત્ર વાગે શોભતાં રે.....૩
વાગે રે વાગે નોબતને શરણાઈ, ત્યાં ભેર વાગે મેઘના રે.....૪
તેડો રે તેડો ધોળીડાં સૌ નાર, તેણે મારો રંગ રેહશે રે.....૫
ચેતો રે ચેતો સાધુજનને સંતે, વિવાહ આવ્યા રે ઢુંકડાં રે.....૬
મોટાં રે મોટા સાધુજન સૌ સંત, હરિદાસ લેજો રે ટેલડી રે.....૭

卐

## પદ-૮૧૭

જીરે સખીઓ તે સૌ ટોળે મળી, ત્યાં ગાયે રે ભલાં મંગલ ચાર
આલા લીલા ભર્યાં.....ટેક
જીરે માંડવો છાંયો મોગરે, ફૂલડાંએ રે ભલાં ફગર ભરાય
આલા લીલા ભર્યાં.....૧
જીરે કનક મસ્ત કેસર ભર્યાં, ત્યાં ઊડે રે ભલાં અબિલ ગુલાલ
આલા લીલા ભર્યાં.....૨
જીરે તાલ મૃદંગ વાગે, ત્યાં વાગે રે ભલાં ઢોલ નિશાન
આલા લીલાં ભર્યાં.....૩
જીરે અગર ચંદનના છાંટણા, મોતીડે રે ભલા ચોક પૂરાય
આલા લીલાં ભર્યાં.....૪
જીરે ગોકુલીયું સુશણગારીએ, શણગાર્યો રે ભલા પરિવાર
આલા લીલાં ભર્યાં.....૫
જીરે નરસિંહ મહેતા એમ ભણે, ધન હજો રે ભલા ગોકુલમેં વાસ
આલા લીલાં ભર્યાં.....૬

卐

પદ-૮૧૮

એના વિરલા કોઈ વાંચનહાર, કાગળ સતગુરૂ લખે.....કાગળ૦ ટેક

જ્ઞાન વૈરાગ્યનો દેહ ધર્યો રે, ચઢી જીવપણાની જીવ;
ભકિત આભૂષણ પહેર્યાં રે, વાકા સેવક દાસ કબીર.....કાગળ૦ ૧

શીલ રૂપી ખડિયો કર્યો રે, માંહી પ્રેમતણી રે શાહી;
કમલ બુદ્ધિ આ સંતની રે, ત્યાં અભેદ આંક લેખાય.....કાગળ૦ ૨

સુરત નુરતની દોરી લીટી રે, માંહી વિવેક તણો વિચાર;
વિચારી અક્ષર જે લખ્યાં રે, એ તો કાગલ કોરો કહેવાય.....કાગળ૦ ૩

જીવપણામેં જુગતે રહો રે, મલી મલી મંગલ ગાય;
એ અક્ષર નહિ ઉકલ્યા રે, થાકયા છે જાણ અજાણ.....કાગળ૦ ૪

અંધે તે અક્ષર વાંચ્યાં રે, બ્હેરે સુણ્યા કાન;
મૂગેં તે ચર્ચા બહુ કરી રે, એના વેદ કરે રે વખાણ.....કાગળ૦ ૫

કોટિ કોટિ પંડિત પઢી મુઆ રે પઢી પઢી વેદ પૂરાણ;
અનેક અક્ષર ઉકલ્યા રે, તે તો ઉતર્યા પાટણપુર.....કાગળ૦ ૬

અક્ષર કાનો માત્રા છે રે, માયા ઉપર તે શુન્ય;
તે ઉપર પરિબ્રહ્મ છે રે, એને નહિ મળે પાપ ને પુન્ય.....કાગળ ૭

અમરાપુરીની જગતમાં રે, એમાં એનો વાસ;
કરજોડી અખો કહે રે, એવા દુર્લભદાસ કબીર.....કાગળ૦ ૮

卐

પદ-૮૧૯

રામ લક્ષ્મણ વનમેં સીધાવ્યા, સતી સીતા તે આવતા સાથ;
કહો રઘુનાથ પધારો પિયર ભણી.....ટેક

નહિ તો અહીં રહો સસરાના રાજમાં, હેતે હળીમળી સાસુસંગાત;
જોડી બન્ને હાથ પધારો પિયર ભણી.....૧

અમે વસતીમાં નહિ વસીએ વિનંતિ, અમે રહીશું જઈ વનવાસ;
તમો પામો ત્રાસ, પધારો પિયર ભણી.....૨

સાથે રથ કે ઘોડા મળે નહિ, સાથે મળે દાસી કે દાસ;
કોઈ તમ પાસ પધારો પિયર ભણી.....૩

તમે કોશ ન પંથ કીધો નથી, ચરણે ચાલીને પામશો થાક;
લીટી ખેંચો નાક, પધારો પિયર ભણી.....૪

વનમાં નથી મંદિર માળિયા, નથી પોઢવા સેજ પલંગ;
રંગિત નવરંગ, પધારો પિયર ભણી.....૫

અમે વનફલ ખાઈને રહેશું, કોઈ દિવસ કેવલ પાન;
વિના લુણ પાક, પધારો પિયર ભણી.....૬

કરશો ઘાસ પાનનું ઝુંપડું સુવા જશો ત્યાં ખુંચશે અંગ;
એમાં શો ઉમંગ, પધારો પિયર ભણી.....૭

વનમાં હીરના ચીર મળે નહિ, વનમાં નહિ મળે ફૂલેલ,
કે તેલ ધૂપેલ, પધારો પિયર ભણી.....૮

વનમાં નહિ મળે શાણી સાહેલીઓ, કરશો સાથે તંતથી ખેલ;
ઉમંગ ભરેલ, પધારો પિયર ભણી.....૯

ઉષ્ણ કાળે ઉના વાયરા, એવું દેખીને થશો ઉદાસ;
જવા રે જેઠ માસ, પધારો પિયર ભણી....૧૦

વરસે મેઘ ને ઝબકે વિજળી, તેવે તણે ત્યાં ઘર ઘર વાસ,
છત્ર નહિ પાસ, પધારો પિયર ભણી....૧૧

વનમાં ઘાતકી રાક્ષસ વસે ઘણા, ચારે તરફ બહુ ફરે ચોર;
તેનું ઘણું જોર, પધારો પિયર ભણી....૧૨

વનમાં વાઘ વરૂ ને વાંદરા ઘણા, ઘણા રીંછ જનાવર જોર;
બચે નહિ ઢોર, પધારો પિયર ભણી....૧૩

મોટા પર્વત દેખીને માનુની, તમને નજરે જોયા નહિ જાય;
દીસે ખાવા ધાય, પધારો પિયર ભણી....૧૪

તમે રાજકન્યા રે કાયા કુમળી, વનવાસ દુઃખો ન વેઠાય;
કાયા કરમાય, પધારો પિયર ભણી....૧૫

વનમાં અંધારૂ દેખી ડરે ઘણા, નથી નીકળ્યા કદી ઘર બાર;
છો નાજુક નાર, પધારો પિયર ભણી....૧૬

તમે છો ઉંમર વર્ષ સોળના, નથી સંકટ વેઠયાં લગાર;
તમે કોઈવાર, પધારો પિયર ભણી....૧૭

પરણી આવી પિયર ગયા નથી, તમને મળવાને ઈચ્છે છે માત;
ચોંપે ચિત્ત જાય, પધારો પિયર ભણી....૧૮

રાજા જનકજી તમને ઝંખે ઘણું, તેમના સંદેશા સોહાય;
તેડાં પાછાં જાય, પધારો પિયર ભણી....૧૯

ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિ માટ;
પૂરાવીને થાળ, પધારો પિયર ભણી....૨૦

અમે અવધ ફરી આવશું, ત્યારે લેશું તમારી સંભાળ;
અમે તત્કાલ, પધારો પિયર ભણી....૨૧

રૂડી મિથિલાપુરી મનમાં ભાવતી, તમે પામશો પરમ વિશ્રામ;
છે બાપુનું ગામ, પધારો પિયર ભણી....૨૨

ગોરી તમને ગમે તેમ હું કરું, એમ દલપતરામના શ્યામ;
કહે રાજારામ, પધારો પિયર ભણી....૨૩

卐

## પદ-૮૨૦

એવું સાંભળી સીતાજી કહે, તમે સાંભળો સુંદીર શ્યામ;
સુજન પ્યારા, સાથે રાખો સ્નેહથી.....ટેક

જૂદા પડવાની વાત વ્હાલા કહો, તે બોલ તીખાં બાણ;
રઘુકુલ ભાણ, સાથે રાખો સ્નેહથી.....૧

સ્વામી જયાં તમો ત્યાં ઘર મારું, તમથી વેગળી હું પરદેશ;
હું જાણું હંમેશ, સાથે રાખો સ્નેહથી.....૨

તમે જોગીનો વેશ જો ધરશો, હું તો ધરીશ જોગણ વેશ;
જટા કરું શેષ, સાથે રાખો સ્નેહથી.....૩

સ્વામી તમે સુખી તો સુખ મારું, તમે દુઃખી તો દુઃખી મારો દેહ;
એમાં શો સંદેહ, સાથે રાખો સ્નેહથી.....૪

જે કોઈ પરણ્યા પછી રહે પિયરમાં, એનો અવતાર બળ્યો ધિક્કક;
એ મુઆ જેવી દેહ, સાથે રાખો સ્નેહથી.....૫

સ્વામી તમો વિના મંદિર માળીયા, ભાસે મોટા પર્વત સમાન;
વસતીના વેરાન, સાથે રાખો સ્નેહથી.....૬

મહા વનમાં ભરી વસતી ભાસસે, જયારે પામે દર્શનઘન;
કૃપાને નિધાન, સાથે રાખો સ્નેહથી.....૭

સાસુ સસરાને માત પિતા કહો, ભલે રાજ કરે મહારાજ;
ઘણાં કાળ સુધી, સાથે રાખો સ્નેહથી.....૮

સ્વામી શું કરૂં ભાઈ ભોજાઈને સ્વામી શું કરું સૈયર સમાજ;
કોઈનું નથી કાજ, સાથે રાખો સ્નેહ.....૯

સાચું સગપણ જગમાં સ્વામીતણું, સ્વામી બીજો સઘળો સંસાર;
કુટુંબ પરિવાર, સાથે રાખો સ્નેહથી....૧૦

મારા લાડ પાલણ તમો લાલજી, બીજો નથી આંસુનો લેનાર;
કે એક આધાર, સાથે રાખો સ્નેહથી....૧૧

કાયા પ્રાણ થકી જુદી પડે, તો હું તમ થકી જુદી પડું છેક;
જીવવું તજી ટેક સાથે રાખો સ્નેહથી....૧૨

જે કોઈ જુદી પડે જલથી માછલી, રાખે દુધમાં કરીને વિવેક;
જીવ પળ એક, સાથે રાખો સ્નેહથી....૧૩

તમે સુખના સાગર રહો વેગળા, પછી શું કરૂં રાજને પાટ;
હવે લીલા ઠાઠ, સાથે રાખો સ્નેહથી....૧૪

મને હીરના ચીર ગમે નહિ, મને ગમે ઘરેણાં ગાંઠ;
મટાડો ઉચાટ, સાથે રાખો સ્નેહથી....૧૫

હું તો તમ દીઠે દેખણી, અણદેખે આંધળી ભીંત;
જનમની છે રીત, સાથે રાખો સ્નેહથી....૧૬

મેં સ્નેહ તોડયા સહુ લોકથી, બાંધી તમ સંગ પ્રીત;
ચોરાયું મારૂં ચિત્ત, સાથે રાખો સ્નેહથી....૧૭

જમવું જીવણ તમથી જુદા પડી વિધવિધ ના પકવાન;
તે વિષના નિશાન, સાથે રાખો સ્નેહથી....૧૮

જમવું જીવણ તમ સંગ ભાવથી, હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન, સાથે રાખો સ્નેહથી....૧૯

પડશે તાપ ને તડકા વૈશાખના તે હું જાણી રામચંદ્ર પ્રકાશ;
રહી તમ પાસ, સાથે રાખો સ્નેહથી....૨૦

મુજને મેલીને પંથ પધારશો, આવી મળવાની નહિ મળે;
હું મરણ પામું ત્રાસ, સાથે રાખો સ્નેહ....૨૧

કરતી વાત ઢળી પડી ધરણીથી નારી, જાનકીજી થઈ નિરાશ,
કહે લેતી શ્વાસ, સાથે રાખો સ્નેહથી....૨૨

દયા કરી દેવ દલપતરામના, સતી સીતાને દેખી ઉદાસ;
જતાં વનવાસ, સાથે રાખો સ્નેહથી....૨૩

卐

## પદ-૮૨૧

સરસ્વતી શ્રીપુર લંકા શોહામણું, જયાં રાજે છે જનકકુમારી;
પ્રિતમ લખે પ્યારીને ટેક
રહો અખંડ એવા તમો, ભલી એવી આશિષ વાંછો અમારી.....પ્રીતમ૦ ૧
ગોરી દેહના દેહ જૂદા પડયા, પણ પ્રાણ મારા તુજ પાસ.....પ્રીતમ૦ ૨
બેસું બાગ બગીચે કે બંગલે, રહું તમ વિના અધિક ઉદાસ.....પ્રીતમ૦ ૩
તારો સ્નેહ ઘડી ઘડી સાંભળે, તારો ભાવ ભૂલ્યો કેમ જાય.....પ્રીતમ૦ ૪
તારા હેતથી હૈયું ભરાય છે, તે તો લેખણથી ન લખાય.....પ્રીતમ૦ ૫
મારે અર્થે તારે બાલપણથી, તજયો સઘળો પિયર પરિવાર.....પ્રીતમ૦ ૬
મારા લેશ વચન નથી લોપ્યા, નથી કોપ્યા કહીએ લગાર.....પ્રીતમ૦ ૭

તારી નમ્રતા અમૃતથી વેગળી, વળી શોભતો શાંત સ્વભાવ.....પ્રીતમ૦ ૮
જેથી મનની ઉદાસીનતા તુરત મટે, તારા બોલનો એવો બનાવ.....પ્રીતમ૦ ૯
ગોરી તારા ગુણ કેમ વિસરૂં, વિલાય ભર્યા વેણ....પ્રીતમ૦ ૧૦
હેતે હસતું વદન તારૂં વનિતા, મારા નીરખવા તલપે છે નેણ....પ્રીતમ૦ ૧૧
દિવસે તુજ વિના નથી ગોઠતું, પીવું પાણી કે જમવું અનાજ....પ્રીતમ૦ ૧૨
રાતે રોઈને રાતી આંખડી થઈ, લોક પૂછે તો આવે લાજ....પ્રીતમ૦ ૧૩
ગોરી વનમાં ઘણી ધીરજ રાખવી, કાલે ભાંગશે ભવનાં વિયોગ....પ્રીતમ૦ ૧૪
જેથી રીઝે આપણને જગપતિ, એવો અહર્નિશ કરીએ જાધોગ....પ્રીતમ૦ ૧૫
જે જે વૃદ્ધવાળો પડોશીઓ શુદ્ધ છે, તેને પ્રીતથી કહેજે પ્રણામ....પ્રીતમ૦ ૧૬
વિભિષણ મિત્ર પવિત્ર ને, કહેજે જરૂરનું હોય કાજ....પ્રીતમ૦ ૧૭
જોઈતી વસ્તૂ જરૂરી મંગાવજો, કશી વાતે દુભાશો ન મન....પ્રીતમ૦ ૧૮
કાલે દેખીશું દિવસ આનંદના, જશે નીકળી દુઃખભર્યા દિન....પ્રીતમ૦ ૧૯
જે જે પ્યારી તમારી સાહેલીઓ, તેને પ્રેમથી કહેજે જુહાર....પ્રીતમ૦ ૨૦
સાસુ સસરાની આશિષ છે સુંદરી, મળશું ભામિની ને ભરથાર....પ્રીતમ૦ ૨૧
વધે સ્નેહને સંપ સુજન સાથે, એવી તનમન રાખજો ટેક....પ્રીતમ૦ ૨૨
અમે થોડી અવધે આવીશું, અમે દલપતરામના દેવ....પ્રીતમ૦ ૨૩

卐

પદ-૮૨૨

લખે લંકા થકી રે સીતા સુંદરી, હેતે બન્ને જોડી હાથ.....કાગળ લખે કામની ટેક
પત્ર આવ્યો તમારો પ્રીતે ભર્યો, વ્હાલા વાંચી થઈ વિશ્રામ.....કાગળ૦ ૧
પ્રાણજીવન તમથી જૂદી નથી, ઘણા દિવસ થયા ઘનશ્યામ.....કાગળ૦ ૨
માટે મળવાને મન અકળાય છે, ઘડી એક તો જુગ જેવી જાય.....કાગળ૦ ૩
મારા નયણાં નીરખી નાથજી, સુતા રજનીમાં નયણાં ભીંજાય.....કાગળ૦ ૪
ઘેર ચાલો ઘણીવાર થઈ છે, નહિ તો જીવડો જાશે જરૂર.....કાગળ૦ ૫

દેવ પાંખ આલી હોય તો, પ્રીતમ ઉડી આવું દેશાવર દૂર.....કાગળ૦
નિત્ય નવીન વાતો વાંચીએ, જેથી પામીએ પુરો પ્રમોદ.....કાગળ૦
ચતુરાઈનો ચોજ હું સાંચવું, એવો વિધાતા કરીએ વિનોદ.....કાગળ૦
મારા વ્હાલા તમારા વિયોગથી, દિલ દાઝે છે દિવસ ને રાત.....કાગળ૦
વાતો તારી મીઠડી મારા વ્હાલા, પ્રીતે પાસે બેસીને કરીએ વાત.....કાગળ૦ ૧
હું તો મન માની મનમાં મુંઝાવું છું, કહું કયાં જઈ કર્મની વાત.....કાગળ૦ ૧
તાંબાકુંડી તો ઊંડી આપતી, ભાવે ભરૂં મહી નિર્મળ નીર.....કાગળ૦ ૧
બેસો બાજટે ચઢી મારા ચોકમાં સ્વામી નવડાવું ચોરી શરીર.....કાગળ૦ ૧
રૂડી રીતે સરસ રસોઈ બનાવું, પ્રીતે પીરસીને હું બેસું પાસ.....કાગળ૦ ૧
એવો દિવસ તે કયારે દેખાડશો, કયારે પૂરશો અંતરની આશ.....કાગળ૦ ૧
સ્વામી તમો વિના પિયુને સાસરૂં, સુનો લાગે છે સઘળો સંસાર.....કાગળ૦ ૧
મારા માથાથી મોંઘા પ્રભુ તમે છો, મારા આત્માના છો આધાર.....કાગળ૦ ૧
આવા પરવશદિન સુખ સર્વને, હું તો શોક ઉદાસ સદાય.....કાગળ૦ ૧
વર્ષે મેઘ ને ઝબુકે જો વિજળી, આખી નીરખી સેજ ન થાય.....કાગળ૦ ૧
હું તો સુની દેખું સુખ સેજડી, ખાલી મંદિર ખાવાને ધાય.....કાગળ૦ ૨
ભરી વસતી ઉજજડ જેવી પાસે છે, એક તમો વિના ત્રિભોવનરાય.....કાગળ૦ ૨
વ્હાલા હું કેમ વિસરું તમને, કેમ વિસરું દાદાનું વચન.....કાગળ૦ ૨
પત્ર વાંચીને વ્હેલા પધારજો, સ્વામી શરીરના કરજો જતન.....કાગળ૦ ૨
કોઈને દુ:ખી દેખતાં દુ:ખ પામતાં, એવી નાથ તમારી છે ટેવ.....કાગળ૦ ૨
આવે અવસરે તમો કેમ કઠણ થયા, તમે દલપતરામના શ્યામ.....કાગળ૦ ૨

卐

પદ-૮૨૩

સતી સીતાજી સાસરે પધારતાં, શીખ દે માતા સુજાણ-ડાહ્યી મારી દીકરી ટે
દીકરી તારા વિના તન તલપશે, દીકરી પિયરથી કરતાં પલાણ.....ડાહ્યી૦ ૧
દીકરી વચન સાસુજીનું માનજે, દીકરી ઘર મૂકી ન જઈએ પરઘર.....ડાહ્યી૦ ૨

દીકરી કુશળ સમાચાર કહાવજે, દીકરી આવજે પિયર તેડે ગામ.....ડાહ્યી૦ ૩
દીકરી સાસરે રહીએ સંતોષથી, સાસુ સસરાની કરજે સેવા.....ડાહ્યી૦ ૪
દીકરી જુગતીએ રસોઈ જમાડજે, દીકરી મનમાં મદન માની દેવ.....ડાહ્યી૦ ૫
દીકરી જેઠાણીને જમાડજે, દિયર દેરાણીનો કાઢીએ ન દોષ.....ડાહ્યી૦ ૬
દીકરી નણંદીની સાથે રહીએ સ્નેહથી, ન રાખતી મનમાં દોષ.....ડાહ્યી૦ ૭
દીકરી પતિને રીઝવજે પ્રેમથી, હોંશે માનજે હુક્કમ.....ડાહ્યી૦ ૮
દીકરી સ્વામીનું શરીર સંભાળજે, વ્હાલ લાવીને દીકરી વિશેષ.....ડાહ્યી૦ ૯
દીકરી પતિના વચન પ્રેમથી પાળજે, અને પછી પૂજજે ઈશ.....ડાહ્યી૦ ૧૦
દીકરી સદા રહીએ સંતોષથી, શાંતિ રાખીને નમાવજે શિશ.....ડાહ્યી૦ ૧૧
દીકરી મૂરખના વેણ નવ માનીએ, કાચા નવ રાખીએ કાન.....ડાહ્યી૦ ૧૨
દીકરી સગાં વ્હાલાં સર્વે સંપથી, સદા ચાલીએ ચતુર સુજાણ.....ડાહ્યી૦ ૧૩
દીકરી શિયળ નીતિ રીતિ સંભાળજે, કદિ કરીએ ન કલેશ સાસરિએ.....ડાહ્યી૦ ૧૪
દીકરી વિષના ઝાડ ન વાવીએ, દીકરી વ્હાલામાં કરીએ ન વેર.....ડાહ્યી૦ ૧૫
દીકરી હળમળી વસીએ સંપથી, દીકરી ઉલટથી આદરીએ ઉદ્યોગ.....ડાહ્યી૦ ૧૬
દીકરી પતિવ્રતા નારીનો એ ધર્મ છે, સહેજે વૈકુંઠ વાસો હોય.....ડાહ્યી૦ ૧૭
દીકરી કામ હોંશે ઘરનું કરીએ, રહે ઘરધંધાથી શરીર નિરોગી.....ડાહ્યી૦ ૧૮
દીકરી બોલ મધુરા રોજ બોલીએ કદિ બોલીએ ન બોલ કઠોર.....ડાહ્યી૦ ૧૯
દીકરી તક લઈ વાતનો તોલ કરીએ, જેથી વાંધો ના કાઢે કોઈ..........ડાહ્યી૦ ૨૦
દીકરી વડીલનું માન વધારજે, હૈયે હર્ષથી ચાહજે હીત.....ડાહ્યી૦ ૨૧
દીકરી ભાવે ભવાનને પૂજજે, માતપિતા પર લાવજે પ્રીત.....ડાહ્યી૦ ૨૨

卐

પદ-૮૨૩

આરતી

મંડપ સ્તંભ સોનાતણાં રે, વર્યા જુગદીશ;
રુકિમણિ કૃષ્ણ પધાર્યા રે, હરિના જે જન હોય દશ વીશ...કનૈયાજી આરતી ટેક
સેજ વારો રે રથ સજજ કરે, સાંધરણી છે સાથ સ્વાર;
અનેક શણગાર્યા રે, સુંદર ચાલી છે હરજીની જાન.....કનૈયાજી૦ ૧

કમ્માડું નિશાન વાગે રે, શરણાયું અતિસાર;
મૃદંગ શબ્દ અતિ શોહામણા રે, હરિને નીગમ હોય જૈ જૈ કાર.....કનૈયાજી૦ ૨
કમળા તે કુંડલ કાને ઝલકે, મુગટ શોહે ચારુ;
બાંય બાજુ બંધ બેરખાં રે, હરિને કંઠે કૌસ્તુભમણિનો હાર.....કનૈયાજી૦ ૩
જાઈ જાવંત્રીને મોગરો રે, ચોંપે ગૂંથી ને લાવ;
ચોસેંરા હરિના ચીર તપે રે, જીરે મોતીડા તપે રે લલાટ.....કનૈયાજી૦ ૪
છટઠી તે ચોખ, કેસર વર્ણ્યાને, બત્રીશ ભમરીનો મર્મ
સાંસુએ ઈશ્વરને પોંકયા રે, તોરણે રહ્યાં રણછોડ.....કનૈયાજી૦ ૫
ચૂવા ચંદ્દન અગર કસ્તૂરી, રંગ બન્યો અતિસાર;
કેસર કેરાં કછોલાં ને, ઊડે છે અબિલ ગુલાલ.....કનૈયાજી૦ ૬
કોરૂાં કંકણ બેસાડયા રે, આભૂષણ શોહે અંગ;
રુકિમણિ ને શણગાર્યા રે, રાણી રુકિમણિ છે ધન્ય ધન્ય.....કનૈયાજી૦ ૭
રુપા તે બાજટ ચણાવ્યા રે, ઉપર સોના થાળ;
કલવો લાવે સૌ કામની રે, નાનાવિધ પકવાન્ન.....કનૈયાજી૦ ૮
સીતાએ ચોરી ચીતરી રે, નવરંગી ચોફેર;
ઈશ્વરે ચોરી ચીતરી રે, પરણ્યા છે રુકિમણી.....કનૈયાજી૦ ૯
પીળાં પીતામ્બર કોરી જનોઈ, શોહે શ્યામ શરીર;
ભીમકરાયે કન્યાદાન દીધાં રે, ગંગાના નીર.....કનૈયાજી૦ ૧૦
ચીર જ ખસ્યાં ને વદન હરખ્યાં, દીઠાં વદન પ્રકાશ;
મુખમાં વિધવિધ દીસતાં રે, સ્વર્ગ મૃત્યુને પાતાલ.....કનૈયાજી૦ ૧૧
આનંદ ઉત્સવ અતિ ઘણો રે, ઉલટ અંગે ન માંય;
રુકિમણિ ઘર આવ્યા રે, ગુણ ગાયે નરસૈંયો દાસ.....કનૈયાજી૦ ૧૨

卐

### પદ-૮૨૫

પરણ્યા પરણ્યા સીતા ને શ્રીરામ, જાદવરાય પરણ્યા રુકિમણી.....ટેક
ગોમતીજીમેં ગડગડિયાં નિશાન, જાદવરાય પરણ્યા રુકિમણી.....૧

જનસમાજમેં હસ્તમેળાપ કરાવ્યો રે;
હાથી ઘોડા દે છે કન્યાદાન જાદવરાય પરણ્યા રુકિમણી.....૨
કાશીમાં તો કરવતનું નિશાન;
ભીમકરાય દે છે કન્યાદાન;
ભૂમિના દીધાં છે દાન, જાદવરાય પરણ્યા રુકિમણી.....૩
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી;
એના પૂર્યા મનના કોડ જાદવરાય પરણ્યા રુકિમણી.....૪

卐

પદ-૮૨૬

રાતી પીળી ગોરમટી મંગાવો રે, તેની નવરંગ ચોરી ચીતરાવો રે;
હોમ વિધિ પાંચ કાષ્ટ મંગાવો રે, નિવૃત્તિ ગાયનું ઘી મંગાવો રે;
હોમવાને કામ ક્રોધ લોભ હોમાવો રે, હોમવિધિ શાંતિમય નીપજાવો રે;
સતગુરુ શબ્દનો હસ્ત મેળવાવો રે, કહે કબીર વર કન્યા પરણી ઊઠયા રે;
તે તે તો વૃત્તિ પ્રભુ પરાયણ થઈ રહ્યા રે.

卐

પદ-૮૨૭

ધોળ

હરિ તમે દાસ તણા દુઃખ મોડયા રે;
હરિ આવો વૈકુંઠથી તમે દોડયા રે.....૧
વૃન્દાવનમેં રાસ રમ્યા ગિરધારી રે;
હરિ તમે પ્રેમે ગૌધેનૂ ચારી રે.....૨
રહ્યા તમે સોળ સહસ્ત્રમેં ઓપી રે;
તાર્યા તમે ગજ ગુનકાને ગોપી રે.....૩
હરિ તમે ઈન્દ્ર તણો ગર્વ ટાળ્યો રે;
ગોપી ને સારૂ ગિરિવર ધાર્યો રે.....૪

હરિ તમે દાસતણું દુઃખ જાણી રે;
પાયુ તુમ નરસૈંયા ને પાણી રે.....૫

કંઈએક દાનવ નાંખ્યા મારી રે;
રહો છો તમે ભકતતણા વશ હારી રે.....૬

હરિ તે ધનુષ્ય બાણ લઈ મારે રે;
ધાયા તમે સિદ્ધરજીની વ્હારે રે.....૭

ગયા તમે જયમલના યુદ્ધ માંહે રે;
દલને તો પરાજય કીધું તાંહે રે.....૮

હરિ તમે પાછાના ભય ભાંગ્યો રે;
સીવ્યો તમે નામ નામદેવનો વાગો રે.....૯

હતી તે લકડેકી તરવાર રે;
કીધી તમે ભવાનજીની સાર રે....૧૦

હરિ તમે સજનાજીના કર આપ્યા રે;
હરિ તમે સેની થઈ પગ ચાંપ્યા રે....૧૧

એવા તમે સમર્થ છો જદુવીર રે;
પૂર્યા તમે દ્રોપદી કેરા ચીર રે....૧૨

કીધી તમે ત્રિલોચન ને લહેર રે;
સેવક થઈ રહ્યા તેને ઘેર રે....૧૩

મોહનજીએ કીધી તે ઘણી મહેર રે;
પીધું તમે મીરાંબાઈનું ઝેર રે....૧૪

એકે તો શીત ચરણામૃત લીધો રે;
હરિ તમે નારીનો નર કીધો રે....૧૫

અંબરીષ સારૂ તમે કિરતાર રે;
હરિ તમે લીધા દશ અવતાર રે....૧૬

પકડી તમે રોહીદાસની બાંય રે;
શ્રીફલ તો લીધું ગંગા....માંય રે....૧૭

હિરણા કશ્યપ હાથે હરિ તમે માર્યો રે;
પ્રલ્હાદને અનેકવાર ઉગાર્યો રે....૧૮

પીપો તે જાઈ દરિયામેં દોટે રે;
હરિ તમે વળગાડયો છે કોટે રે....૧૯

હરિ તમે વણજારા થઈ આવ્યા રે;
પોઠ તો કબીરને ઘેર લાવ્યા રે....૨૦

કંઈ એક વિપ્રના મોડયાં માન રે;
શબરી તો કીધી આપ સમાન્ન રે....૨૧

શબરી તો ચરણ ધરે મન ધીર રે;
ત્યા તો શુદ્ધ થયું સરિતા નીર રે....૨૨

હરિ તમે સુપજને વા નાંખ્યો રે;
તેનો તમે પનવારો લઈ ચાખ્યો રે....૨૩

ગયા તમે માધવનું મુખ જોવા રે;
તેનું તમે મળમુત્ર નિત્ય ધોવા રે....૨૪

અલેજીને સારૂં આંબો નમાવ્યો રે;
રાજા પ્રજાને પરચો બતાવ્યો રે....૨૫

કરતા તમે સુધન્વા શું ગેલ રે;
શીતલ કીધું તેનું તેલ રે....૨૬

ભકિતદાસને પ્રેમ જ આવ્યો રે;
ઘોડો તે સાગરમાં ઝંપલાવ્યો રે....૨૭

ધર્યું તમે સાખ પુર વાદલ માંહે રે;
બુડતાં તે ગામ પધાર્યા પલ માંહે રે....૨૮

એકે તો રાણી કુંવર વિષ દીધો રે;
હરિ તમે તરત સજીવન કીધો રે....૨૯

અંગદે હીરો જલમાં ડાર્યો રે;
લઈ તમે જગન્નાથ ઉર ધર્યો રે....૩૦

લાવ્યા તમે લક્ષ્મીજીને સાથે રે;
લુંટાયા તે સ્નેહ કંચનને હાથે રે....૩૧

ધનાને તો હરિજન ઉપર હેત રે;
નિપજાવ્યું ને વણબીજે તેનું ખેત રે....૩૨

કંઈએક પતિત ઉદ્ધાર્યા પાર રે;
લાલાને તો તમારો આધાર રે....૩૩

卐

## અંતિમ સમયનાં પદો

પદ-૮૨૮

કહે ભાઈ રૂડું તેં શું કર્યું, પામ્યો મનુષ્ય દેહ;
હરિ રસ પ્રેમે પીધો નહિ, હરિ સંગ કર્યા ન સ્નેહ.....કહે ભાઈ૦ ટેક

રમતાં તે દહાડાં નિર્ગમ્યા જયાં લગી હતો તું બાળ;
ધ્રુવની પેરે સેવ્યો રે, દીનાનાથ દયાળ.....કહે ભાઈ૦ ૧

નાના થકી પરણાવ્યા રે, નાંખ્યો માયાની જાળ;
મહાજુગ મોહ્યો રે નાથદી, ત્યાંથી ભજો રે ગોપાળ.....કહે ભાઈ૦ ૨

સાચાં જૂઠા તેં બહુ કર્યાં રે, એમ કર્યું એકત્ર દ્રવ્ય;
છતાં હતું પણ વાપર્યું નહિ, નહિ થયું પુન્ય ને દાન.....કહે ભાઈ૦ ૩

મરતાં દીઠાં રે અતિ ઘણા, અમર રહ્યું નહિ કોઈ;
સહુદેવ જયાં ઉડી ગયા, હૃદયે વિચારી જોઈ.....કહે ભાઈ૦ ૪

એક દિન એવો આવશે, દીવડો વાએ ઓલવાય;
એવું જાણી ભજો ભગવાન, આત્મા સાધન થાય.....કહે ભાઈ૦ ૫

જે જયાં હતું તે ત્યાં રહ્યું, સાથે આવ્યું ના કાંઈ;
ભાલણ સ્વામી સંદેશો કહી ગયાં રે ભાઈઓ પામો સાધન.....કહે ભાઈ૦ ૬

卐

## પદ-૮૨૯

પ્રાણી કયાં ફરે રે ઉદાસ, ગોવિંદ ભજની રે;
જેણે ભરમાવ્યો માયા, સંસાર તજની રે.....૧
પ્રાણી માયા છે મોહની જાળ, જંતુ બંધાયો રે;
પ્રાણી ખોટા તે સુતને નાર, ખોટી કાયા રે.....૨
પ્રાણી વેચાયો લોભીને હાથ, મિથ્યા વગોવ્યો રે;
પ્રાણી સંસાર તારા જન્મનું લેખું, આળ લાંબો કયાં સુતો રે.....૩
તારા કુટુંબ દેખી પોતાને, અંગે શું ફુલ્યો રે;
જેમ નિશાચર ને કાગ, ઉંધે મુખે ઝુલ્યો રે.....૪
પ્રાણી સાંકુષ્ટ પડે શ્વાન, મિથ્યા તાણી રે;
પ્રાણી હું કરીને વિસાર્યો, સારંગપાણી રે.....૫
પ્રાણી નદીઓ તણા જેમ નીર, રાખ્યા નથી રહેતા રે;
પ્રાણી તેમ તારા આયુષ્ય, જાય છે વહેતા રે.....૬
પ્રાણી સંત સેવે સુખ થાય, દુઃખને કાપે રે;
પ્રાણી સંતો સેવ્યા, આ ખડક જેવા માય રે.....૭
તેને કાળ તણો નહિ માર, ગોવિંદ માથે રે;
પ્રાણી ચેતાય તો ચેત, કહું ફળ ફાડી રે.....૮
તમે હરિનું ભજન કરો પ્રેમે; ચિઠી લાખો ફાડી રે;
પ્રાણી ઝાઝું કહ્યેથી શું થાય, થોડામાં રાચું રે.....૯
રામકુષ્ણના સ્વામી નંદલાલ, નીરખીને હું રાચું રે;
પ્રાણી કયાં ફરે રે ઉદાશ, ગોવિંદ ભજની રે....૧૦

卐

## પદ-૮૩૦

પામ્યા શરણ હરિ પરિબ્રહ્મા રાય;
ગર્ભ ટાળવા નથી અનેરો ઉપાર રે.....ટેક
માયા રે સીકોતેર આત્મા ધર્યો;
મલિન મંત્ર વિષયાદીક ભાર્યો રે.....૧

પરિબ્રહ્મા નામે મંડલ પૂરાવ્યો;
સ્મરણ નરસિંહ વીર બોલાવો રે.....૨

પરિબ્રહ્મા નામે મહામંત્ર સાધ્યો;
ઈન્દ્રિય સહિત નિશ્ચલ મન બાંધ્યો રે.....૩

ચરાચર પ્રગટ અભ્યાંતર જુગ થાપ્યું;
નરક વિડંબવા જમ કરી આપ્યું.....૪

આત્મા પે તું કરમ કરાવે;
કરમ ભોગવવા દેહી ધરાવે રે.....૫

જન્મ મરણ વશ આત્મા વગોયો રે;
ડંશ ભર્યો તારા નામ શું ન રોયો રે.....૬

ક્ષિતી જલ ગગન પવન નહિ તેજ;
તહીંએ સ્વામીજી મારા પરિબ્રહ્મ એક રે.....૭

જઈને સ્વામીજી તમો વડપત્ર સુતા;
તહીએ આત્મા કહો કયાં હુતા રે.....૮

અણછતો ભગત વિનતિ કર જોડ;
તું મલે હવે સંકુષ્ટ છોડ રે.....૯

卐

પદ-૮૩૧

## પધરામણી

આવું રૂડું ને રસાળું રે, આવ્યા અયોધ્યામાં રામજી;
આ પ્રજા લઈને ભરત પરહર્યા રે, હરિના વદન નિહાળું રે.....આવ્યા૦

આ મલ પરતે ગજરે શણગાર્યા રે, સાથે પખાળ્યા પલાણ રે;
દલ વાદળ દીસે ઘટાર રે, વાગે દેવના નિશાન રે.....૧

આવ્યા આવ્યા જુગજીવન ને જાનકી રે, રામ લક્ષ્મણ જોડે રે;
શોભિતા હનુમાન સાથિયા રે, હરિના પ્રસન્ન શરીર રે.....૨

અયોધ્યા તો થયું રે સોહામણું રે, હરિના કલ્યાણના કોડ રે;
ચૌદ વર્ષે આવી મળ્યા રે, સાથે રામ લક્ષ્મણ વીર રે.....૩

ઘર ઘર ઓચ્છવ અતિ ઘણા રે, વાજે તાલ ને મૃદંગ રે;
ભેરના વાગે ભેરની રે, મૃદંગ ડફને ગાજે રે.....૪

હરિને છત્ર ચમર વાયે વીંઝણો રે, હરિને મોતીડે વધાવો રે;
એક એક લે ઓવારણા રે, પો'ડે તોરણ બંધાવો રે.....૫

હરિના ધજા પતાકા ફરહરે રે; ચોક મોતીડે પૂરાવો રે;
સ્હેજે સ્હેજે જુએ સુંદરી રે, હરિના દર્શનનો ભાવ રે.....૬

હરિના હરિજન હરિજશ ગાતાં રે, વિપ્રને વેદ ભણાવો રે;
ગાયે માનુની મંગલ ચાર રે, દેવ દુદુંભિ બજાવે રે.....૭

કૌશલ્યા કરે હરિની આરતી રે, હરિ મારે મંદિરે પધારો રે;
અગર ચંદનના ઓવાળવાં ઘણાં રે, હૈયે હર્ષના માંય રે.....૮

ત્યાં સઘળા સેવકો આવી મળ્યાં રે પહોંચી મનડાંની આશ રે;
રાજે બેઠા રઘુનાથજી રે, ગુણ ગાયે ભાણાદાસ રે.....૯

卐

## પદ-૮૩૨
### (રાગ-પ્રભાત)

દશરથ રાય વાણી બોલ્યા, સુણો શ્રોતા જન;
રામને ગાદીએ બેસાડવા, ખુશી છે સહુ જન.....૧

સભામાંહેથી બોલ્યા રામ રાજા રે થાય;
હર્ષ થયો અવધપુરમાં, રામ ગાદીએ બેસે.....૨

શુભ દિવસ શુભ ચોઘડિયું, ચાલો ગુરુ મહારાજ;
ગુરૂએ પોથીમાં જોયું, શુભ કાલ ને દિન.....૩

સામગ્રી સહુ તૈયાર કરો, રામ અભિષેક થશે
વાત ચાલી સહુ દેશમાં, હરખ્યાં મોટેરાં રાય.....૪

સભા ભરી સહુ દેવની, મનમાં કરે રે વિચાર;
રામ જો વનમાં નહિ જશે, કારજ શી રીતે થશે.....૫
કલિને ત્યાં બોલાવ્યો, અવધપુર જોવાં;
શિશ નમાવિ કલિ ચાલ્યો, આવ્યો અવધપુર જયાં.....૬
સત્ય નગર સત્ય લોક છે, કલિની નહિ પહોંચી હાય;
ભાલણના પ્રભુ રઘુનાથના, બાગમાં કીધો મુકામ.....૭

卐

પદ-૮૩૩

(રાગ-પ્રભાત)

પ્રભાતે દાસી ઉઠયા, ફૂલ વીણવાને કાજે,
ન્હાયી ધોઈ દાસી ચાલ્યા, આવ્યા બાગની માંય-પ્રભાતે.....૧
ખોળો વાળી ફૂલ વીણ્યાં, કલિ થયો રે હોંશિયાર;
રૂદન કરતાં દાસી ચાલ્યાં, આવ્યા રંગભુવન.....૨
છાતી સાથે રાણી ચાંપ્યાં, કલિ થયો રે પ્રવેશ,
છુટા કેશે રાણી ચાલ્યાં આવ્યાં રાયની પાસે.....૩
માંગુ માંગુ સ્વામી આપજો, આપો બે રે વચન;
માંગો માંગો સતી સુંદરી, દેહ કરું રે અર્પણ.....૪
ભરત મારો રાજ કરશે, રામને આપો વનવાસ
કોમલ અંગ છે રામનું, કેમ કાઢું રે વન.....૫
વચન વાગ્યાં હૃદય વિશે, પ્રાણ ઉચેરા ચઢયા;
વાટ જોઈ ગુરૂ આવ્યા, કેમ લાગી રે વાર.....૬
ક્રોધ કરી ચાલ્યા, કેમ બંધ નિશાન;
રુદન કરતા કૌશલ્યા બોલ્યા, રામને આપ્યાં રે વન.....૭
મુખ ઉતારી ગુરુ ચાલ્યા, આવ્યા રામભોવન;
તાતનું વચન પાળવા, રામ પધારે વન.....૮
મુખે હસી રામ બોલ્યા, ઘણો આનંદ મન;
ભાલણના પ્રભુ રઘુનાથજી, વસ્ત્ર ઉતાર્યા અંગ.....૯

卐

પદ-૮૩૪

વનકુળ અંગે ધર્યા, વન જવાને કાજે;
રુદન કરે અવધપુરમાં, છોડી ચાલ્યાં રે રાજ વનકુળ.....ટેક

સતીને મહેલે આવ્યા, આજ્ઞા આપો રે મુજને;
બાર વર્ષ વનમાં જવું, પછી આવશું ઘેર.....૧

સંગ લેજો મારા નાથજી, નહીં તો કાઢું મારો પ્રાણ;
રૂદન કરતાં લક્ષ્મણ આવ્યા, આંખે અશ્રુની ધારા.....૨

સંગ લેજો મારા બંધવો, નહીં તો કાઢું રે પ્રાણ;
ત્રણે જણે વનકુળ પહેર્યા, વન જવાને કાજ.....૩

ત્રણે જણ પંથે પડયાં, આવ્યાં ગ્રહક વન;
ગ્રહક ભકત છે રામના, આવી લાગ્યો રે ચરણે.....૪

વનકુળ કેમ અંગે ધર્યાં, કહો સાચી રે વાત;
મુખે હસી રામ બોલ્યા, મારે જવું રે વન.....૫

કર ઝાલી ગ્રહક ચાલ્યા, આવ્યા ગંગાને તીર;
ગ્રહકે તરોપો છોડયો બેઠાં ત્રણેય જણ.....૬

ગ્રહકે તરોપો હાંકયો, ગયાં પેલે રે પાર;
ભાલણના પ્રભુ રઘુનાથજી, રહ્યાં પંચવટી માંય.....૭

卐

પદ-૮૩૫

પંચવટીમાં જઈ રહ્યાં, ગંગાને તીર;
કંદમૂળ ફળ લાવ્યાં, લાવ્યાં લક્ષ્મણ વીર.....પંચવટીમાં૦ ટેક

તાતના વચને ત્યાં ગયાં, વસ્યાં વનવાસ;
કર્મ વડે આ દેહ છે, કેમ કાઢો શ્વાસ.....૧

એક ઘડીના દિવસ થયાં, દિવસ થયાં રે વર્ષ;
ચૌદ વર્ષ કેમ કાઢીએ, શેં ન આવ્યાં રે મરણ.....૨

લક્ષ્મણ દોષ નવ દીજીએ, કર્મના ભોગી;
વનકુળ ઓઢણ પહેરણે, વળી શય્યા રે ભૂમિ.....૩
જોગીનો વેષ રાવણે ધર્યો, ભિક્ષા લેવાને કાજ;
છાબ ભરી છે વનફળથી, લાવ્યાં સીતા રે માત.....૪
કપટ કરીને સીતાને હર્યા, લંકાપતિ રાયે;
રામ લક્ષ્મણ બેઉ શોધતાં, સુગ્રીવ પાસે રે આવ્યા.....૫
સુગ્રીવ મનમાં હરખ્યાં, ધન આજનો દિન;
ભાલણના પ્રભુ રઘુનાથજી, મળ્યાં જુગજીવન.....૬

卐

પદ-૮૩૬

નોતરૂં મારે નારાયણનું, અંતકાળે હરિ આવો;
સારંગ ધરજો વેળાએ, વરજો વેળાએ વાર ન લાગે.....નોતરૂં૦ ટેક
સારાં કર્મ તમે જે કર્યા, તેની ગાંઠલડી શિર બાંધી,
ગોપી ચંદન તિલક તુલસીને, નામ નારાયણ બાનુ.....૧
વિપરીત કર્મે કંઠ વિરોધ્યો ને, સગાં થજો રઘુનાથ,
ઘોડલે ચઢી ગોવિંદજી આવ્યાં, સાર્યા સેવકના કામ.....૨
મોરલી વગાડતાં મોહનજી રે, આવ્યાં ગોવિંદદાસ;
નોતરૂં મારે નારાયણનું, અંતકાળે હરિ આવો.....૩

卐

પદ-૮૩૭

સ્વર્ગ ભુવનથી ઉતર્યા રે હંસા, આવ્યા મૃત્યુ લોક માંય હંસા;
કાયાની વાડી છોડી નવ જઈએ રે હંસા.....ટેક
આવતાં તે આવ્યા પ્રાણી બે જણા રે,
જતાં તે જુજવો સંગાત.....મારા હંસા.....૧
એક થાણામેં રોપ રોપ્યો, ઉગ્યો કંટાળો ને કેવડો રે હંસા;
હું છે વાડીનો વેલ રે હંસા.....૨

ધમણ ધમે ને ખંભા તપે રે હંસા, તેની સાથે ભીડાવે બાય.....૩
ધમણા ધમે ને ગોળા તપે રે, ચૌટે કરાવો પતિત.....૪
તમે છો તરકસ ભાયડાં રે હું છું ચોર મજીષ્ટ હંસા.....૫
તમે છો બાંયે રૂડાં ચૂડલાં રે હું છું લાલ કમાલ હંસા.....૬
કાયા કાયા રે પ્રાણી શું કરો રે, કાયાના કરીશું કોડિયા રે હંસા.....૭
દીવેલ ખૂટયાં ને દીવો નાંદીયો રે, ઓરડીએ ઘોર અંધાર હંસા.....૮
ચાલું ચાલું પાણી શું કરે રે, ચાલવું છે નિરાધાર હંસા.....૯
ભણે નરસૈંયો એમ વિનવે રે, ચરણે રાખોની નાથ હંસા....૧૦

卐

## પદ-૮૩૮

અંતર્યામીને નથી અજાણ્યું, મને માને તેમ મ્હાલો;
કર્યાં કર્મ ભોગેવવાં પડશે, ને જોઈ વિચારી ચાલો.....ટેક
પાપ પુન્યના બે માર્ગ મોટાં, ને જે ગોઠે તેણે જાય;
હરિને ઘેર હિસાબ જ થશે, ને નથી કોઈ વેરી ને વ્હાલા.....૧
જોર કરી જીવ બોલાવવો બેઠો, ને જો મારી અવસ્થાની હેલી;
જોર કરી જીવ બોલતો નથી, ફેરા ફર્યા વણ ઠાલી.....૨
આવ્યો જીવ ત્યારે મુઠી વાળી, ચઢયો તેમ જમને હાથે;
પીળાં પીતામ્બર પહેરવા મુકયા, ને લોક મળે ને કોળ લાજે.....૩
કાશી ને વાટે તન વેચાયા, નીચ ઘેર પાણી ભર્યા;
વાણી જ કીધાં વ્યાપાર કીધાં, અગ્નિ કહે એ તન મારૂં;
છાપા તિલક કંઠે તુલશીની માલા, ગાયે કબીર જનદાસ.....૪

卐

## પદ-૮૩૯

કયાં થયો પ્રાણી આંધળો, તને હરિ મારગ નવ સૂઝે;
સંભાળી યાદ ધરજો રે પ્રાણી, સંસાર કુપ ભરે છે રે.....ટેક
માયા મોહ બંધાયો રે પ્રાણી, લક્ષ ચોર્યાશી રવડશે રે;
કાળ ભોરિંગ ભમ્યા કરે, કોઈ દિન આવીને નડશે.....૧

ચેત વ્હાલા ચેતાવું રે તુજને, તે તો તજી ચિતામેં ગોવશે રે;
કર્મ કુડાં રે કરી રેહશે, રળી રળી ને ભોગવશે.....૨
કાલા ઘેલા છોકરા રમાડીને, હરિ ને વિસાર્યા;
કંચન કામીની કોયલડી, હીરા રત્ન જન્મ સંહાર્યો રે.....૩
પરિવાર પોષ્યો પાપ શું રે તું તો હરિ ભજવાને આવ્યો રે;
વહેવારમાં જો ઓછું હશે રે, તો કુટુંબ અમારૂં વગોવશે.....૪
લોક લાજે કુલકી મર્યાદા રે તે તો ગળામેં ફાંસી રે;
જમદુત જયારે લઈ ચાલશે, ત્યારે નથી જવાતું નાસી રે.....૫
સદગુરૂ સેવ્યા પ્રેમ શું રે, હાથ ઘસીને દેખાડયા રે;
સંત વૈદ્ય મળ્યા વિના રે, તારો કર્મ રોગ કોણ કાઢશે રે.....૬
ફળ તૂટયું તે તો ડીચથી રે, ફરી નવ લાગે તે ડાળ;
ફરી ફરી અવસર આવો નથી, તમે જો જો મન વિચારી.....૭
સંત વચને તું ઉદરમાં આવ્યો, તું હરિ ભજવાને આવ્યો;
ઉત્તમ જ્ઞાન તારું કયાં ગયું રે, તને કારમો સંસાર ભાવ્યો.....૮
સાચી શિખામણ માનને પ્રાણી, ભજવા શ્રી ભગવાન;
કૃષ્ણદાસ કહે તમે હરિ ભજો, ભાવે સરશે તમારૂં કાજ.....૯

卐

પદ-૮૪૦

પ્રાણી એક દિન એવો આવશે, ઘેર મેલી પરોણા ચાલશે;
તારા વ્હાલાં મળીને વળાવશે, વળાવીને આસન વાળશે.....ટેક
તારી દશ દિન કરશે વાર્તા, પછી કોઈ ના જોશે આવતાં;
લીલા વાંશના આવ્યા વહાણ, પછી કોને વરદ કોને આંગણે.....૧
ભોળા કાનુડા કાનુડા કાનુડા, દહાડે હું મોટી તમે નાધડા;
શામળિયાને લેજો સાથે, હરજી હૈયાના છે નાથ.....૨
પ્રાણી છે નથી સમ, સંભાળતા, પછી જંમરા લઈ જશે મારતા;
કેમ તજયો તેં અમારો સંગ, જેમ તજે તે કાળ ભોરિંગ.....૩
એમ કહે હરજી મન, સંભાળો એક દિન;
એમ ભણે નરસૈંયો સાચું, હરિની ભકિત વિના સૌ કાચું.....૪

卐

## પદ-૮૪૧

કયાં ગયો રે પંખીડો બોલંતો;
બોલંતો પંખીડો ખેલંતો કયાં ગયો રે.....પંખીડો૦ ૧

તજી રે ઘોડા ને વાઘ વછેરા;
તો એવા એવા કપડાં પહેરંતો.....કયાં ગયો રે૦ ૨

મૂછ જ મરડે ને, પગ સમારે;
દર્પણમાં મુખ દેખંતો.....કયાં ગયો રે૦ ૩

સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો;
રાખની વાડીમાં ખેલંતો.....કયાં ગયો રે૦ ૪

卐

## પદ-૮૪૨

વ્હાલાને અક્રુર આવ્યા તેડવા રે, ઉતર્યા નંદજીને દ્વાર;
નંદે અક્રુર પ્રત્યે પૂછયું રે, કેમ આવ્યા ગોકુલ મોઝાર;
કોઈ વારો રે નંદના કુંવરને રે.....કોઈ૦ ટેક
અક્રુર કહે કંસે ધનુષ જંગ માંડયો રે, એ તો તમારે કાજ;
આજે પુત્ર સહિત તમને તેડવા રે, મથુરા ચાલો મહારાજ.....કોઈ૦ ૧
વ્રજ વનિતાએ વાર્તા સાંભળી રે, મથુરા જાશે મોરાર;
ત્યાં દુઃખ દર્દ સૌના જશે રે, વ્યાકુલ થઈ વ્રજનાર.....કોઈ૦ ૨
વ્રજવનિતા સર્વે ટોળે મળ્યા રે, આવી ઉભા નંદજીને દ્વાર;
સૌ કોઈએ દીઠાં આનંદભર્યા રે, મધ્યે દીઠા મહારાજ.....કોઈ૦ ૩
હરિને પીળાં પીતામ્બર પહેરણાં રે, કેડે કંદોરા દીધાં સાર;
હરિને કસ્તૂરી લાંછન ઉર, મુકતાફલનો છે હાર.....કોઈ૦ ૪
હરિના હેમ કાંકણ હાથે જડયાં રે, આંગળીએ રુદ્રકાની જોડ
હરિને બાંયે બાજુબંધ બેરખાં રે, આહેરે દીઠો રણછોડ.....કોઈ૦ ૫
હરિને મસ્તકે મુગટ મણિ જડયા રે, હરિને કુંડલ ઝળકયાં કાન;
અમને હેત દેખાડીને ઓળખાવ્યાં રે, હવે શાને જાઓ તરછોડી.....કોઈ૦ ૬

જશોદા રોહિણી સરખી માવડી રે, ગોકુલ ગામમેં નંદજી છે તાત;
એ તો આપણ સરખી દાસીઓ રે, તેના બલિભદ્ર સરખાં છે વીર.....કોઈ૦ ૭

વ્હાલાનું ગોકુલિયું ઉજજડ થશે રે, મથુરા જાશે જદુનાથ;
ઈન્દ્ર ગોકુલ ઉપર કોપશે રે; ગોવર્ધન કર ધયશે હાથ.....કોઈ૦ ૮

અગાસુર બગાસુર થઈને આવશે રે, આજે ઘેર ઘેર નાનેરાં બાળ;
કાલુડો કાલીનાગ પ્રગટ થશે રે, ત્યારે આપણો કોણ રખેવાળ.....કોઈ૦ ૯

સંખ્યાસુર તણાં વૃન્દ આવશે રે, વૃષભાન કરશે વહારજો રે
ચાલો મથુરાં જતાં હરિને વારીએ રે, નંદજીને કહીએ એક વાત.....કોઈ૦ ૧૦

વ્હાલા અવર કાંઈ સમજયાં નથી રે, વિસર્યા બાલપણાની પ્રીત;
આજ અળગા થઈને ઉભાં રહ્યાં રે, કોઈ કહો જશોદા નંદને.....કોઈ૦ ૧૧

હરિને મથુરા જવાની પેર છે રે, કોઈ કહો રોહિણી નંદને;
રોહિણી રાખતાં વાળીને ઘેર રે, કોઈ વારો રે નંદના કુંવરને.....કોઈ૦ ૧૨

હવે નંદ ભોજન કરીને પરવાર્યા રે, આવી ઉભા નંદજીને દ્વાર;
સૌ કોઈ આહીર પ્રત્યે બોલતાં રે, તમે કેમ ધરો ધીર.....કોઈ૦ ૧૩

જુઓ સખી નંદજી ઉતાવળ કરે રે, વ્રજવાસી આહીરડાંની સાથજો;
જશોદા રોહિણી મુખેથી નથી બોલતાં રે, નથી રાખતાં ઝાલીને હાથ.....કોઈ૦ ૧૪

અક્રુર હાથ જોડીને ઉભા રહ્યા રે, રથે જોડયા અશ્વ ચાર;
રથે ઓધવ કર ઉજવલ કર્યા રે, મુકતા ઝાલરના તેજ અપાર.....કોઈ૦ ૧૫

ત્રિવિધ પવન ધંજા ઉડી રહી રે, ક્ષણ ક્ષણ ઉડી ને પલટાઈ;
જાણે નીજ ઘરથી હરિ ચાલ્યાં રે, ફરી ફરી લુણાં રે લેશે ભલાઈ.....કોઈ૦ ૧૬

પાપી પ્રાણ લેવાને આવ્યો રે, કોણે ધર્યું અક્રુર એનું નામ;
કાલુડો નાગ આડો શેં ન ઉતર્યો રે, એને આવતાં ગોકુલ ગામ.....કોઈ૦ ૧૭

અક્રુર શું કરે આપણે પાપણી રે, કુલવંતી મથુરાની નાર;
હરિ રથે બેઠાં નિહાળશે રે, નાગર નંદ તણા કુંવરને.....કોઈ૦ ૧૮

મથુરાની નારે પુરાણ બહુ સાંભળ્યા રે, પૂર્વે કીધાં હશે બહુ દાન;
જપતપ બહુ કર્યો હશે રે, સાધુજનને દીધાં હશે દાન.....કોઈ૦ ૧૯

તે પુન્ય પ્રીતે મથુરા જાય છે રે, પુણ્યવતીના પૂરવા કોડ જો;
સતી સ્ત્રી હરિને નિહાળે આંખથી રે, વશ કરુણાએ વશ થયા રણછોડ.....કોઈ૦ ૨૦

એવું કહીને રથ ઉપર બન્ને ચઢયાં રે, રથ હાંકયો મથુરાની વાટે જો;
રથ ચાલતાં રથને વીંટાઈ વળ્યો રે, સાંભળો અક્રુર જાણ અજાણ જો.....કોઈ૦ ૨૧

માર સમ જો મથુરામાં લઈ જાઓ તો રે, તમને કંસ રાજાની આણ;
હરિને મથુરા જવાનું મુર્હુત નથી રે, પૂછી જોષીને બોલાવી જોષ જો.....કોઈ૦ ૨૨

રુદન કરતાં હૃદીયું ફાટે છે રે, રુદન કરતાં જશુમતિ માત,
બલિભદ્ર કંસનું તેડું પાછું નવ ફરે રે, જઈ કરવો ઉત્તપત્ત.....કોઈ૦ ૨૩

ભાઈઓ ક્ષણ એક ધીરજ ધરો રે, બોલ્યા બલિભદ્ર વીર જો;
અમો દિવસ ચાર પછી આવીશું રે, માથે નરસૈંયાના નાથે,
દીધી એમ ધીર જો.....કોઈ૦ ૨૪

卐

પદ-૮૪૩
(રાગ-પ્રભાત)

મથુરાની વાટે રે હરિ રસ વહી ગયો રે.....ટેક
સુરજ તું તો શું રે ઊગ્યો ધૂંધરે,
નાથજી તો તજીને ગયા સ્નેહ.....મથુરાની૦ ૧

પૂરમેંથી અક્રુરને તેડાવ્યા,
ઝીણા રે ઝરમર ઉડે કેશ.....મથુરાની૦ ૨

જમુનાને કાંઠે રે કદમ કેરાં ઝાડવાં;
ઉપર ચઢીને નીરખે વ્રજનાર રે.....મથુરાની૦ ૩

ઓ રથ જાઈ રે મારા નાથનો રે;
હવે અમે ઘસી ને રહ્યા બન્ને હાથ રે.....મથુરાની૦ ૪

રથ વરાવી ને પાછા વર્યા રે;
આવી ઊભા સરોવરની પાળ રે.....મથુરાની૦ ૫

ભરેલાં સરોવર સુકાઈ ગયાં રે;
બગલાં દેશે રે શ્રાપ રે.....મથુરાની૦ ૬

સ્વપ્ના સરખું રે સુખડું વહી ગયું રે;
હવે આવ્યા દુઃખ દરિઆના દિન રે.....મથુરાની૦ ૭

ઝુરે ઝુરે નંદ જશોદા માવડી રે;
ઝુરે ઝુરે ગાયોના ગોવાળ રે.....મથુરાની૦ ૮

ધન ગોકુલ ગામના ગરાશિઆ રે;
વ્હાલે મારે માર્યાં મોહના બાણ રે.....મથુરાની૦ ૯

થોભણના સ્વામી શ્રીનાથજી રે;
વ્હાલે મારે ઉતાર્યાં ભવપાર રે.....મથુરાની૦ ૧૦

卐

## ગરબા

### પદ-૮૪૪

હમચી[1] ચડી રઢિયાળી રે, હરિ તારી હમચી ચડી.....ટેક
પ્રથમ મચ્છા રૂપ ધરીને, સાતે સાહેર શોધ્યા રે;
સંખ્યાસુર દાનવને મારી, વેદ બ્રહ્માને વાર્યા રે.....હમચી૦ ૧
બીજે કચ્છા રૂપ ધરીને, મેરુ કીધો રવૈયો રે;
ચૌદ રત્ન જતન કરી કાઢયા, વેદ બ્રહ્માને વાર્યા રે.....હમચી૦ ૨
ત્રીજે વરાહ રૂપ ધરીને, અવની દાઢમેં રાખી રે;
જૈ જૈ શિવ જગપતિ રાજા, બ્રહ્મા શિવજીની શાક્ષી રે.....હમચી૦ ૩
ચોથે નૃસિંહ રૂપ ધરીને, જન પ્રલ્હાદ ઉગાર્યો રે;
સ્તંભમાંથી પ્રગટ થઈને, હિરણાકંસને માર્યો રે.....હમચી૦ ૪
પાંચમે વામન રૂપ ધરીને, બલિરાજાને જાચ્યો રે;
ત્રણ કદમ પૃથ્વી લઈને, ભર મંડપમેં વધ્યા રે.....હમચી૦ ૫

છઠ્ઠે પરશુરામ રૂપ ધરીને, કાપી કાઢયા કાપી રે,
એકવીશવાર નક્ષત્રિ કરીને, પૃથ્વી વિપ્રને આપી રે.....હમચી૦ ૬

સાતમે રઘુવર રૂપ ધરીને, સાહેર બાંધી પાર રે;
રાજા રાવણને રણમાં રોળ્યોને, આપ્યું વિભિષણને રાજ રે.....હમચી૦ ૭

આઠમે કૃષ્ણજી રૂપ ધરીને, ગોકુલ ચારી ગાય રે;
સોળ સહસ્ત્ર ગોપી રંગ ભરી રમતાં, મધુરી શી,
મોરલી બજાવી રે.....હમચી૦ ૮

નવમે બુદ્ધ રૂપ ધરીને, બુદ્ધ વિચારી જોયું રે;
જેને જેવા તેને તેવા, જોઈ જોઈને ફળ આપ્યું રે.....હમચી૦ ૯

દશમે કલ્કિ રૂપ ધરીને, નકલંકી એનું નામ રે;
સ્થાવર જંગમ જલ થલ વ્યાપ્યો, ભકતતણો વિશ્રામ રે.....હમચી૦ ૧૦

હરિની હમચી જે કોઈ ગાશે, પ્રેમ ધરીને કોઈ રે;
આવાગમનનો ફેરો ટળશે, આ અવસર જીતાય રે.....હમચી૦ ૧૧

રાગે ગાવે હરિની હમચી, તાલ રતનીઓ વાયો રે;
રૂમઝુમ કરતાં વૈકુંઠ પહોંચ્યા, સુખસાગરમાં મહાલ્યા રે.....હમચી૦ ૧૨

卐

૧. તાનમાં લેવાતી ઘુમરડીને હમચી કહેવામાં આવે છે. પ્રભુનું ગુણગાન ઉછળતા ઉછળતા ગાવું તે હમચી

## પદ-૮૪૫

રૂડી રામકથા શુકદેવને પૂછે પરિક્ષિતરાય;
ત્રણ ભુવનમેં સુણતાં, સૌનાં પ્રાસીત પ્રલય થાય.....રૂડી૦ ટેક

શુકદેવજી વાણી ઓચરે, પરિક્ષિત રાજા શ્રવણે ધરે;
સૌ દેવતા પુષ્પની વૃષ્ટિ કરે.....રૂડી૦ ૧

દશરથ રાયે તેડાવ્યાં જોષી, રામને ગાદીએ બેસાડવાની વાત પૂછી,
સૌ અયોધ્યામાં થયાં ખુશી.....રૂડી૦ ૨

ત્યારે કૈકયી આવી લાગી પાય, વચન માંગુ રામજી વન જાય;
મારા ભરતનું રાજ થાય.....રૂડી૦ ૩

સુણતા દશરથના પ્રાણ ગયા, તે રામજીને સમાચાર થયા;
રામ રાજ મુકી વન ગયા.....રૂડી૦ ૪

રામ પંચવટીમાં પરવર્યા, શિર જટા વનકુળ અંગ ધર્યા,
સૌ દેવતાના કારજ સાર્યા.....રૂડી૦ ૫

રામે અનેક રાક્ષસો માર્યા, ભૂમિનો ભાર જ ઉતાર્યો;
પછી આગળ વન સીધાવ્યા રે.....રૂડી૦ ૬

ત્યારે નારદજી લંકામાં ગયા, જઈ સીતાના સમાચાર કહ્યા;
ચેત રાવણ શું બેસી રહ્યો રે.....રૂડી૦ ૭

તારો શત્રુ તો વનમાં આવ્યો, સાથે જાનકીને તેડી લાવ્યો;
તેનું હરણ કરીને હરી લાવને રે.....રૂડી૦ ૮

વાત સાંભળીને રાવણ વનમાં ગયો, નારદનું કપટ નવ લહયો;
કહે ભુવન ઘરમાં અંધ કર્યો રે.....રૂડી૦ ૯

卐

પદ-૮૪૬

પ્રપંચ કરી સીતાને હરવાને રાવણ આવ્યો;
કાયા કનક તણી માયા ધરીને મૃગતણું રૂપ લાવ્યો...પ્રપંચ૦ ટેક

મૃગ જોઈને સીતા મોહ પામ્યાં, રામજીને જઈને શિશ નામ્યું;
મારે કંચુકી જોઈએ સ્વામી.....પ્રપંચ૦ ૧

રામ ધનુષ્ય લઈને વન જાયે, બાણ માર્યું મૃગના અંગ માહે;
પાપી બાણ લઈ નાશી જાયે.....પ્રપંચ૦ ૨

બીજે બાણે તે મૃગના પ્રાણ હર્યા, પડતાં લક્ષ્મણ પોકાર કર્યા;
રામ જાણીને લક્ષ્મણ યુધ્ધે ચઢયા.....પ્રપંચ૦ ૩

બીજે રૂપે તે રાવણ આવી ઉભો, મઢુલીમાં અહાલેક જગાવી;
ત્યારે સીતાજી ભિક્ષા લાવ્યા.....પ્રપંચ૦ ૪

પાપી હરણ કરી લઈ જાય, રામ વિના વહાર કોણ થાય;
એ તો લઈ ગયો લંકા માંહે.....પ્રપંચ૦ ૫

ત્યાં આસો પાલવની લતા ફુલી, વાડીમાં સીતા એકલડી;
ફરતી રાક્ષસની ચોકી મેલી.....પ્રપંચ૦ ૬

મૃગ મારીને રામ લક્ષ્મણ આવ્યા, મઢુલીમાં પેઠા હરખ ભર્યા;
સીતા નહિ દીઠા ત્યારે ધરણે ઢળ્યા.....પ્રપંચ૦ ૭

રામ રુદન કરે ને વનમાં ફરે, મુખે સીતા સીતા ઓચરે;
પશુ પંખીને પૂછી શોધ કરે.....પ્રપંચ૦ ૮

ફરતાં ફરતાં ષટ્ માસ થયાં, રામ સીતા વિના નિરાશ થયાં;
એક પર્વત પાસે જઈ રહ્યા.....પ્રપંચ૦ ૯

બેઠા વાલી વાનરને જાંબુવાન, ત્યાં સુગ્રીવને હનુમાન રહે;
સૌ કોઈએ દીઠાં તે ભગવાન.....પ્રપંચ૦ ૧૦

હનુમાન કહે મને દાસ કરો, રંક જાણીને મસ્તક હાથ ધરો,
તમે દુઃખ દરિયામાં શીદ ફરો.....પ્રપંચ૦ ૧૧

ત્યારે હનુમાને બીડું લીધું, મહા કાળ જ સરખું રુપ કીધું;
કહે ભટનાગર સૌ સિદ્ધ થશે.....પ્રપંચ૦ ૧૨

卐

### પદ-૮૪૭

ચેતી લો ચેતાનો[1] અવસર, ફરી ફરી નહિ મળશે,
જોબન જાતાં વાર ન લાગે, જરા આવીને ઢળશે.....૧
ઢળશે ત્યારે નહિ રેહવાશે, કાયા થર થર ધ્રુજશે,
માયાની અંધારી બાંધી, તેમાં કાંઈ નવ સૂઝે.....૨
સૂઝે કયાંથી સમજણ નથી, કુટુંબ કબીલે વાહ્યો,
અવડે સવડે બંધે બંધાયો, હાથે શું બંધાયો.....૩

કહો ભાઈઓ એને શું કહીએ, મૂરખ મનમાં ન આણે,
દુર્મતિ આગસ કાંઈ નવ સૂઝે, આપો આપ વખાણે.....૪
મોહે ભર્યો મદે ભર્યો, અજ્ઞાને અંજાયો,
નારી સાથે સ્નેહ ઘણોને, ઘણા ઘણાને ધાયો.....૫
ધાયો ત્યાં તો ધૂળ કમાયો, ગાંઠે ન બાંધી કોડી,
ઠાલા હાથે ઠાલા જાઉ, શીદ મરે છે દોડી.....૬
સંસારના સુખ જોવા માંડે, અંતે સઘળું ખોટું,
આગળ અવસર આવશે એવો, દારુણ દુઃખ છે મોટું.....૭
ખોટામાંથી ખરૂં કરીને, લેજો બંધન તાણી,
સાધુજનની સેવા કરવી, ભજને સારંગપાણી.....૮
આ શિખામણ માનવા જેવી માની લે જો કોઈ,
આવ્યા છો તો લાભ કમાવા, જાશો મુડી ખોઈ.....૯
ખોઈને જાશો ખત્તાં ખાશો, કેમ કહ્યું નથી કરતાં,
અન્ન માટે અથડાતા ફરશો, પેટ પાપથી ભરતા....૧૦
પરનિંદાથી ખાડો પૂર્યો, કેમ ન પીડા જાણી,
જાણીને તેં બાંધ્યો તાણી, મુકી વાત વખાણી....૧૧
એક ઘડી એકાંતે બેસી, હરિનું નામ ન લીધું,
અમૃત રસને અળગો મૂકી, વિષ હલાહલ પીધું.....૧૨
પિતા પુત્ર તું ઘેરાયો, જોયું નહિ વિચારી,
કહો પ્યારી સૌ રામ ભજી લો, નહિ તો જાશો હારી....૧૩

卐

૧. ચેતી જવાનો

## પદ-૮૪૮

પ્રથમ પહેલો શામળિયોને, ગુરુ ગણપત લાગુ રે;
રામજીએ ગર્વ કરાવ્યો ને, સીતાજી રમવાને જાય રે.....૧
એક ચિત્તે તમે સર્વે સાંભળજો ને, સીતાજી ગરબો ગાય રે;
રામ બેઠા લક્ષ્મણ હિંઢોળે ને, સીતાજી ઢોળે વાય રે.....૨

રૂપાનો ઢોલીઓ ને હીરની પાટી, સોનાની સાંકળ રે;
પંચવટીમાં મઢુલી બનાવીને, ત્યાં સીતાજીનો વાસ રે.....૩

સીતાની વાડીમાં ડમરો રે, મૃગ ચરી ચરી જાય રે;
મૃગ ચરતો સીતાએ દીઠો ને તેની કચુંબી સીવડાવો રે.....૪

સાબ સોનાનો સીતા કચંબુ, ચામડાની સિરળ રે;
આણ લીધા રામ બાણ જ લીધા, મૃગ મારવાને જાય રે.....૫

પહેલું બાણ તાકીને માર્યું, જઈ પડયું સમુદર હેઠ રે
બીજું બાણ રામે સાધીને માર્યું, માર્યું મૃગલાને અંગ રે.....૬

પડતા મૃગલે વાચા ધરીને, ધાજો ધાજો લક્ષ્મણ વીર રે;
સીતાને કાન શબ્દ ગયા, લક્ષ્મણ માર્યા તમારા વીર રે.....૭

ઘેલી સીતા ઘેલું શું બોલો, રામ માર્યા કેમ જાય રે;
નવખંડ ધરતીના રામ રાજા ને, તે કેમ માર્યા જાય રે.....૮

એટલે લક્ષ્મણને ક્રોધ જ ચઢયો ને, આંખલડી રાતી ચોળ રે;
બાથ ભીડી બળવંત કુધ્યા ને, જઈ રહ્યા રામની પાસ રે.....૯

અહીં કેમ આવ્યા લક્ષ્મણ બાંધવા ને, ઘેર થશે સીતા હેરાન રે;
જોગી ને વેષે રાવણ આવ્યો ને, ભિક્ષા દે મોરી માત રે....૧૦

ઉઘાડી ભિક્ષા અમ નવ લઈએ, પાવડીએ બેઉ પગ રે;
થાળ ભરી સીતા વનફળ લાવ્યા ને, લ્યો જોગી રાજ રે....૧૧

ઉઘાડી ભિક્ષા અમ નવ લઈએ, તમને રામ લક્ષ્મણની આણ રે;
એક પગ મેલ્યો આણમાને, બીજો તે ઉમર હેઠે રે....૧૨

કાંધે બેસાડી રાવણ લઈ ગયો લંકા મોઝાર રે;
આસો પાલવને છાંયડે, ત્યાં ઉતર્યા સીતા માત રે.....૧૩
સાબ સોનાની કચુંબુ સીવડાવું, જો મેલો રામનું નામ રે.

卐

## પદ-૮૪૯

સરસ્વતિ શ્યામને લાગું પાય, કે ગૌરી ગણેશને રે લોલ;
બે કર જોડી લાગું પાય, કે વાણી ઓચરું રે લોલ.....ટેક

રાજા દશરથ કેરે ઘેર, ઋષિ આવ્યા રે લોલ;
બે શણગાર ઘુઘરી પાસ પાટ, કે ચંદન ચળક્યા રે લોલ.....૧

બોલો અમ સરીખું કામ, કે કેમ આવ્યા રે લોલ;
અમે આવ્યા છે ઘણું કામ, કે તમો દુઃખડાં ટાળવા રે લોલ.....૨

આપણા કુળમાં ધર્મ છે એક, આપો તો લીજીએ રે લોલ;
માગ્યા રામ લક્ષ્મણ બેઉ વીર, દશરથ દુઃખીયા રે લોલ.....૩

માથે પુષ્પનો નહિ ભાર, કે લક્ષ્મણ રામના રે લોલ;
વસંત ફૂલ્યા છે અપાર, કે ફરફર્યા કરે રે લોલ.....૪

ઋષિ સાથે ચાલ્યા રામ, દંપતિને માર્યા રે લોલ;
મારગ જાતા રાક્ષણી એક, બહુ જાદવે ભરી રે લોલ.....૫

તે તો લાંબી ને વળી ઉંચી, કે બહુ બીહામણી રે લોલ;
રામે તાકીને માર્યું બાણ, વાગ્યું હૈયા વિશે રે લોલ.....૬

તેનો જીવ ગયો તત્કાલ, હરિ ચરણે ગયી રે લોલ;
પાપી દહીત થયા મહાબળિઆ, કે ધ્યાનમાં ભંગ થયો રે લોલ.....૭

વનમાં યજ્ઞ કીધા ભરપૂર, કે જૈ જૈકાર હવા રે લોલ;
રાજા જનકતણી કંકોત્રી, કે ઋષિને હાથ ચઢી રે લોલ.....૮

વાંચી ને હરખ્યા છે ઘણુ મન, આનંદ અતિ ઘણો રે લોલ;
પત્ર ચાલ્યો વિપ્રની સાથ, અયોધ્યા માહે ગયો રે લોલ.....૯

રાજાએ પરડો ફેરવ્યો, કે જાને સૌ આવજો રે લોલ;
ઘેર ઘેરથી નીસરી નરનાર, ઘેલી ઘેલી થઈ રે લોલ.....૧૦

કોઈએ સાડી વિસારી મેલી, કે ચાદર ઓઢી રે લોલ;
કોઈએ મોજડી વિસારી મેલી, એમ તન્મય થઈ રે લોલ.....૧૧

કોઈએ કાજળ કીધી ટીલી, કે કંકુ આંજીઆ રે લોલ;
કોઈએ રાંધ્યા મેલ્યા અન્ન, કે લેવા નવ રહી રે લોલ.....૧૨

કોઈએ રડતા મેલ્યા બાળ કે, ધવડાવવા નવ રહી રે લોલ;
રાજાએ વગડાવ્યા નિશાન કે, સૌ આવજો રે લોલ.....૧૩

ઉતર્યા ગોમતીજીને દ્વાર, કે સિલ્લા વધાવ્યા રે લોલ;
ઘેરજો હીરા બન્ને વેવાઈ, માન દીધા અતિ ઘણા રે લોલ.....૧૪

રાજા જનક તણો ભટ બોલે, તમે સૌ સાંભળો રે લોલ;
જે કોઈ ભાંગે ધનુષ બાણ, કે સીતા તેને વરે રે લોલ.....૧૫

રાવણે ભાંગવાને મન કીધું, રે ધનુષ્ય પાસે ગયો રે લોલ;
એના કકડા કરી શું સાત, કે સીતાને હું વરું રે લોલ.....૧૬

રામે મેલ્યો છે ઘણો ભાર, કે હાથકચડાઈ ગયા રે લોલ;
ચીશ પાડી નાઠો રાય, કે લંકા માહી ગયો રે લોલ.....૧૭

રામ લક્ષ્મણ ને મન આનંદ, કે રામ તો ઉઠીઆ રે લોલ;
રામે કકડા કર્યા છે સાત, કે સીતાને તે વર્યા રે લોલ.....૧૮

卐

પદ-૮૫૦

નળરાજાનું આખ્યાન, તમે ધરી લો ને ધ્યાન;

દમયંતી સ્વયંવર કહું તુજને.
નૈષધદેશનો નળરાય, તે તો મૃગયા રમવા જાય;

ત્યાંથી લાવ્યો વિહંગ, હંસ પકડી.
હંસ કરવા લાગ્યો વાત, રાજા નળની સંગાત;

મને મૂકી દો મહારાજ.
મારી નારી રૂવે શું કહું તુજને;

સો પુત્રની છે માત; તેને મળી આવું આજ.
આપ્યું વચન છોડી દીધો હંસને;

હંસ ઉડયો ઉડયો જાય, એની નારીની પાસ;
ત્રણ દિવસમાં આવ્યો રાજા કને.

(સાખી)

રાજા હંસ ઘેર આવ્યા, તેને હૈડે હરખ ન માય;
હંસ વાહન બ્રહ્મતણા, તેને ખોટાં કેમ કહેવાય.
તેં વચન આપ્યું મુજને, રાજા કહે છે હંસને;
તું કન્યા લાવને શોધીને, હંસ ઉડયો ઉડયો જાય.
શોધ્યા શોધ્યા સ્વર્ગ ને પાતાળ, પછી ઉડયો કુંદનપુર નગરીમાં
કુંદનપુરનો જે રાય, રાજા ભીમક કહેવાય.
તેની પુત્રી કુંવારી, નામ દમયંતી;
સુખે રહે છે વાડીમાંય, હંસ જઈ બેઠો એક ઝાડ ઉપર
કરે નળના વખાણ, તે તો થયું કન્યાને જાણ;
જૂઓ કોણ બોલે, નરવાડી માંહે-

સાખી

દમયંતીએ દાસીને કહ્યું, જૂઓ કોણ બોલે નરવાડીમાં;
એવા નળ તે કોણ હશે, વળી કેમ કરી ઓળખાય.
નારી હરતી ફરતી આવી, હંસ બેઠો નીચી ડાળ;
વ્હાલો હાથે કરીને, પકડાઈ ગયો.
નારીએ ચાંપ્યો હૃદીયા સાથ, પૂછી નળની વાત;
એવા નળ કુંવારા કેમ રહ્યા, હંસ કરવા લાગ્યો વાત
કુંવરી દમયંતીની સાથ.

(સાખી)

રાજા ભીમકની પુત્રી, એની કદળી[1] સરખી કાય;
ત્રણ ભુવન શોધી વધ્યો, પણ એવી ન મળે કન્યા.

તેના તેજ તણો નહી પાર, તમે શું કરો વિચાર
જઈ પરણી લાવો, કન્યા દમયંતી.
એમ રાજા નળને કહ્યું, નારદ મુનિ જે કહેવાય
તે તો દેવસભામેં જાય, જઈ કહ્યા સમાચાર ઈંદ્રને
વાયુ વરૂણ અગ્નિ આવ્યા જોડે યમરાજાને લાવ્યા
ઘણાં ચરિત્ર કીધાં, દમયંતી છળવાને.

卐

૧. કેળ જેવી કોમળ

(સાખી)

પાંચે મંડપમાં આવ્યાં, ધરી નળનું રૂપ;
આવી વરમાળા આરોપવા; તે બની ગઈ તદ્દરૂપ.
પુત્રી પૂછે પિતાને વાત, માળા કોને આરોપું;
અહીં આવ્યા છે પાંચે નળ બની.
નારી હરતી ફરતી આવી; વરમાળા આરોપી નળરાજાને.
એક એકને દીધાં શાપ, રીંછ રોઝ વાનર બન્યા.
તે તો દેવસભામાં ગયા, તે તો ઓશિયાળાં થયાં;
ઘરની નારીઓ મહેણા, દેશે ઘણા.
એમ કહે છે ખુશાલદાસ, શાબાશ જગજીવન;
એ પછી કળિરાજ, વ્યાપ્યો નળરાજાને.

卐

પદ-૮૫૧

ધન ધન ગોકુલ આઠમની રાત, નક્ષત્ર રોહિણી રે લોલ;
ધન ધન માતા દેવકી કહેવાય, વૈકુંઠ જનમ્યા રે લોલ.
ભીડેલાં લોઢેલા કમાડ, તે ઉઘડી ગયા રે લોલ;
લઈને ચાલ્યા કારાગૃહથી, વસુદેવના કુંવરને રે લોલ.

ઝીણા ઝરમર વરસે મેહ, શેષ નાગ છાયા ધરે રે લોલ;
આછી વેણ અંધારી રાત, ચાંદે અજવાળા કર્યા રે લોલ.
આવી જમના જાઈ ભરપૂર, જમનાજીએ માર્ગ દીધો રે લોલ;
એટલે થઈ છે કંસને જાણ કે, ઉઠી બે બાકળા રે લોલ.
પાવલે ગ્રહીને પછાડયા બાળ, હાથમાંથી ઉડી ગયા રે લોલ;
હું વીજળી ગઈ આકાશમાં રે, વેરી તારો ગોકુલમાં રે લોલ.
નંદજીને આંગણે ઓચ્છવ થાય, વધામણી હરિ તણી રે લોલ;
અગાસુર બગાસુર મારવા મોકલ્યા, ચરણ સાઈ ચીર્યા રે લોલ.
માશી પુતનાંના શોષ્યા પ્રાણ, તેને પાવન કરી રે લોલ;
ધન ધન માતા જશોદા માડી, હરિ ખોળે રમે રે લોલ.
સાત પાંચ માસના થયા કહાન, ઘુંટણીએ ચાલતાં રે લોલ;
હરિ તો રમતા આવ્યા ઘેર, માતા ધવડાવને રે લોલ.
માતા આકુળ વ્યાકલ થાય, દુધ ઉભરાઈ ગયા રે લોલ;
માતા જશોદા મહીડા વલોવે, હરિને રીસ ચઢી રે લોલ.
હરિ રમત ગેડી દલુડા, તે સોના તણા રે લોલ;
ગેડી મારી ગોરી માંય, ગોરીના કકડા કર્યા રે લોલ.
આંગણે મહી રેલાયાં જાય, હરિ માખણ ખાયે રે લોલ;
નવસે નવ્વાણું દમણા દોર, હરિ બંધાયા નહિ રે લોલ.
હરિ તમે એક દમણે બંધાવો, માતાની રીસ ઉતરે રે લોલ;
મુખમાં ચૌદ ભુવનના નાથ, મૂર્છા ખાઈ પડયા રે લોલ.
માતાને ઉના ટાઢા વાયરા, નાંખો કે, માતાને બેઠા કરો રે લોલ;
વ્હાલે મારે હાથ લાકલડી ઝાલી, ગૌધન ચારવા રે લોલ.
દલુડો નાંખ્યો જમુના માંય, જઈ મધ્યે પડયો રે લોલ;
વ્હાલો મારો ચડયો કદમની ડાળ, જળ ઝંપલાવ્યું રે લોલ.

હરિ તો પહોંચ્યા પાતાળ માંય, નાગને નાથવા રે લોલ;
આ કયાંથી આવ્યું નાનેરું બાળ, નાગ મારશે રે લોલ.
આવડો ના કર અહંકાર જગાડ તારા નાગને રે લોલ;
ગેડી મારીને નાગને જગાડયો, લઈને ચાલ્યા રે લોલ.
નવસો નાગણ ફરી વળી, મેલો મારા નાગને રે લોલ;
અહીં નહીં મેલું તારો નાગ, મેલું ગોકુલ મથુરામેં રે લોલ.
હરિએ કાલિ નાગ જ નાથ્યો, ગોકુલ આવ્યા રે લોલ;
એટલે થઈ છે કંસને જાણ, ઊઠી બેબાકળો રે લોલ.
ચાલો મામા રાઢ વઢવાડે જઈએ, અંગોઅંગ મળીએ રે લોલ;
મામા ભાણેજ મળ્યા અંગોઅંગ, ભચડી પ્રાણ કાઢયાં રે લોલ.
માતા થાળ ભરી જલ લાવ્યા, હરિના ચરણ ધોયાં રે લોલ;
માતા થાળ ભરી મોતી લાવ્યા, મોતીડે વધાવ્યા રે લોલ.
જે કોઈ ગાઈને ગવડાવે, શીખે સાંભળે રે લોલ;
નરસૈંયો ગાઈ રહ્યો ગુણ વૈકુંઠ પામવા રે લોલ.

卐

## દાણ લીલા

પદ-૮૫૨

પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવા દો;
આવતાં આપીશ દાણ તમારૂં મહી મારૂં વેચાવા દો.....૧
વેચતાં તને કોણ ખાળે છે, સાંભળને રાધે પ્યારી
મહી ગોરસનું દાણ જ દેની વહેલી થાને બ્રીજનારી.....૨
નારી કહીને ના બોલાવીશ, છાનો રહેને છોગાળા;
કઠણ રાજ છે કંસ રાયનું, ગૌ ચારંતા ગોવાળા.....૩
હું ગોવાળીઓ તું ગોવાળણી, ફરી ગમે તો આવજે;
કંસ સરીખા સો એક માતા, સાથે તેડી લાવજે.....૪

તેડી લાવું દો મને જાવા, રોકી રહ્યા બ્રીજનારી
રઘુનાથના સ્વામી શામળિયા, ઘેલા દીસો ગીરધારી.....૫
ઘેલો છું પણ દાણ ન મુકું, દોકલડો એક ઓછો;
ગીરધારીએ ગોકુલ વાસ્યું, ઈન્દ્ર કરતાં કૃષ્ણ મોટો.....૬
મોટો છું ત્યારે મથુરા મુકી, અડધી રાતે શું આવ્યો;
પરઘેર રહીને પેટ ભરંતો, તને દાણી કોણે કહાવ્યો.....૭
વાંકું બોલી વાર કરે છે, કહે તો હૈયાનો હાર તોડું;
દાણ દધીનું દે રે અબળા, નહીં માથાનું માટ ફોડું.....૮
હાર નહીં તૂટે માટ ન ફૂટે, નવા નગરમાં પુછાશે;
રઘુનાથના સ્વામી શામળીયા, કહો ગોકુલ કેમ રહેવાશે.....૯
ગોકુલ રહો કે જાઓ અત્યારે, દાણ દધીનું નહીં મેલું;
ચીર હર્યાં તે ગયા વીસરી, કાનડીયા કારણ પેલું....૧૦
નંદ તણે ઘેર નવલખ ગાયો, નોતુ તે ધન ફાવ્યું છે;
માતા તારી મહી વેચંતી, હમણાં રાજ આવ્યું છે....૧૧
હમણાં હમણાં કરતી રહેજે, મહેણાં દેતી મહીયારી;
ધુતપણામાં છે ધુતારી, ઠગપણામાં છે ઠગારી....૧૨
તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મહેણા દેવરાવે;
રઘુનાથના સ્વામી શામળિયા, ઝાઝુ તે શું કહેવરાવે....૧૩
કહ્યા પ્રમાણે કહેતો નથી, તું મોઢું નથી રાખતો;
અમો છીએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી....૧૪
ઓળખું છું આવ્યો નાશી, મહા વનમાં તું છાનો છે;
જાદવકુળ મધ્યે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છે....૧૫
માતા જશોદા મોટાં બડભાગી, તેના અમો છીએ અધિકારી;
મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુલ વસીએ ગૌચારી....૧૬
ગૌચારી ગોપી ઘેર વળતાં, અમને તે તમે ઉદ્ધાર્યાં,
રઘુનાથના સ્વામી શામળિયા, તમે જીત્યા અમે હાર્યાં....૧૭

卐

## કલ્યાણદાસ

ગરબો ૧ ( રાગ-ઓખા હરણની ચોપાઈ )

પદ-૮૫૩

ભક્તિ એવી રે ભાઈ એવી, જેમ તરસ્યાને પાણી જેવી!
એક ગોધન ચારવાને જાય, એની સુરતા વાછરડાં માંય;
ચરણે ફરવું ને ચોદિશ ચરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
એક યુવતી જળ ભરવાને જાય, સામી સખીઓથી વાતો થાય;
માથે બેડું ને લે છે તાળી, મૂખે હસે છે વારી વારી;
બેડું ચિત્તથી નથી રે વિસરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
એક ભ્રમર કમળમાં રહે છે, તેને વાસના કેવી ગમે છે;
સાંજ પડે ને કમળ બિડાયું, અકળાયો ને કયાંય ના જવાયું;
એને કમળની પ્રીતે રે મરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
એક મુઢપતિ નર જેહ, પરનારીની સાથે સ્નેહ;
જાય છે અધમ અધમ ડગ ભરતો, પરનારીની પૂંઠે ફરતો;
એને શુળીની પેરે રે ડરવું, એવું હરિ ચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
એક માછલી જળમાં વસે છે, એને પાણીનો પ્રવાહ ગમે છે,
કો પાપીએ બારણે કાઢી, તલ તલ જીવ થયો રે ઉદાસી;
એને જળ વિનાનું રે મરવું; એવું હરિચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
એક ગણિકા નૃત્ય કરે છે, મનગમતા શણગાર સજે છે;
એક આંખ આંજી અણિયાળી, નખશિખ નિરખે છે નારી;
પારકું ચિત્ત પોતાનું કરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
એક ચોર તે ચોરી કરે છે, પર મંદિરે ફેરા ફરે છે;
વળી માઝમ રાત અંધારી, મૂરખ નથી ડરતો રે લગારી;
પારકું ધન પોતાને રે હરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦
બપૈયાને વરસાદ વહાલો, એવી પ્રેમભક્તિ તમે ઝાલે;
ચકોર ચિત્ત ચંદ્ર ધાલે, અણપેખતાં દષ્ટિને બાળે;
કહે કલ્યાણ એથી ન ઉતરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું.....ભક્તિ૦

卐

## વાત્સલ્ય

(લીલો લીમડો રે લીલો નાગરવેલનો છોડ- એ ઢાળ)

પદ-૮૫૪

શરદ સુધાભરી રે શોભે રઢિયાળી શી રાત,
આભ ઉજાળતે રે વરસે નેહ નિશાનો નાથ:
સહિયર સૌ મળી રે રમતી રંગભર્યો કૈં રાસ,
ઘેરા ગાનથી રે ગાજે અવની[1] ને આકાશ.
રસને રેડતી રે ભૂલી ભામિનીઓ[2] ઉરભાન,
પડઘા પાડતી રે ગાતી દશ દિશ સંગે ગાન;
રંગે રીઝતો રે ચૂકયો ચાંદલિયો નભચાલ,
થંભ્યા તારલા રે થંભ્યા ડોલંતા દિક્પાલ[3].
વનના વાયરા રે થંભ્યા નદીયો કેરાં નીર,
કર સંકોરતાં રે થંભ્યા તરુવર તેને તીર;
આ શું એકલી રે સહિયર છોડી સહુનો સંગ,
ચાલી ચોંપથી રે રૂડા રંગ તણો કરી ભંગ.
આવ્યો આકરો રે શું કૈં સાસુનો સંદેશ?
ગાણું ના ગમ્યું રે રમતાં રીશ ચડી ગઈ છેક?
ફરતાં ફૂદડી રે આવી અંતર માંહિ ઉછાળ?
કાયા કોમળી રે વેઠી ન શકે ઝાઝી વાર,
આવ્યો આકરે ના કૈં સાસુનો સંદેશ;
નહિ-નહિ રૂસણાં રે લાગ્યો થાક નહિ લવલેશ;
પોઢયા પારણે રે આવ્યા બાળકુંવર કૈં યાદ
રસભર રાસની રે એથી તૂટી મન મરજાદ.
અંતર ઊછળ્યા રે વધતાં પ્રેમતણાં કૈં પૂર;
કંઠે કારમા રે અટકી રોકયા સહેજે સૂર;
સરવરતીરને રે તોડી જલલહરી વહી જાય;
છોડી સંચરી રે એવો સહિયરનો સમુદાય,

કાંટા કાંકરા રે એને એક અડકે નહિ પગમાંય.
ચરણે ચાલતી રે જાણે પંખણી ઉડી જાય,
નિરખે નેણથી રે એને દુનિયા નહિ દેખાય;
વચ્છ[૪] વિજોગણી રે જાણે ધેનુ ઉમળકે ધાય.
મનહર મોઢડાં રે જોતાં હૈયું ઉચરે 'હાશ',
અડતાં અંગને રે ઉપજે અણમૂલો ઉલ્લાશ;
ઉર આલિંગને રે લેતી દેવભવનની લહાણ,
ચારુ ચુંબને રે મળતી મોક્ષ તણી કૈં માણ્ય.
એ છબી આગળે રે ઝાંપા કોટિક શશિયર[૫] સૂર,
એ સુરભિ કને રે ફીકી ફૂલડાંની કૈં ફોર
એ રસ આગળે રે ઓછો રસતણો રસરંગ,
એ પળ આગળે રે સૂકા ભવના ભવ્ય પ્રસંગ.

卐

૧. પૃથ્વી-ધરતી ૨. સ્ત્રીઓ ૩. દિશાઓ
૪. વાછરડી ૫. ચંદ્રમા

## પદ-૮૫૫

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે;
    જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.

પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ;
    જગથી જુદેરી એની જાત રે.....જમનીની૦

અમીની ભરેલ એની આંખડી રે લોલ;
    વહાલનાં ભરેલાં એના વેણ રે.....જમનીની૦

હાથ ગુંથેલ એના હીરનાં રે લોલ;
    હૈયું હેમંત કેરી હેલ રે.....જનનીની૦

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ;
શશિએ[1] સીંચેલ એની સોડય રે.....જનનીની૦
જગનો આધાર એની આંગળી રે લોલ;
કાળજામાં કૈંક ભર્યા કોડ રે.....જનનીની૦
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ;
પળનાં બાંધેલ એના પ્રાણ રે.....જનનીની૦
મૂંગી આશિશ ઉરે મલકતી રે લોલ;
લેતાં ખુંટે ન એની લ્હાણ રે.....જનનીની૦
ધરતી માતાએ હશે ધ્રુજતી રે લોલ;
અચળા અચુક એક માત રે.....જનનીની૦
ગંગાના નીર તો વધે ઘટે રે લોલ;
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.....જનનીની૦
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ;
માડીનો મેઘ બારે માસ રે.....જનનીની૦
ચળતી ચાંદની દીસે ચાંદની રે લોલ;
એનો નહિ આથમે ઉજાસ રે.....જનનીની૦

卐

૧. ચંદ્રમા

## મોસાળ

### પદ-૮૫૬

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને- એ ઢાળ)

મહિયરથી મોંઘારે માહિયર માતનાં,
મોંઘા એના ભાવતણા ભણકાર જો;
મનહરતી શી મહેમાની મામતણી;
શીળા શા એ અંતરના સત્કાર જો;
મહિયરથી મોંઘા રે મહિયર માતનાં.....

મનડાના મહેરામણ મામા મીઠડા,
પળ પળ વદતા વહાલ ભરેલાં વેણ જો;
ઓછાં-ઓછાં અંતર કૈં કૈં આપતાં,
નિરખી નાચે આતુર સરખાં નેણ જો;
મહિયરથી મોંઘા રે મહિયર માતનાં.....
ભાવજળે ભિંજાતા પદ ભાણેજનાં,
સુરબાળક શી દિવ્ય દશા દેખાય જો;
પ્રેમતણા પડછંદા ઘર-ઘરમાં પડે;
રસનાં લહાણાં ઉર ઉરના લેવાય જો;
મહિયરથી મોંઘા રે મહિયર માતનાં.....
જનનીની જનની રે સુખની સીમડી;
જૂની આંખે હીંચે નવલાં હેત જો;
હસતાં એ પંપાળે હળવા હાથથી;
સુકાં ઉર પણ સહેજે થાય સચેત જો;
મહિયરથી મોંઘા રે મહિયર માતનાં.....
દિલડાનાં આદર તો જગમાં દોહ્યલા,
એ સુખડાના જ્યાં છલકાય સુકાળ જો;
વિખસાગરમાં અમૃતની કૈં વીરડી;
અમર રહો એ મધઝરતું મોસાળ જો;
મહિયરથી મોંઘા રે મહિયર માતનાં.....

卐

## પદ-૮૫૭

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને- એ રાગ)

મનષા દેહ પામીને સાધન શું કર્યું રે,
ના કીધો સંતો સાથે નેહ જો;
એળે ને વેળે આયુષ્ય વહી ગયું રે,
અવસર ચૂકી શું કરી વરસે મેહ જો;.....૧

લક્ષ ચોર્યાશી ફરતાં ફેરો આવ્યો રે,
ગર્ભવાસમાં લીધી તારી શોધ જો;
જનુની[1]ની જઠર[2] અગ્નિમાં તને જાળવ્યો રે,
જો ને જનમ્યા પહેલા આપ્યું દુધ જો;.....૨
બાલપણું ખોયું બધી રમતમાં રે,
તરુણ પણે ત્રીયા[3] શું લાગ્યું તાન જો;
ખાન પાન લાગ્યા વ્હાલાં અતિ ઘણા રે,
કોઈ કાળે ન ધર્યું હરિનું ધ્યાન જો;.....૩
મહેલ મેડી ને બેઠક મંદિર માળીઆં રે,
ગોખ અટારી કેરૂં માન્યું સુખ જો;
પુત્ર વસુ[4] ને પરિવારે વીંટાઈ રહ્યો રે,
જોઈ જોઈ રીઝયો કામની કેરૂં મુખ જો;.....૪
હું મારું કરતાં તૃપ્ત નવ થયો રે,
ધન મેળવું એમ અંતર અદકી આશ જો;
ઘણું ઘણું કરતાં ઘડપણ આવ્યું ઢૂંકડું રે,
તોય ન સ્મર્યા શ્રી અવિનાશ જો.....૫
દાંત પડયા કર લકુટી લાલચ અતિ ઘણી રે,
નાક ચૂવે ને ગાળવાં લાગ્યાં નેન જો;
કોઈનું બોલ્યું કાને નવ સાંભળે રે,
મુખથી કાઢે જથર વથરના વેણ જો;.....૬
અંગ શીતલ ને હૃદય હાલે નહિ રે,
મન તો જાણે પાંચ વર્ષનું બાળ જો;
આશા ને તૃષ્ણા તોયે ટળી નહિ રે,
એમ કરતાં ઓચિંતો આવ્યો કાળ જો.....૭
અંત સમે શરીરની શુદ્ધિ નવ રહી રે,
કંઠ રૂંધાયો મુખથી નવ બોલાય જો;
ધર્મરાયના દુતે પાશે બાંધ્યો રે,
ભજન વિના નર હાથ ઘસતો જાય જો.....૮

થોડામાં શિખામણ છે ચિતાવની રે,
જે કોઈ માને તેને આવે કામ જો;
નાગરના સ્વામીને ભજતાં ભાવશું રે,
માટે રટવું રસનાએ શ્રી રામ જો.....૯

卐

૧. માતા ૨. ગર્ભમાં ૩. સ્ત્રી ૪. ધન

## શ્રી હરિ શરણ

### પદ-૮૫૮

ભગવાન આપ દયાલુ હો, ફિર નિર્દયતા ક્યોં કરતે હો।
હમ લોંગો કો બહકા કરકે, ભક્તરૂપી ધન હર લેતે હો।
જબ વહ યહાં પર રહેતે થે, હમ લોગોંમેં ભજન કરેતે થે।
અબ કૌન ભજન કરાવેંગે, સદ્‌મારગ કૌન દિખાવેંગે।
ભક્ત વહ સુંદર દીપક થા, સમાજમેં વહ ઉજલા થા।
હમકો તો અંધેરા હો ગયા, પ્રભુ તુમકો ઉજાલા મીલ ગયા।
વૃંદાવનમેં જાકર કે, ભગવાન કો ભજન સુનાયા થા।
યમુના કિનારે બેઠા કરકે, ભગવાન કો ભજન તુમ્હે રિઝાયા થા।
શ્રી કૃષ્ણચંદ્ર પ્રભુ તુમને, ઉસ ભક્તકો અબ અપના લિયા।
સદ્‌ગતિ દિયા પ્રભુ તુમને, ભજન કરતે કરતે બુલા લિયા।
-રાધામોહનદાસજી

卐

### પદ-૮૫૯

ભગવાનને નિજ ભક્તકો, ભજન કરને બુલા લિયા।
યહાં ભી ભક્તિ કરતે કરતે, ’રિચરણમેં વહ ચલે ગયે।
ભક્ત થે વહ રાગી થે, સંત ઔર સુશીલ થે।
ભજન કરતે થે વહ નિશદિન, વહ મુક્તિપદવી પા ગયે।

દીપક થે વહ ભારત કે, અબ અંધેરા હો ગયા।
તુમ તો દયાળુ હો પ્રભુ, અબ નિર્દય ક્યોં હો ગયે।
વિયોગ પ્રભુ હમસે કિયા, તુમ ઉચ્ચ પદવી દે દીયા।
ભગવાન ભક્તકો મીલ ગયે, હમ અભાગે રહ ગયે।
રામનામ નામ થે, ભગવાનને વહ બુલા લિયા।
યાત્રા ભારતકી કરાકે, ભક્તકો અપના લિયા।

-રાધામોહનદાસજી

卐

## પ્રાર્થના

### શાંતિ મંત્રો

૧

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાન્તિ વિસ્તરો.

૨

ક્ષમું હું સર્વ જીવોને, સર્વ જીવો ક્ષમો મને;
મિત્ર હું સર્વ જીવોનો, વેર કો'થી ના મને.

卐

### સર્વ ધર્મ સ્મરણ

ઓમ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ।
સિદ્ધ બુદ્ધ તૂ, સ્કન્દ વિનાયક, સવિતા પાવક તૂ।
બ્રહ્મ મજદ તૂ, યહ્વ શક્તિ તૂ ઈશુ પિતા પ્રભુ તૂ।
રુદ્ર વિષ્ણુ તૂ, રામ કૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ।
વાસુદેવ ગો-વિશ્વરૂપ તૂ, ચિદાનંદ હરિ તૂ।
અદ્વિતીય તૂ, અકાલ નિર્ભય આત્મલિંગ શિવ તૂ।
ઓમ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ।

卐

# આદર્શ ચિંતન

[સવારની પ્રાર્થના]

ઈશનું રાજય છે આખું, જે જે આ જગતી વિષે;
ત્યાગીને ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું..... ૧

ભેળાં પાળો આપણ બેઉને તે;
ભેળાં તારો આપણા બેઉને તે;
ભેળાં મળીને પુરુષાર્થ કીજિયે.
તેજસ્વી શિક્ષણ આપણું હજો,
દ્વેષીલાં ના મન આપણાં થજો..... ૨

અસત્ય થકી સત્ય પ્રતિ, લઈ જા રે મને,
લઈ જા રે મને.
તમસ થકી જયોતિ પ્રતિ, લઈ જા રે મને,
લઈ જા રે મને.
મૃત્યુ થકી અમૃત પ્રતિ, લઈ જા રે મને
લઈ જા રે મને..... ૩

કર ચરણ તણા વા, વાચ કે કર્મના વા,
શ્રવણ નયનના વા, માનસી જેહ દોષો;
કૃત અણકૃતના વા, માફ સર્વે કરો હે,
જય જય કરુણાબ્ધે, શ્રી મહાદેવ શંભો..... ૪

નથી મને કામના રાજયની વા,
ના સ્વર્ગની, ના ભવ છૂટવાની;
છે કામના એક ખપી જવાની,
પીડિતનાં દુઃખ નિવારવામાં..... ૫

કલ્યાણ સારી જનતા તણું હો,
પાળો પૃથ્વી ન્યાયથી રાજયકર્તા;
ગોબ્રાહ્મણોનું શુભ નિત્ય વર્તો,
સુખી સદા લોક સમસ્ત થાઓ..... ૬

વિષ્ણુ, શંકર રામ, કૃષ્ણ અથવા
હો બુદ્ધ વા સિદ્ધ વા,
કન્ફ્યૂશ્યસ જરથુષ્ટ્ર હો
અગર હો મહમૂદ ઈસા મુસા
જીત્યા રાગ, દ્વેષ, મોહ મદ જે
જે ભૂત દુ:ખે દ્રવ્યા,
માનું પૂજય, ગુણો વડે જ ગરવા
જે જે મહાત્મા થયા..... ૭
દુ:ખ તે તો નહીં દુ:ખ, સુખ તેય નહીં સુખ;
ભૂલીએ પ્રભુ એ દુ:ખ, સ્મરીએ રામ એ સુખ..... ૮

卐

## સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો

[સાંજની પ્રાર્થના]

### વંદના

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં સૂર્યાગ્નિ વા વાદળાં
જેનાં મંત્ર પુરાણ શાસ્ત્ર ભજનો ગાયે ૠષિ વ્યાકુળા
યોગી ધ્યાન ધરી જ સંયમ કરી જેની કરે ઝંખના
જેનો પાર ન કોઈ એ લઈ શકયાં તે દેવને વંદના

અર્જુન બોલ્યાઃ

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ કેશવ !
બાલે રહે ફરે કેમ મુનિ જે સ્થિર બુદ્ધિનો ?.....૧

શ્રી ભગવાન બોલ્યા :

મનની કામના સર્વ છોડીને આત્મમાં જ જે
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો.....૨
દુ:ખે ઉદ્વેગ ના ચિત્તે સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ, ભય, ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો.....૩

આસકત નહિ જે ક્યાંયે મળ્યે કાંઈ શુભાશુભ
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૪
કાચબો જેમ અંગોને તેમ જે વિષયો થકી
સકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૫
નિરાહારી શરીરના ટળે છે વિષયો છતાં
રસ રહી જતો તેમાં તે ટળે પેખતાં પરં.....૬
પ્રયત્નમાં રહે તોયે શાણાં એ નરનાં હરે
મનને ઈન્દ્રિયો મસ્ત વેગથી વિષયો ભણી.....૭
યોગથી તે વશે રાખી રહેવું મત્પરાયણ
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૮
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઊપજે
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે.....૯
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.....૧૦
રાગને દ્રેષ છૂટેલી ઈન્દ્રિયો વિષયો ગ્રહે
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા.....૧૧
પામ્યે પ્રસન્નતા તેનાં, દુઃખો સૌ નાશ પામતાં
પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર.....૧૨
અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંથી અશાંતને......૧૩
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂઠે જે વહે મન
દેહીની તે હરે બુદ્ધિ , જેમ વા નાવને જળે.....૧૪
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.....૧૫
નિશા જે સર્વ ભૂતોની તેમાં જાગ્રત સંયમી
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.....૧૬

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે
જેમાં પ્રવેશે સહુકામ તેમ
તે શાન્તિ પામે, નહિ કામકામી.....૧૭
છોડીને કામના સર્વે, ફરે જે નર નિસ્પૃહ
અહંતા મમતા મૂકી, તે પામે શાન્તિ, ભારત......૧૮
આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે
અન્તકાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે.....૧૯

卐

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव ॥

卐

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા;
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા;
તું હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા.

卐

## ઈશ-ઉપનિષદના મંત્રો

હરિ ૐ-
પૂર્ણ એ છે, પૂર્ણ આ છે,
પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું;
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે,
શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.
ૐ શાંતિ શાંતિ શાંતિ

卐

(માણભટ્ટની ભારતકથાનો ઢાળ)

૧

ઈશ-ભવન છે આ સચરાચર,
સ્વર્ણ-નિયમ ત્યાં આવો :
કમાઓ તે દઈ દઈને ખાઓ,
પર-ધન પર ના ધાઓ,
ખાઈ ભોગવી શું ખુશ થાઓ?
માણસ છો કે ગીધ?
ત્યાગમાં જ છે ભોગ ખરો ને
ખરું ખાધું જે દીધ.

૨

કામ કરો બહુ, ખૂબ ઘસાઓ,
સુખે શતાયું થાઓ :
માનવ તુજ પથ આ જ, અવર નહિ,
કર્મે કાં ગભરાઓ?

૩

આત્મઘાતકી અંધ જનો જે
આત્મમાર્ગ આ તજશે,
અસૂર્ય તમ-ઘન-ઘોર લોકમાં,
મર્યા પછી જઈ પડશે.

૪

હલે ચલે નહિ તો યે આત્મા
મનથી ગતિમાં વહેલો;
દેવો એને શક્યા ન આંબી,
એકલ, આદિમ, પહેલો.
ઊભો આત્મા તો ય અગાડી,
દોડે તે સૌ પડયાં પછાડી;
એ આત્મા ને સૃષ્ટિ-માતા
પાતી જીવન-વારિ.

૫

ચાલે છે પણ નથી ચાલતો,
દુર છતાં બહુ પાસે,
અંતરમાં એ સભર ભર્યો ને
બહાર એ જ ચોપાસે.

૬

જે જન દેખે નિજની માંહી
સર્વે જીવ સમાયા,
સર્વ જીવમાં જુએ આપને,
તેને કોણ પરાયા ?

૭

જે જ્ઞાનીને મન નિજ આત્મા
સર્વે - જીવ - સ્વરૂપી,
એ શિદ કોને દુભે? એને
કોઈ શકે શેં દૂભી ?

૮

આત્મતત્ત્વ આ શુદ્ધ બુદ્ધ છે,
શરીર નહિ પણ શુક્ર;
માંદું ન પડે, ચાંદું ન પડે,
પાપે પડે ન છિદ્ર.
કવિ મનીષી શરીર ભૂલી,
આત્મા થઈને રહેતો;
આપે અંદર પ્રગટ સ્વયંભૂ,
બહાર વિશ્વ થઈ વહેતો.
માનવતા શાશ્વત અનુભવના
જે કંઈ જેવા અર્થ-
એ મહાત્માને વર્યા સર્વ તે,
એ નર થયો કૃતાર્થ.

૯

કાળા તમમાં ખાતા ગોથાં,
જે જન ભજે અવિદ્યા;
એથી ઊંડા તમમાં બૂડે,
જેઓ વેચે વિદ્યા.

૧૦

નથી તમારી વિદ્યા આત્મા,
નથી અવિદ્યા આત્મા;
ઋષિઓ મુનિઓ જે કોઈ જાણે
ન્યારો વર્ણે આત્મા.

૧૧

આત્માર્થે જે ભજે જ વિદ્યા,
આત્માર્થે જે તજે અવિદ્યા;
તજી અવિદ્યા મૃત્યુ તરશે,
અમર થશે ભજી વિદ્યા.

૧૨

કાળા તમમાં ખાતા ગોથાં,
જે સંભૂતિ-હીન;
એથી ઊંડા તમમાં બૂડે,
જે સંભૂતિ-લીન.

૧૩

સંભવહીન-પણું નહિ આત્મા,
સંભવલીન-પણું નહિ આત્મા;
ઋષિઓ મુનિઓ જે કોઈ જાણે,
ન્યારો વર્ણે આત્મા.

૧૪

સંભૂતિ-પથ બ્રહ્મચર્ય-વ્રત,
જાણ્યાં તેણે જાણ્યો આતમ;
બ્રહ્મચર્ય થકી તે તરી મૃત્યુ,
સંભૂતિ થકી પીતા અમૃત.

૧૫

હિરણ્યમય માયાવી પાત્રે,
સત્યનું મુખડું ઢાકયું;
ખોલ ખોલ હે સૂર્ય ! સત્ય તે,
સત્યધર્મી હું યાચું.

(ઉપજાતિ વૃત્ત)

૧૬

હે સૂર્ય આત્મજ્ઞ! હે વિશ્વપોષક!
હે જન્મદાતા! હે મૃત્યુ મોચક!
તારાં રૂડાં રશ્મિ મુજમાં ભરી દે,
મારાં પ્રતિરશ્મિ તુજમાં હરી લે.
ઊંચે ત્યહાં જોઉ તો જોઉ શું હું ?
કલ્યાણકારી આત્મા પ્રભુ તું;
નીચે અહીં આ હૃદયે હસી રહ્યો,
ચૈતન્યમૂર્તિ આત્મા પ્રભુ તું.
ત્યાં જે તું દેવ, અહીં તે હું માનવ;
તું તે જ આત્મા, હું તે જ આત્મા.

૧૭

પ્રયાણકાળે સહુ થાય સ્પષ્ટ,
શરીર તો ભસ્મ,--આત્મા જ અમૃત;
ત્યારે આત્મા આત્મ વિશે મળી જશે;
વાયુ થઈ વાયુ ભેળો ભળી જશે;

શરીર તો ભસ્મ થઈ ખરી જશે,
કર્યાં સુકર્મો સ્મૃતિમાં રહી જશે.

શરીરને ભૂલી ગતાત્મજીવનાં
કરેલ સત્કર્મ સૌ સંઘરી લો;
ને ભસ્મ ગંગાજળમાં વહાવી
તેનાં કર્યાં જીવનમાં ભરી લો.

૧૮

હે અગ્નિ! હે દેવ! અમને તું દોરજે,
કલ્યાણ પંથે અમને લઈ જજે!
હે વિશ્વના સૌ પથના પથંકરી!
હે આત્મના દ્વારના દ્વાર-સંતરી!
તને હજારો નમનો વળી વળી !
તને કરોડો નમનો ફરી ફરી !

વાટે નડે આવી પાપો હમારાં,
તે હીનને હાંકજે તું લડી લડી !
તને હજારો નમનો વળી વળી !
તને કરોડો નમનો ફરી ફરી !

ૐ......

પૂર્ણ એ છે, પૂર્ણ આ છે,
પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું;
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે,
શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

卐

# ગીતા : અધ્યાય-૧૨

## ભક્તિતત્ત્વ

અર્જુન બોલ્યાઃ

નિત્ય યુક્ત થઈ આમ, જે ભક્ત તમને ભજે
ને જે અક્ષર, અવ્યક્ત તે બે માંહી કયા ચડે ? ૧

શ્રી ભગવાન બોલ્યાઃ

મારામાં મનને પ્રોઈ, નિત્ય યુક્ત થઈ મ'ને
ભજે પરમ શ્રદ્ધાથી, તે યોગી ચડતા ગણું ૨

જેઓ અચિંત્ય, અવ્યક્ત, સર્વ વ્યાપક, નિશ્ચળ
એકરૂપ, અનિર્દેશ્ય, ધ્રુવ અક્ષરને ભજે ૩

ઈન્દ્રિયો નિયમે રાખી, સર્વત્ર સમબુદ્ધિના
સર્વભૂતહિતે રક્ત, તેને મ'ને જ પામતા ૪

અવ્યક્તે ચિત્ત ચોંટાડે, તેને ક્લેશ થતો વધુ
મહા પરિશ્રમે દેહી, પામે અવ્યક્તમાં ગતિ ૫

મારા સર્વ કર્મોનો, કરી સંન્યાસ મત્પર
અનન્ય યોગથી મારાં, કરે ધ્યાન-ઉપાસના ૬

મારામાં ચિત્ત પ્રોતા, તે ભક્તોનો ભવસાગરે
વિના વિલંબ ઉદ્ધાર કરું છું, પાર્થ હું સ્વયં ૭

'હું'-માં જ મનને સ્થાપ, નિષ્ઠા મારી જ રાખ તું
તો મારામાં જ નિઃશંક, તું વસીશ હવે પછી ૮

જો ન રાખી શકે સ્થિર, 'હું'-માં ચિત્ત સમાધિથી
તો મ'ને પામવા ઈચ્છ, સાધી અભ્યાસ-યોગને ૯

અભ્યાસેયે જો ન શક્તિ, થા મત્કર્મપરાયણ
મારા અર્થે કરે કર્મો, તોયે પામીશ સિદ્ધિને ૧૦

જો ન કરી શકે તેયે, આશરી મુજ યોગને
તો સૌ કર્મ ફળો ત્યાગ, રાખીને મનને વશ ૧૧

ઊંચું અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન તો ચડે
ધ્યાનથી ફળનો ત્યાગ, ત્યાગથી શાંતિ સત્વરે ૧૨

અદ્વૈષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા
નિર્મમ, નિરહંકાર, સુખે દુઃખે સમાનતા ૧૩

યોગી સદાય સંતોષી, જિતાત્મા, દઢ નિશ્ચયી
મનબુદ્ધિ મ'ને અર્પ્યાં, તે મદ્‌ભકત મ'ને પ્રિય ૧૪

જેથી દુભાય ના લોકો, લોકથી જે દુભાય ના
હર્ષ-ક્રોધ-ભય ક્ષોભે છૂટયા, જે તે મને પ્રિય ૧૫

પવિત્ર નિઃસ્પૃહી, દક્ષ ઉદાસીન, વ્યથા નહિ
સૌ કર્મારંભ છોડેલો, મારો ભકત મને પ્રિય ૧૬

ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા
શુભાશુભ ત્યજયાં જેણે, ભકિતમાન મ'ને પ્રિય ૧૭

સમ જે શત્રુને મિત્રે, સમ માનાપમાનમાં
ટાઢે-તાપે, સુખે-દુઃખે, સમ આસકિતહીન જે ૧૮

સમાન સ્તુતિ નિંદામાં, મૌની સંતુષ્ટ જે મળે
સ્થિર બુદ્ધિ, નિરાલંબ, ભકત જે, તે મને પ્રિય ૧૯

આ ધર્મામૃતને સેવે, શ્રદ્ધાથી જેમ મેં કહ્યું
મત્પરાયણ જે ભકતો, તે મ'ને અતિશે પ્રિય ૨૦

卐

## *ध्यानम्*

सर्वधर्मान् परित्यज्य त्वमेकं शरणं गतः ।
त्वमेव सर्वपापेभ्यो मोक्षयस्व हि मां प्रभो ॥ १ ॥

ईश्वरः सर्वभूतानां त्वमेव हृदये स्थितः ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ २ ॥

त्वामेव शरणं यामि सर्वभावेन केशव ।
त्वत्प्रसादादवाप्स्येऽहं शाखवतं पदमव्ययम् ॥ ३ ॥

अनन्यारिचन्तयन्तस्त्वां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुकतानां योगक्षेमवहोऽसि वै ॥ ४ ॥

पत्रं पुष्पं फलै तोयं यस्ते भकत्या प्रयच्छति ।
तस्य त्वं भकत्युपह्वतमश्नासि प्रयतात्मनः ॥ ५ ॥

यत्करोमि यदश्नामि यज्जुहोमि ददामि यत् ।
यत्तपस्यामि हे देव तत्करोमि त्वदर्पणम् ॥ ६ ॥

समस्तवं सर्वभूतेषु न ते द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु त्वां भकत्या त्वयि ते त्वं च तेष्वसि ॥ ७ ॥

अपि चेत्सुदुराचारो भजते त्वामनन्यभाक् ।
क्षिपं भवति धर्मात्मा शश्वच्छान्ति निगच्छति ॥ ८ ॥

त्वां हि देव व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ६ ॥

वीतरागभयक्रोधास्त्वन्मयास्त्वामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूतस्त्वद्भावमागतः ॥ १० ॥

अजेऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवस्यात्ममायया ॥ ११ ॥

त्वयाध्क्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन देवेश तगद्विपरिवर्तते ॥ १२ ॥

त्वया ततमिदं सर्वं जगदव्यकतमूर्तिना ।
त्वत्स्थानि सर्वभूतानि न च त्वं तेष्ववस्थितः ॥ १३ ॥

## ધ્યાન

છોડીને સઘળા ધર્મો, તારું જ શરણું ધર્યું
તું જ સકળ પાપોથી છોડાવ મુજને, પ્રભુ ! ૧
વસીને સર્વ ભૂતોનાં હૃદયે, પરમેશ્વર !
માયાથી ફેરવે સૌને, જાણે યંત્ર પરે ધર્યાં. ૨
તારે જ શરણે આવું સર્વભાવથી, કેશવ!
તારા અનુગૃહે લઈશ શાંતિ ને શાશ્વત પદ. ૩
અનન્ય ચિત્તથી જેઓ કરે તારી ઉપાસના,
તે નિત્યયુકત ભકતોનો યોગક્ષેમ ચલાવતો. ૪
પત્રં પુષ્પં ફલં તોયં જે આપે ભકિતથી તને,
ભકિતએ તે અપાયેલું આરોગે યત્નવાનનું. ૫
જે કરું ભોગવું વા જે, જે હોમું, દાન જે કરું;
આચરું તપને વા જે, કરું અર્પણ તે તને. ૬
સમ તું સર્વભૂતોમાં, વા'લા-વેરી તને નથી;
પણ જે ભકિતથી સેવે, તેમાં તું, તુજમાંહી તે. ૭
મોટોયે કો દુરાચારી એકચિત્ત ભજે તને,
શીઘ્ર તે થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને. ૮
સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો, જીવો પાપીય યોનિના,
જો તારો આશરો લે તો, તેયે પામે પરંગતિ. ૯
વીત-રાગ-ભય-ક્રોધ, તને આશ્રિત, તું-મય,
જ્ઞાન-તપે થઈ શુદ્ધ, પામ્યા ત્વદ્‌ભાવને ઘણા. ૧૦
અજન્મા, અવ્યાત્મા ને ભૂતોનો ઈશ્વરે છતાં,
ઊપજે આત્મમાયાથી તારી પ્રકૃતિ પર ચડી. ૧૧
પ્રકૃતિ પ્રસેવે સૃષ્ટિ તારી અધ્યક્ષતા વડે;
તેના કારણથી થાય જગનાં પરિવર્તનો. ૧૨
અવ્યકતરૂપ તું-થી જ ફેલાયું સર્વ આ જગત;
'તું'-માં રહ્યાં બધાં ભૂતો તું તેમાંહી રહ્યો નથી. ૧૩

न च त्वत्सानि भूतानि हन्त ते योगमैश्वरम् ।
भूतभून्न च भूतस्थस्त्वदात्मा भूतभावनः ॥ १४ ॥
यथाऽऽकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि त्वत्स्थानीत्युपधारये ॥ १५ ॥
त्वमेवात्मा हृषीकेश सर्वभूताशयस्थितः ।
त्वमेवादिश्च मध्यं च भूतानामन्त अेव च ॥ १६ ॥
यच्चापि सर्वभूतानां बीजं तत्त्वमसि प्रभो ।
न तदस्ति विना यत्स्यात्त्वया भूतं चराचरम् ॥ १७ ॥
यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छामि तव तेजेंऽशसम्भवम् ॥ १८ ॥
भगवन् बहुनैतेन किं ज्ञातेन मया प्रभो ।
विष्टभ्य त्वमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ १९ ॥
त्वत्तः परतरं नाऽन्यत् किंचिदस्ति जनार्दन ।
त्वयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ २० ॥
भूतभावन भूतेश देवदेव जगत्पते ।
योगेश्वर नतोऽस्मि त्वां त्वच्चित्तं सततं कुरू ॥ २१ ॥
पिता त्वमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोडकार ऋृक् साम यजुर्वेद च ॥ २२ ॥
गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥ २३ ॥
उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युकतो देहे त्वं पुरूषः परः ॥ २४ ॥
अनादित्वान्निर्गुणत्वात्परमात्मा त्वमव्ययः ।
शरीरस्थोऽपि देवेश न करोषि न लिप्यसे ॥ २५ ॥
यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथा त्वं नोपलिप्यसे ॥ २६ ॥

નથીયે કો 'તું' -માં ભૂતો, શો તારો યોગ ઈશ્વરી!
ભૂતાધાર ન ભૂતોમાં ભૂત-સર્જક-રૂપ તું! ૧૪

સર્વગામી મહાવાયુ નિત્ય આકાશમાં રહે;
તેમ સૌ ભૂત તારામાં રહ્યા છે એમ જાણું હું. ૧૫

તું જ આત્મા, હૃષીકેશ, ભૂતોનાં હૃદયો વિષે;
આદિ, મધ્ય તથા અંત તું જ છું ભૂતમાત્રનાં. ૧૬

બીજ જે સર્વ ભૂતોનું જાણું હું તેય તું જ છું;
તું વિનાનું નથી લોકે કોઈ ભૂત ચરાચર. ૧૭

જે કોઈ સત્ત્વમાં કાંઈ લક્ષ્મી, વીર્ય વિભૂતિ વા,
જાણું તે સઘળું, તારા તેજના અંશથી થયું. ૧૮

ભગવન્ લાભ શો મારે, જાણી વિસ્તારથી ઘણા;
એક જ અંશથી તારા, આખું વિશ્વ ધરી રહ્યો. ૧૯

બીજું કોઈ નથી તત્ત્વ, તારાથી પર જે ગણું;
'તું'-માં આ સૌ પરોવાયું, દોરામાં મણકા સમું. ૨૦

ભૂતેશ, ભૂતકર્તા હે, દેવદેવ, જગત્પતે!
યોગેશ્વર, નમી માગું અખંડ તુજ યોગને. ૨૧

તું જ આ જગનો ધાતા, પિતા, માતા, પિતામહ;
જ્ઞેય, પવિત્ર ૐકાર, ઋગ, યજુર, સામવેદ તું. ૨૨

પ્રભુ, ભર્તા, સુહૃદ્, સાક્ષી, નિવાસ, શરણું, ગતિ;
ઉત્પત્તિ, પ્રલય, સ્થાન, નિધાન, બીજ, અવ્યય. ૨૩

સાક્ષીમાત્ર, અનુજ્ઞાતા, ભર્તા, ભોકતા, મહેશ્વર,
કહેવાય પરમાત્માયે, દેહે પુરુષ તું પરં. ૨૪

અવ્યવી પરમાત્મા તું, વિના-આદિ, વિના-ગુણો;
તેથી દેહે રહે તોયે, તું અકર્તા, અલિપ્ત રહે. ૨૫

સૂક્ષ્મતા કારણે વ્યોમ સર્વવ્યાપી અલિપ્ત રહે;
આત્મા તું તેમ સર્વત્ર વસી દેહે અલિપ્ત રહે. ૨૬

यस्मात्क्षरमतीतस्त्वमक्षरादपि चोत्तमः ।
अतोऽसि लोके वेदे च प्रथितः पुरूषोत्तमः ॥ २७ ॥

तव्मक्षरं परमं वेदित्व्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरूषो मतो मे ॥ २८ ॥

त्वमादिदेवः पुरूषः पुराण–
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनन्तरूप ॥ २९ ॥

यतः प्रवृतिर्भूतानां येन सर्वमिदं ततम् ।
तत्त्वमेवासि देवेश परं ब्रह्म सनातनम् ॥ ३० ॥

सर्वस्य च त्वं ह्रदि सन्निविष्ट–
स्त्वतः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरसि वेद्यमेकं
वेदान्तकृद्वेदविदेव च त्वम् ॥ ३१ ॥

यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
ओंकारवाच्यं पदमव्ययं यत् ॥ ३२ ॥

न यद् भासयते सूर्यो न शशांको न पावकः ।
यद् गत्वा न निवर्तन्ते तद् धाम परमं तव ॥ ३३ ॥

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरूषः शाश्वतो दिव्य आदिदेवो ह्यजो विभुः ॥ ३४ ॥

न हि ते भगवन् व्यकिंत विदुर्देवा न दानवाः ।
स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरूषोतम ॥ ३५ ॥

કાં જે તું ક્ષરથી પાર, અક્ષરથીય ઉત્તમ,
તેથી તું લોક ને વેદે વર્ણાય પુરુષોત્તમ. ૨૭

તમે પરં અક્ષર, જ્ઞેય તત્ત્વ,
તમે મહા આશ્રય વિશ્વનું આ;
અનાશ છો, શાશ્વતધર્મપાળ,
જાણું તમે સત્ય અનાદિ દેવ. ૨૮

પુરાણ છો, પુરુષ, આદિ દેવ,
તમે જ આ વિશ્વનું અંત્ય ધામ;
જ્ઞાતા તમે; જ્ઞેય, પરં પદે છો,
તમે ભર્યું વિશ્વ, અનંત રૂપ! ૨૯

જેથી પ્રવર્તતાં ભૂતો, જેણે વિસ્તાર્યું આ બધું
તું જ તે સર્વ, દેવેશ, પરંબ્રહ્મ સનાતન. ૩૦

નિવાસ સૌના હૃદયે કરે તું,
'તું'-થી સ્મૃતિ, જ્ઞાન તથા વિવેક;
વેદો બધાનું તું જ એક વેદ્ય
વેદાન્તકર્તા તું જ વેદવેત્તા. ૩૧

જેને કહે 'અક્ષર' વેદવેત્તા,
જેમાં વિરાગી યતિઓ પ્રવેશે;
જે કાજ રાખે વ્રત બ્રહ્મચર્ય,
ઓંકાર શબ્દે પદ વર્ણવે જે,- ૩૨

સૂર્ય જેને પ્રકાશે ના, ના ચંદ્ર, અગ્નિયે નહીં;
જ્યાં પોં'ચી ન ફરે પાછા, તારું તે ધામ ઉત્તમ. ૩૩

પરંબ્રહ્મ, પરંધામ, છો પવિત્ર તમે પરં,
આત્મા, શાશ્વત ને દિવ્ય, અજન્મા, આદિ ને વિભુ. ૩૪

તમારું રૂપ જાણે ના, દેવો કે દાનવો, પ્રભુ!
તમે જ આપને આપે જાણતા, પુરુષોત્તમ! ૩૫

અવજાણે તમને મૂઢો માનવી દેહને વિષે;
ન જાણતા પરંભાવ તારો ભૂત મહેશ્વરી ૩૬

તારાં જન્મ તથા કર્મ દિવ્ય જે આમ તત્ત્વથી
જાણે, તે ન ફરી જન્મે, મર્યે પામે તેને જ તે. ૩૭

મહાત્માઓ તને જાણી ભૂતોનો આદિ અવ્યય,
અનન્ય મનથી સેવે દૈવી પ્રકૃતિ આશર્યા. ૩૮

કીર્તિ તારી સદા ગાતા, યત્નવાન, વ્રતે દઢ,
ભકિતથી તુજને વંદી ઉપાસે નિત્ય યોગથી. ૩૯

જ્ઞાનયજ્ઞેય કો ભકતો સર્વવ્યાપી તને ભજે
એકભાવે, પૃથગ્ભાવે, બહુ રીતે ઉપાસતા. ૪૦

સતત એક ચિત્ત જે સદા સંભારતો તને,
તે નિત્યયુકત યોગીને સે'જે તું પ્રાપ્ત થાય છે. ૪૧

તને પોં'ચી મહાત્માઓ, પામેલા શ્રેષ્ઠ સિદ્ધિને,
વિનાશી, દુઃખનું ધામ, પુનર્જન્મ ધરે નહીં. ૪૨

રહેલો આત્મભાવે તું, તેજસ્વી જ્ઞાનદીપથી
કરુણા ભાવથી મારા અજ્ઞાન તમને હણ. ૪૩

મને અખંડ યોગીને ભજતા પ્રીતિથી તને,
આપ તે બુદ્ધિનો યોગ, જેથી આવી મળું તને. ૪૪

મન-ભકિત તને અર્પું, તને પૂજું, તને નમું;
નિશ્ચે તને જ પામીશ, 'તુ'-પરાયણ, ઈશ્વર! ૪૫

卐

अवजानन्ति त्वां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तस्तव भूतमहेश्वरम् ॥ ३६ ॥

जन्म कर्म च ते दिव्य जनो यो वेत्ति तत्त्वतः ।
त्यकत्वा देहं पुनर्जन्म नैति त्वामेत्यसंशयम् ॥ ३७ ॥

महात्मानो हि त्वां नाथ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥ ३८ ॥

सततं कीतैयन्तस्त्वां यतन्तश्च दढव्रताः ।
नमस्यन्तश्च त्वां भकत्या नित्ययुक्ता उपासते ॥ ३९ ॥

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तस्त्वामुपासते ।
अेकत्वेन पृथकत्वेन बहुधा विश्वतोमुखम् ॥ ४० ॥

अनन्यचेताः सततं यस्त्वां स्मरति नित्यशः ।
तस्य त्वं सुलभो देव नित्ययुक्तस्य योगिनः ॥ ४१ ॥

त्वामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥ ४२ ॥

मम ह्येवानुकम्पार्थ बुद्धेरज्ञानजं तमः ।
नाशयस्वात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥ ४३ ॥

मह्यं सततयुक्ताय भजते प्रीतिपूर्वकम् ।
प्रयच्छ बुद्धियोगं तं येन त्वामुपयाम्यहम् ॥ ४४ ॥

त्वन्मना अस्मि ते भवतस्त्वां यजे त्वां नमाम्यहम् ।
त्वामेवैष्यामि विश्वात्मन्सर्वथा त्वत्परायणः ॥ ४५ ॥

卐

## પહેલાં સમરીએ ગણપતિ દેવને

પહેલાં સમરીએ....ગણપતિ દેવને
હાં રે વ્હાલો વિઘ્નને હરનારો સમરીએ રે ગણપતિ દેવને
સર્વે શુભ કાર્યએ પ્રથમ પુજાય છે
શેષને મહેશ ગુણ ગણેશના ગાય છે
હાં રે પાર્વતીનો રખવાળો.....સમરીએ રે૦
રિદ્ધિ-સિદ્ધિનો એ સ્વામી ગણાય છે
કાર્તિકેય સ્વામી ને બહેન ઓખાનો ભાઈ છે
હાં રે કાર્યો સફળ કરનારો.....સમરીએ રે૦
અધિપતિને ઊંચે આસન પધરાવીએ
મન ગમતા મોદક ને મેવા ધરાવીએ
હાં રે આરોગશે શિવનો દુલારો.....સમરીએ રે૦
એ રે સૂંઢાળામાં સદ્‌ગુણ અમાપ છે
લક્ષ ને લાભ બેઉ બેટાનો બાપ છે
હાં રે રણછોડ બુદ્ધિ દેનારો.....સમરીએ રે૦

卐

## શ્રી સત્યનામ કબીર સાહેબની આરતી

શ્રી રામકબીર ભગવાન પ્રભુ રામકબીર ભગવાન
આરતી કરીએ તમારી (૨) દેજો ભકિતજ્ઞાન...ૐશ્રી રામકબીર ભગવાન૦
ચૌદસો છપ્પન સંવત જેઠ સુદી પૂનમ (૨)
કાશીમાં લહર તળાવે (૨) પ્રગટયા પૂરણ બ્રહ્મ...ૐશ્રી રામકબીર ભગવાન૦
નીરૂ-નિમાઈને ત્યાંહી દોહી છોટી ગાય પ્રભુ (૨)
રામાનંદ ગુરુ કીધા (૨) રામમંત્ર પાય...ૐશ્રી રામકબીર ભગવાન૦
મહાન કીધો સિકંદર દિલ્હીનો બાદશાહ પ્રભુ (૨)
શેખ તકીને નાથ્યો (૨) હિન્દુ રક્ષણરાહ...ૐશ્રી રામકબીર ભગવાન૦

સમુદ્ર જોરથી ત્રાટકયો જગન્નાથપુરી માંહી પ્રભુ (૨)
સ્થપાવ્યા કૃષ્ણ પ્રભુને (૨) પૂર્વધામ ચાહે...ૐશ્રી રામકબીર ભગવાન૦
માગસર સુદી અગિયારસ પંદરસો પચ્ચોતેર પ્રભુ (૨)
સત્યલોક પધાર્યા (૨) શાપ ટાળી મગહર...ૐશ્રી રામકબીર ભગવાન૦
સત્ય અહિંસા એકતા એક પરમેશ્વર વાદ પ્રભુ (૨)
વિશ્વબંધુત્વની ભાવના (૨) સ્થાપી બ્રહ્મનાદ...ૐશ્રી રામકબીર ભગવાન૦
આરતી રામકબીરની જે કોઈ ગાશે પ્રભુ (૨)
કહે દયારામ સ્વામી (૨) મોક્ષ ભાથું થાશે...ૐશ્રી રામકબીર ભગવાન૦
રામકબીર ભગવાન, પ્રભુ રામકબીર ભગવાન
સત્યલોક નિવાસી સતમતના કરનાર...ૐશ્રી રામકબીર ભગવાન૦

卐

## ધુન

સત્યનામ કબીર સત્યનામ કબીર
ગુરુદેવ કબીર ગુરુદેવ કબીર
આવો આવો રે કબીર આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર, ભીડ ભાંગો રે કબીર
દર્શન દેજો રે કબીર, દર્શન દેજો રે કબીર
સત્યનામ કબીર, સત્યનામ કબીર

卐

## નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં

નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય.
અવિનાશીએ અવતાર લીધો,
માતાનું મન હરખાય.....ગોકુળમાં નંદ ઘેર૦
શ્રાવણ વદ મધ્યઆઠમની રાતે,
મંદ મંદ વાયુ લ્હેરાય.....ગોકુળમાં નંદ ઘેર૦

નંદના લાલને મોતીડે વધાવ્યા,
ઝળહળ આરતી થાય.....ગોકુળમાં નંદ ઘેર૦
ગાંડાને ઘેલા ગોવાળિયાઓ,
નાચે કૂદે ને ગાય.....ગોકુળમાં નંદ ઘેર૦
શણગાર સજી ગોપીઓ આવે,
લઈને પૂજાનો થાળ.....ગોકુળમાં નંદ ઘેર૦
કંકુ કેસરના સાથિયા પુરાયા,
ઘેર ઘેર તોરણ બંધાય.....ગોકુળમાં નંદ ઘેર૦
ગાયો નાચે ગોવાળિયા નાચે,
ગોરસના છાંટણા થાય.....ગોકુળમાં નંદ ઘેર૦
હીરા માણેકના દાનો અપાયાં
વિપ્રોને ગાયો અપાય.....ગોકુળમાં નંદ ઘેર૦
ઘોડે બેસીને જુવાનો ચાલ્યા
ઘરડાંઓ પાલખીમાંય.....ગોકુળમાં નંદ ઘેર૦
ચાંદો સૂરજ ને નવલખ તારલાં,
દર્શન કરી હરખાય.....ગોકુળમાં નંદ ઘેર૦
સનકાદિક બ્રહ્મા નારદ, શંકર,
સ્વર્ગમાં પુલકિત થાય.....ગોકુળમાં નંદ ઘેર૦
શિવરામ કહે છે ધર્મ પ્રસારવા,
પ્રભુનો અવતાર થાય.....ગોકુળમાં નંદ ઘેર૦

卐

## પગ મને ધોવા દ્યો રઘુરાય

પગ મને ધોવા દ્યો રઘુરાય, પ્રભુ મને શક પડયો મનમાંય.....પગ મને૦
રામ લક્ષ્મણ જાનકી તીર ગંગાને જાય;
નાવ માંગી નીર તરવા ગુહ બોલ્યો ગમ ખાઈ.....પગ મને૦
રજ તમારી કામણગારી મારી નાવ નાર બની જાયજી,
તો તો મારા રંક જનની આજીવિકા ટળી જાયજી.....પગ મને૦

જોઈ ચતુરતા ભીલ જનની જાનકી મુશ્કરાયજી
અભણ કેવું યાદ રાખે ભણેલા ભૂલી જાયજી.....પગ મને૦

દિન દયાળુ આ જગતમાં ગરજ કેવી ગણાયજી
આપ જેવાને ઉભા રાખી પગ પખાળી જાયજી.....પગ મને૦

નાવડીમાં બાવડી ઝાલી રામની ભીલરાયજી
પાર ઉતારીને બોલ્યાં તમે શું લેશો ઉતરાઈ.....પગ મને૦

નાઈની કદી નાઈ લે નહીં આપણે ધંધા ભાઈજી
કાગ ન માગે ખારવો કદિ ખારવાની ઉતરાઈ.....પગ મને૦

卐

## પંઢરપુરને પાદર રહેતો કુંભાર

પંઢરપુરને પાદર રહેતો કુંભાર ગોરો નામ રે,
માટીનું એ કામ જ કરતો, રટતો વિઠ્ઠલ નામ રે!.....પંઢર૦

પત્ની એની બહુ છે શાણી, તે ગઈ છે ભરવાને પાણી,
બાળક સોંપ્યો છે ગોરાને, થઈ ગઈ છે ઝાઝી વાર રે!.....પંઢર૦

ગોરો માટી ઘડી રહ્યો છે, ધ્યાન ધણીનું ધરી રહ્યો છે,
એના પગની પાસે રે આવ્યો રમતો નાનો બાળ રે!.....પંઢર૦

પગ તળે ત્યાં બાળક આવ્યો, માટી ભેળો માટી બનાવ્યો,
ટુકડે ટુકડા થઈ ગયા પણ રહ્યું નહીં કાંઈ ભાન રે!.....પંઢર૦

પાણી ભરીને પત્ની આવી, તરત પતિને પૂછવા લાગી,
બાળક મારો કયાં સંતાડયો, બતાવોને નાથ રે!.....પંઢર૦

હું બાળકની વાત ન જાણું, ભકિતમાં છે ધ્યાન મારું,
તેં મૂકયો છે તું શોધી લે, બોલ્યો બોલ કુંભાર રે!.....પંઢર૦

રડતી કકળતી માથું કૂટતી, બેટા બેટા કહીને રડતી,
નજર પડી ત્યાં માટી ઉપર, દીઠાં હાડ ને ચામ રે!.....પંઢર૦

વિઠ્ઠલ મારી વ્હારે ચઢજો, અબળાની એક અરજી સુણજો,
નામ તમારું લેતાં લેતાં માર્યો મારો બાળ રે!.....પંઢર૦
સાધુ સ્વરૂપે વિઠ્ઠલ આવ્યા, ગોરાને મન ઝાઝા ભાવ્યા,
બાળ સજીવન રમતો કીધો, થઈ ગયા અંતર્ધાન રે!.....પંઢર૦
ધન્ય છે ગોરા! ભકિત તારી, અમ્મર બની ગઈ કહાણી,
ભકતજનો કહે છે કર જોડી, ધરજે એવું ધ્યાન રે!.....પંઢર૦

卐

## કોઈ આજ જશે કોઈ કાલ

કોઈ આજ જશે કોઈ કાલ, આ તો પંખીડાંનો મેળો,
માટે ભજી લો દીનદયાળ, આ તો પંખીડાનો મેળો.
આ તો પંખીડાનો મેળો, આ તો યુગદર્શનનો ફેરો.....કોઈ આજ૦
સહુએ ૠણાનુબંધે મળિયાં, કોઈ જનમનાં સુકૃત ફળિયાં,
સહુ આવ્યાં તેવાં જાય આ તો પંખીડાંનો મેળો.....કોઈ આજ૦
માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો,
કયારે ફૂટે શું કહેવાય? આ તો પંખીડાનો મેળો.....કોઈ આજ૦
સાથે કોઈ આવ્યું ના આવે, સહુએ સહુના રસ્તે જાવે,
જેવાં વાદળિયાં વિખરાય આ તો પંખીડાંનો મેળો.....કોઈ આજ૦
મળિયો માનવ જન્મ અમોલો, સમજી હરિભજનમાં ડોલો,
શંકર અમૃતવાણી ગાય આ તો પંખીડાંનો મેળો.....કોઈ આજ૦

卐

## કોઈ કોઈનું નથી રે

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે.
નાહકમાં બધા મરે મથી મથી રે.....કોઈ૦
મનથી માનેલાં કે આ બધાં મારાં,
માની લે જીવડા, ન મારાં કે તારાં;
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે.....કોઈ૦

આ મારો દીકરો, આ મારો તાત છે,
આ મારી ઘરવાળી, આ મારી માત છે;
મૂઆ પછવાડે કોઈ મરતું નથી રે.....કોઈ૦
કંઈક ગયા ને કંઈક છે જવાના,
નથી કાયમ કોઈ રહેવાના,
ગયા એના નથી કાંઈ સમાચાર રે.....કોઈ૦
પરમ કૃપાળુએ જનમ દીધો છે,
પાળી પોષીને મોટો કીધો છે;
તારા હૈયે નામ એનું વસતું નથી રે.....કોઈ૦

卐

## કોણે તને શામળો કીધો રે ગોવાળિયા

કોણે તને શામળો કીધો રે ગોવાળિયા,
કોણે તને શામળો કીધો રે?
કોણે તને કામળો દીધો રે શામળિયા,
કોણે તને કામળો દીધો રે?
મથુરામાં જન્મ જ લીધો,
ગોકુળમાં જઈ વાસો કીધો રે, ગોવાળિયા.....કોણે તને૦
દેવકીજીએ જન્મ જ દીધો,
જશોદાના ખોળે જઈ બેઠો રે, ગોવાળિયા.....કોણે તને૦
માથે મુગટ ને કાનોમાં કુંડળ,
મુખ પર મોરલી ધરી રે, ગોવાળિયા.....કોણે તને૦
શરદપૂનમનો રાસ રચ્યો છે,
સોળસેં ગોપીમાં એક કાનો રે ગોવાળિયા.....કોણે તને૦
વૃંદાવનમાં ધેનુ ચરાવે,
મહીનાં દાણ લેતો દીઠો રે, ગોવાળિયા.....કોણે તને૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણકમળ બલિહારી રે, ગોવાળિયા.....કોણે તને૦

卐

## પારણે ઝુલાવું ઝૂલો નંદલાલા

પારણે ઝુલાવું ઝૂલો નંદલાલા
માતા જશોદા ગાય છે હાલા

હાલા રે હાલા કરું કાલાવાલા
છાનો રહે ચૂપ રે સાકર ને દૂધ લે
પાઉં કનૈયા પીઓ નંદલાલા.....પારણે૦

છાનો રહેને કુંવર કનૈયા
કાલે મંગાવીશ તારી મોરલીયા
છાનો રહે ચૂપ રે માખણ તે ખૂબ રે
આપું કનૈયા ખાવો નંદલાલા.....પારણે૦

જરકસી જામો સીવડાવું કાન ટોપી
છાનો રહે તો પરણાવીશ ગોપી
છાનો રહે ચૂપ રે દેતો ના દુઃખ રે.....પારણે૦

રમવાને આપું તને લખોટી
છાનો રહે નહિતર લાવું હું સોટી
છાનો રહે ચૂપ રે દેતો ના દુઃખ રે.....પારણે૦

માન્યું નહિ ત્યારે માતાજી ખિજાય
સોટી લીધીને કનૈયા ધ્રુજયા
છાનો રહે ચૂપ રે દેતો ના દુઃખ રે.....પારણે૦

સોટી દેખીને કનૈયો હસિયો
માત જશોદાનાં અંતરમાં વસીયો
છાનો રહે ચૂપ રે દેતો ના દુઃખ રે.....પારણે૦

કહે ગજાનંદ કરીને વ્હાલા
નિરંજન નિરાકાર પોતે નંદલાલા
તોય બાળ ચેષ્ટા કરે નંદલાલા.....પારણે૦

卐

## અમે મહિયારાં રે ગોકુળ ગામનાં

અમે મહિયારાં રે ગોકુળ ગામનાં
એ જી...મારે મહી વેચવાને જાવાં, મહિયારાં રે
ગોકુળ ગામનાં.....અમે૦

મથુરાની વાટ મહી વેચવાને નીસરી,
નટખટ એ નંદકિશોર માગે છે દાણ જી;
એ જી...મારે દાણ લેવાં ને દેવાં, મહિયારાં રે
ગોકુળ ગામનાં.....અમે૦

માડી જશોદાજી કાનજીને વારજો,
દુઃખડા દે છે લાખ નંદજીનો લાલો;
એ જી...મારે દુઃખ સહેવા ને કહેવાં, મહિયારાં રે
ગોકુળ ગામનાં.....અમે૦

યમુનાને કાંઠે કહાન વાંસળી વગાડતો
ભુલાવે ભાન સાન, ઊંઘથી જગાડતો;
એ જી...મારે ઝટ જાવું ને જોવું, મહિયારા રે
ગોકુળ ગામનાં.....અમે૦

મહેતા નરસૈંયાનો સ્વામી લાડલો કાનજી,
ઉતારે આતમના ભાર ભવ ભવના જી;
એ જી...નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારાં રે
ગોકુળ ગામનાં.....અમે૦

卐

## મારાં આજે સૌને રામકબીર રે

મારાં આજે સૌને રામકબીર રે
બે હાથ જોડી મસ્તક નમાવું રે.....મારાં૦
જેને જયારે મળે ત્યારે તેને કે'જો રે.....મારાં૦

ભકત સમાજના ગુરુ કબીર રે
એને કદી ના વિસરીએ રે.....મારાં૦

માતા નર્મદાના બેટે કબીરવડ રે
તે તો યાત્રાનું મોટું ધામ રે.....મારાં૦

સુરત શહેરમાં ખાંગડશેરી રે
તેમાં ભકતોનું મોટું મંદિર રે.....મારાં૦

થયું એક મંદિર મુંબઈ શહેરમાં
એનો લાભ પરદેશીઓ લેશે રે.....મારાં૦

તમે હરતાં ફરતાં કામો કરતાં રે
તમે રામજીનું સ્મરણ કરજો રે.....મારાં૦

તમો ગામે ગામ સંદેશો મોકલાવજો
તમે પધારો કબીરના પંથ રે.....મારાં૦

નહિ સમજાય તો સંતને મળજો રે
રામકબીરથી સહુ સુખ મળશે રે.....મારાં૦

જે કોઈ રામબીરને વિસરશે રે
તેનો અવતાર એળે જાશે રે.....મારાં૦

મહિલા મંડળની એવી વિનંતિ રે
જો કોઈ ભૂલ્યા હોય યાદ કર્તા થઈ જાજો રે.....મારાં૦

卐

## રામ તમે આવો ઘનશ્યામ તમે આવો

રામ તમે આવો ઘનશ્યામ તમે આવો
અરજી સુણી ને રાધે-શ્યામ તમે આવો.....ટેક

મનના મંદિરયામાં સાથિયા પૂર્યા છે.
આસોપાલવના તોરણ બાંધ્યા છે.
આવો આવો હરિ કહું છું ફરી ફરી, ભગવાન રે.....રામ૦

તમે ભકતોના પિતા કહેવાયા.
તમને બોલાવ્યે શાને ન આવો ?
વાટ જોઈ રહ્યો, હું તો રોઈ રહ્યો મારા શ્યામ રે.....રામ૦
નૈયા નરહરિ પાર ઉતારજો
તમને સોંપી છે, આવી ઉગારજો
મારું કોઈ નથી, થાકયો મથી, મથી, મારા રામ રે.....રામ૦

卐

## હેરી મૈં તો પ્રેમ દિવાની

હેરી મૈં તો પ્રેમદિવાની, મેરા દરદ ન જાને કોય,
સૂલી ઉપર સેજ હમારી, કિસ બિધ સોણા હોય ?
ગગન-મંડલ પૈ સેજ પિયાકી, કિસ બિધ મિલણા હોય ?.....હેરી૦
ઘાયલકી ગત ઘાયલ હી જાનૈ, કિ જિન લાગી હોય;
જૌહરી કી ગતિ જૌહરી જાને, કિ જિન જૌહર હોય.....હેરી૦
દરદકી મારી બન ડોલૂઁ, વૈદ મિલ્યા નહીં કોય;
મીરાંકી પ્રભુ પીર મિટેગી, જબ વૈદ સાઁવલિયા હોય.....હેરી૦

卐

## ભકિત કરતા છૂટે પ્રાણ

ભકિત કરતાં છૂટે પ્રાણ પ્રભુ ! એવું માગું રે
રહે જનમ-જનમનો સાથ, પ્રભુ ! એવું માગું રે
તારું મુખડું મનોહર જોયા કરું,
મારું દિલડું તુજમાં પોયા કરું;
રહે પ્રીત તમારી, નાથ! પ્રભુ એવું માગું રે.....ભકિત૦
મારી આશા નિરાશા કરશો નહિ,
મારા અવગુણ હૈયે ધરશો નહિ;
રહે શ્વાસે શ્યામ! પ્રભુ! એવું માગું રે.....ભકિત૦
મારાં પાપ ને તાપનો નાશ કરો,
તારો નંદુ સેવક, સહાય કરો;
રહે ચરણકમળ વિશ્વાસ, પ્રભુ ! એવું માગું રે.....ભકિત૦

卐

## સુખ દુઃખ મનમાં ન આણીએ

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.....સુખ૦

નળ રાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી,
અડધે વસ્ત્રે વનવન ભમ્યાં, ન મળ્યાં અન્ન કે પાણી.....સુખ૦

પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી.....સુખ૦

સીતા સરખી સતી નહીં, જેને રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી.....સુખ૦

રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી.....સુખ૦

હરિશ્ચન્દ્ર રાજા સતવાદિયો, જેની તારામતી રાણી,
તેને વિપત્તિ બહુ રે પડી, ભર્યાં નીચ ઘેર પાણી.....સુખ૦

એ વિચારી હરિને ભજો, તે સહાય જ કરશે,
જુઓ આગે સહાય ઘણી કરી, તેથી અર્થજ સરશે.....સુખ૦

સર્વ કોઈને જયારે ભીડ પડી, સમર્યા અંતર્યામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી.....સુખ૦

卐

## સુણાવો ગીતા-સાર

સુણાવો ગીતા-સાર ઉતારો ભવ-પાર,
ગુરુજી મારા! હું પૂજું ચરણ તમારાં.

હું આવી પડયો છું આ જગમાં,
નથી રે કોઈ દિલાસો દિલમાં
હું રખડી રઝળી થાકયો.....ગુરુજી મારા! હું પૂજું૦

હજી દિલમાં કંઈ કંઈ આશ મને,
સત્પંથ બતાવનારા શોધું તને;
જયોતિમાં જયોત મિલાવો.....ગુરુજી મારા! હું પૂજું૦

હશે દોષ અમારા સહુ માફ કરો,
અમ દીન-ગરીબને વ્હાર કારો,
તમે દૈવી દયા વરસાવો.....ગુરુજી મારા! હું પૂજું૦
જો દાસ પર તમે દયા કરો,
તો ભવનો ફેરો પલમાં હરો;
હું એ આશાએ અહીં આવ્યો.....ગુરુજી મારા! હું પૂજું૦

卐

## તૂ દયાલુ, દીન હૌં

(રાગ-દેશી દાદરા તાલ)

તૂ દયાલુ દીન હૌં, તૂ દાની, હૌં ભિખારી;
હૌં પ્રસિદ્ધ પાતકી, તૂ પાપપુંજ હારી.....તૂ૦
નાથ તૂ અનાથકો, અનાથ કૌન મોસો ?
મો સમ આરત નહિ, આરત હર તોસો.....તૂ૦
બ્રહ્મ તૂ, હૌં જીવ, તૂ, ઠાકુર, હૌં ચેરો;
તાત, માત, ગુરુ, સખા તૂ, સબ વિધિ હિતુ મેરો.....તૂ૦
મોહિં મોહિં નાતે અનેક માનિયે જો ભાવૈ;
જયોં ત્યોં તુલસી કૃપાલુ ચરન સરન પાવૈ.....તૂ૦

卐

## યે મારગડા જુદા કબીરકા

(રાગ-ધૂમાલી)

યે મારગડા જુદા કબીરકા યે મારગડા જુદા.
ઈંટ પડાવે, મસ્જિદ ચણાવે, અનેક પીર જ હુઆ;
યે પીરકા કોઈ ભેદ ન જાણે,
નમાજ પઢી પઢી મુઆ, કબીરકા યે મારગડા જુદા.....યે૦
પથ્થર મંગાવે, મૂર્તિ ટંકાવે, અનેક દેવ જ હુઆ;
યે દેવકા કોઈ ભેદ ન જાણે,
ભૂવા ધૂણી ધૂણી મુઆ, કબીરકા યે મારગડા જુદા.....યે૦

વાડી બંધાવે કથા કહાવે, અનેક સંત જ હુઆ;
કોઈ ભજનકા ભેદ ન જાણે,
કાંસા ઘસી ઘસી મુઆ, કબીરકા યે મારગડા જુદા.....યે૦
કહત કબીરા સુનો ભાઈ સાધો, મનુષ્ય અવતાર હુઆ;
ભવ સાગરકી ભૂલ ભૂલૈયાં,
લખ ચોરાશી ફરી મુઆ, કબીરકા યે મારગડા જુદા.....યે૦

卐

## આઠ કૂવાને નવ વાવડી રે

આઠ કૂવા ને નવ વાવડી રે
પાણી ભરે પનિહારી, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

સોના રૂપાનું મારું બેડલું રે,
ઈંઢોણી રત્ન જડાવ, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

વાંકી વળીને ઘડુલો ભરિયો રે,
બાઈ, મને માથે ચડાવ, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

તું રે સરીખા ગોવાળિયા રે,
મારા તે બાપના ગુલામ, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

તું રે સરીખી ગોવાલણી રે,
તે તો મારા ઘરની નાર, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

નરસિંહનો સ્વામી શામળો રે,
તે તો મારા હૈયાનો હાર, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

卐

## રામૈયાનું ભજન તમે ભૂલશો રે નહિ

રામૈયાનું ભજન તમે ભૂલશો રે નહિ,
વારે વારે માનવ-દેહ આવશે રે નહિ.....ટેક

આ રે કાયાનો રામે કોટ ચણાવ્યો,
કાંગરે કાંગરે ઊડી ગયા કંઈ.....વારે૦

રાજા રાવણ બહુ હતો અહંકારી,
અતિશે જુલમેં ગઢ લંકારે ગઈ.....વારે૦

મહીધરના સ્વામી મારે આંગણ પધાર્યા,
આનંદ આનંદની હેલી રે થઈ.....વારે૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
મારી જનમ-મરણની પીડા રે ગઈ.....વારે૦

卐

## તારી એક એક પળ જાય

તારી એક એક પળ જાય લાખની,
હાં રે તું માળા જપી લે મારા રામની.....તું માળા૦

સાથે શું લાવ્યા લઈને શું જાશો ?
આવ્યા રે તેવા ખાલી હાથે જાશો;
જીવન ધન્ય બનાવો રે ભકિતના દામથી.....તું માળા૦

જૂઠું છે જગ ને જૂઠા છે ખેલ,
માનવ ઓ મૂરખા, મારું-મારું મે'લ,
તું તો છોડી દેને ચિંતા આખા ગામની.....તું માળા૦

ભકિતનો મારગ ખાંડાની ધાર છે,
ચાલો તો તે જ જે ઘણો હોંશિયાર છે,
તું તો જાણી લેને ચાલ ભકિતના ભાવની.....તું માળા૦

卐

## રોજ રોજ આનંદ થાય ભકતોની ન્યાતમાં

રોજ રોજ આનંદ થાય ભકતોની ન્યાતમાં,
હસતાં જીવન જીવાય ભકતોની ન્યાતમાં.
ભકતોની ન્યાત જેવી બીજી કોઈ ન્યાત નથી,
ત્યાં રામના ભજન વિના બીજી કોઈ વાત નથી.
અંધારે અજવાળું થાય, ભકતોની ન્યાતમાં.....રોજ૦
વાગે જયાં ઢોલકાં તો આવે સહુ દોડતાં,
ભેગાં મળે ને બધાં આનંદે ડોલતાં;
સુખ ત્યાં સાચું પમાય, ભકતોની ન્યાતમાં.....રોજ૦
ન્યાતનો પટેલ મારો રથ રણછોડ છે,
ન્યાતમાં ભળ્યા એના પૂરતા કોડ છે;
નંદુ જ્ઞાન-લ્હાણી વહેંચાય, ભકતોની ન્યાતમાં.....રોજ૦

卐

## શ્રી સદ્‌ગુરુભકિતરહસ્ય (ભકિતના વીશ દોહરા)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨
નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાંહિ. ૩
જોગ નથી સત્‌સંગનો, નથી સત્‌સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
'હું પામર શું કરી શકું,' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬
અચળરૂપ આસકિત નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ. ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન. ૧૫
સંતચરણઆશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો ઊગ્યો ન અંશ વિવેક. ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજયો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ પાર;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દે જ. ૨૦

—શ્રીમદ્‌ રાજચંદ્ર

卐

## વંદન તથા પ્રાણિપાતસ્તુતિ

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, આ આપ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળધર્મ (માર્ગ) આપ શ્રીમદે અનંતકૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણાવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભકિત અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિશે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

卐

# શ્રી સદ્‌ગુરુ ઉપકાર-મહિમા

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન. ૧

તે કારણ ગુરુરાજને પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૨

પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન-દાતારા;
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૩

અહો! ઉપકાર તુમારડો, સંભારું દિનરાત;
આવે નયણે નીર બહુ, સંભાળતાં અવદાત. ૪

અનંતકાળ હું આથડયો, ન મળ્યા ગુરુ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત. ૫

રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૬

અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણગણ રત્ન ભંડાર. ૭

તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્‌વંત;
નહીં બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૮

બાહ્યાચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ;
અંતરચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ. ૯

卐

# ભક્તિનો ઉપદેશ

(તોટક છંદ)

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જયાં ફળપંકિત કહી;
જિનભકિત ગ્રહો તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો. ૧

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણ દામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો. ૨

સમભાવી સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો. ૩

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો. ૪

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. ૫

-શ્રીમદ્ રાજચંદ્ર

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિસ્થિત. ૨

એહી નહિ હૈ કલ્પના, એહી નહિ વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

-શ્રીમદ્ રાજચંદ્ર

卐

# અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો, નહિ એકકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?.....૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!!.....૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.....૩

હું કોણ છું ? કયાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.....૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મા તારો આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.....૫

-શ્રીમદ્ રાજચંદ્ર

卐

# બ્રહ્મચર્ય વિષે સુભાષિત

(દોહરા)

નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન......૧
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી; ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ.....૨
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.....૩
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જયમ અજ્ઞાન.....૪
જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ.....૫
સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ.....૬
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.......૭

–શ્રીમદ્ રાજચંદ્ર

卐

# કૈવલ્યબીજ શું ?

(ત્રોટક છંદ)

યમનિયમ સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દઢ આસન પદ્મ લગાય દિયો.....૧
મનપૌન-નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહિ સબપેં.....૨

સબ શાસ્ત્રન કે ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.....૩

અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહાં ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ?.....૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુગમકી,
પલમેં પ્રગટે મુખ આગલ્સેં,
જગ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં.....૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો.....૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દગસેં મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જોગાજુગ સો જીવહી.....૭

પરપ્રેમ-પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાની કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે.....૮

-શ્રીમદ્ રાજચંદ્ર

卐

## વાંક નથી કાંઈ મારો

વાંક નથી કંઈ મારો કે લક્ષ્મણ વાંક નથી કંઈ મારો.
સતી સીતાજી રથમાં બેઠા ને, લક્ષ્મણ હાંકનહારો.
ઋષી મુનીના આશ્રમે આવ્યા, આવ્યો ગંગા કિનારો રે.....લક્ષ્મણ૦

લક્ષ્મણ કહે સુણો માતાજી, દોષ કર્મનો નિયારો.
કોઈ કારણે રામજી રૂઠીઆ, ત્યાગ કરે રે તમારો રે.....લક્ષ્મણ૦

રડતે મોઢે સીતાજી બોલ્યા, શું અપરાધ હમારો.
તન મન ધનથી સતીએ સેવીઆ, પતીનો ધર્મ બજાવ્યો.....લક્ષ્મણ૦

નગર વિષે બે નરનારી લડતા, ધોબી બોલ્યો ધુતારો.
રામે સીતાને ઘરમાં રાખી, નથી એવો હું થનારો.....લક્ષ્મણ૦

વન વગડામાં જીવન વિતાવ્યું, દુઃખનો ન આવ્યો આરો.
ભાવીની જો ખબર હોત તો, પ્રાણ તજીત ત્યાં મારો.....લક્ષ્મણ૦

ગર્ભવતીને કોણ ઉતારે, વન વગડામાં અકેલી.
લક્ષ્મણ કહે સુણો માતાજી, રામ ધણી રખવાળો.....લક્ષ્મણ૦

મારે કારણે રાવણ મારીયો, સમુદ્ર બાંધી પાળ.
કહે પુરસોત્તમ સુણો માતાજી, રામધણી સંભાળો.....લક્ષ્મણ૦

卐

## સોરઠ

મને વહાલા ઘણા રણછોડ, બાઈ મારી સૈયરો,
પુરો મારા મનડાના કોડ બાઈ મારી સૈયરો,

સસરા રે મારા રાક્ષસ સરીખાને, જેઠ રે મારા જમ,
દિયર રે મારા હિરા સરખો, એવી સાસરીયાની વસ.....બાઈ મારી૦

દેરાણી તો દુશ્મન થઈ લાગી, જેઠાણી જીવની લેણ
નંણદલ કેરૂ મોઢું રે કાપુ, એવા વાંકા બોલે વેણ.....બાઈ મારી૦

સાસુડી તો સર્પણ થઈ લાગી, તરત મુજને ડંશી,
દુઃખતણુ રે ઝેર કબહુ ન મિટે, એવા સાસરીયાના ઢંગ.....બાઈ મારી૦
સાસરીયામાં સુખ નથી અમને, દુઃખના દરણા દળીયે,
રામકૃષ્ણ પ્રભુ તમો રે મળો તો, આવા દુઃખમાંથી ટળીયે.....બાઈ મારી૦

卐

## આરતી

જય કાના કાળા ૐ જય કાના કાળા
મીઠી મોરલી વાળા ગોપીના પ્યારા.....ૐ
કામણગારા કહાન, કામણ કંઈ કીધા પ્રભુ
માખણચોરી મોહન ચીતચોરી લીધા.....ૐ
નંદ યશોદા ઘેર વૈકુંઠ ઉતારી પ્રભુ
કાલીય મર્દન કીધું, ગાયોને ચારી.....ૐ
ગુણ તણો પાર કેમે નહિ આવે પ્રભુ
નેતી વેદ પૂકારે, પુનિત શું ગાવે.....ૐ

卐

## પ્રાર્થના

હું તારી બોલાવું જે, પ્રભુ મારી ખબર તું લે
આ તો તારી મારી બેની વાત છે, કોઈ ત્રીજો ન જાણી લે
મારી વાણી અવિચળ વહે, જો તુ સંગાથે રહે
હો જી હો....મને તારો ઈશારો દે, તારી વાત તું કાને કહે
મને પાગલ બનાવ્યો તે, તારૂં શરણું સ્વીકાર્યું મેં.....હું તારી૦
મારે જગનું દેવું છે, વ્રત સેવાનું લેવું છે
હો જી હો....પડે કષ્ટ તે સહેવું છે, કોઈને નવ કહેવું છે
તારી સાથે રહેવું છે, મને ફાવે તેવું છે.....હું તારી૦
મને પુનીત થાવા દે, તારા ગુણલા ગાવા દે
હો જી હો....મને એવા લ્હાવા દે જેમાં સત્ય કમાવા દે
જયાં કાવાદાવા છે, રામભકત ન જાવા દે.....હું તારી૦

卐

## ગરબો

### (ભક્ત સમાજનાં ગામોનો ગરબો)

સરસત શ્યામને લાગુ પાય, કૃપા કરોને સદાય.
તારી કૃપા થકી રે ગરબો આરંભ થાય.....
ઉદા ભગત પાટીદાર, એના ગામ તણો વિસ્તાર.
સ્મરણ કરવા વારંવાર, મન મારું છે.....ટેક
પ્રથમ સુરત મોટું શહેર, વચ્ચે સડકોની મેર
ખાંગડ શેરીમાં મંદીર જોવા લાયક છે.....
કામરેજ તાલુકાની માંય, ગામ ઓરણા એ કહેવાય.
તેમાં લાયબ્રરીનું સ્થાન જોવા લાયક છે.....
ગામ ધામણ ને સ્યાદલા, પડઘા, ઉવા ને દેગામા.
પથરાડીઆના લોકો સેવા સારી કરે.....
દીગસ, દેરોદ ને સામપુરા, સરઈ, મઢી ને કપુરા.
નનશાડ નાનું ગામ, જોવા લાયક છે.....
આસ્તા એના ને ઘલુડા, વાવ, ઉભેળ, ને રૂપવાડા.
લોટરવાની શોભા જોઈ જાતે છે.....
ડેલાળ, વાલોડ ને વ્યારા, ખરસદ, અંસુદર ને વરેલી
નાનું સ્ટેશન કહેર ઘણું સારું છે.....
ધાતવા, ડુંગરા, ને ધામધલા, તેના ઘરમાં રહે બે ગોલા.
તે તો ભાત ઘણું સારું છે.....
ધાતવા, ડુંગરા, ને ધામધલા, તેના ઘરમાં રહે બે ગોલા.
તે તો ભાત ઘણું સારું ભરડે છે.....
તરસાડી ને મલેકપોર એની શોભા છે કંઈ ઓર
સીસોદ્રાના લોકો મનથી ન્યારા છે.....
છેટું ગામ પાછીઆપુરા અંભેટી ને બાજીપુરા.
એના ગામ તણા લોકો બહુ સારા છે.....
ભકિત દુલ્લભ જે કહેવાય, રહે બાજીપુરાની માંય
બોર્ડીંગ સ્થાપીને લાભ સારો આપ્યો છે.....
સ્વર્ગવાસી કેવળ ભાઈ, રહે કેલ્લીકુવાની માંય
તેની મહેર થકી રે ગરબો પૂરણ થાય.

卐 **સમાપ્ત** 卐

We are indebted to Mr. N. M. Dave as he supplied seven selected poems of KABIR from the original book named 'Hundred poems of Kabir' by Tagore:

## SONGS OF KABIR

1

For the priest, the warrior, the trades man, and all the thirty-six castes, alike are seeking for God.

It is but folly to ask what the caste of a saint may be:

The barber has sought God, the washerwoman, and the carpenter-

Even Raidas was a seeker after God.

The Rishi swapacha was a tanner by caste.

Hindus and Moslems alike have achieved that End, where remains no mark of distinction.

2

*I, 57, sadho bhai, jivat hi karo asa*

O FRIEND ! hope for Him whilst you live, know whilst you live, understand whilst you live : for in life deliverance abides.

If your bonds be not broken whilst living, what hope of deliverance in death ?

## 3

It is but an empty dream, that the soul shall have union with Him because it has passed from the body.

If He is found now, He is found then,

If not, we do but go to dwell in the City of Death

If you have union now, you shall have it hereafter.

Bathe in the truth, know the true Guru, have faith in the true Name !

Kabir says : 'It is the Spirit of the quest which helps; I am the slave of this Spirit of the quest.'

## 4

*I. 63. avadhu, maya taji na jay*

TELL me, Brother, how can I renounce Maya ?

When I gave up the tying of ribbons, still I tied my garment about me :

When I gave up tying my garments, still I covered my body in its folds.

So, when I give up passion, I see that anger remains;

And when I renounce anger, greed is with me still;

And when greed is vanquished, pride and vainglory remain

When the mind is detached and casts Maya away, still it clings to the letter.

Kabir says, 'Listen to me, daer Sadhu ! the true path is rarely found.'

## 5

*I. 83. canda jhalkai yahi ghat mahin*

THe moon shines in my body, but my blind eyes cannot see it :

The moon is within me, and so is the sun.

The unstruck drum of Eternity is sounded within me; but my deaf ears cannot hear it.

So long as man clamours for the I and Mine, his works are as naught :

When all love of the I and the mine is dead, then the work of the Lord is done.

For work has no other aim than the getting of knowledge :

When that comes, then work is put away.

The flower blooms for the fruit : when the fruit comes, the flower withers.

## 6.

*II. 45. Hari ne apna aap chhipaya*

MY Lord hides Himself, and my Lord wonderfully reveals Himself :

My Lord has encompassed me with hardness, and my Lord has cast down my limitations.

My Lord bring to me words of sorrow and words of joy, and He Himself heals their strife.

I will offer my body and mind to my Lord : I will give up my life, but never can I forget my Lord !

## 7

*II. 75. Omkar siwae koi sirjai*

ALL things are created by the Om; The love-form is His body.

He is without form, without quality, without decay : Seek thou union with Him !

But that formless God takes a thousand forms in the eyes of His creatures :

He is pure and indestructible,

His form is infinite and fathomless,

He dance in rapture, and waves of form arise from His dance.

The body and the mind cannot contain themselves, when they are touched by His great joy.

He is immersed in all consciousness, all joys, and all sorrows;

He has no beginning and no end;

He holds all within His bliss.

## SHREE RA[illegible]KABIR BHAKTA SAMAJ OF U. S. A.
### Our History and Background

Bhakta families are found throughour the world. Visit any part of the world you will come across at least one or two families known as Bhaktas, if not more.

The Bhakatas originally are from Surat and kanam Districts near Baroda in the State of Gujarat, India. Leaving their beloved country the Bhaktas have settled down in different countries like the United States of America, Canada, Panama, Trinidad, Fiji, New Zealand, Australia, England, in Africa countries like Zambia, South Africa, Botswana, Zimbabwe, Nigeria, Ghana, Malawi, Tanzania etc.

We are conscious and proud of the fact that our roots are in India. We carry with us our long Indian heritages wherever we go. At the same time we look upon our first settlers with great honour. We would proudly list few of them here: the late Mr. Madhavbhai Bhaktibhai Patel of Orna; the late Mr. Morarji prabhubhai Patel of Orna; the late Mr. Bhulabhai Haribhai Bhakta of Syadla; the late Mr. Sitaram Ranchhodji Patel of Orna; the late Mt. Dhirajlal Morarji Patel of Orna; the late Mr. Bhagabhai Govandji Bhakta of Orna; the late Mr. Madhavbhai Kalidas Master of Sisodra during 1922 to 1929 and Mr. Narsinghbhai Prabhubhai Bhakta of Sisodra who now resides in India with good health, by the grace of God. America is country made with immigrants, and Bhaktas have contributed with these pioneers. Our special Ramkabir to these men. Besides these, Mr. Bhikhabhai Durlabhbhai Bhakta, known to us as our Mr. D. Lal of Orna who has served in World War

II. and Mr. Khusalbhai Rambhai Patel of Orna too were among the pioneers and are now in San Francisco, Californai area. Most of the first settlers came before sixty years i.e. during 1620 and in 1940. Some more families came over from India to settle down for good. All of them had to face grteat hardships in, before and after reaching the American soil.

Fortunately, our two first senior immigrants, Mr. D. Lal and Mr. Khusalbhai R. Patel are in good health and all of us are benefitted by their elderly earmth and guidance.

Afṫer 1940, the next flow of Bhakta immigrants came during 1948 to 1954. The most prominent among them are : Mr. Lakhubhai Kalidas Bhakta of Syadla; the late Mr. Narsinghbhai Gokalbhai Bhakta of Ghaluda; Mr. Sanmukhbhai Govindji Bhakta of Bajipura; Mr. Ranchhodji Morarji Patel of Orna and few more like them.

During this time 1954-58 some students came to pursue higher education in the American Universities. The late Mr. Vasantkumar Jivanji Patel of Surat; Mr. Dahyabhai Mohanbhai Patel of Navi Jithardi; Mr. Chhaganbhai Bhulabhai Bhakta of Sarai; Mr. Rameshchandra Dayaram Sura of Orna: Mrs. Ratnaprabhaben Dahyabhai Patel of Navi Jithardi; Mr. Ramanbhai Bhulabhai Bhakta of Sarai, Mr. Bhulabhai Jivanji Bhakta of Ghaluda. Dr. Motibhai R. Patel (Bhagat) of Amadra before 1950 were the first Indian students from Bhakta community. And some of these people have of late realized the need for bringing the Bhakta families closer to each other.

Afterwards in the 1960 few Bhakta families came to the United States both in pursuit of higher education and economic advancement. They had from the example the earlier settlers nurtured the hope of better future in this country. In India all most all of the Bhakatas were doing agriculture-farming and cultivating the land in Gujarat State. Some may have little business experiences.

Bhaktas continued coming here and soon there were Bhaktas in all fields. In most recent years, one finds in business, private enterprises as store

keepers, as students. We also have few doctors, engineers, pharmacists, agriculturists, business and commerce experts, teachers, leaders in social and youth activities etc. The period between 1971 and 1979 was most important in this respect.

All these years Bhaktas have felt that they belong to one ground and one country and only one God. They have tried to remain united and are well known for their interity, dedication to work, truthfulness, lively nature and very friendly attitude. They are higher respected for their sense of hospitality, for their unity, and spirit of helping not only Bhaktas but also fellow Indians and Americans. They have strived to merge into the American mainstream like sugar in the milk just as the loving Parsis did and still continue to do so in India.

Bhakta origin goes back to Bhagvad Gita where one may read in as who is a true 'Bhakta'. He is a devotee. This is sensed in most spiritual life. Bhakta's relation to God is unique in the history and there is no doubt about it. Their life is devoted to worship God during this normal way of life.

The chapter 12 of Gita has described in great detail. The readers are urged to follow this guide. The devotional life to God is simple and pure, and hence the family tradition from centuries continued. In America, each Bhakta home has a sacred place-we call it 'Gadi'-a place to worship in the morning and at sunset or evening time. A purified butter called ghee and a cotton wick is used to make a sacred light at this gadhi. A tulshi mala, burning incense signify to rid the devil. The holy book Gita, or other religious teachings books scriptures, a picture of St. Kabir and or Lord Krishna and other deities in alter etc. are kept at this gadi-temple. At a specified time regularly members of the Bhakta family, friends and guests have a common prayer, bhajans, arti, godi and other devotional bhajans (most are listed in this great granth you are about to read.) The prayer is important for meditation and it is a part of each Bhakta family. This teachings come from home and it is spread to where there is Bhakta, like in California, Nevada, Arizona, New Mexico, Texas, Kansas, Oklahoma, Georgia, Florida, Tennessee, Missouri, Missisippi, Nebraska, New Jersey, Pensylvania and all other states

in U. S. A. The plant tulshi is also found in each home which is also deeply rooted in Hindu tradition. A divo-light is kept during prayer. We request you go to get in touch with one of families to learn this traditional values.

This Bhakta Samaj have a modern touch during last 200-300 years. Originally they were all Patel group doing agriculture work or trade. Howerver, because of simplicity and devotion to God and bhajans and teachings of St. Poet Kabir this group were also called Uda Patidar, and Bhakta Patidar, Puniyad ni gadi in Kanam District that was more popular in Gujarat State. St. Poet Kabir who was born on Vikram Samvat 1456, Jeth Sud Purnima. He took best from Hindu and Muslim's best tenets and preached sahaja yoga-simple union and that this Bhakta Samaj as Kabirpanthis is more popular during 500 years. Kabir accepted the ideas of reincarnation or transmmigration and the Law of Karma but he rejected idolatry, asceticism and the caste system. And hence Bhaktas came into light with Hindu Bhakti devotionalism and of Sufi mysticism.

He preached a common religion of human brotherhood in Benares where he was born. It says in literature that when Kabir died in A.D. 1518 Hindus and Muslims claimed his body as one of their own. The devotional verse he composed in Hindi drew freely from both sanskrit and Persian vocabulatories. Even as its contect reflects strong sufi influence on traditional Hindu belif. His teaching is summed up in the following lines :

> 'Hari is in East; Allah in the West :
> Look within your heart, for there you will
> find both Karim and Ram.'...All the men and women of
> the World are his living forms.....'

Four centuries later, Mahatma Gandhiji invoked the same Bhakti-Sufi strain in the Indian ethos when he popularized the verse :

> 'Ishwar and Allah are both your names,
> Grant us all a good mind.'

Such devotional bhajans were popular in those days and even today in the United States of America. Bhakta Samaj have adapted more teachings

from Kabir and hence the word 'Ramkabir.' The space is not enough for other great detail items in this Samaj.

Today this Bhakta Samaj have Shree Ramkabir Mandir in India at the following places. The readers are advised to visit and fill the atmosphere of spiritualism (1) Puniyad ni Gadi;(2) kabirvad (3) Surat; (4) Ville Parle-Bombay. The original, the Preast the Mahant and Gadi are worth to follow. Soon there will be one in United states of America. The religious feeling and devotion to God must continue where there is Bhakta.

The Bhaktas intend to stay united as a group at the same time they want to mix with others and contribute culturally and otherwise in their modest way. With this in mind Mr. Chhaganbhai Bhulabhai Bhakta i.e. my humble self, tried his best to bring Bhaktas in America together. Others too realized the need of some such organized group and consequently Bhakta Society of U. S.A. came into existence.

21 Bhaktas met on October 5, 1975 in Alhambra, California. We are happy to list them as follows :

| | Name | Village in India | Town in LA Area, Calif. |
|---|---|---|---|
| 1. | Chhaganbhai Bhulabhai Bhakta | Sarai | Alhambra |
| 2. | Mohanbhai Mathurbhai Patel | Kapura | Lynwood |
| 3. | Dhirajlala Natvarlal Desai | Surat | Alhambra |
| 4. | Vinubhai Bhagvanji Desai | Rajpare | East Los Angeles |
| 5. | Ashokkumar Rambhai Bhakta | Kabirgam | Alhambra |
| 6. | Kantilal Khusalbhai Bhakta | Nansad | Rosemead |
| 7. | Ishwarbhai Bhulabhai Bhakta | Parthradia | East Los Angeles |
| 8. | Lallubhai Mathurbhai Bhakta | Kapura | Los Angeles |
| 9. | Hasmukhbhai Ranchhodji Bhakta | Syadla | Hollywood |
| 10. | Mahendrakumar Dahyabhai Bhakta | Kapura | Monterey Park |
| 11. | Bhikhabhai Prabhubhai Patel | Kapura | Los Angeles |
| 12. | Ramanbhai Dahyabhai Bhakta | Orna | Glendale |
| 13. | Manubhai Lallubhai Bhakta | Surat | Norwalk |
| 14. | Gokalbhai Chhotubhai Bhakta | Sisodra | Pico Rivera |

| | | | |
|---|---|---|---|
| 15. | Vallabhbhai Chhotabhai Bhakta | Bedoli | Garden Grova |
| 16. | Sanmukhbhai Prabhubhai Bhakta | Orna | Azusa |
| 17. | Maganlal Lakhabhai Bhakta | Ghata | Glendore |
| 18. | Rambhai Bhikhabhai Bhakta | Orna | Azusa |
| 19. | Chandravadan Chimanlal Bhakta | Sarai | A;hambra |
| 20. | Sanmukhbhai Dhirajbhai Bhakta | Vyara | West Los Angeles |
| 21. | Vinodbhai Ramjibhai Bhagat | Navi Jithrdi | South Gate |

and organized committee which was empowered to collect funds for buying utensils and other necessary equipments required for marriage functions, Hindu religious festivals, parties etc. The above meeting took place st. FFrancis Hotel at 3 North Raymond Ave., Alhambra Californiaby the invitation of Mr. Chhaganbhai Bhulabhai Bhakta-myself. Some of the plans during that time were made out on that afternoon as the foundation for this Bhakta Samaj.

During following meeting some members have participate like: Lakubhai Kalidas Bhakta, Ramanbhai Nathubhai Bhakta, Govindbhai Bhaktibhai Bhakta, Bhikhubhai Nathubhai Bhakta, Dhirubhai Narsingh Bhakta, Dinubhai Bhaktibhai Bhakta, Harivadan Maganbhai Bhakta, Hasmukhbhai Dayarambhai Bhakta etc.

The same year on Dec. 19 and on February 22, 1976 this Committe met again to draft our First Constitution and By-Laws on July 4 to August 8, 1976 which would enable us to form Bhakta Samaj in proper way. This is also a gift towards 200th Anniversary of the birth of the United States cf America. The Bhakta Samaj has a History in U. S. A. now and for ever we hope. Through the help of Attorney at Laws Mr. Burt Greenburg of Beverly Hills, California we able to get registered in California State on March 4, 1977.

The Bhaktas greet each other by 'Ramkabir' with joined hands, bowed head, the gesture which is called 'Namste' in India. Each Bhakta, individually and through this Bhakta Samaj, tries to foster Indian culture outside of India. We try to preserve Indian traditions, Hindu religion, and the most precious

knowledge and wisdom on our ancient philosophy which one finds in Bhagvad Gita, Upnishadas, Vedas and other such Holy scriptures. In fact, with us all of us have brought part of this to the united states of America.

The Bhakta families celebrate Hindu religious days like : Janmashtami, Holi, Diwali, Poet Saint Kabir's Birth Day, Ramnavami, Maha Shivratri etc, etc. They arrange Bhajans, Artis, Kathas and participate in Satsang. In satsang, they find and opportunity to learn in depth about Hindu religious teachingas and also they enter philosophical discussion with each other, and they are also benefitted by the learned authority invited by our Association now and then.

Mahatma Yogeshwarji, Dr. Dileep Vedalanker, Shree Ram Bhakta of Baroda, Swami Ram Swaroopdasji, Her Divine Grace Kumari Uma Bhartiji, Sgt. Tomita of Asian Task Force of Los Angeles Police Department, Mr. Sudafshan and Mr. Singh of State Bank of India, LA, His Divine Grace Gokaldasji of Kabirvad, and His Divine Grace Dayaramdasji Guru Karsandasji of Surat, Dr. Dayarambhai Patel, Ma sarveshwariji, Swami Pragyanandji of Vrindavan, Vaidya Dr. M. M. Pandya of Madhi Vaidya Manishanker Bhatt of Dehli, Dr. Vikram Kamdar of Bombay and many other guests for satsang and discussion in recent times this Samaj have arranged locally in California and other States where there are more Bhakta families have settled.

Early part of 1979 and 1980 the Bhakta Society of U.S.A. Committee realized that we should once again try for tax exempt institution for Hindu religion and activities with the help of Mr. Indra M. Gandhi the wellknown Attorney at Law in Beverly Hills, Calif. We were able to get 'Shree Ramkabir Bhakta Samaj' as federally and California State Registered religious body for the promotion of Bhakta Samaj's religious activities. Its birth date is on September 16, 1980. The first Board of Trustees are Mr. Chhaganbhai B. Bhakta President; Mr. Vinodbhai R. Bhagat as Vice President; Mr. Mahendrakumar B. Bhakta 1st Vice President; Mr. Govindbhai B. Bhakta Secretary; Mr. vallabhbhai C. Treasurer. The members in general meeting in June 1981 were informed for the future plans by this temporary Board of Rrustees. Over $50,000-00 were promised in that meeting. The need is over 1/2 millon dollars for a Ramkabir Mandir in Los Angeles area to begin with.

A large donation of $25,000-00 from Mr. & Mrs. Gordhanbhai R. patel of Syadla are coming for bhajans to be recorded and 50% of the riachy to be used in education For this Nadbramh Shree Ramkabir Bhakta Sangrah we have a donor also. The list goes on on.

The Bhakta Society also has a wing of Mahila Mandal-Ladies group with its own seperate functions. The members of Mahila Mandal are very active and they take initiative in the program arrangements of the Bhakta Society's main activities. It was formed in 1977. The President is Mrs. Dudhiben Lakhubhai Bhakta of Syadla, the of wife of one of our poineers. The Committee and the rest of members have programs throughout the year.

Besides this, the Association conducts varied cultural programs. For example : We are holding weekly classes for learning Gujarati language From 1981 we are trying to educate in Hindi-the National languange of India. The teacher is Mrs. Suvanaben Thaker and many others including Mr. Ishwarbhai Bhulabhai Bhakta of Pathradia who was college lecturer in Surat. The school is in Alhambra, Calif. and hope it will grow in other centers. This is th 4th year. We want our children not to forget out mother tongue. Being far away from the motherland, and studying through English medium make learning the mother tongue all the more difficult. So our children will not bte so well versed in Gujarati as their ounterparts in India are, but at least they will know how to read and write Gujrati if we parents make some effort to teach them the language. We have to preserve our culture and tradition while in U.S.A. Though our progress is slow but steady and hope it will improve in time.

The language is the most basic in our culture and communications and hence our religious attitude in the most advanced technologically country like U.S.A. We need to have this spiritual wisdom rather more in material wealth.

One will be pleasantly surprised to know that the Bhakta Society also has a very storng volley ball team. In early 1978 a Volley Ball Team from

Panama came here to play with our team. In Los Angeles area on Sunday afternoon at Mark Keppal High School, Alhambra, Calif. we have such games includung cricket and baseball too. We also arrange different games for children on Janmashtami and other such festivals. As for example we had volley ball games tournaments in Los Angeles, CA; Clovis N.M.; Corpus Christi, TX; in Kansas, Oklahoma; TN; Arizona and many States where many Bhakta families live. To encourage cultural and religiours activities, games, spirit of sports we hold tournaments, competitions and distribute cups, prizes, trophies, certificates to the winners, the outstanding individuals and teams. This is very healthy spirit in Bhakta Samaj under Ramkabir. At present, we have such four centers like Los Angeles, Ca.; Las Cruces, Clovis N.M.- F.1 Paso TX; San Antonio- Corpus Christi TX; and Wichita KS areas where within 200 to 500 miles families have get together activities. Other area do have from time to time and such list is not published in this history.

The Bhakta members are also helping the weaker section of the Community and Indians and local Americans through donations, savings, services and sympathy. We have helped schools, temples, hospitals and other charitable institutions in India and America. Few times we have and some regularly donat blood to American Red Cross. We have provided assistance to the bright but needy students by way of scholarships through Trusts etc. In time of National crises like Morbi disaster or Andhra Cyclone, we have donated humbly but generously to the National Relief fund in India. Shree Ramkabir Mandir in Bombay is built on such community efforts and is one of the finest example of unity, in 1980-81.

To inform about out activities and aims to all concerned and interested, we have of late started News Bulletin, we called it 'Bhakta-Vani'. It was started in 1978 and is edited by Mr. vinodbhai R. Bhagat of Valeda Motel, 9706 Long Beach Blvd., South Gate, CA 90280, and from last year we have help from our retired teacher from Madhi near Surat is Mr. Govindbhai L. Bhakta and Mr. Jayeshkumar R. Bhakta of Dungra, Mr. Ramanbhai D. Bhakta of Orna etc. It is published 3-4 times a year and hoped that it will be a monthly Bhaktavani. (help from : Mr. Maganlal L. Bhakta; Mr. Sanmukhbhai p. Bhakta, Mr. Mohanlal M. Patel received). At present, men

and women from the one of the following villages or urban towns in Gujarat State, India have settled in U.S.A. For reader's knowledge and history, we list them with proud. Please, pardon us if we have omitted or have forgotten to list:

**Timba Paraganu**

1. Surat; 2. Bhestan; 3. Sania; 4. Kharsad; 5. Vav; 6. Nansad; 7. Derod; 8. Dungra; 9. Dhatva; 10. Netrang; 11. Asta; 12. Dighas; 13. Orana; 14. Delad; 15. Sampura; 16. vareli; 17. Jat Bharthana.

**Teladu Pagaganu**

1. Chalthan; 2. Ghaluda; 3. Malekpor; 4. Sisodra; 5. Ambati; 6. Patharadia; 7. Mahuva; 8. Navsari; 9. Tarsadi; 10. Padgha; 11. Sarai; 12. Dhaman; 13. Asundar; 14. Sagrampura.

**Valod Paraganu**

1. Madhi; 2. Orgam; 3. Uva; 4. Syadla; 5. Bajipura; 6. Valod; 7. Degama; 8. Kukadvad; 9. Rupvada; 10. Marotha; 11. Kapura; 12. Pan Vadi-Musa; 13. Vyara; 14. Ghata; 15. Lotarva; 16. Kaher; 17. Kotmunda.

**Rajpipada-Navi Vasahat area**

1. Bhuleshwar; 2. sevad; 3. Chikhli; 4. Rajpara; 5. Patia; 6. Kameria; 7. Kabirgam; 8. Khadi Pancham; 9. Vaghdevi; 10. Punjabnagri; 11. Bedoli; 12. Narsinh Pancham; 13. Moriyana; 14. Pathar; 15. Bhanskhater; 16. Devnagar; 17. Shir; 18. Dolatpur; 19. Chanderia; 20. Sukvana; 21. Kelvikuva; 22. Kambodia; 23. Baldeva; 24. Atkhol; 25. Chasvad; 26. Zarna; 27. Borkhrdi; 28. Netrang; 29. Kodvav; 30. Ghanikhut; 31. Navanagar; 32. Ankleshwar; 33. Koyali Mandavi.

**Vansada Raj & Others**

1. Sitapur; 2. Manpur; 3. Mauvas; 4. Ambabari; 5. Moti Bhamti; 6. Charanvada; 7. Kharjai; 8. Bombay; 9. Bilimora; 10. Vadodara; 11. Dabhoi; 12. Dthrol-Jamnagar; 13. Pachhiyapura; 14. Kabirvad; 15. Bhansadra; 16. Narmadanagar-Broach.

**Kanam Districts**

1. Karjan; 2. Vasana; 3. Navi-Jitharadi; 4. Chikhodra; 5. Vadodra; 6. Tandalja; 7. Kasampur; 8. Totarmata; 9. Kundanpur; 10. Amadra;

11. Sargai; 12. Chitrali; 13. Patra; 14. Aritha; 15. Karidori; 16. Ganpatpura; 17. Kandari; 18. Sanapura; 19. Deshan; 20. Avidha; 21. Salpura; 22. Dormar; 23. Dhankiya; 24. Dabhoi; 25. Kosindra; 26. Rajkherva; 27. Zab; 28. Kunvarpura; 29. Govinpura; 30. Sevashi; 31. Kavitha; 32. Chalamali; 33. Ahmedabad. etc.

Bhakta Samaj Rachna is very important due to the fact for better communications and easy to reach-the following names for 1981-82 are nominated and approved by the general meeting in June 1981 : President : Chhaganbhai B. Bhakta; Vice president: Mahendrakumar B. Bhakta; Secretary : Mahendrakumar D. Bhakta; Treasurer: Gokalbhai M. Bhakta; Committee members in LA area: Maganbhai Lakhabhai Bhakta, Ramanbhai Dahyabhai Bhakta, Sanmukhbhai Parbhubhai Bhakta; Manubhai Lallubai Bhakta; Kantilal Khushalbhai Bhakta; Mohanbhai Mathurbhai Patel; Bhagvanbhai Sitarambhai Bhakta; Govindbhai Lallubhai Bhakta; Manharbhai Govindbhai Bhakta; Dr. Jagjivanbhai Gordhanbhai Bhagat.

South California : Bhikhubhai Dahyabhai Bhakta; Central California: Rameshbhai Govindbhai Bhakta; Northern California: Mr. D. Lal, Mohanbhai Makanbhai Bhakta; Jagubhai Sanmukhbhai Bhakta; Nevada State: Karsanbhai Ramanbhai Bhakta; Arizona State: Madhusudan Gokalbhai Bhakta; Dhirubhai Tulshibhai Padgham; New Mexico state: Sitaram Nathubhai Bhakta; Ashokbhai Rambhai Bhakta;Texas State: Ranjitbhai Dahyabhai Bhakta; Kalidas Morarji Bhakta; Vasant Parbhu; Oklahoma State: Govindbhai Tulshibhai Bhakta; Jivanbhai Makanjii Bhakta; Kansas State : Lallubhai Mathurbhai Bhakta; Ishvarbhai Gordhanbhai Bhakta; Georgia State: Karsanbhai Sitaram Patel; Eastern U. S. A. Dr. Ishvarbhai T. Bhagat, Arvindbhai Dharamvir Bhakta; Central U. S. A. Shantilal Bhagabhai Bhakta.

Bhaktas have settled in over 28 States: and there are over 600 families who have adopted this land of opportunity- U.S.A. over 200 students are in our Youth Mandal and are still in the process of making up their minds about the final settlement in this country. This Youth is our future hope and

pride, and our biggest economic, religious and social force and far as preservation of culture and ethnic identity are concerned.

So far we have published the list of all Bhakta families three times in a directory in a directory form so that one knows them from back hom in India, We  encourage everyone to know them and greet them with "Ramkabair". Now, Ramkabir is our more or less symbol at all occasions like at time of birth, during life and at time of death. We have bhajans, arti and godi. A devotional prayer-bhajan or poem or git are appropriate at all occassion like at marriage, funeral or lord Krishna's birth etc.

'Nadbramh' has been a very religious and spiritual word. Bhaktas have used inorder to achieve nirvan- a way to reach God. Each bhajan has a deep meaning and hope you understand it what the poet wants to say in his prayer.

We hope everyone enjoys the spiritual life by following the foot-steps of Lord Rama or teachings of St. Poet Kabir. One American has attended Janmashtami a year ago in 1980 and said- ' It has been an experience to meet and to spend a time with Bhakta Samaj's Satsang.'

Our most gracious Ramkabir to all.

Alhambra, California
January 26, 1982
(revised 1980)

**Chhaganbhai Bhulabhai Bhakta**
President: Bhakta samaj